પ્રતિપદા

આંતરભારતીય પુસ્તકમાળા

પ્રતિપદા

વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય

અનુવાદિકા
સરોજ પાઠક

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

ISBN 81 - 237 - 1415 - 7

1995 (શક 1917)

રૂ. 39.00

PRATIPADA (Gujarati)

પ્રકાશક : નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા
એ-5, ગ્રીનપાર્ક, નવી દિલ્હી - 110 016

Cover illustration : Jatin Das

ભૂમિકા

શ્રી વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્યનું આધુનિક આસામી સાહિત્યમાં એક આગવું સ્થાન છે. તેઓ કવિ તો છે જ, ઉપરાંત ગદ્યસાહિત્યમાં પણ તેમણે મૌલિક પ્રદાન કર્યું છે. તેમણે વાર્તા-નવલકથા બંને પ્રકારો પર કલમ ચલાવી છે. તેમણે પોતાની પ્રથમ નવલકથા 'રાજપથ રિંગીયાય' (રાજપથનો પોકાર) વર્ષો પૂર્વે 1955માં પ્રગટ કરી હતી. પછી તેઓ રાજકારણમાં પડ્યા અને લોહિયા સમાજવાદી પક્ષના સભ્ય બન્યા.

તેમની પ્રથમ નવલકથા એટલો સફળ પ્રયાસ નહોતો કારણ કે એનું કથા વસ્તુ સ્વતંત્ર ભારતની કૉંગ્રેસ સરકારની એક જ દિવસની કામગીરી પૂરતું તેમણે સીમિત રાખ્યું હતું. એ પછી 'શતઘ્ની' (1965) માં તેઓએ યુધ્દ સામે વિરોધ ઉઠાવતી કૃતિ આપી. આ નવલકથા આકાશવાણી માટે લખાઈ હતી અને હપતાવાર બ્રોડકાસ્ટ થઈ હતી. એટલે એનો વિકાસ કંઈક તૂટકતૂટક લાગે છે.

1960માં તેઓએ 'યુરિંગમ' (જનતાની સરકાર) નામની નવલકથા પ્રસિધ્દ કરી; જેને અકાદમીનું પારિતોષિક મળ્યું. એ કથાની પાર્શ્વભૂમિકા નાગભૂમિ હતી; જ્યાં ફિઝો અને તેના અનુયાયીઓ સ્વતંત્રતાને નામે ભારત સરકાર સામે બળવો લડી રહ્યા હતા. આ નવલકથામાં વસ્તુવિકાસ તથા પાત્રાલેખન આદિ પરત્વે એક પ્રકારની પરિપક્વતા તથા ઉચ્ચ કોટિની કલાનાં દર્શન થાય છે. વાર્તા સ્વાભાવિક વેગથી આગળ વધે છે અને એની શૈલી પણ પહાડી પ્રજા જેવી જ સાદીસીધી, પરંતુ બળવાન છે. લેખક મણિપુરમાં અખરૂલ ખાતે શિક્ષક હતા અને તંખુલ નાગાઓને શિક્ષણ આપ્યું હતું. આથી નાગાલોકોના જીવનનો તેમને પ્રત્યક્ષ પરિચય છે, અને એ જીવન પ્રત્યે તેઓની સહાનુભૂતિ છે. આથી જ તેઓ એક સજીવ ચિત્ર આલેખવામાં સફળ થયા છે.

1960માં જ શ્રી ભટ્ટાચાર્યે બીજી 'મૃત્યુંજય' નામક નવલકથા પ્રગટ કરી, જે ખૂબ સફળ નીવડી. એમાં પ્રજાની રાજકીય સ્વતંત્રતા માટેની તીવ્ર ઝંખનાને તેમણે વાચા આપી છે. બહારથી અત્યાચારી પરદેશી શાસન હેઠળ કચડાયેલા એવા એક પરાધીન રાષ્ટ્રમાં, ભીતરમાં જાગેલા વિરોધની પરિસ્થિતિનું આહ્વાન તથા મહાત્મા ગાંધીની અહિંસાની નીતિના અંકુશ વચ્ચેનો સંઘર્ષ આ કથામાં તેમણે આલેખ્યો છે. એ પહેલાંની એક કથા 'કલાંગ આજ પૂ બોય' (કલાંગ આજેય વહે છે) માં લેખકે સ્વાતંત્ર્ય જંગ ખેલનાર નવગાંવના એક પરિવારનો ઈતિહાસ આલેખ્યો છે. આ નવલકથામાં તેઓ સ્વાતંત્ર્યસંગ્રામ દરમ્યાન બનેલી ઘટનાઓની પશ્ચાદ્ભૂમિમાં એક જ કથાવસ્તુને બહલાવ્યું છે. અગાઉની નવલકથા અને આ નવલકથા વચ્ચે અમુક પ્રકારની

સળંગસૂત્રતા છે, પરંતુ આ નવલકથાનો ફલક વિશાળ છે. આ કૃતિ નવલકથા હોવા છતાંય એમાં ટૂંકી વાર્તા જેટલો વેગ છે.

ત્યાર બાદ 1970 માં 'પ્રતિપદા' પ્રગટ થઈ, જે એક પ્રશિષ્ટ પ્રકારની રચના છે, અને એમાં તેમણે આદર્શવાદનો પુરસ્કાર કર્યો છે, ઉપરાંત એક સુપ્રસિદ્ધ ઐતિહાસિક ઘટનાના આધાર પર તે રચાઈ છે. જો કે 'પૂર્વરંગ' કે 'મૃત્યુંજય' જેટલી ઉચ્ચ કક્ષા તે સિદ્ધ નથી કરી શકી. પોતાની પ્રસ્તાવનામાં લેખકે આ કથા આખીય કાલ્પનિક છે એવી જાહેરાત કરીને, બનાવો તથા પાત્રોથી વાચકોને અલિપ્ત રાખવાની કોશિશ કરી છે; પરંતુ 1939માં દિગબોઈમાં પ્રચંડ મજૂર હડતાળ પડેલી, અને ત્યારે આસામમાં (1938-39) કૉંગ્રેસની અલ્પજીવી સંયુક્ત સરકાર રચાયેલી, એ ઐતિહાસિક ઘટનાઓ સાથે કથાનકને મેળવ્યા વિના આપણે રહી શકતા નથી કારણ કે શ્રી કેશવનારાયણ દત્તે પોતાના પુસ્તક 'લેન્ડમાર્ક્સ ઑફ ધ ફ્રીડમસ્ટ્રગલ ઇન આસામ' (આસામના સ્વાતંત્ર્યસંગ્રામનાં સીમાચિહ્નો-1958) માં આ ઘટનાનું વર્ણન નીચે મુજબ આપ્યું છે :

1939માં દિગબોઈમાં મજૂરોએ જે આંદોલન ચલાવ્યું એ એક મહાન ઘટના હતી. એમાં લગભગ દસહજાર કામદારો જોડાયા હતા. એ પ્રત્યે કેવળ આસામની કૉંગ્રેસ સરકારનું જ નહીં, કૉંગ્રેસ હાઈકમાન્ડનું પણ ધ્યાન ખેંચાયું હતું. પરિસ્થિતિ ઘણી જ વિકટ હતી; કારણ કે ત્યારનો ઔદ્યોગિક ઝગડા અંગેનો કાયદો એટલો શક્તિશાળી નહોતો. તેથી આસામ ઑઇલ કંપની અને કામદાર સંઘ વચ્ચે સમાધાન કરવા માટે એક 'મધ્યસ્થી મંડળ'ની રચના કરવામાં આવી હતી. આ મંડળની ભલામણોનો અમલ થાય અને હડતાળને કારણે છૂટા કરવામાં આવેલા લગભગ ત્રણ હજાર કામદારોને પુનઃ કામ પર લેવામાં આવે, એ પહેલાં જ યુરોપમાં મહાયુદ્ધ ફાટી નીકળ્યું, અને એક વટહુકમ દ્વારા દિગબોઈ તથા તિનસુખિયાને તત્કાળ 'રક્ષિત વિસ્તાર' જાહેર કરી દેવામાં આવ્યો. પરિણામે મજૂરોને ન્યાય ન મળ્યો. આસામના ગવર્નર તથા વાઈસરૉયને અપીલો કરવામાં આવી, પરંતુ કોઈ સુનાવણી થઈ નહીં. વટહુકમને પરિણામે જે અર્ધલશ્કરી શાસન સ્થપાયું, એનો લાભ ઉઠાવીને કંપનીના માલિકોએ લશ્કરી તંત્રની મદદથી ત્રણ હજાર મજૂરોને હાંકી કાઢયા; જેમની દુર્દશાનો કોઈ પાર ન રહ્યો. કામદાર નેતાઓને કાં તો પકડી લેવામાં આવ્યા, યા તો દિગબોઈમાંથી હાંકી કાઢી, પોલીસ પહેરા હેઠળ આસામમાંથી હદપાર કરી દેવામાં આવ્યા.

જે ઝડપ તથા રોષથી આ કામદારોએ હડતાળ પાડેલી, એટલા જ ઝડપ તથા રોષથી તેઓને કચડી નાખવામાં આવ્યા. આ નિર્દય દમન યુદ્ધકાલીન સલામતીને બહાને ગુજારવામાં આવ્યું, જે એક અત્યંત કરુણ તથા હૃદયભેદક કહાણી છે. બ્રિટિશ શાહીવાદ વિરુદ્ધ આવી સર્વવ્યાપી હડતાળ અને કામદાર સંઘ રચવાનો પ્રયત્ન એવી ભયંકર રીતે કચડી નાંખવામાં આવ્યાં કે, એ પછી પણ એની અને દેશવ્યાપી સ્વાતંત્ર્ય આંદોલનની વચ્ચે ઘણું જ અંતર રહી ગયું. જે લોકો કંપનીનું કામ કરવા આવ્યા, અને ચાલ્યા ગયા યા તો જાનવરોની જેમ એમને હાંકી કાઢવામાં આવ્યા અને બદલામાં બીજા લોકોને પકડી લાવવામાં આવતા - આ બધું જ એક પ્રકારના અંધકારમાં દટાઈ ગયું. એ શહેરમાં જ્યારે પુનઃ રિફાઇનરી ચાલવા લાગી, ત્યારે

તો કોઈને ખબર પણ નહોતી પડતી કે અહીં જ ભારત દેશની એક મોટામાં મોટી કામદાર હડતાળ પાડવામાં આવી હતી.

આ હડતાળ સાથે પોતાની કથાને સંબંધ નથી; એમ જાહેર કરવા પાછળ લેખકનો હેતુ એ હોઈ શકે કે સત્યાગ્રહના માર્ગની મુશ્કેલીઓ સાથે, અલબત્ત કેવળ થોડા સમય માટે પણ લેખક પોતે સંકળાયલા હતા; એ વાત તેઓ જાહેર કરવા નથી ઇચ્છતા. તેમની આ કથા આપણને 1939માં દિગબઈમાં બનેલી ઘટનાની યાદ અપાવે છે; જે કેવળ એક છૂટીછવાયી ઘટના બની ગઈ; ભારતના જીવનને એ સ્પર્શી નહોતી. આ કથાની પૃષ્ઠભૂમિ અલબત્ત દિગબઈની એ હડતાળ છે, પરંતુ આવી બધી ઘટનાઓ કોઈ પણ કામદાર આંદોલનમાં બની શકે છે. શ્રી ભટ્ટાચાર્ય એમ કહેવા ઇચ્છે છે કે તેઓની આ કૃતિ એક પરંપરાગત નવલકથા નથી. આ દાવો ઘણો મોટો છે, પરંતુ એનો અર્થ એ થઈ શકે કે આ નવલકથામાં એક સુસંકલિત કથાવસ્તુ નથી અને પાત્રો કેવળ વાર્તાને આગળ ધપાવવા માટે જ આવે છે. એમાં પ્રણાલીગત નાયક-નાયિકા પણ નથી.

મને લાગે છે કે આ કથાવસ્તુમાંથી એક સુગ્રથિત કાવ્ય સર્જી શકાયું હોત; જો લેખકે ઘટનાઓમાં રહેલી કરુણતાના તત્ત્વને વધુ નક્કર અનુભૂતિથી વ્યકત કર્યું હોત અને કાવ્યમય શૈલીનો પ્રયોગ કર્યો હોત, તો એ પરિણામ સિધ્દ થાત; પરંતુ લેખકે આખીય કથા એકદમ સ્વાભાવિક રીતિમાં અભિવ્યકત કરી છે. અને એ રીતે પણ એ ખૂબ જ આસ્વાદ્ય બની છે. એમાં એક આકર્ષક કથાવસ્તુ છે, જેનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું મોટું છે. આ ઇતિહાસ એક એવી વિરાટ હડતાળનો છે; જે કેવળ યુધ્દકાલીન પરિસ્થિતિને કારણે જ નિષ્ફળ ગઈ અને પરદેશી ઉદ્યોગમાલિકોને રક્ષણ મળી ગયું. લેખકે કથાની સમાપ્તિ એક આશાના આછા ઇશારા સાથે જ કરી છે, જે કદાચ અસ્પષ્ટ રહી જાય છે.

મને ખાતરી છે કે શ્રી વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્યની આ નવલકથાનો અનુવાદ નવલકથાપ્રેમીઓ ખૂબ રસપૂર્વક માણશે; અને ભારતના આર્થિક સ્વાતંત્ર્યના ઇતિહાસની એક ઝલક નવલકથાના રૂપમાં માનસિક દૃષ્ટિએ જોઈ શકશે.

- મહેશ્વર નેઓગ

1

"બસ, હદ થઈ ગઈ ! " ચંડી આહીરે કારખાનામાંથી બહાર નીકળતાં નીકળતાં સવારના રૂપેરી સ્વરૂપને જોતાં, સ્વગત કહ્યું, "ફક્ત એક આઠ આની માટે આમ હાડકાંની માટી ને લોહીનું પાણી નથી કરી શકાતું." કારખાનાનાં યંત્રોના અવાજ હજી તેના કાનમાં ધમધમી રહ્યા હતા. તેણે એક બીડી કાઢી સળગાવી અને વળી બબડયો, 'ઘરમાં ઘરવાળીના ન જાણે શાય હાલ હશે!'

તેની બંને બાજુએ ચાલ્યા આવતા બીજા મજૂરો આગળ નીકળી ગયા. રિફાઇનરીનો દરવાજો વટાવી, કાચે રસ્તે પહોંચતાં સુધી તેણે એ લોકોને જોયા કર્યા. તેના શરીરના સાંધા જાણે ઢીલા પડી ગયા હતા. ખાખી ચડ્ડી ઉપર ચઢાવેલું લોંગકલોથનું ખમીસ તેને વજનદાર લાગવા માંડયું.

પાછળ ચાલ્યો આવતો ઇસ્માઇલ તેનો બડબડાટ સાંભળી રહ્યો હતો. આહીરનો ડામર જેવો કાળો વાન, ફાંગી આંખો તથા ટાલિયું માથું બીડીના તેજથી ચમકી જતાં હતાં. તેના દૂબળા પાતળા, ધ્રુજતા પગો તરફ લાગણીભરી નજરે જોઈને, ઇસ્માઇલે ઊંડી સહાનુભૂતિપૂર્વક તેને પૂછ્યું, 'ચંડીભાઈ, ભાભીને તપાસવા દાકતર ના આવ્યો ?

'દાકતર !' આહીરે ઇસ્માઇલ તરફ વળી જવાબ આપ્યો, 'તારી ભાભી તે કાંઈ મેમસાબ છે ? એ બાપડી તો એક મજૂરણ. દાકતર પાસે એવો વખત નથી.'

ચંડીના મોંમાં સળગતી બીડીના તિખારાથી અચાનક જ જાણે સવારનાં કિરણો વધુ લાલ થઈ ઊઠ્યાં. ઇસ્માઇલે જવાબ આપ્યો,

'દાકતર પણ મારા-તમારા જેવો નોકરી જ કરનારો ને ?'

'નોકરી ?' ચંડીએ બીડીનો કશ ઊંડો ખેંચતાં કહ્યું, 'ઇસ્માઇલ, ગામ છોડવામાં ભારે મોટી ભૂલ કરી હોં. તારી ભાભી તો રોજ કહે છે, ચાલો પાછાં જતાં રહીએ. ત્યાં આપણાં સગાંસંબંધી છે. સુખ-દુ:ખમાં પોતાનાં માણસો તો ખરાં. ત્યાં મરી જઈએ તો લાકડાંની ચિંતા નહીં.' અને પરાણે હસતાં ચંડીએ ઉમેર્યું, 'અને ઈસ્માઈલ, ખેતરોમાં સુખનો પાર નહીં, સમજયો ? આવી વરસાદી મોસમમાં તો ખેતરમાં કામ કરવાની ભારે મજા આવે. અહીંની માટીમાં એવી મીઠી સોડમ કયાંથી...'

ઇસ્માઇલ બોલ્યો, 'મજા શેની ? જયારે ખળામાંથી જોતદાર અનાજ ઉઠાવી જાય છે, ત્યારે તો કાળજું ખળભળી ઊઠે છે.' ઇસ્માઇલ અટકયો, વળી થોડીવાર પછી બોલ્યો, 'હું તો ગામ પાછો નહીં જવાનો, અહીં જ કામ કરવાનો.' ચંડીએ ઇસ્માઇલની વાત સામે કોઈ દલીલ

કરી નહીં ત્યાં સુધીમાં બંને ચાલતા ચાલતા લાઇનની બાજુના રસ્તા પર પહોંચી ગયા. ડગુમગુ ચાલતો ચંડી એક વાર તો કાદવમાં લપસી પડતાં બચ્યો. તેને ઝટ દઈ બચાવી લેતાં ઇસ્માઇલ બોલ્યો, 'શું વિચારમાં ડૂબી ગયો છે ? હમણાં લપસી પડત.'

સાચવીને પગ ટેકવતાં ચંડીએ ઇસ્માઇલ સામે જોતાં જવાબ વાળ્યો, 'પડી જાત, તો ચડ્ડી ખરડાઈ જાત, અને એટલે કાલે કામનો ખાડો . કંપનીવાળા ચડ્ડી પહેર્યા વગર કારખાનામાં ઘૂસવા નથી દેતા, અને બે ચડ્ડી સિવડાવવા જેટલા પૈસાય નથી આપતા. તારી પાસે કેટલી ચડ્ડી છે ?'

'બે 'ઇસ્માઇલ બોલ્યો.

ચંડી ગંભીર ચહેરે આગળ ચાલતાં બોલ્યો, 'અરે તું તો એકલો માણસ, આ બધા પૈસાનું કરે છે શું ?'

ઇસ્માઇલનાં કાન - મોં બધું લાલલાલ થઈ ગયું. એ જોઈ ચંડીએ હસતાંહસતાં પૂછ્યું, 'શાદી કરવા ધારે છે કે શું ? બરાબર છે , આ જ તો એવી ઉંમર કહેવાય.'

ઇસ્માઇલ કાંઈ બોલ્યો નહીં, એટલે ચંડીએ વળી પૂછ્યું, 'સાંભળ્યું છે કે તું પરણવાનો છે ?'

ઇસ્માઇલે કહ્યું, 'નહીં રે... આ જ ઠીક છે, કોઈ જંજાળ નહીં. ખાઈપીને બસ મજા. જો...'

'જો...નો મતલબ ?'

'જો... બઢતી મળી જાય...ફોરમેન બનવાની વાત છે.'

'એ તો બધાં વાહિયાત બહાનાં છે' ચંડીએ હસતાંહસતાં કહ્યું, ' આટલું બધું વિચારી-ગોઠવીને તું વળી શાદી કરવાનો ?'

ઇસ્માઇલ કંઈ બોલ્યો નહીં.

પાસેના વિશાળકાય પીપળા પરથી એક કાગડો કા...કા.. કરતો ઊડ્યો. એ ઝાડ નીચે પડેલા એક પતિયાએ 'ઓ...મા...ઓ...માં..' નો પોકાર કર્યો. ઇસ્માઇલે તેની તરફ બે પૈસા ફેંક્યા. અને પછી ચંડી તથા બીજા લોકોને રહેવાની ઓરડીઓની ચાલ પર મીટ માંડી. ઓરડીઓમાં દીવા ટમકતા હતા. એ પરણેલા મજૂરોને રહેવાની ચાલ હતી. ચંડીની ઓરડીઓની લંબાઈ-પહોળાઈ તેને બરાબર યાદ હતી. બાર બાય આઠ ફૂટની બે ઓરડીઓ અને સાથે જોડાયેલું આઠ બાય છનું રસોડું. રસોડાથી ત્રણ જ ફૂટ દૂર એક ભંગાર સંડાસ, ઉનાળામાં તો છેક આગલા ઓરડા સુધી એની વાસ આવે. એ બદબૂ સહન ન થતાં, ચંડીની ઘરવાળીને ઊલટી થઈ જાય. ચંડીતો બીડી-ચલમની તમાકુ ફૂંકીને રાહત મેળવી લે. વળી એક બાબત તો એવી છે કે જેના ખ્યાલથી જ તેને હસવુંય આવે છે અને શરમ પણ લાગે છે. જવાન દીકરા-દીકરીઓની હાજરીમાં જ ચંડી પોતાની ઘરવાળી સાથે એક જ ઓરડામાં કેવી રીતે સૂઈ શકે ? એટલે જ તો તેણે રાતપાળી લઈ લીધી છે. અને જ્યારે રાતપાળી ના હોય, એવે દિવસે તે રામકૃષ્ણ મિશનના સ્વામીજી પાસે જઈને, ધર્મની ચર્ચા કર્યા કરે. આમ તો તેની ખોલી પોતાની

ખોલી કરતાં સારી ગણાય, પણ જરા સાંકડી અને નીચી છે. ચકલી જેમ પોતાના માળામાં ઘૂસે એમ એ લોકો પોતાના ઘરમાં ભરાઈ રહે છે.

ત્યાં ચંડીના ઘરમાંથી ઝેબુન્નિસાને ગભરીગાભરી નીકળતી જોઈને, ઇસ્માઇલે બૂમ મારી,

'ઝેબુન્નિસા, ક્યાં ચાલી ?'

ચંડી બોલ્યો, 'પણ એ આમ દોડે છે શા માટે ?'

ઇસ્માઇલે કહ્યું, 'એ તો ડાકણ છે ડાકણ, ચંડીભાઈ !'

ચંડીએ હસીને કહ્યું, 'સાંભળ્યું છે કે તું એની સાથે શાદી કરવાનો છે.

ઇસ્માઇલે ગંભીર થતાં જવાબ આપ્યો, 'તમે ખોટું સાંભળ્યું છે.'

અમાસનાં અંધારાંમાં એકાએક વીજ ચમકે તેમ ઝેબુન્નિસા એકાએક તેમની સામે આવી ઊભી રહી ગઈ. ચંડીએ તેને પગથી માથા સુધી ધારીધારીને જોઈ, પછી તેની વાળની લટોમાં ખોસેલા મોગરાના ફૂલગજરા ઉપર નજર ટેકવતાં તેણે પૂછ્યું,

'શું થયું ઝેબુન્નિસા ?'

'મામા, તમે કેવા પથ્થર હૃદયના માણસ છો ? મામી પાસે પહોંચો , એ તમને યાદ કર્યા કરે છે. હું દાકતરને બોલવવા જાઉં છું.'

ચંડીનું હૈયુ ધ્રૂજી ઊઠયું. ઝેબુન્નિસાએ તેને મામા કહી સંબોધ્યો, એથી તેને અપમાન લાગ્યું, કારણ કે ઝેબુન્નિસાની મા ખરેખર તેની દૂરની બહેન થતી હતી. દિગબઈ આવ્યા બાદ એ વિધવા બની એથી તેણે ફિલિપસાહેબના રસોઈયા સાથે બીજીવારનું ઘર કર્યું. પરંતુ તેનું રૂપ જ તેની બરબાદીનું કારણ બન્યું. સાહેબે તેના પર કુદૃષ્ટિ કરી અને તે જ સાહેબના સંબંધથી આ અદ્ભુત સુંદર બાળાનો જન્મ થયો. થોડા વખતમાં એની મા બિચારી મરણ પામી. હવે વળી આની ઉપર ફિલિપસાહેબની બદનજર છે. આ છોકરીને જોઈને ગુસ્સો ચઢે છે ને દયા પણ આવે છે; મમતાય થાય છે, ને નફરત પણ ઊપજે છે. પરંતુ આ વખતે એના ઠપકાથી તેનું હૈયું વીંધાઈ ગયું. પળનોય વિલંબ કર્યા વિના તે જલદીજલદી પોતાના ઘર તરફ આગળ વધ્યો.

ઝેબુન્નિસા ઊંડા શ્વાસ ભરી રહી હતી. મેમસાબ જેવો ગોરો રંગ અને ફૂટડી કાયા ઉપર જોબન તથા તંદુરસ્તી વિલસી રહ્યાં હતાં. સાહેબના બાગમાં ખીલતાં ડહેલિયાનાં ફૂલ જેવો મોહક તેનો ચહેરો હતો. ઊંચાંનીચાં થતાં તેનાં વક્ષ:સ્થળ જોતાં એવું લાગતું હતું કે જાણે જીવનશક્તિ વિખેરતું કોઈ પ્રિંગ યંત્ર ચાલી રહ્યું છે. ઇસ્માઇલે એને પૂછ્યું,

'મીનુભાભીની તબિયત કેમ છે ?'

ઝેબુન્નિસાએ મોં ફેરવી વિષાદઘેર્યા ચિત્તે જવાબ આપ્યો, 'બચે એમ નથી' અને ઉમેર્યું, તબિયત જોતાં એમ લાગે છે કે બહુ બહુ તો કદાચ સવાર જોવા પામે.'

જીવી પણ કેવી રીતે શકે ? એ સ્ત્રી એક વર્ષથી માંદી હતી અને કશીય સારવાર થતી નહોતી. પહેલાં મેલેરિયા માનીને ડાકટરે ક્વિનાઇન આપ્યે રાખી. વળી લીવર ખરાબ થયું છે,

કહી તેની દવા અજમાવી. હવે થોડા દિવસથી વળી ક્ષયરોગની દવા આપવામાં આવે છે. જયારે ચંડીની પત્ની તો મરવા માટે દિવસો જ ગણી રહી છે. એ તો માને છે કે ભગવાનની ઇચ્છાય એવી જ છે. રામકૃષ્ણ મઠવાળા સ્વામી કહી ગયા છે કે 'કોઈ કોઈના જીવનનું માલિક નથી ચંડી, અને આ સંસારમાં કોઈ કોઈનું નથી. સૃષ્ટિની કુંભશાળાનો કુંભકાર ભગવાન પોતાની જ ઇચ્છા અનુસાર ઘડે છે ને તોડે પણ છે. મરનારે મરવું જ પડે છે. શોક કરવાથી કશો લાભ નહીં' પરંતુ એ લોકથી આ સહન નહોતું થતું.

પત્ની ચંડીનીજ પ્રતીક્ષા કરી રહી હતી. ચંડી સીધો એની પાસે ગયો. જોયું તો, ઊંડી ઊતરી ગયેલી એની બંને આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. પોતાને હાથે પત્નીનાં આંસુ લૂછતાં તે બોલ્યો,

'ચિંતા ના કરીશ, ભગવાન સૌ સારાં વાનાં કરી દેશે. ઝેબુન્નિસા દાકતરને બોલાવવા ગઈ છે.'

પત્ની કણસતાં બોલી, 'રસોડામાં અભરાઈ ઉપર ગંગાજળ પડયું છે, એનો જ એક ઘૂંટડો પિવડાવી દો. દાકતરની દવા હવે કામ નહીં લાગે.'

ચંડી રસોડામાં ગયો. પત્નીએ પન્નૂને હાંક મારી, 'પન્નૂ, અહીં આવ.'

પન્નૂ આવીને મા પાસે ઊભી રહી. એની સામે જોતાં મા બોલી, ' પન્નૂ, સોના વગેરેને તું સંભાળજે. તારા બાપુજીને ચા, જમવાનું બધું વખતસર આપજે, હવે મને ઠીક નથી થવાનું. દુર્ગા, તને નોકરી મળી ? દાકતર બાબુએ શું કહ્યું ?'

'આજે જવાબ આપશે.' દુર્ગાએ નજીક આવી ઊભા રહેતાં, ખિન્નતાથી જવાબ આપ્યો.

મા આંખ મીંચી દેતાં બબડી, 'મળશે ! હું આશીર્વાદ આપું છું. દાકતરબાબુ ભલા માણસ છે.'

એ જ હાલતમાં ચંડીએ થોડુંક ગંગાજળ તેની પત્નીના મોંમાં રેડયું, જે મહામહેનતે એણે ગળે ઉતાર્યું. એ સાથે જ ગળામાંથી અવાજ નીકળ્યો, જાણે ચામડીમાંથી બહાર નીકળી આવેલાં હાડકાનાં માળા જેવી કાયામાંથી બુઝાતી દીપશિખાએ યાતનાનો આખરી પ્રકાશ મેળવ્યો. ભયંકર પીડાપૂર્વક તે બોલી,

'ઘર છોડયાને વીસ વરસ થઈ ગયાં, ખરું !'

'હા.' ચંડીનું હૈયું હલી ઊઠયું. પરિસ્થિતિ સારેસારી હોત, તો એને ગુસ્સો જ આવી જાત, પરંતુ આજે તો તેના અંતરમાં વિકળતાની પ્રચંડ આંધી ઊઠી આવી. તેનું કાળજું આઘાતથી વીંધાઈ ગયું. દિગબઈ આવ્યા બાદ, ચંડી એક પણ વખત પોતાને ગામ ગયો નહોતો.

એક દિવસ ભાઈઓ સાથે તેને જમીન બાબતે ઝગડો થયો, અને મિલકતનો મોહ છોડીને તે આ શાપિત નગરમાં આવી પહોંચ્યો હતો. પછી પોતે તો એ બધું ભૂલી ગયો, પણ પત્નીથી એ સહ્યું જતું નહોતું. એ હમેશાં વતન પાછા ચાલ્યા જવાની વાત કર્યા કરતી અને કહેતી,

'અહીં જ મરીશું, તો અગ્નિદાહ દેનારેય આપણું કોઈ નહીં હોય. અને આ છોકરાં પણ બધાં એવાં જ છે. ગોર-ગોંસાઈ કશામાં માનતાં નથી.' આવી વાતોથી ચંડીનું મન વધુ દુ:ખી થઈ ગયું. છતાં પત્નીને આશ્વાસન આપતાં તેણે કહ્યું, 'તું કશી ચિંતા ન કર, બધું ઠીક થઈ જશે.'

ચંડીની પત્ની હસી પડી. તેનું હાસ્ય જોઈ ચંડીને એવું લાગ્યું, જાણે પત્નીએ પોતાને રઝળપાટ કરનારી તથા બેઘર બનાવી દીધાનો તેનો ગુનો માફ કરી દીધો છે. એમ શાથી કર્યું, એની સ્પષ્ટતા પણ પત્નીએ કણસતાં કણસતાં કરી દીધી, 'જ્યારે મરવા જ પડી છું, ત્યારે મન હળવું કરીને જ ચાલ્યા જવું બહેતર ગણાય.'

હવે ચંડીને બધું અસહ્ય લાગવા માંડયું. રડતા અવાજે તેણે કહ્યું, 'તું સાચી વાત ક્યાં નથી જાણતી ? ભાઈ-ભાઈ વચ્ચેનો ઝઘડો બહુ ખરાબ વસ્તુ છે. વળી આપણે ત્યાં જમીનેય કેટલીક છે ? માણસો ઘણાં બધાં અને જમીન જરાક જેટલી, તેમાં વળી જમીનદારનાં માણસોએ...'

'એ બધી વાત હવે જવા દો'. ખૂબ કષ્ટપૂર્વક પત્ની બોલી, 'હવે છેલ્લી ઘડીએ ભગવાનને યાદ કરવા દો !' અને ભગવાનનું નામ લેતાં તેણે આંખો બંધ કરી દીધી અને તેની વાચા પણ ધીમેધીમે મંદ પડી ગઈ.

ચંડીને પોતાના વતનના ઘરમાંથી દેખાતું ભૂરું આકાશ યાદ આવી ગયું. પોતાની સોહાગરાતનો આખરી પહોર તેમણે એ જ આકાશ નીચે લાંબો વખત બેસીને વિતાવ્યો હતો. આકાશ સાક્ષી હતું. તેણે ઓરડાની બારી ખોલી નાખી, પરંતુ આકાશનો સૂકો ભૂરો રંગ નજરે ન પડયો.

મોસમ ખરાબ હતી. વાદળોની આવનજાવન મનુષ્ય માટે અદૃશ્ય એવી કોઈ સૃષ્ટિની ઝાંખી કરાવતી હતી. આજે એ જગતમાં જ તેની પત્ની જઈ રહી છે, મનમાં પ્રિયજનના વિરહની શૂન્યતા ભરીને. સોહાગરાતની મધુર યાદે એના અંતરમાં હાહાકાર મચાવી દીધો.

દુર્ગા અને પન્નૂએ પહેલી જ વાર કોઈને મરતાં દીઠું. જો કે બેમાંથી કોઈનેય એવું નહોતું લાગતું કે એ લોકો સદાને માટે પોતાની મા ગુમાવી રહ્યાં છે. દુર્ગાને અચાનક ખ્યાલ આવ્યો કે મા કશું બોલતી નથી, એની આંખો બંધ છે. એ બોલ્યો, 'માને ઊંઘ આવી ગઈ છે. પન્નૂ તું જા, અને સોના ને બાળકોને સંભાળ !'

પન્નૂ તો ત્યાંથી જવા જ માગતી હતી. એટલામાં જ રામુ અને ચમારી અંદર આવ્યા. બંને ખબર સાંભળતાં જ કામ છોડીને દોડતા આવ્યા હતા. રામુએ માંદી સ્ત્રીની નાડી જોતાં કહ્યું, ' મીનુબાઈને હવે ઘરમાં ના રાખવી જોઈએ. ચમારી તું લાશને પગેથી પકડ.'

દુર્ગાએ મીનુબાઈને આ રીતે ઊંચકતા એ બંનેને જોઈને પૂછ્યું, ' આ શું કરો છો ?'

રામુએ કહ્યું, 'કંઈ નહીં દુર્ગા, તારી મા મરીને હવે મુડદું બની ગઈ. જા, એક તુલસીનો છોડ લઈ આવ અને પન્નૂ, તું દીવો પેટાવી દે.'

પતિ તથા બાળકોને નિર્મમતાથી આવા હુકમો આપીને, એ બંને મીનુબાઈના શબને આંગણામાં લઈ આવ્યા. માત્ર દુર્ગા અને પન્નૂ જ નહીં, ત્યારે ચંડી પણ તીવ્ર આઘાતથી જડવત્ બની ગયો હતો.

થોડી વાર પછી રામુએ અંદર આવી જોયું, દુર્ગા, પન્નૂ, ચંડી બધાંજ એવાં ચૂપ હતાં, જાણે તેમની હલનચલન કરવાની શક્તિય સંપૂર્ણ હણાઈ ગઈ હોય. રામુએ પન્નૂને પૂછ્યું, 'પન્નૂ દીવા માટે કોડિયું ક્યાં છે, જરા બતાવ તો !'

પન્નૂ ધ્રૂસકેધ્રૂસકે રડતાં રામુ સામે જોઈ બોલી, 'તમે બહુ નિર્દય દિલના આદમી છો, રામુદા, મા તો હજી અધજીવતી હતી, તોય એને તમે બહાર કેમ ઉપાડી ગયા ?'

રામુની પ્રૌઢ કાયા સ્થિર થઈ ગઈ. એ બોલ્યો, 'મીનુબાઈ ગુજરી ગઈ છે. તું રડ નહીં!'

ચંડીએ રામુને કહ્યું, 'તું જ અંદર રસોડામાં જા તો ! રસોડું કબૂતરના માળા જેવડું તો છે, થોડું શોધવાથી તને દીવા માટે કોડિયું મળી જશે. જાણે મરવાની તૈયારી કરી હોય, તેમ બધો સામાન એણે અવેરી લીધો છે.'

રામુ રસોડામાં ગયો. દુર્ગાને પણ હવે ખબર પડી ગઈ હતી કે નજર સામે આ જે પલંગ ખાલી પડયો છે, એના ઉપર પોતાની મા પાછી કયારેય નહીં સૂએ. આમ છતાંય તે રડી શકતો નહોતો. ફક્ત વેદનાથી તેની છાતી બોઈલરની જેમ ગરમ થઈ ગઈ હતી. 'મા...મા... તું ક્યાં ચાલી ગઈ ?' અસ્પષ્ટ અવાજે તેણે સ્વગત જ ઉદ્‌ગાર કાઢયો.

રામુએ દીવો પેટાવ્યો પછી ચંડી ઓરડી બહાર નીકળ્યો. તેણે શરીર પર હજીય રાતપાળીનો ગણવેશ પહેરી રાખ્યો હતો. બાજુના ઓરડામાં સૂતેલા સોનાને તેડી લઈ, તેણે કહ્યું, 'સોના, સોના, ચાલ છેલ્લી વાર માનાં દર્શન કરી લે !'

આંખો ખોલતાં જ સોના બાપને જોઈને રડવા લાગ્યો. તેની ઊંઘ પૂરી નહોતી થઈ. ચંડી તેને તેડીને સીધો બહાર આંગણામાં આવી ગયો. સોનાનું રુદન સાંભળીને એનાથી મોટો ભાઈ હતો તે પણ જાગી ગયો ને બોલ્યો,

'કોણ રડે છે એ ?'

એકાએક પન્નૂએ તેને છાતી સરસો ચાંપી દેતાં કહ્યું, 'ખબર નથી તને ? આપણે મા ગુમાવી બેઠાં !'

ચાર વર્ષનો શેખર પન્નૂના મુખભાવ જોઈ સમજી ગયો કે માનુ કંઈક ન બનવા જેવું બની ગયું છે. પછી પન્નૂ તેને તેડીને બહાર લાવી, ત્યારે માને આંગણામાં સૂતેલી જોઈ, ચોંકી ઊઠતાં પૂછ્યું , 'તમે લોકોએ માને જમીન ઉપર કેમ સુવડાવી છે ? તેને તકલીફ થશે.'

મીનુબાઈ ગુજરી ગયાના ખબર સાંભળી ઘણાંબધાં માણસો ચંડીના આંગણામાં એકઠાં થઈ ગયાં હતાં. શેખરના ઉદ્‌ગાર સાંભળીને એ બધાંની આંખમાં પાણી આવી ગયાં. મહેન્દ્ર બરૂઆથી એ સહન ન થતાં બોલી ઊઠયો, 'બિચ્ચારો ! એને કશી જ ખબર નથી.'

રામુએ કહ્યું, 'બરૂઆબાબુ, સંસારમાં મા કરતાં મોટું કશું જ નથી.' બીજા લોકોએ પણ શોકથી નિસાસા નાખતાં ભગવાનને યાદ કર્યા. રામુએ ચંડીને કહ્યું,

'દુર્ગાને બોલાવ. તેણે સ્મશાને આવવું પડશે. માની ચિતાને આગ તેણે જ ચાંપવી પડશે.' ચંડીએ કહ્યું, ' તું જ તેને કહી દેને ! મારામાં હવે કશી શક્તિ નથી.'

પરંતુ દુર્ગા જાતે જ આવી પડયો. રામુની સૂચના પ્રમાણે અંદર જઈને, તેણે ધોતિયું પહેર્યું અને ઉઘાડા બદને બહાર આવ્યો.

એટલામાં બે માણસોએ વાંસ લાવી, નનામી તૈયાર કરી દીધી હતી. નનામી તૈયાર થતાં જ રામુ અને ચમારીએ મીનુના શબને તુલસીના છોડ પાસેથી ઊંચકીને, એના પર ગોઠવી દીધું: પછી એક કપડું ઓઢાડીને તેમણે ઠાઠડી બાંધી દીધી.

એ પછી રામુ બોલ્યો, ' પન્નૂ, હવે તમે લોકો માને નમસ્કાર કરો. આ જન્મે હવે તમને મા ફરી કદીય મળવાની નથી.'

આંગણામાં તુલસીના છોડ નીચે ઘીનો દીવો થરકતો જલી રહ્યો હતો. પન્નૂ અને શેખર પોકેપોકે રડવા લાગ્યાં. શેખર માના શબને વળગીને ચીસો પાડતો હતો. દુર્ગાએ પન્નૂને કહ્યું,' માને પ્રણામ કરી લે, પન્નૂ !' તેણે શેખરનેય તેડીને પ્રણામ કરાવડાવ્યાં. પોતે પણ ઘૂંટણિયે પડીને માને વંદન કર્યાં. પન્નૂ તો પ્રણામ કરતાં, માના પગ પર લેટી પડી અને ' મા... મા...' કરતી વ્યાકુળ આક્રંદ કરવા લાગી.

ફરીથી વાદળાંની ગર્જના સંભળાવા લાગી. રામુએ ચમારીને કહ્યું, ' ચાલ, હવે નાનામી ઉપાડ ચમારી, મોસમ વળી બગડતી હોય એમ લાગે છે.'

રામુએ બીજા બે માણસોને પણ બોલાવી લીધા, અને ચાર જણાએ મળીને શબને ખાંધે લીધું. પન્નૂ તથા બીજાં બાળકોના કલ્પાંતથી તો એમ લાગતું હતું કે જાણે વૃક્ષોનાં પાંદડાંય ખરી પડશે. તોય રામુ અને બીજા ખાંધિયાઓ તો રામનામ પોકારતા આગળ ચાલવા લાગ્યા, ' રામ બોલો ભાઈ રામ! હરિ બોલો...

બરૂઆએ દુર્ગાને પોતાની પાછળપાછળ આવવા કહ્યું. હવે દુર્ગાની આંખોમાં પણ આંસુ ભરાઈ આવ્યાં હતાં. બાજુમાં ચાલતા એક માણસે દોરડાનો વળિયો બનાવી દીધો અને દુર્ગાને કહ્યું ' આને સાથે લઈ જા ! મોંમાં આગ મૂકવા માટે જોઈશે.'

માથું નીચું ઢાળી, હાથમાં દોરડાનો વળિયો ઝાલી, આંસુ લૂછતો દુર્ગા ધારેધીરે સ્મશાનની દિશામાં આગળ વધ્યો. આખો સંસાર તેને અંધકારમય લાગતો હતો.

ચંડીને યાદ આવ્યું કે બ્રાહ્મણને તો હજી સુધી જાણ કરવામાં આવી નથી. તેણે બરૂઆ સામે જોઈ કહ્યું, ' બરૂઆબાબુ, એક કામ કરવું પડશે, રામકૃષ્ણ મિશનની બાજુમાં જ એક બામણ રહે છે તેને બોલાવી લાવવો પડશે. આ અગત્યની વાત તો હું ભૂલી જ ગયો. બ્રાહ્મણને સ્મશાનમાં સાથે તેડતા જજો; અને બીજી કોઈ ચીજ વસ્તુની જરૂર પડે તો દુકાનેથી ખરીદી લેજો. હું તમારી સાથે એક જણને મોકલું છું, એની સાથે એ બધી વસ્તુઓ સ્મશાને પહોંચાડી દેજો. મોડું ન લગાડશો. હું સાવ નિરાધાર બની ગયો છું.'

બરૂઆએ કહ્યું, ' એવી કશી ચિંતા ના કર; હું બધી જ વ્યયવસ્થા કરી દઈશ.'

તગડી કાયાવાળો બરૂઆ સદાય કર્તવ્યપરાયણ રહેતો. તે તરત જ બ્રાહ્મણના ઘર તરફ ઊપડી ગયો. ચંડીએ એક માણસને બોલાવ્યો ને બરૂઆ સાથે જવા સૂચવ્યું. એ માણસ પણ બરૂઆની પાછળ પાછળ ચાલ્યો ગયો.

પછી ચંડીએ ખૂબ જ વહાલથી સોનાને છાતી સરસો ચાંપ્યો. તેને પોતાનું હૈયું સાવ ખાલી ખાલી લાગતું હતું.

થોડીવારમાં તો અનેક માણસો મૈયતની ખબર કાઢવા આવી પહોંચ્યાં. બધાં હાથમાં કંઈકનું કંઈક ખાવાનું લઇને આવ્યાં હતાં. કોઈના હાથમાં ફળ, કોઈના હાથમાં બિસ્કીટનું પડીકું, કોઈના હાથમાં કોપરું, તો કોઈના હાથમાં ચણાની દાળ પરંતુ સૌને આંગણામાં જ થોભી જવું પડ્યું. આ બધી સામગ્રી સ્વીકારનાર જ કોઈ ત્યાં નહોતું. ત્યાં જ ડિંબેજવર અને ચેટર્જી આવી પહોંચ્યા. એમની પાછળ આવ્યાં ડોક્ટર અને ઝેબુન્નિસા. વાતાવરણ જોતાં જ તેઓ સમજી ગયાં કે ઘર તો ઉજ્જડ થઈ ચૂક્યું છે. ડિંબેજવરે આવેલા લોકોને કહ્યું. ' જોઈ શું રહ્યાં છો ? ચાલો, હુંય આવું છું. હવે ઘરમાં જોવાકરવાવાળું તો કોણ હોય ? '

ડિંબેજવર સીધો અંદર પહોંચી ગયો. તેની પાછળ ખાદ્યસામગ્રી લઈને લોકો પણ અંદર પ્રવેશ્યાં. ચંડીએ પ્રશ્ન કર્યો,

'આટલી બધી વાર કેમ લગાડી, દાક્તરબાબુ ?'

ડોક્ટર હજારિકાનું મન પશ્ચાત્તાપથી ભરાઈ આવ્યું, તેઓ બોલ્યા, ' 'છોટાસાબને ત્યાં પ્રસૂતિ આવવાની છે, એટલે આખી રાત ત્યાં જ કાઢવી પડી. મીનુબાઈને જોવા ન આવી શકાયું.'

ચંડી માથું ઊંચું કરી ડોક્ટર સામે ન જોઈ શક્યો. તે મનમાં જ બબડ્યો, ' સાહેબલોકને ત્યાં માંદગી હોય, ત્યારે અમારી બીમારીને કોણ પૂછે? '

ડોક્ટરે સ્ટેથોસ્કોપ ઝુલાવતાં સહેજ હસીને કહ્યું, ' તારી ઘરવાળી નહોતી બચવાની ચંડી, છતાંય મારાથી ભૂલ તો થઈ જ. ખોટું ન લગાડતો.' વળી સહેજ થોભીને ડોક્ટરે કોમળ અવાજે ઉમેર્યું, ' એક બીજી વાત કહું, સાંભળ ! દુર્ગા મારી પાસે આવ્યો હતો. એમ્બ્યુલન્સ ગાડીના ડ્રાઇવરની જગ્યા ખાલી છે, એ જગ્યાએ કદાચ હું તેને લગાડી દઈશ. તેને મારી પાસે મોકલજે. તેનું ડ્રાઇવિંગ લાઇસન્સ તો તૈયાર જ છે ને ? '

ચંડીનો રંજ ઓછો કરવા જ હમદર્દ ડોક્ટરે કટાણે પણ આ વાતનો ઉલ્લેખ કર્યો. ચંડીએ બગાસું ખાતાં ઉત્તર વાળ્યો, ' હા, લાઇસન્સ તૈયાર જ છે, આપની મહેરબાની. જો એની માય આ વાત સાંભળીને જાત, તો એને કેટલો આનંદ થાત ! મરતી વખતેય તે બોલેલી, દુર્ગા, તને નોકરી મળી જશે. દાક્તરબાબુ બહુ સારા માણસ છે. '

ડોક્ટરે ઘડિયાળ જોતાં કહ્યું, ' ક્રિયાપાણી પતી જવા દો, કશી ઉતાવળ નથી. થોડા દિવસ પછી એને મોકલી આપજે. મારે વળી પાછું છોટાસાબની મેમ પાસે જવું પડશે.' એમ વાત પૂરી કરતાં, ડોક્ટર જવા માટે ઊઠ્યા. રસ્તા ઉપર જ છોટાસાબની ગાડી ઊભી હતી. ડ્રાઇવરે ડોક્ટરને ટપારવા હોર્ન વગાડ્યું, એટલે ડોક્ટરે ગાડી તરફ કદમ ઉપાડ્યા.

એક પછી એક બધાં માણસો વિદાય થવા લાગ્યાં. ડિંબેજવર, ચેટર્જી ને ઝેબુન્નિસા જ ત્યાં બાકી રહ્યાં. વાદળો હજી પણ ગરજ્યા કરતાં હતાં. ડિંબેજવરે બૂમ મારી, ' પન્નૂ...! '

પન્નૂ ઊભી થઈ ગઈ. ડિંબેજવરની હાંકનો જવાબ વાળ્યા વિના તે રહી શકી નહીં. એ માણસ જ પૌરુષની પ્રતિમા સરખો હતો. પન્નૂએ પૂછ્યું, ' બોલો, શું છે ?'

સોના અને શેખરને જમાડી લે ! અને નારા બાપુજીએ પણ કામ પરથી આવીને કશું જ ખાધું નથી. એમનેય જમાડ.' ગંભીર અવાજે ડિબેજવરે સૂચવ્યું.

ચંડી માટે આ અસહ્ય થઈ પડ્યું. તે બોલ્યો, 'મારે કશુંય ખાવું નથી, પન્નૂ ! તું સોના અને શેખરને ખવડાવી લે. લે, આને પણ લઈ જા.' ચંડીએ બાળકને તેડી લીધું અને પન્નૂને સોંપવા હાથ લંબાવ્યો, પરંતુ પાલવથી આંસુ લૂછી નાખવા જતાં, પન્નૂને આવતાં વાર થઈ. એટલે ઝેબુન્નિસા પોતાનો હાથ લંબાવતાં બોલી, 'લાવો મામા, મને આપી દો !'

આવી શોકગ્રસ્ત હાલતમાંય ચંડીએ ઝેબુન્નિસા સામે રોષથી જોયું અને બોલ્યો, 'તું એને ના નેડતી ઝેબુન્નિસા, પન્નૂ જ તેડી લેશે પન્નૂ ... !'

ઝેબુન્નિસા માટે આવું અપમાન કાંઈ નવું નહોતું, છતાં આજનું અપમાન એને માટે વજ્રઘાત સમું બની ગયુ. સામાન્યત: બધાંજ ઝેબુન્નિસાને અસ્પૃશ્ય ગણતાં હતાં, પરંતુ મીનુબાઈએ તેને બાળકોને લેવા-મૂકવાનો અધિકાર આપ્યો હતો. આજે એ અધિકારથી એ વંચિત થઈ ગઈ હતી એથી ખરેખર તે અત્યંત દિલગીર થઈ ગઈ.

તેણે ભોંઠી પડતાં કહ્યું, 'શું હું એટલી બધી અછૂત છું કે મામા ?'

પન્નૂ સોનાને કાખમાં તેડી અને શેખરને હાથેથી સાહી, અંદર ચાલી ગઈ. ડિબેજવર ઝેબુન્નિસાના ઉદ્‌ગારથી દુ:ખી થતાં બોલ્યો , 'આવી બાબતોથી જ તો હિંદુ લોક ખતમ થઈ ચાલ્યા.'

ચંડી બોલ્યો, 'આ તો ધર્મનો સવાલ છે, તમે ન માનો--પણ સાંભળ્યું છે.' ચંડી અટકી ગયો. આગળ ન બોલવા ચેટર્જીએ તેને આંખથી ઇશારો કર્યો હતો. બધા જ જાણતા હતા કે વિધુર ડિબેજવર અહમદસાહેબની ભાણેજ જહાંનારા સાથે પ્રેમ કરી રહ્યો છે.

ડિબેજવર ખડખડાટ હસી પડતાં બોલ્યો, 'એમાં છુપાવવા જેવું શું છે? હિંદુ શું ને ખ્રિસ્તી શું, એવું કંઈ જ નથી. હું તો બધા જ ધર્મોને એકસરખા માનું છું. લોકો જેમ વર્ષે દહાડે કોટ બદલી કાઢે તેમ હું ધર્મ બદલી શકું છું, સમજયા?'

ઝેબુન્નિસાએ અવાક બનીને ડિબેજવર સામે જોયું. ચેટર્જીએ ગંભીરતાથી કહ્યું, યુ આર ફાર ઇન એડવાન્સ ઑફ ટાઇમ્સ, ડિબેજવરબાબુ, પણ તમારું જીવન બહુ મુશ્કેલ અને જટિલ છે.

ડિબેજવરે સિગરેટ સળગાવતાં કહ્યું, 'હું મારું પોતે જ ફોડી લઉં છું, એટલે તમારી સલાહ કામની નથી. ખબર છે, મારી વાતથી તો સાહેબ ખુદ પણ ચૂપ થઇ જાય છે !' અને સિગરેટનો ઊંડો કશ ખેંચી તેણે ઉમેર્યું, 'અરે મારાથી તો ભગવાન પણ ડરે !'

ચંડી અસ્વસ્થ થતાં બોલ્યો,' ઘોર કળિયુગ આવ્યો, બાકી તમારી જીભે આવી વાત ને નીકળે ? તમારા જેવા માણસો તો સીધા નરકમાં જ પડવાના.'

ડિબેજવરે હસતાં હસતાં જવાબ આપ્યો, 'નરક કેવું ને વાત કેવી ? મને તો નરકનીય બીક નથી લાગતી.'

ચંડીથી આવી વાતો સહન થઈ નહીં. એ ઊઠીને ચાલી ગયો. ડિંબેજવરે આરામથી સિગરેટ ફૂંકતાં ઝેબુન્નિસાને પૂછ્યું, ' નસીરઉદ્દીન ડોસાની તબિયત કેમ છે ?'

' આપની દુઆથી એ મજામાં છે. ' ઝેબુન્નિસાએ જવાબ આપ્યો. જો કે તેનું મન અપમાનના દુ:ખથી ભારે હતું. તે બોલી, ' હવે આ ઘરમાં મારું આવવાનુંય બંધ થઈ ગયું. મારે હવે ક્યાંય, કોઈને ત્યાં જવાનું ના રહ્યું. ' એ બોલતાં અટકી, વળી પરાણે હસતાં ઉમેર્યું, ' ડિંબેજવરબાબુ, જો દુનિયામાં નસીરઉદ્દીનસાહેબ જેવા માણસો ના હોત, તો કદાચ હું મરી જ ગઈ હોત. એક આ મીનુબાઈ જ મને માણસ ગણતી હતી. હા, નસીરઉદ્દીનદા પણ મને ભાણી કહે છે. '

ડિંબેજવરે ઝેબુન્નિસા સામે જોઈને કહ્યું, તું પ્રેમ ખાતર જેટલાં વધારે વલખાં મારશે, એટલી વધારે જ દુ:ખમાં પડશે. આ દુનિયાના લોકોને તો તમે જેટલા દબાવો, એટલા એ તમને માથે ઉપાડીને ચાલે, સમજી ? '

ઝેબુન્નિસા ધીરે રહીને મૂંગીમૂંગી જ ત્યાંથી સરકી ગઈ. ડિંબેજવરે હસતાં હસતાં ચેટર્જીને કહ્યું, ' કેમ ચૂપ થઈ ગયા ? બળવાખોર વારાંગનાને જોઈને જબાન બંધ થઈ ગઈ શું ? '

ચેટર્જીએ પણ હસીને જવાબ આપ્યો, ' વાત ખોટી તો નથી. મારા જેવો પણ હજી વેશ્યાને માણસ ગણતાં નથી શીખ્યો. અંદરથી જ જાણે કે કોઈ અટકાવે છે. કદાચ સંસ્કાર જ તો ! '

ડિંબેજવરે ઠેકડી કરતાં કહ્યું, ' માર્કસનાં બધાં પુસ્તકો આજે જ બાળી મૂકો ! તમે લોકો શું બળવો કરવાના ? દિગબઈમાં જો કોઈ ક્રાન્તિકારી હોય, તો એકલો હું જ છું. '

ચંડી રસોડા તરફ જવા માટે ઊઠ્યો. જતાં જતાં તે બોલ્યો, ' ડિંબેજવરબાબુ, મારું માથુ દુ:ખે છે. હું અંદર જઈને બાળકોને સંભાળું. એ લોકોનું રડવું અહીં સંભળાય છે ને ? અને એક બીજી મોટી બીક પણ છે... ' ચંડી વાત પૂરી કરતાં અટકી ગયો, એટલે ડિંબેજવરે પૂછ્યું,

' કહેને, શું વાત છે ? '

ચંડી ખૂબ ધીમેથી બોલ્યો, ' મીનુબાઈને ટી.બી. થયો હતો. હવે બાળકો માટે પણ એ જોખમ. ઘર બદલી જ નાખવું પડે. '

ડિંબેજવરે કહ્યું, ' ઠીક છે, પણ તને ખબર તો છે ને કે કવાર્ટર મળવાની ભારે મુશ્કેલી છે ? લેબર સુપરિન્ટેન્ડેન્ટ પાસે ઢગલાબંધ અરજીઓ આવીને પડી છે. પરિવારવાળી બરાકોમાંય જગ્યા નથી ને કુંવારા માટેનીય એક પણ બરાક ખાલી નથી. કેટલાય માણસો દુકાન અને ખટારાના ગેરેજવાળા વરંડામાં જ પડ્યા રહે છે. એટલે ઘર ખાલી કરવું સહેલું છે, પણ બીજું મળવું મુશ્કેલ છે. એથી બહેતર તો એ છે કે આ ઘરની જ સફાઈ કરાવી, તું એને જંતુરહિત બનાવી લે. હું દાક્તરને કહી દઈશ '

ચંડીએ પૂછ્યું, ' લાઇસલથી ઘર ધોવડાવી નાખીએ, તો ચાલે કે નહીં? જો કે તોય ચેપ તો લાગી જાય. ખબર છે, દાક્તર શું કહે છે તે ? '

' શું કહે છે ? '

'ખોરાકમાં પોષક તત્ત્વો ન મળે તોય...' વાત પૂરી કર્યા વિના જ ચંડી અંદર ચાલ્યો ગયો. ડિબેજવરનું મન દુઃખી દુઃખી થઈ ગયું. સિગરેટનો કશ ખેંચવાનુંય ને ભૂલી ગયો. એકાએક ચેટર્જીએ ચંડીને બૂમ પાડીને પૂછ્યું,

'રજાનું શું થયું ?'

'હા એ ખરું...' એમ બોલતો ચંડી પાછો ફર્યો અને બોલ્યો, 'મારે તો અગિયાર દિવસની રજા જોઈએ.'

'અશક્ય, તને તો આખા વર્ષમાં ચૌદ દિવસની રજા મળે,' ચેટરર્જીએ કહ્યું. 'એમાંથી ચાર દિવસની જ જમા છે. અને રજા કદાચ મળે, તોય ચાર જ દિવસની મળે.'

ચંડીએ કહ્યું, 'પૂજા-પર્વ, મરણ-પરણ ક્યારેય બસ રજા જ ના મળે. સાહેબને તો બસ ઘડિયાળના કાંટાની જેમ કામ લેવાની વાત. મીનુબાઈ બિચારી એટલે જ કહેતી કે આ શેતાની સજામાંથી છૂટીને ઘેર પાછાં જવું જોઈએ. પણ ઘરેય શું સુખ છે ? ત્યાં પણ આવું ને આવું જ. પણ સાહેબલોકને તો વધારે રજાઓ મળે છે !'

'ફક્ત રજાઓ જ શા માટે ?' ચેટર્જીએ કહ્યું, 'ઇલાજ, આરામ, પગાર ... બધું જ.'

ડિબેજવરે લાપરવાહીથી મોંમાંથી સિગરેટ ફગાવી દીધી. તે બોલ્યો, 'આવું છે, તોય બધાંને સહન કર્યા કરતાં જ જોઈ રહ્યો છું. કોઈ જ અવાજ ઉઠાવતું નથી.'

જોતજોતામાં ચાલીના નળ આગળ સ્ત્રીપુરુષો ભેગાં થઈ ગયાં હતાં. લાઇનમાં આગળ પાછળ ગોઠવાવા બાબતે ઝઘડા જેવું જામ્યું હતું. બે બરાકો વચ્ચે આ એક જ નળ. રોજ સવાર-સાંજ આવા બૂમબરાડા ચાલ્યા જ કરે. એ દૃશ્ય જોઈને ત્રણેની વાતચીત બંધ થઈ ગઈ. આકાશમાંથી થોડા છાંટા પડ્યા.....

2

હોળી આવી રહી હતી. બધા મજૂરો એકઠા મળી ચર્ચા કરતા હતા કે હોળીનો તહેવાર કેવી રીતે ઉજવવો ? શું શું કરવું ? જો કે સૌથી મોટી સમસ્યા તો એ હતી કે કંપનીના પરદેશી-પરધર્મી સાહેબો મજૂરોને કોઈ પણ તહેવારની રજા આપતા નહીં. એવા દિવસે જેઓ કામ પર ન જાય, તેમની મજૂરી કાપી લેવામાં આવતી. હિંદુને હોળીની રજા ન મળે ને મુસલમાનોને ઇદની ન મળે, પણ સાહેબલોકોના તહેવારના મોટા દિવસે ખ્રિસ્તીઓને અચૂક છુટ્ટી મળી જાય. પરંતુ કંપનીની નોકરીમાં તો આંગળીને વેઢે ગણી શકાય એટલા ઓછા ખ્રિસ્તીઓ હતા.

ચંડી આહીરના ઘર પાસે આવેલા મેદાનમાં બધા મજૂરોએ સભા ભરી. થોડે દૂર પીપળાના ઝાડ નીચે પાંદડાં પર એક આજાર પડ્યો હતો એની ફિકર ત્યાં કોઈને જ નહોતી. ચંડી, ચેટર્જી, બરૂઆ બધા જ ત્યાં હતા તો પણ

આહીરની ઘરવાળીનાં ક્રિયાપાણી પતી ગયાં હતાં. દુર્ગાનેય હૉસ્પિટલમાં નોકરી મળી ગઈ હતી, એમ્બ્યુલન્સ ડ્રાઇવરની નોકરી, એટલે હજાર દુઃખો વચ્ચેય ચંડીનું મન હળવું હતું. બાકી એટલાથી જ બધું પતી જતું નહોતું. ક્રિયાકાંડ માટે લીધેલી રજા હજી મંજૂર થઈ નહોતી. કોણ જાણે એ દિવસોનો પગારેય મળશે કે કેમ એ પ્રશ્ન હતો. ચંડીએ બરૂઆના કાનમાં કહ્યું,

'ખબર છે, બપોરે શું થયું ને ?'

'શું થયું ?'

'ટાઉલરસાહેબે વાલ્મિકી અને ખાન એ બે મજૂરોની અરજી નામંજૂર કરી દીધી. કહ્યું, ઘર બર નહીં મળે !'

બરૂઆએ હસીને કહ્યું, 'સાંભળ્યું છે, એમાં નવી વાત શી છે ?'

ચંડીએ ધીમા અવાજે કાનમાં કહ્યું, 'છે !'

'શું ?'

'સાહેબ કહેતા હતા કે અમુક લોકો મજૂરોને ચઢાવીને મજા માણવા માગે છે.' ચંડીએ ગંભીરતાથી ઉત્તર આપ્યો, અને એ સાથે જ બરૂઆ તરફ ધ્યાનથી જોયું. બરૂઆ નગડી તબિયતનો આદમી હતો; એના ગોરા, લાલ મોં ઉપર હંમેશાં સંતોષનું સ્મિત ફરક્યા કરતું; શરીર પર ખાખી પાટલૂન, અર્ધી બાંયનું ખમીસ અને પગમાં કાળા બૂટ; નોકરી પરથી તે સીધો જ અહીં આવ્યો હતો. વાત સાંભળતાં જ તે ઊઠીને ઊભો થઈ ગયો. પાટલૂનના ખીસામાંથી ડબ્બી કાઢી એક પાન મોંમાં ઠૂંસી દીધું. પછી મેદાનને એક છેડે જઈ બેસતાં તેણે ચંડીને બૂમ પાડી બોલાવ્યો. 'અહીં આવ ચંડી, અહીં બેસીને વાતો કરીએ !' સરસ ચોખ્ખી જગ્યા હતી. ચંડી બરૂઆ પાસે જઈ બેસતાં બોલ્યો, 'અહીં વાતો કરવાની મજા છે. સાંભળો, સાહેબલોકો કહે છે કે મજૂરો વચ્ચે યુનિયનવાળા ઘૂસી આવ્યા છે.'

બરૂઆએ ચંડી સામે જોતાં આછું સ્મિત કર્યું. આથમતા સૂર્યના પ્રકાશમાં, હરિયાળા મેદાને સ્નિગ્ધ શોભા ધારણ કરી હતી. એ જોતાં જ બરૂઆના મનમાં, ઉત્તર તરફ આવેલી પોતાની નાનકડી નવી ઓરડીનો પરિવેશ ફરકી ગયો. ઘરમાં 'હોલખ' લાકડાના બે થાભલા નંખાવવાના છે. ઘરની શાંત અને પ્રેમાળ નવવધૂ પણ યાદ આવી ગઈ. અત્યારે કદાચ વ્યાકુળતાથી એ તેના પુનરાગમનની પ્રતીક્ષા કરી રહી હશે. નામઘરમાં દીવો પેટાવવાનો સમય પણ થઈ ગયો હતો. દુર્ગા વાડીના સાર્વજનિક નામઘરનો તે રખેવાળ હતો.

બરૂઆને આમ ચૂપ જોઈને ચંડીએ પૂછ્યું, 'બરૂઆબાબુ, શું વિચારી રહ્યા છો ?'

'કંઈ નહીં...' એમ કહી પાન ચાવતાં તેણે ઉમેર્યું, 'આવું બધું વિચારી માથું ખરાબ કરવું વ્યર્થ છે. આઝાદીજંગ આખાય દેશમાં શરૂ થઈ ચૂક્યો છે. એટલે આ સાહેબલોકોય ખૂબ સાવધાન થઇ ગયા છે, બાકી એમના કહેવાથી શું થવાનું હતું ? અચ્છા, કોણ કોણ આવ્યું છે ?'

પેલી બાજુ સભાની કાર્યવાહી શરૂ થઈ ગઇ હતી. ત્યાં બધા આવ્યા હતા. માલાસિંહ, પ્રધાન, ડિબેજવર, ઇસ્માઇલ, ડાઇમા અને બોધન-બધાને હિસ્સે આવતી રજા જોઈએ એ પ્રશ્ન

નહોતો, સૌને પોતપોતાના તહેવારનીય રજા જોઈતી હતી. ઈદ, પૂજા, ગુરુ નાનક જયંતી, બુદ્ધ જયંતી ગમે તે હોય, આ લોકને ક્યારેય રજા ન મળે. દહાડિયા મજૂરોને ચૌદ દિવસની અને માસિક મજૂરોને ત્રીસ દિવસની છુટ્ટી મળે. એ ઉપરાંત તેઓ પોતપોતાના તહેવારની છુટ્ટી માગતા હતા. રજા માગવા જાય તો સાહેબલોકો કહેતા, 'આટલા બધા તહેવાર પ્રસંગે કામના ખાડા પડે, તો કંપનીને ખોટ જ જાય. પણ લોકો મક્કમ છે. કહે છે કે, 'ખ્રિસ્તી સાહેબલોકો તેમના તહેવારના દિવસોની ગાંડાની જેમ ઉજવણી કરે છે, અને તેઓને રજાઓ પણ વધારે મળે છે. ફક્ત અમારે માટે જ જુદો કાયદો !, વળી બીજાઓ કહે છે, 'પરધર્મીઓ ને પરદેશીઓ આપણા દેશ વિશે શું જાણે ? તેમને તો ફક્ત સત્તા, ધનદોલત ને આબરૂ જોઈએ.'

હોળીની રજા તો એક નિમિત્ત હતું. મુખ્ય હેતુ તો સર્વ પર્વ પ્રસંગે છુટ્ટી મેળવવાનો હતો. પરંતુ ચર્ચા એટલા જ મુદ્દા પૂરતી મર્યાદિત ન રહી; કારણ કે મજૂરોને દિલ ખોલીને વાત કરવાનો આ પ્રથમ પ્રસંગ મળ્યો હતો. એથી કોઈ મકાનની વાત કરતું હતું, તો વળી કોઈ નળમાં પાણી ઓછું આવવાની ફરિયાદ કરતું હતું. કોઈએ વળી સંડાસનો પ્રશ્ન ઉપાડ્યો હતો, તો કોઈને વળી નોકરીમાંથી છૂટા થવાનો પ્રશ્ન હતો. જાતજાતની ઊડતી અફવાઓથી મજૂરોના મનમાં શંકાનાં વાદળ છવાઈ ગયાં હતાં. કોઈ કહી રહ્યું હતું કે ક્રૂડ ઑઇલ સાફ કરવા માટે એક નવું શક્તિશાળી યંત્ર આવી રહ્યું હતું; જે ચાલુ થતાં ઓછા સમયમાં વધુ તેલ સાફ થશે. પરિણામે મજૂરોને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવશે. કૂવાના મજૂરોએ એવી વાત સાંભળી હતી કે વિલાયતથી નવું ડ્રિલીંગ મશીન આવશે. એટલે પછી એ લોકોની જરૂર નહીં રહે. આ સિવાય પણ જાત જાતની ખબરો સંભળાતી હતી. રિફાઇનરીમાંથી ફાજલ પડતો ગેસ પાઇપલાઇન દ્વારા સાહેબલોકોના રસોડામાં લવાશે, જે રસોઈ રાંધવામાં વપરાશે. એ સાંભળીને મજૂરો પોકારે છે કે 'સાહેબો માટે બધાં જ સુખ અને અમારે માટે કેવળ દુઃખ !'

સભામાં ચાલતી વાતચીત થોડીક બરૂઆ તથા બીજા માણસોને કાને પણ પહોંચી હતી. ચંડી બોલ્યો, 'ક્રિયાપાણીની રજા માગવા માટે હું ટાઉલરસાહેબ પાસે ગયો હતો. પરંતુ રજા મંજૂર ના કરી. પાછળથી અહમદસાહેબે કહ્યું, સાહેબને વાત કરવા આવ્યો જ કેમ ? એ સાહેબને યોગ્ય ન લાગ્યું. સાહેબોને સારું લગાડવું ને મોટા માણસોની મરજી પાળવી બંને સરખાં ભારે કામ છે. એ પછી રિફાઇનરીમાં જઇને એંજીન ચાલુ કર્યું એટલે લેબર ઑફિસે પહોંચતાં વાર થઈ ગઈ ત્યાં જઈને જોયું તો, જિલાપોસી સાહેબ ઊભેલા, વાઘ જેવી તો તેની નજર ! રજિસ્ટરમાં જોયું તો અર્ધા દિવસની હાજરી કાપી નાખવામાં આવી હતી. પાછા ફરતાં ઇસ્માઇલ મારા ઉપર તો સાહેબ દાઝે બળે છે !'

ચંડીએ સહાનુભૂતિ અર્થે બરૂઆ સામે જોયું, પરંતુ બરૂઆ એકચિત્તે રસ્તા તરફ જોઈ રહ્યો હતો. ચંડીએ પણ તે તરફ નજર ફેંકી, તો સાહેબલોકો ઘોડા ઊભા રાખીને સભા જોઈ રહ્યા હતા અને કશુંક બબડતા હતા. બરાબર ચંડીના ઘરની સામે જ સભા ચાલી રહી હતી. એકાએક ચર્ચાનો અવાજ ધીમો પડી ગયો. પાણીદાર ઘોડા હણહણી ઊઠ્યા. ઉપર સવાર થયેલા સાહેબો મજૂરોની સભાનું નિરીક્ષણ કરી રહ્યા હતા. થોડી વાર

એમ જ શાંતિ છવાઈ રહી. પછી સાહેબલોકો ચાલ્યા ગયા. ઘોડાના ડાબલા શમ્યા કે તરત જ મજૂરોની ચર્ચાનો અવાજ પાછો બુલંદ થવા લાગ્યો.

ચંડીએ પૂછ્યું, ' સાહેબલોકની નજરમાં કોણ છે ? ' બરૂઆએ જવાબ ન વાળ્યો. એની આંખમાં પણ કુતૂહલ વરતાતું હતું. ચંડી સ્વગત બબડ્યો, ' અહીં કરતાં તો પુપરીવાળા ઘરમાં વધારે સુખ છે. અલાહાબાદના જમીનદારની ત્યાં જમીન છે. જમીનદાર તો ક્યારેક ક્યારેક જ ત્યાં આવે. સ્થાનિક મુકાદમ જ બધું કામ સંભાળે. એ લોકોની સાથે તો બે વાત પણ કરી શકાય; જ્યારે અહીંનો સાહેબલોક સાથે કોઈ વાત જ ન થાય ! અને જમીનદાર તો તહેવારેય મનાવે, આ સાહેબો તો એમાં પણ ના માને. '

બરૂઆ ચંડી સામે જોતાં બોલ્યો, ' ગામનું સુખ ભલે અહીં નહીં હોય, પરંતુ એંજીન ચલાવવાની તો મજા છે. '

અલબત્ત ' ચંડી બોલ્યો, ' જ્યારે રિફાઇનરી ઉપર પહોંચી જાઉં છું ત્યારે તો બધું જ ભૂલી જાઉં છું. આશ્ચર્યની વાત છે !' વળી તેણે ઉમેર્યું, 'અહીં યંત્રો છે, વીજળીની બત્તી છે, દુકાન છે. બજાર છે; પરંતુ પ્રેમ નથી, ધર્મ નથી. દુર્ગાને નોકરી તો મળી પરંતુ સાથે સાથે એ માંસમુરઘી પણ ખાતો થઈ ગયો છે. વળી પ્રધાનની છોકરી સાથે... સાંભળ્યું કે ? '

બરૂઆ મરકતાં બોલ્યો, ' હા. પણ દુર્ગાએ કંઈ ન કરવા જેવું કામ તો નથી કર્યું. ફક્ત ન્યાત જુદી છે એટલું જ. '

' ન્યાતનોય ઝાઝો ફરક નથી; અમે લોકો કાયસ્થ, જ્યારે પ્રધાન ક્ષત્રિય' પરંતુ એ લોકો નેપાળી, જ્યારે અમે મુઝફ્ફરપુરી.'

બરૂઆ હસવા લાગ્યો, એટલે ચંડી નારાજ થઈ ગયો. બરૂઆએ પૂછ્યું, ' પન્નૂની સગાઈ ગોઠવે છે કે શું ? '

' હા, ગોઠવવી જ પડશે ને ? ક્યાંક બોધનની છોકરી જેવું ન થઈ જાય એની બીક લાગે છે. પરંતુ એમાં પણ એક વાંધો છે. એ રામુ સાથે લગ્ન કરવાની ના પાડે છે. ' હવાનો એક ઝપાટો આવ્યો ને એના કપડાં ઊડવા લાગ્યાં. ખીસામાંથી એક બીડી કાઢી સળગાવી, પછી બોલ્યો, ' એ કહે છે કે રામુ તો આધેડ ઉંમરનો છે , વળી ભણ્યોગણ્યો પણ ઓછું છે. પન્નૂ તો એહમદ સાહેબની ભાણેજ પાસે જઈને ભણે છે. પરંતુ છોકરીઓને ભણાવીગણાવીને શું કરવાનું ? સોના અને શેખરની સારસંભાળ રાખનારુંય કોઈ નથી. રાત પડે એટલે મારે આફત ! બંને મારે ગળે પડે છે. અને બપોરેય તે ઘરમાં રહેતી નથી. ભલે ને અડધો કલાક મળે, એ ભણવા તો અચૂક જવાની.'

'સરસ !' બરૂઆએ કહ્યું ' મારી ઘરવાળીય ભણવા ઇચ્છે છે, પરંતુ નથી ભણી શકતી. પન્નૂ તો સાહસિક છોકરી છે.'

ચંડી ખેદપૂર્વક બોલ્યો, ' ભણીભણીને કદાચ ઘરમાં જ ઘરડી થઈ ગઈ તો !

બરૂઆએ કહ્યું, ' એના નસીબમાં જે લખ્યું હશે તે જ થશે. શું કોઈ પરણવા લાયક મરદ નહીં મળી જાય ? '

ચંડીએ બીડી ખેંચતાં જવાબ વાળ્યો, ' નસીબ પણ માણસ જ ઘડે છે બાબુ ! ભગવાન તો સાહેબ લોકોની જેમ નીચે સહી જ કરી દે છે. આ ઉંમરે પુરુષ ન હોય એ પન્નૂ માટે સારું નહીં એથી જ તો કહી રહ્યો છું કે રામુ સાથે શાદી કરી લે ! પરંતુ આજકાલનાં છોકરાં બાપનું ક્યાં સાંભળે છે ? ઇસ્માઇલ સાથેની ઓળખાણથી શંકા પડે છે. ઇસ્માઇલ અમારા ગામનો છોકરો છે, એટલે એની સાથે હળવામળવાનું થાય, અને એમાં ચિંતા કરવા જેવુંય કશું નથી, ઇસ્માઇલ બહુ સારો છોકરો છે. '

બરૂઆ બોલ્યો, ' પન્નૂ માટે આટલી બધી ચિંતા કરવાની જરૂર નથી , કંઈક ને કંઈક તો ગોઠવાઈ જ જશે. '

ત્યાર સુધીમાં સભા પૂરી થઈ ગઈ હતી. મજૂરો બધા વાતચીત કરતા પાછા ફરી રહ્યા હતા, જાણે ફૂટબોલની મેચ જોઈને પ્રેક્ષકોનાં ટોળાં પાછાં ફરતાં હોય એવું દૃશ્ય લાગતું હતું. બંને સભામાંથી આવી રહેલા મજૂરોને ઉત્સકતાથી જોઈ રહ્યા. તેઓની બાજુ સૌથી છેલ્લો હતો ચેટર્જી, એકદમ મૌનની મૂર્તિ સમો ચૂપ.

બરૂઆએ હાંક મારી, ' ચેટર્જી, અહીં આવજે ! '

લાંબુ પાટલૂન, હાફ શૂ અને સાદા કોરા કપડાનું સફેદ ખમીસ તેણે પહેર્યાં હતાં અને ચહેરાનાં ઉપસેલાં હાડકાં પર ચશ્માં ચઢાવ્યાં હતાં. બરૂઆની પાસે આવતાં જ ચેટર્જી ફરિયાદના સ્વરમાં બોલ્યો, ' તમે લોકો અહીં જ બેસી રહ્યા એ ખરાબ કહેવાય. ત્યાં બોલી શકે એવું કોઈ નહોતું. ફક્ત એક ડિબ્રેજવરબાબુ જોયા, મર્દ માણસ ! જેવું માને છે એવું વર્તી બતાવે છે. એને લીધે જ આ ઠરાવ પસાર થયો. '

' કયો ઠરાવ ? ' ચંડીએ પૂછ્યું.

' ચેટર્જીએ અનાસક્તિ જેવું દર્શાવતાં કહ્યું, ' ખાસ મહત્ત્વનો ઠરાવ તો નથી, ફક્ત એ જ કે તહેવારને દિવસે રજા જોઈએ ' અને પછી શ્વાસ ભરતાં ઉમેર્યું, ' પરંતુ આજ પૂરતું એટલુંય ઘણું માનું છું. '

બરૂઆએ ધીમેથી ઊભા થતાં પૂછ્યું,

' આના પછીય બીજું કંઈ થશે કે ચેટર્જી ? '

ચેટર્જી બોલ્યો, ' થવું તો જોઈએ. આશા છે કે યુનિયન રચાશે. એ પછી મજૂરોની માગણી પૂરી કરાવવા આપણે સાહેબ પાસે જવું પડશે. હજી તો આ બધી વાતો ફક્ત મારા મનની છે. સાંભળ્યું છે કે કૂવાના મજૂરોને છૂટા કરી દઈ શકાય છે. '

આ વાત સૌ કોઈ સાંભળી ચૂક્યા હતા. એથી જવાબ આપવાની જરૂર કોઈનેય ન જણાઈ સભામાં પણ આ પ્રશ્ન કોઈએ નહોતો ઉઠાવ્યો. કૂવાના મજૂરોનું કામ કોઈ પણ ઘડીએ બંધ કરી શકાય તેવું હતું . એ સિવાય પણ ઘણી ફરિયાદો હતી. સામૂહિક રજા નહોતી; પાળીનું કાંઈ ઠેકાણું નહોતું; ક્વાર્ટર નહોતાં અપાતાં; ઉપરાંત અકસ્માત થાય તો વળતર પણ આપવામાં નહોતું આવતું. આજે બધા મળીને મકાનની માગણી લઈ ટાઉલરસાહેબ પાસે ગયા હતા, પરંતુ સાહેબે તો કહી દીધું કે ' કંપની પાસે પૈસા નથી ; ઘર આપી શકાય તેમ નથી. ' એ પછી

કામ પર મોડા પહોંચવા બદલ ઉપરથી મજૂરી કાપી લેવામાં આવી. એથી મજૂરો રોષથી ઊકળી ઊઠ્યા. ગમે તે ઘડીએ હડતાળ પડે એવું વાતાવરણ હતું .

ભયંકર જોખમ તોળાઈ રહ્યું હતું. એમાં ફક્ત ડિબ્રેજવરે જ એક આશાસ્પદ ખબર સંભાળાવી. ચેટર્જીએ કહ્યું કે ' ડિબ્રેજવરે જાહેર કર્યું કે એ ઘોર અન્યાય છે. અવાજ ઉઠાવ્યા વગર આજે બેસી રહે એવો કોણ હોય ? અવાજ ઉઠાવવો જ પડશે. જો કે આજે તો મને અંધકાર જ નજરે પડે છે ; પરંતુ કાલે કંઈક સમજ પડશે'.

પછી ઘડિયાળ જોતાં, ચેટર્જીએ ઉમેર્યું,

' સાંજે ગોસ્વામી આવશે એમ કહેવાય છે. એ લોકોની સાથે બધી જ બાબતોની પૂરી ચર્ચાવિચારણા કરવી પડશે. '

ગોસ્વામીનું નામ સાંભળીને બરૂઆએ કહ્યું, ' હા, તે માર્ગદર્શન આપી શકશે. મારા સસરા તો કહે છે કે એના જેવો શક્તિશાળી આદમી આજ સુધી આસામમાં બીજો જન્મ્યો નથી. '

ચેટર્જીએ પૂછ્યું, ' અચ્છા, ગોસ્વામીજી તમારા કુટુંબને ઓળખે છે એમ ? તમારા પિતાજી જેલમાંથી છૂટીને આવી ગયા શું ? '

'હા' બરૂઆએ જવાબ આપ્યો, ' માંદગીને કારણે છોડી મૂકવામાં આવ્યા.'

એકાએક ચંડીએ ચિંતિત મને પ્રશ્ન કર્યો, ' યુનિયન રચવાવાળા લોક અહીં પણ આવશે કે શું ? '

ચેટર્જીએ જવાબ આપ્યો, ' હા' અને ઉમેર્યું, ' ગોસ્વામીની સાથે બહારથી બીજાં પણ ઘણાં માણસો અહીં આવવાનાં છે. પરંતુ એ કાંઈ યુનિયન રચવા માટે નહીં. યુનિયન તો આપણે જાતે જ રચવું પડવાનું. એ સિવાય સાહેબ લોકો પોતાની મરજીથી તો આપણને કશુંય નહી આપે. સાંભળ્યું છે કે સાહેબે ચંડીની રજા પણ મંજૂર નથી કરી.'

' તમે સાચું જ સાંભળ્યું ' બગાસું ખાતાં ચંડી બોલ્યો, ' મરનારનાં ક્રિયાપાણી માટેય રજા નથી આપતા. આવા અધર્મી માલિક ક્યાં મળવાના હતા?'

ચેટર્જીએ કહ્યું, ' ફક્ત એટલું જ નહીં, જે રજા કાયદેસર મેળવવાનો આપણો હક્ક છે, એ રજાઓ પણ આપણને નથી મળતી. મજૂરોને ચઢતા પગારે વર્ષે દહાડે ચૌદ જ દિવસની રજા મળે છે, જ્યારે કારકૂનોને એક મહિનાની ચાલુ પગારવાળી રજા મળે છે. કાયદા પ્રમાણે તો સૌને એક મહિનાની રજા મળવી જોઈએ. સાહેબને તો વળી ફર્લો રજા મળે, માંદગીની રજા મળે; અને આપણને કાંઇ નહીં. '

બરૂઆ બોલ્યો, ' કંઈક તો કરવું જ પડશે. નહીં તો સહન કર્યા જ કરવાનું રહેશે.'

બધા શાંત થઈ ગયા, ત્યારે પેલા વિશાળકાય પીપળા નીચે પડેલા અજાણ રોગીનો ચિત્કાર હવામાં વહી આવતો એ લોકને કાને પડ્યો. જાણે અસંખ્ય પીડિત આત્માઓનો સામુહિક ચિત્કાર : ' ઓ.... મા... . ઓ... મા...., આં.... મા....આં.... મા.....,

3

ઝેબુન્નિસા બંગલાની પાછળ ટેકરીની તળેટીમાં આવેલા નાનકડા ઘરમાંથી બનીઠનીને, છતાં ઉદાસ ચિત્તે નીકળી અને ટેકરી પરના બંગલે પહોંચવા પગથિયાં ચઢવા લાગી. આ જ રસ્તે અગાઉ પણ કેટલીય અભિસારિકાઓ રાત્રે ઉપર પહોંચી જતી અને સવારે નીચે ઊતરી જતી હતી. પરંતુ ઝેબુન્નિસાની જેમ કોઈનાંય પગલાંમાંથી આટલી અનિચ્છા તથા આટલો ખંચકાટ ક્યારેય પ્રગટ થયો નહોતો. આજે પણ તેણે હંમેશની જેમ ચમકદાર રેશમી સાડી અને છાતી ઉપર ફૂલો ભરેલો લાલ કબજો ચઢાવ્યાં હતાં તથા અમાસની રાત જેવા કાળા ભમ્મર વાળમાં બંગલાના બગીચાનાં અધખીલ્યાં ગુલાબ ખોસ્યાં હતાં. આંખોમાં કાજળ આંજેલું હતું, પરંતુ એથી અંદર રહેલો વિષાદ છૂપો નહોતો રહેતો, તેમ જ કપાળની રેખાઓમાં પણ મનનો વિદ્રોહ પ્રગટ થતો હતો. વચમાં વચમાં વળી ઠંડી આહ દ્વારા અંતરની વેદના બહાર પ્રગટ થયા કરતી હતી.

તેણે બંગલાની પાછળ ગોઠવેલી લાકડાની સીડી ચઢવા માંડી ત્યારે ત્યાં કોઈ નહોતું, ફક્ત અંદર ઊભેલા એક મોટા આલ્સેશિયન કૂતરાએ તેનું ચૂપચાપ સ્વાગત કર્યું. એ સિવાય સર્વત્ર સૂનકાર હતો. બીજો કોઈ દિવસ હોત તો જિલાપોસી સાહેબ શરાબની બોટલ સાથે અત્યારે દીવાનખાનામાં બેઠાબેઠા તેની રાહ જોઈ રહ્યા હોત. સામાન્યતઃ એને બહાર બેસાડીને સાહેબ દીવાનખાનામાં ઘૂસી જતા, અને ત્યાં ઓછામાં ઓછો એક કલાક લગાડી દેતા. ઝેબુન્નિસા ચૂપચાપ કૂતરા પાસે બેસી રહેતી. છેવટ નસીરઉદ્દીન એને જિલાપોસીના એકાંત ઓરડામાં લઈ જતો અને અંદર પહોંચાડીને દરવાજો બંધ કરી ચાલ્યો જતો. ત્યારે જ એને સાહેબને નજીકથી જોવાની તક મળતી. બાકી દિવસના ભાગમાં તો તે પણ બીજા રસોઇયા જેવી એક રસોઇયણ જ હતી.

એને આમ સાહેબનો ઇશ્ક મળ્યો હતો એટલે બીજા લોકો એના પ્રત્યે નફરત કરતા હતા. ચંડીએ એના પ્રત્યે જે ઘૃણા દર્શાવી એથી તેને ખ્યાલ આવી જ ગયો કે સમાજમાં એનું કેવું સ્થાન છે. એટલે તો એને આવા અભિસાર પ્રત્યે અણગમો તથા કચવાટ પેદા થયો હતો. એની એવી ઇચ્છા હતી કે કોઈ પણ ભોગે આ ઘૃણાસ્પદ જિંદગીમાંથી છૂટી જાય અને ગુજરાનનો અન્ય માર્ગ શોધી કાઢે. એથી જ તો એ મોટા સાહેબના બંગલામાં રહેતી આયા પાસેથી ચોરીછૂપીથી અંગ્રેજી શીખી રહી હતી. એની મા જ આવી વ્યવસ્થા કરી આપીને ગઈ હતી. સાહેબલોકોના સંપર્કમાં આવ્યા પછી જ તેનું અંગ્રેજીનું શિક્ષણ આગળ વધ્યું હતું. સરળ ભાષામાં લખાયલું પુસ્તક તે આસાનીથી વાંચી શકતી હતી.

સાહેબને બંગલામાં ન જોતાં ઝેબુન્નિસાએ નિરાંતનો શ્વાસ લીધો, અને વરંડામાંથી બૂમ મારી, 'દાદાજાન, તમે ક્યાં છો ?'

રસોડામાંથી ડોસાએ જવાબ આપ્યો, 'ઝેબુન્નિસા, અહીં આવી જા !'

ઝેબુન્નિસા દોડતી રસોડા બાજુ નીચે ઊતરી ગઈ ત્યાં જઈને જોયું તો બુઢ્ઢો નસીરુદ્દીન એક નાનકડા મેજ ઉપર પોતાનું ખાવાનું ગોઠવી રહ્યો છે. તેણે એને પૂછ્યું, ' તું કંઈ ખાશે ? '

ઝેબુન્નિસાને ભૂખ લાગી હતી. આજે ઘેરથી તે કંઈ જ ખાધા વિના નીકળી આવી હતી. તેણે કહ્યું ' હા, ખાઈશ. '

નસીરુદ્દીને કહ્યું, ' જા અભરાઈ ઉપરથી થાળી લઈ આવ, ખાવાનું તો ટેબલ પર જ છે. આજે કોઈ વાનગીની કમી નથી. સાહેબે તો ફોનથી જણાવી દીધું છે કે આજે એ આવવાના નથી. '

ઝેબુન્નિસાના મનનો બોજ ઊતરી ગયો. થાળી લઈ આવી. તેણે ટેબલ પરથી ભાત તથા ગોસ લીધું ને ખાવા લાગી. વળી પૂછ્યું,

' શું આજે સાહેબ ખરેખર નહીં આવે ? '

'ના.'

કેમ ?'

' કૂવાના એક હજાર મજૂરોએ હડતાળ પાડી દીધી છે. ઇસ્માઇલે મને બજારમાં કહ્યું. સાહેબલોકો આખી રાત આ પ્રશ્નની ચર્ચા કરવાના. ખાવાનું પણ ઑફિસમાં જ ખાઈ લેશે. ' નસીરુદ્દીને ખુશ થતાં જાહેર કર્યું, ' આજે તો ચૈનથી ઊંઘ આવશે. તું રોકાશે કે જવાની ? '

ઝેબુન્નિસાએ જવાબમાં કહ્યું, ' આજે તો હું તમને સૂવા નહીં દઉં, દાદાજાન, ખૂબ બધી વાતો તમને પૂછવી છે.

નસીરુદ્દીને ડાબે હાથે મૂછોને વળ દેતાં, હસીને પૂછ્યું , તું આજે કાંઈ ખૂબ દુ:ખી દેખાય છે, શું થયું છે ? ચંડીની બીબીને કારણે તો નહીં ? એ ઓરત ખરેખર તને ખૂબ પ્યાર કરતી હતી. '

ઝેબુન્નિસાએ કોળિયો ભરતાં કહ્યું, ' મીનૂમામીની તો વાત જ ના થાય. ચંડીમામાએ તો મને સોનાને તેડવા પણ ન દીધો. એટલો બધો તિરસ્કાર ! લોકોની વચ્ચે મારું એટલું બધું અપમાન કર્યું ! હું તો એમની ભાણેજ થાઉં. '

નસીરુદ્દીને ઝેબુન્નિસાના ચહેરા તરફ ધ્યાનથી મીટ માંડતાં કહ્યું, ' હું તારું દુ:ખ સમજું છું ' એ સાથે જ ડોસાની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. વળી તે બોલ્યો, ' ચાલ, ખાઈ લે ! બહાર બેસીને તને તારા જન્મની વાત કરું, એ પણ એક એક અજબ કહાણી છે. '

નસીરુદ્દીને મોં ધોઈને, ઝેબુન્નિસાને થાળી-વાટકી મૂકી દેવાની સૂચના આપી, સીડી ચઢી સીધો દીવાનખાનામાં પહોંચી ગયો અને ત્યાં ગાલીચા ઉપર બેસીને ઝેબુન્નિસાની પ્રતીક્ષા કરવા લાગ્યો. દીવાનખાનામાં બિછાવેલા મોટા લાલ ગાલીચા પર બેઠાંબેઠાં, તેણે ખાલી ખુરસીઓ તથા દીવાલ પર જડેલાં હરણ પર નજર ફેરવતાં બગાસું ખાધું. એ પછી સામે પડેલી, સૂક્ષ્મ કલાકારીગરીવાળી સીસમની ગોળ ટિપોઇ પર એક થાળીમાં મૂકેલા રંગબેરંગી પથ્થરોને તે જોઈ રહ્યો. ખાવાનું પતાવીને ઉપર આવેલી ઝેબુન્નિસાએ તેને એવી સ્થિતિમાં જોઈને પૂછ્યું, ' એ પથરામાં શું જોઈ રહ્યા છો, દાદા ? '

નસીરઉદ્દીને નિસાસો મૂકતાં કહ્યું, ' આ પથ્થરો બંગલો બનાવ્યો, ત્યારના અહીં પડ્યા છે. જિલાપોસી સાહેબની પહેલાં જે સાહેબ અહીં હતા, તેમના વખતથી આ થાળી અહીં છે, કોઈએ હઠાવી નથી. કદાચ ફિલિપસાહેબે આ પથરા ભેગા કરીને અહીં મૂક્યા હતા. ' એ પછી જરા મરકતાં નસીરદ્દીને ઉમેર્યું, ' ફિલિપસાહેબ પણ એક અજબ આદમી હતા. આખો દિવસ ગાંડાની જેમ પહાડ પર્વતોમાં રખડ્યા કરતા અને સાંજે પથ્થર, હરણ યા પક્ષીઓ પકડી લાવી, બંગલે પાછા ફરતા. તેમના મારેલા શિકારમાંથી જ હું રસોઈ બનાવતો. ખાધા પછી એ પણ જિલાપોસીસાહેબની જેમ જ શરાબ અને સુંદરી શોધતા ત્યારે એ સેતાન જેવા લાગતા.

ઝેબુન્નિસાને આવી બધી વાતો ગમી નહીં. દીવાનખાનાની વચ્ચે પડેલા ટેબલ પર શરાબની બોટલ, ખુરશીઓ, ગાલીચો અને નજીકમાં શયનખંડનો લાલ પડદો - એ બધું જોઈને તેના શરીરમાં જાણે વેદનાની આગ જલતી હતી. પડદાની આરપાર ચમકતી-લહેરાતી જાળીવાળી મચ્છરદાની અને સફેદ બગલા જેવી પથારી જોઈને એની આંખે અંધારા આવવા લાગ્યાં હતાં. એ બોલી, ' દાદાજાન, ચાલોને બહાર વરંડામાં બેસીએ, ત્યાં વધારે મજા આવશે. કદાચ હવે ચંદ્ર પણ ઊગી નીકળ્યો હશે. આજે પૂનમ છે ને ? '

નસીરઉદ્દીને ઊઠવાની કોઇ ચેષ્ટા કરી નહીં, યથાવત્ બેસી રહી ને બોલ્યો, ' હમણાં અહીં જ બેસીને વાતો કરીએ. જયારે ઠંડી હવા વાવા લાગશે, ત્યારે બહાર જઈશું. '

' શી વાત છે ? ' નસીરઉદ્દીનની સામે પડેલી એક ખુરસી ઉપર બેસીને, પતંગિયાની પાંખની જેમ પોતાની સાડી ફેલાવતાં, ઝેબુન્નિસાએ પૂછ્યું, ' બોલો ! '

નસીરઉદ્દીન બોલ્યો, ' ફિલિપસાહેબે તારી માને રખાત તરીકે રાખી હતી. એ પણ આમ જ રાત્રે આ ઓરડામાં આવ્યા કરતી હતી. અદ્ભુત સુંદર હતી તારી મા... પરંતુ...'

ઝેબુન્નિસા આ બધી વાતો અગાઉ સાંભળી ચૂકી હતી, છતાં મા પર થયેલા અત્યાચારની વાત સાંભળીને આજે તેના રોષે માઝા મૂકી. તે બોલી ઊઠી,

'મારાથી હવે વધુ સહન નથી થતું, દાદજાન ! મારી મા સાથે સાહબેલોકોએ જેવો દુર્વ્યવહાર કર્યો, એવું જ આજે મારા પર વીતી રહ્યું છે, અને હવે મારી છોકરી થશે તો તેના પર પણ એનું એ જ વીતવાનું. સમાજના માણસો એનો પણ તિરસ્કાર કરશે. મને ખૂબ દુઃખ થાય છે. '

નસીરઉદ્દીન મૂછોને વળ દેતાં બોલ્યો, 'તારો આ ગુસ્સો જોઈને મને સારું લાગે છે. પરંતુ સાહેબ આગળ કદીય તેં આવા વ્યવહારનો વિરોધ કર્યો ?'

'નથી જ કર્યો. હું કેવી રીતે વિરોધ કરું ?' ઝેબુન્નિસા બેય હાથે મોં ઢાંકીને, ડૂસકાં ભરતી રડવા લાગી. રડતાં રડતાં જ એ બોલી, 'ચંડીએ મને સોનાને અડવાય ન દીધો ! શું હું એટલી બધી ઘૃણાપાત્ર છું ? મીનૂબાઈ જીવતી હતી, ત્યારે મને કોઈએ કદી એવી વાત નહોતી કરી.'

'રડ નહીં બેટી, દિલ દુભવવાથી કશો લાભ થવાનો નથી. તું સાથે દુઃખ લઈને જ જન્મી છે. ફિલિપસાહેબે તારી માને રજ માત્ર સુખ નથી આપ્યું. એ બિચારી ફક્ત તારે ખાતર જ

જીવ્યા કરતી હતી છેવટે એક દિવસ તને મારે આશરે છોડીને એ ખુદાની પાસે ચાલી ગઈ. .. નસીરઉદ્દીન બોલ્યો.

'તો પછી તમે મને એ લોકોને હવાલે કેમ કરી દીધી ?' આંખો લૂછતાં ઝેબુન્નિસાએ ક્રોધપૂર્વક પૂછ્યું.

'હું તો ફક્ત સાહેબનો બબરચી છું, ઝેબુન્નિસા !' સ્તબ્ધ, વિસ્મિત તથા ઉદાસ ચિત્તે ઝેબુન્નિસા સામે જોતાં નસીરઉદ્દીન બોલ્યો, તારું ખીલી નીકળતું રૂપ જયારે હું છુપાવી ન શકયો, જયારે તારું બદન શિકારના હરણ જેવું લોભામણું થઈ ગયું. ત્યારે સાહેબને કેવી રીતે રોકી શકાય ? અને જિલાપોસીસાહેબ તો એક જાનવર છે. બાકી મારી તો ઈચ્છા હતી કે... 'નસીરઉદ્દીનની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. જેબુન્નિસા એ આંસુ ન જોઈ જાય, એટલા ખાતર તે તરત જ ઊઠીને વરંડામાં ચાલ્યો ગયો, અને ત્યાં જઈને બૂમ મારી, 'ઝેબૂ, અહીં આવ, જો ચાંદ પણ ઊગી નીકળ્યો છે. પૂનમનો આટલો સુંદર ચંદ્ર અગાઉ કયારેય નથી જોયો . હવા પણ વાવા લાગી છે.'

બહાર આવીને ઝેબુન્નિસા નસીરઉદ્દીન પાસે ઊભી રહી ગઈ. નસીરઉદ્દીન બોલ્યો, 'આ ભૂમિમાંથી ધર્મ કયારનોય પરવારી ગયો છે. જયારે હું લખનૌમાં રહેતો હતો, ત્યારે એક જૂના નવાબ કુટુંબના ઘરમાં મારે આવવા જવાનું થતું. એ લોકો એક જમાનામાં હિંદુસ્તાન ઉપર રાજય કરતા હતા. એ લોકોને ત્યાં પણ જનાનખાનાં હતાં, પરંતુ આવી રીતનાં નહીં. અબળાઓને અનાથ બનાવીને એ લોકો પરદેશ નહોતા ભાગી જતા. તારી માની કશીક બદનામી થઈ ગઈ હતી. એટલે ચંડીએ જયારે એને ઘરમાંથી કાઢી મૂકી , ત્યારે એણે મારા ઘરમાં આશરો લીધો; પરંતુ એ જ એનું મોત બની ગયું. એની પહેલાં મેહરબીબી સાહેબની રખાત હતી. મહેરબીબી કોણ તે જાણે છે ?' ઝેબુન્નિસા જાણતી હતી કે મહેરબીબી કોણ હતી. એ નસીરઉદ્દીનની ધર્મપત્ની હતી. એણે ફિલિપસાહેબના અત્યાચારમાંથી છૂટવા માટે આપઘાત કરી નાખ્યો. એ પછી ઝેબુન્નિસાની મા ફિલિપ સાહેબના હાથમાં આવી ગઈ. આ હીણી કહાણી સાંભળવાની ધીરજ હવે ઝેબુન્નિસામાં નહોતી. કાનમાં આંગળીઓ નાખતાં, તે બોલી ઊઠી, 'એ બધું ના સંભળાવો, દાદાજાન ! મારાથી સહન નથી થતું. આટઆટલું દુઃખ તો ધરતીય ના ખમી શકે.'

નસીરઉદ્દીન ખૂબ ધીમેથી બોલ્યો, 'ધરતી તો એક હાથી જેવી છે, ઘણો બધો બોજ ઉપાડી શકે.' એકાએક તેનો અવાજ તેજીલો બની ગયો, તે બોલ્યો, 'આ દુનિયા જોઈજોઈને ત્રાસી ગયો છું. ધાર્યું તું...' અને બળપૂર્વક નસીરઉદ્દીને કહી નાખ્યું, 'ધાર્યું તું કે તારી શાદી કરી દઈશ. ઇસ્માઇલને કાને એ વાત પણ નાખી જોઈ પરંતુ...'

ઝેબુન્નિસાએ સ્વસ્થ થતાં કાનમાંથી આંગળીઓ કાઢી લીધી, અને કઠેરાના સળિયા સાહી લેતાં પૂછયું, 'પછી ઇસ્માઇલે શું કહ્યું ? પ્રશ્ન પૂછતાં એની છાતી હળવી ધ્રૂજી રહી.

'બસ એક જ જવાબ !'

ઝેબુન્નિસાએ ઠંડી આહ ભરતાં કહ્યું, 'ઇસ્માઇલ...'

નસીરઉદ્દીન બોલી ઊઠયો, 'મને કંઈ જ કહેવાની જરૂરત નથી બેટી, હું જાણું છું કે તું ઇસ્માઇલને પ્યાર કરે છે. પરંતુ જિલાપોસીસાહેબે જ તારું સૌભાગ્ય ખતમ કરી દીધું છે.'

ઝેબુન્નિસા કશું જ ન બોલી. એકીટસે ફક્ત ચંદ્ર તરફ જોતી રહી.

નસીરઉદ્દીન બોલ્યો, 'તારો કોઈ દોષ નથી બેટી. દોષ તારા જન્મનો છે.'

બહુ વાર સુધી ચૂપ રહ્યા બાદ ઝેબુન્નિસા બોલી, 'હવે હું વધુ વખત અહીં નહીં રહું, દાદાજાન !'

'ક્યાં જશે ?' નસીરઉદ્દીને પૂછ્યું તેના અવાજમાં ભારે ઉત્સુકતા હતી.

'એ નથી જાણતી. તમે જ બતાવો કે હું ક્યાં જાઉં ! તમે તો મારા દાદા છો.' ડૂસકાં ભરતી ઝેબુન્નિસા રોવા લાગી. આખુંય વાતાવરણ જાણે કે આર્દ્ર બની ગયું. આકાશમાં ચંદ્ર પણ જાણે કંપી રહ્યો હતો. નસીરઉદ્દીન કેટલોય વાર સુધી તેનું રુદન સાંભળતો બેસી રહ્યો. પછી વિચાર કરીને બોલ્યો, 'તારે માટે જો કોઈ પણ કશું કરી શકે એવું હોય તો તે એક દાકતરબાબુ. હોસ્પિટલમાં નર્સોની ભારે કમી છે. તારે માટે હું પૂછીશ.'

ઝેબુન્નિસા બોલી. 'મને પણ નર્સ થવાની ઇચ્છા છે, પરંતુ મને તો સ્કૂલનું ભણતરેય નથી મળ્યું. જો કે દાકતરબાબુ દબાણ કરે તો કામ બનીય જાય. ગમે તે થાય, આજે હું તમને કહી દઉં છું કે હવેથી હું અહીં નહીં આવું. મરી જાઉં, તો પણ નહીં આવું. હું અહીં આવ્યા કરીશ, તો બળીબળીને રાખ થઈ જઈશ. આ બંગલો જોતાંજ નફરતથી સળગી જાઉં છું.'

ચાંદનીમાં ચમકતો મોગરાના ફૂલ જેવો તેનો ગૌર દેહ જોતાં, નસીરઉદ્દીન બોલ્યો, 'તારા શરીરમાં ખ્રિસ્તીનું લોહી છે. હિંદુની ચામડી છે, જ્યારે પાલનપોષણ મુસલમાનનું ! અજબ છે તારો આ દેહ. એને નાપાક કહેવાનું જરા પણ ઉચિત નથી. કાલે સવારે જ હું દાકતર પાસે જઈશ.'

ઝેબુન્નિસાને આશાનું એક કિરણ દેખાવા લાગ્યું. તે બોલી, 'સાંભળ્યું છે કે દાકતરબાબુ ખૂબ દયાળુ છે. હમેશાં લોકોને મદદ કરે છે. મીનૂબાઈના કહેવાથી જ દુર્ગાનેય તેમણે નોકરીએ લગાડી દીધો. હું પણ જરૂર પૂરતું ભણી છું. અગર દાકતરબાબુ ઇચ્છે તો મને અચૂક મદદ કરી શકે. મારું અંતર પવિત્ર બનવા ઝંખી રહ્યું છે. દાદાજાન, બની શકે તો મારા પર એટલો ઉપકાર કરો !'

ઝેબુન્નિસાનો અંબોડો છૂટી ગયો હતો. જાણે તેની પીઠ પર કાલિંદીનો પ્રવાહ વહી રહ્યાં હતાં. સાહેબના બગીચામાં ઊભેલા લીમડાના ઝાડનાં પાન હવામાં ઝૂલી રહ્યા હતાં. કાંચનારવૃક્ષ ઉપરથી ફૂલ ખરી રહ્યાં હતાં. કોઈનાય મુખમાંથી શબ્દ નીકળતો નહોતો. એ જ રીતે ઘણો સમય વહી ગયો. નસીરઉદ્દીને એક વેદનાપૂર્ણ નિસાસો નાખ્યો. કોઈ દુઃખી નારીનો ચિત્કાર તેના કાનમાં પડઘાયો. તે અસ્પષ્ટ બબડી ઊઠ્યો, 'મહેર..મહેર..મહેર..'

ઝેબુન્નિસાએ પૂછ્યું, 'શું થયું ? માને કેમ યાદ કરી ?'

'કંઈ નહીં.'નસીરઉદ્દીન જાણે હોશમાં નહોતો. ક્યાંક ખોવાઈ ગયો હતો.

વળી સ્તબ્ધતા છવાઈ ગઈ.

ઝેબુન્નિસા ખૂલી ગયેલા અંબોડાને સમારવા લાગી. આકાશમાં પ્રકાશતો પૂનમનો ચાંદ તેને દાહક આગ જેવો લાગતો હતો. રિફાઇનરીનો અગ્નિ જેમ ક્રૂડ તેલને શુધ્ધ કરી દે એ જ

રીતે એ સ્ત્રીના અંતરમાં જલતી આગ તેના ચારિત્ર્યને પવિત્ર બનાવી રહી છે. એના દાદાજાનની પણ એ જ ઈચ્છા છે. એની પોતાનીય એ જ અનિવાર્યતા છે. કોઈ પણ રીતે સારા થવું પડશે શકય હશે તો પોતે ઇસ્માઇલનું ઘર વસાવશે. ઇસ્માઇલને તે ખરા દિલથી પ્યાર કરે છે.

4

નસીરઉદ્દીન ડોસો બીજે જ દિવસે સવારમાં જઈને દાકતરને મળ્યો. ડૉકટર હજારિકાએ વૃધ્ધ રસોઇયાને જોતાં જ મજાકમાં કહ્યું, 'જનાબ સાહેબ !' પછી તેની બધી વાત બરાબર સાંભળી. પહેલાં તો મોં મચકોડયું, પરંતુ બીજી જ પળે ઝેબુન્નિસાને તાલીમી નર્સ તરીકે લઈ લેવાની હા પાડી દીધી. પરંતુ એમાં મોટા ડૉકટરની મંજૂરી જરૂરી હતી. ઝેબુન્નિસા ભણેલી નહોતી એથી થોડી મુશ્કેલી હતી, પરંતુ તેણે આયા પાસેથી થોડું શીખી લીધું હતું, એટલે જગ્યા મળવાનું સરળ બની ગયું. સદ્ભાગ્યે મોટા ડૉકટર પણ ફોન ઉપર મળી ગયા અને દિબ્રુગઢમાં તાલીમ માટે એક ખાલી જગ્યા પણ મળી ગઈ. નસીરઉદ્દીન તો રાજી થઈને પાછો ફરતો હતો, ત્યાં દાકતરે કહ્યું 'જનાબસાહેબ, હજી તો એક મુશ્કેલી બાકી છે. જિલ્લાપોસીસાહેબ ભારે ખણખોદવાળા માણસ છે. એને કોણ સમજાવશે ?'

નસીરઉદ્દીને લાચારીપૂર્વક ખેદભરી નજરે દાકતરબાબુ પ્રતિ જોયું, અને બોલ્યો, 'સાહેબને રસોઇયો શું સમજાવી શકવાનો હતો ? હું તો કંઈ જ ના કરી શકું, બાબુ !' ડૉકટરે વિચાર કરીને કહ્યું, 'ડિબેજવર બાબુને વાત કરો. એમની વાત જિલ્લાપોસીસાહેબ માને છે'

નસીરઉદ્દીનને જાણે હવે કિનારો લાધી ગયો. એ બોલ્યો, 'આ શહેરમાં સાહેબને સમજાવી શકે એવો જો કોઈ પણ માણસ હોય તો તે એક ડિબેજવર બાબુ !'

નસીરઉદીન જવા માટે ઊપડયો. ત્યાં દાકતરે તેને રોકીને પૂછ્યું, 'સાંભળ્યું છે કે કૂવાના એક હજાર મજૂરોને કાઢી મૂકવામાં આવ્યા છે. ટાઉલરસાહેબના કહેવાથી આવું બન્યું છે ?

'હું તો કશું જ નથી જાણતો.' નસીરઉદીને સ્તબ્ધ થતાં જવાબ આપ્યો.

ડૉકટર બોલ્યા, 'આટલું તોફાન ચાલે છે ને તને કશી ખબર જ નથી ! અજબ માણસ છે તુંય !' એટલું બોલીને ડૉકટર પોતાના કામમાં લાગી ગયા.

નસીરઉદ્દીનને એવું લાગ્યું, જાણે આ ખબર ન જાણીને તેણે કોઈ મોટો અપરાધ કરી નાખ્યો હતો. તે દુઃખી થઈને, વિદાય લઈ ત્યાંથી ચાલી નીકળ્યો. તેનું મન ખૂબ જ ખિન્ન થઈ ગયું ને સીધો જ મજૂર વસ્તી તરફ ઊપડયો રસ્તામાં તેણે એક પોલિસવાન જતી જોઈ.

વસ્તીમાં પહોંચતાં જ તેણે ઇસ્માઇલની તપાસ કરી. ઇસ્માઇલ રાતપાળી પૂરી કરીને, ઊંઘ કાઢી રહ્યો હતો. એને જગાડીને નસીરઉદ્દીને પૂછ્યું,

'કૂવાના કેટલા મજૂરોને કાઢી મૂકયા ?'

'એક પણ મુસલમાનને કાઢી મૂકવામાં નથી આવ્યો, કોઈ આસામીને પણ નથી કાઢયો.' બાકીની સંખ્યા ઇસ્માઇલ બરાબર ન જણાવી શકયો.

નસીરઉદ્દીન હસીને બોલ્યો, 'તને તો કશી જ ફિકર થતી હોય એમ નથી લાગતું. મુસલમાન અને આસામીઓને નથી છૂટા કર્યા, એટલે તું બસ બાદશાહની જેમ ઘોરે છે. શું આ બીજા લોકો હાડચામના નથી બનેલા ? તું સાહેબની જાળમાં ફસાયો છે. જા, એ બધાંની તલાશ કર.'

ઇસ્માઇલે આળસ મરડતાં જણાવ્યું, 'હું નથી જવાનો, નસીરઉદ્દીનસાહેબ. મારે હજી સૂવું છે.'

'તારું દિલ પથ્થરનું છે, ઇસ્માઇલ ! જયારે તારી આગળ ઝેબુન્નિસાની સગાઈની વાત કરી, ત્યારે પણ તેં કહી દીધેલું કે એ છોકરી ખરાબ છે. આજે જયારે તારા સાથીઓને નોકરીમાંથી હાંકી કાઢવામાં આવે છે, ત્યારે પણ તું એક શબ્દેય બોલવા તૈયાર નથી. સાંભળ્યું છે કે ફોરમેન બન્યા પછી તારામાં ઘમંડ ભરાઈ ગયું છે.' એટલું કહીને નસીરઉદ્દીન ઝડપભેર ડિબેજવરના ઘર તરફ ચાલવા લાગ્યો.

ઇસ્માઇલ આંખો ચોળતો વળી પથારીમાં પોઢી ગયો. હજી તો ફોરમેન બન્યે, એક જ પખવાડિયું થયું હતું. બઢતી મળ્યાનો આનંદ તથા એ વિશેનું ઘમંડ હજી એના મનમાં ભરાઈ રહ્યું હતું. આ બઢતી મળ્યા પછી જ નસીરઉદ્દીને ઝેબુન્નિસાની માગણી મૂકી હતી, પરંતુ ઇસ્માઇલે એ ઠુકરાવી દીધી હતી.

ડિબેજવરના ઘર તરફ જતાં નસીરઉદ્દીન આખેય રસ્તે ઇસ્માઇલની બાબતમાં જ બબડતો ગયો. આ બાજુ, બિસ્તર પર આળોટતો ઇસ્માઇલ આશ્ચર્યપૂર્વક એ તરફ જોઈ રહ્યો હતો. એના ઘરમાંથી ડિબેજવરનું ઘર દેખાતું હતું.

ડિબેજવરના ઘરમાં પગ મૂકતાં જ નસીરઉદ્દીને જોયું કે ડિબેજવર ચા પીતોપીતો ઝેબુન્નિસાને કશુંક પૂછી રહ્યો છે ને એ જવાબ આપી રહી છે. 'બેટી, તું કયારે અહીં આવી ?' પ્રશ્ન પૂછતાં નસીરઉદ્દીનના ચહેરા પર હાસ્ય વિલસી રહ્યું.

'હું એકદમ બંગલો છોડીને નીકળી આવી છું. ઝેબુન્નિસાએ જવાબ આપ્યો અને પૂછયું 'ઘકતરબાબુએ કંઈ કહ્યું કે ?' એના ચહેરા પર ઉત્સુકતા અને આંખોમાં દૃઢતા છવાઈ રહ્યાં.

નસીરઉદ્દીને ડૉક્ટર સાથે થયેલી બધી જ વાતો કહી સંભળાવી. ઝેબુન્નિસાએ ડિબેજવર તરફ નજર કરી. ડિબેજવરે કહ્યું, ' ઘકતર નાહકના ગભરાય છે, બાકી એમાં ડરવા જેવું કશું જ નથી. સાહેબ મને મારી થોડા નાખવાના છે ? મેં તેમને હાથ પકડીને કામ શીખવ્યું છે. એ તારું કંઈ જ બગાડી શકવાના નથી. નસીરઉદ્દીનસાહેબ, મારા ઘરની પાછળ જ એક નાનકડી સ્વતંત્ર ઓરડી છે; એમાં એ બે-ત્રણ દિવસ રહી શકશે.'

ડિબેજવરબાબુની વાત નસીરઉદ્દીનના માન્યામાં ન આવી. આમ તો એ જે બોલતો, તે પૂરું કર્યા વિના છોડતો નહીં; પરંતુ ઝેબુન્નિસાને ઘરમાં રાખવાની વાત સાંભળી તે સ્તબ્ધ થઈ ગયો, તે બોલ્યો, 'એને તમારા ઘરમાં રાખશો, તો લોકો વાતો કરશે.'

'હું એવી પરવા ક્યારે કરું છું ?' ડિબેજવર દીવાનખાનામાં બેઠોબેઠો ચા પીતો હતો અને વાતોમાં મહેમાનોને બેસવાનું કહેવાનું પણ ભૂલી ગયો હતો. ચા પૂરી કરીને એક સિગરેટ સળગાવતાં તે બોલ્યો, 'મનેય લોકો શું જિલાપોસી જેવો માને છે કે ? હું કાંઈ એના જેવો લંપટ વાંદરો થોડો છું ? ડરપોક થોડો છું ? ખબર છે, મજૂરોને છૂટા કરતા પહેલાં એ અહીંથી કેવો ભાગી છૂટયો છે ને ? કંપનીને ક્યાંથી ખબર કે એણે કેટલાનાં જીવન બરબાદ કર્યાં છે ! એક હજાર માણસનાં ! ને સ્ટેશન ચાલ્યો ગયો છે. એ ગીધે કેટલાક લોકોને ત્યાં બોલાવ્યા પણ છે. પેલો ઠેકેદાર વીરભદ્રસિંહ, સાહેબ સાથે મેળાપીપણું રાખીને જાણે કે પાવડાથી પૈસા ઉસેડી રહ્યો છે ! લોકોનાં દુ:ખ જોઈને તો આજે મને ખાવાનુંય નથી ભાવતું. અન્યાય ! ઘોર અન્યાય...'

આ બધી વાત સાંભળીને ઝેબુન્નિસા મનમાં ને મનમાં ખુશ થઈ. એને એવું લાગી રહ્યું હતું કે જાણે તે જંગલમાંથી છટકીને માનવીઓ વચ્ચે આવી ગઈ છે.

નસીરઉદ્દીન દુ:ખિત મને બોલ્યો, 'જુઓને આ ઇસ્માઇલ, કહે છે કે મુસલમાનો અને આસામીઓને નથી છૂટા કર્યા. જુઓ તો ખરા, એની મનોવૃત્તિ કેટલી હલકટ છે !'

'એનું તો ભેજું જ ખાલીખમ છે. તેને ફોરમેન બનાવી દીધો, એમાં તો એમ સમજી બેઠો છે કે જાણે તેને ખૂબ મોટો હોદ્દો મળી ગયો. આપણા લોકોને ટુકડો નાખીને છેતરવા એ સહેલ વાત છે. બીજા કોઈ દેશમાં આવું હોય, તો આગ ભભૂકી ઊઠે, નસીરઉદ્દીનસાહેબ ! ફક્ત એટલું જ કહી શકું છું કે આ દેશના લોકોમાં હિંમત જ નથી.' ડિબેજવર સિગરેટ પીતાં બોલતો ગયો, 'આ બાજુ ચેટર્જી અને એના સાથીઓ હોંકારા કરે છે, ચોપડીઓ વાંચીને ક્રાન્તિ કરવા ચાહે છે. ચોપડીઓ વાંચીને બધાંનાં મગજ બેકાર થઈ ગયાં છે. બીજી બાજુ, સાહેબનો ચમચો છે ને, પેલો સિંઘ; એ દુનિયાભરમાં પ્રચાર કરી રહ્યો છે કે યુનિયન રચવા ત્રાસવાદીઓ આવ્યા છે, કૉંગ્રેસવાળા આવ્યા છે, અને ન જાણે બીજું શું શું ય... હકીકતમાં આ બધું એ લોકનું એક બીજા સાથેનું મેળાપીપણું છે. ખરી વાત એટલી જ કે કંપનીને કમાણી કરવી છે અને આ લોકોને નોકરી જોઈએ.' ડિબેજવર હસવા લાગ્યો.

ઝેબુન્નિસા બોલી, 'આપ થોડી વાર આરામ કરો. આપે કશું ખાધું પણ નથી.'

ડિબેજવરની દીવાલે ટાંગેલી ઘડિયાળમાં એ વખતે બેના ટકોરા પડયા.

ડિબેજવરે આરામ કરવાની કશી ચેષ્ટા કરી નહીં. એણે હાથમાંથી સિગરેટ ફગાવી દેતાં કહ્યું, 'હું તો આરામ કરી ચૂકયો. તું જઈને તારી ઓરડી ખોલ, લે !' એમ કહેતાં ડાબે હાથે ચાવી કાઢીને ઝેબુન્નિસાને આપી. એ પછી નસીરઉદ્દીન તરફ જોઈને કહ્યું , 'ચાલો, નસીરઉદ્દીનસાહેબ, જરા બહાર ફરી આવીએ. હજી દાકતર પાસે જવાનો તમારે વખત નથી થયો, ખરું ને ? એક જગાએ જઈ આવીએ!'

નસીરઉદ્દીન ઝેબુન્નિસાને સંબોધીને બોલ્યો, 'તો તું અહીં જ રહેજે. સદ્ભાગ્ય હોય, તો જ ડિબેજવરબાબુ જેવા માણસની મહેરબાની મળે, ભગવાન તારું ભલું કરે બેટી, હું જાઉં છું.'

ઝેબુન્નિસાની આંખમાં આંસુ આવી ગયાં. એ બોલી, 'વિદાય લેતાં એવું કેમ બોલો છો, દાદાજાન ? તમારા સિવાય આ સંસારમાં મારું છેય કોણ ?'

નસીરઉદ્દીનનું હૈયું પીગળી ગયું. તે બોલ્યો, "ઝેબુ, હું તને શું કહું ? કશું જ કહી શકતો નથી. મન જાણે કે ભાંગી પડયું છે. આખર ઇન્સાનમાં કેટલી તાકાત હોય ?"

ડિબેજવર હસવા લાગ્યો, "આ બધી બેકાર વાતો જવા દો, નસીરઉદ્દીનસાહેબ ! જ્યાં સુધી સાહેબની રસોઈ પકાવ્યા કરશો, ત્યાં સુધી મનનું સુખ નહીં મેળવી શકો. પ્યાર કોઈ જુદી જ ચીજ છે. ઝેબુન્નિસા, તું બેસજે, અમે હમણાં જ જઈને પાછા આવીએ છીએ."

બંને ચાલ્યા ગયા. ઝેબુન્નિસા પોતાના મનને કાબૂમાં રાખવા માટે ચાવી ફેરવતાં ગીત ગણગણવા લાગી. તદ્દન અર્થ વગરનું ગીત. પેલા બે દેખાતા બંધ થયા, ત્યાં સુધી એ જ દિશામાં તાકતી રહી. એનું ચિત્ત કંઈક શાંત થયું હતું. પરંતુ પોતાના અજ્ઞાત ભાવિને અજવાળતું કોઈ સૂર્યકિરણ નજરે ચઢતું નહોતું; ત્યાં અદ્યાપિ અંધકાર જ હતો. બહાર સૂર્યનાં પ્રખર કિરણોથી આકાશ ઝળહળી રહ્યું હતું. એ આંખ ઊંચી કરી પ્રકાશ સામે જોઈ ન શકી. આંખો અંજાઈ ગઈ હતી.

5

ડિબેજવરના કૂવા વિસ્તારમાં હડતાળ પડી હતી. નસીરઉદ્દીનને લઈને તે સીધો અહમદસાહેબના ઘરે ગયો અને દીવાનખાનામાં જઈને અહમદસાહેબને બૂમ મારી. અહમદસાહેબ બહાર આવ્યા. તેમનું મન પણ ઘણું જ અસ્વસ્થ હતું. ટાઉલરસાહેબનું ભેજું ગરમ થઈ ગયું હતું, તેઓ ઑફિસમાં કોને ઊંચે ચઢાવી દે ને કોને પછાડે એ કંઈ જ કહી શકાય તેમ નહોતું. ઇસ્માઇલ એકદમ જુનિયર માણસ હતો, એને તરત જ ફોરમૅન બનાવી દીધો. જ્યારે મધુસૂદનબાબુને ઑફિસમાંથી કેવળ ટાઇપનાં કાગળ બગાડવા બદલ છૂટા કરી દીધા. અલબત્ત, તેઓ ખાનગી ખાતામાં હતા, એ પણ એક બાબત હતી. શહેરમાં ત્રાસવાદીઓ આવ્યાની અફવા ફેલાયા પછી સાહેબલોકો ખૂબ ગભરાયા હતા. મજૂરોની આવનજાવન ઉપર નિરંતર ચોકી રાખવામાં આવતી અને લોકોનાં વ્યકિતગત વર્તનવ્યવહાર ઉપર પણ નજર રાખવામાં આવતી. અહીં શહેરમાં અલગઅલગ ધર્મવાળા જે લોકો હતા તે સર્વનાં મંડળો પોતપોતાના તહેવારની ચઢતા પગારવાળી રજા માંગી રહ્યાં હતાં, મંદિર-મસ્જિદ બંધાવવા માટે જમીન માંગી રહ્યાં હતાં , પોતપોતાની ભાષાઓ ભણાવનારી નિશાળો ખોલવાની માગણી કરી રહ્યાં હતાં. ડૉક્ટર તથા દવાની સગવડ માગી રહ્યાં હતાં. પરંતુ સૌથી મોટી માગણી હતી, રહેવાનાં મકાનની. પણ ટાઉલર સાહેબ ભારે શંકાશીલ મગજનો માણસ હતો. કોઈ પણ સભા થાય યા માગણી મુકાય, એટલે એને તો એમ જ ભય પેસી જતો કે ત્રાસવાદીઓ અથવા કૉંગ્રેસવાળા આવ્યા ! દરમિયાન, મજૂરોની છટણી કરવાની યોજના ઘડાઈ ચૂકી હતી. અગાઉ તેના જ બંગલે થયેલી સભાઓમાં નિર્ણય લેવાયા મુજબ કૂવાના મજૂરોની છટણી થઈ હતી. જિલ્લાપોલીસસાહેબ એક નવા ડ્રિલીંગ મશીન તથા બીજાં જાતજાતનાં નવાં યંત્રોની વરદી મૂકવા માટે ઉપડયા હતા. એ પછી કોનું શું

થશે એ કોણ જાણે ! આમ, સાહેબલોકોનો શો ઇરાદો હતો એ તે લોકો જ જાણે. આ કારણે અહમદસાહેબના મનમાં ગંભીર અશાંતિ વ્યાપી હતી. એમાં વળી ડિબેજવરબાબુના એક નવા પ્રકરણથી એના મનની સ્વસ્થતા એકદમ નષ્ટ થઈ ગઈ. અહમદસાહેબે ડિબેજવર તથા નસીરઉદ્દીને જોઈને કહ્યું,

'બેસો ડિબેજવરબાબુ, નસીરઉદ્દીન, તમેય બેસો.'

નસીરઉદ્દીને પૂછયું, 'આપની તબિયત તો ઠીક છે ને ?'

'વાત જ ના પૂછો ભાઈ, પરિસ્થિતિ જોઈને જ જાણે કે શરીરમાં તાવ ભરાઈ આવે છે. મને પેટની તકલીફ છે. એમાં જહાંનારાની વાત સાંભળીને પિત્ત વધી જાય છે. હાં, તમને એક વાત પૂછવા માટે બોલાવ્યા, ડિબેજવરબાબુ ! મારાથી ઉંમરમાં નાના હોવા છતાંય, તમે મારા માનીતા દોસ્ત છો, અને એક પ્રતિષ્ઠિત કંપનીના નોકરિયાત. તમારા જેવો માણસ આ બધું શું કરવા બેઠો છે એ જ મારી સમજમાં નથી આવતું.' અહમદસાહેબના સ્વરમાં વેદના હતી.

ત્યારે નસીરઉદ્દીનને લાગ્યું કે હવે જે વિષયની ચર્ચા થવાની, એમાં ભાગ ન લેવો એ જ તેને માટે બહેતર છે. ખુરશી ઉપરથી ઊભો થતાં, આદરપૂર્વક તે બોલ્યો,

'હું જાઉં, અહમદસાહેબ, મારે જરા કામ છે. આપ લોકો વાતો કરો.'

પરંતુ ડિબેજવરે તેને હાથ ખેંચીને બેસાડી દીધો અને કહ્યું, 'થોભો, થોડી વાર બેસો ! આ વાતો સાંભળીને જાઓ !' એ પછી ખૂબ જ માનપૂર્વક અહમદ સાહેબ સામે જોઈને એ બોલ્યો, 'તમને દુઃખ થાય એ વાત હું સમજું છું પરંતુ હું કોઈ નકામી વાત નથી કરી રહ્યો, અહમદસાહેબ ! હું જહાંનારા સાથે શાદી કરવા ઇચ્છું છું.'

અહમદસાહેબનો ચહેરો તથા કાન લાલલાલ થઈ ગયા. તેઓ બોલી ઊઠયા, 'તમને એટલા ખાતર જ બોલાવ્યા. આ વાત મને બિલકુલ પસંદ નથી. મારા ઘરમાં તારી આવજા છે, આપણે એક જ ગામના વતની છીએ. પરંતુ તારી આવનજાવન આવા પ્રકરણનું રૂપ લેશે એવો મને બિલકુલ ખ્યાલ નહોતો.' એમના અવાજમાંથી ક્ષોભ, વેદના, અભિમાન, ક્રોધ આદિ પ્રગટ થતાં હતાં, 'એ પણ આટલું આગળ વધ્યા પછી પાછી ફરવા નથી માગતી. મને આ બહુ જ ખરાબ લાગે છે. આ બધું અઘટિત કહેવાય. તું હવે આગળ ન વધે એ જ બહેતર છે. આજ પહેલાં જે થઈ ગયું તે થઈ ગયું.'

અહમદસાહેબની બધી જ વાત ડિબેજવરે શાંતિપૂર્વક સાંભળ્યા કરી, પછી દૃઢતાપૂર્વક જવાબ આપ્યો, 'મેં જહાંનારાને સ્પર્શ સુધ્ધાં નથી કર્યો, આપ કૃપા કરી ગલત ન સમજતા. એની ઉંમર થઈ ગઈ છે અને એ સમજદાર પણ છે. હું પણ સારુંનરસું સમજી શકું છું. સાચું કહું, જહાંનારાને પણ મેં મારા મનની વાત અવારનવાર કરી છે. જહાંનારાની ઉંમર બત્રીસ વર્ષની તો હશે, કેમ અહમદસાહેબ ?'

'હા, એટલી તો ખરી, દુઃખિત હૈયે અહમદસાહેબે જવાબ આપ્યો, 'એ તો ઠીક, પરંતુ હું એનાં લગ્ન પણ ન ગોઠવી શકયો... એ જ આમ તો સૌથી મોટી ભૂલ થઈ' અને નિસાસો

ભરતાં ઉમેર્યું, 'જે કોઈ એને જોવા આવ્યું, તે બધાંએ એમ જ કહ્યું કે છોકરી કાળી, બદસૂરત અને એકદમ નીચી છે.'

પછી અહમદસાહેબ શાંત થઈ ગયા. હકીકત છુપાવવાનો કશો અર્થ નહોતો. જહાંનારા તેમની દૂરની ભાણેજ થતી હતી. એ અનાથ હતી, એટલે પત્ની ઘરનું કામકાજ કરવા એને લઈ આવી હતી. પાછળથી છોકરી બુદ્ધિશાળી લાગતાં, એને નિશાળમાં દાખલ કરી દીધી. પરંતુ મુરતિયો ન મળ્યો. છોકરીનું રૂપ જોઈને જ મુરતિયા ના ભણી દેતા હતા.

'હું જહાંનારાનું દુ:ખ સમજું છું. પરમ દિવસે બપોરે જ એણે મને એક ચિઠ્ઠી લખી મોકલી છે. એમાં એણે બધું જ જણાવ્યું છે. ખેર, જવા દો એ વાત. એને દોહરાવ્યા કરવાનો અર્થેય શું છે ? હું તત્કાળ એની સાથે લગ્ન કરી લેવા ઇચ્છું છું.' બેફિકર મનથી સિગરેટ ફૂંકતાં ડિબેજવર જવાબની પ્રતીક્ષા કરી રહ્યો. આવી નક્કર, સાચી વાત સાંભળીને અહમદસાહેબ ખિન્ન થઈ ગયા. કેવી સમસ્યા ! લાંબા વખત સુધી તેમના મુખમાંથી કોઈ શબ્દ ન નીકળી શક્યો. આખરે દિલ ખોલતાં અહમદસાહેબ બોલ્યા, 'તમારા લોકોનાં આવાં છૂપાં કામથી, હું ખૂબ દુ:ખી થઈ ગયો છું. ડિબેજવરબાબુ, આ પાપ છે, મહાપાપ ?'

'જાણું છું' ડિબેજવર બોલ્યો, 'પરંતુ મેં ચોરીછૂપીથી કંઈ જ કર્યું નથી, એટલે એ પાપ નથી.'

અહમદસાહેબ ઘણી વાર સુધી કંઈ જ બોલ્યા નહીં, કારણ કે તેઓ જાણતા હતા કે આ કેવળ ડિબેજવરનો જ નહીં, જહાંનારાનો પણ એ જ મત છે. આખરે તેઓ બોલ્યા, 'ઠીક છે. હજરત મૌલવીને બોલાવીને મેં આખાય પ્રશ્નની ચર્ચા કરી છે. તેઓએ શાદીની મંજૂરી આપી છે, પણ એક શરતે...' અહમદસાહેબે પોતાના શરીર પર ઓઢેલી શાનદાર ચાદર વધુ લપેટી અને માથું નમાવી મૂછો પર તાવ દેવા લાગ્યા.

સ્પષ્ટતા કરવામાં કશીક મુશ્કેલી છે એમ જણાતાં ડિબેજવરે કહ્યું, 'વાત શું છે ? નિ:સંકોચ જણાવો. હું પીછેહઠ કરું એવો માણસ નથી. કોઈ પણ વાતે જરા પણ ફેરફાર નહીં થાય.'

અહમદસાહેબે ડિબેજવરને પરાસ્ત કરવા માટે છેવટે આખરી શસ્ત્ર અજમાવ્યું, 'મૌલવીસાહેબે કહ્યું કે એ માટે તમારે ઇસ્લામ ધર્મ ગ્રહણ કરવો પડશે. કરી શકશો ? બીજી કોઈ શરતે હું એને તારી સાથે પરણાવી શકું નહીં. અહમદસાહેબનો સ્વર કઠોર બની ગયો.' ડિબેજવર ખુરશીને અઢેલીને થોડી વાર વિચારમગ્ન બેસી રહ્યો. એ પછી સિગરેટ સળગાવતાં બોલ્યો, ' ધર્મ ઉપર તમે આટલો ભાર કેમ મૂકો છો ? હું તો ધર્મકર્મ કશામાં જ માનતો નથી, પછી મુસલમાન બનવાનો શો અર્થ ?'

અહમહસાહેબ બાળપણથી જ ડિબેજવરને ઓળખતા હતા, છતાં મૌલવીની વાતનો અનાદર કરવો મુશ્કેલ હતો. એમણે જવાબ આપ્યો, ' તમે નથી માનતા, પણ હું તો માનું છું ને ? મને લાગે છે કે તમે પણ તમારા ધર્મ યા પંથનો વિચાર કરીને આવું પગલું તો નહીં જ ભરો.

પરંતુ ડિબેજવરે તો એવી કોઈ ચિંતા કરી નહીં. એ બોલ્યો, ' એમ છે, તો ભલે , હું મુસલમાન બની જઈશ. મને નથી તો કશો સંકોચ થતો કે નથી તો મનમાં કશી બીક લાગતી. મને તો કેવળ એક જ વસ્તુ ઉપર શ્રદ્ધા છે અને એ છે સત્ય તથા વિજ્ઞાન. ' એટલું બોલીને ડિબેજવરે ખુરશી પર આરામથી અઢેલતાં સિગરેટનો એક લાંબો દમ ખેંચ્યો.

નસીરઉદ્દીન ડિબેજવરની વાત સાંભળી આશ્ચર્યથી હેરાન થઈ ગયો હતો અને એને રોકવા માટે વારંવાર માથા પર હાથ ફેરવ્યા કરતો હતો. છેવટ બોલ્યો, 'છી...છી...ડિબેજવરબાબુ એક છોકરી સાથે શાદી કરવા ખાતર તમે પોતાનો ધર્મ છોડશો, તો દુનિયા તમને હસશે.'

'હસવા દો, હું પણ દુનિયાને હસીશ.' એ બોલતાં ડિબેજવર સાવ સહજ ભાવે હસી પડ્યો. અહમદસાહેબને લાગ્યું કે પોતે જે કહેવા ઇચ્છતા હતા એ જ જાણે ડિબેજવરે કહી દીધું છે. તેમણે અંદર બાજુ નજર કરતાં બૂમ મારી, અને ' અરે તું સાંભળે છે કે ? ' કહી પોતાની પત્નીને બોલાવી.

દીવાલની બીજી તરફ અહમદસાહેબનાં બેગમ અને જહાંનારા કાન માંડીને ડિબેજવર સાથેની વાતચીત સાંભળી રહ્યાં હતાં. અંદરથી જ બેગમસાહિબાએ જવાબ આપ્યો, ' બધું બરાબર સાંભળી લીધું ! સાથેસાથે આછા વિલાપનો અવાજ પણ સંભળાયો. એટલે અહમદસાહેબ અંદર ગયા. એમને સમજાયું કે એ જહાંનારા રડી રહી હતી અને રુદન દ્વારા જ પોતાના મામાના પગલાનો વિરોધ કરી રહી હતી.

નસીરઉદ્દીન દિગ્મૂઢ થતાં બોલ્યો, ' બહુ દિવસથી આ બધી વાતો સાંભળી રહ્યો હતો. ઘણા લોકો અહમદસાહેબના ઘરમાં તમારી આવનજાવનની નિંદા પણ કરતા હતા. પરંતુ સંસારમાં આવી ઘટનાઓ તો બન્યા જ કરે; જેમાંથી આ એક છે એમ મેં માન્યું. પરંતુ તમે તો ખતરનાક આદમી છો, ડિબેજવરબાબુ ! ધર્મ વધારે કે એક ઓરત ? ધર્મ ગયો તે કદી પાછો મળતો નથી; ઓરતો તો ઢગલેબંધ મળ્યા કરશે. '

નસીરઉદ્દીને આમ આશ્ચર્ય વ્યક્ત કર્યું, પરંતુ ડિબેજવર લેશ માત્ર અસ્વસ્થ થયો નહોતો. તે બોલ્યો, ' હું એવું નથી માનતો. તમે લોકો ખૂબ સંકુચિત મનના માણસો છો. ' જો કે ઉત્તેજનાથી એને પણ ઠંડો પસીનો વળી રહ્યો હતો.

નસીરઉદ્દીન વધુ દિગ્મૂઢ બની ગયો. લાંબો વખત સુધી બંનેમાંથી કોઈ

કંઈ બોલ્યું નહીં.

અહમદસાહેબ પાછા બહાર આવ્યા. તેઓ પણ કશું બોલ્યા નહીં. દુ:સાહસ જેવું કામ કરતી વેળા જે નીરવતા છવાઈ જાય છે એ ભારે હૃદયવેધક બની રહે છે.

નસીરઉદ્દીન બોલ્યો, ' આપ આટલો હઠાગ્રહ ન રાખો, અહમદસાહેબ, કોઈનો ધર્મપલટો કરાવવો એ પાક કામ નથી. '

અહમદસાહેબ બોલ્યા, ' જહાંનારા પણ આ વાત સાંભળીને રડી રહી છે; પરંતુ મૌલવી સાહેબની વાતનો અનાદર મારાથી ન થઈ શકે. હા, સાંભળો ડિબેજવર બાબુ, ઈદનો બીજો જ દિવસ લગ્નવિધિ માટે ખૂબ અનુકૂળ રહેશે. તમે તૈયાર છો ને ? અહમદસાહેબનો અવાજ કર્કશ

બની ગયો હતો. પરંતુ ડિબેજવર સ્વસ્થ હતો. પછી તેણે એશ-ટ્રેમાં સિગરેટ બુઝાવતાં સહજ ભાવે કહ્યું, ' વાત પાકી ચાલો, હવે હું ચાલું. ચાલો, નસીરઉદ્દીનસાહેબ, તમે સાક્ષી છો. '

અહમદસાહેબે કહ્યું, ' ચા પીને જાઓ, અંદર ચા બની રહી છે. '

ડિબેજવરે ઊભા થતાં, અહમદસાહેબની સામે જોયા વગર જ કહ્યું, ' મારે સ્ટેશન જવું છે એટલે હવે ચા પીવા નહીં રોકાઉં. ' ડિબેજવરે રૂમાલ કાઢી માથાનો પસીનો લૂછવા માંડ્યો. એ પસીનો ગર્મીનો નહોતો, ઉત્તેજનાનો જ હતો. અહમદસાહેબ પણ ઊભા થઈ ગયા. શરીર પર ઓઢેલી ચાદર ખભા પરથી સરી પડી. લુંગીની બહાર બે બેઢંગ પગ દેખાતા હતા. તેમનો ચહેરો પણ ભયંકર બની ગયો હતો. સવારે તેઓએ જયારે ડિબેજવરને બોલાવ્યો, ત્યારે મનમાં ધારણા હતી કે ધર્મપરિવર્તનની વાતથી ડિબેજવર પીછેહઠ કરી જશે. પરંતુ તેણે તો ભારે હિંમતથી મુસલમાન થવાની વાત સ્વીકારી લીધી, એટલે તેઓ હતબુધ્ધ થઈ ગયા. પોતે જ બનાવી કાઢેલી વાતના ફંદામાં પોતે જ ફસાઈ ગયા હતા. અહમદસાહેબનું મન વેદનાથી ભરાઈ ગયું. હૈયું જલીને ખાક થઈ ગયું.

તેઓ તરત જ બોલી ઊઠ્યા, ' તબિયત ઠીક નથી લાગતી, હું થોડો આરામ કરું. ' વિદાય લઈ અહમદસાહેબ અંદર ચાલ્યા ગયા.

ડિબેજવર ઊંબર ઓળંગી બહાર આવ્યો, ત્યાં જ એણે જોયું કે જહાંનારા પડદો હઠાવીને બહાર આવી ગઈ છે.

' સાંભળો ભૈયા, આવું બધું કરવું તમારે માટે બરાબર નથી. મારે ખાતર તમારે આવું ન કરવું જોઈએ. મે તો તમને પહેલેથી જ પાછા વળી જવાની વિનંતી કરી કરી હતી, પણ તમે ન માન્યું. હજી પણ છોડી દો ! સંસારે ઠુકરાવેલી છોકરી ખાતર તમે આવો મોટો ભોગ આપો એ ઉચિત ન કહેવાય. '

ડિબેજવર થોભ્યો. મોંમાંની સિગરેટ ફગાવી દેતાં, તે પાછો વળી બોલ્યો, ' એ અસંભવિત છે, જહાંનારા !' આટલું બોલીને તે રસ્તે આગળ વધ્યો.

લાચાર જહાંનારાએ નસીરઉદ્દીનને વિનંતી કરી, ' આપ એને એક વાર સમજાવો ! મારા સોગંદ છે, આપ એને સમજાવો ! '

નસીરઉદ્દીને જહાંનારા તરફ નજર કરી. કાળી, કુરૂપ છોકરીના મુખમાં આવી વિનવણી પણ જાણે શોભતી નહોતી. બટકી છોકરી ! ડિબેજવર બાબુની હુષ્ટપુષ્ટ કાયાની સરખામણીમાં એ બિલકુલ ઢીંગલી જેવી લાગતી હતી. તેણે જહાંનારાને કહ્યું, ' જહાંનારા આવી બધી વાતો તારે અગાઉથી જ વિચારવી જોઈતી હતી. વાત તો ઘણા દિવસથી ચાલતી હશે. ડિબેજવરબાબુને ચલિત કરવા મુશ્કેલ છે. એની વાત વજ્રલેપ હોય છે. '

જહાંનારા ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. નસીરઉદ્દીન આગળ વધ્યો. ડિબેજવરે બેચેન અવાજે બૂમ મારી, ' નસીરઉદ્દીન, જલદી આવો ! '

નસીરઉદ્દીનનાં પગલાં વેગીલાં બન્યાં; સાથેસાથે જહાંનારાના રુદને પણ વેગ પકડયો.

6

ડિબેજવર ફલાંગો ભરતો આગળ વધતો રહ્યો. હરિજન વસ્તીની બીજી બાજુએ તેણે જોયું તો, ઠેકેદાર વીરભદ્રસિંહ પોતાની પડછંદ કાયા સંભાળતો નજીકની વસ્તીમાં પ્રવેશી રહ્યો હતો. નસીરઉદ્દીન પણ એ તરફ વળતાં બોલ્યો,

'અચ્છા, તો હું જાઉં છું.

ત્યાં સુધી બંનેએ કશી જ વાતચીત કરી નહોતી. ડિબેજવરે તેને ચૂપચાપ વિદાય આપી પછી સિંઘ તરફ કટાક્ષ કરતાં પૂછ્યું,

'અરે, અહીં શું કરો છો, બિહારી ?'

વીરભદ્ર મૂળ બિહારનો હતો એટલે લોકો એને બિહારી કહીને બોલાવતાં તેણે જવાબ આપ્યો, 'બોધન વગેરે કોઈ બીજી જગ્યાએ કામ પર જવા તૈયાર થયા હતા, પરંતુ મેં એમને રોક્યા.'

'તમારા કામ માટે ?'

'હાં, પણ રોજી માટે ભાવતાલ કરી રહ્યા છે. આઠ આના રોજ માગે છે.'

'તો આપતા કેમ નથી ?' ડિબેજવરે ગરજતા અવાજે પ્રશ્ન કર્યો.

'ના અપાય ! પરંતુ તમે ક્યાં જાઓ છો ?' વીરભદ્રે આંખોમાં સંદેહ સહિત પ્રશ્ન કર્યો. ત્યાં થોભીને તેણે જોયું કે કાઢી મુકાયલા કેટલાંક મજૂરો સાથે કેટલાક આગેવાનો પણ એ બાજુ ઊપડ્યા છે. ચંડી આહીર પણ એ તરફ જઈ રહ્યો હતો.

માલાસિંઘની સાથે મુખ્ય 'માસ્ટર' પણ હતો. અને બરૂઆ પણ એ તરફ જતો દેખાયો હતો.

'બે છોકરા આવવાના છે અને એ લોકોની સાથે મારી પહેલી પત્ની પણ આવશે એવા ખબર આવ્યા છે.' ડિબેજવરે ઊભા રહી, વીરભદ્રના પ્રશ્નનો જવાબ આપ્યો. પરંતુ એના શરીરે તો પસીનો વળી રહ્યો હતો. એમ કેમ થતું હતું એ તેને પોતાને જ સમજાતું નહોતું. આમ મોસમ પણ ઠીકઠીક ગરમ હતી.

વીરભદ્ર ડિબેજવરની પાસે આવીને બોલ્યો, 'આવે છે એ તો સારા ખબર છે. બહુ સારું થયું. હવે આ વખતે પાછી ના જવા દેતા !'

ડિબેજવરનો ચહેરો લાલલાલ થઈ ગયો. તે બોલ્યો, 'જે સ્ત્રી એક પણ બાળકને જન્મ નથી આપી શકતી એને હું નથી રાખવાનો. હું જહાંનારા સાથે શાદી કરવાનો છું. આ જ કારણ બતાવીને હું એને પાછી રવાના કરી દઈશ.'

વીરભદ્ર ડિબેજવર સામે જોઈ રહ્યો. એ નક્કી ન કરી શક્યો કે તેને શો જવાબ આપવો. એને પોતાને પણ પત્ની છે, એક પુત્ર પણ છે, અને છતાં પોતે પણ પરકીયા સ્ત્રીઓ પ્રત્યે આસક્ત છે એટલે શું બોલે ? અત્યારે જ પોતે ત્યાં રખડતો હતો, એ કાંઈ બોધનને મળવા

માટે નહીં; બોધનની તો નિમણૂંક થઈ ચૂકી હતી અને તે કામ પર ગયો હતો. પોતે તો એની પુત્રી લછમીને મળવા આવ્યો હતો. તેણે હસતાં હસતાં ડિબેજવર સામે જોઈને કહ્યું,

' દુનિયામાં તમને બીજી કોઈ છોકરી ના મળી, ડિબેજવર બાબુ ? કાળી, કદરૂપી કન્યા ને ઉપરથી વળી મુસલમાન. આ પગલું માંડી વાળો ને ભાભી સાથે પુન: ઘરસંસાર શરૂ કરો ! ભાભી તો લક્ષ્મી છે, ભગવાનને પ્રાર્થના કરશો, તો બાળકો પણ થશે. '

ડિબેજવર અસ્વસ્થ બની ગયો. વીરભદ્રને મુખેથી આવો ઉપદેશ સાંભળતાં એને લાગતું હતું કે જાણે ભૂતના મુખમાંથી રામનામ સંભળાઈ રહ્યું છે. એનાથી એ સહન ન થયું.

એટલામાં લછમી વસ્તીમાંથી બહાર નીકળી આવી. વસ્તીના ગંદા વાતાવરણમાં ઊછરી હોવા છતાંય એનો વાન ગોરો તથા સ્વચ્છ હતો. પાતળા સોટા જેવો દેહ અને લંબગોળ ચહેરા ઉપર ફરકતું ચંચળ હાસ્ય- લછમીને જોતાં જ ડિબેજવર બોલી ઊઠ્યો, ' બોધનની બેટી હવે શાદી કરવા જેવડી થઈ ગઈ, ખરુંને બિહારી ? '

લછમીના કાને આ વાત પડી, એટલે એ મોં છુપાવીને હસવા લાગી. એનું મન નિખાલસ હતું. તે હસતાં હસતાં બોલી, ' સાંભળ્યું છે કે બાબુસાહેબ જહાંનારા સાથે શાદી કરવાના છે. ખૂબ મજા આવશે. '

ડિબેજવરે કહ્યું ' તેં સાચું જ સાભળ્યું કોણે કહ્યું તને ? '

' મને પન્નૂએ વાત કરી. ' લછમીનું શરીર યૌવનપ્રવેશથી થનગની રહ્યું હતું. એ એક જ સ્થિર ઊભી પણ નહોતી રહી શકતી.

ડિબેજવરે કહ્યું, ' પન્નૂ બહુ ભલી છોકરી છે, એની શાદીનું શું થયું ? '

લછમીએ સસ્મિત વદને નીચું જોઈને કહ્યું, ' એને રામુ પસંદ નથી પડ્યો. '

વીરભદ્રસિંહ બોલી ઊઠ્યો, ' રામુ તો હવે ડોસો થઈ ગયો ! '

આવું બોલવા પાછળ એક ખાસ હેતુ પણ હતો. રામુને સમજાઈ ગયું હતું કે પન્નૂની સાથ શાદીની શક્યતા ઝાઝી નથી, એટલે હવે તે લછમી સાથે સગાઈ જોડવા ઇચ્છતો હતો અને બોધનની પણ એવી ઇચ્છા હતી. પરંતુ લછમીને એ વાત મંજૂર નહોતી. એથી બોધને એને કામ શોધી કાઢવાની સલાહ આપી હતી. એથી જ વીરભદ્રને જોઈ તે બહાર નીકળી આવી હતી. એણે શરીર પર લાલ કબજો અને કાળી બુટ્ટાદાર સાડી પહેરી હતી. એના હોઠ પર પાનની લાલી શોભતી હતી. વીરભદ્રની વાતનું સમર્થન કરતાં તેણે કહ્યું, 'હા તે ઘરડો થઈ ગયો છે; પરંતુ માણસ ખૂબ ભલો છે, દેવ જેવો ! '

વીરભદ્ર મનમાં ને મનમાં નિરાશ થઈ ગયો. ડિબેજવરને હવે વીરભદ્રના ઇરાદાનો અણસાર આવવા લાગ્યો હતો. એથી તેણે લછમીને પૂછ્યું, ' તું અત્યારે ક્યાં જવા નીકળી ? '

'સિંઘબાબુને ઘરે કામ કરવા, ' લછમીએ જવાબ આપ્યો, ' સિંઘબાબુએ મારા બાપુજીનેય કામ અપાવ્યું છે અને મને પણ આપવાનો વિચાર કરી રહ્યા છે.'

ડિંબેજવર નાખુશ થતાં બોલ્યો, ' આ ઉંમરે તારે કામની શી જરૂર પડી? 'વીરભદ્રનું મોં કાળું પડી ગયું. લછમીએ પણ શરમનાં માર્યા મો છુપાવી લીધું. બંને સમજી ગયાં કે ડિંબેજવરને શી બાબતની શંકા પડી છે. વીરભદ્રના ચારિત્ર્ય બાબત આખાય શહેરના લોકો શંકા સેવતા હતા વીરભદ્ર બોલ્યો, ' ઘરવાળી માંદી છે. ઘરકામ માટે માણસની જરૂર છે. અને આ વખતે રામલીલા પણ ગોઠવી છે.'

ડિંબેજવર બોલ્યો, આ સ્ત્રીના હિતનો ખ્યાલ રાખવો એ તારી ફરજ છે, બિહારી ! નહિ તો પરિણામ ખરાબ આવશે. ' આટલું બોલીને ડિંબેજવર હસતોહસતો સ્ટેશનની દિશામાં વળ્યો.

લછમીએ પૂછ્યું, ' ડિંબેજવરબાબુએ કામ કરવાની કેમ મનાઈ કરી ? આ પ્રશ્નથી વીરભદ્રનાં કાન મોં લાલલાલ થઈ ગયાં.

શહેરની ચારે દિશાએ એકવાર નજર ફેરવી લઈ વીરભદ્ર બોલ્યો, ' એમ જ, અમસ્તો બોલી ગયો હશે. ચાલ, બેસી જા મોટરમાં. કામ કર્યા વિના ચાલવાનું છે ? '

લછમી બોલી, 'મોટરમાં નહીં, ચાલતી આવું છું. '

' કેમ ? ' વીરભદ્રસિંહે પૂછ્યું.

' બાપુજીએ ના પાડી છે. ' આ વખતે લછમીએ સ્વસ્થ થતાં, નિર્ભયતાથી વીરભદ્ર સામે જોઈ જવાબ વાળ્યો. સ્તબ્ધ, દિગ્મૂઢ થઈને વીરભદ્ર લછમી સામે તાકી રહ્યો. ભારે ચાલાક છોકરી ! સમજી ગઈ લાગે છે કે મોટરમાં બેસવાનો મતલબ શો ! વીરભદ્રને પસીનોપસીનો છૂટી ગયો. તે અસ્વસ્થ અવાજે બોલ્યો, 'કંઈ વાંધો નહીં, ચાલ બેસી જા ! '

લછમીએ મલકાતાં કહ્યું, ' ભગવાને મને બે પગ આપ્યા છે. હું ચાલતી જ આવું છું.'

વીરભદ્રસિંહની આખીય યોજના ધૂળમાં મળી ગઈ. તે બાલ્યો, ' અચ્છા, તો તું આવ. હું ઊપડું છું. ' વીરભદ્ર થોડે દૂર પડેલી મોટરમાં જઈને બેસી ગયો. લછમી હસતાં હસતાં ગીત ગાવા લાગી. વીરભદ્રનો ઊતરેલો ચહેરો જોઈને એને ખૂબ મજા પડી.

એટલામાં જ નજીકની એક દુકાનમાંથી પન્નૂ આવી પહોંચી. એણે લછમીને પાસે બોલાવીને કહ્યું, ' અરે લછમી, તે બહુ જ સરસ કર્યું. હું બધી વાત સાંભળતી હતી. '

લછમીએ પૂછ્યું,' તું ક્યારે આવી ? કદાચ તેં બધું જોયું પણ ખરું ?'

' હા, તેં બહુ સારું કામ કર્યું. ' પન્નૂના ચહેરા ઉપર સંતોષનો ભાવ વિલસતો હતો. એના હાથમાં કશોક સામાન ભરેલી ઝોળી હતી. આંખમાં ઉત્તેજનાપૂર્ણ હાસ્ય સાથે એ બોલી, ' ભગવાને આપણને આવા મરદોનાં રમકડાં બનવા માટે નથી બનાવ્યાં. તું શું કહે છે ? અગાઉ પણ તું એક ભૂલ કરી બેઠી હતી ! '

લછમીનો ચહેરો ફીકો પડી ગયો. એ બોલી ' પહેલાં ભૂલ થઈ ગઈ હતી. બાપુજી પણ કળી શક્યા નહોતા, એટલે એની સાથે ઊપડી ગઈ. પરંતુ જયારે ખ્યાલ આવ્યો કે સિંઘજીના મનમાં બદઇરાદો છે એટલે તરત મોટરમાંથી ઊતરી ગઇ. પરંતુ...,

પન્નૂ આંખો ઉઠાવીને લછમીને માપી રહી. એ જાણતી હતી કે લછમીને લાંછન લાગી ચૂક્યું છે. તે બોલી, ' એ બધી વાતો મારે નથી સાંભળવી. હંમેશાં શરીર સાચવીને ફરવું જોઈએ. આપણે સ્ત્રીઓ કોઈ વેચાઉ માલ થોડી છીએ ? '

લછમી જરાય સંકોચ પામ્યા વિના બોલી, શું થાય ? ક્યારેક કેટલી વાત બરાબર નથી સમજી શકાતી. સિંઘજીએ પિતાજી ઉપર ઘણા ઉપકાર કર્યા છે, નોકરી પણ અપાવી છે. ' અને બગાસું ખાતાં આગળ બોલી, ' મારે કંઈક કામ જોઈએ પન્નૂ, તો જ મરજી મુજબ, સુખથી હરીફરી શકું. બસ્તીમાં રહીને તો ત્રાસી ગઈ છું. બાપુજી કામ પર ચાલ્યા જાય પછી મારે બિલકુલ નવરા બેસી રહેવાનું. બીજી બાજુ, હરિજન લોકો હમેશાં અંદર અંદર ઝઘડ્યા કરે , રોજ દારૂ પીને તોફાન મચાવે. આ બધું નથી ગમતું. '

પન્નૂ બોલી, ' એટલે જ તો જાત સાચવીને જીવવું જોઈએ. અચ્છા લછમી, તારે ભણવું છે ? '

લછમીએ મલકાતાં જવાબ આપ્યો, ' હવે આ ઉંમરે હું શું ભણવાની ? સાંભળ્યું છે કે તું જહાંનારા પાસે જઈને ભણે છે. કેટલું ભણી ? '

' પ્રાથમિક શાળાના પાઠ શીખી રહી છું. બેચાર દિવસમાં તો મને કાગળ લખતાંય આવડી જશે. અખબારોય વાંચી શકીશ. ' તુંય ભણવા માંડ ! હું જહાંનારા બહેનને વાત કરીશ. આવશે ને ? '

લછમી એકદમ સંમત થતાં બોલી ઊઠી, ' તો, તો હું બચી શકીશ. તમારી પાસેથી સારું શીખવાનું મળશે; સાથેસાથે સત્સંગનો લાભ મળશે. '

' તો જરૂર આવજે. ' એમ કહી પન્નૂ ચાલવા લાગી. લછમી સિંઘને ઘરે જવા તૈયાર થઈ હતી, પરંતુ હવે તેણે એ વાત માંડી વાળી. એની દૃષ્ટિમાં એક નવી જ દુનિયાનું ચિત્ર પ્રગટ થયું. લખવું-વાચવું એ બધું શીખવું જ જોઈએ.

7

ગોસ્વામીજી મહા વિદ્વાન માણસ છે. કૉંગ્રેસની પ્રવૃત્તિ કરવા બદલ બે ત્રણ વાર જેલ પણ જઈ આવ્યા છે અને એમાં ત્રીજા વર્ગના કેદી તરીકે રહી ચૂક્યા છે. બલાઈ ચાંદ ઉદ્દામવાદી નેતા હતા. એક શસ્ત્રભંડાર લૂંટવામાં ભાગ લેવા બદલ તેમને ઘણાં વર્ષની જેલ થઈ હતી. આજે એ બંનેનું સ્વાગત કરવા ચેટર્જી, બરૂઆ, માલાસિંઘ, પ્રધાન વગેરે સ્ટેશન પર આવ્યા હતા. પરંતુ એ જ સ્ટેશન પર નોકરીમાંથી છૂટા કરવામાં આવેલા મજૂરો પણ હાજર હતા. એ લોકો ઉદાસ હૈયે પશ્ચિમ તરફ જનારી ગાડી ઉપડવાની રાહ જોઈ રહ્યા હતા. પૂર્વ બાજુથી આવનારી ગાડી હજી આવી નહોતી. એ આવી ગયા પછી, આ ગાડી ઊપડવાની હતી. ગાર્ડે હજી સીટી મારી નહોતી. દૂરથી ગાડી આવવાની વ્હિસલ સંભળાઈ રહી હતી.

ચેટર્જીનું મન આઘાતથી ત્રસ્ત થઈ ગયું હતું. દિલમાં પરાજયના દુ:ખનો ભાવ હતો. એક હજાર મજૂરોને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા તો પણ કોઈએ કશો જ અવાજ ઉઠાવ્યો નહીં. કંપનીનો આટલો બધો તાપ ! સાથીઓનાં મન ગુસ્સાથા ભરેલાં હતાં. આખાય શહેરમાં સલામતીનો અભાવ ફેલાયો હતો. ઉપરાંત લોકજીભે નવા કળ, સ્ક્રૂ તથા બીજાં યંત્રો વગેરેની ચર્ચા ફેલાતી હતી. દરેક ગાડીમાંથી નોકરી શોધતા લોકો ઊતરતા હતા. માલાસિંઘ અને તેના સાથીઓ એક હજાર મજૂરો સાથે વ્યક્તિગત વાતચીત કરી શકે એટલો સમય પણ ક્યાંથી કાઢે ? તેઓ ગોસ્વામી તથા બીજા નેતાઓની સલાહ-મંત્રણાની રાહ જોઈ રહ્યા છે.

ડિબેજવર પ્લેટફોર્મના એક છેડે ઊભોઊભો ચૂપચાપ ગાડીની રાહ જોઈ રહ્યો હતો. એણે એકેય વાર નજર માંડીને મજૂરો તરફ જોયું નહીં એને બરાબર ખબર હતી કે આટલા બધા મજૂરોની છટણી શા સારુ કરવામાં આવી છે. એનું એક કારણ હતું, યુનિયન રચાય તેનો ભય, પરંતુ એ તો ફક્ત દેખાવ પૂરતું જ ; ખરું કારણ તો હતું ' રેશનલાઇઝેશન ' - કંપનીને માનવી કરતાં યંત્રોમાં વધારે શ્રદ્ધા હતી. નવા પ્રકારની ડેરિક, વધારે શક્તિશાળી બોઇલર, મોટાં ડિસ્ટિલેટર તથા કૂલરની વરદીઓ ક્યારનીય અપાઈ ચૂકી હતી. સાહેબલોકો ચતુર હતા; તેઓ સમજી ગયા હતા કે મજૂરોને થોડી વધારે સગવડ આપવી પડવાની. કંપનીની મકાન બાંધકામ યોજના બાબતમાં પણ તેણે અહમદસાહેબ પાસેથી સાંભળ્યું હતું. રમતગમતનું મેદાન, કલબ, સિનેમા-થિયેટર, સરસ સ્વચ્છ બજાર, હૉસ્પિટલની સગવડ, સડકો, દેવસ્થાનની જગા, ઉપરાંત શાળાઓ માટેનો અલગ વિસ્તાર વગેરેની જોગવાઈ માટે કંપનીએ બજેટ પણ બનાવી રાખ્યું હતું. આવી બધી સગવડો આપીને કંપની મજૂરોનો અસંતોષ પૂરેપૂરો દૂર કરી દેશે અને એ રીતે તેમને આંદોલનકારોથી અસ્પૃષ્ટ રાખશે. આવા બધા કાવાદાવા કંપનીને આવડે છે; ડિબેજવર પણ એ સારી રીતે જાણે છે અને એથી તેણે આ ઘટના પરત્વે કયારેય દુ:ખ, રોષ યા પ્રતિકારની લાગણીપૂર્વક વિચાર કર્યો નહોતો. તેણે માન્યું હતું કે મજૂરોની છટણી એ કોઈ પણ ઉદ્યોગકેન્દ્રનો સ્વાભાવિક બનાવ ગણાય. યંત્ર સમક્ષ, ધનદોલતના લોભ સમક્ષ માનવી એક નગણ્ય જ પ્રાણી છે. એક ટ્રેનમાં જવાવાળા જશે, બીજી ટ્રેનમાં આવવાવાળા આવશે. એથી આવી બધી બાબતોનો વિચાર કરી માથું પકાવવું તેને ઠીક ન લાગ્યું. તે ફક્ત પત્નીના આગમનની પ્રતીક્ષા કરી રહ્યો.

ગાડી આવી તો સેંકડો ઉતારુઓ ઊતર્યાં; જેમાં નોકરી શોધવા આવનાર જ વધારે હતાં. ડિબેજવર ગાડીને એક છેડેથી પત્નીને શોધતો આગળ વધ્યો. જયારે તેણે ત્રીજા વર્ગના એક ડબ્બામાંથી એને ઊતરતી જોઈ, ત્યારે તે દોડીને ત્યાં પહોંચી ગયો, અને ભાવપૂર્વક તેને આવકારી. એ પછી બંને છોકરાઓ સામે જોઈને તેણે પત્નીને પૂછ્યું, ' માધુરી, આ લોકો કેમ અહીં આવ્યા છે ? '

માધુરીએ કહ્યું, ' આનું નામ તૌફીક, આપણા કાકોજાનનો જ વતની છે. અહીં નોકરી મળશે એમ માનીને ચાલી આવ્યો છે. અને આ છે, આપણા તિઇકના મધુભગતનો દીકરો. બરૂઆએ જણાવ્યું કે નામઘરમાં કોઈ માણસની જરૂર છે, એટલે એને લઈ આવી છું. '

માધુરી સામે ખિન્ન દૃષ્ટિએ જોતાં, ડિબેજવર હસી પડ્યો. એનો ચહેરો જોઈને જ પત્ની સમજી ગઈ કે એની આ વાતમાં ડિબેજવરને કશો રસ નથી. એ બોલી, ' પરંતુ આ લોકો તો તમારે જ આશરે અહીં આવ્યા છે. '

માધુરીની આ વાત સાંભળીને ડિંબેજવરનું દિલ થોડું પીગળ્યું. તે બોલ્યો, તૌફીક માટે શું થઈ શકે એ કહેવું મુશ્કેલ છે, જયારે ભગતના છોકરા માટે તો બરૂઆ જ કંઈક કરી શકે. અચ્છા, તૌફીક તમે લોકો ઘડીક અહીં જ ઊભા રહો, મારે માધુરી સાથે થોડી વાતો કરવી છે. '

માધુરી ડરી ગઈ. ડિંબેજવર અને જહાંનારા વચ્ચેના પ્રેમની વાત એના સાંભળવામાં આવી હતી, આજે પતિને સ્વમુખે એ સાંભળવાની આવી હતી એ જોરથી બોલી ઊઠી, ' આ લોકો ક્યાં જાય ? એમને આપણે ઘેર જ લઈ જવા પડશે ચાલો, ઘરે જ જઈએ. '

ડિંબેજવર અસ્વસ્થ ચિત્તે બોલ્યો, 'માધુરી ઘરે જવાથી તારા મનની પીડા વધી જશે'

માધુરી કૃશ કાયાવાળી, ગૌર વર્ણની દુબળી-પાતળી સ્ત્રી હતી. એનો ચહેરો ટ્રેનની મુસાફરીથી ઝંખવાયો હતો. શરીર પર ઝૂલતો કંદોરો પણ કોલસીથી કાળો પડી ગયો હતો. એ ડિંબેજવરની વાત સાંભળીને વધુ નિસ્તેજ બની ગઈ. પરંતુ જાણે તેણે મૂળ વાત સાંભળી જ ન હોય, એ રીતે એ બોલી, ' પહેલાં ઘેર ચાલો ! '

ત્યાં ડિંબેજવરે જોયું કે ગોસ્વામી, બરૂઆ, માલાસિંઘ, પ્રધાન, ચંડી વગેરે બધા પ્લેટફોર્મની બહાર આવી ગયા હતા. બધાની પાછળ ચેટર્જી અને તેની સાથે એક અપરિચિત બંગાળી ભદ્ર પુરુષ પણ દેખાતા હતા. પાસેથી પસાર થતાં ગોસ્વામીએ ડિંબેજવરને બૂમ મારી બોલાવ્યો અને કહ્યું, ' તું એક વાર મને અને મારા આ સાથીઓને મળી જજે. ખૂબ જરૂરી વાતો કરવાની છે. જો આજે જ આવીને મળી શકે તો ઉત્તમ ! '

ડિંબેજવરે વિચાર્યું કે ગોસ્વામીને દિવસના જ મળી લેવું અનુકૂળ રહેશે. રાતના વળી બીજાં કેટલાંક કામ છે. માધુરીને સમજાવવા-શાંત કરવામાં પણ ઘણો સમય લાગી જશે. તેણે માધુરીને કહ્યું, ' માધુરી, મેં ધાર્યું 'તું કે હું તને બધીજ વાત અત્યારે કરી દઉં, પરંતુ તું ઘરે જવા ઈચ્છે છે, તો ઘરે જઈએ . તું જા, હું ગોસ્વામીને મળીને આવું છું. ' એટલું બોલી, સિગરેટ સળગાવતાં ઉમેર્યું, ' મકાનની પાછળની ખોલીમાં એક છોકરી રહે છે. તો તું એક કામ કર ! ભગતના છોકરાને નામઘરમાં મોકલી આપજે અને તૌફીકને કહેજે કે તે અહમદસાહેબને ઘેર જાય.'

માધુરી અહમદસાહેબનું નામ સાંભળીને ચોંકી ઊઠી. પરંતુ ડિંબેજવરે કોઈ પ્રશ્ન પૂછવાનો અવકાશ જ ન આપ્યો. તે ગોસ્વામીના મુકામ ભણી ઊપડ્યો. માધુરી ઝંખવાણી પડીને ડિંબેજવર તરફ જોતી જ રહી ગઇ જયારે તે દેખાતો બંધ થયો, ત્યારે એણે ભગતના છોકરાને પૂછ્યું, ' નંદ, તારા ભાઈ કેવા લાગ્યા ? '

નંદ બોલ્યો, ' લાગે તો છે કે જેવું સાંભળ્યું છે એવા જ હશે. '

માધુરી કોઈ જવાબ દઈ શકી નહીં. એનું હૈયું ફફડવા લાગ્યું.

નંદ ભગત વળી બોલ્યો, ' આ કામ ઘણું ખરાબ કહેવાય. પણ એ છોકરી છે કોણ ? '

માધુરી કહેવું કે ન કહેવું એવી દ્વિધામાં બોલી, ' જહાંનારા. '

નંદ ભગત કંઈક વિચારમગ્ન બોલ્યો, ' મને તો કાંઈ સારા રંગઢંગ નથી જણાતા. તમે પરિસ્થિતિ જોઈને, ઠીક લાગે તેમ કરજો, બહેનજી !ભાંગ્યો વાંસ ફરી કદી સંધાતો નથી. છેલ્લાં ચાર વર્ષથી આ માણસે કદીય તમારી ખબર સુધ્ધાં નથી કાઢી. એનો અર્થ જે કરવો હોય તે કરી લો !'

માધુરીએ એક ઠંડો નિસાસો મૂક્યો. ત્યાં સ્ટેશન પર ઊભેલી ગાડી ઊપડી.

તૌફીકે કહ્યું, ' ચાલો બહેનજી, ભૂખ પણ ખૂબ લાગી છે. '

માધુરી કંઈ જ બોલી નહીં. તેની દશા 'न यदौ, न तस्थौ' જેવી હતી. રેલગાડીનાં પૈડાં જાણે કે તેની છાતી ઉપર થઈને ગબડી રહ્યાં છે.

8

ડિંબેજવર બીજા લગ્નની સમસ્યામાં ગૂંચવાયલો હતો, છતાંય બરૂઆના ઘરમાં રાજકીય સમસ્યાઓની જે ચર્ચા યોજાઈ હતી, એમાં ભાગ લેવા જઈ પહોંચ્યો, પસીને રેબઝેબ એવો તે જયારે બરૂઆને ઘેર પહોંચ્યો ત્યારે ચર્ચાવિચારણા શરૂ થઈ ચૂકી હતી. ગોસ્વામી દેશમાં વ્યાપેલા સ્વતંત્રતાના આંદોલન બાબતમાં વિગતે માહિતી આપી રહ્યા હતા તેઓ કહી રહ્યા હતા કે મજૂરો જો કિસાનોને સાથ આપે તો સ્વાતંત્ર્યસંગ્રામ અત્યંત ઉગ્ર, બ્રહ્મપુત્રાનાં પૂર જેવો અદમ્ય તથા પ્રતાપવાન બની રહે. આથી મજૂરોએ યુનિયન રચીને પોતાની તાકાતને સંગઠિત કરવી જોઈએ, સાથે સાથે સ્વાતંત્ર્યજંગમાં જોડાઈ, અંગ્રેજોને ભારત દેશમાંથી હાંકી કાઢવાનો પ્રયત્ન કરવો જોઈએ. કૉંગ્રેસના પ્રમુખ જવાહરલાલનહેરુ આસામના પ્રવાસો આવવાની શક્યતા છે અને ત્યારે તેઓ જનતાને અપીલ કરશે કે કૉંગ્રેસને મત આપો ! આ પરિસ્થિતિમાં પ્રજાએ પોતાના રોજબરોજના જીવનની સમસ્યાઓ ઉકેલવાની સાથેસાથે, દેશની મુખ્ય સમસ્યા પણ વિસરવી ન ઘટે.

સામાન્યત: આવી સભાઓમાં જેમ બને છે એવું અહીં પણ બન્યું. માનનીય નેતાઓનાં વિધાનોનો જવાબ દેનાર કોઈ વ્યક્તિ આગળ ન આવી. બધાએ ચૂપચાપ જે સાંભળ્યું તે સ્વીકારી લીધું. ફક્ત નીરવતાનો ભંગ કરવા ખાતર બલાઈ ચાંદ મુખર્જીએ વ્યાખ્યાન કર્યું. તેમણે કહ્યું ' ગોસ્વામીના કથનનું હું અક્ષરશ: સમર્થન કરું છું, છતાં હું મજૂરોને કહેવા માગું છું કે તમારું સર્વપ્રથમ કર્તવ્ય યુનિયન રચવાનું જ છે. આવા યુનિયન દ્વારા જ કામદારવર્ગની રાજનીતિ, સામાજિક નીતિ તથા આર્થિક નીતિ વિકાસ પામશે અને દેશમાં સમાજવાદી પરિબળો મજબૂત બનશે.'

ચેટર્જીએ મસ્તક નમાવી, આ વિધાનનું સમર્થન કરતાં કહ્યું. આપણે યુનિયન તો રચવું જ પડશે. એના વડે જ આઝાદી હાંસલ થશે. '

માલાસિંઘના પ્રચંડ દેહ પર ધારણ કરેલી પાઘડી કોઈ મંદિરની ટોચે ફરકતી સ્વચ્છ, શ્વેત ધજા જેવી ઝગમગતી હતી. તે બોલ્યો, ' આ શહેરમાં યુનિયન રચવું એટલી સહેલ વાત નથી, ચેટર્જીબાબુ ! તમે જોઈ લીધું ને કે એક હજાર કામદારોની છટણી થઈ ગઈ અને છતાં આપણે કશું જ નથી કરી શકતા ! '

બરૂઆ મહેમાનોની સરભરામાં રોકાયલો હતો. અંદર જઈને ચાનાસ્તો, પાનસોપારી વગેરે લઈ આવવામાં, એને ચર્ચામાં ભાગ લેવાનો સમય ન મળ્યો. ગોસ્વામી સાંજનું ભોજન પણ અહીં જ કરવાના હતા. એટલે એને જરાય ફુરસદ નહોતી.

પ્રધાન સરળ સ્વભાવનો માણસ હતો. પરંતુ એક હજાર કામદારોની છટણી જોઈને તેને ભારે રોષ આવ્યો હતો, સાથેસાથે ભય પણ લાગી રહ્યો હતો. તે બોલ્યો, ' જુઓ તો ખરા, કંપની કેવો ઘોર અન્યાય ચલાવે છે ! ઘરબાર વગરનાં માણસોએ મકાન માટે એક દિવસની હડતાળ પાડી, એમાં તો એમને નોકરીમાંથી કાઢી મૂક્યા. શું આનો કોઈ પ્રતિકાર ન થઇ શકે ? '

ગોસ્વામી બોલ્યા, ' શા માટે ન થઈ શકે ? પરંતુ ધીરજથી કામ લેવું પડશે. યુનિયન બની ગયા પછી, આ બધા પ્રશ્નો કાયદેસર ઉકેલી શકાય. મજૂરોના હક્ક વિશેના કાયદા સાહેબે પોતે બનાવ્યા છે. '

બલાઈ ચાંદ અધીરતાથી બોલ્યો, ' કંપની યુનિયન રચતાં ન અટકાવી શકે. એક પત્રિકા છપાવીને બધાંને આ વાત સમજાવી દેવી પડશે. '

' કોના નામે પત્રિકા કાઢશો ?' ગોસ્વામીએ અર્થપૂર્ણ મલકતાં, સૌને પ્રશ્ન કર્યો.

કોઈના મુખમાંથી કશો ઉત્તર ન નીકળ્યો. નામ આપતાં બધાને ભય લાગતો હતો. એટલે ડિંબેજવરે ખોંખારો ખાઈ, ગળું સાફ કરી, ગંભીરતાથી કહ્યું, ' હું મારું નામ આપવા તૈયાર છું, પરંતુ એ પહેલાં હું એક વાત જાણવા માગું છું કે કંપનીના સાહેબોની નાડ-ચાલ શું આપ લોકો પરખી શકો છો ? આપણે આપણી અપરિપક્વ બુદ્ધિ વડે એક બાબત વિચારીએ, ત્યારે એ લોકો દસ વાતનો વિચાર કરી લે છે. આપણે યુનિયન રચવાની વાત વિચારીએ છીએ; ત્યારે એ લોક સમજી ગયા છે કે યુનિયન બનશે, એટલે એને નિર્મૂળ કરવાનો ઉપાય વિચારી રહ્યા છે. એથી જે કોઈના ઉપર એમને શક આવશે એને નોકરીમાંથી કાઢી જ મૂકશે બાકીનાને મકાનબકાન આપીને ફોડી લેશે. નવાં યંત્રો લાવશે ને માણસોને કાઢશે. '

માલાસિંઘે ડિંબેજવર સામે જોઈને સંમતિસૂચક માથું હલાવ્યું. પ્રધાન પણ સંમત થતો હોય તેમ ડિંબેજવર સામે જોયું. ફક્ત ચેટર્જી પ્રત્યુત્તર દેતાં બોલ્યો, 'સામનો કેવી રીતે કરવાનો છે, બસ એ જ વાત જાણવી છે. '

ગોસ્વામી થોડી વાર શાંત રહી, પછી બોલ્યા, ' તમે બધાએ ખૂબ સાચી વાતો કહી. હુંય માનું છું કે મજૂરોએ હમણાં પોતાને નામે પત્રિકા બહાર ન પાડવી જોઇએ. હું પોતે જ કાઢીશ. બરાબર છે ને ? '

'ખૂબ સરસ વાત કરી તમે' ડિબેજવર બોલ્યો, અને ઉમેર્યું, 'ટાઉલરસાહેબ કોઈ ભલો માણસ નથી. ફલેમિંગની વાત જ જુદી હતી. તે મેનેજિંગ ડિરેક્ટરનો જમાઈ થતો હતો અને વળી એક ઉદાર માણસ હતો. જયારે આ તો મહા સેતાન આદમી છે.'

માલાસિંઘ બોલ્યો, 'એણે કેટલાક પોતાના માણસોય રાખ્યા છે. સિંઘને ઓળખો છો ને ?'

ડિબેજવરે કહ્યું , 'હું કોને નથી ઓળખતો ? ગમે તે કરો પણ એક વાત ન ભૂલશો કે પાયાની વસ્તુ માનવી છે. જો સાચા મર્દ નહીં બનો તો કશું કામ થવાનું નથી.'

પત્રિકા ઘડવાનો નિર્ણય લેવાઈ ગયો; સાથેસાથે કૉંગ્રેસ પ્રત્યેય સહાનભૂતિ વ્યક્ત કરવામાં આવી. ત્યાં બરૂઆએ સૌને ચા પીવા માટે અંદરના ઓરડામાં બોલાવ્યા. સૌએ ખાવાનું શરૂ કર્યું. બરૂઆએ ડિબેજવરને પૂછ્યું 'હજારિકા, સાંભળ્યું છે કે તમે મુસલમાન બનવાના છો.' ખાવાને સમયે એકાએક જ બરૂઆએ વાતનો વિષય આ રીતે બદલી કાઢયો. ડિબેજવરની આ વાત આમ તો સૌ કોઈ જાણી ચૂક્યુ હતુ.

એક સાથે ત્રણ ત્રણ પૂરી મોંમાં મૂકતાં ઉદાસ ચિત્તે ડિબેજવરે જવાબ વાળ્યો, 'મુસલમાન ધર્મ અંગીકાર કરવાથી મનુષ્યના શરીર યા મનમાં કશું પરિવર્તન આવે છે ખરું ?'

ગોસ્વામીએ આશ્ચર્ય પામતાં પૂછ્યું, 'તો પછી તમે શા માટે મુસલમાન બનો છો ?'

ડિબેજવરે હસતાંહસતાં જવાબ આપ્યો, 'કામબાણથી વીંધાયો છું એટલે.' પરંતુ આટલું બોલતાં તો એને પસીનો વળી ગયો.

બધા હસવા લાગ્યા. પરંતુ જયારે બરૂઆએ આ કહાણીનો આરંભ તથા અંત વર્ણવ્યો ત્યારે બધા ગંભીર થઈ ગયા. આ સમસ્યા તો યુનિયનની રચના યા છટણી કરતાંય મુશ્કેલ જણાઈ. ગોસ્વામીએ ચાનો ઘૂંટડો ભરતાં હસીને કહ્યું,

'મને લાગે છે કે ખરા ક્રાન્તિકારી તો તમે જ છો અમે તો ફક્ત સામ્રાજયવાદનો નાશ કરવા મથીએ છીએ, જયારે તમે તો આખા સમાજનો પ્રવાહ પલટી નાખવા કટિબદ્ધ થયા છો....'

માલાસિંઘ બોલ્યો, 'ધર્મમાં ન માનો એ જાણે ઠીક વાત, પરંતુ આ પરધર્મ સ્વીકારવો એય ભયજનક વાત છે. તમે શા માટે મુસલમાન બનો છો ?' માલાસિંઘે ખાવાનું બંધ રાખી, ઉદ્વેગપૂર્વક પ્રશ્ન કર્યો. આ વાતથી બધાંને જ દુ:ખ થયું હતું.

ડિબેજવરે જવાબ આપ્યો, 'મારે માટે તો ધર્મ એક ડગલા જેવો છે. ડગલો બદલવાથી કાંઈ માણસ બદલાઇ જાય ખરો ?'

માલાસિંઘ કશુંક કહેવા જતો હતો, ત્યાં જ નંદભગત અને માધુરીએ પ્રવેશ કર્યો, પરંતુ આવતાં જ તેઓ મુશ્કેલીનો અનુભવ કરવા લાગ્યા, ખાસ કરીને ડિબેજવરને ત્યાં હાજર જોઈને. ડિબેજવરે એકદમ ગંભીર થઈને પૂછ્યું, 'અહીં કેમ આવ્યાં છો ?' જો કે એના અવાજમાં કશી ઉત્સુકતા નહોતી. પોતે છૂટો પડ્યા બાદ શું બની ગયું હશે, એનો અંદાજ એને આવી જ ગયો હતો.

માધુરીએ આંખ ઉઠાવીને ડિંબેજવર તરફ જોયું સુધ્ધાં નહીં. એ સીધી અંદર ચાલી ગઈ. બરૂઆના ઘર સાથે એને પૂર્વપરિચય હતો જ, એટલે સંકોચનો કોઈ પ્રશ્ન નહોતો.

ડિંબેજવરે પુન: પ્રશ્ન કર્યો, ' શું થયું, ભગત ? '

નંદ બોલ્યો, ' હરિ-હરિ, બાઈજી ત્યાં કેવી રીતે રહી શકશે ? ત્યાં તો રસોડામાં એક સ્ત્રી બેઠીબેઠી મરઘી સાફ કરે છે અને આગંણામાં બીજી બે મરઘીઓ શોર મચાવી રહી છે. અહીં તો આપ સૌ સજજનો બેઠા છો, આપ જ કહો, એક માનનીય પુરૂષનું આવું અધ:પતન શું યોગ્ય લેખાય ? '

ડિંબેજવરે સ્વસ્થ થતાં પૂછ્યું, ' થોભો ભગત, તો તમારી બહેને મને છોડી દેવાનો વિચાર પાકો કરી લીધો કે શું ? '

નંદભગતે જવાબમાં કહ્યું, ' સાંભળ્યું કે તમે મુસલમાન બની જવાના છો ?'

' હા. ' ડિંબેજવરે જવાબ વાળ્યો.

એ સાંભળીને નંદભગતે મોં ફેરવી લીધું. પછી ડિંબેજવર એક સિગરેટ સળગાવીને નાકમાંથી ધુમાડા કાઢવા લાગ્યો. થોડી વાર સૌ મૂક બની રહ્યા.

પછી ડિંબેજવર બોલ્યો, ' બરૂઆ, ભગતને નામઘરમાં રહેવા માટે થોડી જગા કરી આપજો. હું હવે જાઉં. ' એટલું બોલી, ડિંબેજવર ઊભો થયો અને રસોડા બાજુ જઈને માધુરીને હાંક મારી , પરતું માધુરીએ કશો જવાબ વાળ્યો નહીં. આ બધું તોફાન જોઈને, કોઈએ કોઈને કશું કહેવાનું સાહસ ન કર્યું. બધા એકબીજાના મોં સામે તાકી રહ્યા. થોડી વાર તો યુનિયનને લગતા કામકાજની વાત પણ દબાઈ. નંદભગતે જીવનમાં ક્યારેય આવી ઘટના જોઈ નહોતી કે સાંભળી નહોતી, એથી તેઓ અસંગત બબડવા લાગ્યા. બરૂઆ એમને નામઘરમાં મૂકી આવ્યો. કંઈ કેટલીય વાર સુધી કોઈનાય મુખમાંથી એક પણ શબ્દ નીકળ્યો નહીં, છેવટે ડિંબેજવર રોષથી બરાડી ઊઠયો, બરૂઆની પત્નીને તેણે મોટેથી પૂછ્યું, ' જરા માધુરીને પૂછો કે એ મારે ઘરે આવવા માગે છે કે નહીં ? અથવા એને મારી કોઈ જરૂર છે કે નહીં ?'

બરૂઆની પત્નીએ પણ કશો જવાબ આપ્યો નહીં. બરૂઆ પાછો ફર્યો, એટલે ડિંબેજવરે તેને અંદર પૂછવા માટે મોકલ્યો.

બરૂઆ અંદર જઈને દસેક મિનિટમાં બહાર આવતાં બોલ્યો, ' માધુરી તમારા ઘરે નહીં આવે, કદાપિ નહીં આવે ! '

બરૂઆએ વિશેષ કશું કહ્યું નહીં અને કશું કહેવાની આવશ્યકતા પણ નહોતી. ડિંબેજવરના ચહેરા ઉપર વિષાદની કોઈ લાગણી દેખાતી નહોતી. એ તો જાણે પહેલેથી જ છૂટાછેડા માટે તૈયાર જ હતો. ત્યાં બરૂઆએ સંકોચપૂર્વક ઉમેર્યું,

'હાં, અને એ કહે છે કે તમારું મો જોવું એ પણ પાપ છે.'

ડિંબેજવર હસવા લાગ્યો. પીંજરું તોડીને ઊડી જતા પંખીની જેમ તેણે સમાજનાં તમામ નીતિનિયમ તોડી નાખ્યાં હતાં. તે હાથમાંથી સિગરેટ ફગાવી દેતાં બોલ્યો, ' પાપ શું ને પુણ્ય શું, હિંદુ શું ને મુસલમાન શું ? હું કશું જ માનતો નથી. માધુરી સાથે મેં આટલાં વર્ષ સહજીવન

ગાળ્યું, પણ એનો તો એકનો એક જ આરોપ કે હું પાપી છું. એ તો એમ પણ કહે છે કે અમારે ત્યાં સંતાન નથી થતાં એનું કારણ પણ મારું પાપ છે. સાહેબની સાથે રહીને એ લોકોના કેટલાક સારા વિચારો પણ મેં સ્વીકાર્યા છે. જે કાર્ય આ જીવનમાં જ કરીને હું સુખી થઈ શકું તેમ છું, એ બધું પુનર્જન્મ માટે મુલતવી રાખવાનો કશો અર્થ ખરો ? મારો વંશવેલો અટકી જ જાય એવું હું નથી ઇચ્છતો અને એવું શા માટે ઇચ્છું ? હું જાણું છું કે માધુરી બાળકને જન્મ આપી શકે તેમ જ નથી. વળી એ એકદમ ગામડિયણ છે. આવી અશાંતિમાં સહજીવન જીવવું એ જ પાપ છે. હું જહાંનારાને પ્રેમ કરું છું એ જ મહત્ત્વની વાત છે. મારે સંતાન જોઈએ એ મહત્ત્વની વાત છે. મુસલમાન થવું કે ના થવું એ કોઈ એવી મહત્ત્વની વાત નથી, સમજ્યા ? બધા જ ધર્મ ભ્રમણા છે. પોતાના જીવનને સુખપૂર્ણ બનાવવું એ જ મારો પ્રથમ ધર્મ છે. એથી જ મારે છૂટાછેડા જોઈએ , પરંતુ આ દેશમાં છૂટાછેડા મળી શકતા નથી. કહેવાય છે કે લગ્ન એક પવિત્ર કરાર છે, એમાં છૂટાછેડાને સ્થાન નથી. એક જૂઠો ઘરસંસાર ચલાવીને દુનિયાને છેતરતા રહેવું એ મારી રીત નથી. હું તો જે છું તે જ છું. ભગત કહે છે કે મારા ઘરમાં કોઈ અજાણી ઓરત ખાવાનું બનાવી રહી છે, પરંતુ એને ઝેબુન્નિસાની કરુણ કથનીની ખબર નથી. એણે બિચારીએ લંપટ સાહેબના પંજામાંથી છૂટવા માટે મારે ત્યાં આશરો લીધો છે. એ બે દિવસ રહીને, નર્સની તાલીમ લેવા માટે ચાલી જવાની છે. એ રાજીખુશીથી રસોઈ કરવા લાગી છે, મેં એવી ફરજ નથી પાડી. મેં કોઈ પાપ નથી કર્યું. જે કાંઈ કર્યું છે તે સત્યને માર્ગે, વિજ્ઞાનને માર્ગે ચાલવા માટે કર્યું છે. હું સુધારક નથી, તેમ આપ લોકોની જેમ બંડખોર પણ નથી. હું પવિત્ર માર્ગે ચાલવા ઇચ્છું છું. '

એકીશ્વાસે પોતાની બધી વાત પૂરી કરીને, પછી, ડિંબેજવરે બરૂઆને કહ્યું, ' તમે માધુરીને કહેજો કે એને ભરણપોષણનો ખર્ચ જેમ અગાઉ મળતો હતો, એમ જ હવે પછી પણ મળતો રહેશે. ' ડિંબેજવરનો અવાજ ભારે તથા આર્દ્ર બની ગયો.

બાકી સૌ લોકો સ્તબ્ધ તથા મૂઢ બની ગયા હતા. ડિંબેજવરની વાત સ્વાભાવિક રીતે જ બરૂઆની ઘરના અંદરના ભાગમાંય સંભળાતી હતી. અંદરથી રુદનનો અસ્પષ્ટ અવાજ બહાર આવી રહ્યો હતો. બધા જ કળી શકતા હતા કે અંદર કોણ રડી રહ્યું હતું, પરંતુ ડિંબેજવરના અંતરમાં એ વિલાપની કશી જ અસર ન થઈ. એ ધીરેથી ઊભો થયો અને વિદાયનો વિવેક દાખવ્યા વિના જ ચાલતો થયો. ખાણાના ટેબલ ઉપર બેઠેલા બીજા માણસોને જાણે કોઈ નાટક ભજવાઈ ગયું હોય એવું લાગ્યું. ગોસ્વામી બોલ્યા, ' ગમે તેમ પણ આ માણસ સાચો છે...'

ગોસ્વામી પોતાની વાત પૂરી ન કરી શક્યા. કદાચ તેઓ એમ કહેવા ઇચ્છતા હતા કે ડિંબેજવર નિર્દય છે, જમાનાથી ઘણો આગળ છે અથવા પાગલ છે, પરંતુ કોઈ વિશેષણ તેમને બંધબેસતું જણાયું નહીં. જગતમાં સમાજ તથા સંસ્કારમાં સહેલાઈથી પરિવર્તન નથી આવતું, જે માણસ નવી પહેલ કરે છે એને તો લોકો હંમેશાં પાગલ જ ગણી કાઢે છે. ગોસ્વામીએ મનમાં ને મનમાં આવા બધા વિચાર કર્યા, પણ બહાર એકેય વ્યક્ત કર્યો નહીં.

બલાઈ ચાંદ બોલ્યો, ' આ દેશમાં આવા માણસો પણ છે એ ખૂબ જ આશાપ્રેરક હકીકત છે. '

કેટલાકને માધુરી તરફ સહાનુભૂતિની લાગણી થઈ, પરંતુ એની તરફેણમાં કોઈ જ કશું બોલ્યું નહીં. પુરુષસમાજમાં સ્ત્રીની આ રીતે ઉપેક્ષા જ થતી રહી છે. થોડી વાર પછી માધુરી પોતે બહાર આવી અને બહાર બેઠેલા પુરુષોને વિનંતી કરી કે અમારી વચ્ચેનો ઝઘડો ઉકેલવામાં તથા અમારી વચ્ચે મેળ કરી આપવામાં મદદ કરો. પરંતુ કોઈએ જ ખાસ કશો ઉત્સાહ બતાવ્યો નહીં. એથી લાચાર બનીને માધુરીએ તે જ રાત્રે પાછા નિયક ચાલ્યા જવાનો નિર્ણય કરી નાખ્યો. એ સાથે નંદ અને તૌફીકે પણ પાછા ફરી જવાનો નિર્ણય કર્યો. જે શહેરમાં પોતાની બહેનનું અપમાન થાય, એ શહેરમાં પોતાની કશી ઉન્નતિ થાય એ માનવા તેમનું મન જરાય તૈયાર નહોતું થતું.

9

ઈદ-ઉલ-ઝુહાને દિવસે જોરદાર વરસાદ વરસી રહ્યો હતો, છતાં પોતાનો બકરી ઈદનો પવિત્ર તહેવાર ઊજવવામાં મુસલમાનો એ કશી મણા રાખી નહીં. બીજે જ દિવસે હોળી અને શ્રીકૃષ્ણની રાસલીલા હતી. ડિબેજવરે મસ્જિદમાં જઈને ધર્મપલટો કરી લીધો હતો અને એ કામ પતાવીને ઘેર પાછો ફર્યો હતો. લોકોએ આગ્રહ કર્યો, છતાં તે ઈદગાહમાં ન ગયો અને સીધો ઘેર જ આવી ગયો. એનું નામ પાડવામાં આવ્યું, 'ગયાસુદ્દીન'. ઘેર આવીને જેવો તે પથારીમાં પડ્યો, ત્યાં જ અહમદસાહેબને ઘેરથી ખબર આવ્યા કે ઈસ્માઈલવાળા કસ્બામાં હુલ્લડ થયું છે. આવી ખબર લઈને પન્નૂ આવી હતી. એને ગયાસુદ્દીને પૂછ્યું,

'પન્નૂ, શું થયું ?'

'શું થયું એની તો બરાબર ખબર નથી, પરંતુ ત્યાં ઘણાબધા નેપાળી લોકો એકઠા થઈ ગયા છે અને ઈસ્માઈલ ગળું ફાડીને જોરજોરથી બોલી રહ્યો છે. મને એકલી ઘેર જતાં ડર લાગે છે, બાબુ ! શેખરને કાલે ઊલટીઓ થઈ હતી. હું સાહેબને ઘેર ભણવા ગઈ હતી. હવે પાછી કેમ કરીને જાઉં ?'

ગયાસુદ્દીન પથારીમાંથી ઊઠીને ઊભો થઈ ગયો. બારી ઉઘાડીને તેણે દૂર જમા થયેલા ટોળાને ધ્યાનથી જોયું અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું. એને તરત જ સમજાઈ ગયું કે ત્યાં શી બાબતની ગરબડ હશે. તેણે પન્નૂને કહ્યું, 'શેખરને ઊલટીઓ થાય છે, તો ડૉક્ટરને કેમ નથી બોલાવતાં ?'

'બાપુજી કહે છે કે આ તો મા કાળીનો કોપ છે, બાધા રાખીશું એટલે સારું થઈ જશે. પૂજાને માટે ભોગ પણ ચઢાવી દીધો છે. સોનાને પણ સવારથી જ.....'

ગયાસુદ્દીન રોષપૂર્વક બોલી ઊઠ્યો 'બહુ સારું કર્યું ! એ બેય છોકરાં બચશે કે કેમ એ જ પ્રશ્ન ! તરત જ હૉસ્પિટલમાં લઈ જવાં જોઈએ. દુર્ગા છે કે નહીં ?'

દુર્ગા આજકાલ બરાકમાં જ રહે છે, ઘેર આવતો જ નથી મોટે ભાગે પ્રધાનના ઘરે જ બેસી રહે છે. '

આટલી આપત્તિમાં પણ આ વાત કહેતાં પન્નૂ હસી પડી, એણે શરમથી મોં છુપાવી દીધું.

ગયાસુદ્દીન દુર્ગા પર ફિટકાર વરસાવતાં બોલ્યો, ' બેજવાબદાર છોકરો ! પ્રેમમાં ફસાઈને પોતાની ફરજ ભૂલી ગયો '

ધીમે ધીમે હોકારા પડકારા તથા ચીસોના અવાજ કાનને પીડવા લાગ્યા. થોડી જ વારમાં ગયાસુદ્દીને ઝેબુન્નિસાને દોડતી આવતી જોઈ. તે બરાબર ચંડીના ઘર તરફથી જ આવી રહી હતી. તેણે નજીક આવીને હાંફતાં હાંફતાં કહ્યું, ' પન્નૂ શું કરે છે ? શેખર ગુજરી ગયો... સોના પણ ખૂબ પીડાઇ રહ્યો છે. હું એને હૉસ્પિતાલ લઈ જવા માગતી હતી, પણ મામાએ ન લઈ જવા દીધા. બિચારી મીનુમામીનો લાડકવાયો સોના, એની સારવાર કોણ કરે ? એ પણ મીનુમામી પાસે ચાલ્યો જવાનો. હવે કોઈ નહીં રોકી શકે. '

આ વાત સાંભળતાં જ પન્નૂ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી : બંને આંખો હાથથી ઢાંકીને હીબકવા લાગી. શેખર આ રીતે ચાલ્યો જાય એવી તો એણે કલ્પના પણ નહોતી કરી. ન જાણે હવે સોનાનુંય શું થશે ? એનું હૈયું વેદનાથી ધડકી રહ્યું. આવું જાણતી હોત તો ઘરેથી કદાપિ ન નીકળી હોત. તે બબડી ' નહીં...કદી...નહીં... કદી નહીં... ' અને પછી બોલી, ' ગયાસુદ્દીનસાહેબ, ચાલો મને ઘેર છોડી આવો ! મને ઘરે છોડી આવો, હવે મારાથી ન થોભાય. ' કહેતાં કહેતાં તો એ હાંફી ગઈ.

ગયાસુદ્દીને એક વાર પન્નૂ તરફ જોયું, પછી ઉત્સુકતાથી પૂછ્યું, ' ઝેબુન્નિસા મારામારી કોની વચ્ચે થઈ રહી છે ? '

ઝેબુન્નિસા બોલી, ' બરાબર ખબર નથી, પણ સાભળ્યું છે કે ઇસ્માઇલે ખોટી રીતે ગાયની કુરબાની આપી છે. '

ગયાસુદ્દીનની આંખો સળગી ઊઠી. ને બોલ્યો, ' સમજી ગયો. પોલીસ આવી ગઈ કે નહીં ? '

' ત્યાં પોલીસ તો નથી. ' ઝેબુન્નિસાએ ગભરાયલી નજરે ગયાસુદ્દીન તરફ જોતાં જવાબ આપ્યો.

ગયાસુદ્દીને કબાટ ખોલીને એક નાનકડી પિસ્તોલ કાઢી ને એને ખીસામાં સેરવી, બહાર જવા માટે તૈયાર થઈ ગયો. તેણે ઝેબુન્નિસાને કહ્યું, ' તું ઘરમાં રોકાજે, હું પન્નૂને મૂકીને આવું છું. '

ઝેબુન્નિસા થોભી ગઈ. પછી તરત જ બોલી ઊઠી ' મારે આજે દિબ્રૂગઢ જવું જોઈએ હું રોકાઈ શકું તેમ નથી. '

ગયાસુદ્દીને ઝેબુન્નિસાને પગથી માથા સુધી માપી લેતાં કહ્યું . ' તો તું જા ! હું ઘર બંધ કરીને જઈશ ' ઝેબુન્નિસા જવા તૈયાર થઈ ગઈ, એટલે ગયાસુદ્દીને અંદરથી તાળું લાવીને દરવાજે મારી દીધું. પછી પન્નૂને કહ્યું, 'ચાલ !'

પન્નૂની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં, પરંતુ વિરોધ કરવાનો કે આશ્વાસન આપવાનો એ સમય નહોતો. મારામારીનો અવાજ વધુ જોર પકડી રહ્યો હતો. ગયાસુદ્દીને ઝેબુન્નિસાને કહ્યું, ' ઝેબુ, તુંય એકલી ન જતી. મારા મનને ચિંતા થઈ રહી છે, માટે મારી સાથે જ ચાલ ! તમનેય છોડી આવીશ. એમ થાય છે કે જાણે ભયંકર ઘટના બની રહી છે.

ઝેબુન્નિસા બોલી, ' મારી ચિંતા ના કરશો. ઇસ્પિતાલ જવા માટે એક ટૂંકો રસ્તો છે, હું એ રસ્તે ચાલી જઈશ. પરંતુ ઇસ્માઇલે બહુ જ ખરાબ કામ કર્યું છે, મને એની ચિંતા થઈ રહી છે. ' પછી ખૂબ દુઃખપૂર્ણ ભાવે ઉમેર્યું, ' એને કશુંક ના થવાનું થયું, તો સર્વનાશ જ... ' એની આંખો ભરાઈ આવી. ઇસ્માઇલ એને માટે સર્વસ્વ હતો. એ વાત એ ખુલ્લા દિલે કહી શકતી નહોતી. ગયાસુદ્દીન પણ કશું બોલ્યો નહીં. એ પન્નૂને સાથે લઈને ચંડીને ઘેર પહોચ્યોં. ત્યાં જઈને જોયું તો, આંગણામાં બે મૃતદેહ પડ્યા છે અને અસહાય ચંડી વિલાપ કરી રહ્યો છે.

ચંડીના વિલાપમાં હવે પન્નૂનો વિલાપ પણ ભળી ગયો. પન્નૂ શેખરના શબને ભેટી પડી અને રડવા લાગી. ગયાસુદ્દીનની સ્થિતિ ભારે દ્વિધાભરી બની રહી. એક બાજુ અહીં વિલાપ ચાલતો હતો, બીજી બાજુ ત્યાં મારામારી. તે પન્નૂને ઘરે છોડીને તત્કાળ ચાલ્યા જવા વિચારતો હતો, પરંતુ ચંડીની દશા જોઈને નીકળી ન શક્યો. મનમાં ને મનમાં તે ચંડીને ક્ષમા નહોતો કરી શકતો. કોલેરાની સારવાર માટે તેણે તત્કાળ ડોકટરની મદદ લેવી જોઈતી હતી. આમ તો કેટલાય દિવસથી આ રોગચાળાને કારણે ડોક્ટર મહોલ્લે મહોલ્લે ફરી રહ્યા છે, પરંતુ કમનસીબે ચંડીને ઘેર ન આવી પહોચ્યા. ગયાસુદ્દીને પૂછયું, 'કોઈને ખબર કરી કે ? રામુને.'

'રામુએ આજકાલ મારે ત્યાં આવવા-જવાનું બંધ કરી દીધું છે, બાબુ ! પન્નૂએ એની સાથે લગ્ન કરવાનો ઇનકાર કરી દીધો એટલે. હવે તે બોધનને ઘેર બેસે-ઊઠે છે. દુર્ગાને ખબર મોકલાવી છે. ' ચંડી વિલાપ અટકાવતાં બોલ્યો.

પરતું પન્નૂ તો રડી જ રહી હતી. બીજી બાજુ, ઇસ્માઇલની બરાકમાંથી મારપીટનો જોરદાર અવાજ આવી રહ્યો હતો. ત્યાં પહોંચી જવા ગયાસુદ્દીન ઉતાવળો થઈ રહ્યો હતો, પરંતુ ચંડીને એકલો છોડીને જવું યોગ્ય નહોતું લાગતું. તે ગુસ્સે થતાં બોલ્યો. ' લાગે છે કે દુર્ગાને નોકરી મળી એટલે એણે ઘર છોડી દીધું. હજી સુધી એનો આવવાનો વખત જ નથી થયો શું ? નિમકહરામ !'

ચંડી ઉદાસીન ભાવે બોલ્યો, ' આવવાનું દિલ થશે તો આવશે, નહીં તો નહીં આવે. '

બાપના મોંએથી આવી વાત સાંભળીને ગયાસુદ્દીન ચોંકી ઊઠયો. ચંડીના શરીરમાં જાણે આત્મા રહ્યો જ નહોતો. એનું ખમીર તૂટી ગયું હતું. માથા પરના રહ્યાસહ્યા વાળ પણ સફેદ થઈ ગયા હતાં. શરીર પર ફક્ત એક ખમીસ અને કમરે એક ધોતિયું, ચહેરાનો રંગ કાળો મેશ; છતાં આટલો ઉદાસ તથા આટલો ફીકો ક્યારેય દેખાયો નહોતો. પત્નીના મૃત્યુથી જ સંસારમાંથી

તેનું મન ઊઠી ગયું છે; અને સંસાર પણ તેને માટે ભારે કઠોર બની ગયો છે. છોકરો ને છોકરી મનફાવે તેમ કરે છે. એકે પ્રધાનની છોકરી સાથે પ્રેમલીલા શરૂ કરી દીધી છે અને બીજીએ રામુ સાથે લગ્ન કરવાનો ઇનકાર કરીને, કુંવારાં રહી ભણવા-ગણવાનું ચાલુ કરી દીધું છે. જ્યારે શેખર અને સોના તો ભગવાનને ઘેર વિદાય થયાં. કોલેરા જણાતાં જ તેણે માકાળીની બાધા રાખી, પરંતુ માતાજીએ તો આંખ ખોલીને જોયું સુધ્ધાં નહીં. આ બધું જોઈને એનું હૈયું મરી ચૂક્યું હતું.

ગયાસુદ્દીને ચારે તરફ નજર કરી, પરંતુ કોઈ આવતું દેખાતું નહોતું. ફક્ત બાજુના મેદાનમાં ઝાડ નીચે પેલો અપંગ ભિખારી પડ્યો હતો. ચંડી એની મનોદશા કળી જતાં બોલ્યો,

' તમે કશી ચિંતા કરશો નહીં, તમે જાઓ ! જેમને મેં મારા હાથે પાળ્યા હતા, એમને મારા જ હાથે આગ પણ ચાંપીશ. સંસાર વસાવવો મુશ્કેલ છે, પણ તોડવો ખૂબ સહેલ વાત છે. અને આ તો જાતે જ તોડ્યો છે; દવાદારૂ જ ન કરાવ્યાં ! '

બીજી બાજુ બૂમબરાડા વધી રહ્યા હતા. એટલામાં ચંડીના ઘર સામે એક એમ્બ્યુલન્સ આવીને ઊભી. એમાંથી દુર્ગા ઊતર્યો. તેણે કોટ, પેન્ટ, બૂટ પહેર્યાં હતાં, બરાબર બાબુલોક જેવો લાગતો હતો; જો કે ચહેરો દુ:ખભર્યો જણાતો હતો. ઊતરતાં જ તેણે ગાડીને વિદાય કરી દીધી અને ગાડી તોફાનના સ્થળ તરફ પૂરઝડપે ઊપડી ગઈ. દુર્ગા આગળ આવ્યો, ત્યાં સોના અને શેખરનાં શબ જોઈને તેને વજ્રઘાત જેવો આઘાત લાગ્યો. છતાં તેણે સ્વસ્થ રહેવાની કોશિશ કરી અને દુ:ખનો નિસાસો ભરતાં, ગયાસુદ્દીન સામે જોઈને તે બોલ્યો, ' જુઓને બાબુજી, આ લોકોએ મને વહેલી ખબર નહોતી કરવી જોઈતી ? '

ચંડી નિર્વિકાર ભાવે બોલ્યો, ' તને ખબર કરવાની હિંમત જ ક્યાંથી ચાલે ? નોકરી મળ્યા પછી તેં તો ઘર જ છોડી દીધું છે. '

ગયાસુદ્દીન વધુ કંઈ બોલ્યો નહીં. મારામારીનો અવાજ હજીય તેને સંભળાઈ રહ્યો હતો. તે ત્યાં પહોંચી જવા ખૂબ ઉતાવળો થતો હતો. ચંડી એની સ્થિતિ સમજી ગયો ને બોલ્યો, ' તમે હવે ઊપડો, બાબુજી ! હવે ત્યાં જ જે થઈ શકે તે કરો. સૌથી વધુ ચિંતા ઇસ્માઇલની છે. કોણ જાણે કોને શું થયું હશે તે !'

દુર્ગાએ કહ્યું, ' ઇસ્માઇલનું માથું ફૂટ્યું છે, અત્યારે તે ઇસ્પિતાલમાં છે.'

' બીજા કોઈને કાંઈ વાગ્યું કર્યું છે ? ' ગયાસુદ્દીને અધીરતાથી પૂછ્યું.

' બોધન પણ જોવામાં આવ્યો. એને એક હાથે ચોટ વાગી છે. પ્રધાનને પણ થોડું વાગ્યું છે. એમને મલમપટ્ટી કરીને ઘરે મોકલી આપ્યા. ' દુર્ગાએ ઘટનાનો મુખ્ય ખ્યાલ આપી દીધો અને ઉમેર્યું , ' ખૂબ જ શરમજનક બનાવ, ભાઈ-ભાઈ વચ્ચેનો અકારણ ઝઘડો ! પ્રધાનબાબુ તો બચાવ માટે વચ્ચે પડ્યા ને માર ખાઈ ગયા. અહમદસાહેબ પણ ત્યાં હાજર હતા. બરૂઆને પણ જોયા. માલસિંઘને પણ ત્યાં ઊભેલો જોઈને આવ્યો. રામકૃષ્ણ મિશનવાળા ઠાકુર પણ ત્યાં છે. ગોસ્વામી અને તેઓના સાથીઓ પણ...' દુર્ગાએ ખૂબ વેદનાપૂર્વક આ વાત કહી. ગયાસુદ્દીનનું મન થોડું શાંત થયું, કારણ કે બનાવવાળા સ્થળે ઘણા મોટા માણસો પહોંચી ગયા હતા. હવે

હુલ્લડ શાંત થતાં ઝાઝી વાર નહીં લાગે. એક સિગરેટ સળગાવતાં ગયાસુદ્દીને પૂછ્યું, 'બોધન ત્યાં કેવી રીતે પહોંચી ગયો ?'

દુર્ગાએ જવાબ આપ્યો, 'એ તો ખબર નથી.'

ગયાસુદ્દીન શંકા વ્યક્ત કરતાં બોલ્યો,

'કદાચ આ કામ બિહારીનું તો નહીં હોય ?'

એકાએક ચંડી બોલી ઊઠ્યો, 'મને પણ એમ જ લાગે છે કે સિંઘજીએ બોધનને ઉશ્કેર્યો હશે; બાકી એને આટલાં બધાં માણસ તથા લાકડીઓ મળે ક્યાંથી ?'

દુર્ગા બોલ્યો, 'પૂરું જાણ્યા કર્યા વગર કશું કહેવું ઠીક નહીં. મેં ત્યાં ઘણા બધા નેપાળી લોકોને પણ જોયા.'

સિગરેટનો ધુમાડો છોડતાં ગયાસુદ્દીન બોલ્યો, 'આ દેશમાં શું શક્ય નથી ? એક નાનકડી ચિનગારીમાંથી આગ ભડકી ઊઠે છે. આ તો જડ અને મૂર્ખ લોકોનો દેશ છે. એથી જ મને તો સાહેબલોકોના ઘણાબધા સદ્‌ગુણો ગમે છે. એ લોકોનું ખાવાપીવાનું, પહેરવાઓઢવાનું, રહનસહન, કામ કરવાનું, પ્રેમ કરવા બધું જ આદર્શ અને અનુકરણીય છે; જ્યારે આપણા દેશમાં બધું જ સડેલું, ગંધાતું !' એટલું બોલીને ગયાસુદ્દીન એ લોકોની વિદાય લઈ, બનાવના સ્થળ તરફ રવાના થયો. એના હૃદયમાં તીવ્ર વેદના જાગી હતી.

ચંડીએ દુર્ગાને કહ્યું, 'આવે વખતે હવે બીજું કોણ આવવાનું ? ચાલ, તું અને હું બે જઈને અગ્નિસંસ્કાર કરી આવીએ.'

દુર્ગાએ પણ આ વાત માની લીધી. અંદર જઈને તેણે બાપની ધોતી પહેરી લીધી; બે ચાદર લઈ બંને શબને વીંટાળી લીધાં. એમ કરતાં એનું હૈયું ભરાઈ આવ્યું. એનું રુદન સાંભળીને પન્નૂ પણ વિલાપ કરવા લાગી, 'સોના, હવે તું ક્યાં મળશે રે... શેખર, તું ક્યાં ચાલ્યો ગયો રે.. ઓ મા, હું સમજી ગઈ છું, તને મા પર વિશ્વાસ ન રહ્યો, એટલે જ તેં ભાઈઓને તારી પાસે બોલાવી લીધા... હું એમને બચાવી ન શકી રે...'

પન્નૂનું આક્રંદ સાંભળીને ચંડીની આંખમાંય આંસુ ભરાઈ આવ્યાં. તે બોલ્યો,

'પન્નૂ, બેટી, રડ નહીં ! હવે રડવાથી શું વળવાનું છે ? કાળકા મા રૂઠી છે, એમાં આપણું શું ચાલવાનું છે ? મા ભોગ માગે છે, ભોગ ધરાવવો જ પડશે.'

દુર્ગા કશું જ ન બોલ્યો. એને લાગી રહ્યું હતું કે મોટામાં મોટી ભૂલ તેણે જ કરી હતી. પોતે તો સમજદાર માણસ હતો. જો પહેલેથી જ કોલેરાની રસી મુકાવી દીધી હોત, તો આ બે ભાઈઓ બચી જાત. એ કામ એણે જ કરવું જોઈતું હતું. જો પોતે એ ફરજ ન બજાવી શક્યો, તો પછી હવે કશું કહેવાનો શો અર્થ હતો ? તે એટલું જ બોલ્યો :

'ચાલો બાપુજી, ચાલો આ લોકને લઈ ચાલીએ !'

બંને એકએક શબ ઉઠાવીને સ્મશાન તરફ ચાલ્યા. પન્નૂ છાતી કૂટતાં જોરજોરથી રડવા લાગી.

ગયાસુદ્દીન બનાવના સ્થળે પહોંચ્યો, ત્યારે તો હુલ્લડ શમી ગયું હતું. સારા માણસોની દરમિયાનગીરીની શાંતિ સ્થપાઈ ગઈ હતી. ગોસ્વામી તથા બીજા માણસો ઘરઘર ફરીને લોકોને સમજાવી રહ્યા હતા કે આ પ્રમાણે તોફાનો કરવાનાં કેવાં ભયંકર પરિણામ આવે છે. ઇસ્માઇલે અચૂક ભૂલ કરી હતી, પરંતુ બીજાઓએ એનાથીય મોટી ભૂલ કરી છે. ગયાસુદ્દીન પાછો ચંડીને ઘરે આવ્યો. પન્નૂને આશ્વાસન આપવું એ એનું કર્તવ્ય હતું. પરંતુ ત્યાં પહોંચતાં તેણે જોયું કે પન્નૂ આંગણામાં નહોતી.

ગયાસુદ્દીને અંદરના ઓરડામાં ડોકિયું કર્યું તો, પન્નૂ શેખરવાળી પથારી પર બેસીને, મીનુબાઈની છબી સામે દૃષ્ટિ રાખી મૂક પ્રાર્થના કરી રહી હતી. ગયાસુદ્દીનને જોતાં જ એ બોલી, અહીં મારી પાસે ના આવશો ગયાસુદ્દીનસાહેબ. હું માને પ્રાર્થના કરી રહી છું. મા મને ગુનેગાર બનાવી રહી છે... ઓ મા રે...

પન્નૂની આવી હાલત જોઈને, ગયાસુદ્દીને વિષાદપૂર્ણ હૈયે કહ્યું મરનાર તો મરી ગયા; હવે જે જીવતાં છે એમની ચિંતા કર.

એના અવાજમાં આગ્રહ હતો. એથી પન્નૂ શાંત થઈ. ગયાસુદ્દીનના ચહેરા તરફ જોઈ રહી. એની દૃષ્ટિમાં પુરુષના પૌરુષ પરનો વિશ્વાસ ચમકી રહ્યો હતો. ગયાસુદ્દીને ફરી કહ્યું, ' હું કહું છું કે તું હવે શોકનો ત્યાગ કર ! આટલું બોલી તે બહાર ચાલ્યો ગયો.

બહાર આવતાં જ ગયાસુદ્દીને જોયું કે જમણી બાજુ થોડે દૂર પોલીસ ઇન્સ્પેક્ટર મિશ્રા મોંમાંથી સિગરેટના ધુમાડા કાઢતો પોલીસને કશીક સૂચના આપી રહ્યો છે. વીરભદ્રસિંઘ પણ પોલીસની નજીક નિર્વિકાર જેવો ચહેરો રાખી ઊભોઊભો બનાવનું નિરીક્ષણ કરી રહ્યો હતો. ગયાસુદ્દીન પણ ત્યાં પહોંચી ગયો. તેણે જોયું કે પોલીસ ઇસ્માઇલ અને ચેટર્જીના ઘરની ઝડતી લઈ રહી છે. પોલીસે શું શું કરવું એની સૂચના મિશ્રા આપી રહ્યો હતો.

' અહીં શું શોધી રહ્યા છો ? ' ગયાસુદ્દીને પૂછ્યું.

' જોઉં છું, શું મળે છે તે. ' મિશ્રાએ હસતાંહસતાં જવાબ વાળ્યો, ' તમે પણ કદાચ બંને પક્ષો વચ્ચે કાયમી સમજૂતી કરાવી શકો. તમે તો એક બાજુ ડિબેજવર ને બીજી બાજુ વળી ગયાસુદ્દીન... ' ગયાસુદ્દીને પોતે એક સિગરેટ સળગાવીને પૂછ્યું, ' આ બિહારી પણ તમારી સાથે જ આવ્યો છે કે શું ? ' એમ બોલતાં તેણે સિંઘ તરફ વક્ર દૃષ્ટિએ જોયું.

'હા' મિશ્રાએ જવાબ આપ્યો અને પૂછ્યું , ' તમારો શું ખ્યાલ છે, આ તોફાન કેવી રીતે થયું ? '

ગયાસુદ્દીને કહ્યું, ' હું કંઈ જ ન કહી શકું, એને જ પૂછોને ! એનો અવાજ કઠોર બની રહ્યો.'

સિંઘ એ બાજુ વળતાં જવાબ આપ્યો ' હું તો કશું જ નથી જાણતો.

' બોઘન અહીં કેવી રીતે આવ્યો ? ' ગયાસુદ્દીને પૂછ્યું, ' એ તો ફીલ્ડ ઉપર કામ કરે છે. '

સિંઘે વાંધો ઉઠાવતાં જવાબ આપ્યો, ' આ પ્રમાણે શક કરવો એ સારું ન કહેવાય. યુનિયન રચવાવાળા માણસો મારી વિરુદ્ધ જાતજાતની વાતો ફેલાવે છે, એમાં લેશ માત્ર સત્ય નથી ' વળી શ્વાસ ભરતાં તે આગળ બોલ્યો, ' મારાથી શક્ય હોય ત્યાં સુધી હું સાહેબોથી માંડીને મજૂરો સુધી સૌ કોઈને મદદ કરું છું. બરૂઆનું મકાન બાંધવા સસ્તામાં સામાન મેં લાવી આપ્યો. ચંડીને કાલીપૂજા કરવા મેં રૂપિયા આપ્યા. એ જ પ્રમાણે માલાસિંઘ, પ્રધાન, ઇસ્માઇલ, અહમદસાહેબ, કોની મદદ મેં નથી કરી, બોલો ! એમાં મારો કયો સ્વાર્થ હતો ? યુનિયનવાળા મારા પર નાહક શંકા કરે છે. જયારે મારી શંકા જુદી જ છે; જે મેં મિશ્રાને કહી છે. અહીં ત્રાસવાદીઓ ઘૂસી આવ્યા છે. તેઓએ એક પત્રિકા પણ કાઢી છે. એ લોકોમાં અંદરઅંદર ફાટફૂટ પડી છે. એથી યુનિયન રચી શકાતું નથી ને દોષ કંપની ઉપર ઢોળી રહ્યા છે. ધાક-ધમકી અજમાવી રહ્યા છે. '

ગયાસુદ્દીને સિંઘની વાત ધ્યાનથી સાંભળી. એની વાતમાં તથ્ય જરૂર હતું. પરંતુ ત્રાસવાદીઓવાળી વાતનો પ્રચાર પણ એ જ કરી રહ્યો હતો. '

' દિગબઈમાં ક્યા ત્રાસવાદીએ પત્રિકા કાઢી છે, બતાવ ! ' ગયાસુદ્દીને એના મોં સામે તાકતાં પૂછ્યું, ' નહીં બતાવી શકે, તો મર્યો સમજજે. '

મિશ્રાએ હસીને પૂછ્યું ' બલાઈ ચાંદ નામનો શખ્સ, એ કોણ છે ? '

' અને ચેટરજી ! એય બનવાનો ' વીરભદ્ર બોલ્યો.

' અચ્છા, તો એટલા માટે આ ઝડતી લેવાય છે એમ ? કશું મળ્યું ? ' ગયાસુદ્દીને હસતાંહસતાં પૂછ્યું, ' એ બિચારાઓ પર નાહકનો આરોપ લગાવી રહ્યો છો. '

એટલી વારમાં પોલીસોએ ચોપડીઓનો એક થોકડો લાવીને, મિશ્રાની સામે ધરી દીધો. મિશ્રાએ જોયું કે મોટા ભાગનાં પુસ્તકો ' ડાકૂ મોહન ' ગ્રંથમાળાનાં હતાં, થોડાંક માર્ક્સ એન્જેલ્સનાં અને ગાંધીજીનાં હતાં. મિશ્રાએ હુકમ કર્યો,

'જાઓ, બધી પાછી મૂકી આવો, આ ચોપડીઓમાં કશું નથી.

'ચેટર્જી છે કે નહીં ? ' ગયાસુદ્દીને એક પોલીસવાળાને પૂછ્યું.

'હા છે. ' તેણે જવાબ આપ્યો.

જાઓ. એને બોલાવી લાવો. ગયાસુદ્દીને કહ્યું. પોલીસવાળો મિશ્રાના મોં સામે જોઈ રહ્યો. ગયાસુદ્દીનેનો હુકમ માનતાં એ અચકાતો હતો.

ગયાસુદ્દીનનો અવાજ સાંભળીને ચેટર્જી પોતે જ બહાર આવ્યો. એના ચહેરા પર ઉશ્કેરાટ દેખાતો હતો. એ પાસે આવ્યો એટલે ગયાસુદ્દીને એને પૂછ્યું, ' શું કરતો હતો ? '

' એ બધું તો તમે જોઈ જ રહ્યા છો, 'ચેટર્જીએ જવાબ આપ્યો, ' મારફાડ, ટંટોફિસાદ એ બધું કોને ગમે ? '

ગયાસુદ્દીનનું હૈયું અનુકંપાથી પીગળી ગયું. ચેટર્જીને સિગરેટ ધરતાં એ બોલ્યો, ' ચેટર્જી, તમારો વાંક એટલો જ કે તમે યુનિયન રચવાની તૈયારી કરો છો., કેમ બરાબર ને મિશ્રા ? '

મિશ્રા બોલ્યો, ' એ બધી જુદી વાત છે. ' એટલું કહીને તેણે પોલીસવાળાને ચાલ્યા જવાનો આદેશ આપ્યો, અનેપછી સિગરેટ સળગાવતાં વીરભદ્રને પણ જવાનું સૂચન કર્યું. વીરભદ્ર તો અહીંથી છૂટવાની રાહ જ જોઈ રહ્યો હતો. ત્યાં ગયાસુદ્દીને તેને કહ્યું, ' વીરભદ્ર, તમે ચેટર્જીને ત્રાસવાદી માનો છો, એવી વાત કોઈને કહેતા નહીં ! '

વીરભદ્રે હસતાં હસતાં જવાબ આપ્યો, ' હું સંપૂર્ણ સ્વતંત્ર માણસ છું, તુંય પૂરેપૂરો સ્વતંત્ર. કોણ કોના કામમાં રુકાવટ કરી શકે ? લોકો મને ચુગલીખોર કહે છે, તો હું એ લોકને કાવતરાંખોર કહેવાનો.'

ગયાસુદ્દીને કડક અવાજે કહ્યું, ' તું કહે છે કે તું એવું કોઈ કામ નથી કરતો, ચાલો માની લીધું. પરંતુ ભવિષ્યમાં જો કંઈ બન્યું, તો પછી જોઈ લેજે ! હવે જા ! '

મિશ્રા હસવા લાગ્યો, પછી બોલ્યો, ' અચ્છા, ગયાસુદ્દીનસાહેબ , હુંય હવે ચાલું. '

ગયાસુદ્દીન કંઈ બોલ્યો નહી. પરંતુ વીરભદ્ર તેની દૃષ્ટિને તાકી રહ્યો . તે ગુસ્સામાં હતો, પરતું ગયાસુદ્દીનને છેડવો એ સારું નહીં એમ સમજી ચૂપ રહ્યો. તેણે વિચાર્યું, કેવળ સાહેબલોકને એ ગમે છે એટલું જ નથી, આ માણસમાં એક પોતીકી વિશિષ્ટતા છે. તે પ્રમાણિક છે, સત્યવાદી છે, પરંતુ ગુસ્સે થાય તો ભયંકર બની જાય છે. વીરભદ્ર બોલ્યો ' તું મારો દોસ્ત છે. તું આવી કડક વાત કરે , એ મને ઠીક ન લાગે. '

ત્યાં ચેટર્જી બોલી ઊઠ્યો, ' કોન્ટ્રાક્ટરબાબુ, તમારા કામદારોએ આજે પહેલી વાર મારામારી કરી, એનું રહસ્ય શું બોલો ! ' ચેટર્જીના અવાજમાં કટાક્ષ તથા અસ્વસ્થતા હતાં.

વીરભદ્રના કાનગાલ એકદમ લાલ લાલ થઇ ઊઠ્યા. ગયાસુદ્દીને મિશ્રા તરફ દેખતાં હસીને પૂછ્યું, ' આપે અહીં કેટલા કામદારોની ધરપકડ કરી, મિશ્રાજી ! '

' ત્રણ જ. ' મિશ્રાએ હસતાં હસતાં જવાબ આપ્યો.

' કદાચ બતાવવા માટે જ એ લોકોને પકડ્યા ખરું ? ' ગયાસુદ્દીને પણ હસતાં હસતાં કહ્યું.

વીરભદ્ર કશું બોલ્યો નહીં. મિશ્રાની સાથે તે પણ ધીમેધીમે ચાલ્યો ગયો. ચેટર્જીએ સિગરેટનો દમ ખેંચતાં કહ્યું, ' ઇસ્માઇલનું મન પણ આણે જ ફેરવી નાખ્યું છે. '

' શું.....'

ગયાસુદ્દીનને આ વાતમાં વિશ્વાસ નહોતો આવતો. પરંતુ તે અવિશ્વાસ પણ નહોતો કરી શકતો. જયાં યુદ્ધ, ત્યાં અવિશ્વાસ હોય જ, એમાં સત્યની શોધ મુશ્કેલ જ. આ શહેરમાં હાલ એક યુદ્ધ ફાટી નીકળ્યું છે.

10

ઇસ્માઇલ હોસ્પિટલમાંથી ઘરે આવી ગયો હતો. હજી માથા પર પાટો બાંધેલો હતો. ચંડીને ઘેર ચાલતી કાલીપૂજાનાં વાજિંત્રોનો અવાજ સંભળાઈ રહ્યો હતો. નજીકના ચાના

બગીચામાંથી આવેલાં છોકરા-છોકરીઓ એકઠાં થઇ ઝૂમર નાચ નાચી રહ્યાં હતાં. ગીતના શબ્દ સંભળાતા હતા :

' એકટી પૈસા પૂઠી માંછ
કિ દિયે રાધિબો ગો,
બાગલ બૂઢા મારિયા ગેલો
કિ બોલે કાંદિબો ગો ! '

[એક પૈસાની પઠ્ઠી મચ્છ શું દઈને રાંધીએ રે,
બાગલ ડોસો મરી ગયો શું કહીને રડીએ રે !]

બંને ઘર વચ્ચે ફક્ત એક આંગણા જેટલું જ અંતર હતું ચંડીએ તેને કાલીપૂજામાં આમંત્રણ નહોતું આપ્યું. એના મનમાં દુઃખ લાગ્યું. પાણી ભરવા જતાં તે કેટલીય વાર પન્નૂને મળ્યો હતો, પન્નૂએ એકવાર પણ તેને નિમંત્રણ ન આપ્યું. એનો પોતાનો વિચાર હોય,તો પણ કદાચ ઘરવાળાંએ તેને આમંત્રવાની એને મનાઈ ફરમાવી હશે. કેવી કમનસીબ ઘડીએ પોતે કુરબાની કરી બેઠો ! એને થઈ શું ગયું હતું ? ક્યારેય નહીં કરવા જેવું કામ તે એકાએક કરી બેઠો ! આ એક જ વસ્તીમાં પંજાબી, મુસલમાન, હિંદુ બધા જ રહે છે એ ભૂલી ગયો ! એનું હૈયું દુઃખમાં ડૂબી ગયું છી..છી.. પોતે વીરભદ્રની વાત માની જ શા માટે ? ઇદ ઊજવવા માટે તે તેને પૈસા આપી ગયો હતો અને જતાં જતાં કહી ગયો હતો કે , ' સાહેબલોકની શું ઇચ્છા છે તે જાણે છે કે ઇસ્માઇલ ? '

' શું ? '

' મુસલમાનો પોતાના મજહબ અનુસાર ચાલે, ઈદ ઊજવે અને મન થાય તે ખાય ; એમાં જ કંપનીનું હિત છે.' અને પછી હસીને ઉમેર્યું હતું, ' તમે લોકો આ વખતે ખૂબ મોજથી ઈદ મનાઓ... મુસલમાનોને તારી મૂઠીમાં રાખશે, તો તને બઢતી જલદી મળી જશે.' અને તેણે ઊંડા અર્થપૂર્ણ ઢંગથી હસી દીધું.

એનું મન બગડ્યું હતું, પરંતુ હવે તેને સમજાઈ રહ્યું છે કે વીરભદ્ર કેવો માણસ છે. ચંડીને પણ તેણે જ કાલીપૂજાના પૈસા આપ્યા છે. દેવીની કૃપાથી જ કોલેરા અટકશે એવું કારણ તેણે દર્શાવ્યું છે. અને એમ હવે ચંડીના ઘરમાં પૂજા શરૂ થઈ છે. શરાબના નશામાં ચંડી ખડખડાટ હસી રહ્યો છે. પૂજારી મંત્ર ભણતો ઘંટ વગાડી રહ્યો છે. મૂર્તિ પર જબાકુસુમ ચઢાવવામાં આવ્યાં છે. બકરાનો ભોગ ધરાવાઈ રહ્યો છે. બરૂઆ પણ ત્યાં બેઠો છે. એ જરા બેચેન જણાય છે. ક્યારેક આ તરફ જુએ છે, તો ક્યારેક વળી પન્નૂએ ધરેલું પાનનું બીડું ચાવે છે.

દુર્ગા નયનમણિની નજીક જ બેસીને એની સાથે વાતો કરે છે. એણે ડ્રાઇવરનો ખાખી પોષાક બદલ્યો નથી. શા માટે બદલે ? એ પોષાક વડે જ તો તે આદર પામે છે. નયનમણિ એટલે પ્રધાનની દીકરી. પ્રધાન નેપાળી બાળમંદિરમાં શિક્ષક હતો. નયનમણિ ખૂબ જ સુંદર, ગૌર વાનવાળી યુવતી છે, દેખતાં જ ગમી જાય એવી. દુર્ગા નયનમણિ સાથે વાતો કરે છે. એ બધા જ જોઈ રહ્યા છે. બરૂઆ તથા ચંડીની આંખમાં તો એ ખૂંચી પણ રહ્યું છે. પરંતુ એ લોક

એને રોકવા હવે શક્તિમાન નથી. ડ્રાઇવરી મળી ગયા પછી, દુર્ગાએ કામકાજ, વાતચીત તથા હરવા ફરવામાં સૌમાં પોતાનું એક સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવ્યું છે. નયનમણિ તો જાણે કોઈ વગડાઉ ફૂલ, જે ફૂલ ખીલીને, સુગંધ પ્રસરાવી સર્વને આનંદ અર્પી રહ્યું છે. ક્યારેક એ પાન ખાય છે, તો ક્યારેક વળી ઝૂમર નાચ જોવામાં તલ્લીન બની જાય છે; ક્યારેક પૂજા તરફ નજર કરે છે, તો ક્યારેક વળી ઇસ્માઇલના અંધારા, ઉજ્જડ આંગણાં તરફ નજર કરી લે છે. છતાં એમ જ લાગે છે કે જાણે તે કશું જોતી જ નથી, તેની દૃષ્ટિમાં તો જાણે કેવળ એક દુર્ગા જ છે.

આ બધું જોઈ રહેલા ઇસ્માઇલે એક દુ:ખભર્યો નિસાસો નાખ્યો. એને સતત પન્નૂ યાદ આવ્યા કરતી હતી. પન્નૂ જાણે અહમદસાહેબના બાગમાં ખીલેલું લાલ કરેણનું ફૂલ, દૂરથી જોઈને આનંદ માણી લો! નજીકથી જોઈ ન શકાય. ચારે તરફ કોટકિલ્લા છે, માળી પણ છે. ઇસ્માઇલને થયું, છી...છી... પોતે આ તે કેવા વિચાર કરી રહ્યો છે! તેને એ છોકરી ગમતી હતી, જાણે કે અજાણતાં જ પ્યાર થઈ ગયો હતો. આ વાત કદાચ ઝેબુન્નિસા પણ જાણી ગઇ હતી.

ઝેબુન્નિસા પણ બેહદ ખૂબસૂરત છોકરી છે, ઇસ્માઇલે વિચાર્યું. તે જયારે જયારે એકાંતમાં પૂર્ણિમાનો ચાંદ જોતો : ત્યારે તેને ઝેબુન્નિસાનો ચહેરો જ યાદ આવી જતો. એના રૂપમાં એ ખોવાઈ જતો. પરંતુ ઝેબુન્નિસા કાંઈ ઘરસંસાર વસાવી શકે એવી છોકરી નથી. તે કોઈ એક વ્યક્તિ સાથે કેવી રીતે સંસાર માંડી શકે ? જ્યારે પન્નૂ તો ગૃહિણી બનવા માટે બરાબર લાયક છોકરી છે, સરળ, કોમળ હૃદયવાળી , નરમ, કર્તવ્યપરાયણ છે. આવી જ છોકરી ઘર ચલાવવા માટે તો જોઈએ. બહુ રૂપાળી હોય એય આફત ! એના રૂપ ઉપર મુગ્ધ થનારા લોકોની ચતુર વાણીમાં વહી જાય અને સંસારનાં બંધનથી મુક્ત થઈ જવા એની સ્ત્રી ઝંખે. પરંતુ પન્નૂનો ધર્મ જુદો છે એ જ મોટામાં મોટો અંતરાય છે. બીજી બાજુ, ઝેબુન્નિસાનો મજહબ તો એક, પણ રૂપ ખતરનાક છે !

અંતર તો ફક્ત એક આંગણા જેટલું જ છે, પણ વચમાં ધર્મની અભેદ્ય દીવાલ છે. અહીં સ્વેચ્છાલગ્ન કરવાં મુશ્કેલ છે. બધા કાંઈ ડિબેજવર હજારિકા નથી બની શકતા. થવાય પણ કેવી રીતે ? ડિબેજવર તો ધર્મને એક ડગલો માત્ર માને છે. એક ખરાબ થઈ જાય, તો બીજો ચડાવી લેતા એને સંકોચ નથી થતો.

ડિબેજવરનું ઘર પણ સામે જ દેખાય છે. પથારીમાં પડ્યોપડ્યો તે બોટલમાંથી વ્હિસ્કી ગટગટાવી રહ્યો છે. સાથેસાથે કોઈ ચોપડી વાંચતો હોય એમ લાગે છે. એ શું વાંચતો હતો, એનો અંદાજ આટલે દૂરથી પણ ઇસ્માઇલ લગાવી શકતો હતો. થોડી વાર પહેલાં જ ચેટર્જી તેને એક પત્રિકા આપી ગયો હતો. ગોસ્વામી તથા તેમના સાથીઓએ આ પત્રિકા છપાવી હતી. તેણે પૂજાઘરમાં પણ આ પત્રિકા વહેંચાતી જોઈ. ચેટર્જીએ બરૂઆ તથી ચંડીના હાથમાં પણ એકએક પત્રિકા પકડાવી દીધી હતી. ઇસ્માઇલને પોતાને પણ એક પત્રિકા મળી હતી, જે તેના ખીસામાં હતી, પરંતુ એ વાંચવાનું એને મન થતું નહોતું. અત્યારે તેના ચિત્તમાં યુનિયનની વાત પણ નહોતી. એનું હૈયું અત્યારે કેવળ પશ્ચાત્તાપના અગ્નિથી જલી રહ્યું હતું. ચેટર્જી પણ તેના ઘરની નજીક જ રહેતો હતો. તેને જોઇને ઇસ્માઇલને પોતાની જાતની શરમ આવવા લાગી. કેવી

કમભાગી ક્ષણે તેણે વીરભદ્રની વાત માની લીધી. હવે તો બધી જ પોલ ખૂલી ગઈ હતી. વીરભદ્રે જ એક બાજુ તેને અવળો રસ્તો બતાવ્યો ને બીજી બાજુ, તેણે જ બોધનને થોડાક પહેલવાનો સાથે લાઠીઓ લઈને હુમલો કરવા ઉશ્કેર્યો. તે બેય બાજુની ઢોલકી પીટે છે ને સાથેસાથે ભારે ચુગલીખોર છે. ત્યાં વીરભદ્ર પણ એક ખૂણામાં બેઠો છે. ચેટર્જીએ તેના હાથમાં પણ એક પત્રિકા પકડાવી દીધી છે. એને કદાચ લેવાની ઇચ્છા નહીં હોય, પરંતુ કમને લઈને ખીસામાં મૂકી દીધી હશે. ચેટર્જી પણ આગળ પત્રિકા વહેંચતો જ રહ્યો અને ભણેલાં-અભણ સૌએ ખુશીથી એ લઈ લીધી.

ઇસ્માઇલે એક સિગરેટ જલાવી. કઠપૂતળીનો નાચ જોતી વખતે આમ જ તેને સિગરેટની તલપ લાગે છે. તેને કઠપૂતળીનો નાચ જોવાનો શોખ છે. પીપરીના જમીનદાર દર વર્ષે ગામમાં કઠપૂતળીનો ખેલ કરાવતા હતા; જેમાં દેવ-દેવીઓ, રાજા-પ્રજા બધાને નચાવવામાં આવતાં હતાં. અત્યારે પૂજામંડપમાં પણ એક રીતે કઠપૂતળીનો ખેલ જ ચાલી રહ્યો છે; જેમાં નચાવવાળો વીરભદ્ર છે. તે દોરીથી નહીં, રૂપિયાના પ્રલોભનથી નચાવી રહ્યો છે અને બોધન, રામુ, ચંડી અને બરૂઆ બધા નાચી રહ્યા છે. અને ખુદ વીરભદ્ર પણ બીજાના હાથે જ નાચી રહ્યો છે ને ! સાંભળ્યું છે કે બરૂઆનું મકાન બાંધવા સિંઘજીએ જ બધો સામાન એકઠો કરી આપ્યો છે. બરૂઆએ નવો ઘરસંસાર માંડ્યો છે, અટલે મકાનના મોહમાં એ ફસાયો છે. સિંઘજી આ મોહમાં આગ પેટાવવા માટે ઇંધણ હોમી રહ્યા છે. એ આદમીમાં સેતાન વસે છે, અને એ સેતાન છે કંપનીનો ટાઉલર સાહેબ !

ઇસ્માઇલના મનમાં જાતજાતના વિચારો ચાલ્યા જ કર્યા. એ બધાને ફાટેલા કપડાની જેમ સાંધીને જોડી દેવાનો કોઈ ઉપાય નહોતો અને આવશ્યકતા પણ નહોતી. તેને રસોઈ કરવાનું પણ મન થયું નહીં. ભૂખ તો બરાબર લાગી હતી. કાલથી પાછું કામ પર ચઢવાનું હતું એથી ભૂખ્યા રહેવુંય મુશ્કેલ હતું. કોઈ ખાવાનું પકાવવાવાળું હોય તો કેવી મજા આવે, તેણે વિચાર્યું, પરંતુ એ કામ કાંઈ સહેલું નહોતું. એક વાર તો તેને પૂજામંડપમાં પહોંચી જવાનો વિચાર થઈ આવ્યો, પરંતુ વગર બોલાવ્યે જવાનું તેને ઠીક ન લાગ્યું.

એકાએક તેનો વિચારપ્રવાહ અટકી ગયો. તેણે જોયું કે ઝૂમર નાચની ગતિ વેગીલી બની છે. નયનમણિ અને દુર્ગાની વાતચીત પણ બંધ થઈ ગઈ છે. પ્રેમના આકર્ષણ કરતાંય નૃત્યનું આકર્ષણ વધી ગયું છે. કાળિકા માતાની લાલ જીભમાં પ્રગટ થયેલા મહાદેવને કચડી નાખવાનું વિસ્મયકારી દૃશ્ય ચાલે છે. પૂજારી ઘંટ બજાવતો મંત્ર ભણી રહ્યો છે, પુષ્પાંજલિ અર્પી રહ્યો છે. વચમાં વચમાં તે પણ ઝૂમર નૃત્ય જોઈ લે છે. ઇસ્માઇલે જોયું કે ત્યારે બગીચાની છોકરીઓ નહીં, લછમી નાચી રહી હતી. લછમીના નૃત્યના ઠેકાથી શમિયાણા નીચેની ધરતી પણ જાણે ઝૂમી રહી હતી. શરીર, કમર સર્વ અંગો નૃત્યના લયમાં લીન થઈ ગયાં હતાં. કેવળ પ્રેક્ષકોને જ નહીં, એ નૃત્યની લહર ખુદ નર્તિકાના અંતરને પણ સ્પર્શી રહી હતી. બરૂઆ પત્રિકા વાંચવાનું માંડી વાળીને લછમીને જોઈ રહ્યો છે. રામુ તો એકદમ પાગલ થઈ ગયો છે. ચંડી પણ મુગ્ધ બની એને જોઈ રહ્યો છે. જોઈ જ રહે ને ? લછમી કેવળ લછમી નથી; યૌવન છલકાવતી

સરિતા છે. એ જ નદી આજે વળી નૃત્યરમણે ચઢી છે. લછમીની આ મૂર્તિ તેણે અગાઉ ક્યારેય નહોતી જોઈ. આજે એ જોઈને તે મુગ્ધ બની ગયો.

ઇસ્માઇલે હાથમાંની સિગરેટ ફેંકી દઈ, આંખો મીંચી દીધી. આ પણ કઠપૂતળીનો જ એક વિચિત્ર નાચ હતો ને !

'આજે તું કશું નથી ખાવાનો ? લછમીનો નાચ જોઈને પેટ ભરાઈ ગયું કે શું ?'

ઇસ્માઇલે પાછા ફરી જોયું તો બોલનાર પન્નૂ હતી. અંધકારમાં પણ તેણે એના પાતળા લચકદાર શરીરનું સ્પંદન અનુભવ્યું. પરંતુ તેનું અભિમાન જાગી ઊઠ્યું, 'હું ખાઉં કે ન ખાઉં એમાં તારે શું ? નાચ ખૂબ જ સુંદર હતો, પરંતુ નાચથી ભૂખ મરી જાય એવું તને કોણે કહ્યું ?'

પન્નૂ ધીરેથી બોલી, 'ખાવું કેમ નથી ? આવો જવાન, મજબૂત માણસ, ભૂખ્યો રહે એ ભલા કેવી રીતે ચાલે ? બાકી જવાન પુરુષોની ભૂખ તો મુગ્ધા યુવતીઓનાં નૃત્ય જોઈને મરી પણ જાય.

ઇસ્માઇલ બોલ્યો, 'માથું તારું !'

પન્નૂ હસવા લાગી. પછી બોલી, 'આ રીતે તું ખાધા વગર રહે એ નહીં ચાલે. અમારા ઘરમાં મોહનભોગ બનાવ્યો છે એ લઈ આવું છું અને પાણીય ઊકળી રહ્યું છે., થોડી ચા પણ બનાવી લાવું'

એ જવા ફરી, એટલે ઇસ્માઇલ બરાડી ઊઠ્યો, 'નહીં જોઈએ, તારા ઘરની કોઈ પણ ચીજ મારે ન જોઈએ.'

'કેમ ?'

ઇસ્માઇલ કશો જવાબ ન આપી શક્યો. ઇનકારનું મૂળ કારણ બતાવતાં જીભ ઊપડતી નહોતી. પન્નૂ હસીને બોલી, 'હું તારી વાત નથી સમજી એમ માને છે ? પૂજામાં ન બોલાવ્યો, એટલે ગુસ્સે થયો છે ને ? પરંતુ બોલાવવો ન બોલાવવો એ કાંઈ મારા હાથની વાત તો નથી. આ તો સાર્વજનિક પૂજા છે અને એનો કુલ મુખત્યાર વીરભદ્રસિંઘ છે. માટે એની વાત પર ધ્યાન ન આપતો. ચાલ, હું ખાવાનું લઈ આવું, તું ઓરડામાં બત્તી સળગાવી દે !'

પન્નૂ ચાલી ગઈ. થોડી વાર પછી એક પાંદડા પર મોહનભોગ પીરસીને લઈ આવી, સાથે એક ગ્લાસ ચા પણ લઈ આવી. ત્યારે પણ તેને ત્યાંનો ત્યાં એમ જ બેઠેલો જોઈને, તે ગુસ્સે થતાં બોલી, 'અહીં કેમ બેસી રહ્યો છે ? ચાલ, અંદર ચાલ !'

ઇસ્માઇલ બોલ્યો, 'આપવું હોય તો અહીં જ આપી દે ! અહીં બેસવાનું સારું લાગે છે.'

પન્નૂ મોહનભોગ અને ચા આપીને ચાલવા લાગી. ઇસ્માઇલે પૂછ્યું, 'આ ગ્લાસનું શું કરવાનું છે?'

પન્નૂએ જવાબ આપ્યો, 'ગ્લાસ અહીં જ રહેવા દેજે !' અને તે જવા વળી.

ત્યાં મોજથી મોહનભોગ ખાતાંખાતાં, વળી ઇસ્માઇલે પૂછ્યું, ' આજકાલ તું જહાંનારાને ત્યાં ભણવા જાય છે એ વાત ખરી કે ? '

'હા' જવાબમાં પન્નૂ બોલી, ' એકલી હું જ નહીં, લછમી પણ ભણે છે.'

' લછમીય ભણે છે કે ! એટલું બોલીને તે આશ્ચર્યમુગ્ધ નજરે એની સામે જોઈ રહ્યો.

ઇસ્માઇલનું મન ક્ષુબ્ધ થઈ ગયું. એણે જોયું કે પન્નૂ પણ કશાક વિચારમાં ગરક થઈ પગના અંગૂઠા વગે જમીન ખોતરી રહી છે. ઇસ્માઇલે સવાલ કર્યો, ' શું ભણો છો ?'

' આસામી નામું ' પન્નૂએ જવાબ આપ્યો.

ઇસ્માઇલે મોહનભોગ પૂરો કરીને પાંદડું ફગાવી દીધું. ચાનો ગ્લાસ હાથમાં લઈ તે એની સામે એકચિત્તે જોઈ રહ્યો. ને વિચારતો હતો, સ્ત્રીઓ ભણવા લાગી છે. નહીં, પન્નૂ અને લછમી ભણવા લાગી છે. સદાય નજર સામે રહેનારી આ છોકરીઓ હવે વળી ભણવા લાગી છે.

ચાનો ઘૂંટડો ભરતાં ઇસ્માઇલ વિચારી રહ્યો. પન્નૂ તથા બીજી છોકરીઓ ભણીગણીને વિદુષી થઈ રહી હોય એવી કલ્પના તે કરવા લાગ્યો. આ લોકોએ ભણવાનું કેમ ચાલુ કર્યું ?એમને મુરતિયો નથી મળતો એટલે ?

પહેલાં પણ ઘણી વાર એને આ વિચાર આવેલો. મરદ લોક તો નોકરી કરી શકે, પોતાની મરજી મુજબ ગમે તે કરી શકે ; પરંતુ સ્ત્રીનું તો એક માત્ર લક્ષ્ય તે લગ્ન, લગ્ન જ એની નોકરી.

સૌથી વધુ વિચાર તેને ઝેબુન્નિસાનો આવવા લાગ્યો. એ પોતાની સાથે શાદી કરવા ઇચ્છે છે, પરંતુ પોતે એમ કરવા નથી માગતો. ઝેબુન્નિસાની અસલ જાત જાણી ગયા પછી, કોણ એની સાથે શાદી કરવાનું ? પરંતુ પન્નૂ સાથે શાદી કરવાની એની તીવ્ર ઇચ્છા છે અને ધર્મનો વાંધો ન હોત તો કશો વાંધોય નહોતો. પન્નૂ એના પ્રત્યે મીઠી નજરે જુએ છે, પરંતુ એટલી બધી આગળ વધવા તૈયાર થાય ખરી ? પન્નૂની જેમ જ આજે તે લછમીની બાબતમાંય વિચારવા લાગ્યો. આજે લછમીનું નૃત્ય જોઈને તે સાનભાન ગુમાવી બેઠો હતો. પરંતુ એ છોકરી એટલે એક સળગતો અંગારો ! જયારે પન્નૂ તો જાણે ગરમીના દિવસોમાં ફરતો પંખો, એની શીતળ હવાના સ્પર્શે જ ચિત્ત શાંત થઈ જાય.

અને ઇસ્માઇલનું મન શાંત થઈ ગયું. તેણે પૂછ્યું, ' ભણીને પછી શું કરશે, પન્નૂ ? '

પન્નૂ બોલી, ' પુસ્તકો વાંચીશ '

ઇસ્માઇલ સ્તબ્ધ થઈ ગયો, પન્નૂ તરફ અપલક જોઈ રહ્યો. પન્નૂ વારંવાર ઇસ્માઇલના અંધારા ઓરડાના દરવાજા તરફ જોયા કરતી હતી .

એકાએક એણે પ્રશ્ન કર્યો, 'શું તું ઝેબુન્નિસાવાળી વાત આગળ વધારવા નથી માગતો એ સાચું છે ? '

ઇસ્માઇલનું કામ એકદમ સરળ બની ગયું ; છતાંય તેના ગળામાં વાત અટકી ગઈ; શરમથી તે દબાઈ ગયો હતો.

પન્નૂએ બીજી વાર પ્રશ્ન કર્યો, ' સાંભળ્યું છે કે ઝેબુન્નિસા તારી ખબર પૂછવા આવી હતી. તેં એને શું કહ્યું ? '

તો પણ ઇસ્માઇલ ચૂપ જ રહ્યો. એની જીભ જ ઊપડતી નહોતી. એટલે પન્નૂએ વળી પ્રશ્ન કર્યો, ' ઝેબુન્નિસાનું શું થયું ? '

ઇસ્માઇલે મહાપરાણે જવાબ આપ્યો, ' જો પન્નૂ, ઝેબુન્નિસા મારી સાથે શાદી કરવા ચાહે છે. આજે હૉસ્પિટાલમાં પણ આવી હતી. '

દિબ્રુગઢથી મારી ખબર જોવા દોડી આવી છે. પરંતુ..... '

' પરંતુ શું ? આવી પૂનમના ચાંદ જેવી છોકરી સાથે લગ્ન કેમ નથી કરી લેતો ? ' પન્નૂએ પૂછ્યું.

ઇસ્માઇલે હવે સાહસપૂર્વક કહી નાખ્યું, ' નહીં, હું એની સાથે શાદી નહીં કરું. '

' પણ શા માટે નહીં ? ' પન્નૂએ ભારપૂર્વક પૂછ્યું.

એટલે હવે ઇસ્માઇલ સહજતાથી તથા દિલ ખોલીને બોલ્યો. ' નહીં, એની સાથે તો નહીં જ; અગર તારા જેવી કોઈ છોકરી મળી જાય તો... '

પન્નૂ ખડખડાટ હસી અને બોલી, ' એટલે કે તારે મારી સાથે પરણવું છે ? '

' હા ' ખૂબ આશાવાન બનતાં ઇસ્માઇલે જવાબ આપ્યો.

' આવું તે તારાથી બોલાય કે ? જો તારી મારી વચ્ચે કેવળ આ ચબુતરો જ આડો નથી, એક બીજી દીવાલ પણ છે અને તે વળી લોખંડી દીવાલ છે. ' પન્નૂના સ્વરમાં વેદના હતી.

ઇસ્માઇલ બોલ્યો, ' સમજી ગયો. પરંતુ એ દીવાલ શું ન જ તોડી શકાય ? '

પન્નૂ હસતાં હસતાં બોલી, ' તારામાં એટલી તાકાત છે ? '

' હા, છે, ' ઇસ્માઇલે સહજ ભાવે કહ્યું.

' પરંતુ મારામાં એટલી તાકાત નથી, હું એટલી સાહસિક ન બની શકું. ધર્મમાં માનું છું. મનમાં બીક લાગે છે... ' પન્નૂ દિલ ખોલીને કહી રહી હતી, ' અને કદીય એ ભય દૂર થશે એવું લાગતું નથી. ' વળી થોડું રોકાઇને ઉમેર્યું, ' કદાચ સાહસ કરી પણ નાખું તો એ જુદી વાત છે, પરંતુ અત્યારે એવી વાત કરવાનો કશો અર્થ નથી. '

ઇસ્માઇલે આવા જવાબને ખરેખર આશાસ્પદ માન્યો; કારણ કે પન્નૂ કેવી પ્રકૃતિની છોકરી છે એ તે બરાબર જાણતો હતો. હૈયું ખૂલી ગયા પછી પણ તે મૂળ વાત કહી નાખવા જેટલું અસાધારણ કામ તો ન જ કરી શકે. પરતું એની વાત પરથી ઇસ્માઇલને ખ્યાલ આવ્યો કે પન્નૂ તેને મહોબ્બત કરે છે. એનું ચિત્ત સ્વસ્થ હતું, નહિ તો એ આટલીય વાત ન કરે.

' તું ઝેબુન્નિસા સાથે શાદી કેમ નથી કરી લેતો ? ' પન્નૂએ પૂછ્યું. ' હવે તો એ સારી બની ગઈ છે અને થોડા જ દિવસમાં વળી નર્સ બનીને આવશે. હા, તેણે ભૂલો કરી હતી, પરંતુ એમાં એને જરાય દોષપાત્ર ન ઠરાવી શકાય. જાણે છે ને કે આ બધી બાબત માટે એ સાહેબ જ ખરો જવાબદાર છે... '

ઇસ્માઇલે ચાનો ગ્લાસ મોંએ માંડતાં કહ્યું, ' તોય એઠાં ગ્લાસમાં પાણી પીવાનું ખરાબ લાગે છે. '

પન્નૂ હસતાં હસતાં બોલી, ' પુરુષમાંય એંઠો ગ્લાસ નથી છુપાયો શું ?'

ઇસ્માઇલ ચૂપ થઈ ગયો. ગ્લાસ હેઠો મૂકીને એકચિત્તે તે લછમીનું નૃત્ય જોઈ રહ્યો. હવે લછમી માગશર મહિનાનાં પહાડી ખેતરોમાં લહરાતા પરિપકવ તુલની જેમ લળીલળીને નૃત્ય કરી રહી હતી. એના દેહમાંથી જાણે વીજળીના ચમકારા ઝબકતા હતા. માદલ નૃત્યનો લય વેગીલો બનતો ગયો. એ સાથે જ ઇસ્માઇલના હૃદયના ધબકારા પણ વધી ગયા. વીરભદ્રસિંઘના ચહેરા પર મૂઢતાભર્યું આશ્ચર્ય વ્યાપ્યું હતું. એના કપાળે પસીનો ચમકી રહ્યો હતો. તે ગ્લાસમાંથી ઘૂંટડેઘૂંટડે શરાબ પી રહ્યો હતો. બરૂઆએ ફરી વાર પત્રિકા વાંચવામાં મન પરોવ્યું, પણ ઝાઝી વાર ટક્યું નહીં; વળી પાછું લછમીના નાચ તરફ મન ખેંચાયું.

એ પછી જયાં સુધી નાચ પૂરો ન થયો, ત્યાં સુધી બંને એમ જ ચૂપ રહ્યાં. પછી પન્નૂ બોલી, ' અચ્છા, તો હવે હું જાઉં: ન જાણે કોને ક્યારે કઈ વસ્તુની જરૂર પડી જાય. સાંભળ, તું મારી બાબતમાં વિચાર કરવાનું માંડી વાળજે.'

લાચાર ભાવે ઇસ્માઇલ બોલ્યો, હું વિચાર્યા વિના નથી રહી શકતો.' અને વળી અંધકારમાં ઊંડો નિસાસો મૂકતાં કહ્યું, ' તું મને ખૂબ ખૂબ ગમે છે. '

' હું જાણું છું. ' પન્નૂએ જવાબ આપ્યો. અજાણતાં જ એની બંને આંખો ભાવાર્દ્ર બની ગઈ, પરંતુ અંધકારમાં ઇસ્માઇલ એ જોઈ ન શક્યો.

ઇસ્માઇલના મનની દ્વિધા દૂર થઈ ગઈ. તે ઊભો થયો અને ધીરેથી પન્નૂ પાસે જઈને બોલ્યો. ' તું મને પ્યાર કરે છે, એ જાણીને મને કેટલું સારું લાગ્યું તે તું જાણે છે ?'

તે પન્નૂની નજીક આવી ગયો અને તેનો હાથ પોતાના હાથમાં લેવા કોશિશ કરી, પરંતુ પન્નૂએ એમ ન કરવા દીધું.

હસવાની કોશિશ કરતાં તે બોલી, ' હવે હું જાઉં.'

ઇસ્માઇલે અંધારામાં જ પન્નૂના મુખભાવ જોવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કશું જ ન જોઈ શક્યો. કોઈ કાળીમસ જાળમાંથી કોઈ રૂપનો આભાસ આવતો હોય એવી ચમક તેની આંખોમાં પ્રવેશી ગઈ.

પન્નૂ બોલી, ' પણ તું મારી પાસેથી કશી આશા રાખતો નહીં ! '

' કેમ ?' ઇસ્માઇલે ખિન્નતાથી પૂછ્યું. માથે બાંધેલા પાટા પર હાથ મુકાઈ જતાં તેને અસ્વસ્થતાનો અનુભવ થઈ રહ્યો હતો.

' તું જાણે જ છે કે મારામાં એટલું સાહસ નથી. હું જહાંનારા જેવું ન કરી શકું. ' પન્નૂનો અવાજ ગળગળો થઈ ગયો. ' વળી હું મારા મનને જ નથી ઓળખી શકતી.'

પન્નૂની વાત બરાબર સમજવાનો પ્રયાસ કરતો હોય તેમ ઇસ્માઇલ થોડી વાર ચૂપ રહ્યો. પછી બોલ્યો, ' સમજ્યો ! ' તેનું અભિમાન ઊકળી આવ્યું.

પન્નૂ ચૂપ રહી, પરંતુ થોડી વાર પછી વેદનાપૂર્ણ ચિત્તે બોલી , ' તું મારી રાહ ન જોતો, તું મને નહીં મેળવી શકે મારું મન જ વિચિત્ર છે. લગ્ન કરવાની મને ઇચ્છા જ નથી ભણીગણીને કંઈક કરવાની મારી મહેચ્છા છે. '

' હવે આ બધી વાત છોડો ! ' એમ કહી, સિગરેટ સળગાવી, ઇસ્માઇલ કશ ખેંચવા લાગ્યો. પન્નૂની વાત તેને બરાબર સમજાઈ ગઈ હતી તે બોલ્યો, ' અચ્છા, હવે તું જા ! લોકો જોશે, તો વળી ખરીખોટી વાતો કરશે.'

પન્નૂએ કહ્યું, ' હું જાઉં છું, પરંતુ એક વાત તું પાકી કરી લે ઝેબુન્નિસાને જ નજરમાં રાખ. તું જાણે છે, મા એના પર ખૂબ પ્રેમ રાખતી હતી ? 'એટલું બોલી પન્નૂ ધીરેધીરે અંધકારમાં અદૃશ્ય થઈ ગઈ.

ઇસ્માઇલના ઘરની નજીક આવેલા મેદાનમાં ઝાડ નીચે પેલો પતિયો ભિખારી પોકારી રહ્યો હતો, ' ઓ મા...મા... આ...મા...' ઇસ્માઇલને અત્યારે એ અવાજ જરાય ન ગમ્યો, જાણે કે તે પોતાની વેદના નહીં, બલકે ઇસ્માઇલના મનની વેદના જ પ્રગટ કરી રહ્યો હતો.

પૂજામંડપમાંથી બરૂઆ ઉપરાંત બીજા પણ ઘણાબધા માણસો જવા માંડ્યા હતા. રાત ખૂબ વીતી ગઈ હતી. પ્રધાન પણ બરૂઆની પાછળપાછળ ચાલવા લાગ્યો હતો. ધીરે ધીરે બધાં જ અંધકારમા વિલીન થઈ ગયાં. રસ્તે ફક્ત આગિયા ઝબુકતા દેખાઈ રહ્યા હતા.

નયનમણિ અને દુર્ગાની વાતો પુન: શરૂ થઈ ચૂકી હતી. વીરભદ્ર લછમી સાથે વાતો કરવાની કોશિશ કરી રહ્યો હતો. તેની નજર હિંસક વાઘ જેવી લપકી રહી હતી. પ્રેમ અને માંસની લાલસા ભિન્ન છે, પરંતુ એ બે વચ્ચેની સીમા પારખવી મુશ્કેલ છે.

કઠપૂતળીઓ નાચ જોયા કરવામાં ઇસ્માઇલનું મન લાગ્યું નહીં. સિગરેટ ફૂંકતો તે ગયાસુદ્દીનના ઘર તરફ નીકળી પડ્યો.

11

ઇસ્માઇલ ગયાસુદ્દીનના સૂવાના ઓરડામાં ગયો. પલંગ પરથી ઊઠીને ગયાસુદ્દીને પત્રિકા મેજ પર મૂકતાં તેને પૂછ્યું. ' આ જોઈ કે ?'

' હા, પણ વાંચી નથી. ' ઇસ્માઇલે જવાબ આપ્યો.

' તો વાંચી લે. કંઈ ખાઈશ ?'

ગયાસુદ્દીને જવાબની રાહ જોયા વગર અંદર જહાંનારાને મોટેથી કહ્યું, ' સાંભળે છે, જહાંનારા ? ઇસ્માઇલ પણ અહીં જ જમશે. ' જહાંનારાએ અંદરથી જ વારું કહી દીધું.

ઇસ્માઇલે પત્રિકા વાંચવાની જરા ઉત્સૂકતા દર્શાવી નહીં. તેણે પૂછ્યું, ' શું બીજા પણ કેટલાક લોકો જમવા આવવાના છે ? '

'હા, નસીરઉદ્દીન તો અમારી શાદી થઇ, ને પછી ક્યારનાય જમવાના નિમંત્રણનું કહ્યા કરતા હતા. નવી પત્ની ઘરમાં આવે એટલે લોકોને જમાડવા પડે, સમજ્યો ?' ને પછી ઉમેર્યું. 'થોડો શરાબ લઈશ ?'

'ના, હું શરાબ નથી લેતો.

'તો તું પત્રિકા વાંચ. હું થોડો પી લઉં. ખાણી-પીણી પછી ફરીથી ફીલ્ડ પર જવું પડશે. એક નવો કૂવો ખોદવાનો છે. જિલાપોસીનું માથું ખરાબ થઈ ગયું છે. હું હાજર ન હોઉં તો એને ખૂબ ડર લાગે છે. આમ તો હું ફીલ્ડ પર જ રોજ ખાઈ લઉં છું. આજે જહાંનારાએ કસમ આપીને બોલાવ્યો એટલે ઘેર આવ્યો છું. તારે સારું છે. શાદી - લગન કર્યા વગર એકલા રહેવું જ વધુ સારું. ઘરમાં સ્ત્રી હોવાથી જ બસ બધી જંજાળો ઉભી થાય.' આટલું કહીને પલંગ પરથી ઊઠી, કબાટમાંથી વ્હિસ્કીની બાટલી, સોડા અને એક ગ્લાસ કાઢીને તેણે ટેબલ પર ગોઠવી દીધાં, અને ગ્લાસમાં રેડીને એક પછી એક ઘૂંટ ભરવા માંડ્યા.

ઈસ્માઇલે પત્રિકાને હાથ પણ ન લગાડ્યો. ગયાસુદ્દીનનો નિર્મળ ચહેરો જોઈને તેનું અંતર દ્રવી ગયું. આ માણસ અંદરથી અને બહારથી બંને રીતે નિખાલસ છે. કોઈને પણ માટે તેના મનમાં છળકપટ નથી. બની શકે તો લોકો પર ઉપકાર કરે, પણ અન્યાય તો સહન જ ન કરે. વિરોધ કરવો હોય તો તે પણ સાચા દિલથી જ - એકદમ સાચો માણસ ! લોકો કહે છે કે પ્રથમ પત્નીને તેણે અન્યાય કર્યો છે. પણ તે પોતે એને અન્યાય નથી માનતો. તેને સંતાન જોઈએ. તેથી જ તેણે બીજી શાદી કરવાનો નિર્ણય કર્યો અને શાદી કરી પણ ખરી. દિગબઈ શહેરમાં ગયાસુદ્દીનની જીવન કહાણી કોઈથી અજાણ નથી. અહીં કોઈ પણ બીજા કોઈનો ભૂતકાળ બાબત માથાકૂટમાં નથી પડતું પણ અહીં ગયાસુદ્દીનની ગાથા તો હરેક મજૂરની જીભે રમે છે. આને લોકો અર્વાચીન યુગનો અસુર માને છે. એવું માનવા માટે એ લોકો પાસે કારણો પણ છે. તેનો બાપ નજીકના ચાના બગીચાનો મેનેજર હતો. ભારે તગડો માણસ. બે ત્રણ લગ્નો પણ કર્યાં હતાં. માંસ - દારૂ પણ લેતો હતો. અને મરદ માણસની જેમ તે ચાલાકી પણ કરી જાણતો. ડિબ્રેજવર કોટન કોલેજમાં ભણ્યો હતો. પહેલવાન તરીકે તેની મોટી નામના હતી. ફક્ત શરીરબળમાં જ નહીં, ભણવા - ગણવામાંય તે ખૂબ હોશિયાર હતો. બીએસ.સી. પાસ કર્યા પછી તેણે કંપનીની નોકરી કરવા માંડી. અને ડ્રિલિંગનું કામ શીખીને તે મેનેજર બની ગયો. ભૂસ્તરશાસ્ત્રીઓથી માંડીને સામાન્ય મજૂર સુધ્ધાં જાણતા હતા કે ડિબ્રેજવરનું કામ કેવું ઉત્તમ છે. સાહેબ લોકોને પણ તે ગમતો હતો. આવો ભલો-ભોળો અને સાથે જ સર્વગુણ સંપન્ન માણસ કોને ન ગમે ? પણ આ બધું હોવા છતાંય, ઇસ્માઇલને ફક્ત એક જ દોષ નજરે ચડયો કે એનું જીવન તદ્દન સામાન્ય સ્તરનું નાના બચ્ચા જેવું પ્રાકૃતિક છે, તેમાં કોઈ ઉન્નત રૂચિ કે મહત્ત્વાકાંક્ષા ન દેખાય.

ઇસ્માઇલને ચૂપ જોઈને ગયાસદ્દીને પૂછ્યું. 'કેમ શું થયું ? પત્રિકા વાંચ !'

'મારાથી નહીં વાંચી શકાય.' ઇસ્માઇલે કહ્યું.

'કેમ' ?

ઇસ્માઇલે ખિસ્સામાંથી એક સિગરેટ કાઢીને જવાબ આપ્યો. ' ના બસ, આથી વધુ કશું કહી શકતો નથી.'

ગયાસુદ્દીને વ્હિસ્કીનો એક ઘૂંટડો ભરતાં હસીને તેના તરફ જોઈને કહ્યું, ' સમજી ગયો, કોઈ બીજાની વાત વિચારે છે કે શું ? '

'હા.'

'હું કહું, કોના વિશે વિચારે છે તે ? ' ગયાસુદ્દીને કહ્યું.

ઇસ્માઇલ સિગરેટ પીતાંપીતાં મૂંગોમૂંગો ઉપર છત તરફ તાકી રહ્યો.

ગયાસુદ્દીને પૂછ્યું, પન્નૂ વિષે વિચારે છે ને ?

ઇસ્માઇલ એકદમ સજાગ બની ગયો ને બોલ્યો, 'જૂઠું નહીં બોલું, પણ પન્નૂ મને મળવાની નથી.'

'તમારા લોકોમાં સાહસ નથી.' ગયાસુદ્દીને કહ્યું.

'તમારા સાહસને હું બિરદાવું છું, પણ અહીં સાહસની તો કોઈ વાત જ નથી. પન્નૂ એના પિતાને છોડી ન શકે અને ધર્મને પણ છોડી ન શકે. ' ઇસ્માઇલે હતાશ થઈને ઉમેર્યું, ' હું એના નિર્ણય વિરુદ્ધ કંઈ જ કરી ન શકું.

'સમજ્યો.' ગયાસુદ્દીન વ્હિસ્કીના બે ઘૂંટ પીને મનમાં જ ઇસ્માઇલની વાત પર વિચાર કરવા લાગ્યો. તે શું કરવા ધારે છે ? શાદી ? પણ એટલામાં જ નસીરઉદ્દીને બહારથી બૂમ પાડી, ' ઘરમાં છો કે ?'

નસીરઉદ્દીનનું આગમન ઇસ્માઇલને ગમ્યું. આ માણસ પાસે વાર્તાઓ - વાતોનો ભંડાર છે. જ્યારે કહેવાનું શરૂ કરે ત્યારે સાંભળ્યા જ કરવાનું મન થાય છે. ખાસ કરીને આ સાહેબલોકોની વાતો. નસીરઉદ્દીને એક નાના મૂઢા પર બેસતાં પૂછ્યું.' કેમ ઇસ્માઇલ શા ખબર છે ? ઝેબુન્નિસા તારી પાસે આવી હતી કે ?'

ઇસ્માઇલ જવાબ આપ્યો, ' હા, આવી હતી.'

નસીરઉદ્દીને હસીને કહ્યું, 'આ પાગલ દીકરી માટે મને ઘણું દુઃખ થાય છે. ખબર છે તને ઇસ્માઇલ ? એ એકદમ સો ટચનું અસલી સોનું છે, તેં એકલાએ જ એને ન ઓળખી.'

ઇસ્માઇલે કોઈ જવાબ ન આપ્યો. તે મૂંગો મૂંગો સિગરેટ પીતો રહ્યો. ગયાસુદ્દીને વ્હિસ્કીનો એક ઘૂંટ પીને હાથથી મોં લૂછતાં કહ્યું, 'ઝેબુન્નિસા બદનામ છે, તેથી આનું દિલ કદાચ માનતું નહીં હોય. પણ શાદી - લગ્નની વાતમાં આટલો લાંબો વિચાર શા માટે કરવો ? હું તો કહીશ કે કશું વિચાર્યા વગર કરી નાખો શાદી.'

નસીરઉદ્દીને કહ્યું, 'સૌથી મોટી વાત છે દિલ. જાણો છો ને ગયાસુદ્દીન સાહેબ, કે મનને મનાવવું ખૂબ મુશ્કેલ છે. પુરુષનું મન ચંચળ હોય છે. વેશ્યાગમન પણ એ કરવા માગે ને ઘરબારવાળો ગૃહસ્થ બનવાય માગે. આ વાત બરાબર નથી. મેં સાહેબના બંગલામાં આવું જ જોયું છે કે જે દરવાજામાંથી રાત્રે વેશ્યા પ્રવેશે છે એ જ દરવાજેથી મેમસાહેબ પણ પ્રવેશે છે.

ઓરત શું બે પ્રકારની હોય છે? આ બધો આપણા મનનો ભ્રમ છે. સાંભળો, તમને એક સાહેબની વાત કહું: ડુમડુમા બગીચાના એક મોટા સાહેબ હતા. તેનું નામ ઍંડ્રેસન. તેણે એક મજૂરણ રાખી હતી. એક રંગ સિવાય આખો ચહેરો પરી જેવો. સાહેબ તેના પ્રેમમાં પાગલ હતો. આ બાજુ સાહેબની મેમસાહેબ પણ ઘરમાં હતી. આમ ચાર વર્ષ ચાલ્યું. એક દિવસ મેમસાહેબના હાથે આ ખેલ પકડાઈ ગયો. મજૂરણ બાઈ સાથે હાથોહાથની મારામારી ધક્કામુક્કી, ખેંચ-પકડ, વાળ પીંખવા - ખેંચવા તદ્દન અઘટિત બનાવ બની ગયો. બીજે જ દિવસે છૂટાછેડા આપીને મેમસાહેબા કલકત્તા ચાલી ગઈ. પણ ઍંડ્રેસન સાહેબ તો એવા જ અચળ - અફર હિમાલય જેવા જ રહ્યા. ભાંગી તૂટી હિન્દી ભાષામાં પ્રેમાલાપ ચાલે. સાંભળવામાં બહુ જ વિચિત્ર લાગે, પણ સાહેબને તો એક જ અમૂલ્ય વસ્તુ મળી હતી . પછી એ જ બગીચામાં સાહેબ વીસ વર્ષ રહ્યા, અને પેલી કાળી સ્ત્રી વીસ વર્ષ એની મેમ બની રહી. જયારે સાહેબનો વિલાયત જવાનો સમય થયો, ત્યારે તેઓ કાળીમેમને એક દીકરી, ભરપૂર રૂપિયા તથા એક પુરુષ સાથે તેનું ઘર મંડાવીને ગયા. પેલા નવા મરદને તો ધન મળ્યું એટલે રાતોરાત એ મોટો ઠેકેદાર બની ગયો. પછી તો પેલી દીકરીનાંયે લગ્ન કરી નાખ્યાં. તેને પણ એક દીકરો થયો. એ દીકરો આજે એક પ્રખ્યાત કોન્ટ્રાકટર છે, પોતે જ ખુદ સ્ત્રી રાખી શકે એવો સાહેબ બની ગયો છે.

ઇસ્માઇલ સ્તબ્ધ બનીને આ બધું સાંભળતો હતો. તેણે અનુમાન કર્યું કે એ સાહેબ તે વીરભદ્રસિંઘ જ હશે. નસીરઉદ્દીન ક્યારેય ખુલાસાથી કોઈનું નામ દઈને વાત ન કરે. નામ કહી દે, તો રંગમાં ભંગ પડે, અને સાથે સાથે પાછલી વાતોના પોપડા ઉખેડવાથી, કેટલાય પ્રતિષ્ઠિત લોકોનું માન ઘટી જાય.

ગયાસુદ્દીનને થોડો કેફ ચઢયો હતો. તે બોલ્યો, ' બહુ જ સરસ વાર્તા કહી. હજી બીજી કોઈ યાદ હોય તો કહો.'

નસીરઉદ્દીને કહ્યું કે ' મારી ગઠડીમાં હું ઘણીય વાર્તાઓ લઈને ફરું છું, કેટલીક સાંભળશો ? ચાલો એક બીજી સંભળાવું : "મીસ મેકફરસનની વાત. તે એક ફિરંગી છોકરી હતી. દેખાવમાં એકદમ ગુલાબના ફૂલ જેવી. અમારા સાહેબની કલકત્તાવાળી પ્રેમિકાને પેટે જન્મેલી છોકરી. એણે બાપનું જ સાચું નામ રાખ્યું, તેથી આ કંપનીમાં જ સારી નોકરી મળી ગઈ. અને નોકરી મળ્યા પછી તો તે સિંહણ જેવી બની ગઈ. ધરાર મર્દનો શિકાર કરે. કેટલાય મર્દો તેની જાળમાં ફસાયા. આમ જ એક વાર તે છોકરીની જાળમાં દક્ષિણભારતનો એક ઍંજિનિયર ફસાયો. તે પણ બિચારો આ ઇસ્માઇલ જેવો હતો, ઍંઠા ગ્લાસમાં પાણી ન પીનાર; પણ તેનેય જયાં પ્રેમનું બાણ લાગ્યું કે બધી મરજાદ વ્યર્થ બની ગઈ. આ મેકફરસન હતી પણ અચ્છી નિશાનબાજ, એક જ તીરમાં બિચારા ઍંજિનિયરસાહેબને ધરાશાયી બનાવી દીધા. અને તેણે પછી લાચારીથી આત્મસમર્પણ કરી દીધું. હવે બંને મોજમાં છે. આજકાલ કંપનીની કલકત્તાવાળી ઑફિસમાં છે. અહીં કયારેક કયારેક આવે છે, ત્યારે પહેલાંવાળાં પોતાનાં પ્રેમીઓને મળી લે છે. ખરી રીતે તો પ્રેમ અને મન બન્ને ઠંડા પાણી જેવાં છે; જે પાત્રમાં રાખો તેવું રૂપ ધારણ કરી લે છે.'

ઈસ્માઈલ વાર્તા સાંભળીને હસવા લાગ્યો, પછી જિજ્ઞાસાથી પૂછ્યું, 'વારુ, એ કહો કે આ બધા જાનવર છે કે માણસો છે ?'

'માણસો·!' નસીરઉદ્દીને પોતે પહેરેલા સફેદ ઝભ્ભા પર હાથ ફેરવતાં ઉમેર્યું, માણસ પણ અડધો જાનવર હોય છે. આ સાહેબલોકો પાસે મોટામોટા કૂતરા હોય છે, જોયા તો હશે? હું જ્યારે પહેલવહેલો અહીં ખાનસામો બનીને આવ્યો ત્યારે અમારા ફિલિપસાહેબ પાસે જબરજસ્ત મોટી કાળી આલ્સેશિયન કૂતરી હતી. તેને વચ્ચેવચ્ચે ક્યારેક ક્યારેક કૂતરા પાસે લઈ જવી પડતી. તે માટેનોય ચોક્કસ સમય હોય છે. હું પહેલાં તો કૂતરીનો આવો રોગ સમજી શક્યો ન હતો, એટલે એ મને તો કરડવા ધસી આવતી, કામવાસનાથી વિવશ રહેતી. એક વાર ફિલિપસાહેબની નજર એના પર પડી એટલે તેમણે હસીને મને કહ્યું, 'તું આની પીડા જોતો નથી ? જા આને અત્યારે જ મિસીસ એગનસને ત્યાં લઈ જા, ત્યાં આનો સાથી છે' એક ચિઠ્ઠી લખીને તેમણે મારા હાથમાં આપી. ત્યારે પણ મને કંઈ જ સમજ નહોતી પડી. પોષ મહિનાની થિજાવી નાખનારી ટાઢ, એક હાથમાં કૂતરી અને બીજા હાથમાં ચિઠ્ઠી. મિસીસ એગનસને ચિઠ્ઠી આપ્યા પછી લગભગ એક કલાક તો તેમણે આલતુફાલતુ વાંચવામાં કાઢી નાખ્યો. એટલે તેના બુઢ્ઢા રસોઈઆને મેં પૂછ્યું કે તે શું કરે છે રે?

તેણે જવાબ આપ્યો કે અમારી કાળી કૂતરી સાથે એના ભૂરા આલ્સેશિયનનો સંબંધ બાંધવો કે નહીં ? જો એમનો સંબંધ થાય તો તેના પરિણામે તેનાં બચ્ચાં સારાં થશે કે નહીં ? આનો ઊંડો અભ્યાસ અને ઊંડી વિચારણા ચાલતી હતી. હું તો આવું સાંભળીને એકદમ આશ્ચર્યમૂઢ થઈ ગયો. તે પછી મેમસાહેબાએ હુકમ આપ્યો કે કાળી કૂતરીને મોટા ઓરડામાં લઈ જાઓ ! મતલબ કે કોઈ પણ રીતે એ બેનો મેળ મળી ગયો. અમારી કૂતરીને એ ઓરડામાં પૂરી દીધી ને હું બહાર તેનાં પાછા આવવાની પ્રતીક્ષા કરતો ઊભો રહ્યો. પરંતુ પેલી કૂતરી તો મને ભૂલી જ ગઈ હતી. આખી રાત તે તો ત્યાં જ રહી ગઈ. સવારે પણ પોતાના પ્રેમીથી છૂટા પડવા તે જરાય તૈયાર નહીં. આખર મહા મુશ્કેલીએ હું એને મનાવીને પાછી લઈ આવ્યો. એ દિવસથી જ મને સમજાઈ ગયું કે આ બધું કામ જાનવરોનું. અલબત્ત જાનવરો તો મહોબત કરવાની મોસમેય પાળે છે. માણસ તો એય નથી પાળતો.'

આ વાત સાંભળીને ઇસ્માઇલને ભારે હસવું આવ્યું. તે સિગરેટ ફગાવી દેતાં બોલ્યો, 'આવી આવી વાતો સાંભળવાની તો મજા આવે, પરંતુ એ કેટલી ગંદી કહેવાય એ જાણો છો ?'

નસીરઉદ્દીને હસીને જવાબ આપ્યો. 'ગંદી તો ખરી જ ને ! એમ તો મનુષ્યનો જન્મેય કેવી ગંદી રીતે થાય છે ? શું કહો છો, ગયાસુદ્દીન સાહેબ ! તમે તો રસિક માણસ છો, એટલે સમજી શકશો. લો, સાંભળો ત્યારે, બીજી એક વાત કહું : જિલાપોસીસાહેબની પહેલાં એક સાહેબ હતા, ફરગ્યુસનસાહેબ. ભારે ધર્મભીરુ માણસ. તે ક્યારેય સ્ત્રી માટે દાનત બગાડતો નહીં. આખરે તેણે લગ્ન કરવાનો વિચાર કર્યો. પૈસાદાર કુટુંબની એક ખૂબસૂરત છોકરી પસંદ પડી ગઈ, અને બસ તેની સાથે લગ્ન કરીને આ જ શહેરમાં પાછા આવી ગયા. કેટલાંક દિવસો તો બન્ને આરામથી મોજ કરતાં રહ્યાં. એક દિવસ પત્નીને પ્રસવપીડા ઊપડી, એટલે તેને

હૉસ્પિટલમાં લઈ ગયા, ત્યાં એક મરેલું બાળક જન્મ્યું ! ડૉક્ટર તો આ જોઈને અવાચક બની ગયો. બાળકના લોહીની તપાસ કરતાં જણાયું કે તે સ્ત્રીને સિફિલિસની બીમારી છે. અને ફરગ્યુસન સાહેબની સ્થિતિ એકદમ મરણ તોલ બની ગઈ. તેને આમ રોજરોજ દુબળો પડતો, સુકાતો જોઈને. તેની સાથેના સાહેબોએ પછી તેને સપરિવાર વિલાયત મોકલી દીધો. એમ કહેવાય છે કે ત્યાં આ રોગની સારી ચિકિત્સા થાય છે.'

હવે ગયાસુદ્દીને હસીને કહ્યું, 'માણસ જે ઈચ્છે છે એ એને નથી મળતું, સમજ્યો ઈસ્માઈલ ! માટે તું સમજીને સાવધાન થઈ જા !'

ઈસ્માઈલે જવાબ આપ્યો, 'તોય મનને બાંધી રાખવું ભારે કઠણ કામ છે.'

'કઠણ હોય તોય શું ! એ તો સહન કરી જ લેવું જોઈએ.' નસીરઉદ્દીન બોલ્યો, 'પ્રેમને જેટલી ગંભીરતાથી સ્વીકારશો; એટલો જ વધારે એ તમને કોરીકોરીને ખાઈ જશે. છેવટ તમને રસ્તે ભિખારી બનાવીને છોડશે.'

ઈસ્માઈલ હસતાં હસતાં બોલ્યો, 'ક્યારેક એમાંય મજા આવે.'

નસીરઉદ્દીન બોલ્યો, 'ત્યારે તો તારી હાલત ચિંતાજનક કહેવાય. એવી પરિસ્થિતિમાં કેવી મજા પડે એ ખબર છે ? ચાલો, એની જ એક વાત સંભળાવું : આ જ અજાયબ શહેરની એ વાત છે. સાત સમંદર અને સત્તર નદીઓ ઓળંગીને આવેલી મેમસાહેબાઓને અહીં રહેવાનું શહેર જેવું ગમતું નથી. કોઈ ટાપુમાં ચાંચિયાઓ વચ્ચે ઘેરાઈ જવા જેવી હાલત અહીં એ લોકોની બની જાય છે. મોટા મોટા બંગલાની અંદર એકલાં રહેતાં ક્યારેક ક્યારેક સ્વપ્નાઓમાં પણ તેમને તેમનાં મન-પ્રાણ હરણ કરનારા લોકો આવી પહોંચતા દેખાય છે. સૂતાં-જાગતાં, ઊઠતાં-બેસતાં બસ એક જ ચિંતા. કંઈ પણ ગમે નહીં, કોઈ વાતે મન લાગે નહીં. એક બંગલામાં એક દૂબળી-પાતળી મેમસાહેબા રહેતી હતી. તેના પતિને તો આ સ્ત્રીને મળવાનો સમય જ મળતો ન હતો. કયારેય સાથે હરવા-ફરવાનો ય સમય નહોતો મળતો. ફકત રાત જ સાથે રહેવા માટે હતી. તેમાં એક દિવસ એવો અકસ્માત બન્યો કે વિલાયતમાં કોઈ અખબારમાં કામ કરતો એક ખૂબસૂરત યુવાન કલકત્તાથી આવી પડયો. આવીને મેમસાહેબના જ બંગલે ઊતર્યો. નિયમ પ્રમાણે જ સહજ વાતચીત- વાર્તાલાપ થવા માંડયાં. એક બે દિવસ પછી મેમસાહેબાએ પ્રસ્તાવ મૂકયો કે બન્નેએ કયાંક દૂર શિકાર માટે જવું. ડીહીંગ નદીના ઉપરવાસે, જયાં હરણાં જોવા મળે છે ત્યાં જ માંચડો બાંધીને બન્નેએ હરણ મારવાં. બે દિવસ શિકારમાં જ વીતી ગયા. પછી વળી શરૂ થયું મોટરકાર લઈને હરવા ફરવાનું. ક્યારે, કયે વખતે કયાં જાય તેની કંઈ જ ખબર નહીં. કયારેક કયારેક તો તેઓ રાત્રે પાછાં પણ આવતાં નહીં. આવી બધી ઘેલછા જોઈને સાહેબને ઈર્ષ્યા થવા માંડી. ઈર્ષ્યા ખૂબ ખરાબ ચીજ છે. લગભગ દસેક દિવસ પછી એક દિવસ બંગલામાંજ બન્ને પુરુષો વચ્ચે સામસામી ચર્ચા, દલીલો, મારામારી, મુક્કાબાજી પણ થઈ. વાત આખર એટલી હદે પહોંચી કે બંદૂક ચલાવવા પર બંન્ને આવી ગયા. ત્યારે મેમસાહેબા બંનેની વચ્ચે આવી ઊભી રહી ગઈ ને બોલી,' આ ઝઘડાનું મૂળ કારણ હું છું, મને જ ગોળી મારી દો !' ત્યારે એ બન્ને ઝગડતા સિંહ જેવા પુરુષો અટક્યા. પણ બીજે જ દિવસે તે જુવાન વિલાયત

પાછો ચાલ્યો ગયો. પછી એના પર કોઈ ચર્ચા થઈ નહીં. પરંતુ મેમસાહેબના મનમાં ભૂત સવાર થઈ ગયું હતું. તે ન ખાતી, ન પીતી, ન બોલે, ન ચાલે, ન હસે કે ન રડે ! બસ એકાંતમાં કંઈને કંઈ વિચાર્યા જ કરે. વળી અચાનક તેના મનમાં પરિવર્તન આવ્યું. ખૂબ ચીંચવા લાગી ને ચીંચીને બબડે, હસે, રડે , ને કયારેક જોરથી ચીસો પાડે. એક દિવસ આવીજ હાલતમાં ધડાક દઈને પડી ને તેનું માથું ફૂટયું. તો વળી એક દિવસ બંદૂક લઈને મરવા નીકળી પડી. સાહેબે તેના આવા ગંભીર હાલ જોઈને તેને વિલાયત મોકલી દીધી. તે ગઈ તે ગઈ, તે પછી તેને પાછી આવેલી નથી જોઈ. સાહેબ હંમેશ શરાબ પીતાંપીતાં તેને યાદ કરતા રાતો ગુજારે ; જોકે એ સાહેબનું પણ પછી વધુ રહેવાનું ન બન્યું. નાની ઉંમરમાંજ નોકરી છોડીને તે ચાલ્યા ગયા. સમજયો ઇસ્માઇલ ? પ્રેમ આવી અવ્વલ દરજ્જાની બીમારી છે, જેને માટે કોઈ ઔષધ કામિયાબ નથી બની શકતું. મરીએ, તો મોત પછીય તે સાથે આવે છે.

ગયાસુદ્દીને વ્હિસ્કી પીતાં કહ્યું, ' આ વાર્તા છે ખૂબ સરસ , પણ આ તો બધા નબળા લોકોનો પ્રેમ !'

નસીરઉદ્દીને કહ્યું,' નિર્બળ લોકોનો નહીં,સબળ લોકોનો આ પ્રેમ છે. મનુષ્યો બે પ્રકારના છે : એક પ્રકારના લોકો એવા છે, જેમને પ્રેમ પ્રગટ કરવાનું ગમે છે, જયારે બીજા પ્રકારના લોકો એવા છે, જેઓ પ્રેમને એક ડબ્બામાં બંધ કરીને તેના પર મોટું તાળું લગાવી શકે છે. એમાં ઇસ્માઇલ પ્રથમ પ્રકારનો અને ઝેબુન્નિસા બીજા પ્રકારની વ્યકિત છે. હું આ છોકરીને બરાબર ઓળખું છું. એના જેવી વ્યક્તિઓ દુનિયામાં બહુ જ ઓછી હોય છે. એ સુંદર છોકરી કયારેક કયારેક જહાંગીર બાદશાહની નૂરજહાં જેવી લાગે છે. પહેલી વાર જયારે મેં તેને સાહેબના ઓરડામાં મોકલી હતી, તે રાતે મારી આંખોની ઊંઘ હરામ થઈ ગઈ હતી; મને કયારેય કોઈ સ્ત્રીની વાતે આટલી ચિંતા નહોતી થઈ. બીજે દિવસે જયારે તે પાછી આવી, ત્યારે મને જે વાતની શંકા હતી તે જ વાત એના ચહેરા પર સાફ દેખાઈ આવી હતી. મોં પર જાણે કાળા નાગે ડંખ દીધા હોય ! ચહેરો એકદમ એવો ઊતરી ગયેલો ! હું કશું જ ન કહી શક્યો, પણ મને લાગ્યું કે મેં એક બહું મોટું પાપ કરી નાખ્યું છે. તે દિવસ પછી પણ મેં એના ચહેરાને બહુ ધ્યાનથી જોયા કર્યો છે. કૃષ્ણપક્ષના આસમાનનો ચંદ્ર જાણે ઉત્તરોત્તર વધુ ને વધુ કાળો બનીને ક્ષીણ થતો હોય એ જ રીતે, હું જોઈ શકતો કે બંગલામાં જઈને એ ક્ષીણ થતી જાય છે.મને થયું આ મારા મનની ભ્રમણા પણ હોઈ શકે. પણ આખરે એક દિવસ તેણે જ સામે ચાલીને મને કહ્યું , ' હું હવે અહીં ફરીથી નહીં આવું દાદાજાન !' અને પછી મેં પણ એ વાત માટે સંમતિ આપી. તેના પછી જે કંઈ થયું તે તો તમે બધા જ જાણો છો, ગયાસુદ્દીન સાહેબ ! હવે એના મનમાં પ્રેમનો ઉદ્ભવ થયો છે, અને તે તને પોતાનો બનાવવા માગે છે. તું આના પર વિચાર કર ઇસ્માઇલ, એને ખરાબ સ્ત્રી ન માન. તે આ નસીરઉદ્દીનની જ દીકરી છે, સમજયો ? તે ખરાબ હોઈ જ ન શકે ! સાહેબે જયારે મારી પોતાની ઓરતનું હરણ કર્યું, ત્યારે પણ હું કંઈ જ નહોતો કરી શક્યો. આ લોકો જયાં સુધી અહીં રહેશે, ત્યાં સુધી આવું જ બધું કર્યા કરશે. એટલા માટે જ વાતને બરાબર એકવાર સમજી લે, એકદમ ના ન કહી દે ઇસ્માઇલ!"

વૃધ્દ નસીરઉદ્દીનને ગળામાં સોસ પડવા લાગ્યો. એ પ્યાસી નજરે ગયાસુદ્દીનની વ્હિસ્કીની બાટલી તરફ વારંવાર જોવા લાગ્યો. ગયાસુદ્દીને કહ્યું, ' હું તો ભૂલી જ ગયો, નસીરઉદ્દીન, હું હમણાં જ ગ્લાસ લઈ આવું છું. ' આટલું કહીને તેણે કબાટમાંથી બીજો ગ્લાસ કાઢ્યો ને તેમાં શરાબ રેડી તેની સામે ધર્યો. નસીરઉદ્દીને ગ્લાસ ઉપાડી તેમાંથી એક ઘૂંટ પીને ઇસ્માઇલ સામે જોયું. ઇસ્માઇલ આંખો બંધ કરીને વિચારી રહ્યો હતો.

ગ્યાસુદ્દીન બોલ્યો, ' સાહેબલોકો જયાં સુધી અહીં રહેશે, ત્યાં સુધી સ્ત્રીઓ તો શું, પુરુષો પણ સુખશાંતિથી જીવી નહીં શકે, સમજયો ? તેં આ પત્રિકા વિષે કંઈ સાભળ્યું છે, નસીરઉદ્દીન!'

' હં.....હા.....નસીરઉદ્દીને જવાબ આપ્યો, આ એ જ છે કે શું ? વાંચો તો ભલા !'

ગયાસુદ્દીને પત્રિકા ખેંચી લઈને કહ્યું, ' આને વાંચવાનું કહ્યું, પણ તેણે વાંચી નહીં. લાવો, હું જ વાંચું છું, સાંભળો !'

ગયાસુદ્દીને પત્રિકા હાથમાં લીધી અને વાંચવા લાગ્યો : " સાહેબ લોકોએ પોતાનાં ધન અને બુદ્દિ રોક્યાં છે, અને જ્ઞાન વાપર્યું છે. તેના જ જોરે કૂવામાંથી તેલ કાઢીને એ શુધ્દ કરવાની વ્યવસ્થા કરી છે. સારી વાત છે. પણ એથી કરીને આ લોકો મજૂરોને દબાવીને રાખવા માંગે એ કેવી રીતે ચાલે ? શહેરમાં કોઈપણ મજૂરની નોકરીની સલામતી કે કાયમીપણું નથી. લેબર બ્યુરોની ઇચ્છા પ્રમાણે એ લોકો મજૂરોને લે છે અને ઇચ્છા પ્રમાણે તેમને બરતરફ કરી દે છે. કંપની ધારા પ્રમાણે મજૂરોને છુટ્ટી નથી આપતી; પર્વોની રજા પણ ચાલુ પગારે નથી આપતી. વળી તેમને મજૂરીનો દર પણ ઓછો મળે છે. દૈનિક આઠ આના, અને કારકૂનોને મળે છે ફક્ત પચ્ચીસ રૂપિયા ! ડોકટરી સગવડ પણ અપેક્ષા પ્રમાણે નથી મળતી. અકસ્માત થાય તો કાયદેસર વળતર પણ મળતું નથી. હમણાં જ કૂવાના મજૂરોને અન્યાય થવાથી, એ લોકોને લાચારીથી કામ બંધ કરવું પડ્યું. મજૂરોની માંગ હતી ઓવરટાઇમના પૈસા, કંપનીના ખર્ચે જમવાનું, અને પર્વો માટે ચાલુ પગારે રજા. એ લોકોને અઠવાડિયાની એક છુટ્ટી પણ નિયમિત રીતે નહોતી મળતી. વધારામાં વળી કૂવા પર કામ કરનાર એક મજૂરની નાની અમથી ભૂલ માટે તેને નોકરી પરથી કાઢી મૂક્યો. બસ, આવાં બધાં કારણોએજ મજૂરોએ હડતાલ કરી છે."

આટલું વાંચીને ગયાસુદ્દીને એક ઘૂંટ શરાબનો ભર્યો. ઇસ્માઇલની આંખ ખૂલી તે સીધો ટટ્ટાર બની બેસી ગયો. આ બધી વાતોએ તેનું ધ્યાન ખેંચાયું. કૂવાના કાઢી મૂકેલા મજૂરેનું દ્રશ્ય તેની આંખ સામે તરી આવ્યું. તેને અફસોસ થયો કે તે દિવસે શું વિચારીને તે ગયાસુદ્દીન સાથે સ્ટેશને ન ગયો ? તેણે જવું જોઈતું હતું. સાથે કામ કરનાર મજૂરોએ આવું વિચાર્યું હશે કે ઇસ્માઇલે સાથ તો ન આપ્યો ભલે, પણ એનામાં થોડી સહાનુભૂતિ અને મમતા પણ નથી ! ફોરમેન બનીને તે જાણે બહુ મોટો હોદ્દેદાર બની ગયો છે ! તેણે ઉત્સૂકત્તાથી કહ્યું , 'આ બધુ સાંભળું છું તો બહુ સારું લાગે છે. મજૂરોને માટે આ પહેલાં ક્યારેય આવું લખાણ પ્રકાશિત નથી થયું. આગળ વાંચોને !'

ગયાસુદ્દીને આગળ વાંચવા માંડ્યું, ' સાહેબ લોકોએ એનું જ વેર વાળવા પંદરસો મજૂરોનેય છૂટા કરી દીધા છે. છટણી થયેલા મજૂરો કાકલૂદી કરીકરીને મરી ગયા, પણ તેમને કાઢી જ મૂક્યા, અને તેમની જગ્યા પર નવા માણસોને લઈ લેવામાં આવ્યા. '

ઈસ્માઇલે ફરીથી આંખો બંધ કરી દીધી. આ વખતે તેના મનમાં પન્નૂની મૂર્તિને ઠેકાણે છટણી થયેલા મજૂરોનું દૃશ્ય હતું. બાળબચ્ચાં લઈને આજે એ લોકો ક્યાં જતાં હશે ? એ લોકોના ખાવા-રહેવાની શી વ્યવસ્થા થઈ હશે ? તેનું હૃદય રડી ઊઠ્યું.

ગયાસુદ્દીન આગળ વાંચતો હતો : "ત્યાર પછી છટણીનો એક નવા પ્રકારનો અમલ થયો. વિલાયતથી આવેલાં નવા યંત્રોએ મજૂરોની જગ્યા લેવા માંડી છે. તેના પરિણામ રૂપે વળી વધારે છટણી થઈ. કંપનીએ લોકોને ચકાસી, કેટલાકને ઊંચા પદ પર નિયુક્ત કરી દીધા, તો કેટલાકને નીચી પાયરી પર ઉતારી દીધા. કયાંય કોઈ પ્રકારનો નિયમ નહીં; બધું જ પોતાની મરજી પ્રમાણે ! એ. બી સી ડી વગેરે કેટલાક વર્ગો પાડી કેટલાંક મકાનો બનાવવામાં આવ્યાં; પણ એ મકાનોમાંથી કેટલાંય મકાનોમાં લાઇટ, પાણી, નાવણ વગેરેની સગવડ નથી. તેમના કમાન્ડન્ટ સ્ટાફ તથા સાહેબોના કવાર્ટરોની સરખામણીમાં આ બધાં મકાનો કોઠાર જેવાં છે. સાહેબોના બંગલામાં ઢગલાબંધ વીજળીના પંખા, તે જ પ્રમાણે લાઇટો ને પાણીના નળ, પડદા, કાર્પેટ, ડાઇનિંગરૂમનું ફર્નિચર, ટેલિફોન મોટર, રસોઇયા. જયારે બીજી તરફ એકલા રહેતા મજૂરોનાં ઘરો બરાક જેવાં છે. એક બરાકમાં જ નાનીનાની દસ ઓરડીઓ છે અને આઠ બાય આઠનું નાનું રસોડું. આખી બરાકના લોકો માટે એક જ પાયખાનું. ઘર ઉપર પતરાનાં છાપરાં, જયાંથી જરાય અજવાળું જ ન આવે. આવાં ઘરોમાં વળી સ્ત્રીઓ માટે નાહવાની જગ્યા પણ અલગ નથી રાખી. બધા માટે એક જ પાણીનો નળ. કોન્ટ્રાકટરોના મજૂરોની હાલત તો એથીય ભૂંડી છે. એ લોકો તો ભયંકર ગંદી ચાલમાં રહે છે."

હવે ઈસ્માઇલ બેસી ના શકયો. તે ઊભો થઈ ગયો અને બોલ્યો, 'સાવ સાચી એવી વાત લખી છે. આ બધી જ તો અમારા મનની વાતો છે. કોણે લખી છે, કોણે ?'

ગયાસુદ્દીને કહ્યું, નામ તો આપ્યું નથી, એટલે કોઈ એક માણસનું નામ ન લઈ શકાય. ગોસ્વામીએ લખ્યું છે, એવી વાત હતી; પણ જે કોઈએ લખ્યું હોય, તેણે સાચી વાત નિર્ભય રીતે લખી છે. આ જ તો સૌથી મોટી વાત છે. હવે બાકીનો શેષ ભાગ સાંભળો :

" આ બધી અગવડો અને અન્ય અસુવિધાઓના ઇલાજ માટે મજૂરોએ સંગઠિત થઈ યૂનિયન રચવું પડશે. હિન્દુસ્તાનમાં મજૂર મંડળ ધારો અમલમાં આવ્યો છે, એ જ કાયદા અનુસાર યૂનિયન રચીને તેને રજિસ્ટર કરાવવું પડશે. તે માટે મજૂરોની એક સામાન્ય સભા બોલાવવા તૈયારી કરવી પડશે. કારકૂન, મજૂર, ખાનસમો, રસોઇઓ, પટાવાળો, ડ્રાઇવર બધાએ જ આ યૂનિયનના સભ્ય બનવું પડશે. આ મજૂર આંદોલન પાછળ ભારતની કોટિકોટિ જનતાનો ટેકો છે. તેથી તેમણે નિર્ભયતાથી સંગઠનનું કામ શરૂ કરીને, પોતાના અધિકારોનો સ્વીકાર કરાવવો અને તે ઉપરાંત ઓછામાં ઓછા મજૂરીના દર, પગાર સહિતની પર્વોની રજા, પગારવધારો, પગાર પ્રમાણે બોનસ, વિશિષ્ટ કાર્યક્ષમતા માટે બોનસ, નોકરીની સલામતી, મજૂરો માટે મકાન, ડોકટરી સારવારની સગવડ - આ બધી માગણીઓનો સ્વીકાર કરાવવા માટે લડત આપવી પડશે...."

ગયાસુદ્દીને વાંચવાનું પૂરું કરીને પત્રિકા ફેંકી દીધી અને શરાબનો એક ઘૂંટ લીધો. ઇસ્માઇલ ઓરડામાં આંટા મારવા લાગ્યો, અને પત્રિકામાં લખેલી બધી વાતો ઉપર વિચાર કરવા લાગ્યો : પોતાની મેળે જ સંગઠિત થઈને પરિસ્થિતિ સુધારી શકાય ખરી ? કે માત્ર નિર્ણય જ કરી શકાય, નિર્ણય જ માત્ર ! પછી થોડી વાર તે શાંત થઈને બેઠો. આંખો બંધ કરીને મજૂરોનાં ઘરબાર અને સલામતીની વાતો પર વિચાર કરવા લાગ્યો. તેણે કલ્પના કરી કે પછી તો શહેરમાં રહેવું વધારે સારું લાગશે, કામ કરવાનું ગમવા લાગશે અને સૌથી મોટી વાત તો બધા વચ્ચે ઐક્ય સધાશે, એ એકતાથી લોકોને બળ મળશે.

યૂનિયન એટલે શું, તેનો હવે તેને સ્પષ્ટ ખ્યાલ આવ્યો.

નસીરઉદ્દીન બોલ્યો, 'લખ્યું તો બધું બરાબર જ છે, પણ ફકત લખવાથી શું વળે ? કામ કરી દેખાડવું પડશે.'

ગયાસુદ્દીન મૂંગો રહ્યો, પછી ધીરેથી તે બોલ્યો, 'હવે બહુ મોડું થઈ ગયું. જહાંનારા રાહ જોતી બેઠી હશે. હું જમવાની તૈયારી કરવાનું તેને કહી દઉં.' ગયાસુદ્દીન ઊઠીને અંદર ચાલ્યો ગયો. ઈસ્માઇલ અને નસીરઉદ્દીન બન્ને મૂંગા બેસી રહયા.

થોડી જ વારમાં ગયાસુદ્દીને બન્નેને ખાણાના મેજ પર બોલાવ્યા. જમવા બેસતાં એકવાર ઇસ્માઇલે જહાંનારા તરફ જોયું.

આ સ્ત્રી પાતળી, લાંબી અને દેખાવમાં સુકાઇ ગયેલા ફૂલ જેવી હતી. પરંતુ તેની નજરમાં એક પ્રકારની મીઠાશ તરતી હતી. જહાંનારાએ હસીને પૂછ્યું, 'અમારી શાદીને દિવસે તમે ન આવ્યા કે?'

ઇસ્માઇલે જવાબ આપ્યો, 'જુઓને ઈદનો દિવસ પણ એમ જ ગયો, અને તમારા લગનપ્રસંગે પણ ન આવી શકયો. ઈદને બીજે જ દિવસે તો... .....'

જહાંનારા કંઈ ન બોલી. ગયાસુદ્દીને તો નામનો જ લગ્નપ્રસંગ બનાવી દીધો હતો; ન રીત, ન રિવાજ, કે ન કોઈ ખુશી-આનંદ ! અને અહમદસાહેબના ઘરમાં તો આનંદઉલ્લાસ ન જ હોય. બસ જેમ તેમ નિકાહ થઈ ગયા. ન કોઈ આવ્યું - ગયું, અને નહોતી એવી કોઈ ધામધૂમ. અહમદસાહેબે તો કોઈ પણ રીતે આ નમાઈ ભાણેજી પ્રત્યે, માત્ર ફરજ અદા કરીને, તેની સંપૂર્ણ રીતે પોતાના મનમાંથી પણ કાઢી નાંખવાની પૂરેપૂરી કોશિશ કરી હતી.

જહાંનારા નીચું માથું રાખી ખાવાનું પીરસતી હતી. નસીરઉદ્દીને કહ્યું, 'આવો નિરસ લગ્નપ્રસંગ મેં મારી જિંદગીમાં બીજો જોયો નથી. ઇસ્માઇલ, આ નિકાહ જાણે એકલા ખુદા સમક્ષ થયા હોય; માણસોની હાજરીમાં નહીં ! પણ આ જ અસલી નિકાહ કહેવાય.'

ઇસ્માઇલે કહ્યું, 'ધામધૂમ ન કરી તે સારું જ કર્યું.'

ગયાસુદ્દીને કહ્યું, 'અને શાદી પણ કેવા દિવસે થઈ ! ચારે બાજુ અશાંતિ ફેલાયેલી હતી. કોઈના ચહેરા પર જરાય ખુશી નહોતી. મેં મારી શાદીમાં કોઈને જ બોલાવ્યા નહોતા. અને બોલાવ્યા હોત તોય કોઈ ન આવત. આમ પણ હિંદુઓ આ અઘટિત વાતથી અસંતુષ્ટ બની જ ગયા હતા, અને ઉપરથી તમે લોકોએ પણ એક તમાશો ઊભો કરી દીધો હતો.' ગયાસુદ્દીને

દુ:ખી અવાજે ઉમેર્યું, 'તારી નાદાની હજી સુધી ગઈ નથી હોં ! વીરભદ્રસિંહે તારું માથું ખરાબ કરી દીધું હતું. જો હવેથી એવી ભૂલ કદી કરતો નહીં'

ઇસ્માઇલે કહ્યું, 'સાચી વાત. હવે કયારેય એવી ભૂલ ફરી નહીં જ થાય.' શરમથી એનું મોં લાલ થઈ ગયું. જહાંનારાએ ભાત પીરસતાં કહ્યું, 'ઇસ્માઇલ, લે ભાત ખા ! બીજું તો કંઇજ સારું બનાવ્યું નથી. આમ તો ઘણી બધી વાનગીઓ બનાવવાનો વિચાર હતો. પણ એક કલાક સુધી આમની તરફથી કોઈ ખબર જ મળ્યા નહીં અને તેથી બજાર-ખરીદીએ પણ ન નીકળી શકી. કયારેક ફરી પાછા બોલાવીને સરસ ઠાઠથી જમાડીશ.'

જહાંનારાનો આવો ઓશિયાળો અવાજ સાંભળીને તેણે કહ્યું,' અરે નહીં રે, હું તો જાતે જ આવી પડ્યો છું અને ફરી પણ કયારેક આમ જ આવી પડીને જમી જઈશ. ખાણીપીણી તો ઠીક છે, અસલી ચીજ તો પ્યાર છે. આ શહેરમાં બસ એનો જ અભાવ છે.'

જહાંનારા હસીને બોલી, 'અમે વળી પ્યારેય વધુ કયો આપી શકવાના ? બહુ બહુ તો જયારે પણ અહીં આવશો, ત્યારે એક કપ ગરમ ચા આપી શકીએ.'પછી કંઈ વિચારીને ઉમેર્યું, 'હા, પણ તારે માટે તો એક કામ વધારે કરી શકું, એક સરસ મજાની શાહજાદી તારે માટે શોધી લાવી શકું.'

ઇસ્માઇલે હસતાંહસતાં પ્રશ્ન કર્યો, ' શાહજાદી તે વળી આપણને કયાં મળવાની ?'

નસીરઉદ્દીન બોલ્યા, 'એ તને કયાંથી ખબર પડે ભલા ? કહાણીઓમાં પણ આવે છે કે બાદશાહોને છેવટ સુધી એની ખબર નહોતી પડતી કે શાહજાદી કયાં મળશે. એ લોકો તો બસ સપનામાં જુએ અને પછી એમના અનુચરો દેશપરદેશ દોડવા માંડે; નદીઓ ને સમંદરો ઓળંગે, હાથીઘોડા સાથે ચઢાઈ કરીને લડાઈઓ જીતે અને છેવટે શાહજાદી મેળવે. ગયાસુદ્દીનસાહેબે પણ જહાંનારા બેગમ એ જ રીતે પ્રાપ્ત કરી છે. કેમ ખરું ને? અને જો તું આમ જ હાથપગ જોડીને બેસી રહેશે, તો તો તને શાહજાદી કેમ કરીને મળવાની?'

ગયાસુદ્દીન પણ ખાવાનું અટકાવીને હસવા લાગ્યો. પછી જહાંનારાને પૂછ્યું, જહાંનારા, મેંય પેલા રાજકુમારો જેવું તપ કરેલું ખરું કે ?'

જહાંનારાએ જવાબ આપતા કહ્યું, ' તમે રાજકુમાર હતા કે જીન એ કેવી રીતે કહી શકાય ?'

નસીરઉદ્દીન બોલ્યો, ' આપ લયલા છો અને ગયાસુદ્દીન મજનૂ !'

એટલે ઇસ્માઇલ હસતાંહસતાં બોલ્યો, ' પરંતુ મને એક બીજી ઉપમા યાદ આવે છે : જહાંનારા ઝુલેખા છે, અને ગયાસુદ્દીન છે યૂસુફ.'

આ સાંભળીને જહાંનારા પણ હસ્યા વિના ન રહી શકી. પોતાની સરખામણી ઝુલેખા સાથે કરી એ બદલ તે ઇસ્માઇલ પ્રત્યે અહેસાનની લાગણી અનુભવી રહી. પોતે આ કથા મૌલવી સાહેબ પાસેથી સાંભળી હતી : એ શાહજાદી બસ સૂતાં-જાગતાં, દેશ-પરદેશમાં ફક્ત યૂસુફના જ વિચાર કર્યા કરતી હતી. ઓખાએ જેમ અનિરુદ્ધને સપનામાં જ જોયો હતો, એમ ઝુલેખાએ યૂસુફને પણ સપનામાં જ જોયો હતો. બાપે બિચારીને કયાંક મિસરમાં પરણાવી દીધી,

પણ એને ત્યાં શાંતિ ક્યાંથી મળે ? છેવટે એણે યૂસુફને શોધી કાઢયો અને બંનેએ આખર પરસ્પર મિલન સાધ્યું. પ્રેમનો માર્ગ હમેશાં કાંટાળો જ હોય છે.

નસીરઉદ્દીને કહ્યું,`વળી એક બીજી વાતની આપ લોકને ખબર છે? ઝુલેખા શાદી કર્યા પછી પણ યૂસુફને ભૂલી નહોતી શકી. મહોબત જ એને લાચાર બનાવીને ખેંચી ગઈ.' અને પછી તેણે દુઃખપૂર્વક ઉમેર્યુ, 'તને પણ એ બેહદ પ્યાર કરે છે, ખબર છે? '

ઇસ્માઇલ સમજી ગયો કે નસીરઉદ્દીન કોનો ઉલ્લેખ કરી રહ્યો હતો . એ વારંવાર તેને ઝેબુન્નિસાની જ યાદ અપાવ્યા કરતો હતો. આ વાતનો ઇસ્માઇલને કંટાળો આવવા લાગ્યો હતો. એટલે માથું નીચું રાખીને તેણે ચૂપચાપ ખાવા માંડયું. એની ઇચ્છા જવાબ આપવાની નહોતી, પરંતુ જહાંનારાને આ વાતનું ખૂબ કુતૂહલ થયું. એટલે એણે પૂછયું, 'એ વ્યક્તિ વળી કોણ છે ?'

એટલે નસીરઉદ્દીન એકદમ ઉન્સાહમાં આવી જઈ બોલ્યો, 'એ ઝેબુન્નિસા જ. એની રગરગ હું પીછાણું છું. એ તાલીમ માટે દિબ્રુગઢ ગઈ હતી, પરંતુ એ બધું છોડીને તે સીધી અહીં દોડી આવી, કારણ કે ઇસ્માઇલ હોસ્પિટલમાં હતો. ત્યાં જઈ ને તેને મળી હતી, પણ આણે તો એની સાથે જરાય વાત ન કરી. તે મારી પાસે આવીને રડી પડી હતી. તેને માટે મને મનમાં ખૂબ જ દુઃખ થાય છે , કારણ કે મેં એને મારા ખોળે ઉછેરી મોટી કરી છે, તેનાં સુખદુઃખની વાત મારા કરતાં વધારે કોણ જાણે ?' વાતો કરતાં કરતાં તે ખાવાનું પણ ભૂલી ગયો, 'ગયાસુદ્દીન સાહેબ, તે તમને સાચા ઇન્સાન માને છે. તે દિવસે તમે નિડરતાથી તેને તમારા ઘરમાં જગા કરી આપી, બીજો કોઈ જ આવું ન કરી શક્યો હોત, ખરેખર જ ન કરી શકે. તમારી એ હિંમત જોઈને જ તેને લાગ્યું કે દુનિયા કંઈ સાવેસાવ ખરાબ તો નથી જ'

ગયાસુદ્દીને કહ્યું, 'માણસ હોય, તેને અનાજ અને છોડાં વચ્ચેના ફરકની જાણકારી હોવી જોઈએ; મોતી અને મેલનો ભેદ તો સમજવો જોઈએ. હું પણ ઝેબુન્નિસાને ઓળખું છું. તે જેની સાથે પણ લગ્ન કરશે, તેનું જીવન સુખી કરશે'

ઇસ્માઇલ સમજી ગયો કે આ બન્ને એ બધું તેને જ સંભળાવી રહ્યા છે.

જહાંનારાએ કહયું, 'ઝેબુન્નિસા પાસે રૂપ છે, પણ ચરિત્ર નથી એમ ઇસ્માઇલ માને છે એ હું જાણું છું. કેમ બરાબરને ઇસ્માઇલ ?'

ગયાસુદ્દીને કહયું ,'તારા એ વિચાર વ્યવહારુ નથી. વિચાર કરો કે કોઈ એક સ્ત્રી પર કોઈ પુરુષ બળાત્કાર કરે, તો તેને કારણે તે સ્ત્રીનું ચરિત્ર ભ્રષ્ટ થઈ ગયું કહેવાય? ધારો કે ઝેબુન્નિસા કોઈ સાહેબનું ગેરકાયદે સંતાન હોય, તો એમાં ઝેબુન્નિસાનો શો વાંક ? એ વાત માટે તેને અપરાધી ઠરાવનારા આપણે કોણ ? માટે જ સમાજ જે બધી વાતોને આગળ ધરે છે, એ બધી જ કંઇ સત્ય નથી હોતી. આ વાતો કંપની જે રીતે આપણને જ બધી વાતે દોષિત ગણે છે એના જેવી થઈ. કંપની જે બધી વાતોને સત્ય ગણાવે છે, તે બધું કાંઈ સત્ય તે સાંભળવું પડશે. તેવી જ રીતે આપણે ઝેબુન્નિસાની વાત પણ સાંભળવી પડે. અને હવે એ સારી છોકરી બની ગઈ છે. વળી તેને સારી બનાવવી એ આપણું કર્તવ્ય છે.'

જહાંનારા મૂંગી રહી, આ બધી વાતો વ્યવહારુ છે. નસીરઉદ્દીન પણ હવે ચૂપચાપ જમવા લાગ્યો. ઇસ્માઇલના અભિપ્રાયની જ જાણે બધાં રાહ જોઈ રહ્યાં, પણ તે હા કે ના કંઈ જ કહી ન શક્યો.

ઇસ્માઇલને મૂંગો જોઈને ગયાસુદ્દીને થોડી વાર રહીને પૂછ્યું, ' કેમ રે, વળી પાછો તું પેલી વિશે જ વિચાર કરવા લાગ્યો કે શું ?'

'કોના વિશે ?' જહાંનારાએ જિજ્ઞાસાથી પૂછ્યું. 'તારી વિદ્યાર્થિની પન્નૂ વિશે.' ગયાસુદ્દીન બોલ્યો.

જહાંનારાએ હસીને કહ્યું, 'નહીં, એ બાજુ હાથ લંબાવવો નહીં જોઈએ. કેરી હંમેશાં કંઈ દબાવીને ન તોડાય.'

હવે ઇસ્માઇલને લાચારીથી પણ જવાબ આપવો જ પડ્યો. 'ના,ના, એની સાથે તો મારી શાદી થઈ જ ન શકે, કદી નહીં ! અને ઝેબુન્નિસા સાથે પણ ન થઈ શકે.'

જહાંનારાએ હસતાંહસતાં ઇસ્માઇલના ચહેરા સામે તાકીને કહ્યું 'એમ! તો પછી બીજી કોઈ રાજકુમારી તો નથી મળી ?'

ઇસ્માઇલે કહ્યું,' હું કોઈ શાહજાદો પણ નથી અને કોઈ શાહજાદી મારે માટે ઇંતેજાર પણ કરતી નથી. ગમે તે છોકરી મળી જશે, તેની સાથે હું શાદી કરી લઈશ. ચાલો, હવે કોઈ એકાદ વાર્તા સંભળાવી દો, નસીરઉદ્દીન સાહેબ !'

નસીરઉદ્દીને બગાસું ખાતાં કહ્યું, 'ઇસ્માઇલ, તું ભારે ભેજાગેપ માણસ છે. જહાંનારાએ તને પેટ ભરીને ખવડાવ્યું, તોય એક રાજકુમારી નથી જડતી ? તો હવે નવી વાર્તા શું સંભળાવું તને !'

12

તેલનો એક નવો કૂવો ખોદવા માટે ડેરિક ગોઠવ્યું હતું. શારડીની અણી લગભગ સો વાર જમીનની અંદર જાય, ને પછી પાઈપ દ્વારા દબાણ લાવવા માટે પાણી અને બારીક માટીનું મિશ્રણ નાંખવામાં આવ્યું હતું. ત્યાર બાદ મોટા ખાડાને સિમેન્ટ લગાવીને બાંધવાની યોજના કરવામાં આવી હતી. ગયાસુદ્દીન અને ભૂસ્તરશાસ્ત્રી ટેન્સસાહેબ ચર્ચા કરતા હતા કે કેટલા ફીટ ઊંડે કોરવું જોઈશે ! ટેન્સસાહેબનો અંદાજ હતો કે લગભગ છ હજાર ફીટ નીચે જ તેલ મળી શકે એમ છે.

પણ શારકામના નિષ્ણાત ગયાસુદ્દીનને બરાબર ખબર હતી કે કેટલા ઊંડાણે તેલ પ્રાપ્ત થઈ શકે. એનો ગણિતને આધારે નિર્ણય કરવો, એ કપરું કામ છે. કુદરત ગણિતની ગણતરીઓને ઉલટાવી નાંખે છે, તેણે કહ્યું, 'આવા બધા અંદાજો નકામા છે.'

ટેન્સસાહેબે ભ્રૂકુટી ચડાવીને ગયાસુદ્દીન સામે જોયું. ગયાસુદ્દીન લાંબોપહોળો માણસ;

જબરી તગડી, માંસલ એની કાયા વળી મોં પર માન, અભિમાનના ભાવ જરાય ન મળે. બહુ જૂનો કર્મચારી. દિગબઈના લગભગ બધા જ કૂવાના ઇતિહાસનો એ પૂરેપૂરો જાણકાર. વૈજ્ઞાનિક દૃષ્ટિએ ધરતીનું બંધારણ ભલે નથી નક્કી કરી શકતો, પણ ખોદકામ કરતાં કરતાં તે ઘણી વાતો વધારે સારી રીતે સમજી શક્યો હતો. તેથી ટેન્સસાહેબ તેને કંઈજ કહી ન શક્યો.

ગયાસુદ્દીને એક સિગરેટ જલાવી. આમ, તેલના ખોદકામની જગ્યાએ સિગરેટ સળગાવવી અને વળી ઉપરી અધિકારીની સામે સિગારેટ પીવી એ ટેન્સ સાહેબ કેવી રીતે સહન કરી શકે? તેથી તે દૂર જઈને કોન્ટ્રેક્ટરના મજૂરોનું કામ જોવા લાગ્યો. ખાસ તો નજીકના બગીચામાંથી આવેલી મજૂરણોને જોતો હતો. તે બધી સ્ત્રીઓ મજાક-મશ્કરીઓ કરતીકરતી રેતીના ઢગલામાંથી તગારાં ભરીને પેલા ખાડામાં નાખતી હતી. સાહેબને નજીક આવેલા જોઈને તે લોકોની ગમત-મજાકો બંધ થઈ ગઈ.

એટલામાંજ એક અકસ્માત થયો. રેતી ઉપાડીને જતી એક જવાન મજૂરણ થાકથી લોથપોથ થઈ, કેસિંગ અને ડ્રિલિંગ મશીન વચ્ચેના ખાડામાં કાદવને લીધે લપસી પડી. બધાએ ચીસાચીસ કરી મૂકી. મજૂરણ વધુ ને વધુ ઊંડે ખૂંપતી જતી હતી.

ગયાસુદ્દીને તરત સિગરેટ બુઝાવી અને બૂટ ઉતારી નાંખ્યા. તેણે દસેક વાર છેડે પડેલી એક નિસરણી લાવીને ખાડામાં ગોઠવી દીધી, ને પોતે નીચે ઊતરીને મજૂરણને ઉપર ખેંચી લાવ્યો અને પછી તેને ઘાસ પર સુવડાવી દીધી. તેનું આખું શરીર કીચડમાં રગદોળાઈ ગયું હતું. માથામાં પથ્થર વાગ્યા હતા, ને માથામાંથી લોહી વહી રહ્યું હતું. પગ પણ ઘવાયા હતા. ગયાસુદ્દીનનું શરીર પણ કાદવથી ખરડાયું હતું. એકાએક તેણે એ મજૂરણને જોઈ તો તે લછમી હતી ! અરે, બગીચામાંથી આવેલાં આ વધારાનાં મજૂરોમાં લછમી ક્યાંથી આવી પડી ? પણ અત્યારે એવો પ્રશ્ન કરવાનો સમય ન હતો. તેણે ખિસ્સામાંથી રૂમાલ કાઢીને લછમીના ઘાવ પર બાંધી દીધો, છતાં પણ લોહી વહેતું બંધ થયું નહીં, છેવટે તેણે ખમીસ ફાડી નાખીને ઘા પર બાંધ્યું.

ટેન્સસાહેબે એમ્બ્યુલન્સ માટે કહેવડાવ્યું, પણ હૉસ્પિટલમાં એક પણ એમ્બ્યુલન્સ નહોતી. તેથી લછમીને એક સ્ટ્રેચર પર નાખીને હૉસ્પિટલ પહોંચાડવામાં આવી. ગયાસુદ્દીને હાથ ધોઈને ફરી એક સિગરેટ સળગાવી, પછી બોલ્યો, 'સાહેબ, આ છોકરીની હાલત ગંભીર છે.'

ટેન્સસાહેબનું મોં ફીકું પડી ગયું. તે બોલ્યો, 'આઈ એમ સોરી !' અને બસ ત્યાં વાત પૂરી થઈ ગઈ. ગયાસુદ્દીન પણ પોતાના કામમાં લાગી ગયો. ટેન્સ પોતાને બંગલે ચાલ્યો ગયો.

ત્યારે ભરબપોર થઈ ગયો હતા છતાં ઠંડી લાગી રહી હતી. તડકો નારંગી રંગનો દેખાતો હતો. થોડે દૂર શેડમાં ભડભડ કોલસા જલી રહ્યા હતા. અને નજીકમાં બેઠેલા બે માણસો ઍંજિન ચલાવી રહ્યા હતા. ઍંજિનનો ભખ્ ભખ્ અવાજ એ લોકના કાનને બહેરા કરી નાંખતો હતો. કદાવર શરીરવાળા ગયાસુદ્દીને શારકામ ચાલુ કરી દીધું હતું.

'ગયાસુદ્દીન સાહેબ !' પેલામાંથી એક જણે હાંક મારી.

'શું છે ? ગરબડ ના કર !' તોછડી રીતે બોલવાનો ગયાસુદ્દીનનો સ્વભાવ જ હતો.

'ઍંજિન બહુ જ ગરમ થાય છે.'

કંટાળાથી ગયાસુદ્દીનનો ચહેરો વાંકો થઈ ગયો. થારકામ અટકાવીને તે ઍંજિન પાસે પહોંચ્યો. થોડી વાર એને તપાસ્યું, પછી બોલ્યો, 'ગભરાવાનું કોઈ કારણ નથી. સાંજ સુધી બરાબર ચાલશે. એનું વાઈસર જરા ખરાબ થઈ ગયું લાગે છે.' એટલું કહીને ગયાસુદ્દીન પાછો થારકામ તરફ ચાલ્યો ગયો.

ઍંજિન ચલાવવાવાળા ચૂપકેથી બબડતા હતા : આઈમા બોલ્યો, 'સાંભળ, અહીં તો ક્યારેય ફુરસદ નથી મળતી. કામ, કામ ને બસ કામ જ ! જો ને, આજે રાત્રે પણ આ સાહેબને અહીં જ રહેવું પડશે. તેને ઘેર નવેલી વહુ છે; પણ પત્ની કરતાંય વધારે આનું મન આ થારકામમાં છે. આ માણસ નથી, સાવ રાક્ષસ જ છે.'

બીજો માણસ રામૂ હતો. તેનું મન કામમાં લાગતું નહોતું. લછમીની ગંભીર હાલત જોયા પછી તેનું મન ખૂબ જ અશાંત બની ગયું હતું. આથિડ વયે તેનો આ વળી બીજો પ્રેમ હતો. પન્નૂએ તેને નકાર્યો હતો ને આજકાલ લછમીને ઘેર તેની આવ-જા વધી ગઈ હતી. તેના બાપ બોધનનું મન તો છોકરીને પરણાવી દેવાનું હતું, પણ આ લછમીના ભીતરનો તાગ હજી તેને મળ્યો નહોતો. લગ્નની વાત સાંભળતાં જ તે ખડખડાટ હસી પડતી એ ખરું, પણ હજી સુધી તેણે ચોખ્ખી ના નહોતી કહી. તે બોલ્યો, 'મને આજે કંઈ ઠીક નથી લાગતું. ચાલો, ઍંજિન ચાલે ત્યાં સુધી કંઈ બીજી વાતો કરીએ. ચાલ, જરા આઘે જઈએ.'

થોડે દૂર જઈને ઘાસ પર બન્ને સામસામે બેઠા. આઈમાએ હસતાંહસતાં પૂછ્યું, 'કેમ લછમીને જોવા જવાનું મન થાય છે ને ?'

'હા.' એમ કહીને તે પણ તેની નજીક સરક્યો અને પોતાનું હૈયું ઠાલવ્યું, 'કેટલી વાર મેં એને કહ્યું કે તારે કામ પર જવાની કંઈ જરૂર નથી, છતાં તે માની જ નહીં. આજકાલની આ છોકરીઓ કેવી છે, બધું જ કામ મનમોજી - પોતાનું ધાર્યું જ કરે !'

આઈમાએ કહ્યું, 'જવાન છોકરીઓનેય પોતાનું આગવું મન હોય છે.'

'પરંતુ એમના મનનું મૂલ્ય જ શું ?' રામૂએ જવાબ આપતાં કહી નાખ્યું, 'શાદી કર્યા વગર કોઈ છોકરીને ચાલ્યું કદી ?'

આઈમા હસી પડ્યો, પછી બોલ્યો, 'તમે લોકો પણ ખરા છો, કેવી વાતો કરો છો ? અમારા સમાજની વાત જાણો, તો જ તમને ખબર પડે કે છોકરી એ શું ચીજ છે ! તેનો મિજાજ એવો તો બંડખોર કે પુરુષને ગાંઠે જ નહીં.'

રામુ શરમાઈ ગયો. તેને લાગ્યું કે આઈમા જરા વધારે પડતું ઉઘાડું બોલી ગયો. ત્યાં તો આઈમા એથીય આગળ વધીને કઠોરતાથી બોલ્યો, 'હેં રામુ, આ લછમી તારામાં તે શું જોઈને શાદી કરવાની ? ફક્ત પુરુષજાતના હોવું, એમાં જ કંઈ બધું આવી ન જાય. ખરેખર મરદની જેમ જીવી જાણવું જરૂરી છે.'

હવે રામુને અંતરમાં જબરો આઘાત લાગ્યો. તેણે ખિસ્સામાંથી બીડી કાઢીને સળગાવી. આઈમા પણ ઘાસ પર લંબાવીને સૂઈ ગયો. તેને રંગૂનના દિવસો યાદ આવ્યા. ત્યાંનું જીવન અહીંથી સાવ જ જુદું ! ત્યાં આખો દિવસ કામ કરો ને રાતનો થાક ઉતારવા માટે ત્યાં ઓરતની સોબતનો અભાવ નહીં. જુવાન ઓરતો સાથે ટીખળ-મજાકો ને દોસ્તીમાં તેનું જીવન લહેરમાં પસાર થતું હતું. અહીં એવી કોઈ સગવડ નથી. અહીં પણ તેણે ઘણી સ્ત્રીઓ સાથે સંબંધો બાંધવા અજમાયેશ કરી, પણ અહીંની સ્ત્રીઓ સંકોચ રાખે ને ઘરની બહાર સહેલાઈથી નીકળે નહીં. એવા સંકોચને લીધે તે ખૂબ દુ:ખી થઈ ગયો. છેવટે તેણે દુ:ખનો સાથી મેળવ્યો - એક માત્ર શરાબ !

આઈમાએ ખિસ્સામાંથી શરાબની બાટલી કાઢી. એ બિયરની બોટલ હતી. બૂચ ખોલીને તે એકલો પીવા લાગી ગયો.

રામૂએ ત્યાં સુધી બીડી પીતાંપીતાં લછમી વિશે વિચાર્યા કર્યું. એટલામાં તો ચેટર્જી ત્યાં આવી પહોંચ્યો. તેની કાયા દૂબળી-પાતળી હતી ને આંખો પર ચશ્માં હતાં. તેણે પૂછ્યું, 'આઈમા, કેમ ઊંઘી રહ્યો છે ?'

આઈમા બેઠો થઈ ગયો. પોતાની બૉટલમાં બાકી રહેલી શરાબ તેણે જોઈ ને પછી ચેટર્જી સામે ધરી દીધી. પણ ચેટર્જીએ પીવાની કોઈ ઇચ્છા દર્શાવી નહીં. એટલે આઈમા પોતે જ તે બચેલી શરાબ ગટગટાવી ગયો. ચેટર્જી આઈમાની નજીક બેસતાં બોલ્યો, 'પેલી પત્રિકા નીકળી છે તે ખબર છે ?'

'હા સાંભળ્યું તો છે, પણ પત્રિકાથી વળવાનું શું ? અહીં તો કામ, કામ ને બસ કામ, ક્યારેય છુટ્ટી જ ના મળે !' આઈમાનો ચહેરો નફરતથી વિકૃત થઈ ગયો.

'અને એ સાંભળ્યું કે ? બલાઈ ચાંદ અને ગોસ્વામી બંનેને સરકારે હદપારી ફરમાવી છે ?'

આઈમાએ હસીને કહ્યું, 'આવું બધું તો આજકાલ બન્યા જ કરે છે.' યૂનિયનના સંગઠન માટે આ બે જણાની અહીં અનિવાર્ય જરૂર છે, ત્યારે જ કંપનીએ એ લોકને ત્રાસવાદી ગણાવીને તડીપાર કરાવ્યા !' ચેટર્જીના અવાજમાં એક પ્રકારનો ઉશ્કેરાટ હતો, ખાસ કરીને 'ત્રાસવાદી' શબ્દ ઉચ્ચારતાં તે ઉશ્કેરાઈ ગયો હતો.

આઈમા ઠંડા પેટે બોલ્યો, 'એનો તો કશો વાંધો નહીં. ઇચ્છા હોય, તો યૂનિયન રચો !' આટલું બોલીને તેણે ઍન્જિનના અવાજ તરફ ધ્યાન આપ્યું અને પછી રામુને સંબોધી કહ્યું, 'અરે રામુ, જરા જઈને ઍન્જિનમાં કોલસા નાખ, હવે ઓરતની જ વાત ના વિચાર્યા કર !' રામુ ઊઠ્યો તે ઊઠવાનો જ વિચાર કરતો હતો, કારણ કે એનું મન આવી વાતોમાં લાગતું જ નહોતું. ચેટર્જીએ કહ્યું , 'કેમ એને શાદીની ચિંતા થાય છે કે શું ?'

'હા', આઈમાએ કહ્યું, 'અહીં શાદી વગર ઓરતની સોબત મળી શકતી નથી.'

ચેટર્જી હસવા લાગ્યો. તેને ઇસ્માઇલ યાદ આવી ગયો. તે બિચારો કેવળ પન્નૂના વિચારો કરીને જ દિવસો ગાળે છે. પેલી તરફ ઝેબુન્નિસા ઇસ્માઇલના જ વિચારોમાં તલ્લીન રહેતી હતી.

આ મહોબ્બત ચીજેય ખૂબ અજબ છે. પણ આ રામૂને તો ફક્ત ઘર જ માંડવું છે. જે કોઈ તૈયાર થાય એ ચાલે. આઈમાએ પૂછ્યું, 'કેમ તમો હસો છો ?'

ચેટર્જીએ પોતાના મનમાં આવેલા એ બધા વિચારો એને કહ્યા. એ બધું સાંભળ્યા પછી આઈમાએ કહ્યું, 'હવે એ બધી વાત કંઈ સાચી મહોબ્બત ન કહેવાય. આ તો ઘર માંડવા માટેની ચેષ્ટાઓ છે; કોઈ પક્ષી માળો બાંધવા માટે મહેનત કરે તેવી.'

ચેટર્જીએ હસતાંહસતાં આઈમા તરફ જોઈને કહ્યું, 'એમ ? તો આ મહોબ્બત નથી ?'

આઈમાએ કહ્યું, 'ના નથી જ. મને આવી બધા પંચાત પસંદ નથી. હા, મને કોઈ ઓરત ગમી જાય, તો હું તેની સાથે પ્યાર કરું, તેને ચૂમવાનું મન થાય, તો ચૂમી લઉં, વાતો જ કરવાનું મન થાય, તો માત્ર વાતો કર્યા કરું. બસ એમાં જ આપણા રામને આનંદ !' આઈમા થોભ્યો. એનું મન એકદમ હળવું થઈ ગયું હતું. પછી તેણે કહ્યું, 'હજી એક બોટલ છે, પીશો ?'

મને પીવાની આદત નથી અને હું તો ખાઈ-પીને નીકળ્યો છું. તને એક વાતની ખબર છે ?'

'ઊભા રહો, હું બાટલી લઈ આવું.' આઈમા શેડમાં જઈને બિયરની બીજી બોટલ લઈ આવ્યો, અને ખોલીને મોંએ માંડી, અડધોઅડધ બિયર ગટગટાવી ગયા.

ચેટર્જીએ રોષભરી નજરે તેની સામે જોતાં કહ્યું, 'આ શું ? એ એક જાતનો વ્યભિચાર ન કહેવાય ?'

આઈમાએ બાકી વધેલો બિયર પણ ગટગટાવી જતાં કહ્યું, 'એમાં વ્યભિચાર ક્યાં આવ્યો ? આ તો એક સ્વાભાવિક બાબત ગણાય. અથવા એમ કહોને, કે એમાં મહોબ્બત તો નથી જ.'

ચેટર્જીને આ બધી વાત ઠીક ન લાગી. આઈમા હસતાંહસતાં બોલ્યો, 'આપ સાહેબમાં ધાર્મિકતા જાગી ઊઠી છે. આમ ના કરાય, ને તેમ ના કરાય - એવું બધુ કહ્યા કરવાથી જ હિંદુઓની આ પડતી થઈ છે.'

ચેટર્જી કશું બોલ્યો નહીં. આઈમા સાથે દલીલબાજી કરવાનો કશો અર્થ નહોતો. પેલી બાજુ ભૂંગળું વાગી રહ્યું હતું. ખાણાની રિસેસ પૂરી થઈ ગઈ હતી. એટલે ચેટર્જી ઊઠીને પોતાના કામ પર જવા ઊપડ્યો. તેને જતો જોઈને આઈમાએ ટકોર કરી, 'તમે લોકો બધા તદ્દન જ નકામા છો.'

આ સાંભળતાં જ ચેટર્જી ક્રોધથી ગર્જી ઊઠ્યો, 'આવી બેજવાબદાર વાતો કેમ ભરડ્યા કરે છે ?' પછી ખિસ્સામાંથી પત્રિકા કાઢીને આઈમાને આપતા કહ્યું, 'લે આ હું તને આપું છું, તે કોઈની પાસે વંચાવીને સાંભળજે !' આટલું કહીને તે ઉતાવળે ચાલતો થયો. આઈમા નિરપેક્ષ ભાવે હાથમાં પત્રિકા લઈ બેઠો હતો, ત્યાં તેની નજર થારડીની નળીમાંથી નીકળતી ધાર તરફ ગઈ. ગયાસુદ્દીને આવેશથી બૂમ પાડીને કહ્યું, 'જોયું, આઈમા જોયું ? કેટલા ઓછા ઊંડાણેથી આ તેલ નીકળી આવ્યું ! અને સાહેબ કહેતા હતા, દસ હજાર ફીટ થારકામ થશે... જા ઝટ જા, અને સાહેબને ખબર આપી દે.'

આઈમાએ એક છોકરાને બોલાવીને તેને ટેન્સ સાહેબને બંગલે દોડાવ્યો. ગયાસુદ્દીન આઈમા બેઠો હતો ત્યાં આવી, કોટ મૂકીને બેસી ગયો. પછી ઘાસ પર જ તેણે લંબાવી દીધું, અને બોલ્યો, 'અરે આઈમા, એક બોટલ બિયર લાવ તો !' આઈમા જઈને બિયરની બે બોટલ લઈ આવ્યો. એક તેણે પોતે લીધી ને બીજી ગયાસુદ્દીનને આપી. ગયાસુદ્દીને સૂતાંસૂતાં જ બિયર ગટગટાવતાં પૂછ્યું, 'ચેટર્જી કંઈ કહેતો હતો ?'

'હા, ગોસ્વામી અને બલાઈ ચાંદને અહીંથી હદપાર કર્યા છે. કંપની કહે છે, એ બંને ત્રાસવાદીઓ છે. એણે આ એક પત્રિકા પણ આપી છે.' પછી આઈમાએ બિયરનો એક ઘૂંટ લેતાં કહ્યું, 'લાગે છે કે સાહેબ હવે આજે નહીં આવે, ક્યાંક પીને ક્લબમાં પડ્યા હશે અને અહીં આ જે તેલ નીકળ્યું, એને પંપથી નહીં કાઢી શકાય તો કમબખ્તી આપણી ! મારે જાતે જ જવું પડશે ને તાપ બંધ કરવો પડશે, આગ ઠારી દેવી પડશે. તમે પંપની વ્યવસ્થા કરો.'

એટલામાં પેલા છોકરાએ આવીને સંદેશો કહ્યો કે, 'સાહેબ લોકોની કોઈ અગત્યની મિટિંગ છે, એટલે ટેન્સસાહેબ નહીં આવી શકે.'

ગયાસુદ્દીને મજાકમાં કહ્યું, 'વાહ... ખરા ત્રાસવાદીઓ આ સાહેબ લોકોને મળ્યા. એક તો ગોસાઈ - પુત્ર ને બીજા પેલા સજ્જન પુરુષ; જેઓ ફક્ત ભાષણ જ કરી શકે, જેમણે એક ગોળી સુધ્ધાં ચલાવી નથી. મને ખબર છે, આ લોકો શેની મિટિંગ કરે છે તે. હવે કોઈ બીજો પેંતરો રચવાનો હશે. હું આ સાહેબ લોકોની નસેનસ પિછાણું છું.'

આઈમાએ કહ્યું, 'એવું ના માનો, આજકાલ તો ઘણા બધા લોકો એકાએક ત્રાસવાદી બની જાય છે.' અને આઈમા ઊભો થઈને ચાલતો થઈ ગયો. ત્યાર પછી થોડી વારે ગયાસુદ્દીન પણ ઊભો થયો, પણ તેની નજર આઈમા પર જ ઠરી રહી. તેને થયું, હા, આઈમાએ ખોટું શું કહ્યું ? શું ખુદીરામ કે શું ભગતસિંહ, એ લોકો પહેલાં સજ્જનો નહોતા ? પણ આ ગોસ્વામી અને બલાઈ ચાંદ પણ એ જ રાહ અપનાવશે, એવો કોઈ પુરાવો તો નથી મળ્યો.

ત્રાસવાદીઓની જેમ શાંત ચિત્તે મૃત્યુને ભેટવાની શક્તિ કેટલા લોકોમાં હશે ? એ શહીદો જે કામ કરી મોતને ભેટ્યા તેવાં કામ કર્યા વગર પણ તેઓ જીવી શકત. પણ એ લોકોએ દેશને આઝાદી મળે એ માટે એવાં સાહસો કર્યાં. ખેર, આ આસામમાં પણ ત્રાસવાદીઓ આવી પડ્યા છે, એ વાત તેણે કદી નહોતી સાંભળી. હા, બે વર્ષ પહેલાં બે ચાર ત્રાસવાદીઓ આવ્યા હતા, પણ તેઓ ગૌહાતી પહોંચ્યા કે તરત જ તેમને નવીન બરદલોઈ વગેરેએ સમજાવીને પાછા મોકલી આપ્યા હતા. આસામમાં હવે જે આંદોલન છે તે સંપૂર્ણ શાંત આંદોલન છે. આ વાત તેણે ખુદ ગોંસાઈના મોંએ જ સાંભળી હતી. એટલે આ ત્રાસવાદીઓ આવ્યા છે એ તદ્દન જ ખોટી અફવા છે. આ બધી અફવાઓ પેલા બદમાશ સિંઘે ફેલાવી છે; અને તેય પોતાનો સ્વાર્થ સાધવા માટે ! સાહેબ લોકોએ જ તેને ચઢાવ્યો છે.

13

નવો ધર્મ અંગીકાર કર્યા પછી પણ ગયાસુદ્દીનમાં કોઈ પરિવર્તન આવ્યું નહોતું. રમજાન માસ આવ્યો, તોય તેણે રોજા ન રાખ્યા અને જુમ્માની નમાઝ પઢવામાંય તેને આળસ આવતી.

વળી શરાબ તો પાણીની જેમ પીવા લાગ્યો હતો. જહાંનારા થોડા જ દિવસોમાં સમજી ગઈ કે પતિને માટે જીવનમાં ધર્મપરિવર્તનની કોઈ જ કિંમત નથી. આ તો જહાંનારા સાથે શાદી કરવા માટે જ તે મુસલમાન બન્યો હતો. જહાંનારા લાખ મથામણ કરવા છતાંય તેની ટેવો બદલી શકી નહીં.

જહાંનારાનો સંસાર જેવો એ ઇચ્છતી હતી, એવો બની શક્યો નહીં. ગયાસુદ્દીનના જીવનમાં ખાવું-પીવું, હરવું-ફરવું, સૂવું-કામ કરવું કોઈ વાતનો નિશ્ચિત સમય નહોતો. કપડાં પહેરવા-ઓઢવામાંય કોઈ વાતનું ઠેકાણું નહીં. પેન્ટ અસ્ત્રીબંધ ન હોય એ તો સામાન્ય વાત ગણાય. કોઈ વાર ખમીસ પેન્ટમાં નાંખી પહેરવાનું છે તે ભૂલી જાય. અરે, કોટ કે ખમીસનાં સિલાઈ કે ફીટિંગનાંય ઠેકાણાં નહીં. એનું એક કારણ તો એ કે તે 'રેડીમેઈડ' કપડાં જ સીધાં દુકાનેથી ખરીદી લાવતો. એટલે ક્યારેક કોઈ લાંબુ પડે, તો વળી કોઈ કસોકસ થઈ રહે. એવાં કપડાં ઢંગધડા વગરનાં જ લાગે. અને જેવું પહેરવા-ઓઢવાનું ઠેકાણા વગરનું, તેવો જ અણઘડ તેનો વર્તાવ અને વ્યવહાર; નાના મોટાની આમન્યા ન રાખે.

આજે ગયાસુદ્દીન ઘરે પાછો ફર્યો, ત્યારે અડધી રાત થઈ ગઈ હતી. બપોરે જમ્યોય ન હતો. તેનું ખમીસ ફાટેલું હતું અને કોટ પર લોહીના ડાઘા હતા. આજે જહાંનારાએ રોજો રાખ્યો હતો અને રોજા ખોલવાનો વખતેય ક્યારનો થઈ ગયો હતો. પરંતુ જહાંનારા પતિની પ્રતીક્ષા કરતી બેસી રહી હતી. અને જયારે પતિ આવ્યો, ત્યારે તેના આવા દીદાર જોઈને તેના મનમાં નફરત પેદા થઈ. તેણે ઘાંટો પાડીને પૂછ્યું, 'ક્યાં હતા તમે ? ઘેર આવવાનું તો તમને સૂઝે જ ક્યાંથી ? અને આ લોહીના ડાઘ... શું છે આ બધું ?'

ગયાસુદ્દીને કોટ ઉતારી જમીન પર ફેંક્યો અને પગમાંથી જોડા કાઢતાં કહ્યું, 'લછમીને અકસ્માત થયો, તેને બચાવવા જતાં આ કોટ પર લોહીના ડાઘા પડ્યા ! વળી આ ખમીસ ફાડીને તેનો પાટો બાંધવો પડ્યો. શરીર પર પણ કાદવ લાગી ગયો છે. વળી શારકામ કર્યું, ત્યાંથી તેલ મળી આવ્યું, અને એ તેલના પહેલા જ બુંદે મારું પેન્ટ ભીંજવી નાંખ્યું. વાહ, કેવી મઝા પડી ! એટલે ત્યાં જ બેઠાબેઠા બિયરની આખી બાટલી ગટગટાવી ગયો, એટલે પેટેય ભરાઈ ગયું. બસ, તે પછી લછમીની ખબર જોવા ગયો, કારણ કે તે મને મળવા માંગતી હતી. ત્યાં ગયો, ત્યારે એણે તો મને હાથ જોડીને પ્રણામ કર્યા. એ બધું પતાવી નિશ્ચિંત બનીને હવે તારી પાસે આવ્યો છું. તેં રોજો રાખ્યો, એ કેમ લાગે છે ?' જહાંનારાને આ બધી વાતો નાટકના દૃશ્ય જેવી લાગી. મનમાં ને મનમાં તેને હસવું પણ આવ્યું. તે બોલી, 'સારું થયું, બિચારી છોકરીને બચાવી લીધી. આજે સવારે જ તો મેં પન્નૂને અને આ છોકરીને ભણવા બેસાડ્યાં હતાં. લછમી ભણવામાં ખરે જ હોશિયાર છે. હા... ને મેં આજે આખો દિવસ ઘરમાં એકલાં બેસી રહીને કાઢ્યો. પ્રધાનની છોકરીનું ગીત એના ઘરમાંથી સંભળાતું હતું. દુર્ગા પણ ત્યાં બેઠો હતો. તે પછી મામા આવ્યા હતા. તેમણે તમારી ઘણી વાર સુધી રાહ જોઈ, પછી ચાલ્યા ગયા. મામા તમારા પર નારાજ હતા, કારણ કે તમે ફરવા નથી નીકળતા, રોજા નથી રાખતા અને નમાજ માટે પણ ન ગયા, તેથી તો તેમને દિલમાં આઘાત જ લાગ્યો. પછી જતાં જતાં કહી ગયા કે

તમારે આટલા બેદરકાર ન થવું જોઈએ. ને કહેતા હતા કે ટેન્સસાહેબે તમારે માટે ખૂબ સારો રિપોર્ટ આપ્યો છે. ફક્ત પેલી યૂનિયન બનાવવાવાળી વાતથી જ ટાઉલરને ખરાબ લાગ્યું છે નહીં તો તમને પ્રમોશન મળી જ જાત. અરે હા, બરૂઆની વહુ પણ આવી હતી. તેના બાપુ જેલમાંથી છૂટી ગયા છે. બરૂઆ હવે પોતાનું ઘર બનાવવાનો છે. તેની વહુ હોસ્પિટલ જવા માટે આવેલી, તે મળી ગઈ અહીં આવીને.' અને જહાંનારાની વાતો એકાએક અટકી ગઈ.

તેણે જોયું કે તે વાત કરતી હતી ને ગયાસુદ્દીનને તો ઊંઘ આવી ગઈ હતી ! તે નસ્કોરાં બોલાવતો હતો. તેણે બહારનો દરવાજો બંધ કરી દીધો. તે મનમાં દુઃખી થઈ ગઈ, કારણ કે વાતોમાં ને વાતોમાં પતિને એક ખુશખબર કહેવાની તો રહી ગઈ. આ વધામણી આપવા એ ચારચાર દિવસથી તક શોધી રહી હતી; પરંતુ આપી શકી નહોતી. આજે બરૂઆની વહુએ જ્યારે એને કહ્યું, ત્યાર પછી તો પોતાના પતિને એ ખાસ કહેવા માંગતી હતી, કે લેડી ડોક્ટર પાસે જવા જેવું કંઈક છે; એટલે કે ગયાસુદ્દીને જે કારણે પહેલી પત્નીને ત્યજીને બીજી સાથે શાદી કરી, તે તેનો ઉદ્દેશ ફળ્યો છે. પોતે સગર્ભા છે.

થોડીવાર તે વિચારમાં બેસી રહી. પછી તે ગયાસુદ્દીનની પાસે ગઈ. પલંગ પર બેસીને તેણે પતિનું માથું પસવાર્યું, હળવી ચૂમી લીધી. પતિની તંદુરસ્ત કાયા જોઈને તેનું મન ગર્વથી સભર બન્યું. આ જાણે તેનો એક મહાકાય શિશુ હતો. થોડી વાર તે એમ જ પતિની છાતી ઉપર પડી રહી. પતિની છાતીનો ધબકાર પોતાના વક્ષ:સ્થળ પર અનુભવીને તેને ખૂબ જ સંતૃપ્તિ થઈ.

ગયાસુદ્દીને જહાંનારાનાં એ જુનવાણી રિવાજ-માન્યતા બદલવા કોશિશ કરી હતી, પણ એ તો એમાં ચુસ્ત જ રહી હતી. એનું તેને દુઃખ હતું. સૂતેલા પતિને જગાડીને જમાડ્યા વગર એ પોતાનો રોજો કેમ છોડે ? પતિને જગાડવા માટે અનેક હળવા પ્રયાસો તેણે કર્યા, પણ એ ભીમકાય આદમી આખા દહાડાની કાળી મહેનત પછી થાકીને હવે નચિંત નસ્કોરાં બોલાવતો હતો. જહાંનારા તેને જગાડી ન શકી, જગાડવાનું એને ઉચિત પણ ન લાગ્યું. જ્યાં સુધી પોતાની મેળે તે ઊંઘમાંથી ન જાગે, ત્યાં સુધી એ તેને જમાડી ન શકે, અને પોતે જમી ન શકે. રસોઈઘરમાં રોટી, શીરો, મરઘી બધું બનાવેલું એમ જ પડ્યું હતું. તેને ભૂખ પણ લાગી હતી. છતાં તેને એ ન જગાડી શકી અને એમ જ તેની છાતી પર માથું ઢાળી પડી રહી.

જહાંનારાને વાતો કરવાનું બહુ જ મન થયું હતું. તે મનમાં જ વિચારતી રહી. પન્નૂ પોતાના બાપુની વાત કરતી બહુ દુઃખી થઈ રહી હતી. તેના બાપુ આજકાલ ખૂબ ઢીંચવા લાગ્યા છે. કેટલીય રાતો ને ક્યારેક તો દિવસો સુધી ઘેર પણ નથી આવતા. વચ્ચે વચ્ચે વળી રામકૃષ્ણ મિશનના સ્વામી પાસે જઈને ધર્મચર્ચા કરવા બેસી જાય. પન્નૂ પોતાના પિતાને સાચવી શકતી નથી. તેનો ભાઈ દુર્ગા પણ ઘરમાં રહેવા કરતાં પ્રધાનને ઘેર રહેવાનું જ વધુ પસંદ કરે છે. પ્રધાનની છોકરી સાથે ધીમેધીમે તેનો પ્રેમ ગાઢ બની રહ્યો છે. પણ શાદીની વાત હજી કોઈ ઉપાડતું નથી. પેલી લછમીને રામુ સાથે લગ્નની કરવાની વાતનો કોઈ જવાબ જ આપ્યો નથી જો એ હા પાડી દે, તો તેના બાપનો બેડો પાર થઈ જાય. ઠેકેદાર સિંઘ આજકાલ તેને પોતાને

ઘેર કામ કરવા બોલાવતો નથી. એ બોલાવે તો પણ લછમી સાફ ના પાડી દે છે. પન્નૂ આવી તો ભાનભાનની ખબરો જહાંનારાને હંમેશાં આપતી રહે છે.

બરૂઆની પત્નીની પ્રસૂતિનો સમય બહુ પાસે આવ્યો છે, એટલે વારંવાર એને હોસ્પિટલની આવજા કરવી પડે છે. તેને પોતાને પણ બરૂઆની પત્નીના આવ્યા પછી જ પોતેય સગર્ભા છે, તેની ખબર પડી. એટલે આજે જ આ વધામણી તે ગયાસુદ્દીનને આપવાની હતી; પણ તેને તો અધવચ્ચે જ ઊંઘ આવી ગઈ. આવી કેટલીક આદતોને લીધે જ ગયાસુદ્દીન તેને ઘણીવાર અણગમતો લાગે છે. કોઈને ઘેર જવું-આવવું નહીં. ફિલ્મ જોવાનું કહો તો હાં-હુ કરીને વાત ટાળી દે; બસ એકદમ અનિવાર્ય ન હોય, તો એ ક્યાંય જાય જ નહીં. મામાને ઘેર જવા માટે પણ તેને હજી સુધી સમય મળ્યો નથી. ઉપરાંત પર્વ, ધર્મ, રમતગમત, ખેલ-તમાશો આવા કશામાં એને રસ નહીં. ફક્ત 'બિહુ' નો નાચ તેને ગમે. તેમાં તે મોકળાશથી નાચે. તેમાં બીજાં બધાંની સાથે 'હિસોરી' પણ ગાય. પણ કમનસીબે તે જયારથી પરણીને અહીં આવી છે, ત્યારથી આજ સુધી 'બિહુ' નાચનારી મંડળી આવી જ નથી.

બસ આજ વિચારો કરતી જહાંનારા તેની છાતી પર જ ઊંઘી ગઈ. અડધી રાત પછી મોડેથી ગયાસુદ્દીનની ઊંઘ ઊડી, ત્યારે તેણે જહાંનારાનું શાંત, સ્નિગ્ધ મોં જોયું ને તેને યાદ આવી ગયું કે જહાંનારા પણ અભિમાનથી રોજા ખોલ્યા વગર ભૂખી જ સૂઈ ગઈ છે. તેને પોતાને પણ ભૂખ લાગી હતી. તેણે જહાંનારાને સરખી રીતે પથારી પર સુવડાવી ને પછી તેને છાતી સરસી ચાંપી. પણ તે સ્ત્રીસ્પર્શમાંથી તેને કોઈ દેહના જીવંત આકર્ષણનું હલાવી નાખતું તત્ત્વ ન અનુભવાયું. તેની કોઈ આકર્ષક ભંગિમા ન દેખાઈ કે પ્રાણ-ચેતનાને તૃપ્ત કરી દે એવો ઉન્માદ પણ અનુભવાયો નહીં. જહાંનારા તો સુકાયલા મંદારવૃક્ષ સમી હતી. તેનામાં આવો બધો થનગનાટ ક્યાંથી સંભવે ?

બહુ દિવસ પહેલાંનું એક દૃશ્ય તેના મનમાં તાદૃશ થયું. તે દિવસે મશીનમાં કોઈ યાંત્રિક બગાડો થયો ને એકદમ ઍન્જિનિયર સાહેબને બોલાવવાનું જરૂરી બન્યું. ત્યારે સાહેબનો ક્લબમાં જવાનો સમય હતો. ફોન કરવાથી કંઈ ન વળ્યું, એટલે પોતે જાતે ગયો. બંગલાના રખેવાળે કહ્યું કે ક્લબમાં ગયા છે, ત્યાં નાચ ચાલે છે. ડિબેજ્વરનું કામ જ હંમેશા ઝડપી, એટલે એ તો ટ્રકમાં બેસીને ક્લબમાં જ પહોંચી ગયો. જઈને કીપરને કહ્યું કે 'સાહબને બોલાવ !' કીપર ગભરાઈ ગયો. તે બોલ્યો, 'આ ઘડીએ સાહેબને બોલાવું તો એ એકદમ ગુસ્સે થઈ જશે, માટે કૃપા કરીને તમે જાઓ !' 'એકદમ જરૂરી કામ છે, તો ઍન્જિનિયર સાહેબને બોલાવ !' ડિબેજ્વરે કહ્યું. કીપરે જવાબ આપ્યો, "અશક્ય, ઍન્જિનિયર સાહેબ પણ નાચમાં મગન છે.'

ડિબેજ્વરે કહ્યું, 'જોઉં, કેવોક નાચ ચાલે છે.' ડિબેજ્વરને કુતૂહલ જાગ્યું. કીપરે પણ હસીને કહ્યું, 'એમ કહોને નાચ જોવા આવ્યા છો. ચાલો આવો !' કીપર તેને વાડની પાસેના ચોગાનમાં લઈ ગયો. ત્યાં એક સાઈપ્રસનું વૃક્ષ હતું. તેની નીચે એક ખાલી ખુરશી પડી રહેતી ને ત્યાંથી સારી રીતે નાચ જોઈ શકાય એવું હતું.

ડિબેજવર ત્યાંથી નાચનું દૃશ્ય જોતાં જ સ્તબ્ધ બની ગયો. એંજિનિયર સાહેબ એક મેમ સાથે સંગીતના તાલેતાલે નાચતા હતા. સંગીતનો સૂર ઉત્તેજક બનતો જતો હતો. એકબે રાઉન્ડ પછી કેટલાંક યુગલ પાસેના નાના વરંડામાં ચાલ્યાં જતાં હતાં. ત્યાં એકાંત હતું. એંજિનિયર સાહેબ નાચતાં નાચતાં મેમને આલિંગન આપવા લાગ્યા. મેમના ચહેરા પર પણ એવો ઉન્માદ ને વ્યાકુળતા હતાં. બંનેની કાયા વિહ્વળતાથી શિથિલ બની જતી હતી. કોઈનાય ચહેરા પર દ્વિધા કે ભય નહોતાં. દેહ, હાથ, મોં સર્વત્ર બસ એક જ મદહોશ કંપ હતો. મેમના સ્તન રાજહંસની બે પાંખ જેવા કંપતા હતા. સંગીતનો ઉન્માદક લય હવે ચરમ સીમા પર પહોંચ્યો હતો. એ સાથે જ કોરિડોરનો શ્વેત પ્રકાશ એકાએક ભૂરો બની ગયો અને ત્યારે પણ બૉલરૂમમાં નૃત્ય તો ચાલુ જ રહ્યું.

ડિબેજવરનું મોં-ગળું સુકાવા લાગ્યું. તે ત્યાંથી ઊઠીને કીપર પાસે આવ્યો અને તેને પૂછ્યું, 'આ મેમસાહેબ કોની છે ?' કીપરે કહ્યું, 'વિલાયતથી નવી નવી આવી છે. આ લોકનાં લગ્ન થવાનાં છે. કહે છે કે આપણા ડાયરેક્ટરની દીકરી છે.'

ડિબેજવરે કહ્યું, 'જો શરાબ હોય તો થોડી આપશે ? ગળું બિલકુલ સુકાઈ ગયું છે.'

કીપર એક ગ્લાસમાં સ્કોચ વ્હિસ્કી લઈ આવ્યો. ડિબેજવરે તે પી નાંખી. પછી કહ્યું, 'વારુ, એંજિનિયર સાહેબને કહેજે કે મશીન બગડી ગયું છે, એટલે તાબડતોબ તેઓ ફીલ્ડ પર પહોંચી જાય.' ડિબેજવર ફીલ્ડ પર પાછો જતો રહ્યો હતો. મોડી રાતે સાહેબ આવ્યા. તેઓ પોતાની પેલી વાગ્દત્તા સાથે જ ફીલ્ડ પર આવ્યા હતા. તેમણે પૂછેલું, 'કેટલી વારથી કામ બંધ છે ?'

'છ કલાકથી.'

'ઓ ગૉડ, મને ખબર કેમ ન કરી ?' સાહેબે પૂછ્યું.

'હું ખબર કરવા આવ્યો હતો, પણ...' ડિબેજવરની વાત ગળામાં અટકી ગઈ. તે માત્ર પેલી છોકરી તરફ જોઈ રહ્યો. તેના સોનેરી વાળ આખા મોં પર વિખરાયા હતા ને ગુલાબી ગાલ પર બે હોઠની છાપ ઊભરાઈ રહી હતી. સાહેબે હસીને પરિચય કરાવ્યો. 'આ છે મારી વાગ્દત્તા !'

'ગુડ મૉર્નિંગ !' ડિબેજવર બોલ્યો. પેલીએ પણ સામો જવાબ તે જ રીતે આપ્યો.

તેને વિચાર આવ્યો કે કેટલીક સ્ત્રીઓ આટલી બધી આકર્ષક અને પ્રાણથી થનગનતી કેમ લાગતી હશે, ને કેટલીક ફિક્કી નિર્જીવ કેમ લાગતી હશે ? તે નક્કી ન કરી શક્યો. તેણે ઠંડો નિસાસો નાખીને જહાંનારાને પોતાની છાતી પાસેથી દૂર કરી. ત્યાં તો જહાંનારા જાગી ગઈ. આંખો ચોળતાં એણે પૂછ્યું, 'શું થયું ?'

'કંઈ નહીં.'

ગયાસુદ્દીને આંખ ઉઘાડી તેની સામે જોયું, પછી ખિન્ન અવાજે પૂછ્યું, 'કંઈ ખાવાનું હોય તો લાવ, અને તું પણ તારો રોજો છોડી લે !'

જહાંનારાએ હસીને કહ્યું, 'એક સમાચાર આપું ?' 'શું છે ?' જહાંનારાનું મોં શરમથી લાલ થઈ ગયું. ગયાસુદ્દીને તેના ચહેરાનું બરાબર નિરીક્ષણ કરતાં પ્રેમથી પૂછ્યું, 'સાચ્ચે જ ?'

'હા !'

હવે તેનું હૈયું દ્રવી ઊઠ્યું. જહાંનારાને તેણે ફરીથી પોતાની પાસે ખેંચી લીધી. અરે, આ માટે જ તો એણે જહાંનારા સાથે બીજાં લગ્ન કર્યાં હતાં.

14

દિગબઈમાં એક પત્રિકા નીકળી છે. શહેરના પ્રત્યેક રસ્તા પર આસામ લાઇટ ઇન્ફન્ટ્રીના અફસરો ઘોડા પર બેસીને ચક્કરો લગાવે છે. અનેક વાર માકુમ કિલ્લેથી આસામ રાયફલ્સની ટુકડી પણ આવી ગઈ છે. ખાણના એક હજાર મજૂરોએ કામ બંધ કરી દીધું, એ પછી સાહેબલોકો સશસ્ત્ર તથા સાબદા થઈ ગયા છે. પણ વારંવાર આવવું-જવું પડે છે. એકેએક મજૂરના હલનચલન પર પાકી ચોકી રાખવામાં આવે છે. રસોઇઓ, ખાનસામો, માળી, નોકર કોઈ બાકાત નહીં. બધાંનાં હલનચલન પર સતત નજર રાખવામાં આવે છે. બીજી બાજુ સિંધે ત્રાસવાદીઓ આવી પહોંચ્યા છે એવી જોરદાર અફવા ઉડાડી છે. ગયાસુદ્દીન માનતો હતો કે સાહેબ લોકો ઓછામાં ઓછું કોઈનાથી ડરતા તો નથી જ પછી મજૂરોના ડરથી એ લોક આટલા બધા બેચેન થઈ જાય એવું તો તેણે કલ્પ્યું જ નહોતું. ત્રાસવાદી ચળવળ તો છેક કલકત્તામાં ચાલે છે, અહીં બહારનો કોઈ જ માણસ દેખાતો નહોતો, તો પછી જેઓ સમસ્ત સમુદ્ર તથા પૃથ્વીના માલિક છે તેમની મજબૂત છાતી આવી ગરબડ માત્રથી કેમ ધ્રૂજી ઊઠી ! ગયાસુદ્દીનને હસવું આવી ગયું. બ્રિટિશ સિંહને ધ્રુજાવી દેનારી ગુપ્ત શક્તિ આ શિયાળોમાં ખરેખર છે ખરી ? શેનો ભય લાગે છે, એ લોકને, સંપત્તિ ગુમાવવાનો કે પ્રાણ ગુમાવવાનો ? તેમના હાથમાં વિજ્ઞાનની તાકાત છે, જેનો ઉપયોગ કરીને તો એ લોકોએ આવા દૂરના સ્થળે આવીને તેલ કાઢ્યું. એ લોકોના હાથમાં હથિયારોની તાકાત પણ છે, જેના જોરે તો તેઓએ સમસ્ત જગત પર વિજય મેળવીને યુનિયન જેક ફરકાવ્યો છે. તેવી મહાશક્તિ પણ આજે લોકશક્તિના ભયથી કંપે છે !

પરંતુ આ સાહેબ લોકો ભયના માર્યા કાંઈ ચૂપચાપ બેઠા નથી. કોઈ પણ હિસાબે યુનિયન ન રચાય, એવી તેમની નેમ છે. હમણાં જ તેઓ અહમદસાહેબ પાસે જઈ આવ્યા છે. આ અહમદસાહેબને અંગ્રેજસાહેબો પરત્વે ખૂબ જ ભક્તિભાવ છે. સાહેબલોકોની મહેરબાનીથી જ અહીંના લોકોની ઉન્નતિ થઈ શકે છે અને તેમની મહેરબાની મેળવવા માટે જોઈએ અચળ ભક્તિ. એ વાત અહમદસાહેબ ગયાસુદ્દીન તથા ઈસ્માઈલને સમજાવવાનો પ્રયાસ કરતા હતા. તેઓ કહેતા કે અત્યારે સાહેબ લોકોની મહેરબાનીથી કાંઈ થોડું મળે છે, તે પણ આ યુનિયન રચાશે એટલે બંધ થઈ જશે. જે લોકો યુનિયન રચવાની કોશિશ કરે છે, તેમની દશા તો ઓર ખરાબ થશે. કાં તો તેમની બઢતી અટકાવી દેવામાં આવશે અથવા તો અંતે તેમને છૂટા કરી

દેવામાં આવશે. એથી જ તો સાહેબલોકો સાથે સુમેળ રાખીને ચાલવું એ જ ઉત્તમ માર્ગ છે. તેમણે આ બન્ને માટે સાહેબલોકોને ભલામણ પણ કરેલી અને તેથી જ ઇસ્માઇલને પગારવધારો અને ગયાસુદ્દીનને બઢતી મળે એમ નક્કી હતું. અહમદસાહેબે પત્રિકા મળી કે તરત એ બાળી નાંખવાની સલાહ પણ તેમને આપી હતી. આ બધી ચર્ચા વખતે નસીરઉદ્દીન પણ હાજર હતો. તે સાહેબલોકો પર ખૂબ જ રોષે ભરાયલો હતો. એ લોકોને કાળા લોકો પર વિશ્વાસ નથી. એમનો ઇરાદો હિંદુ-મુસલમાનોને અંદરઅંદર લડાવી મારી, યુનિયન તોડી પાડવાનો છે. તેથી જ સાહેબને પણ તે ભારે શંકાની નજરે જુએ છે.

પરંતુ ઇસ્માઇલે તો અહમદ સાહેબને જવાબ આપી દીધો, 'એકવાર તેમની ચુંગાલમાં આવી ગયો ને જે થવાનું હતું તે થઈ ગયું. હવે બીજી વાર એવું કામ મારાથી નહીં થાય.' ઇસ્માઇલની વાત સાંભળી અહમદસાહેબ ખૂબ ગુસ્સે થઈ ગયા, પણ ઇસ્માઇલ ક્યાં તેની પરવા કરે એવો હતો ? અને ગયાસુદ્દીને તો તે વાતને હસીજ કાઢી હતી. શું પોતે સાહેબની ખુશામત કરવા જઈ શકે ? ના, ક્યારેય નહીં. પત્રિકામાં જે જે લખાયું છે તે બધીજ વાતો ખોટી નથી, અને એથી એક વાત નિશ્ચિત છે કે યુનિયન રચાવું જોઈએ. એમ નહીં થાય, તો મજૂરોને નાના, નજીવા કારણેય કાઢી મુકાશે અને મજૂરો માટે કોઈ આશરો નહીં હોય.

ગયાસુદ્દીન ઘર સામેના વરંડામાં બેઠોબેઠો સિગારેટ પી રહ્યો હતો. અંદર જહાંનારા પન્નૂને ભણાવતી હતી. લછમી હજી હૉસ્પિટલમાં હતી. તેને સાજી થતાં હજી થોડો સમય લાગે તેમ હતું.

એટલામાં તેણે જોયું કે બરૂઆ કામ પરથી પાછો ફરી રહ્યો હતો. તેણે ખાખી હાફ-પેન્ટ, સફેદ ખમીસ અને બૂટ પહેર્યાં હતાં અને નવજવાનની જેમ સાઇકલ ચલાવી રહ્યો હતો. ગયાસુદ્દીને તેને હાંક મારી. બરૂઆ સાઇકલ ઉભી રાખીને ગયાસુદ્દીનના ઘરે આવ્યો. તેના ચહેરા પર હાસ્ય અને હોઠો પર પાનની લાલી ચમકતી હતી.

'કેમ, માછલી ક્યારે ખવડાવો છો ?' બરૂઆ ખુલ્લા દિલે હસતો ખુરશી પર ગોઠવાયો, અને બોલ્યો, 'તમારાથી પહેલાં !' ગયાસુદ્દીને પ્રેમથી તેને એક સિગરેટ ધરતાં પૂછ્યું, 'ઘર બની ગયું ?'

'ના રે, હજી તો કામ ચાલે છે, ઘણું બાકી છે. માલસામાન મળવાની મુશ્કેલી વધતી જાય છે.' બરૂઆએ જવાબ આપ્યો.

ગયાસુદ્દીને કહ્યું, 'કેમ તને તો સિંઘજીએ મદદ કરી છે ને ?' હવે બરૂઆ હસી ન શક્યો. આ વાત દિગબોઈના દરેક મજૂરની જબાન પર રમે છે. તેણે પોતાનો બચાવ કરતાં કહ્યું, 'હા, સિંઘજીએ શરૂઆતમાં થોડી મદદ કરી હતી, પણ એમાં તો તેનો પોતાનો સ્વાર્થ હતો. એક દિવસ વાતવાતમાં તેણે મને યુનિયન ન રચવાની સલાહ આપીને હું ચૂપ રહ્યો. ઘરમાંથી તેને કાઢી મૂકવાનોય વિચાર કર્યો. બસ, ત્યારથી બધો સંબંધ ખતમ થઈ ગયો. પછી એ જ વાત ધીમે ધીમે ખૂબ ફેલાઈ. પણ હુંય મકાન બનાવીને જ રહીશ !'

બરૂઆના હાથમાં એક અખબાર હતું, 'તીન દિનિયા અસમિયા' ગયાસુદ્દીને તે અખબાર હાથમાં લઈ પહેલા પાના પરના સમાચાર પર નજર ફેરવી. 'તેલ નગરમાં ત્રાસવાદીઓ' એવો કોઈ કુતૂહલપ્રિય પત્રકારનો હેવાલ હતો. તે પછી બરૂઆના સસરાની જેલમુક્તિના સમાચાર અને પછી કોઈની ગિરફતારીના સમાચાર હતા. આ બધાં મથાળાં પર ત્રણ-ચાર મિનિટ નજર ફેરવી લઈ, તેને છાપું પાછું આપતાં પૂછ્યું, 'પત્રિકાના કાંઈ પ્રત્યાઘાતો પડ્યા કે નહીં ?' આ પ્રશ્ન સાથે જ સિંહના ડરથી શિયાળ ગભરાય એમ બરૂઆ ગભરાઈ ગયો. 'યુનિયન રચાશે કે ? સાંભળ્યું છે કે ચંડીના મનમાંથી કાલીપૂજાના પૈસાની વાત હજી નીકળી નથી અને તેથી એ આવી યુનિયન વગેરેની પ્રવૃત્તિથી દૂર રહે છે. પન્નૂ દ્વારા બધી ખબર મને મળે છે. અને એનો દુર્ગા તો પેલી નયનમણિમાં મસ્ત છે.'

બરૂઆએ પાનની ડબ્બીમાંથી પાન કાઢીને એક ગયાસુદ્દીનને આપ્યું ને બીજું તેણે પોતે ખાધું. ગયાસુદ્દીને પાન મોંમાં મૂકતાં કહ્યું, 'વાહ, અસલ તમાકુ હોય તો મનેય આપ. સરસ ખુશબૂ આવે છે. આ તમાકુ ક્યાંથી લાવ્યો ?'

'સાસરેથી. બીજી મળી જશે, તો તમારે માટે પણ લઈ આવીશ.' બરૂઆએ કહ્યું. ગયાસુદ્દીન બરૂઆ સામે જોતાં, આનંદ સાથે મોકળા મને હસી પડ્યો. બરૂઆએ નોંધ્યું કે ગયાસુદ્દીનના ચહેરામાં અદ્દભૂત પરિવર્તન આવી ગયું હતું, આખાય ચહેરા પર એ પરિવર્તનની છાયા દેખાતી હતી. તેની શુષ્કતા, તેની કઠોરતા બધું જાણે ગાયબ. એનું કારણ સંતાન-આગમનના સમાચાર જ હોય. બરૂઆ પોતે પણ પોતાને ત્યાં સંતાનપ્રાપ્તિની વાત સાંભળી, આવી જ ઊંડી તૃપ્તિ અનુભવી રહ્યો હતો.

એકાએક પન્નૂ આવી ચડી, અને વાત બીજી દિશામાં વળી ગઈ. પન્નૂનું મોં, આંખો એકદમ વિષાદથી ભરપૂર હતાં, જાણે એને કોઈ દુઃખ કોરી ખાઈ રહ્યું હોય. બરૂઆએ પન્નૂને પૂછ્યું, 'અરે પન્નૂ, તને શું થઈ ગયું છે ?'

'ના, કંઈજ નથી.' તેના અવાજમાં કંઈક સંકોચ હતો. પરંતુ પછી તે અભિમાનથી બોલી, 'વાહ, તમે લોકોએ તો અમારે ત્યાં આવવુંય બંધ કરી દીધું છે. ઘરમાં કેવું ભેંકાર જેવું લાગે છે. મને થાય છે કે અહીંથી ક્યાંય બીજે ચાલી જાઉં !'

ગયાસુદ્દીને પન્નૂના ચહેરા પર નજર ઠેરવી. રોજ જોવા મળતી આ છોકરીના મનમાં આજે મુક્તિની આવી તીવ્ર ઇચ્છા જાગી હશે એવી તો તેને કલ્પનાય નહોતી.

'તને શું થયું છે એતો કહે !' ગયાસુદ્દીને તેને પૂછ્યું, પણ પન્નૂએ કંઈ જ જવાબ ન આપ્યો. કહેવત છે કે ઓરતની છાતી ફાટી જાય, પરંતુ મોંમાથી બોલ ન ફૂટે. ગયાસુદ્દીન આજદિન સુધી આ કહેવતનો અર્થ નહોતો સમજ્યો. બબ્બે પત્નીઓના સહવાસ પછી પણ આ સત્ય તેની સમજમાં આવ્યું નહોતું. તેની કોઈ જરૂર પણ પડી ન હતી. સ્ત્રીના હૈયાનાં ઊંડાણોમાં પ્રવેશ કરવા માટે જે માનસિક શક્તિ આવશ્યક હોય છે એવી માનસિક શક્તિ પોતાનામાં હોય એવો અનુભવ એને ક્યારેય નહોતો થયો. આજે અકસ્માત જ એ શક્તિ એનામાં જાગ્રત થઈ ઊઠી.

પન્નૂએ કહ્યું, 'આ શહેરમાં સ્ત્રીનું તેના શરીર સિવાય કોઈ બીજું મૂલ્ય છે ખરું ! સાહેબથી માંડી પટાવાળા સુધી બધા જ સ્ત્રીના દેહને નજરમાં રાખે છે, પણ સ્ત્રીનેય પોતાનું એક દિલ હોય છે અને તે કેવું હોય છે તે કોઈ નથી જાણતું. તેના બાપનેય એ ખબર નથી હોતી અને ભાઈને તો પરવા નથી હોતી. પડોશીઓ તો બેખબર હોય જ.'

પન્નૂને આવું બધું બોલતાં ભારે કષ્ટ પડતું હોય તેમ સ્પષ્ટ પરખાઈ રહ્યું હતું. બરફના ટુકડાનો મોટો ભાગ પાણી નીચે ડૂબેલો રહે છે માત્ર એક જ ભાગ ઉપર દેખાય છે. પન્નૂની વાતમાંથી આજ સુધી એના હૈયાનો હજી એક જ અંશ પ્રગટ થયો હતો, એમ સ્પષ્ટ થતું હતું.

ગયાસુદ્દીન કંઈ બોલવા માગતો હતો, એટલામાં જ જહાંનારા ચા લઈને આવી. બરૂઆને ચા આપતાં તેણે કહ્યું, 'તમે પુરુષો આ વાત ક્યાંથી સમજી શકવાના છો ? એક જવાનજોધ છોકરી ઘરમાં ભરાઈ રહે, ને મરદો બધા આમતેમ ફરતા ફરે એ એને કેવું લાગે ? અને વળી પન્નૂ જેવી સંવેદનશીલ છોકરી ! એટલે મેં એને કહ્યું કે તું એકવાર ભણી લે નહીં તો...'

'નહીં તો શું થશે ?' બરૂઆએ પૂછ્યું.

'નહીં તો શું થશે ?' પ્રશ્ન દોહરાવીને જહાંનારા પન્નૂ સામે જોઈ રહી. તેને બધી જ ખબર છે, પણ કહી નાખતાં ડરે છે. આજે જ દિલ ખોલીને વાત તેણે જહાંનારાને કહી હતી. આજકાલ છોકરીઓના મનમાં સ્વતંત્રતાનો પવન વાવા માંડ્યો છે. નયનમણી બધાનો આદર્શ બની ગઈ છે, અને પન્નૂ પણ એ જ રીતે કોઈને પ્યાર કરશે, ને માબાપની મનાઈને નહીં માને અને જરૂર પડશે તો પોતાના પ્રેમી સાથે ભાગી જઈને રહેવા માંડશે. પણ આવું બધું ગયાસુદ્દીન અને બરૂઆ ક્યાંથી સમજે ? એમને કેવી રીતે કહેવું-સમજાવવું કે શું થશે ?

પન્નૂ ત્યાં વધુ ન રોકાઈ. તેના ગયા પછી બરૂઆએ પૂછ્યું, 'આને શું થઈ ગયું છે, એ મને કહો તો ખરા !'

જહાંનારાએ હસીને કહ્યું, 'થાય વળી શું ? એ જ પેલી નયનમણિવાળી બીમારી લાગુ પડી છે. તમને લોકને ખબર નહીં હોય કે નયનમણિએ શું કર્યું.'

'શું કર્યું છે ?' બરૂઆએ પૂછ્યું. ગયાસુદ્દીનને પણ ખબર નહોતી.

'તમે લોકો ક્યાં રહો છો ભલા ! ખબર નથી તમને, નયનમણિ ગઈકાલથી ઘર છોડીને દુર્ગાની સાથે રહેવા ચાલી ગઈ. તેનો બાપ પ્રધાન તો ગાંડા જેવો થઈ ગયો છે ! એક વાર કટારી લઈને દુર્ગાના કટકા કરી નાંખવા દોડ્યો હતો ! પરંતુ નયનમણિએ પોતે જ પોતાની ગરદન સામે ધરી દીધી અને તે પાછો વળી ગયો.'

બરૂઆ ચા પીવાનું ભૂલી ગયો. શહેરમાં ન જોયેલું, ન જાણેલું, ન સાંભળેલું બનવા માંડ્યું છે. એક પરાક્રમ ડિંબેજવરે કર્યું, બીજું નયનમણિએ કર્યું. ઝેબુન્નિસાએ એકાએક પોતાની જાત સુધારી દીધી. હવે આ પન્નૂ કોણ જાણે શું કરશે ! આ શહેરે તો સમસ્ત પ્રાચીન સંસ્કાર તોડી નાંખવા માંડ્યા છે.

ગયાસુદ્દીને પૂછ્યું, 'હવે નયનમણી શું કરવાની છે ?'

'તેનું ગળું મીઠું ને સૂરીલું છે. તેણે મિસિસ ફ્લેમિંગને એક નેપાલી લોકગીત શીખવાડ્યું અને મિસિસ ફ્લેમિંગની તેના પર કૃપા થઈ ગઈ. તે તેનું મોટું ખુશનસીબ ! મિસીસ ફ્લેમિંગ દુનિયાભરમાં ફરે છે. જનરલ મેનેજરની પત્ની છે. તેણે પોતાના પતિને કહીને પોતાને જ બંગલે દુર્ગાને ડ્રાઇવર તરીકે નોકરીએ રખાવી લીધો. એ લોકોને સાથે રાખી એ ફરતી ફરે છે. આ બધું જોઈને જ પન્નૂમાંય હિંમત આવવા લાગી છે. તે પણ કોઈકને પ્રેમ કરે છે.'

'કોને ?' ગયાસુદ્દીને ચોંકીને પૂછ્યું. પછી હસીને એક સિગરેટ સળગાવી.

બરૂઆએ કહ્યું, 'સાંભળ્યું છે કે તે ઇસ્માઇલને ચાહે છે.'

ગયાસુદ્દીન કંઈ જ ન બોલ્યો. જહાંનારા બરૂઆ તરફ જોઈ રહી. તેના મનમાં પણ મૂંઝવણ હતી કે ખરેખર પન્નૂ કોને પ્યાર કરે છે. સમસ્યા જટિલ હતી. એ જાણવું કાંઈ સહેલ વાત નહોતી. મહોબ્બત કરવી અને શાદી કરવી એ બધી વાત તો માણસોની જ છે, છતાંય એ સહજ વાત નથી. કશુંય બોલ્યા વગર એ અંદર જતી રહી.

બરૂઆને ગયાસુદ્દીન પાસેથીય આ વિશે કંઈ વધુ જાણવા મળ્યું નહીં, અને એને એવી કોઈ તીવ્ર જિજ્ઞાસા પણ નહોતી.

એકાએક દૂરથી બૂમાબૂમ જેવા અવાજો આવ્યા; કશોક અકસ્માત, કશીક ઉથલપાથલ થઈ ગઈ હોય એવા. બરૂઆએ જોયું કે ચંડી અને ચેટર્જી બન્ને દોડતા આ તરફ આવતા હતા. તેમની પાછળ રિફાઇનરીના લગભગ બાર માણસો પણ આવી રહ્યા હતા. બધા દરવાજો ખોલીને ગયાસુદ્દીનની સામે આવી ઊભા રહી ગયા. ચંડી હાંફતો હતો ને ચેટર્જીની છાતી પણ ધમણની જેમ ઊંચીનીચી થતી હતી.

'કેમ શું થયું ?' ગયાસુદ્દીને પૂછ્યું: 'થાય શું બીજું ? વગર કારણે સાહેબે પચાસ મજૂરોને છૂટા કરી દીધા છે. બધાજ ઉશ્કેરાઈ ગયા છે. એક જ પળમાં રિફાઇનરી બંધ થઈ ગઈ! કોઈ પણ મજૂર કામ કરવા રાજી નથી. બધા મજૂરો રિફાઇનરીમાંથી બહાર નીકળી ગયા છે. બીજી બાજુ, ખાણના મજૂરો પણ ઉશ્કેરાઈ ગયા છે. એ લોકો કોણ જાણે શું કરી બેસશે ! મોટાસાહેબ પણ ખૂબ પરેશાન છે; કારણ કે આજે જ એકહજાર ગેલન તેલ મોકલવું પડે, નહીં તો કંપનીને ભારે નુકસાન થાય એમ છે. તમને અને બરૂઆબાબુને મોટાસાહેબે એકવાર મળી જવાનું કહ્યું છે. એટલે અમે આવ્યા." ચંડીએ આખી વાત કહી.

ગયાસુદ્દીન કચવાતા મને બોલ્યો, 'તેમાં ત્યાં જઈને હું શું કરવાનો હતો? પણ એવું તે શું બન્યું કે એ લોકે મજૂરોને છૂટા કરી દીધા ? હજી થોડા દિવસ પહેલાં જ આટલા બધા મજૂરોને છૂટા કર્યા એથી એ લોકને સંતોષ ના થયો ?'

ચંડીએ જવાબ આપ્યો, 'નવું મશીન આવ્યું છે, એમાં ઓછાં માણસોની જરૂર પડે છે. પહેલાં તો ઍંજિન ચલાવવા માટે કેટલા બધા મજૂરોની જરૂર પડતી હતી ! હવે પાંચ માણસે એકની જ જરૂર પડે.'

બરૂઆએ કહ્યું, 'તેથી શું થઈ ગયું ? નોકરીમાંથી કાઢી મૂકવાના ?'

'કાઢી ન મૂકે તો બીજું શું કરે ? કંપની પાસે કાંઈ કામના ઢગલા થોડા છે કે બધાને આપી શકે !' ચંડીએ કહ્યું.

આ દલીલનો બરૂઆ પાસે કોઈ જવાબ નહોતો. કંપની તો પોતાની જરૂર પ્રમાણે નવાં સારાં મશીનો લાવે જ, જેથી તેલ વધારે નીકળે અને માણસો ઓછાં જોઈએ, એટલે પગારખર્ચ બચે. એ લોકો માણસોની બાબતમાં શા માટે વિચારે ? એમને તો પૈસા જ જોઈએ. પૈસા માટે એ લોક સ્મશાન પણ ઊભું કરી દે. માણસ-માણસ વચ્ચે જે સહાનુભૂતિની લાગણી હોય એ માણસ અને કંપની વચ્ચેના સંબંધમાં કેવી રીતે સંભવે ? માણસને જ માણસ માટે લાગી આવે.... પરંતુ પોતે હવે મોટાસાહેબ પાસે જઈને શું કહેશે ? કદાચ સાહેબ તેને કહેશે, 'બરૂઆ, આ લોકો વચ્ચે સમાધાન કરાવી દો !' પરંતુ આ સંજોગોમાં તેની પાસે એવી શક્તિ છે ખરી ? હવે શું થાય ? હાથ નીચેના નોકર તરીકે સાહેબે જયારે તેને તેડું મોકલ્યું છે, ત્યારે જવું તો પડશે જ. બરૂઆએ ઉઠતાં ઉઠતાં ગયાસુદ્દીનને કહ્યું, 'ચાલો ત્યારે જઈ આવીએ: સાહેબ શું કહે છે તે જોઈએ !'

ગયાસુદ્દીનના કપાળે પરસેવો વળી ગયો. તેને માટે પણ આ ચિંતાનું કારણ આવી પડ્યું હતું. ગયાસુદ્દીન તો સાહેબને એક જ વાત કહેવા માંગતો હતો : 'છટણી ના થઈ શકે !' પણ સાહેબ શું આ વાત માનવાના હતા ? અને ખાસ તો ટાઉલર સાહેબ માને કે ? એ માણસ જ આ બધી આફતોનું મૂળ છે !

ગયાસુદ્દીને પૂછ્યું, 'કેટલા મજૂરોને નોટીસ આપી છે ?'

'પચાસને !'

'આ પચાસ મજૂરોને સહેલાઈથી ફીલ્ડમાં સમાવી લઈ શકાય તેમ છે. એ સિવાય તો પછી દિગબઈમાં બીજું કામ મળવું મુશ્કેલ છે.'

ગયાસુદ્દીન મૂંગો થઈ ગયો. હાથવડે પરસેવો લૂછતાં તેણે કહ્યું. 'ચાલો, વાત તો કરી જોઈએ !

બરૂઆ, ગયાસુદ્દીન તથા ચંડી બીજા માણસો સાથે સાહેબની ઓફિસ તરફ નીકળી પડ્યા.

15

નયનમણિને લાગ્યું કે મેમસાહેબા ખૂબ ઉદ્વિગ્ન લાગે છે. રેશમના તાર જેવા તેના સોનેરી વાળ રતૂમડા મોં પર ચમકી રહ્યા છે. તેના લાલ છીંટના ગાઉનની અંદર તેની દૂબળીપાતળી કાયા અશાંત બની ગઈ છે. મોટાસાહેબ પણ હજી આવ્યા નથી. નયનમણિનું ગીત સાંભળવાની ઇચ્છા પણ એ નથી કરતી. દુર્ગા સાહેબને લેવા ઓફિસે ગયો છે, પણ હજી સુધી પાછો આવ્યો નથી. ફોન પણ કરી જોયો, પણ વાત થઈ ન શકી. કંઈક ગરબડ જેવું લાગે છે. રિફાઇનરી અને ખાણના બધા મજૂરો પોતાનું કામ છોડીને ઓફિસના દરવાજા સામે જમા થઈ ગયા છે.

મેમસાહેબાને માર્ગરિટા જવું છે. અઠવાડિયામાં એક વખત ત્યાં જવાની તેને લગભગ ટેવ જ પડી ગઈ છે. ત્યાંથી જ આદિવાસીઓના પ્રદેશમાં પહોંચી શકાય છે. મેમસાહેબા ત્યાં જઈને એ લોકના ફોટાઓ પાડે છે, અને ઘેર આવીને એમના વિશે લખે છે. નયનમણિ એ જાણતી નથી કે એ શું લખ્યા કરે છે. લખીને ક્યાંક છાપામાં છાપવા મોકલે છે, એટલી એને ખબર છે. એથી વિશેષ એની આ પ્રવૃત્તિ વિશે તે કશું જ નથી જાણતી. મેમસાહેબાનું મન બહુ મોટું છે, બસ એટલી ખબર છે.

થોડી જ વારમાં દુર્ગા ખાલી ગાડી લઈને પાછો આવ્યો. તેણે કહ્યું, 'મોટા સાહેબ આજે તમારી સાથે નહીં આવી શકે. તમારે જવું જ હોય તો એકલાં જઈ આવો એમ કહેવડાવ્યું છે.'

'કેમ શું થયું ?'

'પચાસ મજૂરોને કાઢી મૂક્યા છે.'

મેમસાહેબાનું મોં પડી ગયું. મજૂરોની હડતાલ પડે એ વાતનો તેને ખૂબ જ ડર રહેતો. તે દુ:ખી થઈ ગઈ અને બોલી, 'તો તમે લોકો જાઓ !'

આટલું કહીને તે ઉપર ચાલી ગઈ. બંગલાનો દરવાજો બંધ થઈ ગયો. નયનમણિએ કહ્યું, 'દુર્ગા, તને ખબર છે, મેમસાહેબાએ મને શું પૂછ્યું ?' 'શું પૂછ્યું ?'

નયનમણિ શરમથી લાલ થઈ જતાં બોલી, 'કે શાદી ક્યારે કરો છો ?'

દુર્ગા ગંભીર થઈ ગયો. પછી બોલ્યો, 'હું બ્રાહ્મણ પાસે જઈ આવ્યો. તેણે કહ્યું કે બાપની સંમતિ વગર કશું જ થઈ શકે નહીં. પન્નૂએ વળી બીજા એક સમાચાર આપ્યા.'

'પન્નૂ ક્યારે મળી ?'

'આજે સવારે. દરમ્યાન તેણે પણ સાહસ કર્યું છે. એ ઘરમાં કોઈનું કંઈ સાંભળવા તૈયાર નથી અને લગ્ન કરવાની પણ સાફ ના પાડે છે.'

નયનમણિ જીભ કાઢી, આશ્ચર્ય દર્શાવતાં બોલી, 'હેં, એવું તે શું બન્યું કે એ લગ્ન કરવા નથી માગતી ? હે ભગવાન, આવું તો ક્યાંય નથી સાંભળ્યું કે નથી જોયું !' પછી તેણે જિજ્ઞાસાથી પૂછ્યું, 'પછી તેં એને શું કહ્યું ?'

'હું શું કહું વળી ? તેને સમજાવવાનો પ્રયાસ કર્યો તો એણે શું જવાબ આપ્યો, ખબર છે ? એ કહે, તેં પોતે શું કર્યું છે ? પ્રધાનના હાથમાં પકડાશે કે તરત એ તારા કટકા કરી નાંખશે. જવાબમાં મેં એને કહ્યું કે એ હું જાણું છે, પણ શું કરું ? હૈયાની લાગણી સમક્ષ લાચાર છું. એટલે એ બોલી કે મારી પણ એવી જ સ્થિતિ છે. હું પણ પરવશ છું. મને લાગે છે કે તેની વાત સાચી તો છે જ. પ્રેમ જયારે થાય છે ત્યારે તે નાત, જાત, ધર્મ કશું જ જોવા નથી રહેતો. ગામમાં હજી આવું બધું ચાલે, પણ શહેરમાં એ બધું કોણ માને ? મેમસાહેબા પણ એમ જ કહે છે કે પ્રેમની વાતમાં વચ્ચે માબાપને લાવવાં જોઈએ નહીં. બસ લગ્ન થઈ જવાં જોઈએ. પણ આ કંઈ સાહેબલોકોનો દેશ થોડો છે ? એ બધું એમના સમાજમાં ચાલે. અહીં પ્રેમ કરવો એ સહેલી વાત નથી. પન્નૂએ કહ્યું હતું કે આવી વાતમાં તો એક ડિબેજવર જ સમજદાર માણસ નીકળ્યો. જોયું, કેવો એમનો પ્રેમ ને કેવું એમનું સાહસ ?'

નયનમણિએ પૂછ્યું, 'પણ પન્નૂને પ્રેમ કોની સાથે થયો છે ? ઇસ્માઇલ સાથે ?'

'એ તો તેણે મને જણાવ્યું નહીં.'

નયનમણિ કશું જ બોલી નહીં. તે પોતાના જ લગ્ન બાબત ઉદ્વિગ્ન બનતી જતી હતી. તેણે કહ્યું, 'જો દુર્ગા, હવે હું વધારે વખત અહીં લગ્ન કર્યા વગર એમ ન રહી શકું. એ સારું નથી લાગતું. તું આજે જ ગયાસુદ્દીનબાબુ પાસે જા. સાંભળ્યું છે કે આવા લગ્ન માટે કોર્ટમાં કંઈક લખી આપવાનું હોય છે. તારે બે દિવસની છુટ્ટી લેવી પડશે. મેમસાહેબાએ તો એ પ્રસંગે ગાડી આપવાનું પણ કહ્યું છે.'

'ગાડી આપશે ?' આશ્ચર્યથી દુર્ગાએ પૂછ્યું.

'જરૂર !'

'મેમસાહેબા તો જાણે કરુણામયી માતા જેવાં છે. એમના સહારે તો આજે આપણે જીવી રહ્યા છીએ, નહીં તો પ્રધાને મને ક્યારનો ય ખતમ જ કરી નાંખ્યો હોત. એકલી પન્નૂએ જ આપણો પક્ષ લીધો છે પરંતુ અત્યારે ગયાસુદ્દીનબાબુ પાસે કેવી રીતે જાઉં ? તેઓ તો ટાઉલર સાહેબ સાથે ચર્ચા કરી રહ્યા હશે. કાઢી મૂકેલા પચાસ મજૂરોને પાછા લેવા પડશે એ બાબતમાં જિલ્લાપોલીસ સાહેબ ટાઉલર સાથે હાજર છે. આ ગયાસુદ્દીનબાબુ કેવો મર્દ માણસ છે ! સાહેબની સાથે અંગ્રેજીમાં ફટાફટ બોલે. કોઈથી જરાય ડરે નહીં. મોટા સાહેબ તો બંધ ઑફિસમાં બેઠા છે. તેઓ તો ખૂબ જ દુઃખી છે. તેમને આ બધી ગરબડ જરાય પસંદ નથી. ચારે બાજુ ખીચોખીચ પોલીસ પહેરો લાગી ગયો છે. તારે જોવું હોય તો જોઈ આવ. નસીરઉદ્દીન વાળા ટેકરા પરથી બધું જ દેખાય છે.'

પછી બન્ને જણાં સામે આવેલા ટેકરા પર ઝડપભેર ચઢી ગયાં, ને ત્યાં ઊભાં રહીને ઑફિસના ચોગાનનું દૃશ્ય જોવા લાગ્યાં. લગભગ બે હજાર માણસ ત્યાં બૂમાબૂમ કરતું, પોકાર કરતું ઊભું હતું. ગયાસુદ્દીન બાંયો ચઢાવતો કંઈક કહી રહ્યો હતો. માલાસિંઘ પણ પાસે જ હતો. એ શીખ સરદારની કદાવર કાયા પણ બધા વચ્ચેથી જુદી તરી આવતી હતી. થોડેક જ આઘે બરૂઆ, ચેટર્જી અને ચંડી ઊભા હતા. કોનાથી શું થઈ ગયું છે, એની કોઈને કશી જ ખબર પડતી નહોતી. કોઈએ કલ્પ્યું પણ નહોતું કે ગયાસુદ્દીન આ રીતે સામે વાદવિવાદ કરશે. દુર્ગાએ કહ્યું, 'જો જે, ગયાસુદ્દીન સાહેબ જ આખરે જીતી જશે. કોઈ વાતે એ પોતાની માગણીમાં પાછા નહીં હઠે. તેઓ ના હોય, તો ખાણમાં કામ જ ના ચાલી શકે. જિલ્લાપોલીસ પણ એનાથી ડરે છે. મોટા સાહેબની તો વાત જ ના પૂછો. તેઓ જાણે છે કે આવો કાબેલ માણસ બીજો કોઈ કંપનીમાં છે જ નહીં. સાહેબનો આવો અભિપ્રાય જીત્યો હોય, એને પછી ડરવાનું શું રહ્યું ?'

નયનમણિને ઇચ્છા થઈ કે ત્યાં જે કંઈ દલીલબાજી થાય છે તે બધી જ પૂરેપૂરી પોતે સાંભળે. વળી તે ટોળામાંથી પોતાના પિતાને પણ શોધી રહી હતી. તેણે જોયું કે એ ચંડી પાસે ઊભા હતા. એને દુઃખ થયું કે આજે બે અઠવાડિયાંથી ઘર સાથેનો પોતાનો નાતો તૂટી ગયો હતો. કોને ખબર આ સંબંધ ફરી જોડાશે કે નહીં ? અનાચાર કરે, તો એના દંડરૂપે સ્વજનો સંબંધ તોડી જ નાંખે. પિતાજી ક્ષત્રિય છે. તેઓ આ સંબંધ ન જ સ્વીકારે. તો પણ પોતે આ

લગ્ન કરવા ઉત્સુક છે, જ્યારે દુર્ગામાં જ સાહસનો અભાવ છે. બબ્બે અઠવાડિયાં થઈ ગયાં, તે હજી સુધી કશું જ કરી શક્યો નથી. હવે નયનમણિને અધીરાઈ આવી ગઈ હતી. નયનમણિએ કહ્યું, 'જો દુર્ગા, હું ફક્ત આજની રાત જ અહીં તારી સાથે રહીશ. આવી રીતે તારી સાથે રહેવું, એ મને પોતાને ઉચિત નથી લાગતું. નહીં તો પછી હુંય ઝેબુન્નિસાની જેમ નર્સ બની જઈશ. સાચું કહું છું.'

દુર્ગાએ હાથ પકડવાની કોશિશ કરી, પરંતુ એને અટકાવતાં નયનમણિ બોલી, 'હમણાં નહીં; જ્યારે મર્દ જેવું કામ કરી બતાવશે, ત્યારે મંજૂર. હજી એ સમય નથી આવ્યો.'

દુર્ગાના મોં પર વ્યથા ઉપસી આવી. જ્યારે પણ તે નયનમણિને સ્પર્શ કરવા જાય છે ત્યારે નયનમણિ અચૂક વિરોધ કરે છે. છોકરીજાત આટલી નિષ્ઠુર કેમ બની શકતી હશે ? તેને પોતાને તો કોર્ટ-કચેરીના વિધિ વિશે કશી જ જાણકારી નથી. ત્યાં જઈને તે કોને શું પૂછશે ? વકીલને પૂછવાનું હશે ? પરંતુ ઓળખાણ-પિછાણવાળા પ્રતિષ્ઠિત માણસની મદદ વગર કશુંય થઈ શકે એમ નથી લાગતું. ગયાસુદ્દીનની મદદ મળી જાય તો કશી ચિંતા જ નહીં. સિધજીએ તો આશ્વાસન આપ્યું હતું. પરંતુ નયનમણિ તો એ જાનવરનું નામ પણ સાંભળવા તૈયાર નથી. મેમસાહેબા કહે છે કે ખુદ પોતે સાક્ષી બનવા તૈયાર છે. એ શું ઓછું સદ્‌ભાગ્ય છે ! આ બધી અનુકૂળતા છે. છતાં પોતાનાથી હજી કશું જ થઈ શક્યું નથી. તે પોતાની જાતને ભાંડવા લાગ્યો. પન્નૂએ પણ ટકોર કરી હતી કે આવી રીતે સાથે રહેવું એ તમારે માટે સારું ન કહેવાય. આખર સમાજનો પણ વિચાર તો કરવો જોઈએ ? મેમસાહેબા તમને પ્રધાનથી તો બચાવી શકે છે. પણ તમારી આબરૂ કેવી રીતે બચાવશે ?'

દુર્ગાને પન્નૂ પર ગુસ્સો આવી ગયો હતો. ગુસ્સામાં જ તેણે કહી નાંખ્યું હતું, 'તેંય કઈ મોટી આબરૂ જાળવી છે ? ઇસ્માઇલ સાથે તું હળતીમળતી રહે છે એ બધા જ જાણે છે. પણ ઝેબુન્નિસા એની રાહ જોઈ રહી છે, તેની તને ખબર છે ? જિલ્લાપોલીસ સાહેબનો બંગલો એણે છોડી દીધો અને આજે છેક દિબ્રૂગઢ પહોંચી ગઈ ! બે મહિના પછી તે પાછી આવશે, ત્યારે તું શું કરશે ? તેનાં રૂપ અને ગુણ આગળ તું કીસ ગીનતીમાં ?'

પન્નૂએ મલકીને જવાબ આપ્યો હતો, 'ભૈયા, તું તારી જ તપેલીમાં ચોખા રાંધને ! નવાઈ લાગે છે કે બીજાની વાતો પર આટલી સહેલાઈથી લોકો કેવી રીતે વિશ્વાસ કરી બેસતા હશે ? આ બધું જ જૂઠ છે અને ધારો કે તું કહે છે તેમ, એ સાચુંય હોય. તોય હું શું કરીશ તે મારી પોતાની બાબત છે. તું તારી જ વાત સંભાળ !'

પન્નૂની આવી વાત સાંભળીને દુર્ગા સ્તબ્ધ થઈ ગયો હતો. ત્યારે જ તેને સમજાયું કે તેની શામળી પણ સુંદર બહેન માત્ર શરીરથી જ નહીં, પણ હવે મનથી પણ જવાન બની છે. તેની પાસે એવું જ અપૂર્વ મન પણ છે. પણ જ્યારે, એ લગ્ન જ નથી કરવા માગતી, એવી તેની વાત દુર્ગા યાદ કરે છે, ત્યારે તેનું મન ધ્રૂજી જાય છે. ધર્મની જંજીરો તોડવાની તાકાત આ છોકરી ક્યાંથી લાવી શકવાની? તેણે પન્નૂને પૂછેલું, 'બાપુને પૂછ્યું છે ?'

'હું શા માટે પૂછું ? તું પોતે પૂછવા ગયો હતો કે ?' પન્નૂએ સામો પ્રશ્ન કરી તેને પકડ્યો હતો.

'હું પૂછું કે ન પૂછું, મારી વાત જ જુદી છે. તું તો છોકરી છે.' દુર્ગાએ મોટો શ્વાસ ભરતાં કહ્યું હતું.

'આ જ તો તમારા લોકોની સૌથી મોટી ભૂલ છે. છોકરીને શું કોઈ પણ પ્રકારની સ્વતંત્રતા જ ન જોઈએ ? જોઈ લેજે, હું શું કરી દેખાડું છું તે !' એટલું કહીને તે ચાલી ગઈ હતી. શું કરશે આ છોકરી ! શું ધાર્યું હશે એણે, કોણ જાણે !

દુર્ગાને મા યાદ આવી ગઈ. જો આજે મા જીવતી હોત તો બધાંને આટલાં સ્વતંત્ર બનવા દેત કે ? ભાઈ-બહેન આજે ઘણા દિવસે મળ્યાં હતાં. પરંતુ મા-બાપ કે મૃત ભાઈઓ વિષેની કોઈ વાત એમની વચ્ચે અમસ્તીય ન થઈ. બાપુ રાતે ઘેર નથી આવતા, નથી રહેતા એ વાત પણ ન થઈ. જાણે કોઈ બે ઓળખીના માણસો રસ્તાની ધારે ઊભા રહી પરસ્પર વાતો કરી લે, એવી રીતે એ લોકે વાતો કરી. પન્નૂ જહાંનારાને ઘરેથી ભણીને પાછી ફરતી હતી, પણ તે વાત પણ તેમની વચ્ચે ન થઈ. છોકરીજાતને વળી ભણવાનું શું ? સાંભળીનેય સહન ન થઈ શકે એવી આ વાત છે. સ્ત્રીઓની તો એક જ સમસ્યા હોય અને તે લગ્ન. પન્નૂ, જહાંનારા, ઝેબુન્નિસા, નયનમણિ આ બધાં સમક્ષ આ એક જ સમસ્યા હોઈ શકે.

નયનમણિએ દુર્ગા તરફ એકાગ્રતાથી જોયું અને પછી ઠંડો નિસાસો નાંખતાં કહ્યું. 'કેમ શા વિચારમાં પડી ગયો ? તારું હૈયું ધ્રૂજી નથી ગયું ને ?'

દુર્ગાએ નયનમણિના પ્રશ્નમાં એક પ્રકારની શંકા જોઈ, જે તેને અકારણ લાગી. કેટલાક દિવસોથી નયનમણિમાં આવી ચંચળતા તે જોઈ રહ્યો હતો. તે એના પ્રેમ પરત્વે સાશંક બની રહી છે. આ અસ્થિરતા પ્રેમ માટે ઉચિત ન કહેવાય. પરંતુ છોકરીઓનો સ્વભાવ જ કદાચ એવો હોતો હશે. તેમને તો ચકલીની જેમ એક માળો બનાવી આપો, તો જ તેઓ સુરક્ષિત રહી શકે.

એકાએક નયનમણિ વિહ્વળતાથી બૂમ પાડી ઊઠી, 'અરે ઓ, જો તો ખરો, ત્યાં શું ચાલી રહ્યું છે ! ઘોડા કતારબંધ ઊભા રાખી દીધા છે. જરૂર કંઈક અવનવું બનશે.'

એ તરફ આસામ લાઇટ ઇન્ફન્ટ્રીના સૈનિકો કતારબંધ ગોઠવાઈ ગયા હતા. વર્ષમાં એક વાર તેઓને આ પ્રમાણે કવાયત કરવી પડતી. આખા બગીચાના બધા જ સાહેબો ત્યાં હાજર થઈ જતા. તેમને યુદ્ધની તાલીમ આ પ્રમાણે જ અપાય, આ રીતે જ તૈયાર રહી શકાય. ગયા મહાયુદ્ધના વખતથી જ આ પ્રમાણે કરવામાં આવે છે. કંપનીના સાહેબ લોકોનુંય આ નસીબ કહેવાય. ખરા કટોકટીના કાળમાં જ બધા અફસરો અહીં એકઠા થઈ ગયા. ઘોડેસવાર અફસરોની કતાર ગોઠવાયેલી જોતાં જ ટાઉલર સાહેબનું જોર વધી ગયું હતું. તે જોરજોરથી હાથો ઉલાળી રહ્યો હતો. જિલાપોસી હસતો હતો. બલિનાં બકરાં જેવાં આશ્ચર્યમૂઢ થયેલાં લોકોનાં ટોળાં વિખેરાઈ રહ્યાં હતાં. કેટલાકોએ તો નાસભાગ શરૂ કરી દીધી હતી. એક માત્ર ગયાસુદ્દીન સાહેબ જ હજી સુધી નીડરતાથી ઊભા હતા. બીજા બધા ગભરાઈ ગયા હતા. નયનમણિ પ્રધાન તરફ

જોતી હતી. દુર્ગા ચંડીને જોતો હતો. એ બંનેના ચહેરા પર ભારે ઉત્કંઠા હતી. સાહેબલોકોના એક હાથમાં ચાબૂક ને ખભા પર બંદૂક હતી. લાગે છે કે જરૂર કંઈ ધાંધલ થવાની !

નયનમણિએ ગભરાટથી કહ્યું, 'પિતાજી ત્યાંથી ખસી કેમ નથી જતા ?' દુર્ગાએ કંઈ જવાબ ન આપ્યો. નેતાઓ જ ખુદ પલાયન થઈ જાય તો તો સત્યાનાશ જ વળી જાય. લોકોએ તો નાસભાગ શરૂ કરી જ દીધી હતી.

નયનમણિ અધીર બની ગઈ. 'કોણ જાણે શુંય થશે !'

વાદવિવાદ ચાલ્યા કરતો હતો. થોડો સમય વીત્યો. એકાએક બધા જ ઘોડા ગયાસુદ્દીન તરફ આગળ વધ્યા. ચંડી ભાગવાનું કરી રહ્યો હતો. ત્યાં એકાએક કોઈએ આગળ આવીને કહ્યું, 'એક કદમ પણ પીછેહઠ નથી કરવાની, આ કસોટીની ઘડી છે ! સાહેબો આપણને મારી નાખે, તોય અહીં જ નીડરતાથી અડગ ખડા રહેવાનું છે.'

દુર્ગા અસ્ફુટ સ્વરે બોલ્યો, 'જો નયનમણિ, પેલો ઇસ્માઇલ ! હમણાં સુધી કંપનીનો માણસ હતો. એના તો બધા રંગ-ઢંગ બદલાઈ ગયા !'

નયનમણિએ એક વાર ધારીધારીને ઈસ્માઈલને જોઈ લીધો. તે બંને હાથ પહોળા કરીને ચંડીને અટકાવી રહ્યો હતો. ચંડી થોભી ગયો. પ્રધાન, બરૂઆ, ચેટર્જી પણ હતા, ત્યાં જ અડગ ઊભા રહ્યા. સાહેબ લોકો ગયાસુદ્દીન તરફ આગળ ધપી રહ્યા હતા. શું બની જાય, એ કંઈ કહેવાય નહીં.

નયનમણિ અને દુર્ગાથી ત્યાં થતી ચર્ચા સાંભળી શકાઈ નહોતી. પરંતુ ત્યાં શું દલીલો થઈ રહી હશે તેનો સ્પષ્ટ અંદાજ તેમને આવી રહ્યો હતો. સાહેબો હાથમાંના ચાબૂક નેતાઓના શરીર પર વીંઝવાના હોય એ રીતે હવામાં તોળી રહ્યા હતા. નયનમણીએ ગભરાટથી આંખો મીચી દીધી.

એકાએક દુર્ગા રાડ પાડી ઊઠ્યો, 'મોટા સાહેબ આવ્યા, મોટા સાહેબ આવ્યા ! જો જો, તેઓ ઇશારતથી કંઈક કહી રહ્યા છે.'

નયનમણિએ આંખો ખોલી નાંખી. પલકવારમાં જ બધું બની ગયું. ટાઉલર ચાલ્યો ગયો. તેની પાછળ જિલાપોસી. મોટા સાહેબે ગયાસુદ્દીન, બરૂઆ અને માલસિંઘને પોતાની સાથે અંદર આવવા નિમંત્ર્યા. ઘોડેસવારો હજી ત્યાં જ ઊભા હતા. તેમને આગળ વધતાં રોકી દેવામાં આવ્યા હતા.

નયનમણિ બોલી, 'આ મોટા સાહેબ તો હસી રહ્યા છે.'

દુર્ગાએ કહ્યું, 'હા લાગે છે તો એવું જ. હવે કંઈક સમાધાન થશે. આ કંપનીમાં એક જ ઉપરી અધિકારી એવો છે, જેને મનુષ્ય પ્રત્યે સહાનુભૂતિ હોય, અને તે આ મોટા સાહેબ, સમજી ?

નયનમણિએ કહ્યું, 'હા ! બધા અંદર ગયા છે, એટલે હવે કંઈક ફેસલો આવી જ ગયો હશે.'

દુર્ગાએ કહ્યું, 'કંઈક તો સમાધાન થઈ જ જશે' અને પછી બંને એકીટશે બંધ દરવાજાને તાકી રહ્યાં.

રિફાઇનરીમાં રોજ બપોરે ચાનાસ્તાની છુટ્ટી પડે છે, એ વખતે સીટી વગાડવામાં આવે, પરંતુ આજે સીટી વાગી નહીં. કેવળ ટેકરીની નીચેવાળા રસ્તા ઉપર અનેક નાનામોટા માણસો આવજા કરતા દેખાતા હતા. સાહેબને બંગલે પણ આજે રસોઈપાણી બંધ હતાં. નસીરઉદ્દીન પણ બહાર ગયો હતો. ઝેબુન્નિસા આવવાના ખબર આવ્યા હતા. તેને લેવા માટે ડોસો સ્ટેશને ગયો હતો. એય પાછો આવી ગયો લાગે છે. ઝેબુન્નિસાને જહાંનારાને ત્યાં પહોંચાડીને તે પાછો ટેકરી ચઢી રહ્યો હતો.

નસીરઉદ્દીને પાસે આવીને હસતાં હસતાં નયનમણિને કહ્યું, 'આખાય કારખાનામાં ચક્કરો ફરતાં બંધ થઈ ગયાં છે ને તમે બંને અહીં મોજમસ્તી કરી રહ્યાં છો ! ના, એ બરાબર જ છે, કારણ કે જવાની એક વાર આવીને જતી રહે, પછી એને પાછી લાવી શકાતી નથી. પણ તમે લોકો લગ્ન નથી કરતાં એ સારું નથી લાગતું.'

દુર્ગાએ કહ્યું, 'નસીરઉદ્દીન સાહેબ, તમારી વાત સાંભળીને ખૂબ સારું લાગ્યું. પરંતુ વિધિસર શાદી કરવી, એ અમારે માટે અઘરી બાબત છે.'

'શાદી કઈ રીતે કરવી, એ તો તમારી પોતાની અંગત બાબત છે.'

નસીરઉદ્દીન બોલ્યો. એકાએક તેની નજર ઑફિસ સામેના દૃશ્ય પર પડી. તેણે ઇસ્માઇલને જોયો અને ઇસ્માઇલે પણ તેની તરફ જોયું. નસીરઉદ્દીને તેને હાથથી કંઈક સંકેત કર્યો અને પછી શાંતિથી પોતાના ઘર તરફ ચાલવા લાગ્યો.

નયનમણિએ તેને પૂછ્યું, 'તમે ક્યાં ગયા હતા ?'

નસીરઉદ્દીને કહ્યું, 'એને લેવા, મારી પૌત્રીને.'

'કોને ? ઝેબુન્નિસાને ? પણ તે તો બે મહિના પછી આવવાની હતી ને ?'

'વાહ, તું ભારે જાણભેદુ છે !' અને હસીને ઉમેર્યું, 'આ તો ઇસ્માઇલને મળવા આવી છે. કંઈક ખાસ વાત કરવાની છે.'

નયનમણિએ હસીને કહ્યું, 'તો તો ઇસ્માઇલે પોતાના હૃદયના બે ટુકડા કરવા પડશે. અર્ધો ભાગ તો પન્નૂએ પડાવી જ લીધો છે !'

નસીરઉદ્દીનનો રસિક જીવ જાગ્યો. તે બોલ્યો, 'એક જ ભાગ શા માટે, હવે તો આખેઆખો પન્નૂનો જ માનો ને ! ભાગ પાડવાના હશે, તો ફેંસલો આજે જ થઈ જશે. એ વાત કરવા જ તો એ આવી છે. હું તેનું મન જાણું છું. વારુ, દુર્ગા તું જ કહે કે તમે લોકોએ પન્નૂનાં લગ્ન કેમ ન કર્યાં ?'

દુર્ગાએ કહ્યું, 'એવો સારો દિવસ અમારા ભાગ્યમાં ક્યાંથી, નસીરઉદ્દીન સાહેબ ? મા'ના ગયા પછી એવી બધી વાતો ખતમ થઈ ગઈ. હવે અમારા ઘરમાં બધાં પોતપોતાની મરજી પ્રમાણે જ ચાલે છે.

એ તો જાણે સમજ્યા, પણ ચંડીનો આ બાબતમાં શું મત છે ?'

દુર્ગા હસવા લાગ્યો, પછી બોલ્યો, 'પિતાજીનો વળી અભિપ્રાય જ શો હોઈ શકે ? પન્નૂને વળી એ મળે જ છે ક્યારે ? અને એમનો પોતાનો મત ખરેખર કોઈ હશે પણ નહીં, અને હોય તોય શો ફરક પડવાનો ? પન્નૂ એકદમ આઝાદ બની ગઈ છે. એ તો કહે છે કે પોતે શાદી કરવાની જ નથી.'

નસીરઉદ્દીન દુ:ખી થઈ ગયો, 'હા, તારા બાપ વિષે પણ ઘણી બધી વાતો સાંભળવામાં આવે છે. ખાવું હોટલમાં ને સૂવું રામકૃષ્ણ આશ્રમમાં કેમ ? શરાબ પણ પીએ છે. તોય શું થયું ? બાપનું દિલ છે અને તેય એક હિંદુ બાપનું ! પોતાની દીકરીને આમ છોડી દેવાય કે ?'

દુર્ગાએ ખિન્ન હસતાં કહ્યું, 'પન્નૂ કોઈની વાત માને એવી નથી. તે પોતે પોતાની મરજીથી લગ્ન કરે, તો જુદી વાત છે. બાકી એને વશમાં રાખવી એ કોઈનાય હાથની વાત નથી. એ હવે સાવ જ બદલાઈ ગઈ છે.'

નસીરઉદ્દીને કહ્યું, 'આ બધુંય હું સાંભળી ચૂક્યો છું. પરંતુ પન્નૂ સારી છોકરી છે, તે કોઈ ખોટું કદમ નહીં ઉઠાવે. તને તો ખબર જ છે કે પેલા બોષનની છોકરી લછમી કેવી હતી. સિંઘજી એની પાછળ પડ્યો હતો. એવી છોકરીને પણ પન્નૂએ સમજાવી પટાવીને સારે રસ્તે ચડાવી દીધી એ કાંઈ સહેલી વાત હતી ? આજકાલ છોકરીઓનાં ચાલચલગત, ધર્મ-કર્મ, હાવભાવ બધું જ બદલાઈ ગયું છે. આ શહેરમાં આજકાલ શું નથી થતું ? મારો પોતાનો શો મત છે તે કહું ?'

'કહો !'

'પન્નૂ ઇસ્માઇલ સાથે શાદી નહીં કરે. ઇસ્માઇલ પોતે જ કહેતો હતો. પન્નૂએ તો એને કહ્યું કે તારે હિંદુ બનવું પડશે.'

'હું જાણું છું.'

નસીરઉદ્દીન બોલ્યો, 'આ તેલિયા શહેરમાં તો જે ન થાય તે ઓછું ! અહીં હિંદુઓ મુસલમાન બને અને મુસલમાનો હિંદુ બને ! વેશ્યા સતી બને, અને સતી વેશ્યા બની જાય ! આ છે જ એક વિચિત્ર શહેર. પણ તને ખબર છે કે ઇસ્માઇલમાં જ હિંમતનો અભાવ છે. તે કંઈ ગયાસુદ્દીન જેવો સાહસિક આદમી નથી.'

દુર્ગાના મનમાં અંધકાર છવાઈ ગયો. વાતના આટલા બધા ઊંડાણમાં જવાની તેની શક્તિ જ નહોતી. આ તો વાત પન્નૂની હતી, એ કારણે જ એને આટલું કુતૂહલ થયું. પન્નૂ કરવા શું માંગે છે ? ઇસ્માઇલ કદાચ હિંદુ બને, તોય પન્નૂ તેની સાથે લગ્ન ના કરે એ ચોક્કસ વાત. કદાચ પન્નૂના મનમાં કોઈક બીજો પુરુષ હોય, પરંતુ કોઈનેય તે કહેતી નહોતી. અને એથી જ તેને ચિંતા થતી હતી.

નસીરઉદ્દીન બોલ્યો, 'અને ઇસ્માઇલના મનમાં શું છે તે પણ કેવી રીતે સમજી શકાય ? તે કંઈ જ નક્કી નથી કરી શકતો. તેનું મન સાવ ભમરા જેવું છે. ક્યારેક ઝેબુન્નિસાનું રૂપ જોઈને ઢળી પડે છે, તો ક્યારેક વળી પન્નૂના પ્રેમમાં મગ્ન બની જાય છે, ક્યારેક લછમીની વાતમાં એવો ખોવાઈ જાય છે કે બધું જ ભૂલી જાય છે.'

'લછમીનું નામેય યાદીમાં આવી ગયું છે કે શું ?' નયનમણિએ પૂછ્યું.

'હાસ્તો !

દુર્ગાની ચિંતા ઓર વધી ગઈ. નયનમણિએ વળી પૂછ્યું, 'પન્નૂ આ વાત જાણે છે કે નહીં ?'

'એ સમજદાર છોકરી છે, એટલે નહીં જાણતી હોય એમ કેમ કહી શકાય?'

દુર્ગાએ કહ્યું, 'ઇસ્માઇલે પોતાનું મન સ્થિર કરી લેવું જોઈએ. વારુ, પણ ઝેબુન્નિસા કેમ આવી હશે ?'

ઇસ્માઇલને કાલે એનો કાગળ તો મળ્યો હતો, ઇસ્માઇલે પણ ઝેબુન્નિસાને એક કાગળ લખેલો, પરંતુ એમાં એ લોકે શું લખ્યું હતું, તેની મને ખબર નથી અને એવી જિજ્ઞાસા પણ નથી. હૃદય તો મોસમ જેવી ચીજ છે, બદલાતી જ રહે.' નસીરઉદ્દીને જવાબ આપ્યો.

નયનમણિએ કહ્યું, 'અસંભવ ! હૃદય બદલે એવું બને જ કેમ ?'

નસીરઉદ્દીન હસવા લાગ્યો, 'બેટી, તારી ઉંમર હજી ઘણી નાની છે.'

નયનમણિએ સામી દલીલ કરતાં કહ્યું, 'માણસનું હૃદય કોઈ બજારુ ચીજ નથી. ઇસ્માઇલનું વર્તન કંઈ સારું ન કહેવાય.'

નસીરઉદ્દીને કોઈ જવાબ આપ્યો નહીં. તે નયનમણિ સામે આશ્ચર્યથી જોઈ રહ્યો. તેની વાત તો સાચી છે, નહીં તો અત્યાર સુધીમાં પોતે પણ પોતાની પત્નીને ભૂલી જઈ શક્યો હોત. ઇસ્માઇલ તો હજી બચ્ચું છે. પ્રેમની રોશની હજી તેણે જોઈ જ ક્યાં છે ? સ્ત્રીઓનો ભીતરની વાત તે નથી સમજી શકતો. પહેલાં લોકોનો ચડાવ્યો ઊંધે પાટે ચડી ગયો; હવે વળી પસંદગી કરવા માગે છે ! કોણ કહી શકે કે કોનામાં કેટલી વધુ આકર્ષણશક્તિ છે !'

નસીરઉદ્દીન હસવા લાગ્યો. નયનમણિએ કહ્યું, 'બરાબર છે, ઇસ્માઇલે એનું મન સ્થિર કરવું જોઈએ. ત્રણત્રણ બાજી સાથે ખેલે એ ઠીક નહીં.

'નસીરઉદ્દીને કહ્યું, 'બચ્ચું જયારે મોટું થાય ત્યારે જ રમત છોડે.' અને પછી દુઃખી થઈને ઉમેર્યું, 'પુરુષો સાધારણ રીતે કામુક હોય છે, પશુઓ જેવા. ખરેખર શું બને છે એ તું જાણે છે કે નયનમણિ ! જેઓ મોટા માણસો છે તેઓ બધા નિંદાથી પર હોય છે. એટલે તેઓ ભોગવિલાસમાં ડૂબી રહે છે. આ જિલાપોસી જેવા કેટલાય જાનવર હોય છે. પરંતુ એમને નિંદા અડતી નથી. જયારે આ બિચારો ઇસ્માઇલ એવું કશું જ કરી શકવાનો નથી. એણે તો પસંદગી કરી જ લેવી પડશે.' વળી એક ઠંડો નિસાસો મૂકતાં નસીરઉદ્દીને ઉમેર્યું, 'અને આ ઝેબુન્નિસાને તો કલંક લાગેલું છે ને ? એથી ઇસ્માઇલ એનો સ્વીકાર કરવા રાજી નથી. લછમીની બાબતમાં પણ એમ જ છે. તેને ઇસ્માઇલે એકબે વાર પેલાં ઠેકેદારની કારમાં જોઈ લીધી હતી. અને એ માણસનું દિલ બહુ સહેલાઈથી ભાંગી પડે છે; એટલે પછી રહી પન્નૂ. પણ એની એક શરત છે, જે એ પાળી શકતો નથી. એ હિંદુ બનવા નથી માગતો.'

નયનમણિ ખિન્ન હૃદયે બોલી, 'એનો અર્થ એ જ કે એના હૃદયમાં પ્રેમ નથી. બાકી આટલા ખાતર ડરવું, એ મને યોગ્ય નથી લાગતું.'

દુર્ગા અત્યાર સુધી ચૂપ જ રહ્યો હતો. નયનમણિએ પોતાની વાતનો ટેકો મેળવવા તેની તરફ જોયું, દુર્ગા પન્નૂની ચિંતામાં ડૂબેલો હતો. પોતે તો તેનો માડીજાયો ભાઈ, એ તેને કેમ ભૂલી શકે ? બાપ તો તદ્દન ઉદાસીન હતો. થોડા દિવસમાં સંસારત્યાગેય કરી દે. પણ પન્નૂનેય પોતાની સ્વતંત્રતા છે. એ ઇસ્માઇલ સાથે લગ્ન નહીં કરે, એટલી તો એને ખાતરી છે. નસીરઉદ્દીન નાહકનો ડરે છે. આવું હોત તો, પન્નૂ કુંવારી રહેવાનો સંકલ્પ જ ન કરત. પણ શું તે લગ્ન વગર એમ જ જીવી શકશે ? એ વિચારતાં તે વધારે ઊંડી ચિંતામાં ડૂબી ગયો. તેણે એક સિગરેટ સળગાવી, અને નસીરઉદ્દીનનેય એક આપી.

નયનમણિ અસ્વસ્થ થઈ ગઈ. વચ્ચેવચ્ચે વળી તે દુર્ગાના મનોભાવો ન સમજી શકવાને કારણેય અસ્વસ્થ બની જતી હતી. એ દુર્ગાના મનની વાત જાણવા ચાહતી હતી. પોતે તો દુર્ગાને બધી જ વાત હૈયું ખોલીને કરે છે. નયનમણિનો મનોભાવ સમજી જઈ, તેની તરફ જોતાં દુર્ગા બોલ્યો, 'હું પન્નૂની જ વાત વિચારું છું. કોણ જાણે તે શુંય કરી બેસશે ! અને હું એને માટે કંઈ જ કરી શકતો નથી.'

નયનમણિએ સમાજમાં કૃત્રિમ રોષ ઉમેરતાં કહ્યું, આટલા દિવસે તને ફરજનું ભાન થયું ! વળી એને લાગ્યું કે આવું બોલી તે ઠીક ન કર્યું. એથી ઉમેર્યું, 'હા ખરે જ, તારીય કંઈક ફરજ તો ખરી જ !'

હજી નીચેની ઑફિસના દરવાજા ખૂલ્યા નહોતા. બહાર ઘોડેસવાર સૈનિકો પથ્થરનાં પૂતળાંની જેમ ખડા હતા. લોકો આમતેમ વિખેરાઈ ગયાં હતા. શહેર આખું શાંત હતું. એક પાંદડુંય હાલતું નહોતું. સાહેબ લોકો હવે શું કરશે ? જો છૂટા કરાયેલા પચાસ મજૂરોને પાછા કામ પર નહીં લે, તો ફરી ધાંધલ થશે. એમાં એક માત્ર આશા છે અને તે ગયાસુદ્દીન. એ કંપનીનો માનીતો માણસ છે, સાહેબો તેની વાત માને છે.

નીચેના રસ્તેથી કોઈ સ્ત્રી દુર્ગાવાડી તરફ જતી દેખાઈ. નયનમણિએ હસીને કહ્યું, 'આ તો બરૂઆની પત્ની. ખબર છે દુર્ગા આ સ્ત્રી બહુ સુંદર ગાઈ શકે છે ? મને જોઈને તેને ખૂબ મઝા પડે છે.'

'કેમ ?'

'કેમ તને ખબર નથી ? પિતાજીની સ્કૂલમાં થોડા દિવસ ભણાવ્યું હતું, ત્યારથી અમારી વચ્ચે ગાઢ પરિચય છે. હવે તેની સુવાવાડ નજીક આવી ગઈ છે એટલે હૉસ્પિટલનાં ચક્કર લગાવે છે. એણે એક વાર મારા કાનમાં કહ્યું હતું કે તારી શાદી થઈ જાય, પછી અમારે ઘેર બંને આવજો !

'પણ બરૂઆએ તો મારા બાપુજીનો પક્ષ લીધો છે.'

નયનમણિએ હસીને કહ્યું, 'બધા જ પુરુષોની જાત એકસરખી જ હોય છે, અને સ્ત્રીની જાત અલગ !'

નસીરઉદ્દીને પણ મજા કરતાં કહ્યું, 'ફક્ત જાત જ નહીં, ભીતરી તત્ત્વ પણ જુદું હોય છે. પુરુષનો પ્રેમ શું સ્ત્રીના પ્રેમની બરાબરી કરી શકે કે ? પ્રેમ નારી માટે તો પ્રાણ છે. જ્યારે પુરુષ માટે પ્રેમ માત્ર મનનું એક વલણ છે. પુરુષ કદી કોઈને પ્રાણ આપવા તૈયાર ન થાય.'

બંને હસવા લાગ્યાં.

અડધા એક કલાક પછી ઑફિસનો દરવાજો ખૂલ્યો. મોટાસાહેબનો ચહેરો સૌ પહેલાં દેખાયો ને પછી જિલ્લાપોસીનો, અને પછી વારાફરતી બીજાઓ દેખાયા. એક ટાઉલર સાહેબ જ નહોતા દેખાતા.

પેલી તરફ મોટા સાહેબના બંગલામાં મેમસાહેબા પણ દેખાઈ. તેના સોનેરી કેશ હજી્ય એવા જ ચમકતા હતા. દુર્ગાને યાદ આવ્યું કે હવે જવાનો સમય થઈ ગયો છે. એટલે તેણે નયનમણિને કહ્યું, 'ચાલ નયનમણિ, મેમસાહેબા બોલાવે છે.' બન્ને પાછાં ટેકરીની નીચે ઊતરવાં લાગ્યાં અને સાહેબના બંગલાવાળા ટેકરા ઉપર ચઢી ગયાં. પછી દેખાતાં બંધ થઈ ગયાં.

નસીરઉદ્દીને જોયું કે મોટાસાહેબ ગયાસુદ્દીનને કંઈક કહી રહ્યા હતા. બંનેના ચહેરા પર હાસ્ય ચમકી રહ્યું હતું. એટલે જરૂર કંઈક સુખદ સમાધાન થયું લાગે છે. નહીં તો આમ હસે નહીં. બધા ઘોડેસવારો ચાલ્યા ગયા હતા.

ત્યાં એકાએક રિફાઇનરીનું ભૂગળું વાગી ઊઠ્યું. નસીરઉદ્દીને મનમાં ને મનમાં હસતાં વિચાર્યું કે નાટકનું એક દૃશ્ય સમાપ્ત થયું. પણ પછી ? પછી શું આવશે ?

16

ઝેબુન્નિસા જહાંનારાના ઘરમાં બેસીને ઇસ્માઇલની પ્રતીક્ષા કરતી હતી. ગયાસુદ્દીનને ઘેર ઇસ્માઇલના બધા જ સાથીઓ આવ્યા હતા. મોટાસાહેબની સારીસારી વાતોથી બધા જ સંતુષ્ટ થઈને આવ્યા હતા. મોટા સાહેબે ટાઉલરને વાત કરવાનો મોકો જ આપ્યો નહીં. બસ એકદમ ઘેરા ગંભીર અવાજે કહી નાંખ્યું, 'પેલા પચાસે મજૂરોને ફરીથી કામ પર પાછા લઈ લો !'

બધાના ચહેરા પર આનંદ છવાઈ ગયો હતો. થોડી વાર એ બધાએ ગયાસુદ્દીનના વરંડામાં મહેફિલ જમાવી. અને પછી ઊઠીને ચાલ્યા ગયા. જ્યારે બધા જ ગયા, ત્યારે જહાંનારાએ બહાર આવીને ઇસ્માઇલને કહ્યું, 'ઇસ્માઇલ, ઝેબુન્નિસા આવી છે.'

ઇસ્માઇલે જવાબ આપ્યો, 'મને ખબર છે. નસીરઉદ્દીને મને જણાવ્યું છે.'

'વારુ ત્યારે, થોડી વાર અહીં જ બેસો. અહીંથી જ જમીને બારોબાર ફેક્ટરીએ ચાલ્યા જજો.'

ચંડીએ આ સાંભળ્યું ને તેણે ઇસ્માઇલના મોં સામે જોયું. પછી તેને એક તરફ લઈ જઈને કહ્યું, 'ઇસ્માઇલ, તારી સાથે એક વાત કરવી છે.'

'શું ?' ઇસ્માઇલે ગંભીરતાથી પૂછ્યું.

ચંડીએ ઇસ્માઇલ સામે વેધક નજરે જોતાં કહ્યું, 'સાંભળ્યું છે કે પન્નૂની સાથે તારું હળવું-મળવું આજકાલ વધી ગયું છે ? પણ જોજે, તું એને તારી બહેન બરાબર જ ગણજે. નહીં તો અનર્થ થઈ જશે.'

ઇસ્માઇલનું મોં કાળું પડી ગયું. તેણે માથું નીચું કરી દીધું. પન્નૂને બહેન માનવી એ તેને માટે તદ્દન અસંભવ વાત હતી. એ તો એની પ્રેમિકા હતી.

ચંડીએ વધુ કઠોર અવાજે કહ્યું, 'સમજી ગયો કે ? મેં પન્નૂને પણ આ વાત સ્પષ્ટ કહી દીધી છે. મારા જીવતાં હું કોઈ કાળે મારી છોકરીને પરધર્મી સાથે ના પરણાવી શકું !'

ઇસ્માઇલને ગુસ્સો ચઢી આવ્યો. તે બોલ્યો, 'કશું સમજ્યા-કર્યા વગર તું તે કેવી રીતે વાત કરે છે ? હા એના પ્રત્યે મને થોડીઘણી લાગણી છે. પણ તેય શું તમને કહી દેખાડવાનું છે ? પરંતુ શાદીનો તો પ્રશ્ન જ નથી. માટે નચિંત રહે.' આટલું કહીને તે અંદર જઈને મંડળીમાં બેસી ગયો. ચંડી ચાલ્યો ગયો. ગયાસુદ્દીને ઇસ્માઇલ સામે જોતાં પૂછ્યું, 'શું થઈ ગયું તને ?'

'એસ્તો, પન્નૂવાળી જ વાત !'

'કેમ, ચંડી ના પાડતો હશે.'

'એકલો ચંડી જ શા માટે ? આ બાબતમાં તો એ પોતે પણ એક જ વાત કરે છે કે મારે હિંદુ બનવું. પણ મારું મન પાછું પડે છે.'

ગયાસુદ્દીન હસવા લાગ્યો. 'જો ભાઈ, ધર્મ તો એક કોટ જેવો છે; જ્યારે પ્રેમ એ તો દેહ છે. એક કોટ બદલીને બીજો કોટ સહેલાઈથી પહેરી લઈ શકાય. તારામાં એટલી હિંમત છે ને ?'

'એ બહુ મુશ્કેલ છે.'

'કેમ ?'

'એવું હું ન કરી શકું.'

'સમજી ગયો.'

ગયાસુદ્દીને એક સિગરેટ સળગાવી. પછી તે નાહવા ચાલ્યો ગયો. જહાંનારા અંદરથી ઇસ્માઇલની વાતો સાંભળતી હતી. તેણે ઝેબુન્નિસાને બધી જ વાતોનો સ્પષ્ટ ખ્યાલ આપી દીધો; એથી તેના મનનો સંદેહ દૂર થઈ ગયો. પછી તેને બહાર ધકેલતાં જહાંનારાએ કહ્યું, 'જા, એની સાથે હવે બધી વાત કરી લે.'

ઝેબુન્નિસા બહાર આવી. અત્યારે એ પહેલાં કરતાં પણ વધારે સુંદર લાગી રહી હતી. ઇસ્માઇલ તેના પરથી આંખ પણ વાળી લઈ શકતો નહોતો. પન્નૂ પાસે આવું અદ્ભુત રૂપ નહોતું, અલબત્ત પન્નૂ ચોરની માફક એકદમ ભીતરમાં પ્રવેશી જાય છે; જ્યારે લછમી પાસે દિલને સભર બનાવી દે એવો રંગીલો સ્વભાવ છે. એની પાસે જવાથી સંસારનો સારોય બોજ હળવોફૂલ થઈ જાય છે. પણ આ ઝેબુન્નિસ્સા તો એને આંધળો ભીંત અને મૂંગોમસ બનાવી દે

છે. તેના સૌંદર્યમાં જ કંઈક એવું આંજી નાખતું તેજ હતું કે તે એની સાથે વધુ વાર વાત પણ ન કરી શક્યો.

ઝેબુન્નિસાએ પૂછ્યું, 'મારી ચિઠ્ઠી મળી હતી ?'

'હા.'

'શો જવાબ છે ?'

'હજી મનને સ્થિર નથી કરી શક્યો.'

'ક્યાં સુધીમાં મનને સ્થિર કરી શકશે ?'

આ પ્રશ્નથી ઇસ્માઇલનું અંતર વીંધાઈ ગયું. ઝેબુન્નિસા સિંહણ સમી સામે ઊભી હતી. તેના પ્રશ્નમાં તાતો હઠાગ્રહ હતો. આવી હઠાગ્રહ-શક્તિ, અધિકાર વડે જ આવે છે. શું ઝેબુન્નિસાને એ અધિકાર મળી ગયો હતો ? કે પોતાનો નિર્ણય પાકો કરી લેવાનો અધિકાર કેવળ ઈસ્માઈલનો પોતાનો જ હતો ? તે કહી દેવા માગતો હતો કે ઝેબુન્નિસા, હું તારો સ્વીકાર નહીં કરી શકું, નથી કરી શકતો. મારા અંતરને એ ખટકે છે. તારા પર કલંક લાગેલું છે. પણ ઝેબુન્નિસાએ જ્યારે આમ સામે ચાલીને પૂછ્યું, ત્યારે તેનું રૂપ જોતાં જ તે કશુંય ન બોલી શક્યો. આ ખૂબસૂરત ગુલાબના ફૂલ જેવો ચહેરો પોતાના બન્ને હાથમાં સાહી લેવાનું મન થાય, ત્યાં 'મને આ ન જોઈએ' એવો વિચારેય તેના મનમાં કેવી રીતે પ્રવેશી શકે ? એટલે તે ફક્ત એટલું જ બોલ્યો, 'જોઈશ.'

ઝેબુન્નિસાએ કહ્યું, 'એમ નહીં, મને આજે જ સાફસાફ ઉત્તર જોઈએ. તારું મન સ્થિર નહીં કરે, એ કેમ ચાલશે ? ત્રણેની સાથે તો તું લગ્ન નહીં કરી શકે ! કોઈ એકની જ પસંદગી કરવી પડશે !'

'એટલી ઉતાવળ શું છે ?'

ઝેબુન્નિસાએ તીખાશથી કહ્યું, 'અગર હૈયું ખોલીને બતાવી શકતી હોત, તો તને દેખાત કે કેવી આગ જલી રહી છે !' પછી જરા સહજ બનતાં તે હસી પડી. લગ્ન કર્યા વગર પણ સ્ત્રીઓમાં કેવાં માલિકીભાવ તથા ઈર્ષ્યા જાગી ઊઠે છે એનો તેને અત્યારે જ ખ્યાલ આવ્યો. તેને લાગ્યું કે પોતે ઇસ્માઇલને નહીં છોડી શકે.

પન્નૂ આ પ્રકારે વાત નથી કરતી. તે તો હંમેશાં ઉદાસ જ રહે છે. એને મળે છે, ત્યારે ઇસ્માઇલના મનમાંય એક વિચિત્ર પ્રકારની ઉદાસીનતા છવાઈ જાય છે. અને લછમીને જ્યારે પોતે મળે છે, ત્યારે બચપણની પતંગિયાં પકડવાની રમતનો તેને ખ્યાલ આવી જાય છે. તે ક્યારેય સગાઈ-શાદી જેવી વાત જ નથી કરતી. તે તો તે જ ક્ષણનો ઉપયોગ કરી લેવામાં આનંદ માને છે. ઇસ્માઇલને યા અન્ય કોઈને પણ બાંધી રાખવાનો તેના મનમાં ખ્યાલ જ નથી આવતો. સિંધજી, રામુ, ઇસ્માઇલ બધાની સાથે તે હસેબોલે છે. એ દૃઢ સ્વભાવવાળી સુંદરી છે અને એનું મન તદ્દન નિખાલસ છે. આ ઝેબુન્નિસા તો તેને પકડીને બાંધી રાખવા માગે છે. તેની આંખો તેને આખો જ સમાવી લેવા તલસી રહી છે.'

ઇસ્માઇલે કહ્યું, 'હજી થોડા દિવસ થોભી જા.'

'ના, હવે એક દિવસ પણ નહીં થોભી શકું.' હવે ઇસ્માઇલ એકદમ કઠોર થઈ ગયો. તેણે કહ્યું 'જહાંનારાભાભીએ તને કંઈ નથી કહ્યું ?'

'હા. બધું જ કહ્યું.'

'બસ, તો પછી તે જ બરાબર છે ?'

'તે જ એટલે ?'

'હું મારું મન સ્થિર કરી શકતો નથી.'

'હિંદુ બનવા બાબત ?'

'ના.'

ઝેબુન્નિસાને હવે હસવું આવી ગયું. એ બોલી, 'તારી નાદાની હજી ગઈ નહીં. આવી બધી તારી અંગત વાતો જવા દે. મારે તો આજે જ મારો જવાબ જોઈએ. હું જાણું છું કે જેટલા ઊંડાણથી હું તમને ચાહું છું, તેટલી તું મને નથી ચાહતો. પણ તું એ વાત સ્પષ્ટ પણ કહેતો નથી; એટલા માટે જ મારે જવાબ જોઈએ. તું તો જાણે છે કે હું અનાથ છું, મિથ્યા આશામાં લટકી રહેવા જેટલી મારામાં ધીરજ ન હોય. જો તું મને સ્વીકારવા ન ઇચ્છતો હોય, તો પછી હું મારે બીજો માર્ગ પકડું.'

'બીજો માર્ગ કે બીજો પુરુષ ?' ઇસ્માઇલે ટોણો માર્યો.

'પુરુષ ? પુરુષ છે જ ક્યાં ? હજી સુધી તો એક પણ પુરુષ મને મળ્યો નથી. ભવિષ્યમાં ય કોઈ મળશે કે કેમ એ શંકા છે.'

ઇસ્માઇલે સાફ કહી દીધું, 'તું રાહ ન જોઈ શકે, તો એવી જરૂર પણ નથી. આવી ઉતાવળ કરવાનું કોઈ કારણ મને તો જણાતું નથી.'

આ સાંભળતાં જ ઝેબુન્નિસાને ભયંકર આઘાત લાગ્યો. એ બોલી, 'આજે સમજાયું કે અમારે સામે ચાલીને કોઈ પુરુષ પાસે ન જવું જોઈએ. હવે હું કદીય તારી પાસે નહીં આવું. હું ભિખારણ નથી. જો તને જરૂર લાગે, તો તું મારી પાસે આવજે. હું રાહ જોઈશ.'

આટલું કહીને ઝેબુન્નિસા ઊઠીને અંદર ચાલી ગઈ. ઇસ્માઇલના દિલને પણ તીવ્ર આઘાત લાગ્યો. ઝેબુન્નિસાનું આ નવું જ સ્વરૂપ તેણે પહેલી વાર જોયું. સ્વપ્નમાં એ કોઈ પૌરુષથી ઝળહળતા પુરુષને ઝંખી રહી છે. સાંજે જ્યારે ઇસ્માઇલ ઘેર પાછો ફર્યો, ત્યારે આંગણામાં જ પન્નૂ મળી જશે, એવી તેને આશા હતી પણ તે સાચી ન ઠરી. એને બદલે તેને ઘર પાસે ચંડીનો અવાજ સંભળાયો. તેને સમજાઈ ગયું કે પન્નૂ કેમ બહાર નથી દેખાતી. આજે ચંડી ઘરમાં છે તે ક્યાંય બહાર નથી ગયો. આજે તે પુત્રી સાથે ઘેર જ રહ્યો છે.

ઇસ્માઇલ ચાપાણી પીને થોડીવાર કેળના ઝાડ પાસે ઊભો રહ્યો. એ સમયે પન્નૂ પાણી લેવા આવતી, પણ પન્નૂને બદલે આજે પાણી લેવા માટેય ચંડી જ આવ્યો. પાણી બાલદીમાં રેડતાં ચંડીએ એકવાર ઇસ્માઇલ સામે જોયું, પછી કહ્યું, 'ઇસ્માઇલ, અહીં આવ !'

ઇસ્માઇલ ચંડીની પાસે ગયો એટલે ચંડીએ પૂછ્યું, 'મારા મોં પર તને કંઈ દેખાય છે ઇસ્માઇલને સાંજની ધૂંધળાશમાં ખાસ કંઈ દેખાયું નહીં પણ તેને લાગ્યું કે ચંડીનો ચહેરો એકદમ સુકાઈ ગયો છે. તેણે પૂછ્યું, 'આજે કશું ખાધું નથી કે શું ?' 'ના, વિચારું છું કે ખાધા-પીધા વગર મરી જ જાઉં !'

ઇસ્માઇલની છાતીમાં જાણે કોઈએ તીર ભોંકી દીધુ. ચંડી બોલ્યા, 'તમે લોકો હજી નાના છો, નાદાન છો. સંસાર એટલે શું, એ તમે ક્યાંથી સમજો ? અને બાપ હોવાનું દુ:ખ તો તમને સમજાય જ શી રીતે ?' વળી તેણે ઉમેર્યું, 'એક તરફ પેલા દુર્ગાએ મારો સંસાર સળગાવી દીધો; બીજી બાજુ છોકરીએ તો હૈયું જ ભાંગી નાંખ્યું. હવે જીવવાનો શો અર્થ ? મોત આવે તો સારું ! એક ક્ષણ પણ જીવવાની હવે ઇચ્છા નથી. તમે બધાં જ સાવ અણસમજુ છો અને આ નાદાન છોકરીને કોણ જાણે કોણે ભરમાવી મૂકી છે, ઇસ્માઇલ ! એ કહે છે તે લગ્ન જ નહીં કરે. તેં તો એને કંઈ નથી કરી મૂક્યું ને ?'

ઇસ્માઇલને ખરાબ લાગ્યું. પન્નૂની વાત તેને પણ સમજાતી નહોતી. ચંડીની વાત સાંભળીને તે ત્યાં ઊભો રહી ન શક્યો. ચંડી તો ઇસ્માઇલને જ અપરાધી ઠરાવી રહ્યો હતો; પરંતુ પન્નૂએ આવો નિશ્ચય કાંઈ તેને માટે નહોતો કર્યો. તેના મનમાં તો કોઈ બીજી જ વાત છે. એમ વિચારતો તે સડક તરફ જવા નીકળ્યો. તે દિવસે ચારેકોર અંધારું હતું. ઉપર, નીચે, સર્વત્ર અંધકાર. શ્વાસ લેવા માટે તેને ખુલ્લી હવાની જરૂર લાગી. એટલે આગળ ચાલ્યો. અને અજાણતાં જ તે બોધનની વસ્તીમાં આવી પહોંચ્યો. બોધનને દરવાજે બહારથી જ તેણે બૂમ પાડી, 'લછમી, એ લછમી !'

કોઈ જવાબ ન મળ્યો. તે પાછો વળવા જતો હતો, ત્યાં જ ક્યાંકથી રામુ આવી ચઢ્યો. તે આવેશમાં હતો. આવતાં જ તેણે પૂછ્યું, 'કોઈ ઇસ્માઇલ કે ?'

'હા.'

'તમે લોકો અહીં શા માટે આવો છો ? શરમ નથી આવતી તમને ? અહીં આવીને કોઈની વાગ્દત્તાનું મન બદલવાની કોશિશ કરો છો ! તમને લોકોને ધર્મનોય ડર છે કે નહીં ? જ્યારથી તે હોસ્પિટલમાં નોકરીએ રહી છે, ત્યારથી પેલો રાક્ષસ તેની પાછળ પડ્યો છે. શું કહું તમને ? તમારામાં જરાય સાનભાન જ નથી.'

'કોણ છે એ રાક્ષસ ?'

'એ જ તો, પેલો સિધજી.'

ઇસ્માઇલને ગુસ્સો આવી ગયો. તેણે રામુને કંઈ જવાબ આપ્યો નહીં. તે વળી વધારે દુ:ખી થઈ ગયો. રામુને ત્યાં જ પડતો મૂકી તે રસ્તા પર આવી ગયો. તે સીધો શરાબના પીઠા તરફ આગળ વધ્યો. સિધજીના પીઠા પર સરસ વ્હિસ્કી મળતી હતી. આજે તો તે પીશે જ, તો જ તેને શાંતિ મળશે. એક જ દિવસમાં લાગેલા ત્રણ આઘાત, તેનાથી સહ્યા જતા નહોતા. લછમીમાં સારાખોટાનો કોઈ વિવેક જ નથી; પન્નૂમાં સાહસ નથી, અને ઝેબુન્નિસામાં દયા નથી, પોતાનો કોઈ સિધ્ધાંત નથી. પેલી બાજુ પન્નૂ અને ચંડી બન્ને તેના માર્ગમાં વિઘ્નો નાખે છે. હવે પન્નૂને મેળવવી એ પહેલાં જેવી સહેલ વાત નથી. ઝેબુન્નિસાને તો તે ચાહતો જ

નહોતો. એટલે પોતે લછમી પાસે આવ્યો હતો. અહીં લછમી તો ન મળી, એને બદલે ગાળો સાંભળવી પડી. પોતાના મનની વેદના દૂર કરવા તેણે વ્હિસ્કીની એક બોટલ ખરીદી લીધી અને પછી નિરાંતે ઘેર પાછો જવા નીકળ્યો.

17

મજૂરોમાં આજે અજબની ઉત્તેજના વ્યાપી હતી. ટાઉલરનો હુકમ મોટાસાહેબે રદ કરી નાંખ્યો ! એનાથી વધારે ઉત્તેજક ખબર બીજી કઈ હોઈ શકે? અને છૂટા કરેલા પચાસ મજૂરોને પણ કામ પર પાછા લઈ લીધા ! પરંતુ સૌથી અગત્યની ખબર તો જનાર્દન ગોસ્વામીએ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે મોટા સાહેબથીય મોટા એવા ભારતીય કૉંગ્રેસના પ્રમુખ શ્રી જવાહરલાલ નહેરુ આ શહેરની મુલાકાતે આવવાના છે. ગોસ્વામી માત્ર મજૂરો અને બાબુલોકોને જ મળી ને પાછા નહોતા ગયા. પેલા મોટાસાહેબનેય મળ્યા હતા. એક સ્વાગત સમિતિની રચના પણ તેઓ કરી ગયા છે. આ ઉપરાંત, બીજા એક સમાચારે પણ લોકોમાં કુતૂહલ જગાડ્યું હતું; અને તે નયનમણિ અને દુર્ગાનાં રજિસ્ટર્ડ લગ્ન. મેમસાહેબા જાતે સાક્ષી તરીકે કોર્ટમાં હાજર રહી હતી. બીજા સાક્ષી હતા, ગયાસુદ્દીન સાહેબ.

એટલે પ્રધાન તો સાવ ઢીલો પડી ગયો; કારણ કે મોટા સાહેબની મેમ જ જયારે નયનમણિના પક્ષમાં છે, ત્યારે પ્રધાનના વિરોધની શી કિંમત ? છતાં પ્રધાને પોતાના ઘરનાં બધાંને કડક સૂચના આપી છે કે નયનમણિને ઘરના ઉંબરા ઉપર પણ કોઈએ ફરકવા દેવી નહીં. છતાં ભૂલેચૂકેય જો એ ઘરે આવશે, તો પ્રધાન કટારીથી તેના બે કટકા જ કરી નાંખશે.

બીજી બાજુ, દુર્ગા-નયનમણિનો સંસાર વ્યવસ્થિત શરૂ થઈ ગયો હતો. લગ્ન પછી એ લોકોએ સગાંસંબંધી તથા આડોશી-પાડોશીને બોલાવીને એક નાનકડી મિજબાની પણ આપી હતી. જો કે એમાં બરૂઆની વહુ આવી, પણ બરૂઆ ન આવ્યો. એને ડર લાગ્યો કે પ્રધાનને ખોટું લાગશે. પન્નૂ આવી, પણ ચંડી ન આવ્યો. લછમી આવી, જયારે બોધન કોઈ બહાનું બતાવીને ન આવ્યો. ગયાસુદ્દીન, જહાંનારા, ઇસ્માઇલ અને નસીરઉદ્દીન તો અચૂક આવે જ. વધારામાં એક અણધાર્યા મહેમાન પણ હતાં, અને એ મોટાસાહેબનાં મેમસાહેબા !

તે પ્રસંગે ગયાસુદ્દીને નયનમણિને કહ્યું હતું, 'જો નયનમણિ, હવે તું ખુશીઆનંદમાં મસ્ત જ પડી રહેશે, તો એ નહીં ચાલે. અહીં જવાહરલાલ નહેરુ આવવાના છે એ પ્રસંગે તારે ગીત ગાવું પડશે - સમૂહગીત ! ઉપરાંત સ્ત્રીવર્ગમાં તમારે સૌએ કામ કરવું પડશે : તું, પન્નૂ, જહાંનારા, બરૂઆની પત્ની બધાંએ.'

'પણ બરૂઆની પત્નીને તોઆજકાલ છેલ્લા દિવસો જાય છે, એ કેવી રીતે કશું કરી શકવાની ?'

'ખેર, એ કંઈ જ ન કરી શકે, તો કંઈ નહીં. પણ તમારે લોકે તાબડતોબ ફાળો એકઠો કરવા નીકળવું પડશે. સમય બહુ ઓછો છે. દિવસે સ્ત્રીઓ ઘરમાં જ હોય છે એટલે તમે લોકો ઘેર ઘેર ફરીને ઉઘરાણું કરજો !

નયનમણિને લાગ્યું કે સ્વર્ગ જાણે તેના હાથમાં આવી ગયું. પિતાના ડરથી ત્રણ અઠવાડિયાં એ મેમસાહેબના ઘરમાં ગોંધાઈ રહી હતી. હવે લગ્ન થઈ ગયાં હતાં અને એકાએક પોતે નવવધૂ બની ગઈ હતી. હજી તો નવા ઘરસંસારમાં મહેમાનોની આવજા ચાલુ હતી; ત્યાં વળી આવો મૂલ્યવાન પ્રસ્તાવ ગયાસુદ્દીન સાહેબે મૂક્યો. નયનમણિએ પૂછ્યું, 'ચાચાજી, સારે જહાંસે અચ્છા, હિંદોસ્તાં હમારા. એ ગીત ગાઉં, એ સરસ રહેશે. તમે શું માનો છો ?'

'હા, એ ગીત જ બરાબર છે.' ગયાસુદ્દીને કહ્યું. ઇસ્માઇલ ખુરશી પર બેઠો બેઠો ચૂપચાપ પાન ચાવતો હતો. તે હજી દુર્ગા સાથે વાત કરી શક્યો નહોતો. પન્નૂ એક બે વાતો કરી ગઈ હતી, પણ એનું મન તો પહેલેથી જ ઉદાસીન હતું. ઇસ્માઇલ પન્નૂ સાથે વધુ વાત કરવાનો મોકો શોધતો હતો.

અને આખરે એક દિવસ ઇસ્માઇલને એવો મોકો મળી ગયો. ત્યારે તેણે પન્નૂને પૂછ્યું, 'પન્નૂ, તારાં તો દર્શનેય દુર્લભ બની ગયાં છે. કેમ મને મળવાનું છોડી દીધું કે શું ?'

પન્નૂએ હસીને કહ્યું, 'મેં તને બધી જ વાત સાફ બતાવી દીધી છે. જે દિવસે એવી હિંમત કરી શકે, તે દિવસે ચાલ્યો આવજે !'

ઇસ્માઇલે કહ્યું, 'આ નયનમણિ જેવું કરી લઈએ તો શો વાંધો છે ?

'નહીં. એ ના બની શકે. સ્વર્ગમાં રહીરહી મા શાપ આપે. ધર્મ છોડવો અસંભવ છે.'

'અરે વાહ !'

'તારે જે કંઈ કહેવું હોય તે કહે, પણ હું ધર્મ છોડી શકું નહીં.'

ઇસ્માઇલ ચૂપ થઈ ગયો. નયનમણિનાં રજિસ્ટર્ડ લગ્ને તેના મનમાં જે આશા જગાડી હતી; તે એક જ પળમાં જમીનદોસ્ત થઈ ગઈ. છતાં તેણે પૂછ્યું, 'આજ કાલ કેમ બહુ અનડી રહે છે ? સાંભળ્યું છે કે જહાંનારાને ત્યાં ભણવાય નથી જતી ?'

પન્નૂએ વ્યગ્રતાથી જવાબ આપ્યો, 'હા, તેં ક્યારેય મારી ખબર કાઢવાની તસ્દી લીધી ખરી ? હું જ એકલી જાણું છું કે મારા પર શું શું ગુજરે છે. બાપુ તો મરવા જ તૈયાર થયા હતા. હું કેટલાક દિવસ સ્વસ્થતાથી એમની પાસે રહી અને તેમને વચન આપ્યું કે તેમના જીવતાં, હું એવું કોઈ પગલું નહીં ભરું. એ પછી જ તેમણે અન્નને હાથ લગાડ્યો. નહીં, હું કોઈ કાળે પ્રતિજ્ઞાભંગ નહીં કરું !'

ઇસ્માઇલને થયું, ચંડી ક્યારે મરશે ને પન્નૂ ક્યારે લગ્ન કરશે ? આ તો બધી આકાશકુસુમવત્ વાત ! એણે અસ્વસ્થ થતાં પૂછ્યું, 'ગાંડી, આવી પ્રતિજ્ઞા તે લેવાતી હશે ?' ફીકું હસીને પન્નૂએ કહ્યું, 'મેં ભણવાનું ચાલુ જ રાખ્યું છે. જહાંનારાબહેનને ત્યાં ઓછું જાઉં છું, ઘરમાં જ અભ્યાસ કરું છું. કાગળ લખવા જેટલું મને આવડી ગયું છે.'

'બહુ સરસ ! પણ તારી પરીક્ષા પાસ કરવાનું મારે માટે આસાન નથી લાગતું.'

'ખેર, પાસ ન થાય તો ભલે નાપાસ થા !' ફીકું હસીને પન્નૂએ જવાબ આપ્યો અને પછી ચાલી ગઈ.

'પાસ નહીં તો ભલે નાપાસ !' આ તે ખાલી મજાક કે પછી કટાક્ષ ?

નહેરુજી આવવાના હતા, તે સંબંધમાં કેટલીક પત્રિકા છપાવવાનું કામ ઇસ્માઇલને સોંપવામાં આવ્યું હતું. એ માટેનું લખાણ સિંઘજીના પ્રેસમાં પહોંચાડીને તે પાછો ફરતો હતો ત્યાં રસ્તામાં તેને લછમી મળી ગઈ. સિંઘજીની કારમાંથી જ ઊતરી રહી હતી.

ઇસ્માઇલથી આ સહન ન થઈ શક્યું. તેણે બૂમ પાડી, 'લછમી ઊભી રહે !'

લછમી થોભી ગઈ. તેના હાથમાં પાન હતું, એ પાન તેણે ઇસ્માઇલને ધર્યું અને પછી હસીને પૂછ્યું, 'સાંભળ્યું છે કે તું કેટલીય વાર અમારે ઘેર આવી ગયો ?'

'કોણે કહ્યું ?'

'રામુએ. બીજું કોણ કહે ? એ માણસની ઈર્ષ્યાની તો વાત જ શી કરવી? હું કોઈ પણ માણસને મળું, તો મારે એને ખુલાસો આપવો પડે. હજી લગ્ન તો થયાં નથી ! એ થઈ જશે, પછી તો છૂપી પોલીસની જેમ તે મારો પીછો કરશે.'

ઇસ્માઇલે કહ્યું, 'હા, પણ તું આમ સિંઘજીની ગાડીમાં હરેફરે એ મનેય નથી ગમતું.'

લછમી હસવા લાગી, કેમ ગાડીમાં ફરવાથી શું બગડી જાય ? શું તું એમ માને છે કે સિંઘજી મને ખાઈ જશે ? તુંય મારી સાથે ફરે છે, મેં તને કોઈ વાર કોઈ રીતે આગળ વધવા દીધો ? જો કોઈ બંદર નાચે, તો એને નચાવવામાં આપણું શું જાય ?' તેનું હાસ્ય વધારે ને વધારે તેજ બનતું રહ્યું.

'અરે, તારામાં તો સારાખોટાનો કોઈ વિવેક જ નથી.' ઇસ્માઇલ બોલ્યો.

'તું જ કહે, આ શહેરમાં એવો વિવેક કોનામાં છે ? કહે જોઉં, તારા પોતાનામાં છે ?' આવા પ્રશ્નથી ઇસ્માઇલનું અંતર ભેદાઈ ગયું. તેણે તરત લછમીનો હાથ પકડી લીધો,

'હવે આગળ બોલ જોઉં !'

લછમી ખડખડાટ હસવા લાગી. પછી બોલી, 'હા બોલીશ, હજારવાર બોલીશ. કહીશ કે ઇસ્માઇલ પાસે દિલ નથી, ઇસ્માઇલના પ્રેમમાં ઊંડાણ નથી. ઇસ્માઇલ કોને ચાહે છે, તેની ખબર જ નથી. તે એકદમ બચ્ચા જેવો નાદાન છે. બસ આટલું પૂરતું છે.'

ઇસ્માઇલે લછમીનો હાથ છોડી દીધો. તેને આખા શરીરે પરસેવો વળી ગયો. આ લછમીને પણ પોતાની નબળાઈની ખબર પડી ગઈ છે. હવે તો પોતે કોઈકની પસંદગી કરી જ લેવી પડશે. નહીં તો બધી બાજુથી લટકી જશે. એક પછી એક બધી સ્ત્રીઓ તેના હાથમાંથી સરી રહી છે. કોઈ પણ તેની નજીક નથી આવી રહી.

લછમીએ હસતાં હસતાં કહ્યું 'ચલ રે સિંઘજીની દુકાને જઈને શરબત પી આવીએ.'

ઇસ્માઇલે ખિસ્સામાંથી રૂમાલ કાઢી માથા પરનો પરસેવો લૂછ્યો. લછમીએ કહ્યું, 'તું સાવ ડરપોક માણસ [redacted]

છું ખરું ? પણ વળી મારી સાથે આમ વાતો કરવાની ગમે છે. છી છી, તું આ બધું છોડી દે ! હવે મન પાકું કરી લે, જેની સાથે ઠીક લાગે એની સાથે શાદી કરી લે.' આમ ત્રણેની પાછળપાછળ ફર્યા ન કર !'

ઇસ્માઇલ ચૂપ બની ગયો. આ છોકરીને પોતાના દિલની વાત કેવી રીતે ખબર પડી ગઈ ? તે માંડ પોતાની જાતને સંભાળતાં બોલ્યો, 'ચાલ... જઈએ.'

તે દિવસે મોડી રાત સુધી બંને સાથે ફર્યાં. બીજે દિવસે રવિવાર હતો, એટલે ઇસ્માઇલને કોઈ ચિંતા નહોતી. પરંતુ લછમીની હિંમત જોઈ ખૂબ આશ્ચર્ય થયું. એ કેટલી નીડરતાથી તેની સાથે ફરી શકે છે ? એના માર્ગમાં કેટકેટલાં વિઘ્નો છે ! ત્યારે જ તેને સમજાયું કે લછમી અપરાજિતા છે, કોઈ પણ પુરુષ સહેલાઈથી તને હરાવી ન શકે. પાછાં ફરતાં રેલવેના પ્લેટફૉર્મ પર તેઓ આવ્યાં, એટલે લછમીએ કહ્યું, 'ચાલ અહીં બાંકડા પર થોડી વાર બેસીએ. તારું મન જરા હળવું કર !'

બંને બાંકડા પર બેસી ગયાં. લછમીએ પોતાના હાથનું પાન તેના મોંમાં મૂકતાં કહ્યું, 'મેં પન્નૂ સાથે તારી બાબતમાં વાત કરી હતી.'

ઇસ્માઇલે પૂછ્યું, 'શું કહ્યું એણે ?'

'તારું જ મન નથી.'

'એ કેવી રીતે ખબર પડી ?'

'પ્રેમ શું ચીજ છે, તેની જ તને ખબર નથી ! આ નયનમણિય સમજે છે કે પ્રેમ શું વસ્તુ છે પણ તારા મનમાં ભય છે, હિંદુ બનવાનો ! હું પૂછું છું કે આટલો ભય રાખવાનું કંઈ કારણ ?'

ઇસ્માઇલ કંઈ બોલ્યો નહીં એટલે લછમી આગળ બોલી, 'ખરી વાત તો એ છે કે પન્નૂને પણ દ્વિધા સતાવે છે. નહીં તો એ આવી શરત જ શા માટે મૂકે ? આ બેકાર પ્રેમની વાતો છે ! સાચો પ્રેમ ઝેબુન્નિસાનો છે અને એનામાં હિંમત પણ ભારે છે. પણ તુ એને વેશ્યા કહીને નફરત કરે છે. અને બોલ, મારે માટે પણ તને તેવો જ ભય લાગે છે ને ?' લછમી હસવા લાગી.

ઇસ્માઇલના મનનો સંકોચ એકાએક દૂર થઈ ગયો. તેણે એકાએક લછમીનો હાથ પોતાના હાથમાં લઈ લીધો અને પૂછ્યું, 'તું તો મને ચાહી શકશે ને ? એટલે કે તું બીજા કોઈની નહીં બની જાય ને ? કહે તો !'

'મારી સાથે લગ્ન કરવાની તારામાં હિંમત છે ખરી ?' લછમીના ચહેરા પર હાસ્ય ફરકી રહ્યું.

ફરીથી ઇસ્માઇલની દશા ડામાડોળ થઈ ગઈ. મનમાં તુમુલ સંઘર્ષ જાગ્યો. પછી ધીરેધીરે તેણે મનને શાંત કર્યું. એને લાગ્યું કે આ છોકરીએ મન આડેનો સંકોચનો પડદો હઠાવી દીધો છે. હવે પોતાનું દિલ ખોલવાનો વખત આવ્યો છે. તેણે ધીમેથી કહ્યું, 'હા, હું તને પ્રેમ કરું છું, અને કરી શકીશ.' લછમીએ તેના તરફ જોઈ સ્મિત કર્યું, પણ મોંએથી બોલીને કશું વચન ન

આપ્યું. ઇસ્માઇલને લાગ્યું કે અજાણતાં જ આ બહાદુર, સાહસિક છોકરીએ પોતાના બાહુમાં આત્મસમર્પણ કર્યું છે. જો કે પહેલાં તો તે બહુ વેદના અનુભવી રહ્યો. પછી ધીરે ધીરે તે મુક્તિનો અનુભવ કરવા લાગ્યો. તેણે વિહ્વળતાથી પૂછ્યું, 'તું મારી બનશે ને લછમી ?'

ત્યારે લછમીનું હાસ્ય થંભી ગયું હતું.

18

એક માસ પછી ઇસ્માઇલ અને લછમીની રજિસ્ટર્ડ શાદીના ગરમાગરમ સમાચારે વળી શહેરમાં ઉહાપોહ ફેલાવી દીધો. લગ્ન પછીની મિજબાનીમાં બધા જ હાજર રહ્યા: ફક્ત પન્નૂ, નસીરઉદ્દીન, જહાંનારા, પ્રધાન, બરૂઆની પત્ની અને બોધન - આટલાં જણ નહોતાં આવ્યાં. બરૂઆની પત્નીને પ્રસૂતિની પીડા ઉપડી હતી એથી એ હોસ્પિટલમાં હતી. જહાંનારા ઘરમાં પથારીવશ માંદી હતી. તેને બદલે ગયાસુદ્દીન હાજર હતો. બોધનને આઘાત લાગ્યો હતો અને રામુ તો બસ ગાંડો જ થઈ ગયો હતો. નસીરઉદ્દીને ઝેબુન્નિસાનો ખ્યાલ કરીને તો કશો અફસોસ ન કર્યો, પરંતુ ઇસ્માઇલ આમ લછમીની જાળમાં ફસાઈ ગયો એને તેણે બેસમજ પગલું ગણ્યું. વળી ઝેબુન્નિસાની યાદ આવવાથી એનું હૈયું શોકથી ભરાઈ ગયું. પ્રધાન ન આવે એ તો સ્વાભાવિક જ વાત હતી.

પન્નૂ આવી જ ન શકી. તેને નિરાંત થઈ કે ઇસ્માઇલનું કામ આ રીતે સરસ પતી ગયું. હવે એનો ક્રોધ કે અફસોસ કરવો નિરર્થક છે. ચંડી અને દુર્ગાએ નિરાંતનો શ્વાસ લીધો. ખાસ તો ચંડીએ. અને એથી જ તો તેણે આ પ્રસંગે ઇસ્માઇલને ભરપૂર આશીર્વાદ આપ્યા. બરૂઆ પણ થોડી જ વાર માટે આવ્યો હતો. એને આમ દિગબઈમાં રજિસ્ટર્ડ લગ્નો વધતાં રહે તે પસંદ નહોતું. મેમસાહેબાની વાદે આપણી છોકરીઓ પણ આમ ઉદ્દંડ બની જાય, તો મહાન આપત્તિ ઉભી થાય.

ઇસ્માઇલે જાતે જઈને પન્નૂ તથા ઝેબુન્નિસાને નિમંત્રણ આપ્યું હતું. પણ બેમાંથી કોઈએ તેના નિમંત્રણને માન ન આપ્યું. લગ્ન પછી તેને આ વાતનું ખૂબ જ માઠું લાગ્યું. મહેમાનોના સત્કારમાંય તેનું મન બરાબર લાગ્યું નહીં. લછમી તો તેના સ્વભાવ મુજબ ખૂબ રંગમાં તથા આનંદમાં હતી. તે હસી બોલીને સૌનો ભાવથી સત્કાર કરતી હતી. તેણે સિંઘનોય સત્કાર કર્યો. સિંઘ એ પ્રસંગે ઘણી બધી ભેટો લાવ્યો હતો, અને સાથે એટલી જ શુભેચ્છાઓ પણ. ઇસ્માઇલ એની પાસે બેસીને વાત ન કરી શક્યો; પણ લછમીએ તો એની સાથે હસીહસીને વાતો કરી; અને એને ખવડાવ્યું પણ ખરું.

ચેરમેન પણ આવ્યો [illegible]

... આ લગ્નના આનંદમય વાતાવરણથી એ તદ્દન અલિપ્ત રહ્યો. મનમાં પ્રતિપદનું કામ આગળ નથી વધ્યું તેનો અસંતોષ ઘોળાયા કરતો હતો. સાહેબ થોડોક વખત રહીને પણ પ્રતિપદનાં

કામમાં વિઘ્નો નાખવાની પૂરી કોશિશ કરી હતી. મોટા સાહેબે છૂટા કરેલા પચાસ મજૂરોને ફરી કામ પર લઈ લીધા એટલે લોકો એની વાહવાહ પોકારવામાંથી જ ઊંચા નથી આવતા અને અત્યારે અહીં વળી લગ્ન સમારંભ અને જમણવારમાં મસ્ત છે. ત્યાર પછી વળી જવાહરલાલ આવવાના. ફાળો એકઠો કરવાનો, સ્વાગત માટે શમિયાણો બાંધવાનો, ગીતની વ્યવસ્થા કરવાની બસ, આવાંઆવાં કામોમાં જ નેતાલોક વ્યસ્ત રહેવાના. પત્રિકામાં મજૂરોને આવી પરિસ્થિતિ સામે ચેતવણી આપવામાં આવી હતી.

બરૂઆ પાસે પણ ગોસ્વામી દ્વારા પત્રિકા આવી હતી, પણ એમાં તો એવા કોઈ ખાસ ખબર નહોતા. ફક્ત કંપનીની નીતિરીતિ સામે મજૂરોને સાબદા કરવામાં આવ્યા હતા. પચાસ મજૂરોને જે છૂટા કરાયા હતા એ તો એક શરૂઆત માત્ર હતી; હજી પણ છટણીની શક્યતાઓ વધવાની છે; કારણ કે કંપનીના સાહેબો નવાંનવાં મશીનો લાવશે અને ત્યારે માણસોને છૂટા કરવાના સંજોગો ઊભા થવાના જ છે. આ શહેરમાં દુનિયાની સૌથી જૂની રિફાઇનરી છે, પણ એથી શું ? રિફાઇનરીના કામ માટે નવાંનવાં મશીનો તો અમેરિકામાં બની ચૂક્યાં છે. એટલે એનો મુકાબલો કરવો પડશે. આ ઉપરાંત ખાણોમાં જેટલું તેલ છે એ બધું જ કાઢવાનોય પણ એક પ્રશ્ન તો છે જ. સ્વયંસંચાલિત યંત્રો પણ શોધાઈ ચૂક્યાં છે. કંપનીવાળા કાંઈ હાથપગ જોડીને બેસી રહેવાના નથી એટલે વધુ છટણી થવાની જ. હવે યુનિયન ન રચાય, તો મજૂરોની છટણી રોકી શકાય એવો કોઈ સંભવ નથી.

ચેટર્જીએ પત્રિકા બરૂઆને વાંચવા આપી. તે વાંચ્યા પછી બરૂઆએ કહ્યું, 'બધી જ વાતો સાચી છે.'

'પણ બરૂઆ, સાંભળ્યું છે કે સાહેબ લોકોએ મકાનો બાંધવાની યોજના કરી છે. અને યોગ્ય માણસોને પસંદ કરીને તેમને બઢતી પણ આપવાની વ્યવસ્થા કરી છે. આને પરિણામે તો કામદારોનો અસંતોષ ઓછો થઈ જશે; તો પછી યુનિયન કોણ બનાવશે ?'

બરૂઆએ ચેટર્જીને પત્રિકા પાછી આપતાં કહ્યું, 'હાસ્તો. સગવડો વધારી આપવામાં આવે, તો પછી યુનિયનની જરૂર જ ક્યાં રહે ?'

ચેટર્જીએ કહ્યું, 'યુનિયન તો રાજકીય હેતુસર પણ બનાવવાની આવશ્યકતા છે. એક દિવસ આ સાહેબ લોકો આપણો દેશ છોડીને જતા રહેશે, ત્યારે મજૂરોએ જ આ કંપની ચલાવવી પડશે.'

બરૂઆએ ડબ્બીમાંથી પાન કાઢી મોંમાં મૂકતાં, હસીને કહ્યું, 'મજૂરો કંપની ચલાવશે ને આપણે બધાં સુખી થઈ જઈશું, એ બધી બહુ દૂરના ભાવિના વાતો છે. એ સિદ્ધ કરતાં તો વર્ષો લાગી જશે. આ તો પેલા એના જેવી વાત છે કે આવવા દો વરસાદ ! ઊગવા દો અનાજ ! થોભો જીજાજી, ખાઈને જાઓ ભાત !'

ચેટર્જીએ કહ્યું, 'નહીં, સાવ એવું નથી. રશિયામાં શું બન્યું એ જાણે છે? ત્યાં મજૂરોનું રાજય સ્થપાઈ ચૂક્યું છે. પ્રયાસ કરીએ તો આપણા દેશમાં પણ તેમ થઈ શકે. કેમ ન થાય ? માણસ સર્વત્ર એક જ લોહી-માંસનો બનેલો છે.

બરૂઆ ગંભીર થઈને બોલ્યો, 'મારા સસરાજી પણ એવું જ કહે છે. જનાર્દન ગોસ્વામીનો પણ આવો જ અભિપ્રાય છે. પરંતુ અહીં એકલા આપણે ત્યાં જ યૂનિયન બને તેથી શું વળે? ચાના બગીચામાં યુનિયન ક્યાં છે ? રેલવેમાં ક્યાં છે ?

એ જ તો વાત છે. કેટકેટલો ત્રાસ આપણે વેઠીએ છીએ...' ચેટર્જી આગળ ન બોલી શક્યો. તેની છાતી પર સ્વપ્નનો બોજ હતો; શોષણ નાબૂદીના મહાસ્વપ્નનો ભાર હતો.

એટલામાં જ ક્યાંકથી સિંઘ એ લોક સમક્ષ ટપકી પડ્યો; આવતાં જ બોલ્યો, 'વાહ, બરૂઆ તું તો મકાનવાળો બન્યો, તારે ઘેર પુત્ર અવતરશે. વળી એ દિવસની વાતચીત બાદ સાહેબની તારા પર કૃપાદૃષ્ટિ થઈ છે. કેમ શ્રીમતીની તબિયત કેમ છે ?'

ચેટર્જી ચાલ્યો જવા માટે ઊભો થઈ ગયો. તેને એની વાતો સેતાનની વાતો જેવી લાગી. પણ બરૂઆએ ચેટર્જીને કહ્યું, 'બેસને ચેટર્જી, આપણે હજી ગયાસુદ્દીનને ઘેર જવાનું છે, ખાસ કામ છે.' અને પછી સિંઘજી તરફ ફરીને કહ્યું, 'આ ઉન્નતિને હું સાચી ઉન્નતિ નથી માનતો. આખી મજૂર આલમની ઉન્નતિ થાય, ત્યારે જ કંઈક થાય.'

સિંઘજીએ હસીને કહ્યું, 'માણસની પાંચેય આંગળીઓ કંઈ સરખી હોય ખરી ? કેટલાક સાહેબ બને, કેટલાક બાબુ બને, તો કેટલાક સદાય મજૂર રહે.'

બરૂઆએ કહ્યું, 'ના, ના, મનુષ્ય માત્ર સમાન છે.'

સિંઘે ચેટર્જી સામે અર્થપૂર્ણ નજરે જોતાં કહ્યું, 'હા, આખા શહેરમાં આવા બધા વિચારો ફેલાઈ ગયા છેસ્તો ! આ બધી પત્રિકાઓ ક્યાંથી આવે છે, તેની તમને ખબર છે ?'

'કોણ નથી જાણતું ? તમે પોતેય જાણો જ છો ને !' ચેટર્જીએ જવાબ આપ્યો.

'પરંતુ સાહેબલોકની વાત પણ વિચારવા જેવી તો છે જ. તે દિવસે મોટા સાહેબે કાંઈ નાનુંસૂનું કામ નથી કર્યું.' સિંઘે કહ્યું. એટલે બરૂઆએ સંભળાવી દીધું, 'મોટા સાહેબો સાહેબોનું કામ કરે અને આપણું કામ આપણે કરીએ; એ જ તો ટ્રેડ યુનિયનનો નિયમ છે.' અને તે એકદમ ઊભો થઈ ગયો.

સિંઘે વળી પૂછ્યું, 'તમે લોકો ક્યાં જાઓ છો ?'

'નહેરુજીના સ્વાગત સંબંધમાં વાતચીત કરવા કૉંગ્રેસ કમિટી તરફથી એક પત્ર આવ્યો છે.' બરૂઆએ જવાબ આપ્યો, 'અમે જઈએ છીએ.'

સિંઘ કટાક્ષ કરતાં બોલ્યો, 'હાસ્તો, નહેરુજી આવે છે એ તો બહુ સારી વાત છે ! પણ અમને તેઓની સેવા કરવાનો મોકો કોણ આપે છે ? બાકી હું ઘણો મોટો ફાળો ઉઘરાવી આપતે.'

બરૂઆ અને ચેટર્જીએ એની વાત પર કંઈ ધ્યાન ન આપ્યું અને ઇસ્માઇલની વિદાય લઈને તેઓ બહાર નીકળ્યા. રસ્તા પર અવતાં ચેટર્જીએ કહ્યું, 'આના પેટમાં શું દુ:ખે છે, ખબર છે ? સ્વાગતસમિતિનો સભ્ય એને કોઈએ નથી બનાવ્યો તે.' ચેટર્જીએ ધ્યાન ન આપ્યું. એ રસ્તે નીકળતાં પન્નૂના ઘર આગળથી પસાર થવું પડતું હતું. એટલે તરત જ બરૂઆને પન્નૂ યાદ આવી. એનાથી બૂમ પડાઈ ગઈ, 'પન્નૂ !'

દરવાજો ખુલ્લો હતો. છતાં પન્નૂ તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળ્યો. એટલે દરવાજા પાસે જઈને વધુ જોરથી તેણે હાંક મારી, 'હું બરૂઆ, પન્નૂ, જરા બહાર આવ તો !'

થોડી જ વારમાં પન્નૂ બહાર આવી. તેનું મુખ મ્લાન અને આંસુથી ખરડાયેલું હતું. બંને આંખો પણ સૂજેલી હતી. તેણે પૂછ્યું, 'શું છે બરૂઆદાદા, આવી કવેળાએ મને કેમ યાદ કરી ?'

'ના, કવેળા બિલકુલ નથી પન્નૂ, યોગ્ય સમયે જ આવ્યો છું. હું જાણું છું તે તું કદી ભૂલ કરે જ નહીં. એટલે આ જે કંઈ થયું તે સારું જ થયું.' બરૂઆ ગદ્‌ગદ્ કંઠે બોલ્યો.

પન્નૂએ ફીકું હસીને કહ્યું, 'સારું થયું કે ખોટું થયું, એ કહેવું મુશ્કેલ છે. મારેય ખૂબ સહન કરવું પડ્યું છે. ખેર, ભાભી કેમ છે ?'

'ઠીક છે.'

પન્નૂ હવે દરવાજા સુધી આવી ગઈ હતી. ચબૂતરા તરફ જોઈ, તેણે પૂછ્યું. 'ત્યાં ચબૂતરા પર કોણ છે ?'

'ચેટર્જી !' બરૂઆએ જવાબ આપ્યો. એ પછી પન્નૂ કંઈ જ બોલી નહીં. ચેટર્જી શાંત પ્રકૃતિનો માણસ હતો, પણ તેનું હૃદય ખરેખર શાંત નહોતું. તેણે પાસે આવીને પન્નૂને કહ્યું, 'પન્નૂ ખબર છે તને કે તમારાં લગ્ન કેમ ન થઈ શક્યાં ? એટલા જ માટે કે તમે બંને જુદા જુદા રસ્તા પર ઊભાં છો. આ દીવાલ તોડીને જ્યાં સુધી સૌને એક નહીં કરો, ત્યાં સુધી મિલન શક્ય નથી.'

'હું બધું સમજું છું.' પન્નૂએ કહ્યું. ચેટર્જીએ વળી પૂછ્યું, 'અને લછમી આ કેમ કરી શકી એ જાણે છે ?'

'કેમ ?'

'કારણ કે તે કોઈ સંસ્કારમાં નથી માનતી. એકદમ આઝાદ છે.'

પન્નૂએ એક ઠંડો નિસાસો નાખ્યો. ચેટર્જી તરફથી આવી સહાનુભૂતિ મળતાં તેનું અંતર દ્રવી ઉઠ્યું, તેણે કહ્યું, 'તમે એક દિવસ નિરાંતે આવો. તમારી સાથે હજી પણ વાતો કરવી છે.'

બરૂઆએ હસીને કહ્યું, 'હા, ચેટર્જી એક દિવસ જરૂરથી આવશે. હવે અત્યારે અમે જઈએ. તમારું ફાળો ઉઘરાવવાનું કેટલે આવ્યું ? અને નયનમણિના ગીતની તૈયારી કેમ ચાલે છે ?'

પન્નૂએ કહ્યું, 'ફાળો ઘણો સારો થયો છે, અને નયનમણિના ગીતની તૈયારી પણ બરાબર ચાલે છે.

એ પછી બંને ત્યાંથી ચાલ્યા ગયા. ગયાસુદ્દીનને ઘેર એ લોકો પહોંચ્યા, ત્યાં સુધીમાં તો નહેરુ સ્વાગત સમિતિની સભા બરખાસ્ત થઈ ગઈ હતી. ચર્ચા માટે ખાસ કોઈ મુદ્દો હતો જ નહીં. નહેરુજી આવતે મહિને આવવાના હતા. એનો વિગતવાર કાર્યક્રમ હવે પછી બનાવવાનો હતો. અને ફાળો તો બરાબર એકઠો થઈ ગયો હતા. મંડપનું કામ મોટા સાહેબે ઉપાડી લીધું હતું એટલે એનું ખર્ચ થવાનું બચી ગયું. નયનમણિનું ગીત માલાસિંઘે સાંભળ્યું હતું. સલામી

માટે સ્વયંસેવકદળ પણ રચાઈ ગયું હતું. તેના ગણવેશ તથા ધ્વજ માટે દિબ્રૂગઢમાં વરદી અપાઈ ગઈ હતી. કામ સરસ રીતે આગળ વધતું હતું.

યુનિયન વિશે ચર્ચા કરવાનો સમય ન મળ્યો. માંદગીને બિછાનેથીય જહાંનારા વારંવાર પન્નૂને સંભારતી હતી. કહેતી હતી કે પન્નૂ માટે આજે તેનો અંતરાત્મા રડી રહ્યો છે. એટલે જ તો પોતાના મહેમાનોને વિદાય કરીને ગયાસુદ્દીન પન્નૂને બોલાવી લાવવા માટે નીકળ્યો. બરૂઆએ ગયાસુદ્દીનને કહ્યું, 'હું હમણાં જ પન્નૂને મળીને ચાલ્યો આવું છું. તે સ્વસ્થ છે.'

ગયાસુદ્દીને કહ્યું, 'એમ ? તો ચાલો એને અહીં બોલાવી લાવીએ. એ જયાં સુધી અહીં નહીં આવે, ત્યાં સુધી જહાંનારાને ચેન નહીં પડે ને પાછી આજે મારે રાતપાળી છે.'

'પણ આ માંદા માણસને છોડીને તમે કેવી રીતે જશો ?'

'ન જાઉં, તો ત્યાં સર્વનાશ થઈ જાય. આજે વળી એક નવો કૂવો ખોદ્યો છે. હું ન જાઉં તો કોણ શું કરે તેનું શું ઠેકાણું ? અહમદ સાહેબનેય કહ્યું છે કે મામીને લેતા આવજો.'

બરૂઆએ નિરાંતનો શ્વાસ લીધો. પછી કહ્યું, 'એનાં કરતાં ચાલો આપણે હૉસ્પિટલમાં જઈએ. આમને બીમારી શું છે, તે તો પૂછીએ.'

'કોણ જાણે. કંઈ જ ખબર નથી પડતી.' ગયાસુદ્દીનનો અવાજ મંદ પડી ગયો. પછી ઉત્કંઠાથી કહ્યું, 'એમ કરો, તમે ડૉક્ટરને પૂછી જુઓને ! મારો વિચાર પણ આને હૉસ્પિટલમાં દાખલ કરવાનો છે. એ લોકે મને બીમારી વિશે તો કંઈ જ કહ્યું નથી.' બરૂઆનો ચહેરો ગંભીર બની ગયો.

ત્રણે જણા વળી રસ્તા પર આવી ગયા. કૃષ્ણપક્ષનું અંધારું હતું. ગયાસુદ્દીનની ટોર્ચના પ્રકાશમાં ત્રણે જણા આગળ ચાલતા રહ્યા.

ગયાસુદ્દીને કહ્યું, 'ચેટર્જી, તું યુનિયન-યુનિયનની રટણામાં જ મરી જશે. તારી પાસે વાત કરવાનો બીજો કોઈ વિષય જ નથી ? લગ્ન, જમણ, ખાવું-પીવું, પ્રેમ કરવો - એવું બધું ?'

ચેટર્જીએ જવાબ આપ્યો, 'હજી સુધી તો કશાની જરૂર મને નથી પડી. બસ એક જ ધ્યેયને માટે જીવું છું. ખબર છે, એક જમાનામાં હું ત્રાસવાદી હતો. ત્યારે લોહી વડે પ્રતિજ્ઞા કરી હતી કે આઝાદી લાવીને જ જંપીશ. કેટલાય બિરાદરો મરી ચૂક્યા છે. એમનું અધૂરું કામ પૂરું કરવા માટે હું જીવું છું; અને થોડુંકેય કરી જાઉં, તો બસ.'

ગયાસુદ્દીન અને બરૂઆ એકદમ ચોંકી ઊઠ્યા. ત્યારે સિંઘજી અને થાણાના ઓ. સી. મિશ્રાજીએ ખોટું તો નહોતું જ કહ્યું કે આ શહેરમાં નવા ત્રાસવાદીઓ ભલે નથી આવ્યા, પણ ભૂતપૂર્વ ત્રાસવાદીઓ તો છે જ. બરૂઆએ પૂછ્યું, 'તો આજ સુધી તેં આ વાત છાની કેમ રાખી ? અમને પણ કેમ ન કહ્યું ?'

ચેટર્જીએ જવાબ આપ્યો, 'કહેવાથી શો લાભ ? ને તમે લોકો જાણીનેય શું કરો ? હું તો ગુલામીની યાતના નસેનસમાં અનુભવી રહ્યો છું. જાણતો નથી કે આ દેશ ક્યારે ને કેવી રીતે આઝાદ થશે પણ એ દિવસ માટે જ હું જીવું છું. સગાઈ-લગ્ન, ઘર-સંસાર એ બધું મારા જેવા

માટે નથી. મારો રાહ તો સંગ્રામ છે. યૂનિયન રચવા માટે જ હું અહીં કામ કરી રહ્યો છું. યુનિયન બની જશે, એટલે સ્વતંત્રતાનો એક પાયો નંખાશે. સ્વતંત્રતાનો અર્થ જ શ્રમજીવીઓનું રાજ્ય.'

ગયાસુદ્દીન આ વાતો સાંભળીને મુગ્ધ થઈ ગયો. ખરેખર જ આ માણસ સાચા અર્થમાં એકનિષ્ઠ કાર્યકર્તા છે; એટલે જ સદાય એના મુખમાં યુનિયન રચવાની વાત, પુસ્તકોની વાત અને દેશપ્રેમની જ વાત ! બસ એ એક જ વિષય! બધા માને છે કે તે એક શાંત સ્વસ્થ માણસ છે, પરંતુ તેની ભીતરમાં તો ધ્યેયની આગ અને પ્રતિજ્ઞાની જ્યોત જલી રહી છે. ગયાસુદ્દીનને પણ પ્રથમ જ વાર આ વાત સમજાઈ.

થોડું ચાલ્યા બાદ બરૂઆ છૂટો પડી ચાલ્યો ગયો. તે પછી ચેટર્જીએ કહ્યું, 'મેં એકાએક તમને હૈયું ખોલીને બધું કહી દીધું. પણ તમે એને મારી નિર્બળતા ન માનશો. અને આ સબળતા પણ નથી. પરંતુ હવે સમય પાકી ગયો છે, જ્યારે બધાંએ સાથે મળીને કામ કરવાનું છે. હવે નહેરુજી આવે છે, એટલે મજૂરોનું મનોબળ વધશે. યુનિયન બનાવવા માટેનો આ એક ઉત્તમ અવસર છે. યુનિયન રચવાની આવશ્યકતા કેમ છે, એ તો જાણો છોને ? એક દિવસ આ મજૂરોએ જાતે જ ઉદ્યોગો ચલાવવા પડશે.'

ગયાસુદ્દીને શ્રદ્ધાથી ચેટર્જીની સામે જોયું. તેણે ક્યારેય આટલા ઊંડાણથી વિચાર્યું નહોતું.

19

કહે છે કે ત્રાસવાદી આવ્યાના ભયથી સાહેબ લોક ખૂબ પરેશાન રહે છે. નસીરઉદ્દીન કહે છે કે જિલાપોસી સાહેબ તો બે ભરી બંદૂકો સાથે ન રાખે, તો ઊંઘી પણ શકતો નથી. એકલા ગોરા સાહેબો જ નહીં, પેલો કાળો સિંઘજી પણ પથારીમાં ત્રણ ભરેલી બંદૂકો તૈયાર રાખે છે. અને પોલીસથાણાના ઓ. સી. મિશ્રાજીનેય આખી રાત થાણામાં જ રહેવું પડે છે. ક્યારે શું બની જાય તે કહેવાય નહીં. આવી બધી શહેરની ગરમાગરમ અફવાઓ હતી. આ બધી અફવાઓ સાચી કે ખોટી એ તો રામ જાણે. પણ મિશ્રા ગયાસુદ્દીન, ચેટર્જી અને બરૂઆ પર સાંપની નજર રાખે છે. આવી અગડંબગડંની ખબરો સિંઘ કોણ જાણે ક્યાંથી લઈ આવે છે. તેને સ્વાગતસમિતિમાં સ્થાન ન મળ્યું, એટલે તેની ચુગલખોરી વધી ગઈ છે. બરૂઆ, લાલસિંઘ, ગયાસુદ્દીન અને નંદીના ઘરમાં વારંવાર ઝડતી પણ લેવાય કરે છે. કશું વાંધાજનક મળતું નથી, પણ એક જ શક તો રાખવામાં આવે છે.

દરમ્યાન મજૂરોની એક સામાન્ય સભા પણ મળી ગઈ. યૂનિયન રચવાનો પ્રસ્તાવ પસાર થઈ ચૂક્યો. એટલે તો ટાઉલર સાહેબે યુનિયન રચનારાઓ ઉપર કડક નજર રાખવા માંડી હતી. ટાઉલરનો જમણો હાથ હતો સિંઘ અને સિંઘનો જમણો હાથ હતો ઓ. સી. મિશ્રા. આવી પરિસ્થિતિમાંય યુનિયનનું કામ ધીરેધીરે આગળ વધતું રહ્યું. યોગ્ય સમયે યુનિયનની મંજૂરી

માટે દરખાસ્ત પણ મોકલાવી દીધી. પણ દરખાસ્ત મોકલી દીધાથી શું વળે ? એ પછી તેના પર સતત ધ્યાન આપવું જોઈએ ને ? શિલોંગથી કોઈ જવાબ હજી સુધી આવ્યો ન હતો.

ઇસ્માઇલનાં લગ્ન થઈ ગયાં, તે પછી ચંડી હવે પન્નૂનેય ક્યાંક ઠેકાણે પાડી દેવાની ચિંતામાં ફરવા લાગ્યો. રામુ લછમી બાબતમાં નિરાશ થયા પછી, એક વાર ચંડી પાસે પાછો આવી ગયો. પણ પન્નૂની સાફ ના સાંભળીને હતાશ હૈયે તે પાછો ફર્યો. ચંડીએ એક બે ઠેકાણે છોકરા માટે વાત નાંખી જોઈ હતી. પણ પન્નૂએ જ બધી જગ્યાએ લગ્ન કરવાની ના પાડી દીધી. આખરે હતાશ થઈને ચંડીએ પન્નૂને પૂછ્યું, 'તો તું કરશે શું ?'

'ભણીશ.' પન્નૂએ જવાબ આપ્યો. ચંડી ચૂપ થઈ ગયો ને બસ પછી પહેલાંની જેમ જ ઘર બહાર રખડવા લાગ્યો. પત્નીના મૃત્યુ પછી તેનું મન ઘરમાંથી ઊઠી ગયું હતું.

પન્નૂ પૂર્વવત્ જહાંનારા પાસે ભણવા જવા લાગી. હવે તો તે જાતે અભ્યાસ કરી શકે એટલી લાયક બની ગઈ હતી. જહાંનારા માંદી પડી, એટલે તેને કોણ ભણાવે ? એથી તેણે ઘેર જ પોતાની મેળે ભણવાની કોશિશ કરી અને ગયાસુદ્દીને તેને કહી રાખ્યું કે ક્યાંય સમજવામાં મુશ્કેલી પડે તો, ચેટર્જી તેની પાસે જ રહે છે; તેને પૂછીને સમજી લેવું.

જહાંનારાએ તે દિવસે માંદગીને બિછાને પડ્યાં પડ્યાં તેને બોલાવી હતી. તેને લાગ્યું કે પન્નૂનું દિલ સાવ ભાંગી ગયું છે, તેને આશ્વાસન આપવું જરૂરી છે, એટલે તેણે એવી કોશિશ કરી હતી. પરંતુ પન્નૂ તો આપમેળે જ સ્વસ્થ બની ગઈ હતી. પન્નૂએ કહ્યું હતું, 'લછમીએ જે રીતે ઇસ્માઇલને અપનાવી લીધો; એવી રીતે તો હું પણ તેને મેળવી શકત. પરંતુ મેં એની સમક્ષ હિંદુ બનવાની શરત મૂકી, જે તેણે ન માની. પણ હવે તેનું દુ:ખ રાખવાથી શો લાભ ?'

માંદગીને લીધે જહાંનારાનાં હાડકાંપાંસળાં નીકળી આવ્યાં હતાં. ડૉક્ટરો હજી એનો વિચિત્ર રોગ પારખી શક્યા નહોતા. પરંતુ તે પોતે એક પ્રકારનું ખાલીપણું અનુભવી રહી હતી. જીવન અને મરણની વચ્ચે ઝોલાં ખાતી હોય એવાં સ્વપ્નાં જોઈ રહી હતી. તેણે કહ્યું હતું, 'પન્નૂ તું ભણવાનું ન છોડતી. મને તારી ખૂબ ચિંતા થાય છે. તું અહીં રોજ આવજે.'

પન્નૂ બરાબર સમજતી હતી કે જહાંનારા તેને કેમ રોજ બોલાવતી હતી. ભણવા-ભણાવવાને કારણે એ બે વચ્ચે અનોખી મૈત્રી જન્મી હતી. ધીમે ધીમે એ સંબંધ ખૂબ ગાઢ બની ગયો હતો. ગયાસુદ્દીનનું વ્યક્તિત્વ તો સમજવું જ મુશ્કેલ. તેની રહેણી - કરણી, વાતચીત, કામકાજ, બધું સંપૂર્ણ આગવું-પોતીકું. એના પર જહાંનારા પોતાનો કોઈ જ પ્રભાવ પાડી શકી નહોતી. આ માણસમાં ગજબની હિંમત હતી, પરંતુ તેના પ્રેમમાં ઊંડાણ નહોતું. એ બાબતમાં સાવ ઇસ્માઇલ જેવો જ. પોતાની પહેલી પત્ની માધુરીને છોડી દીધાનો તેને જરાય રંજ નથી. રેલવેપ્રવાસના ડબ્બામાં કોઈ સહયાત્રી પોતાને સ્ટેશને ડબ્બામાંથી ઊતરી જાય ને બીજા પ્રવાસીઓને જરાય દુ:ખ ન થાય તેવી જ રીતે આ માણસને એક સ્ત્રી ચાલી ગઈ ને બીજી આવી એનું કોઈ જ દુ:ખ થતું નથી.

જહાંનારા સમજી ગઈ હતી કે ગયાસુદ્દીન થોડો લાપરવાહ છે. બાકી માણસ છે સાચો, સાહસિક અને ગુણવાન. પરંતુ હૃદયમાં ઊંડાણનો અભાવ છે. તે માને છે કે સ્ત્રી એટલે ફક્ત

સહશયન કરનારી, પથારીમાં જ તેને માટે એનું અસ્તિત્વ; બીજા સમયે એની સાથે વાતચીત કરવાનુંય તેને યાદ ન આવે. પત્નીની માંદગીમાં પણ એવી જ ઉપેક્ષા !

આ બધું જહાંનારાએ પન્નૂને કહી દીધું; કારણ કે હવે તેની સહનશક્તિની હદ આવી ગઈ. એ સાંભળીને પહેલાં તો પન્નૂ આભી જ બની ગઈ. પણ પછી તેને ધીરેધીરે ભાન થયું કે લગ્ન કરી નાંખવાથી જ કંઈ બધું સુખ નથી મળી જતું. પ્રેમ કરવાથી જ પ્રેમ મળી જતો નથી.

તે દિવસે જહાંનારાએ પન્નૂને કાનમાં કહ્યું હતું, 'પન્નૂ, એક વાત વિચારતાં મને બહુ જ દુ:ખ થાય છે...

તે વખતે આસપાસ કોઈ નહોતું. મામી પણ બાજુના ઓરડામાં સૂતી હતી. ગયાસુદ્દીન કામ પર ગયો હતો. જહાંનારાએ કહ્યું, 'એમણે સંતાનપ્રાપ્તિની આશાએ જ મારી સાથે લગ્ન કર્યાં. પણ હવે લાગે છે કે એમને સંતાન આપતાં પહેલાં જ હું મરી જઈશ. મને શી બીમારી છે, તેની કોઈને ખબર પડતી નથી. શરીરને અંદરથી કોઈ કોરી ખાઈ રહ્યું છે. મન તો ભમરાની જેમ સતત ચકરાયા કરે છે. જો, મારા મરતાં સુધી તું અહીં જ રહેજે. મને છોડી ન જતી.'

પન્નૂને ગુસ્સો ચઢી આવ્યો. તેણે કહ્યું, 'આ બધી વાતો તું ગયાસુદ્દીનને કેમ નથી કહેતી ? એને કહેશે, તો જ તને શાંતિ મળશે. હું તો સાવ નાદાન છોકરી છું.'

જહાંનારાએ વેદના અનુભવતાં કહ્યું, 'નહીં, નહીં... એનો સમય જ ક્યાં મળે છે ? એ તો વાતો કરવાનો મોકો જ નથી આપતા.'

પન્નૂ અવાક્ બની ગઈ. પછી એ ચેટર્જી પાસે ભણવા ગઈ, ત્યારે શરમસંકોચ છોડીને એણે એકાએક ચેટર્જીને પૂછી નાંખ્યું, 'આ ગયાસુદ્દીન સાહેબ આવા કેમ છે ?'

'કેમ શું થયું ?'

'જહાંનારાભાભીની તબિયત બહુ જ ગંભીર છે. તેનું મન પણ ખૂબ જ અસ્વસ્થ બની ગયું છે; પણ ગયાસુદ્દીન સાહેબ તો એની સાથે વાતેય નથી કરતા. આ તો જાણે પુરાણા જમાનાનો પતિ જ જોઈ લો !'

પન્નૂએ હસવાનો પ્રયત્ન કર્યો, ત્યાં તો ચેટર્જીનો ચહેરો જોઈને તેને શરમ આવી ગઈ. છી... પોતે કેવી વાત કાઢી બેઠી ! આખરે તો આ ચેટર્જી એક કુંવારો પુરુષ છે. કોણ જાણે શુંય ધારી લે ! છતાં પણ આવી વાત કરી દેવાથી તેને સારું તો લાગ્યું.

ચેટર્જીનું મન આમેય સ્વસ્થ ન હતું. ટાઉલરે કંઈ પેંતરો ગોઠવીને ખાણમાંથી બદલી કરીને તેને રિફાઇનરીમાં મૂકી દીધો હતો. રિફાઇનરીના કામથી તે તદ્દન જ અજાણ જ હતો. તેથી મનમાં ને મનમાં મૂંઝાતો હતો. જો કે તેને સમજાઈ ગયું હતું કે યૂનિયન બનાવવાની આ તેને સજા મળી. બસ એથી જ તેણે શહીદની જેમ એ સજા સ્વીકારી લીધી હતી.

પન્નૂની વાત સાંભળીને તેને એ ન સમજાયું કે આવી વાત કરવા પાછળ એનો હેતુ શો હતો ? વાત ખરેખર અનુચિત હતી. છતાં તેણે જવાબ આપ્યો, 'ગયાસુદ્દીન સાહેબ આખી દુનિયા સાથે વાત કરી શકે છે. એ પોતાની પત્ની સાથે કેમ વાત ન કરે ? ભારે આશ્ચર્ય કહેવાય.

પન્નૂ બોલી, 'ખરેખર આશ્ચર્યની વાત છે. પણ જહાંનારાની તબિયત ખૂબ ગંભીર છે.'

'ડૉક્ટરે આ વાત કોને કરી ?'

'બરૂઆબાબુને અને બરૂઆજીએ એ વાત મને કહી. તેથી જ આ વાત હું તમને જણાવું છું. ગયાસુદ્દીન આમ તો બહુ સારા માણસ છે, પણ જહાંનારા સાથે દિલ ખોલીને વાત નથી કરતા. વાસના રહી જશે, તો મર્યા પછી ભૂત બનીને એ હાજર થશે. ત્યારે જ તેને સજા મળશે.'

ચેટર્જી હસવા લાગ્યો. મિયાં-બીબી વચ્ચે કેવો સંબંધ હોવો જોઈએ, તેનો સ્પષ્ટ ખ્યાલ તો તેને નહોતો. આજસુધી તે સ્ત્રીસંબંધથી સાવ મુક્ત જ રહ્યો હતો, એમ કહીએ તોય ખોટું નહીં. પન્નૂએ આજે આવીને આવી બધી વાતો કરી, એથી એની સામે એક સમસ્યા ઊભી થઈ ગઈ. જો કે એ તો જહાંનારાની ઘરગથ્થુ સમસ્યા હતી, છતાં ચેટર્જીને આવી બાબતની થોડી જિજ્ઞાસા અવશ્ય હતી. પણ ગયાસુદ્દીન - જહાંનારા વિશે જાણવાનું ખાસ કુતૂહલ નહોતું. એણે પન્નૂને કહ્યું, 'બીજાઓની વાતો મનમાં લઈને ફરે છે તે તારી પોતાની કોઈ વાત નથી શું ?'

પન્નૂ એકદમ હસી પડી અને બોલી, 'હોય તોય શું ? બધાને કાંઈ થોડી કહેતાં ફરાય છે ?'

ચેટર્જીએ પણ હસતાં હસતાં જવાબ આપ્યો, 'આવી બધી વાતોનો ભેદ હું શું જાણું ભલા ? હું કુંવારો માણસ, મને શા માટે સંડોવે છે ? આ બધું તું ગયાસુદ્દીનને જણાવે, તે જ વધારે સારું.' પછી એકાએક તે નરમ થઈ ગયો. તેને લાગ્યું કે પન્નૂ આવી બધી વાતો કહેવા માટે પોતાની પાસે આવી, એ પોતાના પરનો વિશ્વાસ ન કહેવાય ? મનમાં તેને આવા વિચારથી સારું લાગી રહ્યું હતું.

પન્નૂ બોલી, 'ગયાસુદ્દીન સાહેબને હું નથી કહી શકતી. જો એમને કહી શકતી હોત, તો મેં ક્યારનુંય કહી જ દીધું હોત ને ?' ગયાસુદ્દીન શબ્દનું ઉચ્ચારણ કરતાં જ તેનું હૈયું કંપી ઊઠતું હતું. એ શા માટે, તે કેવળ પોતે જ એકલી જાણતી હતી.

ચેટર્જીએ હસીને પૂછ્યું, 'કેમ વાતમાં એવી તે કઈ વિચિત્રતા છે કે એમને ન કહેવાય ? પુરુષ અને સ્ત્રી તો સમાન જ ગણાય.'

'તમે એમ માનો છો ?'

'હા.' પછી ચેટર્જીએ ઉમેર્યું, 'અને મારા સિવાય આ શહેરમાં બીજું કોઈ જ એવું નથી માનતું. ખુદ મોટા સાહેબ પણ નહીં.'

'એની તમને કેવી રીતે ખબર પડી ?'

'નયનમણિએ કહેલી વાત છે. મેમસાહેબા નયનમણી સાથે દોસ્તી રાખે છે, એ તેમને પસંદ નથી. વળી માર્ગારિટા જઈને ત્યાં રાત ગાળે છે તે પણ એમને પસંદ નથી. મેમસાહેબાને ગુસ્સો ચઢે છે ને બંને વચ્ચે ચકમક પણ ઝર્યા કરે છે. પુરુષ કહે તેમ જ સ્ત્રી ચાલે એ તો મુશ્કેલ. બંને સમાન જ હોવાં જોઈએ-'

'મેમસાહેબાએ આવું બધું કોને કહ્યું ?'

નયનમણિને.'

'આ તો ભારે વિચિત્ર વાત કહેવાય ! જયારે એ લોકોની દશા પણ એવી છે, તો આપણી એથીય બૂરી હોય તેમાં શી નવાઈ ?'

ચેટર્જીની વાતો પન્નૂને સારી લાગી. એ બોલી, 'મારા બાપુ મને પણ આમ છૂટથી હરવા-ફરવા દેવામાં નથી માનતા.'

'કેમ ? તું તો ફરે છે ને ?'

'તેનો તો રોજનો ઝઘડો છે. લગ્ન કરી લેવા માટે કેટલો દુરાગ્રહ કરે છે, એ શું કહું ? કહે છે, ગમે તેની સાથે પણ લગ્ન કરી લેવાં જોઈએ. એ તો રામુ સાથેય ગોઠવી દેવાનું કરતા હતા, પણ હું એ બુઢ્ઢા સાથે લગ્ન ના કરું. એ પછી પણ કેટલાક મુરતિયા માટે કહી જોયું. મેં તો ના જ પકડી રાખી. છેવટ પેલો સિંઘ!' પન્નૂ હસવું ન રોકી શકી.

ચેટર્જીએ પૂછ્યું, 'અરે રામ સિંઘ, કેમ વળી એ સિંઘજીનું શું છે ? એને એક પત્ની તો છે ?'

'તેની પાસે પૈસા વધી પડ્યા છે, તેથી તેને એક જુવાન છોકરી જોઈએ. લછમી માટે કોશિશ કરી જોઈ, પણ એણે તો મોં પર જ જોડો માર્યો.'

'જોડો માર્યો ?'

'જોડો એટલે ખૂબ કડક વાતો મોઢામોઢ સંભળાવી દીધી. હવે તે મારી પાછળ પડ્યો છે. બસ વેળા-કવેળા એ પન્નૂ...પન્નૂ કરતો પાછળ ફરતો ફરે છે.' પન્નૂ કંટાળા તથા નફરતપૂર્વક નીચું જોઈ રહી.

ચેટર્જીએ એક સિગરેટ સળગાવી. તેણે પન્નૂને ધ્યાનથી જોવા માટે માથું ઊંચું કર્યું, પણ પછી સંકોચ થયો. આજે જ તેને ખબર પડી કે એક ચેતનથી થનગનતી જવાન છોકરી તેની પડોશમાં રહે છે. તેણે કહ્યું, 'જયારે લગ્ન કરવાં જ છે, તો કોઈ એકાદ સાથે કરી લેવા સારાં.'

'એવું તો હું નહીં કરું. તરસ લાગે એટલે કાંઈ ગટરનું પાણી પી લેવાય ? અરે, એથી તો તરસેય મટવાની નહીં.'

'શુધ્ધ પાણી મળવું ખૂબ અઘરું હોય છે.' બરૂઆએ કહ્યું.

પન્નૂએ જવાબ આપ્યો, 'હા, અઘરું તો છે પણ શુધ્ધ પાણી છે જ નહીં એવું તો નથી. એની શોધ કરતાં આવડવું જોઈએ.'

'તો શોધતી કેમ નથી ?'

પન્નૂ હસવા લાગી, 'ગંદાં તળાવો ઠેર ઠેર છે અને જયાં શુધ્ધ પાણીનાં તળાવો છે, ત્યાં પહોંચવું મુશ્કેલ છે. રસ્તામાં બેહદ કાંટા-ઝાંખરાં છે !'

'કાંટા હઠાવી દેવા જોઈએ.'

'એ કાંઈ એટલું સહેલું નથી.' હવે વાતચીત એકદમ સહજ બની ગઈ હતી. ચેટર્જીને પણ પન્નૂની વાતમાં એક પ્રકારની આત્મીયતાનો અનુભવ થયો. તેણે પૂછ્યું, 'કેમ ?'

'એકની તો અજમાયેશ કરી લીધી અને-'

'હવે બીજો કોણ છે ?'

પન્નૂ ચૂપચાપ એની સામે જોઈ રહી. ચેટર્જીને એ કંઈક વિચિત્ર લાગ્યું, પછી તો તેને ત્યાંથી ભાગી છૂટવાની ઇચ્છા થઈ આવી.

તે જ દિવસે રિફાઇનરીમાં એક દુર્ઘટના બની ગઈ. ચેટર્જી મોજાં, ગોગલ્સ, ઝભ્ભો, ટોપો વગેરે લેબાશ ચઢાવીને બોયલરની ગરમીનું નિયંત્રણ કરી રહ્યો હતો. થોડે દૂર ઇસ્માઇલ ગૅસ-માસ્ક અને ગમબૂટ પહેરીને મશીન પર કામ કરી રહ્યો હતો. ત્રીજી તરફ ફાયરમેન, વેલ્ડર અને હેમરમેન ત્રણ જણ બોયલરનાં પડેલા કાણાની મરમ્મત વિશે ચર્ચા કરતા હતા. સડેલાં ઈંડાં જેવી હાઇડ્રોજન-સલ્ફાઇડની વાસ તેમના નાકમાં ઘૂસી જતી હતી. એ બદબૂ અસહ્ય બની જતાં, ચેટર્જી એકાએક ચીસ પાડીને બેહોશ થઈ ગયો.

એકદમ દોડીને ઇસ્માઇલ તેની પાસે જઈ પહોંચ્યો. પેલા બોઈલરના કાણામાંથી ઝેરી ગૅસ ધસારાબંધ બહાર આવતો હતો. રિફાઇનરીમાં ગૅસ-માસ્કની તંગી હતી. બિનઅનુભવી એવા ચેટર્જીને ગૅસ-માસ્ક મળ્યો જ નહોતો. બધા જ દોડીને બોઈલર પાસે પહોંચી ગયા. ઇસ્માઇલને વિશેષ દુ:ખ થયું. રિફાઇનરીમાં આવતી વખતે ઇસ્માઇલ અને ચેટર્જી બંનેએ પન્નૂ વિશે વાતો કરી હતી. એ વખતે તેણે પન્નૂનાં વખાણ કર્યાં, એ ઇસ્માઇલને ગમ્યું નહીં. એ કશું બોલી પણ શકતો નહોતો, મનમાં ને મનમાં ચેટર્જીની ઈર્ષ્યા કરી રહ્યો હતો; પરંતુ મોંએથી તો એટલું જ બોલ્યો, 'જાણો છો ચેટર્જી સાહેબ, મને એની ખૂબ જ ચિંતા રહે છે ?'

'કેમ ?'

'એ બહુ ઊંડા પાણીની માછલી છે. ચહેરાથીય વધારે તો તેનું મન સુંદર છે.'

'તો તેં આવું કેમ કર્યું ?'

'હિંદુ બનવાની હિંમત ન ચાલી.'

ઇસ્માઇલ વિચારી રહ્યો હતો કે ચેટર્જી સાથે ઘરે પાછા ફરતાં પણ એ પન્નૂ વિશે વધુ વાતો કરશે. પોતે પન્નૂની ક્ષમા માગશે અને કહેશે કે શાદી બાબતમાં પોતે તૈયાર છે.

ઇસ્માઇલ એકલાએ જ ચેટર્જીને ઉપાડી લીધો અને બહાર ઘાસ પર સુવડાવી દીધો. સાવ દૂબળો-પાતળો માણસ ! પછી ડૉક્ટરને ફોન કરીને ઍમ્બ્યુલન્સ મંગાવી. પણ ડૉક્ટરે જવાબ આપ્યો કે ઍમ્બ્યુલન્સ બહાર ગઈ છે, એટલે મળી શકશે નહીં. હવે કોઈ પણ રીતે ચેટર્જીને હૉસ્પિટલ પહોંચાડવો જોઈએ. ઇસ્માઇલને ગુસ્સો આવી ગયો, 'હું તે શું કરું ? બીમારને હૉસ્પિટલ લઈ જાઉં કે ગૅસ-પ્લાન્ટ સંભાળું ? અહીં કંઈ દવાખાનું નથી કે નથી ફર્સ્ટ એઈડ બોક્સ !'

ઍન્જિનિયર સાહેબને કહેવડાવ્યું તો તે પણ મોટાસાહેબને ત્યાં તહેવારના દિવસની ભેટ આપવા ગયો હતો. આ તો મહાન આફત ! એક બાજુ ગૅસ તો નીકળ્યા જ કરે છે; વેલ્ડર તેની મરામત કરી શકતો નથી. ક્યાંક કશી ભૂલ થઈ રહી છે. ઝેરી ગૅસ જો રિફાઇનરીની હવા દૂષિત કરી દેશે, તો વાંક ઇસ્માઇલનો જ ગણાશે. બેચેન બનીને તેણે એક છોકરાને કહ્યું કે, 'ગમે

તે રીતે કોઈ ગાડીનો બંદોબસ્ત કરીને લઈ આવ !' તેણે ચેટર્જીના ખમીસનાં બટન ખોલી નાખ્યાં. તેની છાતીનાં પાંસળાંય ગણી શકાતાં હતાં.

અંદરના મજૂરો પણ ગેસની દુર્ગંધ સહન ન કરી શક્યા. બધા જ બહાર નીકળી આવ્યા. કોઈકે કહ્યું, 'ગેસ-માસ્ક નહીં મળે, તો અમે કામ નહીં કરીએ.'

'એટલે શું હું ગેસ-માસ્ક અત્યારે બનાવવા બેસું ? હું તો માત્ર ફોરમેન છું. જહન્નમમાં જાય પેલો શ્રીનિવાસ સાહેબ ! અત્યારે મોટા સાહેબને ત્યાં તહેવારની ભેટ આપવા ગયો છે ! એક બાજુ એ કટ્ટર હિંદુ, ચાંલ્લો કર્યા વગર તો એ રિફાઇનરી પર નથી આવતો !'

એક જણ બોલ્યો, 'આને ભેટ કોણ કહે ? આ તો લાંચ છે લાંચ !'

આટલી આફતમાંય બધા મજૂરો ખડખડાટ હસી પડ્યા.

ઇસ્માઇલને ભય હતો કે જો ગેસની પાઇપમાં આગ લાગે, તો પછી આખી રિફાઇનરીને બચાવવી અસંભવિત બની જાય. બધું જ આગમાં ભસ્મીભૂત થઈ જાય. વર્કશૉપમાંથી માણસોને બોલાવવા માટેય એંજિનિયર સાહેબનો હુકમ જોઈએ. મોટાસાહેબ મોટા કે આ રિફાયનરી મોટી ? શું સમજવું ?

બેભાન ચેટર્જીને લઈ જવા માટે ગાડીની સગવડ હજી સુધી થઈ શકી નહોતી. છોકરો હેડઑફિસમાં ગયો હતો. બહાર ડિસેમ્બરની ઠંડી હવા વાઈ રહી હતી, પણ ઊંચી, પાકી દીવાલો ઓળંગીને તાજી હવા અંદર પ્રવેશી શકતી નહોતી. વાતાવરણમાં હળવો શોરબકોર હતો, પરંતુ એટલામાં એંજિનિયર સાહેબની ગાડી આવતી દેખાઈ અને વાતચીત એકદમ શાંત થઈ ગઈ.

શ્રીનિવાસ પરિસ્થિતિ જોઈને જ સ્તબ્ધ થઈ ગયો. તેણે પૂછ્યું, 'અરે અહીં ગાડી ચલાવતાં કોને આવડે છે ? આને તાબડતોડ હૉસ્પિટલ પહોંચાડવો પડશે.' ઇસ્માઇલ સિવાય ત્યાં બીજા કોઈનેય ગાડી હાંકતાં નહોતું આવડતું. તરત તેણે કારખાનાનો લેબાસ ઉતારી નાખ્યો અને ખાખી પેન્ટ-શર્ટ ચઢાવીને ગાડી પાસે આવી ગયો. તેણે સાહેબને કહ્યું, 'લાવો ચાવી !'

શ્રીનિવાસે કહ્યું, 'પણ તું જશે, તો પછી અહીં મુશ્કેલી !'

'બીજો રસ્તો જ નથી, જરા જેટલુંય મોડું કરવાથી દર્દી માટે જોખમ. આપ એવું કરો, આ કારખાનું થોડીવાર બંધ કરાવી દો, બીજો ઉપાય નથી.'

ઇસ્માઇલે ચેટર્જીને ગાડીમાં સુવડાવી દીધો. અને ગાડી હાંકી મૂકી. શ્રીનિવાસ ગેસની દુર્ગંધ સહન ન કરી શક્યો, એટલે તેણે નાક પર કપડું દબાવ્યું. ત્યાં એકાએક ભયની સાયરન વાગી ઊઠી. શ્રીનિવાસને કશી સમજ ન પડી. ત્યાં વીજળીના મશીન ઉપરથી બરૂઆ દોડતો આવ્યો ને જોતજોતામાં બોઈલરનું એંજિન તથા ક્રૂડ તેલની પાઇપ બંને બંધ કરી દીધાં. નજીક આવેલા નળે પાઇપ જોડ્યો ને બોઇલરમાં પડેલા કાણામાં પાણીની ધાર છોડી.

કાણામાંથી નીકળતા ગેસમાં આગે દેખા દીધી હતી. જરા જેટલુંય મોડું થયું હોત તો આખી રિફાઇનરી બળીને ખાખ થઈ જાત. બોઈલરની બાજુની પાઇપના સાંધામાં પણ કાણાં પડ્યાં હતાં.

બરૂઆની આ સમયસૂચકતા જોઈને શ્રીનિવાસ મુગ્ધ થઈ ગયો. પછી તેણે કામ બંધ કરવાની સાયરન વગાડવાનો હુકમ આપી દીધો. સાથે સાથે જ વર્કશૉપમાં જઈને મોટાસાહેબને જાણ કરી. મોટાસાહેબે કામ બંધ કરવાનો હુકમ મંજૂર રાખ્યો. આગ બુઝાઈ ગઈ, પછી બરૂઆ બહાર આવ્યો ને ઘાસ પર બેઠો. બધા લોકો બહાર જ ઊભા હતા. એટલામાં જ છુટ્ટીની સાયરન સંભળાઈ. બધા ચાલ્યા ગયા. બરૂઆ એક્લો દૂર ઉભેલા નીલરંગી પહાડો સામે તાકી રહ્યો.

ચંડી એક પત્રિકા વાંચતોવાંચતો એ તરફ આવતો હતો. બરૂઆને ખ્યાલ આવી ગયો કે ઈસ્માઈલની શાદીના દિવસે જે પત્રિકા વાંચી હતી, એ જ હોવી જોઈએ. ચંડીએ વાંચી કાઢીને એ બીજા મજૂરના હાથમાં પકડાવી દીધી. પછી બરૂઆ પાસે આવી બોલ્યો, 'આજે તમે ન હોત, તો સર્વનાશ થઈ જ જાત !'

બરૂઆ ફક્ત હસ્યો, કંઈ બોલ્યો નહીં. એટલામાં એક છોકરાએ આવીને બરૂઆને કહ્યું કે ઍન્જિનિયર સાહેબ બોલાવે છે. બરૂઆ ચૂપચાપ ઉઠીને તે તરફ ચાલ્યો.

મજૂરો પત્રિકાની ચર્ચા કરી રહ્યા હતા. તેઓનો મત હતો કે યુનિયન તો બનવું જ જોઈએ. સાહેબ લોકો જૂનું બોઈલર કાઢી નાખીને નવું ગોઠવવાની પેરવી કરે છે ત્યારે વળી વધારે છટણી થશે. બીજી બાજુ મજૂરોને કેટકેટલી અગવડો છે! રિફાયનરી કે ખાણ ક્યાંય કેન્ટીન નથી. એક કપ ચા, પૂરી, રોટી કશું જ મળે નહિ. એ માટે બહાર જ જવું પડે. કેટલાય દિવસથી આ લોકો કેન્ટીનની માગણી કરી રહ્યા છે. સાહેબ લોકો કેટલા નિરાંતે કામ કરે છે ? મોટરમાં આવવું-જવું, સવારમાં બેડ-ટી, નોકર-ચાકર તહેનાતમાં, બપોરે લંચ, સાંજે ચા-નાસ્તો અને રાત્રે ડીનર. જ્યારે મજૂરોને ક્યારેક તો દિવસ દરમ્યાન ખાવા માટેય ઘેર જવાનું ન મળે. કામના સ્થળે જ સૂઈ રહેવું પડે.

માત્ર કેન્ટીન જ શા માટે ? નિયમિત રજાઓ મળવી જોઈએ. મજૂરીનો ઓછામાં ઓછો દર નિશ્ચિત થવો જોઈએ. ફીટર, ટર્નર, વેલ્ડર, જુગાલી, મિસ્ત્રી ફોરમેન, ડ્રિલર કોઈનોય ચોક્કસ સ્કેલ નહીં ! બધું જ ઉપરવાળા સાહેબોની મરજી પ્રમાણે ! સાંભળ્યું છે કે કંપનીના રિઝર્વ ફંડમાં પાંચ કરોડ રૂપિયા પડ્યા છે. શરૂઆતમાં કંપનીએ ફક્ત બાવન લાખની મૂડી રોકેલી, આજે એટલા કરોડની મૂડી થઈ છે. વળી બીજી એક કંપની પાસેથી આ કંપનીને લેણા પેટે ત્રણ કરોડ ને નેવું લાખ રૂપિયા હજી મળવાના છે. એ પણ આ કંપનીની જ માલિકીના!

આમ, કંપનીને બેસુમાર નફો થાય છે પણ એ નફાનો લાભ ઉઠાવે છે, ડાયરેક્ટર, મૅનેજર, સિનિયર આસીસ્ટંટ એવા બધા કર્મચારીઓ ! ઉપરાંત આવા સાહેબોને મોટાંમોટાં બોનસ, વિશેષજ્ઞતાનું બોનસ, મોટો પગાર, ભથ્થાંભાડાં અને પાર વગરની સગવડો ! બીજી બાજુ મજૂરો માટે નોકરીનીય સલામતી નહીં ! બોનસની તો આજે વાત જ ક્યાં રહી ?

કંપનીની આવક તથા પ્રગતિના આંકડા હેડઑફિસમાં તૈયાર થાય છે; ત્યાં જ હિસાબો કરવામાં આવે છે અને એની કેટલીક ખબર આપવામાં આવે છે. સરકારે પણ કંપનીને જંગી રકમની લોન આપી છે. કેવળ આ કંપનીને જ નહીં; ચા, તેલ, કોલસા ઉદ્યોગ બધાંને જ કુલ્લે મળી એક અબજ ને એંશી કરોડ રૂપિયાની લોન આપી છે. આટઆટલી કમાણી થાય છે, તોય હજી મજૂરોની હાલતમાં કોઈ સુધારો થતો નથી. બીજી બાજુ, આ વર્ષે સાત પ્રાંતોમાં કૉંગ્રેસની સરકાર રચાઈ છે, પણ તેથી શું વળે ? નવી દિલ્હીમાં તો ગોરા લોકો જ સત્તાનાં સૂત્રો હાથમાં

રાખી બેઠા છે. કહેવાય છે કે આસામમાં સંયુક્ત સરકારની રચના થવાની છે, પરંતુ એમાં મજૂરોને શું ? શહેરમાં નહેરુજી આવવાના છે. ત્યારે જ આ બધી વાતોનો ચોક્કસ ખ્યાલ મળશે.

થોડી જ વારમાં બરૂઆ પાછો આવ્યો. આવતાં જ તેણે કહ્યું, 'એન્જિનિયર સાહેબને કેટલીક સાફસાફ વાતો સંભળાવીને આવ્યો છું. રિફાઇનરીમાં તત્કાળ એક દવાખાનું જોઈએ. વધારે ગૅસ-માસ્કના ઑર્ડરો મૂકવાનું પણ કહી દીધું છે. પણ જવાબ શો મળ્યો એ ખબર છે ? આર્થિક કટોકટી ! મંદી ! યુરોપમાં યુધ્દ ફાટી નીકળ્યું છે, તેલનું બજાર ખરાબ દશામાં છે, કંપનીને નફો નથી મળતો !'

'હળાહળ જૂઠ !' ચંડી બોલ્યો, 'યુધ્દને લીધે તો તેલનું વેચાણ વધી રહ્યું છે.'

મજૂરો બોલી ઊઠ્યા, 'જુઠ્ઠા !' એક જણ બોલ્યો, 'શ્રીનિવાસને શ્રીનિવાસ કહેવાને બદલે તેલમર્દન સાહેબ કહેવા જોઈએ.'

બધા જોરથી હસી પડ્યા.

એટલામાં પેલો છોકરો હેડ ઑફિસમાંથી સાયકલ પર પાછો આવ્યો ને બોલ્યો, 'ગાડી તો એક પણ ના મળી.'

'શું કહ્યું ?' બરૂઆ બોલ્યો, 'કંપનીની બધી ગાડીઓ ક્યાં ગઈ ?'

એટલે એક મજૂર બોલ્યો, 'આય જૂઠ. બધું જ જુઠું !' બીજો કહે, 'જૂઠ નહીં આ તો લાપરવાહી છે. ચેટર્જી મરી જાય, એમાં હેડઑફિસનું શું જવાનું ?'

20

કંપનીના સૌથી વડા ઉપરી મિસ્ટર ફ્લેમિંગ છે. આ વિશાળ કંપની તેમના હુકમ પ્રમાણે જ ચાલે છે. પરંતુ મિસિસ ફ્લેમિંગ પર તેમનો હુકમ નથી ચાલતો. એ પણ શહેરની એક ગરમાગરમ અફવા હતી. વળી શહેરની એ પ્રથમ સ્ત્રી, એ ઊઠીને દુર્ગા-નયનમણિનાં લગ્નમાં સાક્ષી બનવા ગઈ એ સારું કહેવાય ? મજૂરોને ઘેર જવું-આવવું એ બધું ચંચળ સ્વભાવનું જ લક્ષણ ગણાય. દેશીઓ સાથે ને આમ હળે-મળે એ ટાઉલર સાહેબથી સહન નથી થતું. પણ મેમસાહેબા તો મજૂરોનો જ પક્ષ લે, એવી જાણે એની આદત જ બની ગઈ છે. ચર્ચામાં ને ચર્ચામાં કહી નાખે છે કે 'ઇંગ્લૅંડમાં જો મજૂરો યુનિયન બનાવી શકતા હોય, તો ભારતના મજૂરો શા માટે ન બનાવે ?' આવી આવી તો અનેક ફરિયાદો મોટાસાહેબના મનમાં ઘર કરી ગઈ છે. પરંતુ એ બધું જ હજી પડદા પાછળ છે. વેળા-કવેળાએ મિસિસ ફ્લેમિંગ પહાડો પર ફરવા ઊપડી જાય છે. એ માનવવંશશાસ્ત્રનો અભ્યાસ કરે છે, એટલે પહાડી આદિવાસીઓ વિશે અભ્યાસ કરવા એ ત્યાં જઈને રહે છે. ક્યારેક એકલી, ક્યારેક બીજા લોકોને સાથે લઈને જાય. પરંતુ આવો મનમાન્યો વ્યવહાર મિસ્ટર ફ્લેમિંગ માટે અસહ્ય બની રહ્યો છે.

શ્રીનિવાસે દુર્ઘટના અંગે મિ. ફ્લેમિંગને ફોન કર્યો એ આખીય વાત તેણે મનમાં જ રાખી. ઓરડામાં હાજર હતા, એમને કાને પણ ન જવા દીધી. બધા નાતાલનો તહેવાર ઉજવવામાં મસ્ત હતા. આંવા સમાચાર સાંભળીને મિસિસ ફ્લેમિંગ શુંય બોલી નાખે એ કંઈ કહેવાય નહીં. એતો એમ પણ કહી બેસે, 'આવો ભયંકર અકસ્માત થયો હોય, તો ઉત્સવ બંધ કરી દેવો જોઈએ.'

મિસ્ટર ફ્લેમિંગનું મન પણ ચિંતાગ્રસ્ત બની ગયું હતું. અહીંનું જીવન જ સાવ ઘરેડિયું હતું એટલું જ નહીં, ભારોભાર એકલતાથી ભરેલું હતું. દિવસે ઓફિસ, રાત્રે ક્લબ અને રજાઓમાં વતન ! આ ચકકર ચાલ્યા જ કરે ! બંગલામાં રહેવાનો સમય તો જાણે અસહ્ય જ બની રહે છે ! પહેલાં એકાદ મહિનો તો સારું લાગ્યું હતું. પતિપત્નીએ આરંભના મહિનામાં તો બાદશાહી સુખ ભોગવ્યું હતું. બધું જ હસ્તકમલવત્ મળતું હતું. જયાં જાવ ત્યાં માન-સન્માન અને સલામી ! સાહેબની ધાકથી સર્વત્ર શાંતિ ! તેઓ ઘોડા પર બેસીને ફરવા જાય, તોય મજૂરો ભયભીત બનીને જોઈ રહેતા. મોટરમાં પસાર થતાં જુએ, તોય મજૂરો બીડી બુઝાવી દે. જાણે પોતે જ સમસ્ત જગતના સમ્રાટ હોય એવું લાગતું હતું.

પણ એ બધું કેટલો વખત, ફક્ત એક મહિનો ! માર્ચ મહિનો આવતાં જ મૂશળધાર વર્ષા શરૂ થઈ ગઈ. મોટર કીચડમાં ફસાઈ જાય, એ જ રીતે મચ્છરનો ત્રાસ, ગરમીનો ત્રાસ. ગરમીને લીધે સાહેબને આખે શરીરે મોટીમોટી અળાઈ નીકળી આવી. મેમ સાહેબાનેય ચાંદાં નીકળ્યાં. બંગલોય કોઈ એકાંત ટાપુ જેવો બની રહ્યો. ભાગ્યે જ કોઈવાર કોઈ ત્યાં આવી ચડે. એ સિવાય, મેમસાહેબાને ફૂલઝાડ, કૂતરા, ઘોડા ને નોકરચાકર સાથે જ આવડા મોટા બંગલામાં દહાડા કાઢવાના. વાંચવાનોય કંટાળો આવી જતો. રખડીનેય કેટલોક સમય વિતાવવો ? સૂઓ તો ઊંઘેય ન આવે. ક્લબમાં કશી મઝા ન પડે. એક પ્રકારનું કૃત્રિમ જીવન. લંડનની જેમ રેલવે કે બસમાં મનફાવે તેમ હરી-ફરી ન શકાય; કારણ કે શહેરની પ્રથમ દરજ્જાની નારીએ માન-મરજાદ જાળવવાં પડે.

પ્રથમ કક્ષાની નારીએ તો મંડળીમાં હસવુંય તોલી-તોલીને પડે; નાચવાનું અને 'કેમ છો !' એટલું જ બોલવાનું. મન અને હૃદય ખોલીને વાત ન થાય. એટલે જ મેમસાહેબા કંટાળી-કંટાળી ગઈ. એણે બે જ મહિનામાં પતિને કહ્યું, 'ચાલો ફ્લેમિંગ, અહીંથી ચાલ્યા જઈએ. અહીં પ્રથમ દરજ્જાની સ્ત્રી બની રહેવા કરતાં, તો લંડનમાં સેલ્સગર્લ બની રહેવું બહેતર. અહીં થોડા દિવસ વધારે રહેવાનું થશે તો હું પથ્થરની મૂર્તિ જ બની જઈશ. સાંભળ્યું છે કે દેવતાઓના શાપથી ઘણી હિંદુ સતીઓ પથ્થર બની ગઈ છે. બસ, મારી પણ એવી જ દશા થવાની.'

પણ મિસ્ટર ફ્લેમિંગ પાછા જવા તૈયાર ન થયા. તેઓ કંપનીના એક વિશ્વાસપાત્ર કર્મચારી હતા. યુરોપમાં હિટલરે મહાયુધ્ધ શરૂ કરવાની ધમકી આપી છે. એવે વખતે તેલનું ઉત્પાદન નિરંતર ચાલુ રાખવું જ જોઈએ. મજૂરો સાથે વ્યર્થ ઝઘડામાં પડવાથી, તેલ-ઉત્પાદન ખોરંભે ન પડે એ બાબતમાં કડક નજર રાખવાની કંપનીએ તેમને સૂચના આપી છે. ટાઉલરનેય

અંકુશમાં રાખવો પડે છે. લોકોમાં ઉગ્રતા વ્યાપી છે. રાજકીય સ્વતંત્રતાનું આંદોલન પણ પૂરા ઉત્સાહથી ચાલી રહ્યું છે. આ સંજોગોમાં સ્વેચ્છાચાર ન ચાલે, ખૂબ સાચવીને કામ કરવાનું છે.

પરંતુ મિસિસ ફ્લેમિંગ બહુ બેચેન બની ગઈ હતી. એણે લખવાનું કામ ઉપાડ્યું હતું, એટલે જ અહીં ટકી રહી હતી. બાકી સ્વભાવે એ ભારે બંડખોર હતી. અહીં અંગ્રેજો, વિદેશીઓ અસ્પૃશ્ય છે; પેલી બાજુ હિંદુ સમાજમાં આદિવાસીઓ અસ્પૃશ્ય છે; રંગભેદ પૂર જોશમાં ચાલે છે. આવું બધું મિસિસ ફ્લેમિંગ કહ્યા કરતી.

વિલાયતથી અંગ્રેજો જેવા અહીં આવે કે તેમનું વર્તન કેમ બદલાઈ જાય છે ? શરૂમાં તો કેટલાક અંગ્રેજો અહીંના ભારતવાસીઓ સાથે હળીમળીને રહેવા માગે છે; પરંતુ કંપનીના નિયમ ઘણા કડક; વ્યવહારમાં રજમાત્ર પણ છૂટછાટ ન ચાલે. કંપની બધાંને એક જ ઢાંચામાં ઢાળી દે. જાણે બધાંને કડક જાપ્તામાં જ રાખવામાં આવે છે. એથી અહીંની સંસ્કૃતિ, ભાષા, ઇતિહાસ, સભ્યતા કશાયને જાણવાની તક પ્રાપ્ત નથી થતી. બસ ફાઈલો સાથે જ દોસ્તી. માણસનો તો લેશ માત્ર સંપર્ક શક્ય જ નહીં.

શહેરમાં વસતા અંગ્રેજોને જોઈએ તો એવું લાગે છે કે જાણે ઇતિહાસ અમુક જગ્યાએ આવીને થંભી ગયો છે. અમેરિકામાં તેલઉદ્યોગ વિકસ્યો છે. રશિયા પણ ઝડપભેર આગળ વધી રહ્યું છે. પૂર્વમાં જાપાન સામ્રાજ્ય સ્થાપવાનું સ્વપ્નું સેવે છે. ચેંબરલેનના નેતૃત્વ હેઠળ ઇંગ્લૅન્ડની દશા નાજુક છે. હિટલરે ઝેકોસ્લોવિયાનો કોળિયો કરી લીધો છે. ફાસીવાદ ઉગ્રરૂપે વિસ્તરી રહ્યો છે. ભારત અને ચીન જાગ્રત બન્યાં છે. ઓગણીસમી સદીનો અંગ્રેજોનો ગર્વ હવે ટકી શકે એમ નથી. એટલે આ ટાઉલર જે રીતે મજૂરો પર સત્તા જમાવવા આસૂરી રીત અજમાવે છે, એ રીત ખુદ બ્રિટનમાં ચાલતા કામદાર આંદોલને વ્યર્થ બનાવી દીધી છે. પણ આ ટાઉલરની આંખ ઉઘડતી નથી. જિલાપોસી અને ટેન્સ સાહેબ બંને અબુધ છે, એ લોકો કશું સમજતા નથી. માને છે કે આ તેલક્ષેત્રમાં જવાહરલાલ નહેરુને ઘૂસવા દેવા ન જોઈએ.

હા, નવાં મશીનો ભલે આવે, પણ હવે મજૂરોના અસંતોષો પણ દૂર કરવા જ પડશે. બ્રિટનની એ જ અસલી નીતિ છે. અને એ પ્રયોગ કરવા માટે જ પોતાને અહીં મોકલવામાં આવ્યો છે. પણ પોતે કશું જ ન કરી શક્યો ? આજે બધા સાહેબો અહીં આવવાના છે. ત્યારે કંપનીની નીતિ તેમને બરાબર સમજાવી દેવી પડશે.

પરંતુ મિ. ફ્લેમિંગને જાણે શક્તિ ખૂટી પડી હોય, એવું લાગવા માંડ્યું. તેને ટાઉલર પાસે જવાનું મન જ થયું નહીં. ટાઉલર સહિત બધા જ સાહેબો મજૂર આંદોલનને ખતમ કરી દેવાની પ્રવૃત્તિ કરી રહ્યા છે. ઘડીએઘડીએ એમને રોકવા એ એને માટે શક્તિ બહારની વાત હતી.

મિસિસ ફ્લેમિંગ એક ગ્લાસ શરાબ લઈને ઓરડામાં આવી, અને બોલી, 'તારી રાહ જોઈજોઈને હું તો કંટાળી ગઈ. ચાલ, હવે બહાર જઈએ.'

ફ્લેમિંગ ઊઠ્યો. તેણે પત્નીના હોઠ પર એક ચુંબન કર્યું. પછી શરાબનો ગ્લાસ લઈને તે બહાર જમવાના ટેબલ પર આવી ગયો. પીવાનો કાર્યક્રમ શરૂ થયો ને પહેલી શુભેચ્છા ઉચ્ચારાઈ : 'મેરી ક્રિસમસ.'

રેકર્ડ પર સંગીત વાગી રહ્યું હતું. બપોરનો મીઠો તડકો હતો. તડકાએ આંગણામાં ઊભેલા ચરુ તથા પાઈનવૃક્ષોને સોનેરી રંગે રંગી દીધાં હતાં. બારીમાંથી બાગમાં ખીલેલાં ગુલાબનાં ફૂલ તથા પાઈનસેટિયા દેખાતાં હતાં. ઓરડાના એક ખૂણે ઊંચું ક્રિસમસ વૃક્ષ ચમકતું હતું. ગઈ રાતનો એ અવશેષ. અત્યારે પણ ત્યાં લાલ ગોળો જલી રહ્યો છે. ગ્લાસમાં લાલ શરાબ ચમકે છે.

લાંબા-પહોળા ટાઉલરે જ પહેલી વાત ફેંકી, 'લાગે છે યુદ્ધ શરૂ થશે.' જિલાપોસી તો ભૂતપૂર્વ સૈનિક. એટલે તે તો આનંદથી નાચવા લાગ્યો.

'ગયા યુદ્ધમાં તમે ક્યાં ક્યાં ગયા હતા ?' મિસ્ટર ફ્લેમિંગે તેને પૂછ્યું.

'મધ્ય પૂર્વમાં.'

ફ્લેમિંગને યુદ્ધની વાત અપ્રાસંગિક લાગી. અહીં એ ઠીક નહોતી લાગતી. એટલે તે ચૂપ થઈ ગયો. અને ચૂપચાપ શરાબના ઘૂંટ ભરવા લાગ્યો.

મિસિસ ફ્લેમિંગ બાજુના ઓરડામાં ખાવાનું પીરસવાની તૈયારી કરતી હતી. યુદ્ધની વાત સાંભળીને તરત તે બહાર આવી અને બોલી, 'મને યુદ્ધ પ્રત્યે નફરત છે.'

ટાઉલરે કહ્યું, 'નફરત કરવાથી શું વળે ? હજી તો બીજીય એક લડાઈ આવી રહી છે.' મિસ્ટર ફ્લેમિંગે કહ્યું, 'એ લડાઈ તો ફાટવાની જ છે. એટલે જ આપણે સાચવી-સમજીને ચાલવું જોઈએ. એક બીજી વાત પણ તમને કહેવી જરૂરી માનું છું. આપણે મજૂરોને છંછેડવા ન જોઈએ. હું તેમને રહેઠાણ, હૉસ્પિટલ, રસ્તો, બજાર, પાણીના નળ આ બધી સગવડો આપવા અંગે વિચાર કરી રહ્યો છું. એવી એક યોજના બનાવીને મેં લંડન પણ મોકલી આપી છે. હવે ટાઉલર સાહેબે બુદ્ધિપૂર્વક કામ લેવું પડશે. નહીં તો આફત થવાની જ. ભારતવાસીઓમાં આજકાલ રાજકીય જાગૃતિ વધી રહી છે. આસામમાં કૉંગ્રેસની શક્તિશાળી સરકાર રચાશે. અને ઇંગ્લૅંડના કામદાર આંદોલનનો અનુભવેય યાદ રાખવો પડશે.

મિસ્ટર ફ્લેમિંગે શરાબ પીતાંપીતાં ધીરેધીરે ગંભીરતાથી આ બધી વાતો કહી. તેને ખબર હતી કે બાકીના ત્રણ માણસો એનો વિરોધ કરશે. સાથેસાથે જ તેણે બધાંના ગ્લાસમાં થોડી થોડી વ્હિસ્કી પણ રેડી; જેથી વાતચીત સરળ તથા જોશીલી રહે. બધાંને આપીને પછી તેણે પોતાનો ગ્લાસ પણ ભર્યો. પછી બોલ્યો, 'મજૂરોને આ રીતે અસંતુષ્ટ રાખવા એ કરતાં તો તેમને યુનિયન રચવા દેવું એ જ બહેતર છે. યુનિયન બની જાય, તો વાટાઘાટો કરવીય આસાન બને.'

તરત જ ટાઉલર બોલ્યો, 'અમે પણ આ બાબતનો જ વિચાર કરીએ છીએ. આ જ ઉદ્યોગમાં કામ કરતાંકરતાં વાળ ધોળા થઈ ગયા. હું પૂછું છું કે એક વાર યુનિયન રચાઈ જશે, પછી એને રોકનારું કોણ ? આપણી ગરદન પર ચઢી બેસશે. એટલે અમે અમુક મુખ્ય માણસોને હાથમાં લેવાની નીતિ વિચારી રહ્યા છીએ. જરૂર પડ્યે બળનો ઉપયોગ પણ કરવો પડશે.

ઢીલાપોચા રહીશું, તો સર્વનાશ જ સમજવો ! માટે જ આ બાબતમાં મને છૂટો દોર આપી દો એ જ ઠીક રહેશે. જિલાપોસી અને ટેન્સ સાથે મેં વાત કરી લીધી છે. તેઓ મારી સાથે સહમત છે. હવે આપ સહુ શું કહો છો ?'

જિલાપોસી પણ ઊંચો, અલમસ્ત અને તગડો આદમી હતો તેણે શરાબ પીતાં અટકીને કહ્યુ, 'મારું ચાલે તો એક હાથમાં બંદૂક ને બીજા હાથમાં ચાબૂકથી કામ લઉં.'

જયારે ટેન્સ દૂબળો-પાતળો અને લાંબા ચહેરા વાળો માણસ હતો. તેણે મોંમાં આંગળી નાંખી કહ્યું, 'માણસ પર ફક્ત બુદ્ધિથી કાબૂ રાખવો એ મુશ્કેલ કામ છે. જોયું નહીં તમે તે દિવસે કે લાઇટ ઇન્ફન્ટ્રીની ટુકડી આવીને ઊભી કે બધા જ કેવા ભાગી છૂટ્યા ?'

મિસ્ટર ફ્લેમિંગે હસતાંહસતાં જવાબ વાળ્યો, 'તમારા મત માટે મને માન છે. પરંતુ હું માનું છું કે આ નીતિ બિલકુલ ભૂલભરેલી છે અને મેં એ અભિપ્રાય કંપનીને સાફસાફ લખી પણ મોકલ્યો છે. છતાં જો કંપની નહીં માને, તો મારે માટે રાજીનામા સિવાય બીજો કોઈ માર્ગ નથી રહેતો. ભારતીય પ્રજામાં જાગૃતિ વધી રહી છે, અને લડત ચલાવવાનાં સ્પષ્ટ લક્ષણો તેમનામાં આજે દેખાઈ રહ્યાં છે.'

'શું વાત કરો છો ? તેઓ લડશે એમ ? ગાંધીવાદી લડાઈ ! અરે, એવી લડાઈથી તો એક ઉંદર પણ ન મરે.' જિલાપોસીએ કહ્યુ, અને ઉમેર્યું, 'આને લડત કહે જ કોણ ?'

મિ. ફ્લેમિંગને ખૂબ ક્રોધ ચઢ્યો, પણ તે ગળી જતાં હસીને કહ્યું, 'તમારે ઇતિહાસ વાંચવો જોઈએ.'

ટાઉલરને સમજાઈ ગયું કે જિલાપોસી શરાબના નશામાં થોડું અર્થહીન બકી ગયો. એટલે તે બોલ્યો, 'હા, ઇતિહાસના જ્ઞાનનો અચૂક અમારામાં અભાવ છે; તમે કેમ્બ્રિજમાં ઇતિહાસ ભણ્યા છો પણ કંપનીનો ઇતિહાસ હું બરાબર જાણું છું. એક જમાનામાં હાથીની મદદથી તેલ કાઢવામાં આવતું. ત્યારથી આજ સુધીના ઇતિહાસનો મેં બરાબર અભ્યાસ કર્યો છે. ભારતીય મજૂરો ને ઇંગ્લેંડના મજૂરો વચ્ચે ફરક છે. આ લોકો હજી સામંતશાહી યુગમાં જીવી રહ્યા છે, એથી એ લોકો વચ્ચે ભાગલા પડાવીને બહુ જ સહેલાઈથી એમના પર રાજ કરી શકો છો. મિસિસ ફ્લેમિંગની જેમ હું બંધુતાના સંબંધોમાં નથી માનતો.

મિસિસ ફ્લેમિંગે હજી શરાબનો એક ગ્લાસ પણ પૂરો નહોતો કર્યો, એટલે બાકીનો બધો શરાબ ગટગટાવી જઈ ગ્લાસ ભારપૂર્વક ટેબલ પર મૂકતાં બોલી, 'મેં ઇંગ્લૅંડના મજૂરોય જોયા છે, અને અહીંના પણ જોયા. આ લોકો એમના કરતાં કોઈ રીતે ઊતરતા નથી. મનુષ્ય સર્વત્ર એક છે.'

મિ. ફ્લેમિંગે કહ્યું, 'હું મિસિસ ફ્લેમિંગની વાત સાચી માનું છું. પરંતુ તેની પદ્ધતિ પર પૂરેપૂરો વિશ્વાસ રાખી શકતો નથી. અલબત્ત, આપણી જેમ એકાંત શિખર ઉપર ચઢી રહેવું એ પણ ભૂલભરેલું છે. નીચે પણ ઊતરવું જોઈએ.'

ટાઉલરે કહ્યુ, 'આપ લોકો બરાબર જાણો છો કે યુનિયન માટે મજૂરોએ એક અરજી આપી હતી. પરંતુ અરજી ઉપર પંદર માણસોની સહી જોઈએ તે એના પર નહોતી. એટલે

અરજી પાછી મોકલી દેવામાં આવી . આવી સાવ સાધારણ વાત પણ જે લોકો નથી જાણતા, તેમને લંડનના મજૂરોની બરોબરીના ગણવા મને મુશ્કેલ લાગે છે. આ લોકો ઘણા અજ્ઞાન છે. એમાંના સોમાંથી આઠ-દશ માણસો જ કદાચ લખી-વાંચી શકે છે.'

મિસિસ ફ્લેમિંગે કહ્યું, 'હા, એટલા માટે તો એ લોકોને યૂનિયનની વિશેષ આવશ્યકતા છે. પછી જ તેઓ શિક્ષણની વ્યવસ્થાય માંગી શકશે.'

ટાઉલર એકદમ ઊભો થઈ ગયો. મિ. ફ્લેમિંગે શેમ્પેઈનની એક બોટલ ખોલીને બધાંના ગ્લાસ ભરી આપ્યા. ટાઉલરે જરા ઊંચા અવાજે કહ્યું, 'ચાલો, અત્યારે આપણે આ સુંદર આનંદમય નાતાલ અર્થહીન ચર્ચામાં શા સારું બગાડીએ? એને બદલે આપણી આ વિદુષી તથા દયાળુ ગૃહિણીનાં કુશળક્ષેમ પ્રાર્થી, આ શરાબ પી નાખીએ !'

પીધા પછી બધાં જમવાના ટેબલ પર ગયાં અને જમતાં જમતાં સામાન્ય વાતો કરવા લાગ્યાં. ચિકનસૂપ સાથે જમણનો આરંભ થયો. પછી બીજી વાનગીઓ આવી.

મિસ્ટર ફ્લેમિંગ ચૂપચાપ ચમચાકાંટા ચલાવતા ખાતા રહ્યા. તેમનો ચહેરો ચિંતાથી લાલ બની ગયો હતો. તે ટાઉલરને પોતાની વાત સમજાવી શક્યા નહોતા.

પછી સામાન્ય ઘરગથ્થુ વાતો ચાલી : મિસિસ ટેન્સનો કાગળ આવ્યો છે... લંડનમાં આ સાલ બહુ બરફ પડ્યો... મિસિસ ફ્લેમિંગે ટેન્સને પૂછ્યું, 'તમારી શ્રીમતીજી અહીં ક્યારે આવશે ?

ટેન્સનો ચહેરો ગંભીર જ રહ્યો. તે કમને બોલ્યો, 'આ શિયાળામાં તો નહીં આવે. તમારી જેમ જ તેને અહીંના જીવનનો કંટાળો આવે છે. એકધારું કૃત્રિમ જીવન. તમે યોગ્ય જ કહ્યું છે કે ભારતમાં આપણે પરદેશી અછૂતો !'

ટેન્સ મિસિસ ફ્લેમિંગની મૂંઝવણ દૂર કરવા જ આવી વાતો કરતો હતો. પરંતુ મિસિસ ફ્લેમિંગે તો શાંતિથી ઉત્તર આપ્યો, 'આવી સમજ માત્ર નહીં ચાલે. ગાંધીજી અહીં જે રીતે અસ્પૃશ્યતા દૂર કરવા કામ કરે છે, આપણે પણ તે જ કરવું પડશે. તમને લોકોને તો ખબર જ નથી કે આ શહેરની આસપાસ કેવાંકેવાં વિચિત્ર સ્થળો છે ! કેવું સરલ અને સહજ જીવન એ લોકો વિતાવે છે. મેં નાગા લોકના ગામ તેગસૂંમાં એક રાત ગાળી છે. તેમનું જીવન એક પિકનિક પાર્ટી જેવું જ હોય છે. આપણા બંગલાના જીવનથી તદ્દન ભિન્ન ! આપણું જીવન સાવ જ કૃત્રિમ કહેવાય.'

ટેન્સે મિસિસ ફ્લેમિંગને ઉત્સાહિત કરવાના હેતુથી કહ્યું, 'અને તમે જે ડ્રાઇવરની શાદીમાં સાક્ષી બન્યાં હતાં, તે લોકો સુખી છે ને ?'

'હા, એ બહુ સારું કામ થઈ ગયું.'

'સાંભળ્યું છે કે છોકરીના બાપે તો કટાર ઉઠાવી હતી. સાચી વાત કે ?'

'હા, વાત સાચી, પણ પછી તેનો બાપ માની ગયો.' મિસિસ ફ્લેમિંગે જવાબ આપ્યો, 'આ લોકો સાચા અર્થમાં સારાં માણસો છે. આપણે સારો વર્તાવ કરીએ, તો એ લોકો અચૂક

આપણા મિત્ર બની જાય. મિસ્ટર ટાઉલર, તમારે આધુનિક કામદાર સંબંધો અંગેનું એકાદ પુસ્તક વાંચવું જોઈએ. તેમનું માનસ ન સમજો, તો મજૂરો પર કાબૂ રાખવો મુશ્કેલ બની જાય છે.'

મિસ્ટર ફ્લેમિંગને લાગ્યું કે આ વાત ટાઉલરને કઠશે; એટલે વાત જરા વાળી લેવા તેમણે કહ્યું, 'મારો ખ્યાલ છે કે મિ. ટાઉલરે ઘણાં પુસ્તકો વાંચ્યા છે.'

પણ તેમનો પ્રયાસ નિષ્ફળ ગયો. મિસિસ ફ્લેમિંગે જાણે કે બધાને જ છંછેડી મૂક્યા હતા. મિસ્ટર જીલાપોસીએ એકદમ પડકાર કર્યો, કેટલાંક લોકો વાંચીને શીખે છે, તો કેટલાંક લોકો ઠોકર ખાઈને શીખે છે, પણ સત્ય એ બેની વચ્ચે ક્યાંક હોય છે. પરંતુ એક વાત સાચી છે કે અહીં રહ્યા પછી, મને એવું લાગે છે કે જાણે મનમાં પરપીડનની વૃત્તિ ઘૂસી ગઈ છે. અલબત્ત દરેક ભૂતપૂર્વ સૈનિકમાં આ વૃત્તિ હોય છે અને મિસ્ટર ટાઉલર પણ એક ભૂતપૂર્વ સૈનિક છે.

ટાઉલરે હસીને કહ્યું, 'હું તો જુલ્મી છું જ. હું જો નરમ દિલનો હોત તો આ રિફાઇનરીનાં ચક્રો ક્યારનાંય બંધ થઈ ગયાં હોત. જીવનમાં ફક્ત આ એક જ બાબતમાં હું ઈસુ ખ્રિસ્તને નથી અનુસરી શકતો.'

મિસિસ ફ્લેમિંગે આ વખતે હસીને કહ્યું, 'પરંતુ એ માટે ઈસુ ખ્રિસ્ત દોષિત નથી; ખ્રિસ્તીઓ જ દોષિત છે. આ સદીની મોટી મોટી લડાઈઓ ખ્રિસ્તીઓએ જ શરૂ કરી છે. ખરેખર જો કોઈ સાચો ખ્રિસ્તી હોય તો તે એક ગાંધી !'

મિસ્ટર ફ્લેમિંગે કહ્યું, 'એ વાત તો હું પણ માનું છું.'

ટાઉલર માથું નમાવી, એકચિત્તે પુડિંગ ખાવા લાગ્યો. તેને જોઈને બીજા બધા પણ પુડિંગ ખાવા લાગ્યા. એકાએક બાજુના ઓરડામાં ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. ફ્લેમિંગ 'માફ કરજો' કહી, ટેબલ પરથી ઊઠીને ટેલિફોન લેવા ગયો. પછી તો માત્ર ચમચા ટકરાવાનો અવાજ જ ઓરડામાં સંભળાતો રહ્યો; વાતચીત બંધ થઈ ગઈ.

ખાણા બાદ મહેમાનોને કોફી આપવામાં આવી. એ માટે મિસિસ ફ્લેમિંગે જ બધાને ભોજનખંડમાંથી બાલ્કનીમાં બોલાવ્યા. ત્યાં કશીક ભયંકર નિસ્તબ્ધતામાં બધા કોફી પીતા રહ્યા. એકાએક મિસ્ટર ફ્લેમિંગ અંદર આવ્યા. તેમના ચહેરા પર ગભરાટ હતો. તેમણે કહ્યું, 'નવી ખાણમાં ધડાકો થયો છે. આપણે તરત જ ત્યાં પહોંચવું પડશે.'

તેમણે બધાંના મોં સામે જોયું. બધાંના કોફીના ઘૂંટડા થંભી ગયા હતા. બધા બેઠા હતા, ત્યાંથી ઊભા થઈ ગયા. એમનાં મોં કાળાં પડી ગયાં. મિસ્ટર ફ્લેમિંગે પછી ઉમેર્યું, 'તમને લોકોને બીજી પણ એક માઠી ખબર કહેવાની હતી. માઠું ન લગાડશો, પરંતુ પાર્ટીમાં વિક્ષેપ ન પડે, એટલે જ મેં પહેલાં ન કહી. ગેસ-પ્લાન્ટમાં આગ જણાઈ હતી અને પેલો ચેટર્જી ગૂંગળાઈ ગયો હતો. આગ બુઝાવી નાંખવામાં આવી.'

ટાઉલર બોલી ઊઠ્યો, 'ચેટર્જી ? એ તો એક જમાનામાં ત્રાસવાદી હતો!'

છેવટે સૌએ મિસિસ ફ્લેમિંગનો આભાર માનતાં કહ્યું, 'અંગ્રેજ પુરુષો તો કામ કરીકરીને મરી જાય. આપ ગૃહિણી છો, એટલે જ આમ નાતાલ બરાબર ઉજવી શકાય છે એ બદલ આપનો આભાર !

21

ખાણમાં ધડાકો થાય, એ કાંઈ નવી વાત નહોતી, નવાઈની વાત પણ નહોતી. નવાઈની વાત એ હતી કે નાતાલની મિજબાનીની કોફી અધૂરી છોડીને બધા સાહેબો અકસ્માતના સ્થળે પહોંચ્યા નહીં; બધા હેડઓફિસમાં જ રોકાઈ ગયા. સાહસિક સ્વભાવનો એકલો ટેન્સ જ ઘોડા પર ચઢી, ખિસ્સામાં રિવોલ્વર મૂકીને ત્યાં પહોંચી ગયો.

સાહેબો ન ગયા એનું કારણ પણ સિંઘ જ હતો. સિંઘે ટાઉલર પાસે આવીને એવી ખબર પહોંચાડી કે તેના મનમાં દહેશત ઉભી થઈ. એણે કહ્યું કે ચાર માણસો આગમાં ભૂંજાઈ મર્યા અને આખા ગામના લોકો ત્યાં ભેગા થઈ ગયા છે. સાહેબ ત્યાં જાય, તો તોફાની વર્તાવ થાય એવો ભય છે.

તો પણ ટેન્સનું ફરજભાન જાગ્રત રહ્યું. એક કલાકમાં તો તે ઘટનાસ્થળે પહોંચી ગયો. ત્યાં જઈને જોયું તો પરિસ્થિતિ સાવ જુદી જ હતી. એકઠા થયેલા લોકોના મનમાં રોષને બદલે કેવળ વિષાદ વ્યાપ્યો હતો. એ ઘોડા પરથી ઊતર્યો ને ગયાસુદ્દીન ક્યાં છે તેની તપાસ કરી. એક યુવકને ઘોડો સોંપી તે ચાલ્યો. ત્યાં ગયાસુદ્દીન દોડી આવ્યો. ટેન્સે જોયું કે ગયાસુદ્દીનની આંખોમાંથી આંસુની ધાર વહેતી હતી.

ટેન્સના ચહેરા પર વિષાદ છવાઈ ગયો. 'શું બન્યું ?' તેણે મંદ સ્વરે પૂછ્યું.

ગયાસુદ્દીને આંસુ લૂછતાં આખીય ઘટનાનું બયાન કર્યું.

નવો પંપ બેસાડતી વખતે જેટલી તીવ્ર ચોકસાઈ રાખવી જોઈએ એટલી રખાઈ નહોતી. ટેન્સસાહેબ પાર્ટીમાં હતા, ને ગયાસુદ્દીનને આવતાં મોડું થયું. કોણ જાણે શું બન્યું કે એકાએક ગેસમાં આગ લાગી. પલકવારમાં તો આગની જ્વાળાઓ ગગનચુંબી બની ગઈ. ક્ષણભરમાં જ ચાર માણસો આગમાં શેકાઈ ગયા અને ડેરિક નીચે ચોંટી ગયા. પાઇપ વડે આગ બુઝાવવાના પ્રયત્નો ચાલી રહ્યા છે. થોડી બુઝાઈ પણ છે, પરંતુ અંગારા ધગધગે છે એ બુઝાતાં વાર લાગશે.

ટેન્સે કહ્યું, 'મને ખૂબ જ દુઃખ થાય છે, કોણ કોણ મરણ પામ્યા ?'

ગયાસુદ્દીને જવાબ આપ્યો, 'એક તો આઈમા...'

ટેન્સે કહ્યું, 'કોણ પેલો બર્મી ? બહુ સારો માણસ હતો, કેમ ?'

ટેન્સે ડાયરી કાઢી તેમાં આઈમાનું નામ નોંધી લીધું પછી પૂછ્યું, 'બીજું કોણ ?'

'રામુ'

'રામુ ! માઈ ગોડ, એકદમ ભલો જીવ ! ખરેખર મને બહુ જ અફસોસ છે.' તેણે રામુનું નામ પણ નોંધ્યું.

'અને કરીમ તથા લાલસિંહ ! ગયાસુદ્દીને કહ્યું.

'પેલા બે સહાયકો કે ?'

'હાજી, એ જ'

ટેન્સે એ બેનાં નામ પણ નોંધી લીધાં, પછી પૂછ્યું, 'આગ લાગવાનું કારણ તો તમે કહ્યું એ જ ને ?'

'હાજી !'

ટેન્સે બધી જ વાતો નોટબૂકમાં નોંધી લીધી. પછી ઘટનાસ્થળે જઈને આગ બુઝાવવા બાબતમાં લાંબી વાતચીત ચલાવી. આગ સદંતર બુઝાવી નાખવી એ સહેલું કામ નહોતું. કદાચ લંડનથી નિષ્ણાતોનેય બોલાવવા પડે. એ દરમ્યાન આગને કાબૂમાં રાખવા અહીં શું શું કરવાનું ? સતત પાણી નાંખ્યા કરવું પડે, પણ એટલું જ પૂરતું નહોતું. બીજા ઉપાય પણ વિચારવા પડે.

ટેન્સે કહ્યું, 'હું તો મિસ્ટર ફ્લેમિંગના બંગલે મિજબાનીમાં જાણે પુરાઈ ગયો હતો, પણ તમે ક્યાં રોકાઈ ગયા ? આવું તો તમે કદી નથી કર્યું ?'

ગયાસુદ્દીને જવાબ આપ્યો, 'ઘરમાં પત્ની ખૂબ બીમાર છે. અહીં આવીને પણ મારે તરત પાછા ફરવું જોઈતું હતું. પણ હજી સુધી જઈ નથી શક્યો. કાલે રાત્રે તો કામ બરાબર જ ચાલ્યું. સવારે જ આ બધી ગરબડ થઈ ગઈ.'

ટેન્સ કંઈ બોલ્યો નહીં.

ગયાસુદ્દીને કહ્યું, 'આ લોકોને વળતર આપવું પડશે.'

'હા, આપવું તો પડશે જ. પણ એમની જિંદગીનું વળતર કેવી રીતે આપી શકાય ? અને વળી ટાઉલરનો સ્વભાવ બહુ કંજૂસ છે. તમે એક વજનદાર હેવાલ મોકલી આપજો.'

થોડેક દૂર સો એક મજૂરો ઉત્તેજનાપૂર્વક ચર્ચા કરી રહ્યા હતા. ટેન્સે એ સાંભળ્યુંય અણસાંભળ્યું કરી દીધું. એ લોકો કંપનીને ગાળો દેતા હતા. કંપનીને ગાળો એટલે કંપનીના પ્રતિનિધિ સાહેબલોકોને જ ગાળો દીધા બરાબર કહેવાય. મજૂરો માનતા હતા કે આવી દુર્ઘટના માટે આ સાહેબ લોકો જ જવાબદાર છે. તેમનાં મશીનો જ ખામીવાળાં છે, ઉપરાંત તેના પર બરાબર દેખરેખ ન રાખી તે પણ તેમનો જ દોષ છે.

એકાએક હાંફતો બરૂઆ આવી પહોંચ્યો. ગયાસુદ્દીન પાસે જઈને તેણે કહ્યું, 'તમે અહીં આવ્યા, ને આ ધડાકાની વાત જાણતાં જ જહાંનારા એકદમ બેહોશ બની ગઈ. પન્નૂએ મને ને અહમદ સાહેબને સમાચાર કહેવડાવ્યા. અહમદસાહેબે પછી ડોક્ટરને બોલાવ્યા. ડોક્ટરે ઍમ્બ્યુલન્સ મંગાવી ને જહાંનારાને હૉસ્પિટલમાં દાખલ કરી દીધી છે. પછી શું થયું તેની ખબર નથી. અહમદ સાહેબ હજી ત્યાં જ છે.'

ટેન્સને આ વાતમાં સમજ ન પડી, એટલે બરૂઆએ અંગ્રેજીમાં એ બધી વાત તેને સમજાવી. એ સાંભળ્યા પછી ટેન્સે ઊંડી સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું, 'તમે તાબડતોડ હોસ્પિટલ પહોંચો ! હું અહીં જ રહીશ; હજી આગ બુઝાતાં વાર લાગશે.'

ગયાસુદ્દીને બરૂઆને પૂછ્યું, 'ડૉક્ટરે રોગ બાબતમાં કંઈ જણાવ્યું કે નહીં?'

બરૂઆએ કહ્યું, 'લોહી તપાસતા તો એવું જણાયું છે કે ટાઇફોઈડ હોઈ શકે.'

ટેન્સે પૂછ્યું, 'ટાઇફોઈડ ?'

બરૂઆએ કહ્યું, 'હા.'

'તો તો પૂરેપૂરી સારવાર કરવી જોઈએ. તમે ઘેર જાઓ, કામની વાત હમણાં ભૂલી જાઓ. પત્નીની સારવાર કરો ! કદાચ એ તમારી રાહ જોતી હશે.' ટેન્સે કહ્યું.

પછી ટેન્સ મૃતદેહો પાસે ગયો.

મજૂરોએ ચાર નનામી તૈયાર કરી દીધી હતી. મૃતદેહોમાં દેહ જેવું તો કંઈ રહ્યું જ નહોતું; લગભગ હાડપિંજર જ રહ્યાં હતાં, અને સંકોચાયેલાં માંસપિંડો! એને પણ સ્મશાન અને કબ્રસ્તાન તો લઈ જ જવા પડે. બ્રાહ્મણ, મૌલવી અને મઠના ભિખ્ખુને ખબર આપવામાં આવી હતી. રામુ અને લાલસિંહને હિંદુવિધિ પ્રમાણે અગ્નિસંસ્કાર કરવાના હતા; જયારે કરીમને કબ્રસ્તાનમાં દફનાવવાનો હતો, અને આઈમાને બૌધ્દ રિવાજ અનુસાર અગ્નિસંસ્કાર કરવાના હતા.

ગયાસુદ્દીને કહ્યું, 'અંતિમવિધિ અંગેનું કામકાજ હવે તું જ પતાવજે બરૂઆ, હું જાઉં છું. જહાંનારાની તબિયતની ખબર સાંભળીને, ચિંતાથી હૈયું ધડકી રહ્યું છે. કોણ જાણે ત્યાં શુંય થઈ ગયું હશે ! કંઈ કહેવાય નહીં.'

બરૂઆએ સહજ આશ્વાસન આપતાં કહ્યું, 'ચિંતા શા માટે કરે છે ? એ તો થઈ જશે.'

ગયાસુદ્દીને કહ્યું, 'વળતરની વાત ટેન્સસાહેબે જાતે જ કાઢી. હવે આપણે ટાઉલરને વાત કરવાની રહી. યૂનિયન તો રચાયું નહીં. માલાસિંઘે અરજી નિયમસર નહોતી મોકલી. એમાં પંદર માણસોની સહી જોઈએ, એ નહોતી. એટલે શિલોંગથી કાગળિયું પાછું આવી ગયું. ફરી પાછી સામાન્ય સભા બોલાવવી પડશે. હવે તો નહેરુજી આવી ગયા પછી જ એવી સભા બોલાવી શકાશે. હમણાં તો ખૂબ દોડાદોડ રહે છે.'

'હાસ્તો, નહેરુજી આવવાના હવે બહુ થોડા દિવસો રહ્યા. એક બાજુ એવા ખબર મળ્યા છે કે આસામમાં કૉંગ્રેસે સંયુક્ત સરકાર રચી છે. હવે યૂનિયનને રજિસ્ટર કરાવવાનું સહેલું પડશે. મારા સસરાએ પત્રમાં લખ્યું છે કે સુભાષ બોઝ આવ્યા હતા. શિલોંગમાં ભારે નવાજૂની બની છે. એક પક્ષના સભ્યોએ વિરોધ પક્ષના સભ્યોનાં અપહરણ કર્યાં. પોતાની બહુમતી સિધ્દ કરવા માટે જોરહાટના એક માણસે સાદૃઉલ્લા સાહેબના પક્ષના એક સભ્યને બ્રહ્મપુત્રા નદી વચ્ચે પોતાની એક સ્ટીમરમાં ગોંધી રાખ્યો હતો. આજકાલ એમ. એલ. એ. નાં અપહરણ કોઈની છોકરી ભગાડવાની જેમ જ થાય છે. જે થયું તે થયું, આખરે કૉંગ્રેસ સરકાર રચાઈ ખરી. તેમાં ગોપીનાથ બરદોલાઈ મુખ્ય પ્રધાન છે. સસરાજી તો આનંદથી નાચી ઊઠ્યા છે.' બરૂઆએ કહ્યું.

'એ બધું તો ઠીક, પરંતુ રચાઈ જવાથી જ લોકનો દાંડો વળી જવાનો નથી. જોઈએ, એ કેવું કામ કરે છે તે.' એટલું કહીને ગયાસુદ્દીન ચાલ્યો ગયો. બરૂઆ નનામી બાંધી રહેલા મજૂરો પાસે પહોંચ્યો.

મૃતદેહોને ઠાઠડી પર મૂકતી વેળાએ મજૂરોનાં હૈયાં શોકથી રડી રહ્યાં હતાં. આ શહેરમાં આવા ગોઝારા બનાવો બહુ ઓછા બન્યા હતા.

સ્મશાન અને કબ્રસ્તાન બાજુબાજુમાં હતાં. એ તરફ એક વિરાટ સ્મશાન- યાત્રા ચાલી. સામાન્ય સંજોગોમાં આઈમા, રામુ યા પેલા બે સહાયકોની અંતિમયાત્રામાં આટલાં બધાં માણસ ભાગ્યે જ આવે. પરંતુ આ જીવલેણ અકસ્માતે લોકોના અંતરાત્માને તીવ્ર આઘાત આપ્યો હતો. બધાંના મનમાં શંકા પ્રગટી હતી કે અહીં જીવનનું શું મૂલ્ય છે ? એથી મરનારાં પ્રત્યે અભૂતપૂર્વ સહાનુભૂતિ પ્રગટી હતી. આટલી સહાનુભૂતિ વિરલ વ્યક્તિઓના અવસાન પ્રસંગે જ પ્રગટે.

અને રામુની અંતિમ યાત્રામાં લછમી આવી. તે તો એ પ્રસંગની સૌથી વધુ આશ્ચર્યકારક ઘટના હતી. આમેય સ્મશાનમાં સ્ત્રીઓ આવે જ નહીં. પરંતુ આ લછમી તો નિરંતર વધુને વધુ આઝાદ બની રહી હતી. તેનો રંગીન મિજાજ પણ પહેલાંના જેવો જ રહ્યો હતો અને છૂટથી હરવા-ફરવાનું પણ પહેલાંના જેવું જ. મોટાસાહેબની મેમ જેવો જ તેનોય વ્યવહાર થતો ગયો હતો. ઓરત આવી રીતે હરેફરે એ ઇસ્માઇલને જરાય પસંદ ન હતું, પણ તે તેને અંકુશમાં નહોતો રાખી શકતો. તે જાણે કે થાકી ગયો હતો. આજે પણ સફેદ ગુલાબનો ગુચ્છ લઈને એ રામુના મૃતદેહ પર ચઢાવવા આવી હતી. બધા જ જાણતાં હતા કે રામુ તેનો એક વખતનો પ્રેમી હતો. એ પ્રેમના બદલામાં જ લછમી તેને આ ફૂલગુચ્છ અર્પણ કરવા આવી હતી.

બીજા પણ અનેક માણસો ફૂલો લઈને આવ્યા હતા. મોટામાં મોટો ફૂલગુચ્છ મિસિસ ફ્લેમિંગ લઈ આવી હતી. તેણે ગુલાબ તથા પાઈનસેટિયાનો ગુચ્છ શ્રદ્ધાંજલિ રૂપે અર્પણ કર્યો. વળી એ ઘણી વાર સુધી સ્મશાન અને કબ્રસ્તાનમાં રોકાઈ. એક-બે તસવીર પણ ખેંચી. દરેક મરનાર વ્યક્તિના કુટુંબ માટે તેણે વીસવીસ રૂપિયાની મદદ પણ આપી.

સાહેબ લોકોમાંથી તો કોઈ આવે જ નહીં; ફક્ત આ એક અસાધારણ ગોરી નારી જાણે સાક્ષાત્ કરૂણામયી માતાનો અવતાર ! બધાંના જ ચહેરા પર કૃતજ્ઞતાનો ભાવ વ્યાપ્યો હતો. આવી મહાન મહિલા અગાઉ ક્યારેય આ શહેરમાં નહોતી આવી.

કોઈકે કુતૂહલવશ પ્રશ્ન પણ કર્યો કે, 'આ મેમસાહેબા અહીં કેમ આવી છે ?' જવાબમાં બીજાએ કહ્યું, 'એ કાંઈ કુતૂહલની મારી નથી આવી, લાગણીથી પ્રેરાઈને આવી છે.' તો વળી બીજું કોઈ બોલ્યું, 'આપણા કાળા લોક પ્રત્યે પ્રેમ ન હોય, તો કોણ આ પ્રમાણે કલાકો સુધી સ્મશાનમાં રોકાય ?'

એક બીજું આશ્ચર્યજનક કામ પણ મેમસાહેબાએ ઉપાડ્યું હતું અને તે નયનમણિ પાસેથી ગીતો શીખવાનું. એ નેપાળી, આસામી તથા હિંદી ગીતસંગીત શીખે છે અને એ વિશે એક પુસ્તક પણ લખે છે. સ્ત્રી પ્રખર વિદ્વાન છે. એણે ઇંગ્લૅંડની વિખ્યાત યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. અહીંના સાહેબોને તો એ કોઈ વિસાતમાં નથી ગણતી. એ સાહેબલોકોને ઘણુંઘણું

શીખવી શકે એવી છે. સાક્ષાત્ સરસ્વતી છે. એ નયનમણિને અંગ્રેજી શીખવે છે. તેણે જ પ્રધાન સમક્ષ જઈને તેને નયનમણીને ક્ષમા કરવાનો બોધ આપ્યો.

તેણે પ્રધાનને સમજાવ્યું કે, 'હવે જમાનો બદલાયો છે. પહેલાંની જેમ યુવાન છોકરા-છોકરીઓને બાંધી રાખવાથી અર્થ નહીં સરે.' પ્રધાન પણ નરમ પડી રહ્યો છે. અને સૌથી વધુ આશ્ચર્યની વાત તો એ છે કે નયનમણિની સાથે સાથે એય ભારતની આઝાદીનાં ગીત ગાય છે. પેલું કૉંગ્રેસી ગીત. એક ગોરી મેમસાહેબાના મુખમાં કૉંગ્રેસનું ગીત ! 'સારે જહાંસે અચ્છા, હિન્દોસ્તાં હમારા.'

એમ પણ સાંભળ્યું છે કે, નહેરુ આવશે, ત્યારે ચા પાણી માટે તેઓને એ પોતાને બંગલે નિમંત્રશે. કેવી અપૂર્વ ઘટનાઓ આ બધી ?

22

હૉસ્પિટલમાં પૂરા પાંચ કલાક પછી જહાંનારા હોશમાં આવી. બરૂઆની પત્નીનેય પ્રસવવેદના ત્રણ દિવસથી પીડી રહી હતી. પરંતુ સૌથી મોટા સમાચાર તો એ હતા કે નવી કૉંગ્રેસ સરકારના મુખ્ય મંત્રી બૂરૂદલોઈજીને એક તાર મોકલવામાં આવ્યો છે અને ખબર કરવામાં આવી છે કે 'ખાણમાં આવો પ્રચંડ ધડાકો થયો અને એમાં ચાર મજૂરો માર્યા ગયા. છતાં હજી સુધી તેમને વળતર આપવા માટે કોઈ વ્યવસ્થા થઈ નથી.'

આ તાર સ્થાનિક કૉંગ્રેસના પ્રમુખ ગોસ્વામીએ કર્યો છે, એ વાતની ટાઉલરને ખબર પડી ગઈ હતી. સરકારે સાચી માહિતી મેળવવા માટે કંપનીને વળતો તાર કર્યો પરંતુ તેના જવાબમાં ટાઉલરે તો જણાવી દીધું, 'અકસ્માતનો નાનકડો બનાવ બન્યો. કેટલાક મજૂરોને ન બચાવી શકાયા. અલબત્ત તેમને જરૂરી તમામ સારવાર આપવામાં આવી.' અને પછી દિગ્બોઈ અને શિલૉંગ વચ્ચે સામસામા તાર ચાલ્યા કર્યા. છેવટે મજૂરો વતી એક તાર માલાસિંહે કર્યો. 'કંપનીનો હેવાલ જૂઠો છે. તેલક્ષેત્રમાં ગંભીર અકસ્માત થયો હતો. ચાર મજૂરો આગથી મરણ પામ્યા. બીજો અકસ્માત રિફાયનરીના ગેસ-પ્લાન્ટમાં પણ થયો છે. એક કર્મચારીને હૉસ્પિટલમાં દાખલ કર્યો. વીગતે તપાસ કરવા વિનંતિ !'

જહાંનારા, બરૂઆની પત્ની અને ચેટર્જી હૉસ્પિટલમાં હતાં. જહાંનારા હોશમાં આવી ગઈ હતી. બરૂઆની પત્ની હજી પ્રસવપીડા ભોગવી રહી હતી. ચેટર્જી હજી અશક્ત પણ ભયમુક્ત હતો, અને પુસ્તક વાંચી શકતો હતો.

ચંડીએ આવીને ચેટર્જીને સાહેબલોકની ચાલબાજીની બધી વાત જણાવી. ગયાસુદ્દીન ટેન્સસાહેબ સમક્ષ વળતરની વાત કરવા ગયો, પરંતુ તેને કહેવામાં આવ્યું કે ટેન્સ સાહેબ પિકનિક પર ગયા છે ! ઑફિસમાં હજી આ બનાવ સંબંધમાં કોઈ કાગળો થયા જ નથી. સાંભળ્યું છે કે ટાઉલર આ વાતમાં કશો રસ દેખાડતો નથી. નહેરુજીના આગમન વિશે જનતાને

યોગ્ય સૂચના માહિતી પૂરી પાડવાના હેતુથી માલાસિંઘ એક પત્રિકા તૈયાર કરાવવા ત્યાં આવ્યો હતો. તેણે કહ્યું કે સાહેબલોકોને અંદરઅંદર મતભેદ પડ્યો છે ને વાત પણ તેણે જણાવી. ધડાકા સંબંધે ટેન્સે જે હેવાલ આપ્યો તે અને એના ઉપર ગયાસુદ્દીન સાહેબે નોંધ કરી એ કશું જ માનવા ટાઉલર તૈયાર નથી. વાત સ્થગિત થઈ ગઈ છે.

અહમદસાહેબ જહાંનારાની તબિયત જોવા આવ્યા હતા. તેઓ જતાં જતાં એક અતિ ગુપ્ત વાત કહેતા ગયા હતા કે મોટાસાહેબે રાજીનામું આપી દીધું છે. કંપનીને તેમણે પોતાના મનની સાચી વાત જણાવી દીધી છે. ટાઉલરને ઉદાર નીતિ પસંદ નથી. તે દમન નીતિમાં જ વધુ શ્રદ્ધા રાખે છે, એથી નજીકના ભવિષ્યમાં જ અહીં ઉગ્ર સંઘર્ષ અવશ્ય ફાટી નીકળશે. ગેસ-પ્લાન્ટની આગ તથા ખાણનો ધડાકો બંને અકસ્માતોની જવાબદારી પોતાને શિરે સ્વીકારીને, બહુ દુ:ખ સાથે મોટાસાહેબે રાજીનામું આપી દીધું. અને મોટા સાહેબના ચાલ્યા જવાનું પરિણામ હતું સંઘર્ષ ! એક ચિનગારીમાંથી એકદમ ખાંડવવન જેવી આગ !

એ પછી પન્નૂ પણ આવી હતી. એ પણ જાતજાતની ઘણી ખબરો લાવી હતી. લછમીએ ફરીથી સિંઘ સાથે હળવું-મળવું શરૂ કરી દીધું છે. ઇસ્માઇલ આ વાતથી ખૂબ શરમ અનુભવે છે. લછમી એક દિવસ પન્નૂને મળવાય આવી હતી. પન્નૂએ તેને ધમકાવી અને શિખામણ આપી કે લગ્ન પછી આવા આઝાદ ફરવું એ સારું નહીં. તારા સારા નશીબે જ તને આવો સાચે માણસ મળ્યો છે. પરંતુ લછમીનો સ્વભાવ જ એવો છે કે એ કશાનીય લેશ માત્ર પરવા નથી કરતી.

નયનમણિ એક દિવસ માને ઘેર ગઈ હતી. પન્નૂય પોતાના ભાઈના સાસરે જઈ આવી હતી. પરંતુ દુર્ગા પોતાને સાસરે જવાનું સાહસ હજી કરી શક્યો નહોતો. દુર્ગાને તેના બાપે માફ કરી દીધું, પણ પ્રધાન હજી તેને માફ નહોતો કરી શકતો. પ્રધાન તો હજી પોતાની પુત્રીનેય માફ નહોતો કરી શક્યો. એટલે બાપની ગેરહાજરીમાં જ તે માને મળવા ગઈ હતી. મા તો બિચારી રડીરડીને પાગલ જેવી બની ગઈ. એની તો એકની એક દીકરી.

પન્નૂના મોંએથી નયનમણિનાં વખાણ સાંભળીને ચેટર્જી કંટાળી જતો હતો. તેને એ પસંદ નહોતું કે નયનમણિ મોટાસાહેબની મેમ સાથે સમાન ધોરણે વર્તે છે, વાત કરે છે. હવે તો એકબે અંગ્રેજી શબ્દોય તે વાપરવા લાગી છે. દુર્ગાના રંગઢંગ પણ બદલાઈ ગયા છે. તેના ઘરમાં ડાઈનિંગ ટેબલ આવી ગયું છે. જૂની ટેવો એ લોકો છોડવા માંડ્યાં છે. મેમસાહેબાએ તેમને એક હાર્મોનિયમ પણ ભેટ આપ્યું છે.

બરૂઆની પત્નીની પીડા ખૂબ વધી ગઈ હતી. ડોક્ટરો પણ ચિંતામાં પડી ગયા હતા પણ બરૂઆને કશી ખબર નહોતી પડતી. એ તો નહેરુજીના સ્વાગતની તડામાર તૈયારીમાં દોડધામ કર્યા કરતો હતો. એટલે પન્નૂએ જ બરૂઆની પત્નીની સંભાળ રાખવી પડતી હતી.

જહાંનારાને એક ભયંકર સ્વપ્નું આવતું હતું, ખૂબ જ ભયાનક સ્વપ્ન ! સ્વપ્નામાં એક જીન રોજ આવીને તેને બોલાવતો હતો. તેના ઉપર સેતાનની નજર પડી ગઈ હતી. તેનો તાવ હજી સુધી ઊતર્યો જ નહોતો.

પન્નૂ આવી ત્યારે ચેટર્જી કોઈ પુસ્તક વાંચતો હતો. હજી એની તબિયત સંપૂર્ણ સારી નહોતી થઈ. આંખ તથા માથામાં દુખાવો રહેતો. વાતો સાંભળવા ચેટર્જીએ પુસ્તક બંધ કર્યું. વાત પૂરી થઈ એટલે પાછું પુસ્તક ઉપાડ્યું એટલે પન્નૂએ હાથમાંથી પુસ્તક આંચકી લેતાં કહ્યું, 'વાંચ-વાંચ કરશો, તો આંખમાં જેટલી શક્તિ છે, તેય ચાલી જશે. મૂકી દો !'

પન્નૂની આત્મીયતા તેને બહુ સારી લાગી. પુસ્તક પડતું મૂકવાનું તેને ગમતું નહોતું, છતાં વાંચવું બંધ કરીને તે પોતે વાતે વળ્યો. તે બોલ્યો, 'આંખો છે, ત્યારે ન વાંચું, તો શું આંધળો થઈ ગયા પછી વાંચવાનો ?'

'પરંતુ આમ વાંચ્યા કરવું એ શું સારું લાગે ? લોકો તમને મળવા આવે, તેનીય તમને ખબર ન પડે ! હું પોતે જ કેટલીય વાર આવીને ઊભી રહું છું ને પાછી ચાલી જાઉં છું. તમે સાવ જ બેખબર રહો છો. એમ કેમ ?'

'કારણ તો કશું જ નથી; આમ જ કંઈક કર્યા કરવું સારું. પરંતુ હું વાંચતો હોઉં, ત્યારે તું મને આમ છાની રીતે જોયા કરે એ ઠીક ન કહેવાય.'

'પણ આ શહેરમાં વાંચનારા માણસો જ કેટલા ઓછા છે ? એટલે એવો કોઈ મળે, તો બસ તેને જોયા જ કરવાનું મન થાય.' મલકાટથી પન્નૂનો ચહેરો ખીલી ઊઠ્યો.

ચેટર્જીએ પણ રમૂજમાં કહ્યું, 'એનું કારણ એ જ કે તું હજી પૂરેપૂરું લખતાં-વાંચતાં નથી શીખી. શીખી જશે, પછી તને નિરક્ષર લોકો જ વધારે ગમશે!'

'તમે તો બરાબર લખી-વાંચી જાણો છો. તમે જ કહો કે તમને કોણ વધારે સારું લાગે? એકદમ નિરક્ષર કે જે થોડા અક્ષર વાંચી શકે તે ?'

ચેટર્જીએ ' નિરક્ષર' શબ્દનો પ્રયોગ ભારતની સામાન્ય જનતાના સંદર્ભમાં કર્યો હતો. પરંતુ પન્નૂ એ જ શબ્દને મચડીને પોતાની જાતને લાગુ પાડી દેશે એવું તેણે ધાર્યું નહોતું. અને એમ કરવાનું કારણ પણ તેની સમજમાં આવી રહ્યું હતું. તે હૉસ્પિટલમાં દાખલ થયો, ત્યારથી પન્નૂ લગભગ રોજ આવતી. કોઈ પણ રીતે ચેટર્જીને થોડી ઘણી મદદ કરી શકતી, તો એ આનંદમાં આવી જતી. આ આનંદનું ખરું કારણ ચેટર્જી પ્રત્યેની એની આત્મીય નિકટતા હતી.

પ્રત્યુત્તરની આશામાં પન્નૂ ઘણી વાર સુધી ચેટર્જી સામે જોઈ રહી. ચેટર્જી પણ પન્નૂના ચહેરા પરથી પોતાની દૃષ્ટિ લાંબો વખત સુધી હટાવી ન શક્યો. એ રીતે ન જાણે કેટલોય સમય વીતી ગયો એની બેમાંથી એકેને ખબર ન પડી. એકાએક પન્નૂ સ્વસ્થ થતાં બોલી, 'ગયાસુદ્દીન સાહેબ સાથે બીજું પણ કોઈ આવ્યું છે. હું જાઉં છું.'

કેમ ?'

પરંતુ પન્નૂ જવાબ આપ્યા વગર જ ચાલી ગઈ. એના ગયા પછી ચેટર્જીને આપોઆપ જ પોતાના પ્રશ્નનો ઉત્તર મળી ગયો. તેને લાગ્યું કે પન્નૂનો ચહેરો હૃદયમાં વસી ગયો છે. થોડી વાર આંખો મીંચી પડી રહ્યો ને જાતને સંભાળી લીધી.

ત્યાં વળી પન્નૂ પાછી આવી ગઈ. તેના મોં ઉપર જાણે કે કાળાં વાદળ છવાઈ ગયાં હતાં. ચેટર્જી એકાએક ઊઠીને બેઠો થઈ ગયો. પન્નૂ બોલી,

'આ બે જોડાં એકબીજાથી કેવી જુદી જ પ્રકૃતિનાં છે ! બરૂઆની પત્નીને પતિ પ્રત્યે એટલો બધો પ્રેમ છે કે તે આવ્યો કે તરત પત્નીની વેદના જાણે મટી જ ગઈ ! અદ્ભુત ! બીજી બાજુ ગયાસુદ્દીન સાહેબ તદ્દન ઊલટી પ્રકૃતિના આદમી ! જહાંનારા વાતો કરવા તડપે છે, એને કંઈક કહેવું છે, પરંતુ બિચારી કહી નથી શકતી. બેય જાણે એકબીજાને ઓળખતાં જ નથી !'

ચેટર્જીએ પૂછ્યું, 'વારુ પન્નૂ, કહે જોઉં, જહાંનારાભાભી પહેલાંની જેમ આજકાલ ગયાસુદ્દીન સાથે હસતીબોલતી નથી ? દિલ ખોલીને વાતેય નથી કરતી શું ?'

'નહીંસ્નો ! ગયાસુદ્દીન સાહેબને સમય જ ક્યાં રહે છે ?' આટલું કહીને પન્નૂ અટકી ગઈ. તેને બીજું પણ ઘણું કહેવાનું મન હતું, પરંતુ તે ન કહી શકી. એ કહેવું તો મુશ્કેલ હતું કે ગયાસુદ્દીન પોતાની પત્ની સાથે હૈયું ખોલીને વાતચીત નથી કરતો. જહાંનારા ઘણીય વાર પન્નૂને કહેતી કે એ માણસ મારાથી સંતુષ્ટ નથી. તેના મનમાં જાણે કોઈ કલ્પિત નારી, પ્રેમની મૂર્તિ વસી ગઈ છે. એ તેને પ્રાપ્ત નથી થવાની એય ગયાસુદ્દીન બરાબર સમજે છે. એથી તેણે જહાંનારા સાથે સંસાર વસાવી રહેવું પડવાનું છે. કોઈ અશુભ મુહુર્તમાં એ બે જણાં વચ્ચે પ્રેમ થયો હતો. ગયાસુદ્દીનની પ્રથમ પત્ની માધુરી એક સામાન્ય સ્ત્રી હતી. ઘર ચલાવવામાં નિપુણ, પરંતુ વંધ્યા; એટલે ગયાસુદ્દીનની સંતાન-ઝંખના અતૃપ્ત જ રહી. માધુરી પરત્વે અણગમો થવાનું કારણ પણ એ જ હતું. એવા સમયમાં જ જહાંનારા સાથે પરિચય થયો. રૂપની દૃષ્ટિએ જહાંનારા સાવ સામાન્ય, દૂબળી-પાતળી સ્ત્રી હતી; તેના ચહેરા ઉપર એક અસામાન્ય સ્નિગ્ધ સરળતા હતી. ભણી-ગણી પણ હતી અને ગયાસુદ્દીનનો હેતુ તો ગમે તેવી પણ સંતાન આપી શકે એવી એક સ્ત્રી મેળવવાનો હતો. એટલે જ તેણે જહાંનારા સાથે શાદી કરી લીધી. જહાંનારા પણ એ બરાબર જાણી-સમજી ચૂકી હતી. એટલે પોતે જ્યારે સગર્ભા બની કે તરત જ તેણે પતિને આકર્ષિત કરવાના, એ અચળ પત્થરને કંઈક પિગળાવવાના પ્રયત્નો કર્યા, પણ કમનસીબે ત્યારે જ એ માંદી પડી ગઈ. હવે તો તેનું હૈયું ભાંગી જ પડ્યું છે.

પન્નૂ જાણે છે કે પ્યાર કરવાની પારાવાર શક્તિ જહાંનારા પાસે છે, પણ જીવનમાં તેને એવી કોઈ તક જ ન મળી.

ચેટર્જીએ પૂછ્યું, 'તો તો બિચારી બહુ સહન કરી રહી હશે, ખરું ?'

'હાસ્તો, ખૂબ જ.'

આ બધી વાતો ચાલતી હતી, એની સાથે જ ચેટર્જીનાં બંધ હૃદયદ્વાર પણ જાણે એકાએક ખૂલી ગયાં. સ્ત્રી-પુરુષ સમસ્યા વિશે એને કશું જ જ્ઞાન નહોતું. આઈમા ઘણીવાર કહેતો કે કેટલી સહેલાઈથી તે સ્ત્રી-સુખ મેળવી લેતો હતો ! એ તો બિચારો મરી ગયો. પન્નૂની વાતો સાંભળીને પ્રથમ વાર ચેટર્જીના મનમાં એવી લાગણી જાગી. જો કે અદ્યાપિ સ્ત્રી તેને માટે એક કુતૂહલ તથા રહસ્યની જ વસ્તુ હતી.

પન્નૂએ હસીને પૂછ્યું, 'આવું બધું સાંભળતાં તમને ખરાબ લાગતું હશે, નહીં વારુ ? તમે કેમ ખૂબ ઉદાસ જેવા લાગો છો ?'

'ના, હું ઉદાસ તો નથી. પરંતુ જીવનનું એક ચોક્કસ ધ્યેય હોય છે, પન્નૂ ! બસ એ કાર્ય માટે જ હું જીવું છું. દેશની સ્વતંત્રતા હાંસલ કરવી જ પડશે. એક વાર યૂનિયન રચાઈ જાય, પછી હું અહીંથી ચાલ્યો જઈશ. બીજાં પણ ઘણાં કામો એવાં છે, એ કારણે હું ઇચ્છા હોવા છતાંય નારીના પરિચયમાં આજ દિન સુધી નથી આવ્યો.'

પન્નૂએ હસીને ઉમેર્યું, 'કેમ ? તમારા કામમાં સ્ત્રી વિઘ્નો ઊભાં કરે એવો ડર લાગે છે ? અરે, કોઈ મનપસંદ સ્ત્રી પસંદ કરીને જુઓ કે તમારું કામ કેટલી વધારે ઝડપે આગળ વધે છે ! જો આજે તમે એકલા એક ડગલું ચાલી શકો છો, તો ત્યારે તમે બેવડાં ડગલાં ચાલી શકશો.'

'એવી સ્ત્રી હોઈ શકે કે ?'

'શા માટે નહીં ? પરંતુ શોધવી પડે.'

'એ જ અઘરું છે ને ? અહીં તો દરેક છોકરીને ઘર માંડીને સુખશાંતિથી જીવવું છે. ઘર માંડીએ એટલે બાળબચ્ચાં, ધનદોલત એ બધું આવે, જેનો અર્થ જ બંધન !'

'તમે સાવ નાદાન છો, નહીં તો તમે આવી વાત ન કરત. તમે સ્ત્રીને ઓળખતા જ નથી.'

ચેટર્જીએ હસતાં હસતાં કહી દીધું, 'તું મળી, પણ ત્યારે મારો જવાનો સમય થયો છે.'

'આ સાચું કહો છો ?' પન્નૂએ હસીને પૂછ્યું.

'હા !'

રોગીઓને તપાસવા રાઉંડ પર નીકળેલો ડૉક્ટર રણજીત પાઠક ફરતો ફરતો ચેટર્જીના ઓરડામાં આવ્યો.

તેણે તેની છાતી બરાબર તપાસી. પછી હસતાં-હસતાં પૂછ્યું, 'કેમ આજે તો બહુ ગોષ્ઠિ ચાલી રહી છે ને કંઈ ? જુઓ, વાતો ઓછી કરો, એ સારું.'

'પણ હવે મને ઠીક લાગે છે.'

'હા, ઠીક તો છે જ, પણ હજી જરા કાળજી રાખવી જરૂરી છે.' આટલું કહીને ડૉક્ટરે પન્નૂ તરફ જોતાં હસીને પૂછ્યું, 'પન્નૂ, સાંભળ્યું છે કે તને લખતાં-વાચતાં આવડી ગયું; એ સાચી વાત ?'

પન્નૂએ શરમથી માથું નીચું ઢાળી જવાબ આપ્યો, 'હા, થોડુંથોડું શીખી રહી છું, પણ હવે આગળ ભણવાનું કોણ જાણે શું થશે ! મારાં બંને શિક્ષક બીમાર પડ્યાં છે.'

ડૉક્ટર પણ હસવા લાગ્યા. તેમના તેજસ્વી શ્યામ ચહેરા ઉપર વીજળી જેવી બે આંખો ચમકી રહી. એ બોલ્યા, 'બોલ, તારે નર્સિંગ શીખવું છે ?'

'હા શીખીશ.'

ડૉક્ટરે કહ્યું, 'હું તારું નામ મોકલી આપીશ. અમારી હૉસ્પિટલમાં નર્સોની સંખ્યા બહુ ઓછી છે. તારે દિબ્રૂગઢની શાળામાં તાલીમ લેવા જવું પડશે.'

પન્નૂને તો જાણે સ્વર્ગ જ હાથમાં આવી પડ્યું. જયારથી ઝેબુન્નિસા નર્સની તાલીમ માટે ગઈ, ત્યારથી એ પણ મનમાં એક આશા સેવી રહી હતી. ગુજરાન માટે કંઈક કમાણી કરવાનો વિચાર એ કરી જ રહી હતી. આજે ડૉક્ટરની એકાએક તેના પર કૃપા થઈ, પછી તેને સ્વર્ગ પ્રાપ્તિ સમો આનંદ થાય જ ને ?

ડૉક્ટરે ઉમેર્યું, 'કાલે મને ઑફિસમાં મળજે. તાલીમ માટે જવાનો હજી પણ અવકાશ છે.'

ડૉક્ટરના ગયા પછી ચેટર્જીએ પન્નૂને પૂછ્યું, 'તું નર્સ બનવા શા માટે ઇચ્છે છે ?'

ચેટર્જીનો આવો પ્રશ્ન સાંભળી, પન્નૂને આશ્ચર્ય થયું. તેણે સામે પૂછ્યું, 'તો શું હંમેશાં તમારી શિષ્યા રહીને ભણ્યા જ કરવું જોઈએ ?' અને પછી એ હસવા લાગી.

'હા... એ પણ ઠીક વાત કહી. પણ.'

'પણ શું ?'

'નર્સ બને, એ તારે માટે યોગ્ય નથી લાગતું.'

'એટલે શું હું કોઈની પત્ની બનું એ મારે માટે વધુ યોગ્ય છે, એમ ? પણ મારા જેવી બદસૂરતને કોણ પ્રેમ કરશે ?' પન્નૂએ હસીને કહ્યું.

ચેટર્જીએ એકાએક પૂછ્યું, 'શું ખરેખર તું કોઈની સાથે લગ્ન કરશે ?'

પન્નૂએ હવે ચેટર્જી સામે જોયું અને એના ચહેરાનું નિરીક્ષણ કર્યું. પછી બોલી, 'છોડો એ વાત ? તમે કોઈના લગ્નની ચિંતામાં શું કામ પડો છો ? બને તો તમારે માટે જ કોઈ છોકરી શોધી કાઢોને ! તમારે એની જરૂર છે.'

ચેટર્જીએ પૂછ્યું, 'મારે માટે છોકરીની જરૂર છે, એની તને કેવી રીતે ખબર પડી ?'

'તમારું મોં જોતાં એવું જ સમજાય છે.' પન્નૂએ હસીને કહી દીધું.

ચેટર્જી હવે પકડાઈ ગયો તે કંઈ બોલી ન શક્યો. પન્નૂ સામે તાકી રહ્યો. હા, પન્નૂની ધારણા સાચી હતી. મનમાં ને મનમાં જ તે પન્નૂને પત્ની બનાવી બેઠો હતો. આટલા દિવસ અપરિચિત રહેલો ચહેરો જાણે પરિચિત નવવધૂનો ચહેરો બની ગયો હતો અને તેના અંતરતમમાં પ્રવેશીને એને પ્રકાશિત કરી રહ્યો હતો. હૈયું જાણે પન્નૂમય બની રહ્યું... પરંતુ...

પન્નૂ જહાંનારાને સંતરાનો રસ પીવડાવી રહી હતી. પણ બેધ્યાનપણાને લીધે ફીડિંગકપ હાથમાંથી પડ્યો ને ટુકડેટુકડા થઈ ગયો.

'અરે પન્નૂ, શું થયું ?' જહાંનારાએ અશક્ત અવાજે પૂછ્યું. પછી તેના ચહેરાનું નિરીક્ષણ કરતાં હસીને કહ્યું, 'હાં, અત્યાર સુધી તું ચેટર્જીના ઓરડે હતી, ખરું ને ?'

પન્નૂ ગ્લાસમાં બીજો રસ કાઢી રહી હતી. ત્યાં જહાંનારાની ટકોરથી પન્નૂનો ચહેરો શરમથી લાલલાલ થઈ ગયો. તે માથું ઊંચું કરી જહાંનારા સામે જોઈ ન શકી. રસ કાઢી રહ્યા પછી એક ચમચો ભરી જહાંનારાના મોંમા નાંખતાં, તે હંમેશની જેમ આજેય પૂછવા માગતી હતી કે, 'આજે ગયાસુદ્દીન સાથે કંઈ વાતચીત થઈ કે નહીં ?' પણ એય તે પૂછી ન શકી

જહાંનારાનો ચહેરો ગંભીર થઈ ગયો. પછી એણે જ સામેથી પૂછ્યું, 'કેમ આજે તેં પેલી વાત મને ન પૂછી?' પન્નૂએ જહાંનારાને રસ પિવડાવી, ગ્લાસ મેજ પર મૂકી દીધો. પછી તેનું પીળું ફીકું મોં લૂછતાં એ બોલી, 'તમારી નજરથી કંઈ જ છૂપું રહી શકે નહીં. પણ હવે તમે કહો, કંઈ વાતચીત થઈ એમની સાથે ?'

જહાંનારાએ કહ્યું, 'હા આજે ઘણી બધી વાતો એમની સાથે થઈ. આજે મારા હૈયાનો ભાર કંઈક હળવો થયો છે. હૃદય ખોલીને પ્રેમની વાતો કરી નાખી. તે ચૂપચાપ સાંભળી રહ્યા, જાણે કોઈ નાનું બાળક સાંભળતું હોય તેમ. પણ એ બધું મારે તને નથી કહેવું. મારે તો તને ફક્ત એક જ વાત કહેવાની છે, અને તે એ કે અગર મને કંઈ થઈ જાય તો તારે જ એમની સંભાળ રાખવાની.' જહાંનારાની આંખમાંથી અશ્રુધારા વહી રહી.

પન્નૂએ નેપકિનથી આંસુ લૂછતાં કહ્યું, 'મારે એમની સંભાળ રાખવાની ? આ કામ મારે માટે ગજા બહારનું કહેવાય. તમારે જીવવું પડશે. તમે આવા ખરાબ વિચારો કેમ કરો છો ?'

'ના - ના પન્નૂ, તારે મારી આ વાત માનવી જ પડશે. એ તો એક અબુધ બચ્ચા જેવા છે.'

પન્નૂનું હૃદય ધ્રૂજી ઉઠ્યું. જહાંનારાની દૃષ્ટિમાં આજીજીનો ભાવ હતો. ગયાસુદ્દીનનો બોજ પન્નૂએ ઉઠાવવો પડે, એ કેવી રીતે બને ? ગયાસુદ્દીનની દેખભાળ પોતે કરવાની ? પન્નૂની આંખમાંથી પણ આંસુ ટપકી પડ્યાં.

'તું શા માટે રડે છે ગાંડી ? તારા સિવાય મારું છે પણ કોણ ?'

જહાંનારાની વાત સાંભળતાં પન્નૂનું રુદન વધી ગયું. જહાંનારાએ ઉમેર્યું, 'પન્નૂ, મારે તને બીજું કશું સમજાવવાનું બાકી નથી. ગયાસુદ્દીન સાહેબને જે રીતે તું પ્યાર કરે છે, એ કોઈ સમજી શકે તેમ નથી.'

બાજુના ઓરડામાંથી કોઈ જુદી જ વેદનાનો આર્તસ્વર સંભળાઈ રહ્યો હતો. એ હતો પ્રસવવેદનાનો સનાતન ધ્વનિ.

જહાંનારા આગળ બોલી, 'તારી સાથે આટઆટલા દિવસોથી હું વાતો કરું છું, પરંતુ તારા મોંએ ક્યારેય કોઈ બીજા પુરુષની પ્રશંસા નથી સાંભળી; ઇસ્માઇલની પણ નહીં ને ચેટર્જીની પણ નહીં. કેવળ એક જ પુરુષની વાતો કરતાં તને આનંદ થાય છે, ઉત્સાહ આવે છે અને તારું મન પણ હળવું બની જાય છે. બોલ મારી વાત સાચી છે કે નહીં ?'

પન્નૂ કંઈ બોલી ન શકી. ફક્ત પાલવથી આંસુ લૂછતી રહી.

23

જિંદગી આમ જ વહેતી રહે છે. યુવાન કન્યાના મનમાં નવવધૂ બનવાનાં સ્વપ્નાં જાગે, પછી એ એક દિવસ ખરેખર વધૂ બને; સખીઓ તેને શણગારે, હાથે, કાને, ગળામાં ઘરેણાં

પહેરાવે; ગીતો ગાઈને ઘરના આંગણામાં વરનું સ્વાગત થાય; અગ્નિની શાખે વર વધૂનું પાણિગ્રહણ કરે; બ્રાહ્મણો મંત્રો આલાપે; બસ પછી શરમાળ નવોઢા પતિને ઘેર ચાલી જાય. અને એક દિવસ પછી તે મા બને.

પન્નૂ બરૂઆની પત્નીના લગ્નનો વિચાર કરી રહી હતી. આજે એ જ સ્ત્રીને ડૉક્ટર ઑપરેશન થિયેટરમાં લઈ જઈ રહ્યા છે. ડૉક્ટર બરૂઆને ખૂબ સ્વસ્થતાથી સમજાવી રહ્યા છે કે આજે જીવન-મરણનો પ્રશ્ન છે, કાં મા બચે, કાં બાળક બચે, નસીબ હોય તો બંને બચી જાય. પરંતુ બરૂઆના મગજમાં કશું ઊતરતું નહોતું. પન્નૂ પણ પાસે જ ઊભી હતી. તે જોઈ રહી હતી કે બરૂઆના ચહેરા પર ભારે વેદના છે. એ સ્વસ્થ થઈ શકતો નહોતો. ત્યાં ડૉક્ટર ઑપરેશન થિયેટરમાંથી બહાર આવ્યા અને ધીરેથી હસીને બોલ્યા, 'તમને તો ખબર હશે સીઝરનો જન્મ કેવી રીતે થયો હતો ?'

'હા, જાણું છું.'

'આ કેસ પણ એવો જ છે, પરંતુ હું કેવળ મારા પર વિશ્વાસ રાખી શકું નહીં; એટલે દિબ્રૂગઢથી ડૉક્ટર ઘોષાલને બોલાવ્યા છે. તમે ચિંતા ન કરો. મા અને બાળક બંને બચી જવાં જ જોઈએ. તમે આ ફોર્મ પર સહી કરી આપો. આ તો એક નિયમ છે.'

બરૂઆએ પેન કાઢીને ઝટઝટ તેના પર સહી કરી નાખી.

પછી ડૉક્ટરે હસીને કહ્યું, 'હવે તમે નિરાંતે બેસો. આખી રાત ખાધા પીધા વગર, ઊંઘ્યા વગર બેસી રહ્યા છોને ? પન્નૂ ચા બનાવશે, તમે એ પીને આરામ કરો ! કેમ ચા બનાવીને આપશે ને પન્નૂ ? મેં તારું નામ આજની જ ટપાલમાં મોકલી દીધું છે, હં !'

'પણ...'

'પણ - બણ કંઈ નહીં ! તારે જવું જ પડશે.' પન્નૂ જહાંનારાએ જે વાત કહી હતી, એ કહેવા માગતી હતી, પણ કહી ન શકી. ડૉક્ટર ઑપરેશન રૂમમાં ચાલ્યા ગયા. પન્નૂ ડૉક્ટરના રૂમમાં ચાલી ગઈ.

બરૂઆએ ઓવરકોટ પહેરી રાખ્યો હતો. તડકો ચઢી આવ્યો હતો, છતાં હજી તેણે ઓવરકોટ ઉતાર્યો નહોતો. તે ગયાસુદ્દીનના આવવાની રાહ જોતો હતો. ગયાસુદ્દીન આવે તો તેનેય હિંમત રહે. તે માણસ જ એવો કે જાતે ડરે નહીં, અને બીજાઓનેય હિંમત આપે. પરંતુ ગયાસુદ્દીન ટાઉલરને મળવા ગયો હતો. પેલા ચાર મજૂરોને વળતર અપાવવા વિશે એ ઉચાટ સેવી રહ્યો હતો. એટલે તે પોતાની બીમાર પત્ની પાસેય નથી આવ્યો.

થોડી વાર પછી પન્નૂ એક કપ ચા અને ચારેક બિસ્કીટ લઈ આવી અને વરંડામાં પડેલા એક નાનકડા મેજ પર ચા - નાસ્તો મૂકતાં બોલી, 'લો, ચા લઈ લો !'

બરૂઆ પાસેની ખુરશી પર બેસીને ચા પીવા લાગ્યો. પન્નૂ જહાંનારાના ઓરડામાં ચાલી ગઈ. જહાંનારા પથારીમાં પડીપડી પન્નૂની જ પ્રતીક્ષા કરતી હતી. એ આવી કે તરત એણે પૂછ્યું,

'એ આવી ગયા ?'

'ના, હજી નથી આવ્યા.'

'હું બરાબર જાણું છું, એમણે સાહેબ સાથે ઝઘડો કર્યો હશે. મામાજી એમને હંમેશાં એમ ન કરવા માટે સમજાવે છે. પણ તેમનાથી અન્યાય સહન જ નથી થતો. મારું મન ગભરાઈ રહ્યું છે.'

પન્નૂ કંઈ બોલી નહીં. જહાંનારાએ તેના ચહેરાનું નિરીક્ષણ કરતાં કહ્યું, 'તું આ રીતે ચિંતામાં ન પડી જા ! ચેટર્જીને કેમ છે ?'

'ઠીક છે.'

જહાંનારાએ કહ્યું, 'મારી એક વિનંતી માનશે ?'

પન્નૂએ પ્રત્યુત્તરમાં કહ્યું, 'મારાથી બનશે, એ બધું કરીશ.'

'જ્યાં સુધી તારા મનને તું બરાબર ન સમજી શકે, ત્યાં સુધી કોઈ સાથે વચનથી બંધાતી નહીં ! પહેલાં પોતાના મનને પૂછી જોજે !'

પન્નૂ બોલી, 'શક્ય હશે તો એ પ્રમાણે જ કરીશ.'

જહાંનારાની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. એ બોલી, 'હું માનું છું કે આ બાબતમાં તારા પિતાજી પણ તને કંઈ મદદ નહીં કરી શકે. સાંભળ્યું છે કે તારા પિતાજી આજકાલ ઘરમાં રહેતા જ નથી.'

'હા, માના મૃત્યુ પછી ઘર સ્મશાન જેવું બની ગયું છે. મા એટલે શું, એ હવે સમજાય છે.'

જહાંનારાએ એને નજીક બોલાવી અને એનો હાથ પોતાના હાથમાં લઈ કહ્યું, 'કશી ચિંતા ન કર. તું પોતાના પગ પર ઊભી રહી શકે તેવી છે. સંસારમાં સ્ત્રી હંમેશાં પુરુષના હાથની પૂતળી બનીને જ ન રહી શકે. નયનમણિએ યોગ્ય જ કર્યું. તું ગભરાતી નહીં. ચેટર્જીએ તને કોઈ વચન આપ્યું છે ?'

'ના, એ તો કેવળ યૂનિયન પાછળ જ પાગલ બન્યો છે. હા, વચમાં વચમાં ક્યારેક વળી મારે વિશેય જરૂર વિચારે છે. પરંતુ એટલાથી હું એના પર કેવી રીતે આધાર રાખી શકું ? જો મારે ઘર જ વસાવવું હશે, તો પછી એ સારામાં સારી રીતે જ વસાવીશ. નહીં તો પછી આમ જ રહીશ. અને ગયાસુદ્દીન સાહેબની જવાબદારીય હું કેવી રીતે લઉં ? તમે તો મને આફતમાં મૂકી દીધી ! તમે એમને આવી વાત કરી ખરી ?'

'હા, બધું જ કહી દીધું છે, વધુમાં એમ પણ કહી દીધું કે જો હું તમને યાદ આવું, તો તમે મને પન્નૂ દ્વારા જ મેળવી શકશો.'

પન્નૂ ચૂપ રહી. એણે ગ્લુકોઝનું પાણી બનાવીને જહાંનારાને પિવડાવ્યું. પછી બોલી, 'આવું બધું તમે એમને શા માટે કહ્યું ? હું એમનો આદર કરું છું, પણ તમારું સ્થાન લેવાની શક્તિ તો મારામાં ક્યાંથી ? હું તો એક સામાન્ય મજૂરની સામાન્ય દીકરી છું અને ગયાસુદ્દીન

સાહેબ પણ એક મનુષ્ય જેવા મનુષ્ય. એ વાત તો સાચી, પરંતુ એટલે તેઓ મારી જવાબદારી શા માટે લે ? એ જોતાં આ બધું તમે એમને કહ્યું એ ઠીક ન થયું, ભાભી !'

જહાંનારાએ કહ્યું, 'મૃત્યુ નજીક આવે, ત્યારે માણસને સંસાર સાથે જોડાઈ રહેવાની તીવ્ર ઇચ્છા થાય છે, એટલે હુંય આ રીતે તારામાં પ્રવેશીને રહેવા માગું છું.' અને પછી હસીને એણે ઉમેર્યું, 'મને ખબર નથી કે તું મારી વાત સમજે છે કે નહીં ? પણ મને એટલી ખબર છે કે તું ગયાસુદ્દીનને પ્યાર કરે છે.' વળી એક ઠંડો નિસાસો મૂકતાં એ આગળ બોલી, 'હું તને એક વાત કહી રાખું છું, હું ન હોઉં ત્યારેય તું એ યાદ રાખજે કે તારી આ એક ભાભી હતી, જે હમેશાં તારી ચિંતા કર્યા કરતી હતી. ફક્ત તારી જ નહીં, ઝેબુન્નિસા અને લછમીનીય ચિંતા કરતી હતી. સ્ત્રીની વાત એક સ્ત્રી સિવાય બીજું કોણ સમજી શકે ? સ્ત્રી શું ચાહે છે, એ એક સ્ત્રી જ સમજી શકે. એથી જ સ્ત્રીએ પોતાની મુશ્કેલીઓ જાતે જ ઉઠાવવી પડે છે. પુરુષ સાથે હોય એથી પણ કશો લાભ થતો નથી. સ્ત્રીએ પુરુષ પાસેથી પોતાની સમાનતા છીનવી લેવી પડે છે. તું એ કામ નથી કરી શકતી, એટલે તું પુરુષને પણ નહીં બાંધી રાખી શકે. ચેટર્જીનેય તું નહીં બાંધી રાખી શકે. ગયાસુદ્દીન સાહેબ કહેતા હતા કે ચેટર્જી માત્ર યૂનિયન બનાવવા પૂરતો જ અહીં રોકાયો છે. તે ભૂતપૂર્વ ત્રાસવાદી છે. એ તારી સાથે લગ્ન કરે, એવો મને વિશ્વાસ નથી. બધાં જ પંખી કાંઈ પિંજરામાં ન આવે. ગયાસુદ્દીનનો બોજ તને સોંપીને જઈશ તો નિશ્ચિંત થઈને મરી શકીશ.'

આ બધું શું બકે છે જહાંનારા ? અલબત્ત, એની વાતોમાં ઊંડો અર્થ છે; એ ગયાસુદ્દીન સાથે સમાન કક્ષાએ ન જીવી શકી એનું એને ભારે દુઃખ છે. બાકી બીજી બધી વાતોનો શો અર્થ ?

એટલામાં બહાર ગયાસુદ્દીનનો અવાજ સંભળાયો. તે બરૂઆ સાથે વાત કરી રહ્યો હતો.

જહાંનારાએ કહ્યું, 'જો પન્નૂ, એમને ચા આપી આવ ! એમણે પણ કદાચ કંઈ જ ખાધું-પીધું નહીં હોય.' પન્નૂ ચૂપચાપ બહાર નીકળી ગઈ.

પન્નૂએ ગયાસુદ્દીનને ચા-બિસ્કીટ આપ્યાં. એ પછી એની અને બરૂઆ વચ્ચેની વાત એ એકચિત્તે સાંભળવા લાગી. આજે બેવડા ધ્યાનથી ગયાસુદ્દીનની વાત એ સાંભળી રહી હતી.

આજે ગયાસુદ્દીન ટાઉલર સાહેબ સાથે ગાળાગાળી કરીને આવ્યો હતો. કેવળ ગયાસુદ્દીન જ નહીં માલાસિંઘ, પ્રધાન, ચંડી, ઇસ્માઇલ બધા જ ટાઉલર પાસે પહોંચી ગયા હતા. માલાસિંઘ બોલ્યો હતો કે, 'તમારે મજૂરોની ઇજ્જત રાખવી જ પડશે !' એ પણ ગુસ્સે થઈ ગયો હતો. મોટા સાહેબ ત્યારે ઑફિસમાં નહોતા. એમનું હૈયું ભાંગી ગયું છે. પણ દુષ્ટ ટાઉલર તો હસીહસીને જવાબ આપી રહ્યો હતો. વળતર આપશે તો ખરા, પણ એ સાવ સામાન્ય વળતર ! એ લોકો કાયદાને ઘોળીને પી ગયા છે. પછી ટેન્સ સાહેબે ગયાસુદ્દીનને બાજુ પર બોલાવીને કહ્યું, 'હું લાચાર છું. તેં આને એક રાજકીય મુદ્દો બનાવી દીધો !'

'કેમ ન બનાવું ? બીજો કોઈ રસ્તો જ નથી.'

'તો હુંય લાચાર છું.' ટેન્સ બોલ્યો. વાસ્તવમાં, આખો પ્રશ્ન જ રાજકીય હતો. મજૂરોની પ્રતિષ્ઠા બચાવી લેવાનો પ્રશ્ન હતો, અને મજૂરોનું માન એટલે દેશનું જ માન. સાત રાજ્યોમાં કૉંગ્રેસ સરકાર રચાઈ ગઈ હતી. જ્યારે આસામમાં કૉંગ્રેસની સંયુક્ત સરકાર સત્તા પર હતી. અને આ ચાર મજૂરો અમસ્તા જ મરી ગયા એમ? એમના જીવનનું કોઈ મૂલ્ય જ નહીં ? માલસિંઘ એક કવિતા સંભળાવતો હતો :

તું કાદિરો આદિલ હૈ મગર તેરે જહાં મેં, હૈ તલ્ખ બહુત બંદયે મજદૂર કી ઔકાત. કબ ડૂબેગા સરમાયાપરસ્તી કા સફીના, દુનિયા હૈ તેરી મુંતજિરે રોજે મકાદ.

ઈશ્વર સર્વશક્તિમાન ને ન્યાયી છે. પણ એની પૃથ્વી પર ગરીબો ને મજૂરોનું જીવન બહુ દુ:ખી છે. પૂંજીવાદની નૌકા ક્યારે ડૂબશે અને ક્યારે એ લોકોને સજા થશે તેની જ વાટ એ લોકો જોઈ રહ્યા છે.

ગયાસુદ્દીન આ બધી વાત બરૂઆને કહી રહ્યો હતો. એ સાંભળીને બરૂઆએ કહ્યું, 'લાગે છે કે સરકારો રચાય; એમાં જ બધું આવી જતું નથી. મજૂરોમાં ખુદમાં તાકાત હોવી જોઈએ. જો આજે યૂનિયન રચાઈ ગયું હોત...'

'હા, તારી વાત સાવ સાચી છે. મેં પણ માલસિંઘને એ જ કહ્યું, તાબડતોડ યૂનિયન રચવું જ પડશે.'

એટલામાં ડૉક્ટર બહાર આવ્યા. તેમના ચહેરા પર હાસ્ય હતું. પણ બરૂઆ તેમને કંઈ જ પૂછી ન શક્યો. તેમણે જાતે જ કહ્યું, 'હજી સુધી તો બધું બરાબર છે, અને હવે પછી પણ બધું સારું જ થશે, એવી આશા છે.'

ગયાસુદ્દીન ઊભો થઈ ગયો અને ઊભા ઊભા જ ચાનો ઘૂંટ ભરતાં તે બોલ્યો,

'બાળક બચી જશે ને ?'

'હા, લાગે તો છે કે બચી જશે.'

'જહાંનારા કેમ છે ?'

'આમ તો સારું છે, પણ હજી થોડા દિવસ તેને હૉસ્પિટલમાં રહેવું પડશે. તમારી પત્નીના રોગનું નિદાન હવે બરાબર થઈ ગયું છે એને ટાઇફ્રોઈડ છે. બધા જ રોગની દવા શોધાઈ છે, પણ આ રોગની દવા હજી નથી મળતી. એની તબિયત તો આમ ઠીક છે, પણ એનું હૃદય ખૂબ નબળું છે.'

ત્યાં અંદરથી જહાંનારાનો અવાજ આવ્યા 'પન્નૂ !' એટલે પન્નૂ જહાંનારાના ઓરડામાં ગઈ; પછી તરત બહાર આવી એણે ગયાસુદ્દીનને કહ્યું, 'તમને ભાભી અંદર બોલાવે છે.'

ગયાસુદ્દીન જહાંનારાવાળા ઓરડામાં ગયો. જ્યારે પન્નૂ પુન: બરૂઆ વગેરેની વાતો સાંભળતી ચૂપચાપ ત્યાં ઊભી રહી. ડૉક્ટર કહેતા હતા, 'જહાંનારાની સ્થિતિ ગંભીર છે.'

'કેમ કંઈ ખાસ જોખમ છે ?' બરૂઆએ પૂછ્યું.

'કંઈ કહેવાય નહીં.'

થોડી વાર સુધી કોઈ કંઈ જ બોલ્યું નહીં. પછી ડૉક્ટરે બીજી વાત કાઢતાં કહ્યું, 'લાગે છે કે મોટા સાહેબ હવે પોતાને વતન જતા રહેશે. કાલે મળ્યા હતા. કહેતા હતા કે હવે બ્રિટનના પતનના દિવસો નજીક આવી રહ્યા છે. ટાઉલર જેવા માણસોને લીધે જ આવી દશા થઈ છે. આ લોકો પોતાના દેશમાં કામદાર આંદોલનનું સમર્થન કરે છે, પણ પરદેશોમાં નહીં. તેમણે એમ પણ કહ્યું કે ટાઉલર અહીં રહેશે, ત્યાં સુધી તો મજૂરોને શાંતિ મળવાની નહીં. સાહેબ લોકો અને મજૂરો વચ્ચે જે ભાઈચારો હોવો જોઈએ, એ નહીં બંધાઈ શકે. તેના ખ્યાલ પ્રમાણે તો આ દેશી લોકો કૂતરાં-બિલાડાં જેવા છે. તે ખૂબ જ દુષ્ટ માણસ છે. ચેટર્જી શું કરે છે, એની જાસૂસી કરવા દિવસમાં ત્રણ વાર તે માણસ મોકલે છે. બરૂઆ, તમારા ઉપર પણ કડક નજર રાખવામાં આવે છે. બસ આપને આટલું જ હું કહી શકું. એ માણસ ફક્ત જવાહરલાલ નહેરુ અહીં આવી જાય એની જ વાટ જોઈ રહ્યો છે. પછી કશીક નવાજૂની અવશ્ય કરશે.'

'મોટા સાહેબે બીજુંય કંઈ કહ્યું કે ?' 'ના, આ અંગ્રેજ લોકો હમેશાં ઓછી વાત કરે. હા, પણ એક વાતમાં તમે લોક મોટી ભૂલ ખાઈ ગયા છો.'

'કઈ વાત ?'

'તમે પેલા ચારે મજૂરોના મૃતદેહોનાં પોસ્ટમૉર્ટમ ન કરાવ્યાં એ.'

'પોસ્ટમૉર્ટમની કશી જરૂર ખરી કે ? જે બન્યું એ એકદમ સ્પષ્ટ છે.'

'બીજું તો કંઈ નહીં, પણ એથી વળતરનો કેસ જરા લૂલો બની ગયો કહેવાય.'

'ના...ના પહેલાંનો એક દાખલો પણ છે ને ! પચ્ચીસ વર્ષ પહેલાં કુમારલિંગમ્ આ રીતે જ મરણ પામ્યો હતો. તેના કુટુંબને છેવટે વળતર મળ્યું હતું.'

ડૉક્ટર ચાલ્યા ગયા. પન્નૂ આ બધી વાતો સાંભળીને જરા જેટલીય અસ્વસ્થ ન થઈ. નાનપણથી જ તે મોટા માણસોની જીભે આવી જ બધી વાતો સાંભળતી આવી છે, ખાસ કરીને પુરુષોને મુખેથી. જો કે હજી સુધી પરિસ્થિતિ સામે કોઈ પ્રતિકાર પ્રગટ થયો નથી. બધા જ નાનાં બચ્ચાં જેવી વાતો કર્યા કરે છે અને એ એમાંય સૌથી નાનું બાળક છે આ ગયાસુદ્દીન સાહેબ ! બસ આવી જ બધી વાતોમાં તે એકદમ રમમાણ બની ગયો છે !

પન્નૂને હસવું આવી ગયું. વળી એ જહાંનારાના ઓરડાની બહાર જઈ ઊભી રહી અને ત્યાંથી પતિપત્ની વચ્ચે ચાલી રહેલી વાતો સાંભળવા લાગી.

જહાંનારા પતિને કહેતી હતી, 'હું તમને તમારી ઇચ્છિત વસ્તુ આપી શકું એવી હવે આશા નથી. ભીતરભીતર જ આ શરીર હવે મરી રહ્યું છે. હું ભારે અભાગણી છું.'

ગયાસુદ્દીન એકીટસે જહાંનારા પ્રત્યે જોઈ રહ્યો. ત્યાર પછી તેનો ફીકો, પીળો હાથ પોતાના હાથમાં લઈને બોલ્યો, 'તું સાજી સારી થઈ જ જશે, અને તું ભારે પગે છે, એટલે આપણે ત્યાં એક બાળક આવશે. પછી આપણે તેનું લાલનપાલન કરી, તેને ઉછેરશું.' ગયાસુદ્દીન વિશેષ કંઈ બોલી શક્યો નહીં. તેણે જોયું કે જહાંનારા ધ્રૂસકેધ્રૂસકે રડી રહી હતી. તેણે એની સામે જોયું, તો જાણે મૃત્યુની છાયા જહાંનારાની પાંપણ પર છવાઈ ગઈ છે. ગયાસુદ્દીન મૃત્યુને સ્વીકારી લઈ શકતો નહોતો. જહાંનારા એ વાત સમજી ગઈ. પરંતુ કોઈ ઉપાય નહોતો. મૃત્યુ

ભારે નિર્મમ હોય છે. ગયાસુદ્દીનનું ગળું સુકાવા લાગ્યું હતું. પછી તે એક પણ શબ્દ બોલી ન શક્યો.

થોડી વાર પછી જહાંનારા સ્વસ્થ થઈ ગઈ. ગયાસુદ્દીન તરફ જોઈ તે બોલી, 'જે થવાનું હશે તે થશે, હું જીવું યા મરી જાઉં ! પણ જો હું મરી જ જાઉં, તો તમારે પન્નૂની સંભાળ રાખવી પડશે.'

ગયાસુદ્દીને કશો જવાબ આપ્યો નહીં. એટલે જહાંનારા વળી બોલી, 'હું નહીં હોઉં, ત્યારે એ જ તમારી સંભાળ રાખશે. એનામાં જ તમે મને મેળવી શકશો.'

ગયાસુદ્દીન ગંભીર ભાવે બોલ્યો, 'તારે આવા આવા વિચારો ન કરવા જોઈએ. ચાલ, હવે સૂઈ જા ! તું સાજી થઈ જ જવાની છે. નાહક મોતને શા માટે બોલાવે છે ?'

24

'દાદાજાન, ઓ દાદાજાન !'

ઝેબુન્નિસાની બૂમ સાંભળી નસીરઉદ્દીન ઘર સામેના રસ્તાનો ઢોળાવ ઊતરતાં રોકાઈ ગયો. તે જવાહરલાલ નહેરુને જોવા નીકળ્યો હતો. તેણે ઉભા રહી પૂછ્યું, 'તું ક્યારે આવી ?'

'એક અઠવાડિયું થઈ ગયું.'

'એક અઠવાડિયું થઈ ગયું, અને તને આ બુઢ્ઢો એક વાર પણ યાદ ન આવ્યો ? ભારે કઠોર હૈયાની બની ગઈ તું તો !'

નસીરઉદ્દીનનું ગળું દુ:ખથી રૂંધાઈ ગયું. ઝેબુન્નિસા બોલી, 'કેવી રીતે આવું ? જહાંનારાભાભીની હવે છેલ્લી ઘડી ચાલે છે. તમે ઝટ ગયાસુદ્દીન સાહેબને ખબર કરો; હું અહમદસાહેબને ઘેર ખબર આપું.'

નસીરઉદ્દીનનું હૈયું એકદમ ભાંગી પડ્યું. તેણે ઝેબુન્નિસાના શરીર પર નજર નાંખતાં કહ્યું, 'તુંય કેટલી બધી સુકાઈ ગઈ ? શું થયું છે તને ?'

ઝેબુન્નિસાએ માથું ઢાળી દેતાં જવાબ આપ્યો, 'ડૉક્ટર કહે છે કે લીવર ખરાબ થઈ ગયું છે.'

'હેં ?'

થોડી વાર સુધી બંને કંઈ જ બોલી ન શક્યાં. એ પછી ઝેબુન્નિસાએ જ કહ્યું, 'અત્યારે ઢીલ કરવાનો વખત નથી. ત્યાં એકલી પન્નૂ જ છે, પણ એ તો રડી રડીને ગાંડી જેવી થઈ ગઈ છે. ડૉક્ટરો જહાંનારાના ઓરડામાં કોઈનેય જવા દેતા નથી. તમે જલદી જાઓ !'

'જાઉં છું, જાઉં છું. યા ખુદા, એણે મરવા માટેય કેવો દિવસ પસંદ કર્યો!'

નસીરઉદ્દીન ઝડપભેર ફીલ્ડદિશામાં કદમ માંડી રહ્યો. ઝેબુન્નિસા પણ અહમદસાહેબના ઘર તરફ ઉતાવળે ચાલવા લાગી.

ફીલ્ડ સુધી પહોંચતાં નસીરઉદ્દીનને સારો એવો સમય લાગી ગયો; કારણ કે રસ્તે માનવ મહેરામણ જ ઉમટ્યો હતો. આખું શહેર જાણે બહાર ફૂટી નીકળ્યું હતું. કોઈ જ બાકી નહીં. મોટા સાહેબથી માંડીને હરિજન સુધીનાં લોકો બહાર નીકળી પડ્યાં હતાં. સ્ત્રીઓ પણ ઘરમાં નહોતી રહી. માઇક પરથી ગીત સંભળાતું હતું. ખૂબ મોટો મંડપ બાંધવામાં આવ્યો હતો.

નસીરઉદ્દીન એક તરફથી લોકોને જોતો આગળ વધ્યો, પણ ગયાસુદ્દીન ક્યાંય નજરે પડતો નહોતો. મંડપની આસપાસના ચોગાનમાં પણ બરાબર ફરીને જોયું. તે ક્યાંય ન દેખાયો. પેલી બાજુ માઇક પરથી જાહેરાત થઈ રહી છે.

'મિત્રો ! નહેરુજી આવી પહોંચ્યા છે. ખસી જાઓ, અને તેઓને રસ્તો આપો !' ધમાલ મચી ગઈ. લોકોનું ટોળું એકદમ જમણી તરફ દોડ્યું. નસીરઉદ્દીન પણ એ તરફ જલદીજલદી ચાલવા લાગ્યો. નહેરુજી જે રસ્તેથી આવવાના હતા એ રસ્તા પર સ્વયંસેવકના પોશાકમાં સજ્જ થયેલાં યુવકયુવતીઓ સૂત્રો પોકારતાં હતાં, 'નહેરુજીની જય !' સ્વયંસેવકની સામી બાજુએ કેટલાંક લોકો હાથમાં હારતોરા લઈને ઊભાં હતાં. થોડે જ દૂર મોટા સાહેબ તથા તેમની મેમસાહેબા પણ દેખાતાં હતાં. મિસિસ ફ્લેમિંગના હાથમાં કેમેરા હતો. તેમનાથી જરા છેટે માલાસિંધ ઊભો હતો, અને માલાસિંધની પાસે ઊભો હતો ગયાસુદ્દીન ! પાસે જ બરૂઆ, ચેટર્જી, ચંડી તથા ઇસ્માઇલ પણ ઊભા હતા. નહેરુજી મોટરમાંથી ઊતર્યા. જનતાના ગગનભેગી હર્ષનાદો વચ્ચે કશું જ સંભળાતું નહોતું. વિરાટ જનમેદની. તસુભાર જગ્યા નીકળવા માટે ખાલી દેખાતી નહોતી.

રસ્તો કરતોકરતો નસીરઉદ્દીન ગયાસુદ્દીનની પાસે પહોંચ્યો અને તેની પીઠ પર હાથ મૂકતાં બૂમ પાડી,

'ગયાસુદ્દીન સાહેબ !'

'કોણ ? કેમ શી વાત છે, નસીરઉદ્દીન ?'

'તમે ઝટ હૉસ્પિટલ પહોંચો ! જહાંનારાની હાલત ગંભીર છે.'

ગયાસુદ્દીનનો ચહેરો એકદમ પીળો પડી ગયો. તત્કાળ બંને ભીડમાંથી બહાર નીકળી સડક તરફ ચાલવા લાગ્યા. આસપાસ શું ચાલે છે એનુંય હવે એ લોકોને ભાન નહોતું. કશાક અજ્ઞાત ભયે ગયાસુદ્દીનને માથે-મોંએ પસીનો વળી ગયો. નસીરઉદ્દીન એની પાછળપાછળ ચાલતો હતો. થોડી જ વારમાં એ લોક સડક પર આવી ગયા. પછી ગયાસુદ્દીન એકલો પૂર ઝડપે હૉસ્પિટલ તરફ આગળ વધ્યો. તેના મનમાંથી હવે બીજી બધી વાત નીકળી ગઈ હતી. કેવળ જહાંનારાએ જ એનું મન ઘેરી લીધું હતું. એકાએક નયનમણિ અને સાથીઓનું ગીત માઇક ઉપર ગુંજી રહ્યું. એનો કંઠ ખૂબ મીઠો લાગતો હતો. ગીતના શબ્દો સંભળાયા :

"સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા,
હમ બુલબુલેં હૈં ઈસકી યહ ગુલિસ્તાં હમારા !
ગુરબત મેં હો અગર હમ રહતા હૈ દિલ વતનમેં
સમજો વહીં હમેં ભી દિલ હો જહાં હમારા.
પર્વત વહ સબસે ઊંચા હમસાયા આસમાંકા
વહ સંતરી હમારા, વહ પાસબાં હમારા.
ગોદી મેં ખેલતી હૈ ઉસકી હજારોં નદિયાં
ગુલશન હૈ જિસકે દમ સે રશકે જહાં હમારા.
એ આબે રુદે ગંગા વહ દિન હૈ યાદ તુજકો,
ઉતરા તેરે કિનારે જબ કારવાં હમારા.
મજહબ નહીં સિખાતા આપસમેં બૈર રખના
હિંદી હૈં, હમ વતન હૈ હિન્દોસ્તાં હમારા."

ગીતનો ધ્વનિ ધીરેધીરે ક્ષીણ થતો ગયો સાથેસાથે જ ગયાસુદ્દીનનું હૈયું વધુ ને વધુ ધડકી રહ્યું. જહાંનારાને એકાએક આ શું થઈ ગયું ? હવે ગીત પૂરું થઈ ગયુ હતું અને માલાસિંઘ માનપત્ર વાંચી રહ્યો હતો. માનપત્ર પછી નહેરુજીનો પરિચય-વિધિ થશે. ગયાસુદ્દીનને આખોય કાર્યક્રમ બરાબર યાદ હતો. અંતે નહેરુજીનું ભાષણ શરૂ થયું... અને પછી કંઈ પણ સંભળાતું નહોતું.

નસીરઉદ્દીન બોલ્યો, 'યા - ખુદા, કેવા મહત્ત્વના દિવસે આ તે કેવું બની ગયું ? નહેરુજીનાં દર્શન કરવાની ખૂબ તાલાવેલી હતી. દિવસોથી તેઓનું નામ લેતો આવ્યો છું અને એ માણસનો ચહેરોય કેવો રાજા જેવો ?'

ગયાસુદ્દીને કહ્યું, 'ફક્ત ચહેરો જોવાથી શું વળે ? તેનું વક્તવ્ય સાંભળવું જોઈતું હતું. મારે તો તેઓને કેટલીય વાતો પૂછવાની પણ હતી. પણ જહાંનારાને થયું શું ? તમને કંઈ ખબર છે ?'

દૂરથી તાળીઓના ગડગડાટ એકધારા સંભળાતા હતા. જાણે તાળીઓ બંધ જ નહોતી થતી. વળી તાળીઓય સંભળાતી ધીમે ધીમે બંધ થઈ ગઈ. એ સાથે જ ગયાસુદ્દીનના હૈયાની વેદના વધી ગઈ. તેણે પૂછ્યું,

'તમને કોણે ખબર આપી ?'

'ઝેબુન્નિસાએ.'

'તો તો હાલત ગંભીર જ હશે.'

ગયાસુદ્દીનની દૃષ્ટિ સમક્ષ અંધકાર છવાઈ ગયો. પગ કઈ બાજુ આગળ વધતા હતા એનુંય ભાન નહોતું. ઝેબુન્નિસા કેટલાય દિવસથી આ જોખમની વાત કરતી હતી. પણ તેના માનવામાં નહોતું આવતું. પણ ન માનવાથી શું ? જોખમ હતું જ. કેટલીય વખત જહાંનારાએ તેને પોતાની પાસે રહેવા વીનવ્યો હતો, પણ એનાથી એ બની શક્યું નહીં. કેવી રીતે બને ? તેને નહેરુ આવવાનો નાદ લાગ્યો હતો અને યૂનિયન રચવાનો નાદ વળી કેટલાય દિવસથી

લાગી જ ચૂક્યો હતો. આખર ઘડીએ તેને કહેશેય શું ને સાંભળશેય શું ? આજે આખા શહેરમાં કામકાજ બંધ. જાણે સાર્વત્રિક હડતાલ જ પડી ગઈ હતી. એક માત્ર હૉસ્પિટલ બંધ નહોતી.

હૉસ્પિટલમાં પ્રવેશતાં જ ફિનાઈલ અને આયોડિનની બદબૂ તેના નાકમાં ભરાઈ ગઈ.

જહાંનારાના ઓરડાની સામે પન્નૂ ધ્રૂસકેધ્રૂસકે રડી રહી હતી. એનું શરીર જાણે અચેતન થઈ ગયું હતું. કપડાં-શણગાર કશાનુંય એને ભાન નહોતું. બાજુનો બરૂઆની પત્નીવાળો ઓરડો ખાલી હતો. મા પોતાના બાળક સાથે ઘેર ચાલી ગઈ હતી. એ પછીનો ચેટર્જીવાળો ઓરડો પણ ખાલી હતો. તે પણ ચાલ્યો ગયો હતો.

ગયાસુદ્દીનના હાથપગ ધ્રૂજી રહ્યા હતા. નસીરઉદ્દીન ડરતોડરતો અંદર જોઈ રહ્યો. ઓરડામાં ઝેબુન્નિસા દર્દીને ઑક્સિજન આપી રહી હતી. ડૉક્ટર પાસે ઊભોઊભો જહાંનારાને જોઈ રહ્યો હતો. જહાંનારાના શરીર પર સુધારાનાં કોઈ ચિહ્ન નહોતાં દેખાતાં. એ બેહોશ પડી હતી. એકાદ કલાકથી તેણે આંખ જ ખોલી નહોતી. ઝેબુન્નિસાએ નાડી હાથમાં લીધી. ધબકારા એકદમ મંદ હતા.

ગયાસુદ્દીન અંદર ગયો. મોંએથી તે કશું જ બોલી શક્યો નહીં. ફક્ત ડૉક્ટર તરફ જોઈ પૂછ્યું, 'કેમ છે એને ?'

'જીવન-મરણ વચ્ચે સંગ્રામ ચાલી રહ્યો છે,' ડૉક્ટરે કહ્યું, 'એક વિનમ્ર આત્મા !'

ગયાસુદ્દીને ડરતાં ડરતાં જહાંનારાનો ક્ષીણ હાથ ધીરેથી પોતાના હાથમાં લીધો. હાથ ઠંડોગાર હતો. ગયાસુદ્દીનનું ઉષ્માપૂર્ણ હૈયું જાણે થીજી ગયું. મોંમાંથી અવાજ નહીં. આંખોમાં ભાવ નહીં, પગલામાં ગતિ નહીં, દેહમાં કશો ધબકાર નહીં. શરીર પોતાનું છે, યા જહાંનારાનું એવું પણ ભાન ગયાસુદ્દીનને રહ્યું નહીં. જાણે એક પથ્થરની મૂર્તિ બીજી સૂતેલી પથ્થરની મૂર્તિ તરફ તાકી રહી છે !

ડૉક્ટર ધીરેથી બહાર નીકળી ગયો. નસીરઉદ્દીને પન્નૂને પૂછ્યું, 'મરતાં પહેલાં જહાંનારાએ તને કંઈ કહ્યું ?'

'હા, કહ્યું ને !'

'શું કહ્યું ?'

'ગયાસુદ્દીન સાહેબની દેખભાળ કરવાનું કહ્યું.'

'કોને ?'

'એ બધી વાતો મને ન પૂછો ! ઝેબુન્નિસાને પૂછો !'

પન્નૂ રડવા લાગી. ગયાસુદ્દીન તો હજી પણ પાષાણમૂર્તિ જેવો ઓરડામાં જ સ્તબ્ધ ખડો હતો.

નસીરઉદ્દીને પછી ઝેબુન્નિસાને પૂછ્યું, 'મરતાં પહેલાં જહાંનારાએ તને કંઈ કહ્યું ?'

'હા.'

'શું ?'

'ગયાસુદ્દીન સાહેબ ફરી શાદી કરી લે, એમ કહેવડાવ્યું.'

'બીજુ કંઈ ?'

'એ પન્નૂને પૂછો !'

નસીરઉદ્દીને પછી ખૂબ નરમાશથી પન્નૂને પૂછ્યું, 'એટલે કે જહાંનારા ગયાસુદ્દીનને તારા જ હાથમાં સોંપી ગઈ એમ ? ધન્ય છે !'

પન્નૂ વળી પાછી ધ્રૂસકે ચઢી ગઈ. નસીરઉદ્દીને પન્નૂનો ચહેરો પૂરા ધ્યાનથી ચકાસ્યો. એના ઉપર એક અજબ દર્દ છવાઈ ગયું હતું. તે શાંત થઈ ગયો. ત્યાં એકાએક ડૉક્ટરે તેને ઓરડાની અંદર બોલાવ્યો. એને બેસાડીને ડૉક્ટરે ગંભીર ભાવે કહ્યું, 'જહાંનારાએ જે કાંઈ કહ્યું, એ મેં પણ સાંભળ્યું. એણે પન્નૂને ગયાસુદ્દીન સાહેબની દેખભાળ કરવાનું સોંપ્યું. એનો અર્થ સ્પષ્ટ જ છે, એ પોતાના પતિને બેહદ પ્યાર કરતી હતી. પોતાના મૃત્યુ પછી એ જ કાર્ય બીજી વ્યક્તિ કરતી રહે એવી જ તેની ઇચ્છા. કદાચ ગયાસુદ્દીન સાહેબને પણ આ વાત કરી જ હશે. પરંતુ માનવીનું હૈયું સમજવું મુશ્કેલ છે. કદાચ પન્નૂ કોઈ બીજાના આકર્ષણમાં પડી છે.'

'સાચું ? એ કોણ વળી ?'

'ચેટર્જી !'

'તો એથી જ આટલો ઘોર વિલાપ, એમ જ ને ? પરંતુ જહાંનારાનો આ નિર્ણય પછી બહુ સારો તો ન જ કહેવાય. પન્નૂનેય પોતાનું દિલ છે.'

ડૉક્ટર હસવા લાગ્યા, 'પન્નૂ એક અજબ છોકરી છે; એ પોતાના દિલની વાત પોતે જ નથી સમજતી. એણે જહાંનારાને વચન આપ્યું છે અને ચેટર્જીને પણ આશા આપી છે. હું થોડુંઘણું મનોવિજ્ઞાન સમજું છું, એટલે મારું પોતાનું આવું અનુમાન છે.'

નસીરઉદ્દીન બોલ્યો, 'જે થવાનું હશે તે જ થશે; બીજું શું થવાનું છે ?

થોડીવાર પછી અહમદ સાહેબ અને તેમનાં કુટુંબીઓ ત્યાં આવી પહોંચ્યાં. એ લોકો આવે એ પહેલાં જ જહાંનારાએ તો ચિરવિદાય લઈ લીધેલી. તેઓએ આવીને મૃતદેહને કબ્રસ્તાન લઈ જવાની વ્યવસ્થા કરી.

25

સૌના ચહેરા ઉપર આનંદ છવાઈ ગયો. જવાહરલાલ નહેરુએ મોટા સાહેબને ઘેર ચા પાણી પણ પીધાં, અને મજૂરોને યુનિયન રચવાનો અનુરોધ પણ કર્યો. એક બીજા આનંદના સમાચાર પણ આવ્યા હતા : પ્રધાને નયનમણિના બધા જ અપરાધ માફ કરી દીધા હતા. તે દિવસે લોકોને મોંએથી છોકરીનાં રૂપ તથા ગીતની એટલી બધી તારીફ પ્રધાને સાંભળી કે તેનું સઘળું અભિમાન ગળી ગયું. સભાના સ્થળે જ નયનમણિએ અનેક માણસોની ઉપસ્થિતિમાં પિતાનો ચરણસ્પર્શ લીધો, અને પિતાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. હવે એક દિવસ

દુર્ગાએ પણ પ્રધાનને ઘેર જઈ, એને ચરણસ્પર્શ કરી આવવો જોઈએ. પછી બધું જ બરાબર થઈ જશે.

યૂનિયનનું રજિસ્ટ્રેશન પણ થઈ ગયું. હવે સભ્યોની ભરતીનું કામ જોરશોરથી ચાલવા લાગ્યું. બધા નવા જ ઉત્સાહથી કામમાં લાગી ગયા હતા. કોઈ બાકી ન રહ્યું. ડોસા નસીરઉદ્દીને પણ બંગલાના નોકરચાકરને સભ્ય બનાવી દીધા. ગયાસુદ્દીન સાહેબ તો નિષ્ક્રિય રહે જ નહીં. ચાર મજૂરોને વળતર ના મળ્યું, એના રોષથી સૌની ધીરજની હદ આવી ગઈ હતી.

એ જ અરસામાં એક ઘટના બની : બરૂઆને ત્યાં પ્રથમ સંતાનનો જન્મ થયો, એટલે સૌએ મચ્છી ખવડાવવાની માગણી કરી, એથી બરૂઆ એક મોટી રોહૂ માછલી લઈ આવ્યો. તેમાંથી એક ટુકડો લઈ, સર્વપ્રથમ તે ગયાસુદ્દીન સાહેબને ઘેર આપવા ગયો.

ત્યારે ગયાસુદ્દીનને ઘેર તો મંડળી જામી હતી. નસીરઉદ્દીન કુરાન ખોલીને કંઈક પઢાવી રહ્યો હતો અને ઝેબુન્નિસા તથા ઇસ્માઇલ ધ્યાનથી સાંભળી રહ્યાં હતાં. નસીરઉદ્દીન બોલતો હતો, 'હજરત મહંમદે ફરમાવ્યું છે કે ગુલામોને મુક્ત કરો, ભૂખ્યાને અન્ન આપો, અનાથ તથા દુખિયારાં સંબંધીઓને ભોજન આપો; કારણ કે સર્વ મુસલમાન ભાઈ-ભાઈ છે. મનુષ્યનો આ જ સાચો ધર્મ છે. જ્યાં સુધી કોઈ પણ કોમ પોતાની સમાજવ્યવસ્થા ન સુધારે, ત્યાં સુધી એ જાતિની કદી ઉન્નતિ થઈ શકતી નથી. સાહેબલોકો આપણી મુશ્કેલીઓની ઉપેક્ષા કરીને, પોતાના જ ધર્મનું અપમાન કરી રહ્યા છે. ઈસુ ખ્રિસ્ત બીજાના હિતાર્થે ક્રોસ પર ચઢી ગયા, પરંતુ એના જ અનુયાયીઓ ભોગવિલાસમાં પોતાનું જીવન વ્યતીત કરીને ધર્મનું અપમાન કરી રહ્યા છે.'

બરૂઆએ કહ્યું, 'બધા જ ધર્મોના એ જ હાલ છે. ભગવાન બુદ્ધે કહ્યું છે કે યજ્ઞનો અર્થ જ એ છે કે બેકારી દૂર કરવી, સૌને રોજગારી આપવી, સૌને સુખશાંતિ અર્પવાં; પરંતુ એવો યજ્ઞ કોણ કરે છે ? ધર્મને નામે સર્વત્ર એકબીજાનું લોહી જ રેડાતું રહે છે.'

ગયાસુદ્દીન બોલ્યો, 'એટલે જ તો હું કહું છું કે ધર્મ તો એક ડગલા જેવો છે; મન થાય તો પહેરી લો; ન પહેરો તોય ચાલે. શરીર અને મન તો તેવું ને તેવું જ રહે છે.'

નસીરઉદ્દીન બોલ્યો, 'તમે કાંઈ સારું કામ તો નથી જ કરતા ગયાસુદ્દીન સાહેબ ! મુસલમાન થઈનેય નમાજ નથી પઢતા, મસીદમાં નથી જતા ! અરે, જહાંનારા પાછળ પણ કાંઈ જ ન કર્યું. મૌલવી અને અહમદસાહેબને ખૂબ જ આઘાત લાગ્યો.'

ગયાસુદ્દીન બોલ્યો, 'હિંદુ હતો, ત્યારે પણ ધર્મકર્મ કશું જ નહોતો કરતો. અને મુસલમાન બન્યો, તેય ફક્ત જહાંનારા સાથે શાદી કરવા માટે જ. હવે તો એનીય જરૂર નથી રહી.'

એકાએક ઇસ્માઇલે જરા સખ્તાઈથી પ્રશ્ન કર્યો, 'એક પ્રશ્ન પૂછું, આપને માઠું તો નહીં લાગે ને, ગયાસુદ્દીનસાહેબ ? તમે હવે પન્નૂ સાથે શાદી કરવા ઇચ્છો છો શું ?'

નસીરઉદ્દીન તથા ઝેબુન્નિસાને તો લાગ્યું કે કશુંય જાણ્યાકર્યા વગર જ, ઇસ્માઇલે કેવળ કુતૂહલવશ આવો પ્રશ્ન કર્યો છે. પરંતુ ગયાસુદ્દીને તો સ્પષ્ટ ઉત્તર આપ્યો. તે બોલ્યો,

'સાચી જ વાત છે કે જહાંનારાએ અંતકાળે આવી વિનંતી કરી હતી. એણે મને પણ કહ્યું અને પન્નૂને પણ કહ્યું છે. મેં ચંડીને વાત કરી, તો એણે જવાબ આપ્યો કે રામકૃષ્ણ

મિશનવાળા સ્વામી માધવાનંદને પૂછીને પછી તે જવાબ આપશે. મેં સ્વામીજીને પણ પૂછી લીધું. તેઓનું કહેવું છે કે ચંડી તેની દીકરીને મારી સાથે પરણાવી શકે નહીં; હા, હું પુન: હિંદુ બની જાઉં તો વળી જુદી વાત છે. હવે ફક્ત પન્નૂને પૂછવાનું બાકી છે.'

ઇસ્માઇલ બોલ્યો, 'આજે ચંડીએ પન્નૂને ઢોરમાર માર્યો; શા કારણે એ તો ખબર નથી. કદાચ એ તમારી પાસે યા ચેટર્જી પાસે આવ-જા કરે છે એ ચંડીને પસંદ નથી.'

ગયાસુદ્દીનનું મોં લાલચોળ થઈ ગયું. તે રોષભેર બોલ્યો, 'જો ઇસ્માઇલ, તું આવી વાત કરતો ફરે એ ઠીક ન કહેવાય અને ચંડી આમ મારપીટ કરે એ પણ બરાબર નહીં. આજે પન્નૂ આવશે, તો હું એને અહીં આવવાની મનાઈ કરી દઈશ. જો ચેટર્જી પન્નૂ સાથે લગ્ન કરવા માગતો હોય તો ભલે કરી લે, પરંતુ આવી ફાલતુ વાતો કરનારને આ ઘરનો ઉંબર પણ ચઢવા દેવામાં નહીં આવે.'

ઇસ્માઇલના ચહેરાનો રંગ પણ બદલાઈ ગયો.

નસીરઉદ્દીને પણ ઊંચા અવાજે કહ્યું, 'તું પહેલાં તારું ઘર તો સંભાળ ! પછી કોઈ બીજાના ચારિત્ર્યની ચર્ચા કર.'

ઇસ્માઇલને આ ઠપકો તમાચાની જેમ વાગ્યો. તે એકદમ ઊભો થઈ ગયો અને ગંભીર અવાજે બોલ્યો, 'અગર મારો કોઈ ગુનો થતો હોય, તો આપ લોકો મને માફ કરજો, પરંતુ જતાં જતાં એક વાત કહેતો જાઉં છું : મેં લછમીને કહી દીધું છે કે આવતી કાલથી ઘર છોડીને એ ચાલવા માંડે.'

ગયાસુદ્દીન બોલ્યો, 'કેમ ? એ સારું ન કહેવાય. એને સુધારવાનો પ્રયત્ન કર. સાચો પુરુષાર્થ એ કહેવાય.'

'ના, ના, મારાથી કંઈ જ નહીં બની શકે. એક રખડેલ ઓરત સાથે હું ઘર ન વસાવી શકું' એમ બોલતો ઇસ્માઇલ ચાલ્યો ગયો.

બધા સ્તબ્ધ થઈ ગયા.

બરૂઆ મચ્છી મૂકતાં બોલ્યો, 'હું જાઉં છું, ગયાસુદ્દીનસાહેબ ! પરંતુ આવી બધી વાતો મને સારી નથી લાગતી. યૂનિયનના સંગઠન વખતે જ અગર કાર્યકર્તાઓ વચ્ચે ઊંચાં મન થઈ ગયાં, તો પરિણામ સારું ન આવે. લછમી બાબતમાં હું કશું જ ન કહી શકું; પરંતુ આપ સૌની સંમતિ હોય તો ચંડી અને ચેટર્જીને હું વાત કરું અને પન્નૂની સમસ્યા ઉકેલવાની કોશિશ કરી શકું. બોલો, શું કહો છો ?'

નસીરઉદ્દીન બોલ્યો, 'ભાઈ, પન્નૂને લીધે તો આ બધી મુસીબત ઊભી થઈ છે. એ પોતે જ પોતાના મનને નથી પારખી શકતી.'

ગયાસુદ્દીને ખૂબ દુ:ખપૂર્વક કહ્યું, 'આપ લોકોને મારા તરફથી કોઈ ખાતરી જોઈતી હોય, તો હું આપી દઉં, જહાંનારા એક મડાગાંઠ મૂકી ગઈ છે એ વાત સાચી, પરંતુ હું વચન આપું છું કે હું જહાંનારાનો બોલ પાળવાનો નથી. હું પન્નૂને નથી ચાહતો. એ લગ્ન કરીને સુખી થાય, તો મને પણ આનંદ થશે.'

બરૂઆ બોલ્યો, 'તમારી વાત સાંભળીને આનંદ થયો: ચાલો, હવે હું ચાલું.' અને તે વિદાય થયો.

થોડી વાર ત્યાં શાંતિ વ્યાપી રહી. પછી ઝેબુન્નિસાએ માછલી ચીંધતા પ્રશ્ન કર્યો, 'આપ આ માછલીનું શું કરશો ?'

ગયાસુદ્દીને હસતાંહસતાં જવાબ આપ્યો, 'રાંધીશ ને ખાઈ જઈશ.'

'તમને રાંધતાંય આવડે કે ?'

ગયાસુદ્દીન બોલ્યો, 'કેમ નહીં ? એ તો સાવ સહેલું છે. અરે, આ દુનિયામાં એવું કામ કયું છે, જે ગયાસુદ્દીનને ન આવડે ! ફક્ત એક દુ:ખ જીવનમાં રહી ગયું છે. મારે એક બાળક જોઈતું હતું. જહાંનારાને સગર્ભા જોઈને મને ખૂબ આનંદ થતો. પોતાને જ હાથે એક છોકરાનું પાલનપોષણ કરીને, તેને મોટો કરવાનો મને ભારે ઉમંગ હતો, પરંતુ કશું જ ન બન્યું. જહાંનારા પોતાને ભારે ગુનેગાર સમજીને મરતાંમરતાં, પન્નૂને ઘરમાં લાવવાનો આગ્રહ કરતી ગઈ. મેં માન્યું કે પન્નૂને પરણવાથી પન્નૂરૂપે જહાંનારા મારી સાથે જીવી શકશે. એનો અપરાધ પણ દૂર થશે અને મનેય સુખ મળશે. હા, જહાંનારાને એ છોકરી માટે બેહદ પ્યાર હતો. મને ન કરવા જેવી વાત પણ તે એને કરી દેતી.'

એટલું બોલી, ગયાસુદ્દીન અંદર જઈ, માછલી ઢાંકી દઈ પાછો આવ્યો. એટલે તરત જ ઝેબુન્નિસા બોલી,

'જહાંનારાએ એક બીજી વાત પણ પન્નૂને કરેલી.'

'એ કઈ ?'

'તેણે કહેલું કે પન્નૂ, તું તારી જાતને જેટલી નથી ઓળખતી, એ કરતાં હું તને વધારે ઓળખું છું.'

ગયાસુદ્દીન ચૂપ થઈ ગયો.

ઝેબુન્નિસાએ વળી કહ્યું, 'જહાંનારાએ પન્નૂને એમ પણ કહેલું કે તું ચેટર્જી કરતાં ગયાસુદ્દીન સાહેબને વધારે પ્રેમ કરે છે.'

ગયાસુદ્દીને પૂછ્યું, 'એવી જહાંનારાને ક્યાંથી ખબર પડી ?'

ઝેબુન્નિસાએ હસીને જવાબ આપ્યો, 'ખૂબ વાતો કર્યા કરતી હતી ને ! એક દિવસ જહાંનારાએ એને ઇસ્માઇલ સાથે શાદી કરવાની સલાહ આપી, તો પન્નૂ બોલી, ઇસ્માઇલમાં પૌરુષ જ ક્યાં છે ? જહાંનારાએ પૂછ્યું કે પૌરુષ એટલે શું વળી ? ત્યારે પન્નૂ હસતાંહસતાં બોલી કે ગયાસુદ્દીનસાહેબ ! એ પુરુષે તમારી સાથે શાદી કરવા માટે પોતાનો ધર્મ છોડી દીધો. ઇસ્માઇલ એવું કેમ નથી કરી શકતો ? તે એવું નથી કરતો, માટે પન્નૂએ એની સાથે લગ્ન ન કર્યાં. રામૂની તો એણે પરવા સરખીય નથી કરી અને ચેટર્જી સાથે જે સંબંધ બાંધ્યો છે એ કેવળ દોસ્તી પૂરતો. ચેટર્જીએ પૌરુષની પરીક્ષા પાસ નથી કરવી પડવાની.'

નસીરઉદ્દીન બોલ્યો, 'જો જહાંનારાની વાત સાચી હોય, તો પન્નૂ ચેટર્જી સાથે પણ લગ્ન નહીં કરે.'

ગયાસુદ્દીન કશું બોલ્યો નહીં.

ત્યાં જ બહાર પન્નૂ આવતી દેખાઈ. એક થાળીમાં દાળભાત, શાક તથા માંસનો રસો લઈને તે ગયાસુદ્દીનના ઘરમાં પ્રવેશી.

ગયાસુદ્દીન તેને સંબોધતાં બોલ્યો, 'પન્નૂ, આજથી તું મારે ઘેર કશું લઈ આવતી નહીં, અને આવતી પણ નહીં !'

પન્નૂ આશ્ચર્યમૂઢ બની ગઈ. તેણે પૂછ્યું, 'આજે એકાએક તમને શું થઈ ગયું છે કે આવી વાતો કરો છો ?'

જવાબમાં ગયાસુદ્દીને જણાવ્યું કે, 'મારા ખાવાના કરતાં તારું ચારિત્ર્ય વિશેષ પવિત્ર વસ્તુ છે. એથી મારે કારણે તારા ચારિત્ર્ય ઉપર કલંક આવે એવું હું નથી ઇચ્છતો. હું તારું ભલું ઇચ્છું છું. તું લગ્ન કરીને સુખમાં જીવે એવા મારા આશીર્વાદ છે. જહાંનારા તારે માટે કેટલીક વસ્તુઓ સોંપી ગઈ છે, એ વખત આવ્યે હું તને સોંપી દઈશ. મારા વિશે કશી ગેરસમજ ના કરતી. તારા હિતનું એવું કોઈ કામ નહીં હોય, જે હું ન કરી શકું.'

પન્નૂ બોલી, 'આવી વાતો આજે કેમ કરવી પડી એ પૂછી શકું ?'

'કારણ અવશ્ય છે.'

'હું એ જાણું તો કશો વાંધો છે ?'

'ખરેખર તું જાણવા ઇચ્છે છે ?'

'હા.'

'તો સાંભળ કે હું તને કલંકમુક્ત કરવા ઇચ્છું છું.'

પન્નૂ ખડખડાટ હસી પડી. તે બોલી, 'આ શહેરમાં કોઈ નિષ્કલંક ન હોઈ શકે, ખાસ કરીને જવાન છોકરીઓ. પરંતુ હું તો માનતી હતી કે આ શહેરમાં કેવળ એક નીડર પુરુષ તો છે.'

ગયાસુદ્દીન બોલ્યો, 'પન્નૂ, હું કાંઈ ડરતો નથી. એથી બધું સમજી વિચારીને, હું તને નિર્ભય મને વિદાય આપવા માગું છું. હું દૂર થઈશ, તો જ તું પોતાની જાતને સાચી રીતે ઓળખી શકશે જા !'

'ખાવાનું મૂકી જાઉં, યા પાછું લઈ જાઉં ?'

'લઈ જા !'

'ફરી કદાપિ અહીં નહીં આવવા દો ?'

'હાં... હાં...'

'ખાશો શું ?'

'ભગવાને બે હાથ આપ્યા છે.'

પન્નૂ સડસડાટ ત્યાંથી ચાલી ગઈ. એની પાછળ બૂમો મારતી ઝેબુન્નિસા દોડી.

'પન્નૂ, પન્નૂ, સાંભળ તો ખરી !'

નસીરઉદ્દીન ખિન્ન મને બોલ્યો, 'આપે આ શું કર્યું ? આપ જેવી વ્યક્તિને આવી વાત નથી છાજતી. એમાં એનો કશો દોષ ખરો ?'

ગયાસુદ્દીન બોલ્યો, 'મેં એને મારા બંધનમાંથી મુક્ત કરી દીધી. હવે તે સ્વતંત્ર છે. ચાલો, જવા દો એ બધી વાતો; એ પૂરી થઈ ગઈ ! હવે બેસો, જમીને જ જજો ! મચ્છી તો ઘરમાં છે જ.'

નસીરઉદ્દીન કશું ન બોલ્યો.

આજકાલ જિલ્લાપોલીસસાહેબ બંગલા પર ખાણું લેતા જ નહીં. ક્લબમાં જ જમી લેતા. તે દિવસે તો વળી માર્ગરિટામાં પાર્ટી હતી. એથી નસીરઉદ્દીન જમવાની વાતથી સંમત થઈ ગયો. તે બોલ્યો, 'રસોઈ હું જ પકાવું. તમારા હાથની રસોઈમાં મજા નહીં આવે. તમે ત્યાં સુધી યૂનિયનની ઓફિસે જઈ આવો !'

26

કશાક કૌટુંબિક પર્વ નિમિત્તે સિંઘે પોતાને ઘેર રામલીલા ગોઠવી હતી. એમાં સીતાહરણનો પ્રસંગ ભજવાઈ રહ્યો હતો. ત્યાં એકાએક રાવણની ભૂમિકામાં ખુદ સિંઘજી જ ઊતરી આવ્યો. તેણે પ્રેક્ષકગૃહમાંથી લછમીનું અપહરણ કરવાની ચેષ્ટા કરી, અને તેય ખભે કે રથમાં નહીં; પણ મોટરમાં. પરંતુ લછમીએ ચીસ પાડી, જે સાંભળીને પ્રેક્ષકોમાંથી ગયાસુદ્દીન પોતે દોડતો આવ્યો. ગયાસુદ્દીને સિંઘને તડાતડ ચાર તમાચા ઠોકી દીધા, એટલે એક મસ્તકવાળો તે રાવણ ધરાશાયી થઈ ગયો. અને ત્યાં જ સીતાહરણના પ્રથમ દશ્યનો અંત આવ્યો.

ગયાસુદ્દીને લછમીને સાથે જઈને એને ઘેર પહોંચાડી અને ઇસ્માઇલને બધી વાત જણાવી; તો એકદમ તે ત્રાડ પાડી ઊઠ્યો,

'ચાલી જા, ચાલી જા, ચાલી જા !'

પરંતુ લછમી હાલીચાલી નહીં. એટલે ગયાસુદ્દીને કહ્યું, 'ઇસ્માઇલ, તું બેસ ! હું આજે આ વાતનો નિકાલ કરીને જ જઈશ. બેસી જા !'

એટલે ઇસ્માઇલ બેસી ગયો. કોલસાની એક સઘડી સળગી રહી હતી, એની આસપાસ ત્રણે ગોઠવાયાં. લછમીની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. એ ગયાસુદ્દીનની શક્તિ જોઈ, દિગ્મૂઢ બની ગઈ હતી.

ગયાસુદ્દીને કહ્યું, 'ઇસ્માઇલ, તું મારી સમક્ષ એને પૂછ તે એણે ખરેખર વ્યભિચાર કર્યો છે કે નહીં ?'

ઇસ્માઇલ હવે સ્વસ્થ થયો હતો. તે બોલ્યો, 'એ સિંઘજીની મોટરમાં કેમ બેસે છે, જરા એને પૂછો તો !'

'બોલ, લછમી. સાચું બોલજે, તું સિંઘની મોટરમાં કેમ જાય છે ?'

લછમી ડૂસકાં ભરવા લાગી.

'લછમી !' ગયાસુદ્દીને કહ્યું, 'બોલી દે ! હું તારા બાપ જેવો છું. સિંધની મોટરમાં કેમ બેસે છે ?'

લછમીએ આંસુ લૂછતાં જવાબ આપ્યો, 'બેસું છું એ વાત સાચી, પરંતુ મેં વ્યભિચાર ક્યારેય નથી કર્યો.'

'અમારી આગળ સાચું જ બોલે છે કે ?'

લછમીએ ગયાસુદ્દીનના બંને પગ પકડી લીધા અને બોલી, 'ભગવાનના સોગંદ, ખુદાની કસમ !'

ગયાસુદ્દીને કહ્યું. 'પગ છોડી દે ! ઊભી થઈ જા ! અને બતાવ, એની ગાડીમાં કેમ ફરે છે ?'

'પુરુષલોક ફરે એનો કંઈ વાંધો નહીં, અને ફક્ત સ્ત્રીઓ કોઈની ગાડીમાં ફરે એ ગુનો? આ તે કેવો ન્યાય, બોલો !'

'તો પછી આજે કેમ ચીસો પાડી ?'

'આજે તે જબરજસ્તી મને લઈ જવા માગતો હતો. વળી એની ગાડીમાં એક બીજો પુરુષ પણ હતો, અને તે જિલાપોસીસાહેબનો માળી.'

ગયાસુદ્દીન સ્તબ્ધ થઈ ગયો. આવા સ્ત્રીઓનો શિકાર બનવાના બનાવ પણ હવે શહેરમાં બનવા લાગ્યા ? કેવી ભયાનક ઘટના ! પારકી સ્ત્રી ઉપર આ પ્રમાણે બળાત્કાર કરનારા પુરુષો પ્રત્યેની ઘૃણાથી તે અંગેઅંગ સળગી ઊઠ્યો.

ત્યાં ઈસ્માઈલ બોલ્યો, 'હું એની વાત ઉપર તલભાર પણ ઇતબાર નથી રાખતો. આખું શહેર જાણે છે કે એ સિંધની ગાડીમાં સહેલ કરતી ફરે છે. બતાવ, એ શા માટે ?'

લછમી પુન: ગયાસુદ્દીનના પગ પકડી બોલી, 'બોલો, ગયાસુદ્દીનસાહેબ, મોટા સાહેબની મડમ ગમે તેની સાથે ફરતી ફરે છે, એની તો એ બદલ કોઈ ટીકા નથી કરતું. હું કદી સામે ચાલીને સિંધની ગાડીમાં બેસવા નથી ગઈ. અને ફક્ત બે જ વાર ગઈ છું. એક વાર જહાંનારાને મળવા ઇસ્પિતાલ જતી હતી, ત્યાં રસ્તામાં સિંધજી મળી ગયા ને બેસાડી દીધી. બીજી વાર બરૂઆને ઘેરથી એના પુત્રની ખબર જોઈને આવતી હતી, ત્યારે બેસી ગઈ. આ માણસ નકામો મારા પર વહેમ ખાઈને મને કાઢી મૂકે છે, પણ હું જાઉં શાની ?'

ઇસ્માઇલે પૂછ્યું, 'તો પછી, તારી બાબતમાં આટલી વાતો કેમ થાય છે?'

'કારણ એ જ કે પુરુષની જેમ જ હું હિંમતથી ફરું છું, એટલે પુરુષલોક ઈર્ષ્યાથી સળગી ઊઠે છે. હું બજારમાં જઈને જાતે ખરીદી કરું છું. એ દિવસે સ્મશાનમાં પણ ગઈ હતી. બધાં જુએ છે-'

ઇસ્માઇલ બોલી ઊઠ્યો, 'એવુંએવું કરવું હોય તો મારી સાથે નહીં રહી શકાય.' એકદમ ગંભીર સ્વરે ગયાસુદ્દીન બોલી ઊઠ્યો, 'કુરાનમાં શું લખ્યું છે, એ જાણે છે ઇસ્માઇલ ?'

'શું લખ્યું છે ?'

'કોઈ પણ સ્ત્રી ઉપર અકારણ વ્યભિચારનો આરોપ લગાવનાર પુરુષને એંસી ફટકા મારવા જોઈએ. જો વ્યભિચારનો સ્પષ્ટ પુરાવો હોય, તો જ સ્ત્રી ઉપર એવું આળ મૂકી શકાય, બાકી નહીં. લછમી નિર્ભય રીતે આવજા કરે છે, એમાં દોષ એનો નથી; સમાજનો દોષ છે, અર્થાત્ પુરુષોનો જ દોષ છે.'

આ વાત સાંભળતાં જ ઇસ્માઇલ આશ્ચર્યથી ગયાસુદ્દીન સામે જોઈ રહ્યો. એક બાજુ જ્યારે આખું ગામ હોય છે, ત્યારે બીજી બાજુ એકલા ગયાસુદ્દીન સાહેબ! તે બોલ્યો,

'પરંતુ જે વાત સમાજને માન્ય નથી, તે એણે શા માટે કરવી ?'

ગયાસુદ્દીન બોલ્યો, 'સમાજને ગોળી મારો ! અને ફક્ત સત્ય પર જ વિશ્વાસ રાખો. જ્યારે તને ખાતરી થાય કે એણે ખરેખર વ્યભિચાર કર્યો છે, ત્યારે તું જરૂર તલાક આપી દેજે. પરંતુ આવી કર્ણોપકર્ણ વાતો પર વિશ્વાસ ન કરતો. અચ્છા, તો હું ઊપડું, અને જતાં જતાં લછમી, તનેય એક વાત કહેતો જાઉં. તેં હવે શાદી કરી છે; અગર ક્યાંય જવાનું થાય, તો બંને સાથે કેમ નથી જતાં ?'

ગયાસુદ્દીનના ચરણ છોડી દઈ, લછમી હસતાંહસતાં બોલી, 'તો પછી બદનામી કેવી રીતે કરી શકાય ? એને બહુ જ શરમ આવે છે.'

'શરમ ... બહુ જ શરમ !'

અને ખડખડાટ હસતો ગયાસુદ્દીન વિદાય થયો.

ગયાસુદ્દીને ઘેર પહોંચતાં જ જોયું કે વરંડામાં કોઈ રડી રહ્યું છે; જાણે માથી વિખૂટા પડેલા બાળકનું રુદન હોય એવું કરુણ એ રુદન હતું.

ગયાસુદ્દીન અંદર આવતાં તો દિગ્મૂઢ જ બની ગયો; એક આરામખુરશીમાં પડ્યોપડ્યો નસીરઉદ્દીન ધ્રૂસકેધ્રૂસકે રડી રહ્યો હતો. ગયાસુદ્દીને તેને પૂછ્યું,

'શું થયું, નસીરઉદ્દીન ? મર્દ થઈને આમ રડવા બેઠા ! શું થયું એ બતાવો તો ખરા !'

નસીરઉદ્દીન આંસુ લૂછતાં બોલ્યો, 'આટલા દિવસથી સાહેબનું ખાણું રાંધું છું, પણ આજે એણે મને માર્યો અને પાછળ કૂતરોય દોડાવ્યો.'

'પરંતુ કેમ ? થયું શું !'

'કેમ ? જિલાપોસીસાહેબનો સ્વભાવ તમે નથી જાણતા શું ? તેણે મને ઝેબુન્નિસાને બોલાવી લાવવાનું કહ્યું અને હું તો હાલ્યો સુધ્ધાં નહીં. બસ એટલા જ ખાતર એણે મને ચાબૂકેચાબૂકે માર્યો અને પાછળ કૂતરો દોડાવી ઘરમાંથી હાંકી કાઢ્યો. ઘડપણમાં આવું અપમાન થયું.'

ગયાસુદ્દીન ગાજી ઊઠ્યો, 'અને ત્યારે તેં શું કર્યું બડે મિયાં ? છલાંગ મારીને એનું ગળું કેમ ના ઘોંટી દીધું ? આજે જ મેં સિંઘના ગાલ પર એવી થપ્પડ મારી કે ચક્કર ખાઈને એ ભોંય પર જઈ પડ્યો ...' ગુસ્સો ચઢી આવતાં જ ગયાસુદ્દીન તુંતાં કરવા લાગતો.

'સિંઘજીને કેમ મારવો પડ્યો ?'

'બસ એ જ વાત ! સિંઘ અને જિલાપોસીનો માળી લછમીને ઉપાડી જવા માગતા હતા. લછમીની ચીસ સાંભળીને, હું રામલીલા છોડી એની મદદે દોડ્યો.'

નસીરઉદ્દીન બોલ્યો, 'સિંઘજી પર હાથ ઉપાડવાવાળો આ શહેરમાં એક જ મર્દ નીકળ્યો? પરંતુ શા માટે ?' તેણે પૂછ્યું, 'લછમી ક્યાં કોઈ સારી છોકરી છે ?'

'કોણે કહ્યું કે એ સારી છોકરી નથી ? એ ખૂબ નીડર છોકરી છે. ચાલીમાં જન્મી છે, એટલે સંસ્કારો પાળવાનું શીખી નથી. ગોદડીમાં સાચું હીર છુપાઈ જાય છે. આ ઇસ્માઇલ એકદમ કાયર માણસ; રામચંદ્રની જેમ બીજાની વાતો સાંભળીને સીતાનો ત્યાગ કરવા તૈયાર થઈ ગયો. હું એને સમજાવીને જ હમણાં આવી રહ્યો છું.'

નસીરઉદ્દીને કહ્યું, 'બહુ સરસ કામ કર્યું.'

'હવે તમે શું કરવાના ?'

'મેં સાહેબનો બંગલો છોડી દીધો છે. હવે ઝેબુન્નિસા પાસે ચાલ્યો જઈશ. બાકીની જિંદગી એની સાથે ગુજારીશ અને યૂનિયનનું કામ કરીશ.'

'અને આ અપમાન ગળી જશો ? ના, એ ના બને. હું એક ચિઠ્ઠી લખી આપું છું. એ માલાસિંઘને આપજો. મોટા સાહેબનેય જણાવવું પડશે. શહેરમાં હવે આવી ઘટના બનતી અટકાવવી પડશે. ચામડી ગોરી હોય એથી શું થઈ ગયું, મન પણ સાફ રાખવું પડશે.'

નસીરઉદ્દીને પૂછ્યું, 'યૂનિયન લખશે ?'

'હા.'

બીજે જ દિવસે યૂનિયનનો પત્ર મોટા સાહેબને પહોંચી ગયો. મોટાસાહેબ નવા આવ્યા હતા હિગિંસ સાહેબ. ફ્લેમિંગ બદલાઈ ગયો હતો. જો કે મિસિસ ફ્લેમિંગ હજી અહીં જ રોકાઈ હતી. અહીં થોડા વધુ દિવસ રોકાવાની એણે કંપનીની ખાસ મંજૂરી મેળવી હતી. એ આદિવાસીઓ વિશે એક પુસ્તક લખી રહી હતી. પુસ્તક પુરું થતાં જ એ ચાલી જવાની હતી. ફ્લેમિંગ જતાંજતાં પોતાની શ્રીમતીને એક ગાડી આપી ગયો હતો. દુર્ગા હવે મેમસાહેબાનો ડ્રાઇવર નિમાયો હતો. મેમસાહેબાએ નયનમણિને પણ અંગ્રેજી શીખવી દીધું હતું; એટલું જ નહીં, એને શાસ્ત્રીય સંગીત શીખવા માટે લખનૌ મોકલવાની વાત પણ મેમસાહેબાએ કરી હતી અને એકાદ મહિનામાં એ જવાની પણ હતી.

શહેરના મજૂરોને યૂનિયનનો નશો ચઢ્યો હતો. મુખ્ય રસ્તા નજીક જ યૂનિયનની ઓફિસ ખોલી હતી. ત્યાં દિવસે તો લોકો રહેતા જ, પછી રાત્રે પણ રહેવા લાગ્યા.

નસીરઉદ્દીનના પ્રકરણ બાબત યૂનિયને લખેલા પત્રનો મોટા સાહેબે સ્વીકાર કરી લીધો હતો; અને માલાસિંઘને બોલાવીને જિલાપોસીસાહેબના વર્તન બદલ દિલગીરી પણ વ્યક્ત કરી હતી. નસીરઉદ્દીનને પાછા કામ પર ચઢી જવાનો હુકમ પણ આપ્યો હતો.

પણ નસીરઉદ્દીને તો જવાબ આપી દીધો કે, 'હવે હું સાહેબલોકની ગુલામી નહીં કરું. જે ચાર દિવસ જિંદગીના બાકી છે, એ પૌત્રી સાથે રહીને વિતાવી દઈશ. બૅંકમાં થોડા રૂપિયા પણ પડ્યા છે.'

મિસિસ ફ્લેમિંગે પણ તેને પોતાના બંગલે રસોઈ કરવા બોલાવ્યો, પણ તે ગયો નહીં. મિસિસ ફ્લેમિંગે નયનમણિને પણ પોતાના બંગલાના કંપાઉંડમાં રહેવાની સગવડ કરી આપી છે. એ મેમસાહેબા પાસેથી સાહેબલોકનો નાસ્તો બનાવતાં શીખી ગઈ છે. ગયાસુદ્દીન સાહેબે પણ નસીરઉદ્દીનને પોતાને ઘેર રસોઈ કરવા બોલાવ્યો હતો, પરંતુ તે ત્યાં પણ ન ગયો. હવે તે ઝેબુન્નિસાને એકલી મૂકીને બીજે રહી શકે તેમ નહોતો. એ રોજેરોજ દૂબળી પડતી જતી હતી. પહેલાં જેવી ચમક હવે તેનામાં રહી નહોતી. આ સંજોગોમાં એની સાથે રહેવું એ જ યોગ્ય હતું.

નસીરઉદ્દીન રોજ યૂનિયનની ઑફિસે જતો. ત્યાં કામ કરતો અને કામ ન હોય ત્યારે બેઠોબેઠો વાતચીત કરતો. એના આવ્યા પછી યૂનિયનની સભ્યસંખ્યા વધવા લાગી. ખાસ કરીને નીચલા દરજ્જાના લોકો વધુ સંખ્યામાં સભ્ય બનવા લાગ્યા.

એક દિવસ ઝેબુન્નિસાએ નસીરઉદ્દીનને કહ્યું, 'દાદાજાન, આજે નયનમણિ ઇસ્પિતાલમાં આવી હતી. જાણો છો, શું બન્યું તે ?'

'ના, શું થયું ?'

'જિલાપોલીસસાહેબ એક દિવસ મિસિસ ફ્લેમિંગ પાસે જ પહોંચી ગયો, પરંતુ મિસિસ ફ્લેમિંગે તો તેને લગ્ન કરી લેવાની સલાહ આપી પાછો કાઢ્યો. મોટા સાહેબે પણ તેને એવી જ સલાહ આપી. નયનમણિ આ બધી વાત કરતાં ખૂબ હસતી હતી.'

'ના કેમ હસે ? પરંતુ એ બુઢ્ઢો હવે ક્યાં શાદી કરવાનો ? આમ જ વ્યભિચાર કરીકરીને મરવાનો. લડાઈ ફાટી નીકળવાની રાહ જોઈ રહ્યો છે. લડાઈ થશે, તો તે રજા પર ઊતરશે.'

ઝેબુન્નિસાએ ખિન્ન મને કહ્યું, 'કેટલાક માણસો એકદમ પશુ જેવા જ હોય છે.'

'કેટલાક શું, બધા જ એવા. કોઈ કોઈ વળી જાતે કોશિશ કરી સારા માણસ બને છે ખરા. આ શહેરમાં તો એક જ એવો આદમી જોયો અને તે ગયાસુદ્દીન સાહેબ. આ શહેરમાં મેં આટલી લાંબી જિંદગી વિતાવી છે; શહેરનાં નાડનક્ષત્ર બધાં બરાબર જાણું છું. એક દિવસ રામકૃષ્ણ મિશનના સ્વામીજી, આપણા મૌલવી અને પાદરીસાહેબ વચ્ચે એક બેઠક જામી હતી. બહુ દિવસ પહેલાંની વાત છે. મૌલવીએ કહ્યું, જ્યારથી જમીન ખોદીને ધરતીમાતાને દુઃખ આપીને તેલ કાઢવા માંડ્યું, ત્યારથી ધર્મ પરવારી ગયો છે. યંત્રોની સાથે અલ્લાનો મેળ નથી ખાતો; યંત્રોની સાથેસાથે શયતાન ઘૂસી આવ્યો છે, નહિતર આટઆટલો વ્યભિચાર તે થાય ? પાદરી બોલ્યો, શયતાન તો હમેશાં હાજર જ હોય છે. એને ચોટલીથી પકડી કાબૂમાં રાખવો એ જ તો ખરું કામ છે, એ જ ધર્મ. યંત્રો આવ્યાં જ છે, તો રહેવાનાં જ; એને કોણ ખતમ કરી શકવાનું હતું ? સ્વામીજી બોલ્યા, મનુષ્ય જન્મ પ્રાપ્ત કરવાથી જ એને ઈશ્વરપ્રાપ્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે. યંત્ર સાથે એનો કશો સંબંધ નથી. પોતાનું ચારિત્ર્ય સુધારવા મનુષ્યને ધર્મની આવશ્યકતા રહે છે, પરંતુ ખરો ધર્મ જ માનવતા છે ..... તું પહેલાં જેનું કામ કરતી હતી એ પશુઓનું કામ હતું; હવે જે કરે છે તે મનુષ્યોનું કામ છે.'

ઝેબુન્નિસા બોલી, 'ઠીક છે.' પરંતુ એટલું બોલતાં, તેના ચહેરા ઉપર કશીક વ્યથા પ્રગટી આવી.

નસીરઉદ્દીને તેના ચહેરાને ધ્યાનથી જોયો, જાણે કોઈ વેદના એને કોરીકોરીને ખાઈ રહી હતી. એણે ખૂબ પ્યારથી ઝેબુન્નિસાને પૂછ્યું, 'તારું શરીર રોજબરોજ બગડતું જાય છે. સંભાળ કેમ નથી રાખતી ?'

'નહીં રે, સાજીનરવી તો છું.'

નસીરઉદ્દીન હસવા લાગ્યો, 'મારી નજરથી કશું જ છુપાવી નથી શકાતું, દીકરી ! હું સમજું છું કે તું હજી સુધી ઇસ્માઇલને ભૂલી નથી શકી. એને વિશે વિચાર્યા કરવામાં હવે કશો ફાયદો નથી. સંસારની બધી જ છોકરીઓ સંસાર વસાવવા માટે જ પેદા થઈ છે શું ? તું જોજે, એક દિવસ તારો પતિ સામે ચાલીને જ તારી પાસે આવશે.'

'નથી જોઈતો. મેં તો ફક્ત તેને જ પ્યાર કર્યો હતો. જો એને ન મેળવી શકી, તો હવે બીજા કોઈની જરૂર નથી.'

'આવા અહંકાર-અભિમાન રાખીને શા માટે જિંદગી બરબાદ કરવી ?'

'તો શું, તમે મને ફરી વ્યભિચારિણી બનવાની સલાહ આપો છો ? એક વાર જેને મેં દિલ આપ્યું છે, એને જ પ્યાર કરતી મરીશ. હવે બીજા કોઈને આ દિલ ન આપી શકું.'

'આ તો એક સ્ત્રીનું વ્રત છે. આખું શહેર જાણે છે કે તું એક વ્યભિચારિણીનું સંતાન છે, પરંતુ હવે એ લોક સમજશે કે મારી બચ્ચી તો સીતા-સાવિત્રી જેવી પવિત્ર સતી હતી.' બોલતાંબોલતાં નસીરઉદ્દીનની આંખો ભરાઈ આવી. એ પોતાના અંતરનું દર્દ છુપાવી ન શક્યો. ઝેબુન્નિસાની આંખમાંય આંસુ આવી ગયાં. આ ડોસો જ એક એવો માણસ છે, જે પોતાની પ્રતિજ્ઞા સમજી શકે છે. પોતે આ વ્રતનું પાલન કરીને માનું કલંક ધોઈ નાખવા ચાહે છે. આ વાત તેણે કોઈનેય નથી કહી. પરંતુ આ ડોસો તો એના સતીત્વના રક્ષણ પ્રસંગે એક માત્ર સાથી હતો.

27

ચેટરજી માકર્સના ભારેમાં ભારે ગ્રંથો પણ સમજી શકતો હતો, પરંતુ હજી સુધી એક યુવતીનું હૃદય સમજી શક્યો નહોતો.

પન્નૂએ એકાએક ચેટર્જી પાસે ભણવાનું બંધ કરી દીધું અને નર્સની તાલીમ લેવા માટે ઇસ્પિતાલમાં આવવા-જવાનું શરૂ કરી દીધું. એ પછી પણ ચેટર્જી અનેક વાર પન્નૂને મળ્યો હતો. પહેલાંની જેમ જ વાતચીત પણ કરી હતી. સ્ત્રી વિશે વાતચીત કરવાનો પ્રસંગ પણ આવ્યો હતો. તેમ છતાંય પોતાના સાનુકૂળ પ્રત્યાઘાત વ્યક્ત કરીને તે પન્નૂની નજીક જઈ શક્યો નહોતો. જાણે કે તેઓ બેની વચ્ચે કોઈ દીવાલ ઊભી થઈ ગઈ હતી.

પન્નૂ પાસે હતી, છતાં હજી તો ખૂબ દૂર જ હતી.

એક દિવસ પન્નૂના ઘર પાસે ઝાડ નીચે પડી રહેતો પેલો પતિયો મરણ પામ્યો. એ એક જ આદમી ત્યાં એવો હતો; જેનો સાહેબ યા મજૂર સૌ એકસરખો તિરસ્કાર કરતા હતા. તેની અંતિમવિધિ કરવા કેટલાક માણસો ભેગા થયા. એ ટોળામાં ચેટર્જી પણ હતો. એ લોકોએ વાલ્મીકિ કોલોનીમાં ખબર આપ્યા, પરંતુ ત્યાંથી કશો જ જવાબ મળ્યો નહીં. યૂનિયન ઑફિસે ખબર કરવામાં આવી, પરંતુ ત્યાંથી પણ કોઈએ કશો ઉત્તર આપ્યો નહીં. રક્તપિત્તના દર્દીને હાથ લગાવવા કોઈ તૈયાર થતું નહોતું. ચંડી પણ ત્યાં હાજર હતો, પરંતુ એય લાચાર હતો. ઇસ્માઇલ હતો તે પણ ખંચકાટ અનુભવી રહ્યો હતો. છેવટ કંપનીની મુખ્ય ઑફિસે જાણ કરવામાં આવી; ત્યાંથી પણ કોઈ આવ્યું નહીં. એહમદસાહેબે સંદેશો મોકલ્યો કે પેટ્રોલ છાંટીને બાળી મૂકો. પરંતુ એટલું કરવાય કોઈ આગળ ન આવ્યું. પતરોગનો કેટલો ડર !

પન્નૂ અકળાઈ ગઈ. એણે ચિડાઈને કહ્યું, 'ગયાસુદ્દીનસાહેબને ખબર કરો ! એ જ એક માણસ છે, જે કંઈ કરી શકશે. બાકીના બધા તો સાવ ડરપોક છે.'

આ ઉદ્‌ગારથી સૌને એક આઘાત લાગી ગયો. ચેટર્જીને પન્નૂના આ વેણથી ખાસ આશ્ચર્ય થયું. એનો અર્થ એ જ કે પોતે જે કાંઈ સાંભળ્યું હતું એ સાચું હતું; પન્નૂ ગયાસુદ્દીનસાહેબને સાચા હૃદયથી પ્રેમ કરે છે. તેઓની વચ્ચે જે દીવાલ છે, એ ઈંટચૂનાની નહીં, હાડમાંસના બનેલા એક આદમીની છે. ચેટર્જીના અંતરમાં અંધકાર છવાઈ ગયો.

ખબર કરવાની જરૂર જ ન પડી; ગયાસુદ્દીનને ક્યાંકથી સમાચાર મળ્યા એટલે એ જાતે જ આવી પહોંચ્યો. મૂઢ જેવા ઊભેલા લોકોને સંબોધતાં તે બોલ્યો, 'ઇસ્માઇલ નનામી બનાવવા લાગ !'

ચંડી પાસે વાંસ તો હતા જ. અર્ધા કલાકમાં ઠાઠડી તૈયાર થઈ ગઈ. ગયાસુદ્દીને ઇસ્માઇલને ખભો આપવાનું કહ્યું, પણ તે ખંચકાટ અનુભવી રહ્યો.

હસીને ગયાસુદ્દીને કહ્યું, 'તો જા, નસીરુદ્દીનને બોલાવી લાવ. અમે બંને મળી આને બાળી આવીશું.'

નસીરુદ્દીનને આવતાં આવતાં બીજો અર્ધો કલાક વીતી ગયો. બપોરનો તાપ વરસી રહ્યો હતો. નસીરુદ્દીન આવી પહોંચતાં જ ગયાસુદ્દીને તેને કહ્યું, 'આ અનાથને અવલમંજલ પહોંચાડવાની જવાબદારી તમારા ઉપર આવી પડી છે.'

નસીરુદ્દીને હસીને જવાબ દીધો, 'અચ્છા, ચાલો !'

બંને જણા ખભે નનામી ઉપાડીને સ્મશાનની દિશામાં ચાલવા લાગ્યા. એમની પાછળ એક ટોળું ચાલવા માંડ્યું.

વાત પ્રસરતાં, શહેરમાંથી પણ કેટલાક માણસો આવી પહોંચ્યા. ટોળું મોટું થતું ગયું. ગયાસુદ્દીન તથા નસીરુદ્દીન બંને શબને ઉપાડીને આગળઆગળ ચાલતા હતા; પાછળ લોકોની કતાર ચાલતી હતી.

એકલો ચેટર્જી ત્યાંનો ત્યાં જ ઊભો રહ્યો. તે પોતાને ઘેર પણ ન ગયો. સ્મશાનયાત્રાની સાથેસાથે જાણે તેના મનમાંથી ભાવિ જીવનસાથી પણ દૂરની દૂર જઈ રહી હતી. પન્નૂએ આશ્ચર્યથી પૂછ્યું,

'તમે ના ગયા ?'

'જે જવા જેવા હતા એ ચાલ્યા ગયા. એ જાય એ જ પૂરતું છે.'

આ ઉદ્‌ગારમાં સ્પષ્ટ અભિમાન હતું. પન્નૂ હસતાંહસતાં બોલી, 'બધા જ માણસો કાંઈ એકસરખા સાહસિક નથી હોતા. અને સાંભળ્યું છે કે તમે તો ત્રાસવાદી બન્યા હતા. ત્રાસવાદીઓ જિંદગીની આટલી બધી ચિંતા નથી કરતા.'

ચેટર્જી બોલ્યો, 'મને લાગે છે કે મારી સાહસિકતાની પરીક્ષા થઈ ચૂકી છે. તું જેવો પુરુષ ચાહે છે એવો તો હું નથી થઈ શકતો; તેમ છતાં હું ય એક પુરુષ છું.'

પન્નૂએ મજાકના સૂરે જવાબ આપ્યો, 'શા માટે નહીં ? પરંતુ પૌરુષ બતાવવાનો સમય હજી પાક્યો નથી કે શું ?'

'નથી પાક્યો. ફક્ત સ્ત્રીઓ સમક્ષ જ બતાવવું જોઈએ એવું થોડું છે ? સામ્રાજયવાદ સામે પણ બતાવી શકાય છે.'

'સામ્રાજયવાદ !' પન્નૂએ મુગ્ધ ભાવે પૂછ્યું, 'એ વળી કઈ ચીજ છે ? સાહેબલોક છે એ ?'

'ના, એ તો એક એવો દુશ્મન છે, જે સમસ્ત રાષ્ટ્રને ખાઈ રહ્યો છે.' ચેટર્જીના પ્રત્યુત્તરમાં ગુસ્સાની છાંટ હતી.

એટલે પન્નૂએ પૂછ્યું, 'પણ ગુસ્સો શા સારું કરો છો ? મને તો તમારે માટે માન છે.'

'પણ પ્રેમ તો નથી ને ?'

પન્નૂએ કોઈ જવાબ ન આપ્યો. થોડી વાર યથાવત્ ઊભી રહી, પછી બોલી,

'એ પ્રશ્નનો જવાબ આપવો મુશ્કેલ છે.'

એના જવાબનો શો અર્થ થતો હતો એ ચેટર્જીની સમજમાં ન આવ્યું. છોકરીઓને આમ અસ્પષ્ટ વાતો કરવાની કેમ મજા આવતી હશે ! નહીં ... નહીં ... પોતે ગયાસુદ્દીન સાથે પ્રેમમાં હરીફાઈ કરવા જવાનો નથી; પોતે મનમાં ને મનમાં જ પન્નૂને પ્રેમ કરતો રહેશે. વધુ કાંઈ બોલ્યા વિના જ તે પોતાના ક્વાર્ટર તરફ ચાલવા માંડ્યો. પન્નૂ ચબૂતરા પર જ ઊભી રહી ગઈ.

બીજી બાજુ સ્મશાનમાં, ચિતા ભડભડ બળી રહી હતી. નસીરઉદ્દીને સિગરેટ સળગાવી અને એક ખૂણામાં બેસતાં કહ્યું, 'બેસો, બધા બેસી જાઓ ! હું આ પતિયાની કથની તમને સંભળાવું. દરેક મજૂરે આ કહાણી સાંભળવા જેવી છે.'

યૂનિયનના બધા જ કાર્યકર્તાઓ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. એમને પણ નસીરઉદ્દીને કહ્યું કે, 'આવો બેસો, સાંભળો !'

બધા આવીને બેસી ગયા. ઇસ્માઇલ, ચંડી, માલાસિંઘ, પ્રધાન બધા જ આવીને ત્યાં બેઠા. બધા આવી ગયા એટલે ગયાસુદ્દીન પણ ચિતા પાસેથી ત્યાં આવી પહોંચ્યો. ગયાસુદ્દીન આવતાં જ હસીને બોલ્યો, 'આ પતિયાએ આપણી વચ્ચેનો ભેદભાવ મિટાવી દીધો છે. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી કોઈ પણ આજે અલગ નથી રહ્યું. હવે એની કહાણી સાંભળો !'

'કહાણી નથી, આ તો સત્ય ઘટના છે.' નસીરઉદ્દીન બોલ્યો.

ચંડીએ પણ કહ્યું, 'સાચી વાત છે, મને પણ આ માણસની થોડીઘણી વાત યાદ છે.'

પછી નસીરઉદ્દીને એ ભિખારીની જીવનકથા શરૂ કરી.

'એનું નામ રામચંદ્ર હતું. એક કાળે તે દેખાવડો અલ્લડ નવજવાન હતો. ઉંમર ત્યારે એની ઇસ્માઇલથી પણ ઓછી. તે રિફાઇનરીમાં કામ કરતો હતો. તેનો બાપ વાલ્મીકિ જાતનો હતો, તે ઝાડુ વાળવાનું કામ કરતો. ગાવા-વગાડવામાં આ છોકરાનો મુકાબલો કરે એવો શહેરમાં કોઈ જવાન નહોતો. એનો ચહેરો જોતાં એવું લાગતું હતું કે જાણે કોઈ સાહેબનો છોકરો. સાહેબે ભૂલથી તેને બોઇલરના કોક સાફ કરવાનું કામ સોંપ્યું હતું. ત્યારે બટલરસાહેબ કરીને લેબર સુપરિન્ટેન્ડન્ટ હતા. એ ટાઉલર કરતાં બિલકુલ ઊલટી પ્રકૃતિનો માણસ હતો. જરા ક્રોધી ખરો પણ દયાળુ. ભયંકર ગરમીમાં કોક કાઢવાનું કામ કરવું પડતું હતું. તે કામ કરતો રહ્યો.

'એક દિવસ ભયંકર ઘટના બની. ખરેખર શું બન્યું એ તો ખબર નથી, પરંતુ બોઇલરની ભઠ્ઠીને એનું શરીર લાગી ગયું ને એના કપડાં સળગી ઊઠ્યાં. તે ત્યાંનો ત્યાં જ લથડી પડ્યો. પછી લોકોએ એને સ્ટ્રેચરમાં નાખી ઇસ્પિતાલ પહોંચાડ્યો. દિબ્રૂગઢથી ડાક્તર આવ્યો, દવાદારૂ કર્યાં, પણ કશો જ ફાયદો ના થયો. એના સારાય શરીર ઉપર ધોળાંધોળાં ચકામાં પડી ગયાં. શરીર વાંકું વળી ગયું અને ચાલ ખોડંગાવા લાગી. તે કોઈ કામ કરી શકે એવી તેની હાલત ન રહી. એ જમાનામાં વળતરનો તો વિચાર સરખોય કોઈને નહોતો આવતો. એટલે બિચારો ભિખારી બની ગયો. એ હાલતમાં એ ઘણો વખત વાલ્મીકિ કોલોનીમાં રહ્યો. લાકડી લઈને ચાલતો ને ગીતો ગાતો ફરતો એ છોકરો હજીય યાદ આવે છે. ધીમેધીમે ભીખ માગવા સ્ટેશન તરફ જવા લાગ્યો. એના કંઠમાં અજબ મીઠાશ હતી. આપણી નયનમણિ જેવો જ એનો કંઠ મીઠો તથા કરુણ અને કોમળ હતો. ફિલમોનાં બધાં ગીતો એને મોઢે. ક્યારેક સાયગલનું તો ક્યારેક પંકજ મલ્લિકનું ગીત ગાયા કરતો. પ્રવાસીઓ ખુશ થઈને એને રૂપિયો-અડધો આપી દેતા. રાત્રે સ્ટેશન પર જ પડ્યો રહેતો. પણ ત્યાં કેટલા દિવસ કાઢે ? ભિખારીલોકને પણ એકની એક જગ્યાએ રહેવાનો કંટાળો આવે.

'પછીથી તે આ પીપળાના ઝાડ નીચે પડી રહેવા લાગ્યો. શરૂઆતમાં તેને કોઈએ એક ઝૂંપડીય બાંધી આપી હતી. એમાંય એ રહેવા જતો. પરંતુ એક દિવસ કોઈ સાહેબની નજર એ ઝૂંપડી પર પડી અને તરત હુકમ થયો કે એને તોડી પાડો ! સાહેબને ઝૂંપડીવાળાનું દુઃખ શી રીતે સમજાય ? ત્યાર પછી એ આ જગ્યાએ જ પડી રહ્યો, આ પીપળાના ઝાડની નીચે. પરંતુ વરસાદમાં ભારે તકલીફ પડતી, એટલે રાત્રે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર સૂવા જતો. ત્યાં પણ લોકોનો ભય તો ખરો જ પછી શું કરે બિચારો ? વરસાદનાં પાણી લૂછ્યા વિના એમ જ શરીર

પર સુકાઈ જતાં. પરંતુ માણસ ઘણો ખડતલ; ભૂખ, ઉજાગરો, તાપટાઢ, વરસાદ કશું જ એને મારી ન શક્યું. પાછળથી તો હરવાફરવાની પણ શક્તિ ન રહી, બોલાતું પણ નહીં. મુખમાંથી કેવળ વેદનાનો અવાજ નીકળતો. એ જ અવાજ આપ સૌએ તો સાંભળ્યો છે. જ્યારે પણ એવો અવાજ આવતો સંભળાય, તો ખ્યાલ આવે કે આ છે મજૂરનું જીવન, વેદના અને ફક્ત વેદના જ.'

આ કરુણ કથની સાંભળીને સૌનાં હૈયાં ભરાઈ આવ્યાં. ચંડીએ પૂછ્યું, 'તો શું એને રક્તપિત્તનો રોગ નહોતો ?'

'ના, દાક્તરે પણ જણાવ્યું જ હતું તે આ રક્તપિત્ત નથી. બંગલે જે મહેતર કામ કરતો હતો, તે પણ કહેતો હતો કે છોકરાને રક્તપિત્તનો રોગ નથી. એના ચહેરા પર તો સાહેબલોક જેવી ચમક તથા તાજગી હતી. એ બિચારો કહેતો કે ભગવાનની લીલા કળવી મુશ્કેલ છે. મારું પૂર્વ જન્મનું કોઈ પાપ હશે ....'

ગયાસુદ્દીન બોલ્યો, 'એ બધી ખોટી વાત, પાપબાપ જેવું કંઈ છે જ નહીં. અપમાન, ઉપેક્ષા તથા અવિચારીપણાને કારણે તે મર્યો. એ માણસ બીજાના અવિચારીપણાનો ભોગ બની ગયો.'

કોઈએ એની વાતનો પ્રતિકાર ન કર્યો. બધા જ ગયાસુદ્દીન તથા નસીરઉદ્દીન પ્રતિ આભારની લાગણી અનુભવી રહ્યા હતા. આ લોકો ન હોત તો આજે મરણ પછીય આ માણસને આગ મૂકવાય કોઈ ન આવત.

એ દિવસે ચેટર્જીના વ્યવહારમાં એક અદ્ભુત ફેરફાર આવેલો દેખાયો :

કામ ઉપરથી તે સીધો યૂનિયનની ઓફિસે ગયો. ત્યાંથી હોટલમાં જવાને બદલે, સીધો ઘેર આવી ગયો. અંતરની આશા એકાએક જલીને ખાક થઈ ગઈ હતી. મનને કાબૂમાં રાખવા તેણે વાંચવાનો નિર્ણય કર્યો, અને રવીન્દ્રનાથનું એક પુસ્તક લીધું, પરંતુ વાંચવામાં મન લાગ્યું જ નહીં. થોડી થોડી વારે મનમાં પન્નૂની છબિ પ્રગટ થયા કરતી હતી. પોતાના મનના સિંહાસન ઉપર પન્નૂને પ્રતિષ્ઠિત કરવાથી, કાંઈ પન્નૂ મળી થોડી જવાની છે ?

એવાએવા વિચાર કરવામાં જ સમય વહી ગયો. ત્યાં અણસાર આવ્યો કે કોઈ બારણાં ખટખટાવી રહ્યું છે. ઊઠીને બારણું ખોલ્યું ને બહાર જોયું; પરંતુ કોઈ દેખાયું નહીં. મનમાં ભ્રમ તો નહીં થયો હોય ? પન્નૂ અગાઉની જેમ જ ભણવા માટે આવશે એવા ખ્યાલથી ભ્રમ થયો હશે, એમ તેને લાગ્યું.

પૌરુષ એટલે શું ? સ્ત્રી પુરુષોમાં કયો ગુણ હોય એમ ઇચ્છે છે ? પન્નૂએ પોતાના પૌરુષની સરખામણી ગયાસુદ્દીનની સાથે શા માટે કરી ? આ તો અન્યાય કહેવાય. હા, ગયાસુદ્દીન જેવો બહાર છે તેવો જ અંદરથી પણ છે એ વાતમાં શંકા નહીં. એથી જ એ વધુ આકર્ષક બની રહે છે. પરંતુ એની જવાની તો હવે ઓસરી રહી છે; જ્યારે પોતે તો હજી જવાન છે. ચેટર્જીના જીવનમાં આજે પ્રથમ વાર પ્રેમજ્વર પ્રવેશ્યો હતો. પોતાના સમગ્ર અસ્તિત્વથી તે પન્નૂનું આકર્ષણ અનુભવી રહ્યો હતો. હવે તો પોતે પન્નૂનો હાથ ગ્રહવાય તૈયાર હતો. પરંતુ એ બધી વાતોનો

હવે શો અર્થ હતો ? પન્નૂ શું ચાહે છે તે એણે કદીય હૈયું ખોલીને બતાવ્યું નથી. પન્નૂએ તો એને એવું કહેલું કે એ તેને પ્યાર કરે છે કે નહીં એની એને પોતાને જ ખબર નથી. ગત પ્રસંગોએ એણે જે જે વાતો કરેલી, એ બધીનો મતલબ શો થાય ? એ પ્રેમ હતો કે બીજું કાંઈ ? ચેટર્જીને ખાતરી હતી કે એ બધી પ્રેમની જ નિશાની કહેવાય. તો પછી એણે પોતાની પાસે ભણવા આવવાનું કેમ બંધ કરી દીધું ? શું એને એમ સમજાયું હશે કે એનું જે આકર્ષણ છે તે પ્રેમ નથી. પરંતુ એવો વિચાર તેને આવે જ કેવી રીતે ? કઈ બાબતમાં શંકા થઈ ?

ચેટર્જી બહાર ચબૂતરા પર આંટા મારવા લાગ્યો. પન્નૂના ઓરડામાં હજી દીવો સળગતો હતો. ચંડી હજી પાછો ઘેર આવ્યો નહોતો. આમ તે આંટા મારતો રહ્યો. તેણે વિચાર્યું કે ચંડી પાછો રખડતો થઈ ગયો છે. રાત્રે ક્યારે ઘેર પાછો ફરે છે રામ જાણે ! ક્યારેક દારૂના પીઠામાં તો ક્યારેક રામકૃષ્ણ આશ્રમ પહોંચી જાય છે. ચંડીએ તેને કહ્યું હતું કે કાં તો શરાબ, કાં તો ધર્મ - બેમાંથી એક વગર એકલા જીવન જીવવું મુશ્કેલ છે.

પહેલી વાર જયારે ચેટર્જીએ આવી વાત સાંભળી ત્યારે તો તેને નફરત આવી હતી. પરંતુ હવે તેની સમજમાં આવ્યું હતું કે આવા ગમગીન ઉદ્‌ગાર પાછળ કયો અર્થ રહેલો છે. આમાં બીજો કોઈ વિચાર નથી, સિવાય કે સ્ત્રીસંગના સુખનો અભાવ દૂર કરવો. શરાબ દેહને ઉત્તેજિત કરીને પણ એક પ્રકારની શાંતિ અર્પે છે; જયારે ધર્મ મનને રહસ્યમય એવા પરમાત્મા તરફ ખેંચી જાય છે. મનને તેના કુદરતી ખેંચાણમાંથી અકુદરતી ઉપાયો વડે કાબૂમાં રાખવું એ જ મદ્યપાન યા ધર્મપાલનનો હેતુ છે. ચેટર્જીએ પોતે વાંચવાનો વિચાર પણ એ હેતુથી જ કર્યો હતો ને ! તે પ્રકૃતિના ખેંચાણને ભૂલવા માગતો હતો, પરંતુ એમાં સફળ ન થયો. પન્નૂની અશરીરી મૂર્તિ એના મનમાં બરાબર પ્રવેશી જતી હતી. અસલી પન્નૂ સાથે એ કલ્પના-પન્નૂનો કોઈ મેળ નહોતો. આય એક પ્રકારની મૂર્તિપૂજા જ હતી ને?

એને લાગ્યું કે જો પોતે પન્નૂને પોતાના મનની બધી જ વાત કહી દે, તો કદાચ તે પોતાનો પ્રેમ સમજી શકે. એમ છતાંય જો એને પોતાના પ્રત્યે કશું આકર્ષણ ન થાય, તો પછી જુદી વાત છે. તો પછી પોતે સમજી લેવાનું કે પન્નૂએ તેના તરફ તેના જેવું જ આકર્ષણ નથી અનુભવ્યું. આ આકર્ષણ એકતરફી છે. પરંતુ આ સત્ય શું પહેલેથી જ પ્રગટ નથી થઈ ગયું ? નથી થઈ રહ્યું ?

એકાએક દરવાજો ખોલીને પન્નૂ આંગણામાં આવી. એના ઘરના લૅંપના પ્રકાશથી ચેટર્જીનો આખોય દેહ જાણે કે જાહેર થઈ ગયો; એને થયું, જાણે પોતાની ચોરી પકડાઈ ગઈ !

પન્નૂએ પૂછ્યું, 'આજે જમવા નથી ગયા, માસ્ટરબાબુ ?'

અરે આ તે કેવું સંબોધન ! પોતે માસ્ટરબાબુ ક્યારનો થઈ ગયો ? ચેટર્જીના મનનો ઉત્સાહ ઠંડો થઈ ગયો. આ સંબોધન તો માનસિક અંતર વધવાનો સંકેત લેખાય. તેણે જવાબ આપ્યો, 'ના.'

'કેમ ?'

'ભૂખ નથી લાગી.'

પન્નૂ હસીને બોલી, 'તંદુરસ્ત માણસને ભૂખ ના લાગે એ તે કંઈ વાત છે ? શિષ્યા ઉપર ગુસ્સે થઈને તો અપવાસ નથી કર્યો ને માસ્ટરબાબુ ?'

આ પ્રશ્નનો કોઈ જવાબ ચેટર્જીએ ન આપ્યો. પરંતુ એનું મૌન જ પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર બની રહ્યું.

'તો શિષ્યાએ સજા ભોગવવી પડશે. આવો, મારે જ ઘેર આજે ખાઈ લો, માસ્ટરબાબુ !'

ચેટર્જી બોલ્યો, 'એવી કશી જરૂર નથી.'

'મને ક્ષમા નથી કરી શકતા ?' પન્નૂએ ટકોર કરી, 'આવા મહાન ત્રાસવાદી છો, અને જરાક જેટલોય ક્ષમાનો ગુણ નથી ?'

ચેટર્જી બોલ્યો, 'તું શા સારું આટલી ચિંતા કરે છે, પન્નૂ ? જેને પ્રેમ નથી કરતી એની ચિંતા કરવાનીય જરૂર નથી.'

પન્નૂ હસવા લાગી, 'મને એવો પ્રેમ કરો છો કે ખાવા માટે બોલાવવાનીય મનાઈ કરી રહ્યા છો, માસ્ટરબાબુ ? હું ખાવાનું મૂકી જઈશ. હિંમત હોય તો ફેંકી દેજો !'

કેવી વાત ! પન્નૂની વાત જ બધી અજબ હોય છે. પન્નૂના પડકારનો ચેટર્જી કશો જ જવાબ આપી શક્યો નહીં; તેણે શિષ્યા દ્વારા પરાજય જ સ્વીકારી લેવો પડ્યો. પન્નૂ ઓરડામાં ખાવાનું મૂકી ગઈ એટલે તે ચૂપચાપ ખાવા લાગ્યો.

જમતાંજમતાં ચેટર્જીને પન્નૂના જ વિચાર આવ્યા કરતા હતા. આ સહાનુભૂતિ તથા સારસંભાળનો શો અર્થ કરવો ? પન્નૂ જ્યારે વાસણ લેવા પાછી આવે, ત્યારે એને આ જ પ્રશ્ન પૂછવો, એવો નિર્ણય કરી તેણે મનને તૈયાર કરી લીધું. તે વારંવાર દરવાજા તરફ નજર કર્યા કરતો રહ્યો, એક કલાક સુધી દરવાજો ખુલ્લો રાખ્યો. ખાવાનું તો ક્યારનુંય પતી ગયું હતું. ત્યાં એકાએક ચંડીની ગર્જના સંભળાઈ. શરાબમાં ચકચૂર થઈને આવેલો તે પન્નૂને મારપીટ કરી રહ્યો હતો. પન્નૂ ચીસો પાડતી રડતી હતી.

'કેમ એમ ?' એ વિચારતાં ચેટર્જીનું હૈયું કંપી ઊઠ્યું. મને ખાવાનું આપી ગઈ એ કારણ તો નહીં હોય ? તે નીકળી પડ્યો. બહાર અંધારું ઘોર હતું; ફક્ત ચંડીના ઘરમાં દીવો જલી રહ્યો હતો. પન્નૂની ચીસો સિવાય ચંડીના ઘરમાંથીય બીજો કોઈ અવાજ આવતો નહોતો. દરવાજો બંધ હતો. ચેટર્જીએ દરવાજો ખટખટાવતાં બૂમ મારી, 'દરવાજા ખોલો !'

ચંડીએ દરવાજો ઊઘાડ્યો. તેને પગથી માથા સુધી નીરખી લેતાં ચેટર્જીએ કહ્યું, 'શરાબ પીને દીકરીને મારે છે ! એટલો બધો હલકટ થઈ ગયો ?'

ચંડીએ ટાણો મારતાં જવાબ આપ્યો, 'પારકી અનાથ છોકરીને ચોરીછૂપીથી પ્રેમ કરે છે એ હલકટતા નથી કે ? હિંમત હોય તો મારી દીકરીની માગણી કેમ નથી કરતો ? બરૂઆએ મને વાત કરી, પરંતુ તેં જાતે તો એક વાર પણ મને કશું કહ્યું નથી. મારી ગેરહાજરીમાં આવવું-જવું, ખાવુંપીવું ને ગોષ્ઠિ ચાલી રહ્યાં છે; ફક્ત મને જ ખબર નહીં, વાહ !'

ચેટર્જીએ શો જવાબ આપવો તે એને સમજાયું નહીં. સત્યનો અસ્વીકાર કરવાથી હવે કશો ફાયદો નહોતો. તે બોલ્યો, 'અહીં ચોરીછૂપીનો તો કોઈ પ્રશ્ન જ નથી. અગર પન્નૂ સંમત હોય તો હું લગ્ન કરવા તૈયાર જ છું. અને અહીં આવન-જાવનવાળી વાતમાં તો તારી ગેરસમજ જ છે. પન્નૂ થોડા દિવસ મારી પાસે ભણવા માટે આવી હતી, આજે ખાવાનું આપવા આવી એમાં તો કશું ખોટું નથી. હું ભૂખ્યો છું એમ જાણીને એને દુઃખ થયું અને એ ખાવાનું આપવા આવી. મીનુબાઈના જીવતાં પણ આવું તો બન્યા કરતું. પોતાના સંતાન પર આવો અવિશ્વાસ કરવો એ યોગ્ય નહીં, હોં ચંડી !'

પન્નૂનું રુદન બંધ થઈ ગયું હતું. તે બોલી, 'મારા લગ્નની ચિંતા કરવાનો અધિકાર હું કોઈનેય નથી આપતી, માસ્ટરબાબુ ! એ અધિકાર ફક્ત મારો જ છે, કેવળ મારો એકલીનો.'

ચંડીએ ક્રોધભરી નજરે પન્નૂ તરફ જોયું. ચેટર્જી સમજતો હતો કે આમ ક્રોધ દર્શાવવો કે માર મારવો બધું જ વ્યર્થ હતું. પન્નૂ એકદમ બધાંની નજર સામે જ ચેટર્જીના ઘરમાંથી વાસણ લઈ આવવા ચાલી.

ચંડી ટાઢો પડતાં બોલ્યો, 'મને ગલત ના સમજશો ચેટર્જીબાબુ; છોકરીના દિમાગ ઉપર જહાંનારા સવાર થયેલી છે.'

જવાબમાં ચેટર્જી બોલ્યો, 'ના, હું એવું નથી માનતો. સ્ત્રીનું મન સમજવું ઘણું જ મુશ્કેલ છે. આપણે પુરુષો એને નથી સમજી શકતા.'

28

આજકાલ શહેરમાં ચળવળના સમાચારનો અભાવ નહોતો. પરંતુ સૌથી તાજી ખબર એ હતી કે યૂનિયને ટાઉલરસાહેબ સમક્ષ અઠ્ઠાવીસ મુદ્દાવાળી માગણીઓ રજૂ કરી દીધી છે. આ માગણીઓમાં હતી : ઓછામાં ઓછો વેતનનો દર, વેતનનો ગ્રેડ નક્કી કરવો, તહેવાર પ્રસંગે ચાલુ પગારે રજા, વેતનવધારો, નિપુણતા માટે બોનસ, નોકરીની સમયમર્યાદા, ગ્રેજ્યુઈટી, માંદગીની રજા, તબીબી સારવારની સગવડ, શાળા, રહેઠાણ, અકસ્માતમાં વળતર, કેન્ટીનની વ્યવસ્થા, સલામતીની જોગવાઈ વગેરે. કેટલીક માગણીઓ અગાઉ પ્રસંગોપાત ટાઉલરસાહેબ પાસે રજૂ થઈ ચૂકેલી હતી. હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ બધા જ ધર્મના મજૂરોના મનમાં નવી આશા પ્રગટી હતી.

બધા જ ધર્મોના ધર્મગુરુઓ પણ યુનિયનની ઓફિસમાં આવીને આશીર્વાદ આપી ગયા. મૌલવીઓએ જણાવ્યું કે આ સાચી જેહાદ છે; અલ્લાનો રાહ છે. સ્વામીએ કહ્યું કે યુનિયન રચવુ એ ઈશ્વરસેવા જ છે. બૌદ્ધ મઠવાળાએ જણાવ્યું કે આ જ સાચી સેવા છે.

લોકોની હિંમત જોઈને ટાઉલરસાહેબનું હૃદય કંપી ઊઠ્યું. મજૂરો સંગઠિત થઈને, આ રીતે પોતાની કાયદેસરની માગણીઓ રજૂ કરશે, એવી તો એને કલ્પના સુધ્ધાં નહોતી. નજર સામે જ અસંભવિત સંભવિત બની ગયું હતું. આ બનાવને તેણે પરસ્પર ઘર્ષણના રૂપમાં જોયો.

આમ અસંભવિત સંભવિત બનેલું જોઈને, ટાઉલરસાહેબની ચિંતાનો પાર ના રહ્યો. ફ્લેમિંગે અને હિગિન્સ જે કહેતા હતા તે સાચું જ પડવાનું હતું શું ? છટણી કરવામાં આવેલા પચાસ મજૂરોને પાછા કામ પર લેવાની માગણીનો ફ્લેમિંગે સ્વીકાર કર્યો, ત્યારથી જ ટાઉલરસાહેબના મનમાં આશંકા ઘેરાવા લાગી હતી. પરંતુ તેણે એમ માની લીધેલું કે મજૂરોના દિલનો આ નવોનવો ઉત્સાહ ઝાઝો ટકશે નહિ. પરંતુ મજૂરો આવા સંઘનું સંગઠન કરી શકશે એવો તો એને વિચાર સુધ્ધાં નહોતો આવ્યો. હવે મજૂરો પર સત્તા ચલાવવી, એમની પાસેથી કામ લેવું, શિસ્ત જાળવી રાખવી એ બધું મુશ્કેલ બની ગયું. સંઘની માગણીઓની યાદી જોઈને ટાઉલર ભારે ચિંતામાં પડી ગયો.

હિગિન્સ સાથે આ માગણીઓ બાબતમાં ચર્ચા કરતાં, તેણે કહ્યું, ' જુઓ, કઈ કઈ માગણીઓ સ્વીકારી શકાય તેમ છે ; અને એ સ્વીકારવાથી ખર્ચ કેટલો થશે ?'

આ સૂચન પછી ત્રણ દિવસ સુધી ટાઉલર હિસાબના આંકડા ગોઠવતો રહ્યો. જો બધી જ માગણીઓ મંજૂર કરવી હોય તો કંપનીને અમુક લાખ રૂપિયા કાઢવા પડે. એ ક્યાંથી કાઢવા ?

ટાઉલરે વિચાર્યું કે ઓછામાં ઓછી સગવડો આપી શકાય, પરંતુ જો બધી જ સગવડો એકી સાથે આપી દેવામાં આવે, તો તો કંપનીને માથે ખર્ચનો બોજ વધી જાય અને નફાનો ગાળો ઘણો ઘટી જાય. આ જ વાત તેણે હિગિન્સને પણ કરી. હિગિન્સે હસીને કહ્યું, ' આ બધી જ સગવડો આપવા કંપની તૈયાર થાય તેમ છે, માટે મજૂર યુનિયનને તત્કાળ આપણે ના પાડી દઈએ એ ઉચિત નહિ કહેવાય ; સંઘ સાથે મંત્રણા કરવી યોગ્ય ગણાશે.'

ટાઉલરે યુનિયનના પ્રતિનિધિઓને બોલાવીને તેમની સાથે વાટાઘાટો કરી, પરંતુ એનું કંઈ પરિણામ ન આવ્યું. માલાસિંઘે સ્પષ્ટ જણાવી દીધું કે કંપની પાસે નાણાંની કોઈ ખોટ નથી ; માટે માગણીઓ તો પૂરી કરવી જ પડશે. ટાઉલરે દલીલ કરી કે ' અમને એક પછી એક એમ તમારી માગણીઓ પૂરી કરવાની તક આપો.' પરંતુ યુનિયનના હોદ્દેદારોએ કહી દીધું, એ નહીં બને.

ટાઉલરે આવા વલણને શિસ્તભંગનો દાખલો ગણી કહ્યું. ' આપ લોકો અશિસ્તનું વાતાવરણ ન સર્જો તો સારું. બહારની રાજકારણી અસરમાં ન આવતા કંપની શું આપી શકે તેમ છે એ બાબતમાં પણ વિચાર તો કરવો જોઈને ?'

પરંતુ મજૂર નેતાઓ કંપનીની અશક્તિની વાત સાંભળવા જ તૈયાર નહોતા. કંપનીને સરકારે લોન પણ આપી છે. વર્ષે દહાડે એક રૂપિયાનો તો નફો થાય છે ઉપરાંત રિઝર્વ ફંડમાં જંગી રકમ જમા પડી છે. એથી મજૂરોની માગણી સ્વીકારી લેવી એ જ કંપની માટે બધી રીતે સુસંગત બની રહેશે.

ટાઉલરે હસીને કહ્યું, 'મને લાગે છે કે આપ લોકો મજૂરોને ઉશ્કેરીને તમાશો કરવા માંગો છો. આવી બધી માગણીઓ સ્વીકારી લેવી એ કંપની માટે શક્ય નહીં બને.'

હિગિન્સને કાને જયારે આ વાત આવી ત્યારે એ ખૂબ પરેશાન થઈ ગયો. એણે ટાઉલરને કશી સૂચના અલબત્ત ન આપી. પરંતુ મજૂરોને ટાઉલરના જવાબની જાણ થતાં જ એ લોકોમાં અસંતોષ તથા ક્રોધની જવાળા ભભૂકી ઊઠી.

મજૂરનેતાઓ એ વાત સ્વીકારવા તૈયાર જ નહોતા કે કંપની કશું આપી શકે તેમ નહોતી. કંપનીને કશી ખોટ હોય એ વાત જ તેઓ સમજી શકતા નહોતા.

પરંતુ ટાઉલર શાંત બેઠો નહીં. તેણે નોટિસ બોર્ડ ઉપર મજૂરો માટે એક કડક નોટિસ મૂકી દીધી. એ નોટિસ એવી મતલબની હતી કે કંપની મજૂર યુનિયનને સ્વીકૃતિ આપી શકતી નહોતી; કારણ કે યુનિયનનો ઇરાદો મજૂરોની સાચી માગણીઓ રજૂ કરી, કંપની સાથે વાટાઘાટો કરવાનો હતો જ નહીં; પરંતુ કેવળ કાલ્પનિક અને ન સ્વીકારી શકાય તેવી માગણીઓ મૂકીને કંપની ઉપર દાબદબાણ લાવવાનો જ એ લોકનો ખરો ઇરાદો હતો. એથી મજૂરોએ સદા સાવચેત રહેવું જોઈએ; જેથી એ લોકો કોઈ અશિસ્તભર્યું વર્તન ન કરી બેસે.

હિગિન્સને આ નોટિસ બાબતમાં ખબર તો પડી ગઈ, પરંતુ પહેલી નજરે તેને એમાં કોઈ વાંધાજનક વાત નહીં જણાઈ. વળી અંગ્રેજોનો તો એ સ્વભાવ જ છે કે વિભાગીય અધિકારીના કામમાં તેને પૂર્ણ સ્વતંત્રતા આપવી.

યુનિયનના કાર્યકરો ઉપર ટાઉલરસાહેબ પહેલાં કરતાંય હવે વધુ કડક નજર રાખવા લાગ્યો.

એક દિવસ ચેટર્જી, ઇસ્માઇલ તથા ચંડીને રિફાઇનરી ઉપર કામે પહોંચતાં લગભગ એક કલાક જેટલું મોડું થઈ ગયું, ત્રણેના રહેઠાણોની પોલીસે ઝડતી લીધી હતી. રિફાઇનરી પહોંચતાં જ ખુદ ટાઉલરસાહેબે ત્રણેને બોલાવ્યા અને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું, 'ત્રણેના કામમાં અક્ષમ્ય ગફલત થઈ છે, માટે દરેકનો એક એક દિવસનો પગાર કાપી લેવામાં આવશે.'

ચેટર્જી દલીલ કરવાની તૈયારી કરતો હતો, પરંતુ ટાઉલરસાહેબે કહી દીધું, 'કોઈ પણ પ્રકારનો વાંધો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આપ લોક જઈ શકો છો.'

ત્રણે જણા ઓફિસમાંથી નીકળીને રિફાઇનરી તરફ ચાલ્યા ગયા. ઇસ્માઇલનો ચહેરો ક્રોધથી લાલ થઈ ગયો. તે બોલ્યો, 'પહેલી વાર ચેતવણી આપવી જોઈએ એવો નિયમ છે, પરંતુ આજે તો સીધો પગાર જ કાપી લીધો.'

ચંડી હસતાંહસતાં બોલ્યો, 'બોરો લોકેર ભાલો બાસા ઔર સાબ લોકેર મુર્ગી પોષા બંને સરખું જ. મોટા લોકો માટે આપણું જીવન એવું જ છે, જાણે એ લોકોએ કોઈ મુરઘી પાળી હોય.'

ચેટર્જી કંઈ બોલ્યો નહીં. એને બરાબર સમજાઈ ગયું હતું કે કંપનીએ જોશભેર એના ઉપર હુમલો શરૂ કરી દીધો છે. યુનિયનના સંગઠનની કસોટીની સાચી ઘડી હવે આવી પહોંચી છે.

તે દિવસે કામ પરથી સીધા જ એ લોકો યુનિયનની ઓફિસે પહોંચી ગયા ત્યારે ત્યાં ઘણા માણસો એકઠા થઈ ગયા હતા. મંત્રી માલાસિંઘ હજી ત્યાં આવ્યો નહોતો. સાહેબે સ્ટોરના

કામે તેને બે દિવસ માટે દિબ્રૂગઢ મોકલ્યો હતો. એ બે દિવસ યુનિયનનું કામ ચલાવવાની જવાબદારી પ્રધાનને માથે આવી પડી હતી. એનું તો માથું જ ચકરાઈ ગયું હતું. એ જ દિવસે જાતજાતનાં નિમિત્ત કાઢીને સોએક મજૂરોને ચેતવણી આપવામાં આવી હતી; અને એ બધાંનો એક દિવસનો પગાર કાપી લેવામાં આવ્યો હતો. શું કરવું જોઈએ, એના વિચારમાં સહુ દિગ્મૂઢ બની ગયા હતા. મજૂરોએ તો યુનિયનની ઑફિસમાં ધમાલ મચાવી મૂકી હતી.

ચેટર્જીને જોઈને એ લોકને થોડી શાંતિ થઈ. તેઓ બોલ્યા, 'યુનિયનમાં એક સહમંત્રી પણ જોઈએ, બાકી કામ ચલાવવું મુશ્કેલ છે.'

ચેટર્જીએ કહ્યું, 'કોઈકને નીમવો તો પડશે જ. મને લાગે છે કે બરૂઆ બરાબર રહેશે.' આ પ્રસ્તાવનો સૌએ સ્વીકાર કરી લીધો. હાજર રહેલા મજૂરોએ પણ એ દરખાસ્ત વધાવી લીધી.

પ્રધાને કહ્યું, 'પરમ દિવસની મિટિંગની જાહેરાત કરું છું. માલસિંઘને આવવા દો. પરંતુ જે લોકોનો પગાર કાપી લેવામાં આવ્યો છે એ લોકની બાબતમાં શું કરવું જોઈએ ?'

ચેટર્જીએ જવાબ આપ્યો, 'યુનિયને સામૂહિક વિરોધ કરવો જોઈએ અને એ મતલબનો એક પત્ર પાઠવવો જોઈએ.'

'તો એક પત્ર લખો !'

અને ચેટર્જી તત્કાળ પત્ર લખવા બેસી ગયો.

ઑફિસના એક ખૂણામાં બોધન બેઠો હતો. તે હસીને બોલ્યો, 'કાગળપત્તર લખવાથી શો લાભ થશે, બાબુજી ? યુનિયને અત્યાર સુધી બીજું કર્યું છે પણ શું? પત્રોનો ઢગલો કરવાથી શો ફાયદો ?'

ચેટર્જીએ લખ્યા કર્યું, પરંતુ બીજા માણસોની નજર બોધન તરફ વળી. એટલી વારમાં જ યુનિયન પ્રત્યેની લોકોની શ્રદ્ધા શાથી ઊઠી ગઈ !

ચંડી બોલ્યો, 'આટલી જલદી યુનિયનમાંથી શ્રદ્ધા ખોઈ બેસવી યોગ્ય નહીં, હોં બોધન ! થોડી ધીરજ ધરવી જોઈએ.'

બોધન બોલ્યો, 'માગણીઓ મૂકી જોઈ, પણ લાભ શો થયો ? મજૂરોની હાલત તો જેવી હતી તેવી જ રહી. સાહેબલોક કશું કરવા માગતા નથી, તો નેતા લોક પણ શું કરી શકવાના હતા ? અને કરવા જેવું છે પણ શું ? સાહેબલોકો જે કરશે તે જ થવાનું, બધું જ એમની મરજી ઉપર આધાર રાખે છે.'

ઇસ્માઇલ ગુસ્સે થઈ ગયો. તે બોલ્યો, 'એમની મરજી પ્રમાણે કેવી રીતે થશે. યુનિયન શું કરે છે એ જોતા રહેજો ! કદાચ કંઈ બૂરું થશે, તો તમારા જેવા લોકોના પાપે થશે.'

બોધને મન, હૃદયથી યા સામાજિક રીતે જમાઈનો સ્વીકાર જ નહોતો કર્યો. એથી ઊલટું એણે તો દીકરીનો જ ત્યાગ કરી દીધો હતો. એટલે તે એકદમ ગુસ્સામાં આવીને બરાડ્યો, 'તારા જેવા ચરિત્રહીન નેતાઓ જ્યાં યુનિયન ચલાવતા હોય, ત્યાં થાય શું ?'

'વાત ક્યાંથી ક્યાં પહોંચી ગઈ !' .

'હું ચરિત્રહીન ?'

'હા ... હા !'

બધા જ ચૂપ થઈ ગયા. પ્રધાન પણ કશું ન બોલ્યો. હિંદુ-મુસલમાન છોકરા-છોકરી સ્વેચ્છાએ લગ્ન કરી લે એટલી ઉદારતા હજી લોકોનાં મનમાં પ્રગટી નહોતી. બધા જ કુતૂહલ તથા શંકાની નજરે ઇસ્માઇલ તરફ જોવા લાગ્યા.

એકાએક ચેટર્જીએ લખવાનું બંધ કરીને, બોધન સામે તાકતાં, તીખા અવાજે કહ્યું, 'બોધન, આવી બધી વાતો તું કઈ હિંમતના જોરે કરે છે ? એમ ના સમજતો કે બીજો કોઈ આવું નથી સંભળાવી શકતો. કોણ ચરિત્રહીન અને કોણ ચરિત્રવાન એ વિશે વિચાર કરવા માટે સમાજ બેઠો છે, તને એવું કહેવાનો કોઈ અધિકાર નથી. તું તારું જ ચરિત્ર સુધાર !'

બોધનને સમજાઈ ગયું કે આ ટકોરનો શો અર્થ હતો. ચેટર્જી એને એ વાતની યાદ દેવડાવી રહ્યો હતો કે હિંદુ-મુસ્લિમ હુલ્લડ વખતે તેણે સિંઘના ચઢાવવાથી કેવાં કામ કર્યાં હતાં ! એ વખતે તે થોડાંક માણસો ભેગાં કરીને મારામારી કરવા પહોંચી ગયો હતો. ચેટર્જીની આંખમાં એ આરોપ સ્પષ્ટ વંચાતો હતો.

પરંતુ બોધન એમ ડરી જાય એવો માણસ જ નહોતો. એ બોલ્યો, 'ચેટર્જીબાબુ, સાંભળ્યું છે કે તમે તો ત્રાસવાદી છો. એથી જ પોલીસ વારંવાર તમારા ઘરની તપાસ-ઝડતી લેતી રહે છે. અમે લોકો તો એવી મારકાપમાં નથી જોડાયા. સ્પષ્ટ વાત કરું, માગણીઓ પૂરી ન કરાવાય તો યુનિયન રચ્યાનો ફાયદો શું ? આજે જે જે મજૂરોની મજૂરી કપાઈ ગઈ છે એ શું યુનિયન અમને ભરપાઈ કરી આપશે ?'

ચેટર્જી બોલ્યો, 'આપવું, ન આપવું એ તારો ભગવાન સિંઘ અને સિંઘનો ભગવાન ટાઉલર જ જાણે. અમે યુનિયન તરફથી તો ફક્ત હક્કની વાત કરી શકીએ. અગર તું યુનિયનને વફાદાર છે તો આવી હિંમત તોડી નાખનારી વાતો કેમ કરે છે ? સિંઘજીએ કાંઈ નાણાં તો તને નથી આપ્યાં ને ?'

ચેટર્જી બધાની હાજરીમાં આવો મોંફાટ જવાબ આપી દેશે એવો તો બોધનને સ્વપ્નેય ખ્યાલ નહોતો. એને એ ખબર હતી કે આવી સાફસાફ વાત કરવાવાળો એક આદમી યુનિયનમાં છે, પરંતુ તે ગયાસુદ્દીન સાહેબ ! બોધને હવે પોતાની જાતને સંભાળી લેતાં કહ્યું, 'આવી શંકા કરવાથી શો લાભ, ચેટર્જીબાબુ ? મજૂરોને રોજી જોઈએ, જ્યારે તમે અહીં ચારિત્ર્યની વાતો કરો છો ! એ વાત કેમ નથી વિચારતા કે ચંડીએ પન્નૂને કેમ ઇસ્માઇલ સાથે ન પરણાવી ? મારી લછમીને જ એ મુસીબતમાં પડવા માટે સૌએ છોડી મૂકી.'

'લછમી પોતાની ઇચ્છાથી આવી હતી.' ચેટર્જીએ કહ્યું.

'એવું બધું કહેવું આજે સહેલું છે. શાદી કરાવતી વખતે એક વારેય બાપને પૂછ્યું સરખુંય નહીં.' બોધન બોલ્યો.

'એ તો લછમી જ બરાબર જાણે છે.' ચેટર્જીએ કટાક્ષમાં જવાબ વાળ્યો, 'બાપ બની ગયા એમાં શું થયું ? બાપે દીકરીને ઓળખવી તો જોઈએ.'

બોષન બેઠો હતો, ત્યાંથી એકદમ ઊભો થઈ ગયો અને બડબડાટ કરતો ચાલ્યો ગયો.

ચેટર્જી પુનઃ લખવા લાગી ગયો. વળી યુનિયનની ઑફિસ કામમાં લાગી ગઈ. ઇસ્માઇલ લાંબો વખત સુધી મજૂરો સમક્ષ પોતાની શાદી બાબત ચોખવટ કરતો રહ્યો. અરજી પૂરી લખાઈ ગઈ, એટલે સૌને સહી કરવા માટે બોલાવવામાં આવ્યા. સહીઓ થઈ જતાં જ, પત્ર તુરત કંપનીની વડી કચેરીને મોકલી આપવામાં આવ્યો.

રાત્રે ઘેર પાછા ફરતાં ચેટર્જી તથા ઇસ્માઇલને ખૂબ મોડું થઈ ગયું. ચંડી તો સીધો રામકૃષ્ણ આશ્રમ પહોંચી ગયો હતો. ઇસ્માઇલે પૂછ્યું, 'ચેટર્જી, અત્યારે શું તું હોટલમાં ખાવા જશે ? મારી સાથે ચાલ, જે હોય તે ખાઈ લેજે.'

'ચાલો !' ચેટર્જી બોલ્યો અને બંને ચાલતાચાલતા ઇસ્માઇલને ઘેર પહોંચ્યા.

ત્યારે લછમી બેઠીબેઠી દીવાના પ્રકાશમાં અક્ષરો ગોઠવતી કોઈ પત્રિકા વાંચવા મથી રહી હતી.

ચેટર્જીએ હસીને પૂછ્યું, 'શું વાંચે છે, લછમી ?'

લછમીએ પૂછ્યું, 'આપ લોકોના યુનિયનમાં કશી ફાટફૂટ પડી છે શું ? આ વાંચી જુઓ તો !'

ચેટર્જી પત્રિકા વાંચીને હસી પડ્યો અને બોલ્યો, 'ઇસ્માઇલ, લે આ વાંચ ! આ લખાણ અને બોષને જે કહ્યું તે એકબીજાને કેટલું બધું મળતું આવે છે?'

ઇસ્માઇલે પત્રિકા વાંચીને, લછમી સામે જોતાં કહ્યું, 'અગર યુનિયનમાં ફાટફૂટ પડી છે, તો એ તારા બાપને લીધે જ પડી છે. શક્ય હોય તો એને આગળ વધતો રોક !'

લછમીએ સસ્મિત જવાબ વાળ્યો, 'બેટી બાપને રોકી શકે ખરી કે ? વળી બાપુજીનો આવો સ્વભાવ આજ કાંઈ નવો નથી. એમને ને સિંઘજીને આદિકાળથી મેળ છે. જહન્નમમાં જાય બાપુજી, હું કશું જ ન કરી શકું !'

ચેટર્જીએ ગંભીરતાથી કહ્યું, 'એવું ના બોલ ! માણસ કયે વખતે કેવો બદલાઈ જાય છે એ કોઈ ન કહી શકે.'

ત્યાં ઇસ્માઇલ બોલ્યો, 'ભૂખ બરાબરની લાગી છે. ખાવાનું શું બનાવ્યું છે ?'

29

એ જ દિવસે શહેરમાં વળી એક બીજી ઘટના બની. ગયાસુદ્દીનના ઘરની તપાસ-ઝડતી લેવામાં આવી; અને કેવળ ઝડતીથી જ ન અટક્યું, એની પિસ્તોલ પણ પોલિસે જમ કરી લીધી. જિલ્લા પોલીસ અધિકારી રોલેટે પોતે પિસ્તોલનો પરવાનો રદ કરી દીધો. મિશ્રાએ જણાવ્યું કે કંપનીના સાહેબલોકોનો અભિપ્રાય હવે ગયાસુદ્દીન વિશે અનુકૂળ નથી રહ્યો. એનું નામ કાળી યાદીમાં આવી ગયું છે.

ગયાસુદ્દીન બાબતમાં પન્નૂ બધી જ ખબર રાખતી હતી. આ ખબર પણ તે જ લાવી હતી. ગયાસુદ્દીન ક્યાં જાય છે, શું ખાય છે એ બધી જ તપાસ પન્નૂ રાખ્યા કરતી. એને આવી બધી જાણકારી ક્યાંથી મળતી એવો પ્રશ્ન નિરર્થક છે. આ ખબર પણ ચેટર્જીને પન્નૂએ જ ઇસ્માઇલને ઘરે જઈ આપી.

ચેટર્જી પન્નૂની ફિકર સમજી શક્યો. તે હસીને બોલ્યો, 'પન્નૂ, તું ચિંતા ન કર. અમે બંને હમણાં જ ત્યાં જઈએ છીએ.'

પન્નૂએ પણ હસીને જવાબ આપ્યો, 'આપ જેવા મિત્રો આશ્વાસન આપે, પછી ચિંતા શા માટે કરું ? પરંતુ હું નથી માનતી કે ગયાસુદ્દીન સાહેબને કોઈ પણ પ્રકારના આશ્વાસનની જરૂરત હોય.'

ચેટર્જી હસતોહસતો બોલ્યો, 'કદાચ ગયાસુદ્દીનને નહીં હોય, પણ બીજાને તો છે.'

પન્નૂય હસી પડી અને બોલી, 'આટલા ઊંડાણેથી વિચારો છો, તો પછી વાંધો લેવો ઉચિત નથી. પરંતુ રાત અંધારી છે, ટોર્ચ લઈને જ જાઓ. હું ટોર્ચ લઈ આવું.'

પન્નૂ ચાલી ગઈ. પછી ઇસ્માઇલ હસીને બોલ્યો, 'પન્નૂ સાચું જ કહે છે. ગયાસુદ્દીનસાહેબ કદાચ અત્યારે બોટલ લઈને બેઠા હશે. એ આદમીને કોઈ મુશ્કેલી ગભરાવી નથી શકતી.'

ચેટર્જીએ ખિન્ન અવાજે કહ્યું, 'કાંઈ કહેવાય નહીં. માણસને ક્યારે શેનો આઘાત લાગી જાય એ કહેવું મુશ્કેલ છે.'

લછમી એક તરફ વાસણ માંજી રહી હતી. પન્નૂ ટોર્ચ લઈને આવી પહોંચી. ચેટર્જી તથા ઇસ્માઇલ ક્ષણનોય વિલંબ કર્યા વિના ગયાસુદ્દીનના ઘર તરફ ઊપડ્યા.

ચેટર્જીએ જોયું કે ગયાસુદ્દીન કબાટ ખોલીને એક પછી એક શરાબની બોટલો કાઢી રહ્યા હતા. ઝડતી પછી ઓરડાનો સામાન જેવો હતો એવો જ અસ્તવ્યસ્ત પડ્યો હતો. જમીન ઉપર જહાંનારાની એક તસવીર જાણે અપમાનિત થઈને પડી હતી. એ જોઈને એને ઉઠાવી લેતાં, ઇસ્માઇલ બોલ્યો, 'આ લોકોમાં સારાનરસાનું કશુંય ભાન નથી. જુઓને, જહાંનારાભાભીની તસવીર કેવી ફગાવી દીધી છે !'

ગયાસુદ્દીને છેલ્લી બોટલ ખાલી કર્યા બાદ ઇસ્માઇલ તરફ જોતાં કહ્યું, 'ચાલો, બહાર જ બેસીએ. આ ઓરડામાં રોકાવાનું મન નથી થતું. ચાલો, આ તસવીરને પણ ડ્રૉઇંગ રૂમમાં જ મૂકી દઈએ.'

ડ્રૉઇંગ રૂમમાં બેઠા પછી ગયાસુદ્દીન બોલ્યો, 'અંગ્રેજો પર મને જે ઊંડી શ્રદ્ધા હતી એ આજે ખતમ થઈ ગઈ. ટાઉલર આટલો નીચ બની શકે છે એવું મેં કદી કલ્પ્યું નહોતું. મેં ત્રણ વસ્તુઓ પ્રેમથી સાચવી હતી : એક તો જહાંનારાની તસવીર, બીજી પિસ્તોલ અને ત્રીજી શરાબની બોટલો. આ લોકોએ બધું જ વેરવિખેર કરી નાખ્યું. બોટલોમાં જે થોડોઘણો દારૂ બચ્યો હતો એ મેં પી નાખ્યો. હવે હું બિલકુલ બેલગામ આખલા જેવો છું, કોઈ બંધન નથી. મને ખૂબ ભૂખ લાગી છે. ચાલ ઇસ્માઇલ, ક્યાંક જઈને કશુંક ખાઈ આવીએ.'

ઇસ્માઇલે પૂછ્યું, 'ક્યાં ખાશો ?'

'સ્ટેશન તરફ જઈએ.' એમ બોલી, પછી ચેટર્જી તરફ જોતાં ઉમેર્યું 'હું યુનિયનની ઓફિસે જઈ આવ્યો. પ્રધાને મને બધી વાત કરી. બરૂઆને ઉપમંત્રી બનાવવા પડશે અને...' ગયાસુદ્દીન ઊભો થઈને ઓરડામાં આંટા મારવા લાગ્યો.

ચેટર્જીએ કહ્યું, 'પગાર કાપી લેવાયો એ બાબતમાં તો તમે સાંભળ્યું હશે.'

'સાંભળી ચૂક્યો, પરંતુ એ બધી તો નાનીનાની વાતો છે. મહારથીઓ સાથે જંગમાં ઊતરીએ, ત્યારે તીર વાગતાં દુઃખી થવાનો શો અર્થ ? હું તો કેવળ બોધનની વાતનો વિચાર કરું છું.'

ચેટર્જીએ કહ્યું, 'મને પણ બસ એ એક જ ચિંતા છે.'

ગયાસુદ્દીન ચેટર્જી સામે ટીકી રહેતા બોલ્યો, 'કામ કરતા રહેવું જોઈએ. ભય યા શંકા રાખવાથી કશો લાભ નથી.'

ઇસ્માઇલે ખિસ્સામાંથી સિગરેટો કાઢી. બંનેને એકએક આપી અને એક પોતે સળગાવી.

ઓરડો ધુમાડાથી ભરાઈ ગયો. થોડી વાર પછી ત્રણે જણા સ્ટેશનના રેસ્ટોરાંમાં ખાવા માટે ગયા. ખાવાનું એકલા ગયાસુદ્દીને જ ખાધું; ઇસ્માઇલ તથા ચેટર્જીએ ફક્ત એકએક કપ ચા પી લીધી. ખાતાંખાતાં તથા પાછા ફરતાં ત્રણે જણા વચ્ચે કશી જ વાતચીત ન થઈ. એનું કારણ તો ગયાસુદ્દીન જ હતો. પોલીસના વર્તાવથી તે ખૂબ ખિન્ન થઈ ગયો હતો. ખાસ કરીને પિસ્તોલની ખોટ તો એનાથી સહી જ નહોતી જતી. આફત મુશ્કેલીમાં એ જ એક આધાર હતો. આજે જાણે કે તે અનાથ થઈ ગયો હતો.

ગયાસુદ્દીન અને મિત્રો નેપાળી મંદિર પાસેથી નીકળતા રસ્તે પાછા ફરી રહ્યા હતા. ત્યારે સારું નગર નિદ્રાધીન થઈ ગયું હતું. એક કૂતરુંય ક્યાંય ભસતું નહોતું.

કોઈનેય કશું બોલવાનું મન નહોતું થતું.

નેપાળી મંદિર પાસે આવેલા વિશાળ વડલા નીચેથી કોઈને મોટર સ્ટાર્ટ થતી હોય એવો અવાજ આવ્યો. ઇસ્માઇલે ટોર્ચ મારી, તો એના પ્રકાશમાં સિંઘજીની મોટરનો નંબર ચમકી ઊઠ્યો.

'એ અહીં ક્યાંથી ?' ગયાસુદ્દીને સાશંક પ્રશ્ન કર્યો.

ગાડી ચાલી ગઈ. એટલે ત્રણેની શંકા ઘેરી બની.

જ્યારે ત્રણે ઝાડ પાસે પહોંચ્યા, ત્યારે ઝાડની બીજી તરફથી એક માણસ નીકળ્યો. તેણે પાસે આવીને કહ્યું, 'ગયાસુદ્દીન સાહેબ, મને કશીક બાબતની જબરી ગંધ આવે છે. સિંઘની ગાડી અહીં આવીને ઊભી રહી, એ પછી બોધન એક પોટલી લઈને નેપાળી મંદિરની અંદર ગયો. એ હજી સુધી બહાર નથી નીકળ્યો અને ગાડી તો ઊપડી ગઈ. માટે અંદર જઈને જોવું જોઈએ કે ત્યાં એ શું કરી રહ્યો છે.' એ માણસ ચંડી હતો.

આ સૂચન સાંભળતાં જ કોઈએ એમ ન કહ્યું કે અંદર શા માટે જવું જોઈએ. તેઓ જાણતા જ હતા કે જ્યાં સિંઘ અને બોધન ભેગા મળે, ત્યાં અવશ્ય કશુંક રહસ્ય હોય જ. ઓછામાં ઓછું આજે, આ સમયે તો કશુંક હોવાનું જ.

ચંડી રામકૃષ્ણ મિશનના સ્વામીજી સાથે ચર્ચા કરીને ઘેર પાછો ફરી રહ્યો હતો. રસ્તે આ દૃશ્ય જોતાં જ તે રોકાઈ ગયો હતો.

ગયાસુદ્દીન અને બધા નેપાળી મંદિરના ચોગાનમાં પ્રવેશીને એકદમ મંદિર પાસે ધસી ગયા. મંદિર એકદમ સૂમસામ હતું. ચંડી બોલ્યો, 'એ ક્યાંક સંતાઈ ગયો છે. એને શોધી કાઢવો પડશે. ઇસ્માઇલ તું પોટલી શોધી કાઢ, ક્યાંક મૂકી દીધી હશે કદાચ. તે અહીંથી ભાગી છૂટે તેમ નથી, ચારે બાજુ તો દીવાલ છે.'

ત્યાં એકાએક આંબાના ઝાડ નીચે કોઈ માણસ ગયાસુદ્દીનની નજરે પડ્યો. તેણે ગંભીર અવાજે તેને પડકાર્યો, 'બોધન, અહીં આવ !'

પહેલાં તો એ માણસ જરાય હાલ્યોચાલ્યો નહીં. પરંતુ ગયાસુદ્દીને તેને કહ્યું, 'તું પકડાઈ જ ગયો છે, માટે સામે ચાલીને બતાવી દે કે પોટલી ક્યાં સંતાડી છે ?'

ઇસ્માઇલે એ બાજુ ટોર્ચ ફેંકી.

હવે બોધન બચી શકે તેમ નહોતું. તે ગભરાતો ગભરાતો ગયાસુદ્દીનની સામે આવ્યો અને પગ પાસે ઢગલો થઈને પડ્યો; પછી કબૂલ કરતાં બોલ્યો, 'હું મુદ્દામાલ સાથે પકડાઈ ગયો છું, ગયાસુદ્દીનસાહેબ, હવે જૂઠું બોલવાથી કશો ફાયદો નથી.'

ચંડીએ પૂછ્યું, 'પોટલી ક્યાં છે ?'

બોધને કહ્યું, 'મંદિરનાં પગથિયાં પાસે.'

'સાચું કહી દે, એમાં શું છે ?' ગયાસુદ્દીને પૂછ્યું.

બોધન પહેલાં તો થોડો ખંચકાયો, પણ પછી બોલ્યો, 'ગોમાંસ.'

ચંડીનાં રૂંવાં ખડાં થઈ ગયાં. તે બોલ્યો, 'તારું તો મોંય ન જોવું જોઈએ. મંદિરમાં ગોમાંસ લાવીને રાખ્યું !' અને પછી તેણે ગયાસુદ્દીન સામે ફરીને આખાય કાવતરાનું વર્ણન કર્યું.

ચેટર્જી બોલ્યો, 'ચંડી, એ બધી વાત હવે રહેવા દે ! બોધન, હમણાં જ તારે આ બધું અહીંથી ખસેડી દેવું પડશે. સવારે જો ભક્તલોકો આ જોઈ જશે, તો ભયંકર રમખાણ મચી જશે. એ લોકો તો માની જ નહીં શકે કે આ કામ તારા જેવા એક નીચ હિંદુએ કર્યું છે. ભયાનક તોફાન ફાટી નીકળશે. જા, પોટલી લઈ આવ !'

બોધન થરથર કંપી રહ્યો હતો. કિંકર્તવ્યમૂઢ જેવો બની તે ગોમાંસની પોટલી લાવવા ગયો.

ચેટર્જીએ ગયાસુદ્દીનને સંબોધીને કહ્યું, 'વાત અહીં જ દાટી દેવી ઠીક પડશે. ગમે તેમ તોય લછમીનો જ બાપ છે. બાકી ધાર્મિક હુલ્લડ જગાવવા માટે કેવું મોટું કાવતરું રચવામાં આવ્યું હતું, એ તો હવે સમજાયું.'

તત્કાળ ઇસ્માઇલ ગંભીર થઈ બોલ્યો, 'પરંતુ સત્યનું મોં કોણ છુપાવી શકે છે ? અગર કાલે નેપાળીઓને ખબર પડી ગઈ, તો એ લોક તેને જીવતો નહીં છોડે. એથી પોલીસને સમજાવી દેવું જ ઠીક પડશે. પ્રધાનને પણ સૂચના પહોંચાડી દેવી જોઈએ. પ્રધાનની જાણ બહાર આ કામ કરવું યોગ્ય નહીં ગણાય.'

ઇસ્માઇલને મોંએથી આવી સમજદારીભરી વાત સાંભળીને, ગયાસુદ્દીન હસીને બોલ્યો, 'આજે તું જવાબદાર માણસ જેવી વાતો કરી રહ્યો છે. બોધનના આ કામને ક્ષમા કરી શકાય જ નહીં. એને પોલીસના હાથમાં સોંપી દેવાથી જ આપણું કર્તવ્ય પૂર્ણ થઈ જાય છે. હા, પ્રધાનને પણ બોલાવવો તો જોઈએ જ. અને ચેટર્જીએ પણ હવે જવું જોઈએ.'

ચેટર્જી કશું કહ્યા વગર જ ત્યાંથી વિદાય થઈ ગયો. બીજા ઉત્સુકતાપૂર્વક બોધનના પાછા ફરવાની રાહ જોતા ઊભા. તેઓનાં મન વિષાદથી ભરાઈ ગયાં હતાં. તેઓને સમજાયું હતું કે સિંઘજીના મનમાં એક સેતાન લપાઈ બેઠો છે.

પ્રધાન આવી પહોંચ્યો. એ ધર્મભીરુ માણસના મનમાં ખૂબ ક્રોધ વ્યાપી ગયો. જેવો ક્રોધ નયનમણિના લગ્નના બનાવે તેણે અનુભવ્યો હતો એવો જ ક્રોધ તે આજે અનુભવી રહ્યો હતો. તે બોલ્યો, 'હું અહીં ને અહીં જ તેના ટુકડેટુકડા કરી નાખીશ.'

ગયાસુદ્દીન હસતાંહસતાં બોલ્યો, 'આટલો ક્રોધ કરવાથી કશો લાભ નહીં પ્રધાન, ઊલટું એથી આખીય યોજના બરબાદ થઈ જશે. ધીરજ રાખ ! અમે એને પોલીસને હવાલે કરી દઈએ છીએ; પછી એ જે કરે તે કરવા દો !'

'પરંતુ...' પ્રધાન બોલ્યો, 'પુરોહિત માનશે ખરો ?'

બધા જ ચૂપ રહી ગયા.

ગયાસુદ્દીન થોડી વાર મૂક રહ્યા બાદ, પ્રધાનને સંબોધીને બોલ્યો, 'જો પ્રધાન, પુરોહિતને જે કાંઈ વાત કરવી હોય એ તું જ કરજે. તું સારી વાત તેને સમજાવી દેજે. મંદિરની શુદ્ધિ માટે જે કંઈ પૂજાપાઠ કરવો પડે તે કરી લે, ખર્ચ આપણે આપી દઈશું. એ સિવાય બીજો તો કશો ઉપાય નથી. તું અહીં જ રોકાજે, ચંડીય રોકાઈ જશે. અમે બોધનને લઈને પોલીસથાણે જઈએ છીએ.'

પ્રધાને સ્તબ્ધ થઈ ગયાસુદ્દીન તરફ જોયું અને કહ્યું, 'એ કેવી રીતે બને ? શું પુરોહિત માની જશે ખરો ? પરંતુ બીજો ઉપાય પણ નથી. યોગ્ય નિર્ણય ન થયો, તો આખુંય શહેર ખૂનરેજીથી રંગાઈ જશે. યુનિયનને પણ હાનિ થશે. એટલું જ નહીં, સમસ્ત આંદોલન જ મરી પરવારશે. પુરોહિતને ગમે તે ભોગે મનાવવો જ પડશે. ધર્મ અને કર્મકાંડ બાબતમાં એને પોતાને જ કેટલું જ્ઞાન છે ? એટલે પરિસ્થિતિ જોઈને પુરોહિતે પોતે જ કોઈ કર્મકાંડ શોધી કાઢવું પડશે.'

પ્રધાનની વાતોથી ગયાસુદ્દીનને પૂરો સંતોષ ન થયો; એટલે તેણે ફરીવાર કહ્યું, 'જો પ્રધાન, બીજો કોઈ રસ્તો જ નથી. અશાંતિ ટાળવી એ જ સર્વપ્રથમ ધર્મ છે.'

પ્રધાન બોલ્યો, 'મારે માટે એ મુશ્કેલ કામ છે, છતાં કોશિશ કરીશ. આપ લોકો ઊપડો !'

ગયાસુદ્દીને માની લીધું કે પ્રધાને વચન આપ્યું છે એટલે કામ થઈ જશે. નેપાળી મંદિરની સંચાલન સમિતિનો પ્રમુખ પણ તે જ હતો. યુનિયનનો પ્રમુખ પણ તે જ હતો. એનાં પ્રમાણિકતા તથા અભિપ્રાય ઉપર સારાય સંપ્રદાયને શ્રદ્ધા હતી. ગયાસુદ્દીન નિશ્ચિંત બન્યો.

બોધન હજી તો ધ્રૂજી જ રહ્યો હતો. પ્રધાનની દ્વેષપૂર્ણ મુદ્રા જોઈ એનું આખુંય શરીર થરથર કાંપતું હતું. તે પોટલી ઉઠાવીને ધીરેધીરે મંદિર બહાર નીકળ્યો. પાછળ ગયાસુદ્દીન તથા આગળ ઇસ્માઇલ ચાલ્યા.

ચંડીએ તીવ્ર વેદનાભર્યો નિ:શ્વાસ મૂક્યો.

30

થાણામાં મિશ્રા બેઠો હતો. ગયાસુદ્દીનની વાત સાંભળીને એના તો કાન જ ખડા થઈ ગયા. તે બોલ્યો, 'પરંતુ સિંઘજીએ મને શું કહ્યું છે એ તમે જાણો

છો ?'

'શું ?'

'ગયાસુદ્દીન તથા ઇસ્માઇલે નેપાળી મંદિરના દરવાજા પર ગોમાંસ નાખ્યું છે.' મિશ્રા હસવા લાગ્યો, 'મને વિશ્વાસ તો નહોતો જ બેઠો. સરકારી નોકરી છે, જબાન ખોલીને મારાથી બોલાય તો નહીં.' અને થોડીવાર પછી ઉમેર્યું, 'હું તો સિંઘની રગેરગ જાણું છું.'

ઇસ્માઇલ બહાર બેઠો હતો. મિશ્રા બોલ્યો, 'એનેય બોલાવો ! ચાલો, મારે ઘેર જઈ થોડું ગરમ પાણી પેટમાં નાખીએ.'

ગયાસુદ્દીન બોલ્યો, 'નહીં... નહીં...'

'કેમ ?'

'તમે ઝડતી લીધી, એ પછી મેં તમામ બોટલો કબાટમાંથી કાઢીને ફોડી નાખી છે. હવે કદીય ન પીવાની પ્રતિજ્ઞા લીધી છે.'

મિશ્રાનો ચહેરો કાળો પડી ગયો. તે બોલ્યો, 'જુઓ સાહેબ, અમારે નોકરોએ હુકમ પ્રમાણે કામ કરવું પડે છે. કેવળ તમારી પિસ્તોલ જપ્ત કરવા જ માણસને મોકલ્યો હતો. અગર મને ખબર હોત કે તે ત્યાં જઈને આવી ધમાલ મચાવશે, તો હું જાતે જ આવત.'

ગયાસુદ્દીન બરાડી ઊઠ્યો, 'એ બધું ભાષણ મારી આગળ ના કરો ! મારી ગેરહાજરીમાં ઘરની તપાસ-ઝડતી કરવી એ ગેરકાયદે પગલું હતું. બીજો કોઈ વખત હોત તો હું એની સામે લડત, પરંતુ તે દિવસે તન-મનથી દુ:ખી હતો. હવે મને મારી ફરજ સમજાઈ ગઈ છે. આજ સુધી મને ત્રણ વસ્તુની દિલચસ્પી હતી - શરાબ, સુંદરી અને પિસ્તોલ. પહેલી બે વસ્તુઓ તો ચાલી ગઈ, પછી ત્રીજી વસ્તુ મેં જાતે છોડી દીધી. જીવનનું એક પ્રકરણ પૂરું થઈ ગયું. જહાંનારા ચાલી ગઈ અને એની સાથે બાળક પણ ગયું. પિસ્તોલ હંમેશાં મારી સાથે જ રહી હતી. મને મારી જાતના રક્ષણની ચિંતા નહોતી, પરંતુ ચિંતા કોઈ બીજી જ બાબતની હતી. જ્યારે પરાજય તથા અર્થહીનતાથી જીવન બોજારૂપ બની જાત, ત્યારે એના વડે જ જીવનનો અંત લાવી દેત. કદાચ તમને આ વાત નહીં સમજાય. એ તો ખુમારીવાળો મનુષ્ય હોય એને જ સમજાય. જ્યારે

તેને પ્રતીતિ થાય કે જીવન અર્થહીન બની રહ્યું છે, ત્યારે તે મરણને ભેટી લે છે. ત્યારે આત્મહત્યા જ એક માત્ર ઉપાય બાકી રહે છે. સાચું જ કહું છું, એક ક્ષણ પણ વ્યર્થ જીવન જીવવા નથી ઇચ્છતો. પિસ્તોલ છિનવાઈ ગઈ, એટલે એક એ આધાર પણ ચાલ્યો ગયો. થોડી ક્ષણ તો ખૂબ જ નિરાધારીનો અનુભવ થયો, પરંતુ થોડી વારમાં એકાએક એક માર્ગ નજરે પડ્યો. એ હતો ત્યાગનો માર્ગ; જયારે પોતાની પ્રિય વસ્તુને હું ન જાળવી શક્યો, તો પછી શરાબની બોટલો સાચવી રાખવાનો શો અર્થ ? બધી જ ફોડી નાખી. હવે એ મોંએ નથી લગાવવી.

મિશ્રા હસીને બોલ્યો, 'તો પછી કશો આગ્રહ કરવાનો રહેતો નથી. આવો, ચા પીઓ ! મારો ખ્યાલ શું છે, એ જાણો છો ? આ ત્રણ વસ્તુઓનો ત્યાગ એ માત્ર ઉદાહરણ છે.'

ગયાસુદ્દીન થોડી વાર સુધી મિશ્રાના ચહેરા સામે જ તાકી રહ્યો. પછી તેને સમજાઈ ગયું કે મિશ્રા કહેવા શું માગે છે. તેઓ બંને ઘણી વાર સુધી એકબીજાની સામે એમ જોઈ રહ્યા.

ગયાસુદ્દીન સમજી ગયો કે મિશ્રા તેની ઘણી અંગત વાતો જાણતો હતો. એના હૃદયમાં પન્નૂનો ચહેરો ચમકી ઊઠ્યો. મિશ્રાનો કહેવાનો મતલબ એ જ હતો કે આ બધો ત્યાગ મૂળમાં તો પન્નૂનો જ ત્યાગ હતો. ગયાસુદ્દીન ખરેખર પન્નૂને પ્રેમ કરવા લાગ્યો હતો. અને જહાંનારાય એમ માનતી હતી કે પોતે પન્નૂરૂપે તેના ઘરમાં હાજર રહેશે અને પન્નૂને મેળવીને ગયાસુદ્દીન જહાંનારાને પુનઃ પ્રાપ્ત કરી લેશે. આ વાત તો સૌ કોઈ જાણતું હતું; પરંતુ મિશ્રાએ તો ગયાસુદ્દીનના મનના ભાવ પણ સારી રીતે પરખી લીધા હતા.

પરંતુ પોતે જયારે પન્નૂનો ત્યાગ જ કર્યો છે, ત્યારે પછી તેની બાબતમાં કોઈની સાથે વાત કરવાનો શો અર્થ ? એટલે તે બોલ્યો, 'ચા પીવાનીય ઇચ્છા નથી મિશ્રા, ચાલો આપણે કામની જ વાત કરીએ.' ગયાસુદ્દીન જરા થોભ્યો અને પછી તેણે ઉમેર્યું, 'એક ફરિયાદ લખાવવી છે.'

'કોની સામે ?' મિશ્રાએ કુતૂહલપૂર્વક પૂછ્યું.

'સિંઘજી વિરુદ્ધ, અને ...'

'અને ?'

'ટાઉલરસાહેબની વિરુદ્ધ !'

મિશ્રાએ પૂછ્યું, 'ટાઉલરસાહેબનેય ઝપટમાં લેવાના કે શું ?'

'હા, આપ બોધનને બોલાવીને પૂછપરછ કરો ! એટલે સંગીતના તાન-આલાપ શરૂ થઈ જાય.'

મિશ્રાએ બોધનને બોલાવી મંગાવ્યો. બે પોલીસ કોન્સ્ટેબલ બોધનને પકડી લાવ્યા ને ચોકીપહેરા હેઠળ મિશ્રા સામે ખડો કરી દીધો. ત્યારે પણ બોધન થરથર ધ્રૂજી રહ્યો હતો.

'બોધન !' ગયાસુદ્દીન બોલ્યો, 'દારોગાસાહેબ સમક્ષ સાચી વાત જણાવી દે !'

મિશ્રાએય તેને ઠપકાર્યો, 'ચાલ, બોલી નાખ !'

બોધન ધીરેધીરે બોલવા લાગ્યો, 'દારોગાસાહેબ, ગયાસુદ્દીનસાહેબે બધું તો કહી દીધું છે. મારે વધુ કંઈ જ કહેવાનું નથી.'

મિશ્રાએ પૂછ્યું, 'તું ગોમાંસ સાહેબને ઘેરથી લાવ્યો હતો ?'

'હા.'

'તારી સાથે સિંઘ પણ હતો ?'

'હા, દારોગાબાબુ !'

'આવું કામ કરવા શા માટે તું ગયો ?'

'સિંઘજીએ મને પંદર રૂપિયા બક્ષિસરૂપે આપ્યા એટલે.'

'એ સિવાય પણ તેણે તને કંઈ કહ્યું હતું ?'

'હા, પગારવધારોય મળશે એમ કહેલું.'

મિશ્રાએ પોલીસવાળાને કહ્યું, 'આને લઈ જાઓ !'

બંને કોન્સ્ટેબલો બોધનને પાછા કસ્ટડીમાં લઈ ગયા. મિશ્રાએ એક કાગળ ઉપર કંઈક લખ્યું અને ગયાસુદ્દીનની સહી પણ લઈ લીધી. બોધનની વાતમાં હવે શંકાને કોઈ સ્થાન નહોતું, બધું જ સ્પષ્ટ હતું. બોધનને લઈ ગયા પછી થોડી વારે ગયાસુદ્દીન પણ ત્યાંથી ચાલ્યો ગયો. પ્રધાને બધા લોકોને નેપાલી મંદિરમાં એકઠા કર્યા. સ્વામીજી પણ ત્યાં આવી પહોંચ્યા. ચેટર્જી પણ ત્યાં હાજર હતો. ગયાસુદ્દીન અને ઇસ્માઇલ પણ પાછા નેપાળી મંદિર જવા નીકળ્યા.

નેપાળી મંદિર પહોંચતા જ ગયાસુદ્દીનની નજર પ્રધાનના ખુશખુશાલ ચહેરા ઉપર પડી. એ ખુશીનો અર્થ સ્પષ્ટ હતો. મંદિરનો પુરોહિત શુદ્ધિ બાબતમાં સંમત થઈ ગયો હતો.

અડધી રાત વીતી ચૂકી હતી, છતાંય ઘણાં જ માણસો ત્યાં એકઠાં થઈ ગયાં હતાં. સૌનો મત હતો કે આ ઘટનાની જાણ મોટાસાહેબને તથા સંયુક્ત કૉંગ્રેસ સરકારના મુખ્ય પ્રધાન બરદોલાઈને પણ કરી દેવી જોઈએ. આ રજૂઆત ચેટર્જીએ પોતે જ કરેલી. આ બાબતની ચર્ચા કરવા જ તેણે પ્રધાનને બોલાવ્યો હતો. આ જ પ્રશ્નની વિચારણા કરવા પ્રધાનને ઘેર પણ એક અગત્યની બેઠક યોજવાનો નિર્ણય થયો. સવાર થવાની હવે ઝાઝી વાર નહોતી, એટલે ગયાસુદ્દીન પણ સંમત થઈ ગયો. ટાઉલર તથા સિંઘના આ કુકર્મ સામે યુનિયને અવાજ ઉઠાવવો જ જોઈએ.

ધીમેધીમે સવાર પડી.

પ્રધાનનું ઘર માણસોથી ખીચોખીચ થઈ ગયું. દરખાસ્ત મુજબ નિર્ણય પણ લેવાઈ ગયો. સવારે જ મોટા સાહેબ સમક્ષ ફરિયાદ રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

ચેટર્જીએ એકત્ર થયેલાં સર્વ પર એક નજર ફેરવી લીધી અને પછી તરત જ ગયાસુદ્દીનને સંબોધતાં કહ્યું, 'ચાલો, આપણે સૌ હેડ ઑફિસ જઈએ. ત્યારે જ કદાચ ટાઉલરને સમજાશે કે લોકશક્તિ એટલે શું !'

ગયાસુદ્દીનને આ પ્રસ્તાવ અયોગ્ય ન લાગ્યો.

પ્રધાન પણ સંમત થઈ ગયો.

એક જ કલાકમાં બધા લોકો વહીવટી કચેરી સમક્ષ એકઠા થઈ ગયા. આશરે બે હજારની મેદની જમા થઈ ગઈ.

આ જ જગ્યાએ એક વાર લોકો છટણીનો ભોગ બનેલા પચાસ મજૂરોને પુનઃ નોકરીમાં લઈ લેવાની માગણી સાથે એકઠાં થયાં હતાં. આજે વળી ત્યાં જ પાછા લોકો જમા થયા છે. આજે ત્યાં સિપાઈ, ચોકીદારો નહોતા, એટલે લોકો રસ્તાથી માંડીને ટેકરા સુધી પહોંચી ગયા હતા.

મોટા સાહેબની બદલી થઈ ગઈ હતી. નવા આવેલા સાહેબ ઘણા ધીરગંભીર અને સ્વસ્થ હતા. ઉંમરના પ્રમાણમાં તેમનામાં સમજદારી વિશેષ હતી. તેમણે આગેવાનોને અંદર બોલાવ્યા.

મોટા સાહેબની સાથે અંદર ટાઉલર પણ હતો. જિલાપોસી અને ટેન્સ પણ હતા.

પોલીસ પણ આવી પહોંચી. શાંતિનો ભંગ થવાના ભયે મિશ્રાએ એક ડઝન જેટલી સશસ્ત્ર પોલીસ વરંડા પાસેના ચોગાનમાં ખડી કરી દીધી હતી. પરંતુ હવે પહેલાંના જેવો ભય નહોતો. શિલોંગમાં બરદોલાઈ સરકાર રચાઈ ચૂકી હતી. એથી પોલીસ હવે પહેલાંની જેમ એકફામ વર્તી શકે તેમ નહોતી. સાહેબલોકો પણ એ વાત સમજી ચૂક્યા હતા કે સમય બદલાઈ ગયો છે. હાજર રહેલાઓમાં ફક્ત ઇસ્માઇલ નહોતો. લછમી પોતાના બાપની અવદશાની ફિકરમાં પડી હતી. એને આખી રાત નિદ્રા નહોતી આવી. સવારે ઊઠતાંમાં જ તે ઇસ્માઇલને જામીન થવા માટે પોલીસથાણે લઈ ગઈ હતી.

ચંડી આ બધા સમાચાર લઈ આવ્યો હતો. લછમીનું દુઃખ તેનાથી પણ સહન નહોતું થતું, પરંતુ કશો ઉપાય નહોતો. બોધનનો અપરાધ અક્ષમ્ય હતો. તેણે ગોમાંસનો સ્પર્શ કર્યો હતો, ફક્ત એટલું જ નહોતું; તેણે તો હિન્દુ-મુસલમાન વચ્ચે હુલ્લડ જગાવવાનું કાવતરું પણ રચ્યું હતું. જાણ્યેઅજાણ્યે તે સેતાનની ચુંગાલમાં ફસાઈ ગયો હતો.

ચંડીના હૈયામાં ઊંડો આઘાત લાગી ગયો હતો. તેને દરભંગા જિલ્લામાં આવેલું પોતાનું ગામ યાદ આવી રહ્યું હતું. ત્યાં રોજી નહોતી, એ સાચું, પરંતુ ધર્મ હતો. અહીં રોજગાર મળે છે, ત્યારે ધર્મ તથા સદાચાર નષ્ટ થઈ ગયાં છે. છોકરા-છોકરીઓ બંડ કરી રહ્યાં છે. ગામથી આવેલા ખુદ પડોશીઓ પણ અનાચાર આચરે છે. ગામમાં રહેતી હોત તો બોધનની દીકરી શું ઇસ્માઇલ સાથે શાદી કરી શકત ? કદીય નહીં. અહીં સમાજનું કોઈ બંધન જ નથી, બાકી બોધન આવું પાપ કરવાનું સાહસ કરી શકે કે ? અહીં બધાં જ બંધન તૂટી ગયાં છે. આનું પરિણામ શું આવશે ? ચંડી આવી જ બધી વાતો ગઈ રાત્રે સ્વામીજી સાથે કરી રહ્યો હતો. નેપાળી પુરોહિત તથા પ્રધાન સાથે પણ ઘણી ચર્ચા કરી. સ્વામીજીએ કહ્યું હતું, 'યુગધર્મનો અસ્વીકાર કરવો મુશ્કેલ છે. ધર્મની સુધારણા કરવી પડશે. રામકૃષ્ણ પરમહંસ તથા વિવેકાનંદ પણ આ જ વાત કહી ગયા છે. બ્રહ્મોસમાજ તથા આર્યસમાજવાળા પણ એ જ કાર્ય કરે છે. જૂના વખતમાં શંકરાચાર્ય, કબીર, નાનક, ચૈતન્ય, શંકરદેવ એ સૌએ પણ આ જ બોધ આપ્યો છે. મનુષ્ય નહીં હોય તો ધર્મ ટકી જ કેવી રીતે શકવાનો ?'

ત્યાં નસીરઉદ્દીન ડોસો ચંડી પાસે આવીને ઊભો રહી ગયો. આવતાં જ તેણે સવાલ કર્યો, 'કશું સમજાય છે કે ચંડી ?'

'કઈ બાબતમાં ?'

'ધર્મ હવે રહ્યો નથી. લોકોએ અલ્લાનો રાહ પણ છોડી દીધો છે. કાલે રાતનો બનાવ સાંભળ્યા પછી મન મક્કા જવા તલસી રહ્યું છે. વિચાર થાય છે, હજ કરવા ઊપડી જ જાઉં. આ સેતાનના રાજ્યમાં હવે લાંબુ ના રહી શકાય. અને અલ્લાનું રાજ્ય ક્યારે આવશે, એ કંઈ કહેવાય નહીં. કયામતના દિવસે આ લોકો શો જવાબ આપશે ?'

'કોણે જવાબ આપવાનો છે ?'

'આ સેતાન લોકોએ.'

ચંડી હસીને બોલ્યો, 'એકને તો તમે જ સીધો કરી દીધો છે. એ જ રસ્તો છે. ઝેબુન્નિસા શું કરે છે ? મીનુબાઈના જીવતાં તો રોજ આવતી હતી, પરંતુ ત્યારે મને એને માટે નફરત હતી. પરંતુ હવે સમજાય છે કે એ સાચો માર્ગ સમજતી હતી. એ જ ભગવાનનો માર્ગ છે. સેતાનનો રાહ છોડીને ભગવાનના રાહે ચાલવું એ જ સાચો ધર્મ છે.'

નસીરઉદ્દીન પણ હસીને બોલ્યો, 'એને જોઈને આશા જન્મે છે. એકદમ બદલાઈ ગઈ છે, પરંતુ શરીરના હાલ જોતાં ખૂબ દુ:ખ થાય છે.'

'શું થયું છે ?' ચંડીએ કુતૂહલપૂર્વક પૂછ્યું.

'સ્ત્રીઓનું અંતર સમજવું ખૂબ મુશ્કેલ કામ છે. કોઈ એવી બીમારી છે; જે એને કોતરી કોતરીને ખાઈ જાય છે. લીવર ખરાબ થઈ ગયું છે એમ કહે છે. પગલીએ વળી સતી બનવાનો નિર્ધાર કર્યો છે. રાતદિવસ, મન, વચન અને પ્રાણથી એક જ આદમીને યાદ કર્યા કરે છે. હું એને બરાબર સમજું છું. એ એવું સિદ્ધ કરવા મથી રહી છે કે હું વ્યભિચારિણી નહીં, સતી છું. પરંતુ મન જેટલું ઉન્નત થઈ રહ્યું છે; શરીર એટલું જ નીચું પડી રહ્યું છે. કેવળ હાડચામ રહ્યાં છે.'

'સીતાની અગ્નિપરીક્ષા જેવું કહેવાય. આ તો ઠીક છે. પન્નૂનું મન પણ એવું જ બની રહ્યું છે. સ્ત્રીઓનું મન ફક્ત એક જ દિશામાં દોડે છે અને તે પુરુષની તરફ. પુરુષમાં એ કોઈ પરમ પુરુષની ખોજ કરતી હોય છે.' ચંડી થોડી વાર રોકાયો, વળી દુ:ખપૂર્વક બોલ્યો, 'મારું મન પણ હવે ધર્મ તરફ વળી રહ્યું છે. મારે શાંતિ જોઈએ, મોક્ષ જોઈએ.'

બંને વૃદ્ધો લાંબા વખત સુધી ધર્મની ચર્ચા કરતા રહ્યા.

થોડી વારમાં ઇસ્માઇલ પણ ત્યાં આવી પહોંચ્યો. એનો ચહેરો ગંભીર હતો. તે ચંડીની પાસે આવીને બોલ્યો, 'કશું જ ન થઈ શક્યું; ફક્ત મુલાકાત થઈ.'

ચંડીએ ઈસ્માઈલના ચહેરા તરફ તાકતાં પૂછ્યું, 'બોધનના શા ખબર છે ?'

'રડી રહ્યો છે. મર્દને આ રીતે રડતો મેં તો પહેલી જ વાર જોયો. રાત કસ્ટડીમાં ગુજારવાથી એને ખૂબ પીડા થઈ છે. હવે તેની સમજમાં આવ્યું કે સાચો મિત્ર કોણ છે. સિંધ તો એક વાર એને જોવાય નથી ગયો. અને એક મજૂરની રાત કેવી રીતે વીતી એની ચિંતા ટાઉલર તો કરે જ શાનો ? એની હાલત આગમાં ઝંપલાવનાર પતંગિયા જેવી થઈ ગઈ છે !'

'અને લછમીએ શું કર્યું ?'

'પહેલાં તો લછમી બહુ જ રડી. એ પછી બાપને બેહદ ઠપકો આપ્યો. બાપની ચૌદ પેઢીની ખબર લઈ નાખી. એ બોલી, સજા થઈ એ સારું જ થયું. આમ જ થવું જોઈતું હતું. તો જ બોધપાઠ મળશે.'

'એણે બરાબર જ કહ્યું. મને એનો જ ડર હતો. હવે બોધનનું શું કરીશું ?'

'શું કરીશું ? કેસ પાકો થાય એવું લાગતું નથી. ગયાસુદ્દીન સાહેબે સિંઘ અને ટાઉલર બંને સામે ફરિયાદ કરી છે. એથી એક મોજું આવીને એની મેળે જ શાંત થઈ જશે.' ઇસ્માઇલ ચૂપ થઈ ગયો. થોડી વાર પછી પૂછ્યું, 'અહીં શું ચાલે છે ?'

'વાતચીત.'

નસીરઉદ્દીન હજી સુધી કશું બોલ્યો નહોતો. હવે તે બોલ્યો, 'મનેય નથી લાગતું કે કંઈ થાય. ચારે બાજુ અંધારું જ નજરે પડે છે. મારે હજ કરવા જવું જ પડશે.'

ઇસ્માઇલ બોલ્યો, 'તમે તો હજ કરવા ચાલ્યા જશો, પરંતુ અમે શું કરીશું ? હમણાં જ મિશ્રાએ જણાવ્યું કે ટાઉલર તો યુધ્ધ ખેલવા કમર કસી રહ્યો છે. આ તો હજી પહેલો વારો છે; એ પછી શું થશે ?'

નસીરઉદ્દીને જવાબ આપ્યો, 'એ તો એક અલ્લા જ જાણે !'

ચંડી બોલ્યો, 'આનાથી જ્યારે હવે શું થવાનું ? દેશમાં કેટકેટલું નહીં બનવા જેવું બન્યું. એમાંથી નથી સમજાતું શું ? હજી તો સંઘર્ષ જામશે.'

ઇસ્માઇલ વિચારી રહ્યો કે ચંડીની વાત સાચી જ હતી. સંઘર્ષ અનિવાર્ય છે. હજ ઉપર જતા રહેવાથી પણ સંઘર્ષ બંધ નથી થવાનો. માટે એનો સામનો કરવો એ જ મોટામાં મોટી હજ ગણાય.

થોડી વારમાં ગયાસુદ્દીન બહાર આવ્યો. એનો ચહેરો ગંભીર હતો.

મોટા સાહેબ સારા માણસ હતા, પરંતુ એનો કશો અર્થ નહોતો. વળી હજી તો તેઓ નવાસવા જ આવ્યા હતા. ટાઉલરની દુષ્ટ બુધ્ધિ આગળ તેમની સરળ, સામાન્ય બુધ્ધિ પરાજિત થઈ ગઈ હતી. નેપાળી મંદિરવાળા બનાવની કોઈ જવાબદારી કંપનીએ સ્વીકારી નહીં. પોલીસ કેસમાં જે થાય તે ખરું. કાનૂની માર્ગ લેવો જોઈએ, એવો જ તેમનો મત હતો.

યુનિયનની અઠ્ઠાવીસ માગણીઓ ઉપર પણ ચર્ચા થઈ. ટાઉલર સાહેબ કહે છે કે, 'કંપની આવી બધી માગણીઓ સ્વીકારી શકે નહીં; ઉદ્યોગમાં અશાંતિ પેદા કરવાના ઇરાદાથી જ આવી આવી માગણીઓ મૂકવામાં આવી છે. કંપની એ મંજૂર રાખી શકે નહીં. પરંતુ મોટા સાહેબ કહે છે કે કંપનીએ પોતાના તરફથી જ મકાન બંધાવવાની યોજના ઘડી છે. સ્કૂલ પણ બનાવશે. એ સિવાયની માગણીઓ વિચારવાનું કંપની માટે જરૂરી નથી. આ વાત સ્પષ્ટ રીતે કંપનીએ લખી જણાવી છે.'

ગયાસુદ્દીને દલીલોમાં તો ટાઉલરને હરાવી દીધો. પરંતુ આ સાહેબો ઘણા હોશિયાર લોકો હોય છે. તેણે ધીરજથી સાંભળ્યા જ કર્યું. એના પેટની વાત કોણ જાણી શકે ?

પ્રધાને લોકોને સંબોધન કરતાં જાહેર કર્યું કે, 'હવે સંગ્રામ સિવાય બીજો કોઈ માર્ગ રહેનો નથી આપણે કાયદાની મદદ લેવી પડશે. લેબર કમિશનરની સહાય માંગવાનો આ જ ખરો અવસર છે.'

કામે જવાનો સમય થઈ ગયો હતો, એટલે લોકો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા હતા. પરંતુ સૌનાં મન શંકા, ક્રોધ, અપમાન તથા હતાશાથી ભરેલાં હતાં. કશુંક થશે,ડોક્ટર થિયેટરમાં જઈ રહ્યા છે. કશુંક બનશે એ બાબતમાં કોઈને કશી શંકા નહોતી. શહેરમાં રણભેરી વાગી ચૂકી હતી.

31

બોધન છૂટી ગયો. એની સામેનો કેસ અદાલતમાં ટકી શક્યો નહીં. બધા જાણતા હતા કે આમ જ થવાનું છે. એથી મનમાં દુ:ખ છતાં બધા ચૂપ હતા.

લછમી ફરી એક વાર પિતાને મળવા ગઈ હતી. પિતાએ ખૂબ પ્રેમથી એને બેસાડીને સુખ-દુ:ખની ખૂબ વાતો કરી. લછમીએ કહેલું, 'બાપુજી, તમે ફરી આવું કામ ક્યારેય ન કરશો.'

બોધને જવાબ આપેલો, 'નહીં કરું.'

પરંતુ પોતાનું વચન તે લાંબો વખત નિભાવી ન શક્યો. પાછો સિંઘ સાથે ભળી ગયો. એક દિવસ બોધનને બઢતી પણ મળી ગઈ. સિંઘે કહ્યું, 'ટાઉલર તારા ઉપર ખૂબ પ્રસન્ન છે.' બોધન જેવા અસ્થિર મનના માણસો ટાઉલરસાહેબની મહેરબાની ઈશ્વરના જ એક આશીર્વાદ સમાન માને.

મજૂરોની ફરિયાદ લેબર કમિશનરને પહોંચી ચૂકી હતી. શિલોંગમાં કૉંગ્રેસ સરકારની સત્તા ચાલતી હતી. સરકારી અમલદારોએ થોડી નમ્રતાથી વર્તાવ કરવો પડતો હતો. એથી લેબર કમિશનરે પણ પ્રયત્ન કર્યો કે બંને પક્ષો વચ્ચે સમજૂતી થઈ જાય. પરંતુ કશું પરિણામ આવ્યું નહીં. સરકારે તપાસ અદાલતની રચના કરી અને મજૂરોની માગણીઓ ઉપર ન્યાયપૂર્ણ વિચારણા કરવાની જવાબદારી એને સોંપી દીધી. અદાલતના સભ્યો શહેરમાં આવ્યા અને બંને પક્ષોની જુબાની સાંભળી. એ તપાસ પંચના નેતા હતા એક પીઢ ન્યાયાધીશ. બંને પક્ષોના જવાબ સાંભળ્યા બાદ અદાલતે પોતાનો ચુકાદો રજૂ પણ કરી દીધો. ચુકાદો મજૂરોની તરફેણમાં જ આવ્યો. એમાં લખ્યું હતું : મજૂરોની અઠ્ઠાવીસ માગણીઓ યોગ્ય જ છે. કંપનીએ આ માગણીઓ સ્વીકારી લેવી જોઈએ, જેથી ઔદ્યોગિક શાંતિનો ભંગ ન થાય.

ચુકાદો સાંભળીને મોટા સાહેબે ટાઉલર સાથે પુન: મંત્રણા શરૂ કરી. પરંતુ ટાઉલર નમતું આપે એવો માણસ જ નહોતો. તે એક પણ વાત માનવા તૈયાર નહોતો. મોટા સાહેબે છેવટે નિરુપાય થઈને લંડન ખાતેની કંપનીની કચેરીને જાતે જ લખી દીધું કે નોકરીની સ્થિરતા તથા મકાન વગેરે માગણીઓ સ્વીકારી લેવી જોઈએ. મોટા સાહેબનો આ નિર્ણય યૂનિયનના નેતાઓને

પણ બતાવવામાં આવ્યો. યુનિયનને એથી સંતોષ ન થયો. તપાસ પંચની બધી જ દરખાસ્તો જ્યાં સુધી કંપની સ્વીકારી ન લે, ત્યાં સુધી યુનિયનને સંતોષ થાય તેમ નહોતું. મોટા સાહેબ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા. તેમણે યુનિયનને સમજાવવામાં પણ બાકી રાખી નહીં. યુનિયનને ધીરજ રાખવા વિનંતી કરી. આ ધીરજમાં ને ધીરજમાં એક આખું વર્ષ વીતી ગયું. પૂજા, ઈદ, જન્માષ્ટમી વગેરે પણ રજા વગર જ ચાલ્યાં ગયાં. 'મોટો દિવસ' પણ પસાર થઈ ગયો. કંપનીની લંડન કચેરી સમક્ષ વળી નવો પ્રશ્ન આવી ઊભો હતો. યુરોપમાં મહાયુધ્ધ ફાટી નીકળવાની તૈયારી હતી; એથી કંપનીએ તેલનું ઉત્પાદન તથા વિતરણ બરાબર ચાલુ રાખવું પડે તેમ હતું. આ વાત મજૂરોને પણ સમજાવવાની સૂચના આપવામાં આવી. લડાઈના વખતમાં નાનીનાની બાબતોમાં ઝગડવું એ તેમને માટે યોગ્ય ન લેખાય એમ કહેવામાં આવ્યું.

પરંતુ મજૂરો શા માટે આ વાત સ્વીકારી લે ? લડાઈ ફાટી નીકળતાં જ બજારમાં ચીજવસ્તુના ભાવ ઊંચા ચઢવા લાગ્યા. ચોખાના ભાવ પાંચ રૂપિયાથી વધીને એકદમ ત્રીસ રૂપિયા થઈ ગયા. કાપડના ભાવ પણ એ જ રીતે ઊંચા જવા લાગ્યા. એક દિવસ સંખ્યાબંધ મજૂરોએ આવીને યુનિયન ઑફિસને ઘેરો ઘાલ્યો. એ લોકોનો નેતા હતો બોધન.

ત્યારે બરૂઆ સહમંત્રી બની ચૂક્યો હતો, એટલે એ ઑફિસમાં જ હતો. બોધનને જોતાં જ એને સમજાઈ ગયું કે આ બધી સિંઘની ચઢવણી છે. તેણે ગયાસુદ્દીન, માલાસિંઘ તથા પ્રધાનને બોલાવવા માણસ મોકલ્યો. પછી બોધનને પૂછ્યું, 'બોલો, શું કહેવાનું છે ?'

બોધને જવાબ આપ્યો, 'એક વર્ષ વીતી ચૂક્યું, યુનિયને આજ સુધીમાં કર્યું શું ? ખોટી-જૂઠી આશાઓ આપ્યા કરવાનો શો અર્થ ? યુનિયન વિખેરી નાખો ! અમે ફંડફાળા આપીને યુનિયન ચલાવી શકીએ તેમ નથી. હજી સુધી એક માગણી પણ મંજૂર નથી કરાવાઈ !'

બરૂઆએ બધાને બેસી જવાની વિનંતી કરી, પરંતુ બધા ઊભા જ રહ્યા.

એટલે બરૂઆ બોલ્યો, 'યુનિયને કંપનીને પુનઃ નોટિસ આપી દીધી છે કે જો એકવીસ દિવસમાં અમારી માગણીઓ સ્વીકારી લેવામાં નહીં આવે તો હડતાળ પાડીશું. માટે લડી લેવા તૈયાર થઈ જાઓ ! હડતાળ નહીં પાડીએ, તો કશું જ મેળવી શકીશું નહીં. મને લાગે છે કે આવાં સીધાં પગલાં લઈશું, તો જ કંપની આપણી માગણીઓ સ્વીકારી લેશે.'

બોધને કહ્યું, 'હડતાળ પાડવાથી શો લાભ ? વળી પાછી અશાંતિ જાગશે. અમારે એવાં તોફાનોમાં નથી પડવું !'

'નહીં પડો, તો કંપની આપણને કશું જ નહીં પરખાવે,' બરૂઆ બરાડી ઊઠ્યો, 'તારામાં હિંમત હોય તો આવી જા, તું જ નેતા બની જા ! તું તો ટાઉલર સાહેબનો વિશ્વાસુ માણસ ને સિંઘનો ખાસ મિત્ર છે; તું નેતાગીરી લે, તો કદાચ કામ થઈ પણ જાય.'

આ કટાક્ષબાણથી વીંધાયલા બોધને જવાબ આપ્યો, 'હું નેતા નથી, હું શા માટે નેતા બનું ?'

બરૂઆએ હવે તેની ઠેકડી ઉડાવતાં કહ્યું, 'અહીં પણ કોણ નેતા છે ? અમે તો બધા કર્મચારી, નેતા તો ફક્ત તું એકલો છે. નહીં તો મજૂરોમાં ફાટફૂટ પડાવી જ કેવી રીતે શકે ? અમે બધુંય જાણીએ છીએ.'

બોધનનો ચહેરો ફીકો પડી ગયો. બરૂઆની આવી બધી વાતોનો અર્થ તેને સમજાઈ ગયો. છતાંય તે હસતાંહસતાં બોલ્યો, 'બોધનના શરીરમાં એટલી તાકાત હોત તો જોઈતું જ શું ? હું તો મૂર્ખ અભણ માણસ છું. અમને તો તમારા પર જ વિશ્વાસ હતો; પરંતુ આજે જોઈ રહ્યા છીએ કે પગાર વધવાને બદલે ચીજવસ્તુઓના ભાવ જ વધી ગયા ! આ યુનિયનને વિખેરી નાખો, અમે સભ્યપદનું રાજીનામું આપી દઈશું. અમે અલગ યુનિયન રચીશું.'

ત્યાં જ યુનિયન ઑફિસ સામેની સડક ઉપરથી 'આસામ લાઇટ કેવલરી'ના ગોરા ઘોડેસવાર સૈનિકો સામૂહિક કૂચ કરતા મેદાન તરફ આગળ વધ્યા. મજૂરોના ચહેરા ઉપર શંકા તથા આશ્ચર્યનાં વાદળ છવાઈ ગયાં.

શું યુદ્ધ શરૂ થઈ ચૂક્યું હતું ? ચાના બગીચાવાળા સાહેબો કૂચમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા. બધાંના ચહેરા ઉપર એકસરખો કઠોરતાનો ભાવ હતો. આ ભાવના મૂળમાં ભાવિ યુદ્ધની શંકા હતી, યા બીજું કોઈ કારણ હતું એ કહી શકાય તેમ નહોતું.

બોધને હવે બરૂઆ તરફ નજર કરતાં કહ્યું, 'આ લોકો પાછા આવી પહોંચ્યા છે. આ લોકો હશે. તો હડતાળ કેવી રીતે પાડશો ? બસ એક ગોળી જ એની સામે પૂરતી થશે.'

બરૂઆએ રોષે ભરાઈને જવાબ આપ્યો, 'બોધન, તને લોકશક્તિની કશી પિછાણ નથી. લોકશક્તિને ગોળી તોડી નથી શકતી; આગ બાળી નથી શકતી, તેમ આંધી ચળાવી નથી શકતી. જો તને બીક લાગતી હોય, તો તું છૂટો થઈ જા ! અમારું આંદોલન તોડવાનો પ્રયત્ન ના કરતો. તું એ તોડી શકવાનો નથી, ઊલટું જાતે મરવાનો !'

ત્યાં ગયાસુદ્દીન, પ્રધાન તથા માલાસિંઘ આવી પહોંચ્યા.

એટલે બોધન શાંત થઈ ગયો. ત્રણે જણા બરૂઆએ શા માટે પોતાને બોલાવ્યા એ સમજી ગયા. બરૂઆ બોધન વિરુદ્ધ ફરિયાદ કરવાની તૈયારી કરી જ રહ્યો હતો, ત્યાં ગયાસુદ્દીન બોલી ઊઠ્યો, 'અમને કશું જ કહેવાની જરૂર નથી બરૂઆ, દૂરથી જ બધો મામલો અમે સમજી ગયા. આ લોકો માણસો ભેગાં કરીને જ નથી અટક્યા, એક પત્રિકા પણ બહાર પાડી છે. લોકોને ભડકાવવામાં આવે છે અને અલગ યુનિયન રચવાના પ્રયાસો ચાલે છે. કેમ સાચું છે ને બોધન ?'

બોધન પ્રધાનની આંખો સામે જ ટીકી રહ્યો હતો. એની આંખમાં ક્રોધ દેખાતો હતો. એક વર્ષ પહેલાં નેપાળી મંદિરના ચોગાનમાં આવો જ ગુસ્સો દેખાયો હતો. એને ભય પણ લાગી રહ્યો હતો. એથી ગયાસુદ્દીનના પ્રશ્નનો જવાબ દેતાં તે ગભરાઈ રહ્યો હતો.

ગયાસુદ્દીનના ચહેરા ઉપર સૌમ્ય સ્વસ્થતા ફેલાયલી હતી. તે બોધનના મૌનનો અર્થ સમજી ગયો હતો. પરંતુ બોધનને તાત્કાલિક ભય લાગે અને તે ચૂપ રહે એનો શો અર્થ ? તે

તો કંપની વતી આવાં કરતૂત કરી રહ્યો હતો, અને કંપનીની તાકાત કાંઈ મામૂલી નહોતી. યુનિયન કરતાં કંપની વધારે જ શક્તિશાળી હતી. જો યુનિયન પાસે તાકાત હોત તો નેપાળી મંદિરની ઘટના પછી જ બોધનને સીધો કરી દઈ શકાયો હોત. પરંતુ એમ ન થઈ શક્યું. એનું કારણ સૌ કોઈ જાણે છે. કેવળ પ્રેમથી દુષ્ટોની તાકાતને નથી હરાવી શકાતી. કેવળ કૉંગ્રેસ સરકાર ઉપર આધાર રાખવાથી પણ આ લડત ચલાવી શકાશે નહીં. એનાથી પણ વધુ મોટી શક્તિની અનિવાર્યતા છે. એ શક્તિ છે, પ્રેમની શક્તિ. એને માટે સહનશીલતા તથા આત્મવિશ્વાસ અનિવાર્ય છે.

પ્રધાન તો હજી સુધી વાઘ જેવી હિંસક નજરે બોધન તરફ તાકી રહ્યો હતો. એકાએક ગયાસુદ્દીન બોલ્યો, 'બેસ, બોધન બેસી જા ! તારી સાથે કેટલીક વાતો કરવી છે. ભારે ભયંકર સમસ્યા ઊભી થઈ છે. કેવળ અમારા પર આધાર રાખવાથી યુનિયન ચાલી શકે નહીં. આપ સર્વ ભાઈઓની મદદની પણ આવશ્યકતા છે.

ગયાસુદ્દીન સિવાયની કોઈ બીજી વ્યક્તિએ જો આવા ઢીલા અવાજે વાત કરી હોત, તો પ્રધાન કદીય માનત નહીં. બોધન પણ એ સાંભળત નહીં. બરૂઆ તથા માલસિંઘ પણ આવી સહનશીલતા સ્વીકારવા તૈયાર ન થાય. કારણ કે બોધનની પ્રવૃત્તિ એકદમ અસહ્ય બની ગઈ હતી. તે બીજા મજૂરોને ચઢાવવાની પ્રવૃત્તિ ચલાવતો હતો. જેણેજેણે યુનિયનની ટીકા કરી હતી, એ સૌને કોઈને કોઈ સ્વરૂપે બઢતી મળી હતી. આવા બધા જ ટીકાકારો પ્રત્યે ટાઉલરની રહેમનજર રહેતી. પરંતુ આજે ગયાસુદ્દીન આમ કહી રહ્યો હતો, એટલે માન્યા સિવાય બીજો કોઈ માર્ગ નહોતો.

બોધન શાંત થઈ ગયો. તે યુનિયનની ઓફિસમાં આવી ગયો, સાથે એના સાથીઓ પણ અંદર આવ્યા. તત્કાળ મહત્ત્વની ચર્ચાવિચારણા શરૂ થઈ.

ગયાસુદ્દીને ગંભીરતાપૂર્વક કહ્યું, 'બોધન, જો તને એમ લાગતું હોય કે યુનિયન બરાબર કામ કરતું નથી, તો તું અને તારા સાથીઓ એ સંભાળી લો, અમે તમને એ સોંપી દઈએ છીએ. અમે તમારો આદેશ માનીશું. બોલ, થશે એ તારાથી ?'

બોધને સસંકોચ જવાબ આપ્યો, 'અમે કેવી રીતે યુનિયન ચલાવી શકીએ, બાબુજી ? અમે ભણેલા-ગણેલા પણ કેટલું ને અમારું મગજ પણ કેટલું ચાલે ? પરંતુ...

બોલતાંબોલતાં બોધને પુન: પ્રધાનની આંખોમાં જોયું. હજી પણ પ્રધાનની આંખો વાઘની જેમ ચમકી રહી હતી. માલસિંઘ દાઢી પસવાર્યા કરતો હતો. બરૂઆ નીચું મોં રાખીને બેઠો હતો. ગયાસુદ્દીને કહ્યું, 'કહી નાખ, દિલ ખોલીને કહી નાખ !'

બોધન બોલ્યો, 'આપ લોકોએ મજૂરોની વાતો શું નથી સાંભળી ? એ લોકો હજી કેટલા દિવસ ઇન્તેજાર કરી શકે ? એ કરતાં તો સિંઘજીની બુદ્ધિ સારું કામ આપે છે. સાહેબલોકો સાથે મળીને યુનિયન રચવાથી, આપણને આપણી માગણીઓ મંજૂર કરાવવાની સરળતા થાય. માગણીઓ તો પૂરી થવી જ જોઈએ. આપણે કાંઈ મરઘાલડાઈના મરઘા નથી કે લડતા જ રહીએ, અને અકારણ શક્તિ વેડફયા કરીએ. યુધ્ધ તો સળગ્યું છે અને સાંભળ્યું છે કે કૉંગ્રેસ

સરકાર પણ રાજીનામાં આપી દેશે. આ શહેરમાં પુનઃ સાહેબોની આણ વર્તવા લાગશે. પછી યુનિયન આવી બધી માંગણીઓ કરી પણ શકશે નહીં. આપણને એ લોકો એકદમ કચડી નાખશે. ટાઉલરસાહેબ કાંઈ ચૂપચાપ નથી બેઠા.'

હવે પ્રધાનથી ચૂપ ન રહેવાયું. તે સ્વગત બબડતાં બોલ્યો, 'આવા વિશ્વાસઘાતીઓના તો કટાર મારી બે ટુકડા કરી નાખવા જોઈએ.' બફ્રુઆએ પણ પોતાનો ગુસ્સો દબાવતાં, પ્રધાનની વાત પ્રત્યે સંમતિસૂચક માથું હલાવ્યું. માલાસિંઘ ગંભીર થઈને બોલ્યો, 'બોધન, તમે આ કોઈ નવી વાત નથી કહી રહ્યા. બધા જ જાણે છે એવી આ વાત છે. પરંતુ તું જાણે છે કે મૂળ વાત શું છે ? ખરેખર તો તારો પોતાનો જ વિશ્વાસ ડગી ગયો છે, અને એથી તું બીજાને ભડકાવે છે. યુદ્ધમાં હારવાનું, જીતવાનું તો આવ્યા જ કરે. આપણે યુદ્ધ આદર્યું છે, એટલે આપણે મનોબળ ટકાવી જ રાખવું જોઈએ. તેં અને તારા સાથીઓએ પોતાનું મનોબળ ગુમાવીને શત્રુની હિંમત વધારી મૂકી છે. આ તમે સારું નથી કર્યું.'

બોધને કહ્યું, 'આ તમે શું બોલી રહ્યા છો, સરદારજી ? કંપનીએ આપણને રોજગારી આપી છે. એને આપણે શત્રુ કેમ કહી શકીએ ? કંપની આપણી મિત્ર જ છે. અને ઘેલનની માલિક પણ તે જ છે. જે કંઈ આપવાનું હશે એ કંપની જ આપશે; સરકાર કાંઈ આપવા નથી આવવાની.'

ગયાસુદ્દીને કહ્યું, 'આ બધી બાબત કોણ નથી જાણતું ? પરંતુ જો તમે લોકો કંપની પાસેથી કોઈ લાભ અપાવી શકો તેમ છો, તો અપાવતા કેમ નથી ? તમે લોકો યુનિયનની જવાબદારી ઉઠાવી લો; અમે આ જ ઘડીએ તમને સર્વસ્વ સોંપી દઈએ. બોલો, તૈયાર છો ?' બોધન કશું બોલ્યો નહીં, એટલે ગયાસુદ્દીને આગળ ચલાવ્યું, 'સારું જ છે, આપણે શા માટે લડવું જોઈએ ? વગર લડ્યે જ માગણીઓ મંજૂર થાય, એવી આશાએ તો આપણે થોભ્યા છીએ. સાહેબ ઉપર તારી પણ વગ છે એ તો સારી જ વાત છે. ગમે તે એક નિર્ણય કરી લે.'

બોધન ખૂબ ધીમેથી બોલ્યો, 'હું કશું જ નહીં કરી શકું.'

'કેમ ?' ગયાસુદ્દીને પૂછ્યું, 'હમણાં તો કહેતો હતો કે કંપની સાથે સુમેળ રાખી માગણીઓ મંજૂર કરાવવી જોઈએ. અમે લોકોએ હજી સુધી શું કર્યું છે ?'

બોધન પકડાઈ ગયો. પોતાનો બચાવ કરતાં બોલ્યો, 'યુનિયન તો ત્રાસવાદીઓ સાથે ભળી ગયું છે...'

'અહીં ત્રાસવાદી કોણ છે, બતાવ !'

'પેલા લોકો, પેલા, જે વચમાંવચમાં આવતા રહે છે એ લોકો. અને ચેટર્જી...'

ગયાસુદ્દીન હવે હો. હો. કરતો હસી પડ્યો અને બોલ્યો, 'આવી જૂઠી વાતો ના કર, બોધન ! અહીં તો નહેરુજી પણ આવી ગયા. નહેરુજી તો મોટા સાહેબ સાથે ચા પીને ગયા.'

'નહીં, નહીં, હું નહેરુ વિરુદ્ધ તો શા માટે એવું બોલું ?' બોધન મંદ અવાજે બોલ્યો.

'તો પછી કોણ, ગોસ્વામી ?' બલાઈ ચાંદબાબુ ? આ લોકો ત્રાસવાદી છે એવું તને કોણે કહ્યું ? એ લોકો તો કૉંગ્રેસી છે અને ચેટર્જી તો ક્યારનોય ત્રાસવાદીઓથી છૂટો થઈ ગયો છે.

એને તો રોજ તું મળે છે. પોલીસ પણ કેટલીય વાર એની ઝડતી લઈ ગઈ, નીકળ્યું કશું એની પાસેથી ? જૂઠું બોલીને શા સારુ લોકોને ભડકાવે છે ?'

બોધન હવે એકદમ લાચાર જેવો બની ગયો. એકદમ સરળ ભાવે બોલ્યો, 'આપની સાથે દલીલ કરવાની શક્તિ મારામાં નથી, ગયાસુદ્દીન સાહેબ ! મારામાં બુદ્ધિ ઓછી છે. સિંઘજી પાસે જાઉં છું, તો ત્યાં પણ ચૂપ થઈ જાઉં છું. અહીં આવું છે, ત્યારેય એવા જ હાલ થાય છે. પરંતુ યુનિયનની વાત જુદી છે. સાચું કહું તો યુનિયન પરથી મારો વિશ્વાસ ઊઠી ગયો છે. કેમ, એનો જવાબ તો આપી શકાતો નથી; પરંતુ કેવળ મારી જ નહીં ઘણા લોકોની આવી મનોદશા છે. યુનિયન હારી ગયું છે.'

ગયાસુદ્દીને કહ્યું, 'બરાબર કહી રહ્યો છે કે અશ્રદ્ધા આવી ગઈ છે. આપણે એ જ પ્રશ્નની ચર્ચા કરી રહ્યા છીએ. શું કરવું જોઈએ, બોલ ! હડતાળ પાડીએ તો સાથ આપશો કે નહીં ?'

બોધન મૂઢ જેવો થઈ જતાં બોલ્યો, 'કેમ કહી શકાય કે હડતાળ પાડવાથી કંઈ થશે; મને તો વિશ્વાસ નથી બેસતો.'

ગયાસુદ્દીને કહ્યું, 'અમે પણ ખરેખર હડતાળ પાડવા ઇચ્છીએ છીએ એમ માને છે ? ના, એમ કરવું નથી જ ગમતું, પરંતુ એ ન કરીએ, તો બીજો રસ્તો પણ શો છે ?

બોધન કશું બોલ્યો નહીં.

એ પછી ગયાસુદ્દીન ભારપૂર્વક બોલ્યો, 'જો બોધન ! આપણે ઈચ્છીએ યા ના ઇચ્છીએ, હડતાળ તો પડવાની જ છે. તને વિશ્વાસ ના બેસતો હોય, તો ભલે ના બેસે; પરંતુ હડતાળ વિરુદ્ધ પત્રિકાઓ ન કાઢતો ! યુનિયનવિરોધી પત્રિકાઓ પણ કાઢતો નહીં. તેં પોતે તો કોઈ પત્રિકાનું લખાણ લખ્યું નથી. બીજા લોકો તારો હાથાની જેમ ઉપયોગ કરે છે. એક દિવસ તું જ આફતમાં ફસાઈ જશે. નેપાળી મંદિરની વાત તને જરૂર યાદ હશે. એવી ભૂલ બીજી વાર ન કરતો. સિંઘ અને ટાઉલર ત્યારે ક્યાં ચાલ્યા ગયા હતા ? આ વાત યાદ રાખજે. હવે જા, ઘેર જઈ બરાબર વિચાર કરજે.'

બોધન તો ચાલ્યા જવાની રાહ જ જોઈ રહ્યો હતો. કોઈ પણ રીતે ભાગી છૂટવાથી જ બચી શકાશે એમ તેને થયા કરતું હતું. કોઈનેય કશું કહ્યા વિના તે ચાલવા જ માંડ્યો.

બોધન વિદાય થતાં જ યુનિયનનું કાર્યાલય કાર્યરત બની ગયું.

માલાસિંઘે પૂછ્યું, 'તમે માનો છો કે બોધન બોધપાઠ લેશે ?'

ગયાસુદ્દીને જવાબ આપ્યો, 'ન પણ લે, એથી શું થઈ ગયું ? આપણે તો આપણું કામ કર્યા કરવાનું જ.'

માલાસિંઘે કહ્યું, 'તમારી વાત બરાબર જ છે. આપણે આપણી કારોબારી સમિતિની બેઠક કાલે જ બોલાવવી જોઈએ. હડતાળ પાડવાનો નિર્ણય કરવામાં કોઈનેય કશો વાંધો નહીં આવે, એ ચોક્કસ વાત છે. જલદી જ નોટિસ આપી દેવી જોઈએ.'

પ્રધાને કહ્યું, 'બોધનની વાત ખોટી તો નથી જ, લોકો અધીરા થઈ ગયા છે. પરંતુ મને રોષ એ વાતનો આવે છે કે એ લોકોને ભડકાવી રહ્યો છે.'

ગયાસુદ્દીન બોલ્યો, 'ગુસ્સો મહાપાપ છે, એને તો છોડવામાં જ કલ્યાણ. આપણા ઉપર એક મહાન જવાબદારી આવી પડી છે. એ ઉઠાવવા માટે આપણામાં ધીરજ, સહનશીલતા, નિર્મળ વિચારણા તથા શ્રદ્ધાની આવશ્યકતા છે. હું કેટલાય દિવસથી અહીં બરાબર ફરતો રહું છું. મને ખાતરી થઈ ગઈ છે કે મજૂરો આપણને દગો નહીં દે.'

પ્રધાન બોલ્યો, 'હું પણ એમ જ માનું છું.'

ત્રણે જણા વાતચીત કરતા ચાલવા લાગ્યા; જ્યારે બરૂઆ પોતાના કામમાં લાગી ગયો.

32

પહેલી માર્ચનો દિવસ હતો. રિફાઇનરી, કૂવા તથા ઓફિસ બધી જગ્યાના સૌ કામદારોને છૂટા કરવાની નોટિસ અપાઈ ગઈ. એમાં યુનિયનના કાર્યકરો પણ આવી જતા હતા. કોઈને છોડવામાં ન આવ્યા. કંપનીનો પરમ પ્રિય કર્મચારી ગયાસુદ્દીન પણ આ હુકમમાંથી છટકી શક્યો નહોતો.

યુનિયનની કારોબારીએ આ અગાઉ હડતાળની નોટિસ આપી હતી. એમાં જણાવવામાં આવ્યું હતું કે તપાસ અદાલતના ચુકાદા મુજબ, કંપની અમુક દિવસોમાં જો મજૂરોની માગણીઓ મંજૂર નહીં કરે, તો કામદારધારા અનુસાર, મજૂરોને હડતાળ પાડવાની ફરજ પડશે. પરંતુ આ નોટિસની મુદત પૂરી થવાના એક દિવસ પહેલાં જ કંપનીએ કામદારોને છૂટા કરી દીધા.

ચારે બાજુ હાહાકાર મચી ગયો. છૂટા કર્યાની ખબર મળતાં જ, લોકો પોતાની મેળે જ યુનિયનની ઓફિસમાં ભેગા થવા લાગ્યા. બધાના જ મનમાં વેદના તથા શંકા હતી, હવે શું થશે ? કાર્યકર્તાઓએ નિશ્ચિત દિવસથી હડતાલ પાડવા માટે નિર્ણય મુજબ જોરશોરથી પ્રચાર કર્યો હતો. કેવળ એક આ શહેરમાં જ નહીં, આજુબાજુનાં સ્થળોએ પણ પ્રચાર ચલાવવામાં આવ્યો હતો. મજૂરોની બરાક, વસ્તી, બજાર, દુકાન આદિ તમામ સ્થળોએથી આ નિર્ણયને લોકોનું સમર્થન સાંપડ્યું હતું.

છટણીની ખબર મળતાં જ, કાર્યકર્તાઓને લાગ્યું કે છટણીની નોટિસ સ્વીકારવી નહીં અને હડતાળ પાડવી એ જ વધુ ઉચિત છે. આથી બમણા ઉત્સાહથી એ લોકો સ્વયંસેવકોની ભરતી કરવી વગેરે કામોમાં લાગી ગયા.

યુનિયનની ઓફિસમાં એકઠા થયેલા લોકો સહિત, મેદાનમાં એક વિરાટ સભા યોજવામાં આવી. આટલી મેદની તો ખુદ જવાહરલાલ નહેરુની સભામાં પણ એકત્ર નહોતી થઈ. આ સભામાં અચોક્કસ મુદતની હડતાળ પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો. માગણીઓ પૂર્વવત્ જ રહી, વધુમાં છટણી કરવામાં આવેલા મજૂરોને પુનઃ કામ પર લેવાની માગણી કરતો એક પત્ર મોકલવામાં આવ્યો.

યુનિયન જયારે આ કાર્યમાં રત હતું, એ અરસામાં ઝેબુન્નિસાની હાલત બહુ જ ખરાબ થઈ ગઈ હતી. કેટલાય દિવસથી એણે ખાવાપીવાનું છોડી દીધું હતું. જે દિવસથી નસીરઉદ્દીનનું મન મક્કા જવા વિચારવા લાગ્યું, તે દિવસથી જ, આવી રહેલી એકલતાની ફિકરમાં ઝેબુન્નિસાનું અંતર વિદીર્ણ થઈ ગયું હતું. અને જે દિવસે નસીરઉદ્દીન પોતાનો સામાન બાંધીને સ્ટેશન જવા તૈયાર થઈ ગયો, એ દિવસે તો એને રોકી દેવાના વ્યર્થ પ્રયત્નોમાં હતાશ થયેલી ઝેબુન્નિસા મનની સ્થિરતા ગુમાવી બેઠી હતી. આગલે દિવસે નળેથી પાણી ભરીને આવતાં એ લપસી પડી હતી અને તેના પગ તથા પેટમાં સખત વાગી જતાં બેહોશ થઈ ગઈ હતી.

નસીરઉદ્દીને ગાંસડાપોટલાં બાંધવાનાં માંડી વાળી, પન્નૂને ખબર આપ્યા. પન્નૂએ તરત જ ડાક્તરને બોલાવ્યા અને એ લોકો ઝેબુન્નિસાને હૉસ્પિટલમાં લઈ ગયા. જતી વખતે એ ભાનમાં હતી. એણે નસીરઉદ્દીનને કહ્યું, 'દાદાજાન, તમે જાઓ નહીં ! તમે ચાલ્યા જશો, તો કેવી રીતે રહી શકવાની હતી ?'

નસીરઉદ્દીને કહ્યું, 'ઝેબુન્નિસા, આટલો બધો શોક શા માટે કરે છે ? દુનિયામાં કોઈ કોઈને પકડી રાખી શકતું નથી. મુસલમાન છું, તો એક વાર હજ કરી આવું એ જરૂરી કહેવાય. કોણ જાણે છે કે કેટલું જીવીશ ?'

ઝેબુન્નિસા બોલી, 'બધું જ સમજું છું, પરંતુ મન નથી માનતું.'

ઝેબુન્નિસાને છોડીને ચાલ્યા જવું દુષ્કર હતું. અત્યારે તો એ જ નસીરઉદ્દીનનું સર્વસ્વ હતી. સાથી પણ તે જ હતી, અને પૌત્રી પણ એ જ હતી. પરંતુ કુરાનના આદેશનું પાલન કરવાની પણ તેની ફરજ હતી. જિંદગીમાં કેટલાંય પાપ કર્યા હશે, કોમ જાણે છે ? અને આ પાપી શહેરની એના મનમાં ઘૃણા આવી ગઈ હતી. મૃત્યુ નજીક આવી રહ્યું હતું. એથી ધર્મની આજ્ઞાનું પાલન કરવું અનિવાર્ય હતું. સંસારની માયામાં બંધાઈને કેદી જેવું જીવ્યા કરવું હવે સંભવિત નહોતું. જો એમ કરે તો કયામતના દિવસે એના હાલ બૂરા જ થાય. ઝેબુન્નિસાની સંભાળ અલ્લાને હાથ સોંપીને, પોટલી ઉઠાવી તે જવા માટે તૈયાર થઈ ગયો.

એ જ વખતે સમાચાર મળ્યા કે યુનિયને હડતાળની ઘોષણા કરી દીધી છે. બીજી તારીખની મધરાતે, બાર વાગ્યાથી શહેરનું તમામ કામકાજ થંભાવી દેવાનું હતું. રિફાઇનરી, ખાણ, ઑફિસ બધું જ એ ઘડીથી નિશ્ચેતન થઈ જવાનું હતું.

આ સમાચાર લઈને ચંડી આવ્યો હતો. ચંડીના મનમાં કશો વૈરાગ્ય આવ્યો નહોતો, એથી ઊલટું, એના મનમાં એક પ્રકારનો ઉત્સાહ હતો.

'તમે હવે ન જઈ શકો, નસીરઉદ્દીન સાહેબ ! અમને આપત્તિમાં છોડીને હજ કરવા જશો, તો તમને ત્યાં શાંતિ નહીં જ મળે. તમે અહીં જ રહો. તમે નહીં હો તો નીચલા વર્ગના મજૂરોનું હિત સાચવનાર કોઈ નહીં હોય.' પછી તેણે સમજાવટની ભાષામાં ઉમેર્યું, 'તમે રોકાઈ જ જાઓ ! હડતાળ સફળ થયા બાદ, તમે આ પાપી શહેર છોડીને અચૂક ચાલ્યા જજો.. હું પણ ચાલ્યો જ જવાનો છું. પન્નૂને ભગવાનના હાથમાં સોંપીને...'

'હું પણ એ જ કરી રહ્યો છું. ઝેબૂને અલ્લાને ભરોસે છોડી દીધી છે. અને...'

અને.. બને કંઈ જ નહીં, તમારે રોકાવું જ પડશે' ચંડીના અવાજમાં દૃઢતા હતી. સ્તબ્ધ બની ગયેલો નસીરઉદ્દીન ડોસો બગલમાં પોટલી લઈ ચંડીની સામે ઊભો રહ્યો. એક બાજુ મજૂરોનો પોકાર હતો; બીજી તરફ અલ્લાનું આવાહન, શું કરવું એ નક્કી થઈ શકતું નહોતું. કેવળ ચંડી જ નહીં, ગયાસુદ્દીન તથા ઇસ્માઇલ પણ તેને રોકી પાડવા આવ્યા. ડાક્ટર પણ સમજી ગયા હતા કે ઝેબુન્નિસા આ જ વાતની ચિંતા કરી રહી હતી.

પરંતુ સંસારનું આહ્વાન મોટું કે ધર્મનું ? નસીરઉદ્દીને વિચાર્યું ને નિર્ણય ઉપર આવ્યો કે ધર્મનું જ.

બધાંની જ વિનંતીઓ અવગણીને નસીરઉદ્દીને અલ્લાનો આદેશ માની લીધો. ચંડી તથા બીજા લોકો લાચાર થઈને પાછા ફરી ગયા અને નસીરઉદ્દીન સ્ટેશન જવા તૈયાર થઈ ગયો. ટ્રેનનો સમય પણ થઈ જવા આવ્યો હતો એટલે તે ઉતાવળ કરી રહ્યો હતો. બરાબર એ જ ઘડીએ અહમદસાહેબ તથા મૌલવી સાહેબ આવી પહોંચ્યા. તેમણે જણાવ્યું કે સ્ટેશનથી મોટર આવી ગઈ છે અને દિલ્હીથી ખબર આવ્યા છે કે આ વર્ષે હજ-યાત્રા નહીં થઈ શકે. વિશ્વયુદ્ધનો શંખનાદ વાગી ચૂક્યો છે, અને કોઈ ઘડીએ મધ્ય પૂર્વમાં લડાઈ ફાટી નીકળે એ કહી શકાય તેમ નથી. એ સંજોગોમાં સરકારે હજની મનાઈ ફરમાવી છે.

નસીરઉદ્દીનના હાથમાંથી પોટલી નીચે પડી ગઈ. તેને થયું, અલ્લાની ઇચ્છા અચૂક કંઈક જુદી જ છે. તત્કાળ ડોસાનું હૃદય ઝેબુન્નિસા માટેની લાગણીથી રડી ઊઠ્યું. અહમદસાહેબ તથા મૌલવી સાહેબને વિદાય કરીને તે સીધો હૉસ્પિટલ જવા ઊપડ્યો. ઝેબુન્નિસા તેની જ પ્રતીક્ષા કરી રહી હશે એ તે બરાબર સમજતો હતો.

એવાય દિવસો હતા જ્યારે ઝેબુન્નિસા સૌંદર્યની એક જ્વાળા હતી; એના હૈયામાં અપૂર્વ થનગનાટ હતો પરંતુ ત્યારે તે પોતાની જાતને નહોતી ઓળખતી. એ એટલું જ જાણતી કે સાહેબલોકોની કામવાસના સંતોષવાના એક સાધન તરીકે જ તેનું આખું જીવન વીતી જવાનું. એના ચિત્તમાં કોઈ સુવિચારનો સંચાર શક્ય નહોતો. મીનુબાઈએ એના પ્રત્યે સગી બહેન જેવો સ્નેહ દાખવીને તેના અંતરાત્મામાં સુવિચારનો અંકુર રોપ્યો હતો. જ્યારે નસીરઉદ્દીને અમૂલ્ય પ્રેમ વડે ઝેબુન્નિસાને પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવામાં કીમતી સહાય કરી હતી. આ ડોસાના પ્રેમે જ એને કામવાસનાના નરકમાંથી છોડાવી હતી. મુક્ત થઈને, ઇતર માર્ગે આજીવિકા રળવાનો પ્રયત્ન પણ તે આદરી ચૂકી હતી. પોતાનું નારીત્વ વિકસિત થવાની સાથેસાથે જ જીવનને પ્રકાશિત કરી મૂકનારા પ્રથમ પ્રેમનું સુમધુર રહસ્ય પણ પ્રગટ થયું. પરંતુ ઇસ્માઇલે તેનો અસ્વીકાર કર્યો, એટલે રહસ્યનું આ માધુર્ય ધીમેધીમે આત્મઘાતી વિષાદમાં પલટાઈ રહ્યું. ઇસ્માઇલના અસ્વીકાર પાછળ કારણભૂત હતી તેના પૂર્વજીવનની વેશ્યાવૃત્તિ. એમાંથી સર્વથા મુક્ત થવા માટે તેણે સતીવ્રતનો સ્વીકાર કર્યો. પરંતુ કઠોર આત્મસંયમના પાલનની સાથેસાથે જ હૃદયમાં અસહ્ય મનોવેદના પણ જાગી ઊઠી હતી. આ મનોવેદનાએ એના દેહને જલાવી દીધો હતો. શૂન્યતા તથા વિષાદથી એનો દેહ પાંદડાની જેમ સુકાતો ચાલ્યો. કેવા પ્રકારની માંદગી કઈ રીતે શરૂ થઈ એ હવે સમજવું પણ દુષ્કર હતું. નાનાંમોટાં કારણોએ રોગ તો થાય, પરંતુ મનોયાતનાએ એને એકદમ રુગ્ણ બનાવી મૂકી.

નસીરઉદ્દીન ઝેબુન્નિસાના આ સતીત્વ પાછળ રહેલા આધ્યાત્મિક સંગ્રામને સારી રીતે સમજી શકતો હતો. એના સિવાય ઝેબુન્નિસાની વાત કોઈ નહોતું જાણતું. એથી જ નસીરઉદ્દીનની

અનુપસ્થિતિ એને માટે ક્ષણ માત્ર પણ સહ્ય નહોતી. તેણે જયારે નસીરઉદ્દીનનો હજ પર જવાનો નિર્ણય જાણ્યો, ત્યારથી એની ચિંતા એક અસહ્યતમ યાતનામાં પરિણમી હતી.

નસીરઉદ્દીન ઝડપી પગલે હૉસ્પિટલ તરફ ચાલવા લાગ્યો. પ્રલંબ સડક જાણે મરેલો સાપ પડ્યો હોય એટલી નિર્જન બની રહી હતી. શહેરમાં ન બનવા જેવું બની ગયું છે. સાહેબલોકના સ્વામિત્વ ઉપર મજૂરશક્તિએ ઘા કર્યો છે. સેતાનની શક્તિ સામે ઈશ્વરીય શક્તિએ આમ સફળ પ્રતિકાર કર્યો છે. એક જ વર્ષની મુદતમાં તો શહેરનાં સરોવર, ટેકરા સૌના પાયા હચમચી ઊઠ્યા છે. એનો અર્થ એ કે માનવીના સત્ય આચરણની શક્તિ હજી નાશ નથી પામી.

નાશ નથી પામી ?

આ નગર એક રોગગ્રસ્ત શરીર જેવું જ છે. આ વખતે હજ તો ન થઈ શકી, પરંતુ ન થઈ એથી શું થયું ? આ શહેરનાં તમામ પાપો સંભવત: ધર્મકાર્યોની જવાળામાં બળીને ભસ્મ થઈ જશે. આ કાર્ય પણ ઝેબુન્નિસાના સતીત્વના બળ જેવું જ છે, એક દુષ્કર સાધના છે.

33

મિસિસ ફ્લેમિંગ નાગપ્રદેશના જપપુર ગામનો પ્રવાસ કરી આવી હતી અને એક નિબંધ લખવાની સામગ્રી એકત્ર કરી આવી હતી. આ વખતે તે દુર્ગા તથા નયનમણિ બંનેને સાથે લઈ ગઈ હતી. અનેક તસવીરો પણ એ પ્રદેશમાંથી પાડી લાવી હતી. એ લોકો નાગ લોકના કન્યાક ગામમાં એક અઠવાડિયું રોકાયાં હતાં. 'ગેના' વિશે પણ મિસિસ ફ્લેમિંગે એક સમૃદ્ધ લેખ લખ્યો હતો. આમ પાછાં ફરતાં એ લોકનાં મન તથા પ્રાણ આનંદથી થનગનતાં હતાં. નયનમણિ નાગલોકનું ગીત શીખી રહી હતી. દુર્ગાએ સૌના સામાનની જવાબદારી સંભાળી હતી. ગામ સુધી મોટર પહોંચી શકતી નહોતી, એથી સારું એવું અંતર એ લોકોએ પગે ચાલીને કાપવું પડ્યું હતું.

પરંતુ દિગબઈ શહેરમાં પહોંચતાં જ એ લોકને લાગ્યું કે આનંદપુરીમાંથી એ લોક કોઈ વિષાદનગરીમાં આવી પહોંચ્યાં હતાં. શહેર નિશ્ચેતન હતું. યંત્રો, કારખાનાં, દુકાનો, બજાર બધું જ બંધ હતું. સંધ્યાકાળ થવા આવ્યો હતો. ઝરમર ઝરમર વરસાદની મોસમ હતી. પાછાં ફરતાં માર્ગમાં જે આસામી ગામડાં આવ્યાં, એમાં 'બોહાગ બિહુ'ના ઉત્સવનું વાતાવરણ જામ્યું હતું. લોકો ઢોલ-શરણાઈ બજાવતા 'હુસોરી'ની રિયાઝ કરી રહ્યા હતા.

આવી પરિસ્થિતિમાં મેમસાહેબા પોતાના એકાંત બંગલે પાછી ફરી હતી.

વૃદ્ધ માળીએ ફાટક ખોલતાં સલામ કરી. ગાડી અંદર લઈ જઈને, મેમસાહેબાએ પાછલી બેઠક પરથી નયનમણિને નીચે ઉતારી. પછી પોતે ઊતરી, અને હુકમની રાહ જોતા ઊભેલા માળીને પૂછ્યું, 'શું બની ગયું છે, માળી ?'

'હડતાલ મેમસાહેબા, બધું જ બંધ, કારખાનાં, દુકાન, બજાર, ઑફિસ...

'બંધ ?'

'હા, સાહેબના બંગલાના રસોઈયા-નોકર કોઈ પણ બાકી નથી. બધા જ હડતાલ ઉપર ઊતરી પડ્યા છે.'

મેમસાહેબાને બરાબર ભૂખતરસ લાગ્યાં હતાં. એણે નયનમણિને કહ્યું, 'જા નયનમણિ, કંઈક ખાવાની વ્યવસ્થા કર. હું અહીં ઘડીક બેસું. તું જો, કશું છે કે નહીં ?'

મેમસાહેબા દાદર ચઢી, ડ્રોઈંગરૂમમાં જઈ બેઠી. નયનમણી અંદર ગઈ. દુર્ગા ઉપર જઈ, વરંડામાં ઊભો ઊભો મેમસાહેબાના આદેશની રાહ જોવા લાગ્યો. મેમસાહેબાનો કાળો આલ્સેશ્યન કૂતરો આવીને એનાં પગ પાસે ઊભો રહ્યો. એના ચહેરા ઉપર પણ વિરહનું દર્દ હતું. મિસિસ ફ્લેમિંગે શરીર પર હાથ પસવારી થોડો પ્યાર કરી લીધો, એ પછી ટેબલ પર પડેલું ચોથી એપ્રિલનું 'સ્ટેટ્સમેન' અખબાર ઉઘાડ્યું :

'રેડઝ સીઝ ધ ટાઉન'

'શહેર ક્રાન્તિકારીઓના કબજામાં'

પાંચ કોલમનું પ્રચંડ મથાળું વાંચતાંવાંચતાં જ મિસિસ ફ્લેમિંગને શ્વાસ બંધ થઈ જતો હોય એવી ગૂંગળામણ થઈ. લખ્યું હતું, કાવતરાખોરોએ શહેર ઉપર કબજો જમાવી દીધો છે. યંત્રો, કારખાનાં, દુકાન, બજાર બધું જ બંધ થઈ ગયું છે. મેમસાહેબાને તો વિશ્વાસ જ ન આવ્યો આવું બને જ નહીં !

તે ફોન કરવા ઊઠી. પહેલાં હિગિન્સને ફોન જોડ્યો. હિગિન્સ નહોતો. એ પછી ટાઉલર, જિલાપોસી, ટેન્સ એક પછી એક બધાને ફોન કર્યા, પરંતુ કોઈ પોતાને બંગલે નહોતા.

મેમસાહેબાએ ફોન મૂકી દીધો. મનમાં ક્રોધ તથા કંટાળો બંને લાગણીઓ ધસી આવી. એટલામાં જ નયનમણિએ પુનઃ પ્રવેશ કર્યો. એનો ચહેરો ઊતરી ગયો હતો. એ બોલી, 'મેમસાહેબા, ચાની પત્તી તો છે, પણ ખાંડ નથી.

બ્રેડ છે, પણ માખણ નથી. ફળોમાં કેવળ કેળાં છે. મોળી ચા પી શકો તો બનાવી દઉં.'

કંટાળા સાથે મેમસાહેબાએ જવાબ આપ્યો, 'જે હોય તે લાવ !' નયનમણી પાછી અંદર ચાલી ગઈ. મિસિસ ફ્લેમિંગ એમ જ બેસી રહી. એનું હૃદય જોરજોરથી ધડકી રહ્યું હતું, તો બીજી બાજુ થાકથી આંખો ઘેરાવા લાગી હતી. એણે દુર્ગાને બૂમ મારી કહ્યું, 'દુર્ગા, મોટરમાં શેમ્પેનની એક બોટલ છે એ લઈ આવ !'

નીચે જઈને થોડી જ વારમાં દુર્ગા બોટલ લઈ આવ્યો ને મેમસાહેબા સામે મૂકી. પછી એક ગ્લાસ પણ લઈ આવ્યો. મેમસાહેબા એક ગ્લાસ શેમ્પેન ગટગટાવી ગઈ, પછી એણે દુર્ગાને કહ્યું, 'તું ગાડી લઈને શહેરમાં જા, અને જોઈ આવ કે શહેરમાં શું બની રહ્યું છે ! થોડી ખાવાની સામગ્રી પણ લઈ આવજે. ખાંડ, બ્રેડ, માંસ જે કંઈ મળે તે લેતો આવજે.'

દુર્ગા થોડી વાર વિચારમગ્ન ઊભો રહ્યો પછી ધીરેથી બોલ્યો, 'મોટર ન લઈ જાઉં એ જ સારું રહેશે, મેમસાહેબા !'

'કેમ ?' મિસિસ ફ્લેમિંગે આશ્ચર્યથી પૂછ્યું.

'મોટર લઈ જઈશ, તો દુકાનદારો ઓળખી લેશે. રસ્તામાં સ્વયંસેવકો મળ્યા, એ જોયા ને ? કોણ, ક્યારે, શું કરી બેસે એનું કંઈ કહેવાય નહીં.'

દુર્ગા ખોટું નહોતો કહેતો. મેમસાહેબાએ વળી એક ગ્લાસ શેમ્પેન પી લીધો અને પછી બોલી, 'ઠીક છે, તો ચાલતો જ જા ! સામાન લાવવા સાથે વીસેક રૂપિયા લેતો જજે.' એમ બોલી, બેગમાંથી એણે રૂપિયા કાઢી દુર્ગાને આપ્યા.

પૈસા લઈને દુર્ગા ચૂપચાપ બહાર નીકળ્યો. મેમસાહેબા એની પાછળ તાકી રહી. ખાખી કપડાં હેઠળ ઢંકાયેલા દુર્ગાના કાળા, નીચા દેહમાંથી આત્મવિશ્વાસની ઝલક પ્રગટતી હતી, પરંતુ મોં ઉપર ચિંતા છવાયલી હતી.

મિસિસ ફ્લેમિંગના કપાળ ઉપર કરચલીઓ ઉભરાઈ આવી, કંપનીએ કશીક ભયંકર ભૂલ કરી છે, નહીં તો આવું કેમ બને ? ટાઉલરના અમાનુષી સ્વભાવનો તો એને પરિચય હતો. મિસ્ટર ફ્લેમિંગ પણ ટાઉલર પ્રત્યે કેટલા અસંતુષ્ટ રહેતા એય તે સારી રીતે જાણતી હતી. મિસ્ટર હિગિન્સ પણ કદાચ એટલા જ દુ:ખી છે. હડતાલ પડે ત્યાં સુધી મામલો બીચકવા દેવો એ ગંભીર ભૂલ કહેવાય. કેવળ ભૂલ જ નહીં; એ શહેરમાં એક અસહ્ય ઝંઝાવાત ફાટી નીકળવાની તૈયારી દેખાય છે. આ વાત એ દુર્ગાની આંખોમાંથી કળી શકી હતી.

ત્યારે પશ્ચિમમાં સૂર્યાસ્ત થઈ રહ્યો હતો. ચારેકોર સૂમસામ હતું, ભયાનક નિર્જનતા વ્યાપી હતી. આમ તો અહીંતહીં સર્વત્ર લોકટોળાં જમા થતાં હતાં; પાસે તથા દૂર સર્વ બાજુ માણસો હતાં. પરંતુ અંગ્રેજો હાથે કરીને જ એ લોકોથી દૂર જઈ રહ્યા હતા. આમેય અંગ્રેજ અમલદારો સામાન્ય ભારતીય નાગરિક સાથે કોઈ પણ પ્રકારનો સામાજિક વ્યવહાર રાખતા નહોતા. આજે હડતાળ પડતાં જ, દૂરત્વના અવકાશમાં વર્ગસંઘર્ષ ભડકી ઊઠ્યો હતો. વળી આ સંઘર્ષ બીજા એક ભયંકર રાજકીય આપત્તિના કાળમાં જ ફાટી નીકળ્યો હતો. યુરોપમાં મહાયુદ્ધ સળગી ચૂક્યું હતું. કઈ ઘડીએ હિટલરની સેના પરદેશો પર આક્રમણ કરે એ કહી શકાય તેમ નહોતું. બીજી બાજુ, ભારતમાં પણ કૉંગ્રેસની લડત એની પરાકાષ્ઠાએ પહોંચી ચૂકી હતી. આવા સંજોગોમાં ટાઉલરની મજૂરો સાથે કામ લેવાની આ નીતિ અંગ્રેજોની પ્રતિષ્ઠા ધૂળમાં મેળવી દે એવી હતી. અંગ્રેજોની માનવતા તથા સંસ્કૃતિને પણ એ નામશેષ કરી મૂકે તેમ હતું. પશ્ચિમના માનસપટ ઉપર પણ એક સૂર્યાસ્ત દેખાઈ રહ્યો છે. એ પછી અંધકાર જ, અમાવસ્યા જેવો ઘોર અંધકાર જ છવાઈ જવાનો.

આવા વિચારમાં અટવાતી મિસિસ ફ્લેમિંગ લાંબો વખત સ્થિર બેસી શકી નહીં. એ નીચે જઈને મોટરમાંથી પોતાની નોટબુક કાઢી લાવી, અને લાઇટ સળગાવીને પોતે લખેલું લખાણ વાંચવા લાગી.

એનું મન આ સંસ્કૃતિની દુનિયામાંથી દૂરદૂર ચાલી નીકળ્યું.

ત્યાં માનવીનું એક જુદું જ રૂપ પ્રગટ થતું હતું. આજે પણ જગતમાં એવાં સ્થળો છે; જયાં નગ્નાવસ્થા મનુષ્યનું આભૂષણ ગણાય છે. ઊંચા પહાડો પર ઊગી નીકળેલાં ઘનઘોર જંગલો વચ્ચે ઝૂંપડાં બાંધીને આ માનવીઓ વસે છે અને ત્યાં આખાં ને આખાં ગામ વસાવી દે છે.

તેઓનું જીવન એકદમ મર્યાદિત જરૂરિયાતોવાળું હોય છે; આશાઓ અને અરમાનો પણ એવાં જ સીમિત - એથી ત્યાંનો માનવી સ્વસ્થ, નિરામય જીવન જીવે છે. મિસિસ ફ્લેમિંગે વસંતોત્સવનું એક નૃત્ય પ્રવાસ દરમિયાન જોયેલું. યુવક-યુવતીઓના એ સમૂહનૃત્યથી ઝૂંપડાનું આંગણું જીવંત બની ઊઠ્યું હતું; અને કેવળ આંગણું જ નહીં પ્રેક્ષકોનાં ચિત્ત પણ ચંચલ બની ગયાં હતાં. પાકાં મકાન, વીજળી, મોટર, વિમાન એવી અદ્યતન સગવડો વિના જીવનારાં લોક પણ નિર્મળ આનંદનો અનુભવ કરી શકે છે, એની પ્રતીતિ આ નાગલોકોનાં સરલ જીવન જોતાં અચૂક થઈ જાય છે.

હા, ત્યાં રહેવાથી અનેક બાબતોથી અજ્ઞાત રહેવું પડે છે. ત્યાં ઝાઝું જ્ઞાન પણ પ્રાપ્ત નથી કરી શકાતું. પ્રકારપ્રકારની ચીજો પણ ત્યાં ન મળે. પરંતુ ત્યાં એક વસ્તુ ભરપૂર મળે છે અને એ છે આનંદ. આ શાપિત નગરથી દિવસો સુધી દૂર રહેવાને કારણે તે પોતાના દેહનો ગોરો વાન, જ્ઞાન, સામાજિક અસ્પૃશ્યતા બધી જ વાતો ભૂલી ગઈ હતી. આદિવાસી જીવનનો નશો પીને તે આત્મભાન ભૂલી ગઈ હતી. પરંતુ એ બધું જ આજે તો ક્ષણભરના મીઠા સ્વપ્ન જેવું બની ગયું. આજે પુન: દૃષ્ટિ સમક્ષ એક નિરસ નગર આવી ગયું હતું; જ્યાં વર્ગસંઘર્ષનું વેરઝેરભર્યું હૃદયવિદારક દૃશ્ય ભજવાઈ રહ્યું હતું.

'નયનમણિ, ઓ નયનમણિ !' મેમસાહેબાએ બેચેનીભરી બૂમ પાડી. ભૂખતરસની સાથેસાથે જ એને એકલતાની વેદના પણ પીડી રહી હતી.

નયનમણિ ટ્રેમાં ચા, બ્રેડ, કેળાં અને સંતરાં લઈને પ્રવેશી. મેમસાહેબાની અસ્વસ્થ દશા જોઈને એ હસીને બોલી, 'ચા પી લો, ચા પીવાથી સારું લાગશે.'

મેમસાહેબાને ચાની ટ્રેનાં દર્શન કરતાં કંઈક આશ્વાસનનો અનુભવ થયો. કપમાં ચા રેડીને તે બ્રેડ સાથે પીવા લાગી. એ સાથે જ બોલી, 'નયનમણિ, બેસ, આમાં વધારાની ચા છે એ તું પી લે !'

નયનમણિ તો મેમસાહેબાની આ ઉદારતા જોતાં જ આશ્ચર્યમુગ્ધ થઈ ગઈ. મેમસાહેબા એને પાસે બેસીને ખાવાનું કહે છે ! એ બોલી, 'હું આપની પાસે બેસીને ખાઉં એ યોગ્ય કહેવાય કે મેમસાહેબા ? હું શું આપને સમાન થવા યોગ્ય છું ?'

કંટાળા સાથે મેમસાહેબાએ જવાબ આપ્યો, 'નયનમણી, આ પ્રમાણે મેમસાહેબા બનીને રહેવાથી હું ત્રાસી ગઈ છું. તું બતાવશે કે કઈ બાબતમાં હું તારા કરતાં ચઢિયાતી છું ?'

નયનમણિ આ પ્રશ્ન સાંભળીને ચકિત થતાં બોલી, 'એ શું બોલ્યા મેમસાહેબા, આપ તો બધી જ બાબતમાં અમારાથી ઊંચાં છો; વિદ્યા, ગુણ, શક્તિ, આવડત બધી જ બાબતમાં, તેમ કુળમાં પણ આપ લોકનું લોહી ઊંચું ગણાય.'

ચા પીવાનું બંધ કરી, ભયંકર કંટાળા સાથે મિસિસ ફ્લેમિંગ બોલી, 'લોહી તો બધાંનું જ એકસરખું નયનમણી, ચીની હોય કો રશિયન હોય, અંગ્રેજ હોય કે હિંદુસ્તાની હોય, બધાંનું લોહી તો સરખું જ હોય. આ બધા ભેદભાવ જૂઠાણું છે. તું પણ મારા જેવી જ છે. તું પણ માણસ ને હું પણ માણસ. આવ બેસ ચા પી લે !'

મેમસાહેબાની વાતો સાંભળીને નયનમણિ અવાક્ થઈ ગઈ. તે વિચારવા લાગી કે આ તો ફક્ત મેમસાહેબાની માન્યતા છે. પરંતુ એમની આજ્ઞાનું તો પાલન કરવું જ રહ્યું. એટલે સંકોચાતી તે બેસી ગઈ. મેમસાહેબાએ પોતે જ કપમાં ચા બનાવીને નયનમણિને આપી. પોતાના નાસ્તામાંથી માખણ વિનાની બ્રેડ, કેળાં, સંતરાં બધું જ નયનમણિને આપતાં, તે બોલી, 'આજથી તારે મારી સાથે જ ખાવા પીવાનું. અમારા દેશમાં બધાં આમ જ સાથે ખાય છે. અહીં આવીને જ અંગ્રેજોને કોણ જાણે શું થઈ જાય છે એ સમજાતું નથી. એ લોકો માનવા માંડે છે કે 'અમે મોટા છીએ.' અરે, અહીં આવનારા બધા જ અંગ્રેજો શું ખરેખર મોટા હોય છે ? ના રે ના, મોટા ભાગના તો આ ટાઉલર જેવા જ નીચ. ઇજ્જતના ખોટા ખ્યાલથી ભારતીય ઉપર અન્યાય કરવામાં પાછી પાની નથી કરતા. હવે મને અહીં રહેવાનું નથી ગમતું નયનમણિ, હું જલદીમાં જલદી અહીંથી ચાલી જઈશ.'

મિસિસ ફ્લેમિંગના સરળ, મમતાભર્યા સ્વરે ઉચ્ચારાયલા શબ્દોથી નયનમણીનું હૈયું પીગળી ગયું. બ્રેડનું બટકું ભરતાં એ બોલી, 'મેમસાહેબા, અંગ્રેજલોક કદીય અમારી સાથે બેસીને આમ ખાય એવું મેં કલ્પ્યું નહોતું. અમને લોકને તેઓ સમાન શા માટે સમજે ? એ હું નથી કલ્પી શકતી. પરંતુ મેમસાહેબા, આપ અહીંથી ચાલ્યા શા માટે જવાનાં ? આપ ચાલ્યાં જશો, તો મને જરાય નહીં ગમે.'

નયનમણિની વાત સાંભળીને મિસિસ ફ્લેમિંગ હસવા લાગી અને બોલી, 'તું ઇતિહાસ નથી ભણી એટલે તને શું સમજાવું ? જો તું ઇતિહાસ વાંચે તો તને સમજાઈ જાય કે આજે જે જાતિઓ ઊંચી છે એ આવતી કાલે નીચી પડવાની જ. ઊંચી જાતિ નીચી જાતિનો તિરસ્કાર કરીને પોતાનું નૈતિક પતન નોતરી લે છે. એ લોકો સામાન્ય મનુષ્યની બાબતમાં તો વિચાર જ નથી કરી શકતા. અંગ્રજોની પણ એ જ દશા થવા લાગી છે. હું હવે અહીં રહીને શાંતિ પામી શકીશ નહીં.'

નયનમણિએ જીવનમાં પ્રથમ જ વાર આવી વાતો સાંભળી. જો પોતાના જ દેશવાસીઓ પાસેથી તેને આવી વાતો સાંભળવા મળી હોત, તો એ દેશી માણસની ગણીને માનવાનો ઇનકાર કરી દેત. પરંતુ આ તો મેમસાહેબા ખુદ કહી રહી હતી. એમની વાત પર અવિશ્વાસ કરવો મુશ્કેલ ગણાય. તેમાંય આ મેમસાહેબાની તો બધી જ વાત નિરાળી હોય છે. પોતાની શાદી પણ એમણે જ કરાવી આપેલી; બાકી પિતાજીનું વલણ કોણ જાણે કેવુંય હોત ! મોટાસાહેબની પત્ની છે એનો પણ કશો ઘમંડ એનામાં નથી. ખરેખર આ એક અસાધારણ સ્ત્રી છે; મનમાં આવે કે તરત ભારતીયોનાં ઘરે પણ પહોંચી જાય છે. જરૂર આ દુનિયામાં કશુંક પરિવર્તન આવી રહ્યું છે; નહીં તો મેમસાહેબાની જબાનેથી આવી વાણી નીકળે જ શી રીતે ? એણે પૂછ્યું, 'સાહેબલોક અને દેશી લોક શું કદીય સમાન બની શકશે ખરા, મેમસાહેબા ?'

મિસિસ ફ્લેમિંગે જવાબ આપ્યો, 'જરૂર થશે. બાકી આ બધાં આંદોલનોનો શો અર્થ ? પરંતુ જ્યારે તમે લોકો પોતે જ સમાન ધોરણે વિચારતા થશો, ત્યારે જ સમાન થઈ શકશો.

આવી વસ્તુ કોઈ કોઈને આપી શકતું નથી; એ તો જાતે જ પ્રાપ્ત કરવી પડે છે. આ લોકો જે કરી રહ્યા છે એ બરાબર જ છે.'

'કોણ ?' આશ્ચર્યથી નયનમણિએ પૂછ્યું.

'આ હડતાળ પાડવાવાળા.'

હવે તો નયનમણિના આશ્ચર્યનો પાર જ ના રહ્યો. અગાઉના મોટાસાહેબની ખુદ ઘરવાળી જ આવી વાત કરે છે, હડતાળને ટેકો આપે છે !

ખાવાનું પતાવીને મિસિસ ફ્લેમિંગ બોલી, 'આ લોકો જ એક દિવસ વિજયી બનવાના, પરંતુ એ ક્યારે બનશે એ હું ન કહી શકું; હું કાંઈ સર્વજ્ઞ નથી.' આટલું બોલીને મેમસાહેબા ડ્રોઈંગ રૂમમાં આંટા મારવા લાગી.

નયનમણિએ એક સંતરું છોલવા માંડ્યું.

નયનમણિ ઘણા વખત સુધી દુર્ગાની પ્રતિક્ષા કરતી રહી. પછી ડ્રોઈંગ રૂમમાંથી ઊઠીને એ રસોડામાં ચાલી ગઈ. દુર્ગાને માટે પણ કશુંક ખાવાનું તૈયાર રાખવાનું હતું. મિસિસ ફ્લેમિંગ સૂવાના ઓરડામાં ચાલી ગઈ હતી, પરંતુ એને ઊંઘ નહોતી આવતી. ઓરડામાંથી ખાંસીનો અવાજ તથા કશીક ન સમજાય તેવી વેદનાનો શબ્દ નયનમણીને સંભળાતો હતો. મનુષ્ય જયારે પોતાની વેદના વ્યક્ત કરવા અસમર્થ હોય, ત્યારે અજ્ઞાતપણે જે અસ્વાભાવિક શબ્દ નીકળી જાય છે એવો જ એ શબ્દોચ્ચાર હતો. આ સન્નારીને શું દુઃખ હશે એ સમજવું મુશ્કેલ હતું. એનું મન ખૂબ જ વિશાળ હતું અને એટલું જ સુંદર એનું હૃદય હતું. એનાથી અસમાનતા તથા અન્યાય સહન નહોતાં થઈ શકતાં. જાણે એકાએક કશુંક કરી બેસશે એમ લાગતું હતું. સુથાર લાકડાને રંદો ફેરવીને એકસરખું કરી નાખે; એવો રંદો માનવજાત ઉપર ફેરવી દેવો તો અસંભવિત છે. મેમસાહેબા એવું નથી વિચારતી; એ તો 'થવું પડશે નહીં પણ થશે જ' એવી વાત કરે છે. એના મનની આ પ્રબળ ઇચ્છા છે. ઇચ્છા સામે વિઘ્નો આવે ત્યારે અંતરમાંથી આવો અધીર અવાજ પ્રગટે છે. નયનમણિએ અગાઉ ક્યારેય આવો અવાજ સાંભળ્યો નહોતો.

નયનમણિ ઘણી વાર સુધી જાગતી પડી રહી. હજી સુધી દુર્ગાનો પત્તો નહોતો. એને થયું શું ? અગાઉ ક્યારેય તેણે આવો વિલંબ નહોતો કર્યો. ત્યાં એકાએક લાકડાની ફરસબંદી ઉપર કોઈના બૂટનો અવાજ આવ્યો. નયનમણિ કાન માંડીને એ અવાજ ઓળખવાનો પ્રયત્ન કરવા લાગી. તેને સમજાયું કે એ દુર્ગાના બૂટનો અવાજ નહોતો. તો પછી કોનો હશે ? આટલી રાતે મેમસાહેબાને મળવા કોણ આવ્યું હશે ? અગાઉ ક્યારેય કોઈ આ રીતે આવ્યું નહોતું.

કોઈ સીધું જ મિસિસ ફ્લેમિંગનો દરવાજો ખટખટાવી રહ્યું હતું. કુતૂહલ તથા ભયથી નયનમણિ ગભરાવા લાગી. એ હળવા પગે રસોડામાંથી બહાર આવી, ડ્રોઈંગ રૂમ તથા બેડ રૂમ વચ્ચેની જગ્યામાં આવીને ઊભી રહી ગઈ. નજર પડતાં જ તેનાં મોં-કાન ગરમગરમ થઈ ગયાં. નીચ પશુ જેવો જિલાપોસી મેમસાહેબાનો દરવાજો ખટખટાવી રહ્યો હતો. નયનમણિ સ્તબ્ધ બની ઊભી રહી.

થોડી વારમાં બેડરૂમનું બારણું ખૂલ્યું. અને મેમસાહેબાનો અવાજ સંભળાયો, 'આટલી મોડી રાતે અહીં શા માટે આવ્યા છો ?'

જિલાપોસીએ અંગ્રેજીમાં જે જવાબ આપ્યો, એ તો નયનમણિ બરાબર સમજી શકી નહીં. પરંતુ વાત કરવાના ઢંગ તથા હાવભાવ પરથી એ એટલું તો સમજી ગઈ કે તે મેમસાહેબા સાથે માનપૂર્વક તો નહોતો જ વાત કરતો.

થોડીવાર બંને વચ્ચે દલીલબાજી થતી સંભળાઈ. એ પછી જિલાપોસી ચાલ્યો ગયો.

નયનમણિને સમજાયું તો નહીં કે બન્યું શું. જિલાપોસી એની આગળથી જ ઝડપભેર નીકળી ગયો. તેને ખબરેય ન પડી કે એ અહીં ઊભી હતી.

જિલાપોસીના ચાલ્યા ગયા પછી, મિસિસ ફ્લેમિંગ બેડ રૂમમાંથી બહાર આવી, નયનમણિ પાસે આવી બોલી, 'નયનમણી, જો તો બોટલમાં શેમ્પેન છે ? મારું માથું ચકરાય છે.'

નયનમણિએ મેજ પર પડેલી બોટલ તરફ દૃષ્ટિ કરતાં જવાબ આપ્યો, 'હા, છે.'

'તો થોડી લાવ !' એમ કહી તે પુન: સૂવાના ઓરડામાં ચાલી ગઈ.

શરાબ લઈને નયનમણિ બેડરૂમમાં ગઈ, તો જોયું કે બિસ્તર ઉપર આડી પડેલી મેમસાહેબા કશુંક બબડતી હતી. નયનમણિ પાસેથી શેમ્પેનનો ગ્લાસ લઈ, ઘૂંટડો ભરતાં એ બોલી, 'તેં સાંભળ્યું કે ?'

'શું ?'

'જિલાપોસી પાછો લશ્કરમાં ચાલ્યો જાય છે. એને એવી નોટિસ મળી છે.'

નયનમણિ કશું બોલી નહીં, એટલે એની સરલ મુખમુદ્રા સામે તાકતાં મિસિસ ફ્લેમિંગ હસીને બોલી, 'તુંય ખરી છે !'

કેમ, મેમસાહેબા ?'

'જિલાપોસી સાહેબ લડાઈને મોરચે જઈ રહ્યા છે અને એની ખબર આપવા તેઓ મારી બેડરૂમમાં આવ્યા. કેવળ ખબર આપવા જ નહીં; મારે તેઓને વીરોચિત આલિંગન આપવું જોઈએ એવી માગણી પણ કરવા આવ્યા. કેવી ધૃષ્ટતા ?'

મેમસાહેબાએ એકી ઘૂંટડે શેમ્પેનનો ગ્લાસ ખાલી કરી નાખ્યો અને નયનમણિને ગ્લાસ પાછો આપતાં એ બોલી, 'સાંભળ નયનમણિ, તું પણ સ્ત્રી છે અને હું પણ સ્ત્રી છું; એટલે જો કોઈ પુરુષ ખરાબ વ્યવહાર કરે, તો એને કેવો જવાબ આપવો એ તું પણ જાણે છે ને હું પણ જાણું છું. લડાઈએ જિલાપોસીનું મગજ ખરાબ કરી મૂક્યું છે.'

નયનમણિએ આ વાતનો કશો જવાબ આપ્યો નહીં. મેમસાહેબાને ઉત્તરની કશી અપેક્ષા પણ નહોતી. નયનમણિ ગ્લાસ લઈને ચાલી ગઈ.

થોડી વાર પછી દુર્ગા પણ આવી પહોંચ્યો. એને થોડાં ઈંડાં ને બ્રેડ સિવાય કશું જ મળી શક્યું નહોતું. આ વસ્તુઓ પણ તે 'મજૂર સહાયક ભંડાર'માંથી માંગીને લાવ્યો હતો, બાકી પૂરા એક અઠવાડિયાથી દુકાન-બજાર બંધ જ હતાં. કોઈ ચીજ નહોતી મળતી.

નયનમણિના હાથમાં આ સામાન સોંપીને દુર્ગા ઘેર જવા તૈયાર થયો એટલે નયનમણિએ પૂછ્યું, 'કંઈ ખાવું નથી ?'

'ના, હું ઘેર જઈ આવ્યો. પન્નૂએ શીરો ખવડાવ્યો ને ચા પીવડાવી. આ સામાન કરકસરથી વાપરજે, નહીં તો મેમસાહેબાને તકલીફ પડશે.'

'મેમસાહેબાની તકલીફ' એ શબ્દ સાંભળતાં, નયનમણિનું ચિત્ત ખૂબ પ્રસન્ન થઈ ઊઠ્યું. દુર્ગાના અવાજ અને ભાવમાંથી મિસિસ ફ્લેમિંગ પ્રત્યેનાં અપાર આદર-અનુકંપા પ્રગટ થઈ રહ્યાં હતાં. નયનમણિ બોલી, 'એક વાતની તને ખબર છે, દુર્ગા ?'

'શું ?'

'આજે મેમસાહેબા પાસે જિલાપોસી આવ્યો હતો.'

દુર્ગા હસીને બોલ્યો, 'એમાં શું નવાઈ ? મેમસાહેબાને મળવા સાહેબો તો આવ્યા જ કરે.'

નયનમણિ ક્રુદ્ધ ભાવે બોલી, 'અગર એવી રીતે મારી પાસે આવે ને તો ડોકું જ ઉડાવી દઉં.'

હવે દુર્ગાને સમજાયું કે જિલાપોસી શા માટે આવ્યો. તે બોલ્યો, 'બહુ જ ખોટું કામ કર્યું આ સાહેબે; જો કે એ તો એક વકરેલું જાનવર છે, જાનવર !'

નયનમણિ બોલી, 'મેમસાહેબાને આમ બંગલામાં એકલાં ન રહેવા દેવાં જોઈએ.' વળી થોડું રોકાઈને ઉમેર્યું, 'અલબત્ત મેમસાહેબાને કોઈનીય બીક નથી લાગતી, કંપનીની પણ નહીં. એ સંપૂર્ણ નિર્ભય બાઈ છે.' અને પછી ઉત્સાહમાં આવી જઈ કહ્યું, 'જાણે છે, મેમસાહેબાએ શું કર્યું તે ? પોતાની સાથે જબરજસ્તી બેસાડીને મને ચા પિવડાવી. કેવું બન્યું ! મેમસાહેબાની જોડાજોડ બેસવાનું, કદીય નહીં સાંભળેલું યા નહીં જોયેલું એવું બન્યું.'

આ વાત સાંભળીને દુર્ગા સ્તબ્ધ થઈ ગયો. મજૂરો તરફ પણ મેમસાહેબને અસીમ વિશ્વાસ હતો. હમણાં જ તે બહારથી આવી રહ્યો હતો. બધા જ મજૂર નેતાઓ 'મજૂર સહાયક ભંડાર'માં બેઠા હતા. મેમસાહેબા પાસે કોઈ ખાદ્ય સામગ્રી નથી, એ વાત સાંભળતાં જ ગયાસુદ્દીન સાહેબ બોલી ઊઠ્યા હતા, 'આ મેમસાહેબાને જોઈને જ, હજી અંગ્રેજોના ચારિત્ર્ય ઉપર મારો થોડો વિશ્વાસ ટકી રહ્યો છે. બાકી આ લોકનાં કરતૂત જોઈને તો મારી શ્રદ્ધા ક્યારનીય ખતમ જ થઈ ગઈ હતી.

દુર્ગાના સસરાએ તો વળી સૌથી મહત્ત્વની વાત કરેલી, 'મેમસાહેબામાં મોટાઈનો કશો અહંકાર નથી. બધાને સમાન જ ગણે છે.' પછી તો સૌ કોઈએ મિસિસ ફ્લેમિંગના અનેક ગુણો તથા ગૌરવનું વર્ણન કર્યું હતું. એ બધું તો તેને યાદ પણ નહોતું રહ્યું. દુર્ગા બોલ્યો, 'ટાઉલર બધાંને બાળી રહ્યો છે, જ્યારે મેમસાહેબા બધાં પર શીતલ જલનો છંટકાવ કરી રહી છે. એટલામાં જ મિસિસ ફ્લેમિંગ પોતે જ બહાર આવી. તેના ચહેરા ઉપર પ્રસન્નતા છવાયલી દેખાતી હતી. કદાચ એ સમજી ગઈ હતી કે આ બંને જણાં એની જ વાત કરી રહ્યાં હતાં.

મિસિસ ફ્લેમિંગે પૂછ્યું, 'શહેરમાં શું ચાલી રહ્યું છે, એ કહે તો દુર્ગા !'

દુર્ગા ઉત્સાહપૂર્વક પરિસ્થિત વર્ણવવા લાગ્યો, 'એકાદ અધિકારી સિવાય કોઈ પણ કામ પર ગયું નથી. હડતાળ ઉપર ઊતરેલા કામદારો માટે લોકો ફંડફાળો એકઠો કરી રહ્યા છે. ઇસ્માઇલની નેતાગીરી નીચે એક સ્વયંસેવકદળ રચાઈ રહ્યું છે. સાહેબલોકો ચૂપકીદીપૂર્વક ફાલતુ મજૂરો લાવીને કામ ચાલુ કરવાની કુચેષ્ટા કરી રહ્યા છે, પરંતુ સ્વયંસેવકોની સજાગ ચોકીને કારણે કશું જ કરી શકતા નથી. એક બાજુ, કંપનીએ કામ ચાલુ રાખવાનો તાર મોકલ્યો છે, તો બીજી બાજુ કૉંગ્રેસ સરકારે મજૂરો સાથે સમજૂતી કરી લેવાનો તાર પાઠવ્યો છે. જો સમાધાન નહીં થાય તો ડગલે ને પગલે શાંતિનો ભંગ થવાનું જોખમ ઊભું છે. પરંતુ હિંસક વાઘના અવતાર જેવો ટાઉલર માને તો ને ? એણે તો કોઈ પણ ભોગે હડતાલ તોડવી એવી ભીષ્મપ્રતિજ્ઞા જ લીધી છે. દિબ્રૂગઢથી રોલેટસાહેબને તેણે બોલાવ્યો છે, અને લાઇટ કેવલરીના ઘોડેસવાર સૈનિકો તો હાજર છે જ. અને આજ સાંજથી એકસોચુંવાળી સમી કલમ જાહેર કરવામાં આવી છે.'

'કેમ ?' મેમસાહેબાએ પૂછ્યું.

'કાયદાની વાત તો હું શું સમજું, મેમસાહેબા ? પરંતુ સાંભળ્યું છે કે સ્વયંસેવકો સાથે ક્યાંક અથડામણ ન થઈ જાય, એટલા માટે આવી વ્યવસ્થા કરવામાં આવી છે.'

મિસિસ ફ્લેમિંગ વિષાદપૂર્ણ હસી, પરંતુ એણે મનનું દુઃખ પ્રગટ ન કર્યું. એનું હૈયું કંપી રહ્યું : 'અચ્છા, તો સંઘર્ષની તૈયારી થવા માંડી, એમ ને ?' તે પુનઃ ટેલિફોન કરવા ગઈ. ફોન હિગિન્સને જોડ્યો, પરંતુ તે મળ્યો નહીં. બંગલેથી કોઈએ જવાબ આપ્યો કે તે શિલોંગ ગયો હતો. એ શિલોંગ કેમ ગયો હશે એની કલ્પના મિસિસ ફ્લેમિંગ કરવા લાગી. કદાચ સમજૂતીના પ્રયાસો કરી રહ્યા હશે. એ સારી વાત છે. પરંતુ ટાઉલરને કોણ સાચવશે; એણે તો ત્રાસરાજ્ય ફેલાવી દીધું છે.

મિસિસ ફ્લેમિંગ બોલી, 'દુર્ગા, તેં સાંભળ્યું, યુરોપમાં યુધ્ધ ફાટી નીકળ્યું છે ?'

દુર્ગાએ ચોંકી ઊઠતાં પૂછ્યું, 'યુધ્ધ ?'

'હા' અને પછી એક ઠંડો શ્વાસ લઈ બોલી, 'મને થાય છે કે હું પણ ચાલી જાઉં. હવે અહીં રહેવું યોગ્ય નથી લાગતું.'

મિસિસ ફ્લેમિંગ પુનઃ બેડરૂમમાં ચાલી ગઈ. નયનમણીનું હૈયું કોઈ અજ્ઞાત વિષાદથી ભરાઈ આવ્યું. એ બોલી, 'મેમસાહેબાને ખૂબ દુઃખ થાય છે. આ હડતાળ કેટલા દિવસ ચાલવાની ?'

દુર્ગાએ જવાબમાં કહ્યું, 'આજે પન્નૂ સાથે ખૂબ વાતો થઈ. એણે બધાને જ ચા પિવડાવી. એ પણ બદલાઈ ગઈ છે. કેટકેટલી વસ્તુઓ એણે શીખી લીધી છે, એ શું કહું ? અને ન કેમ શીખે ? પિતાજી સાથે મિટિંગોમાં જાય છે. એ કહેતી હતી કે હડતાળ પાછી નહીં ખેંચાય. સાહેબલોકોએ માગણીઓ મંજૂર કરવી જ પડશે. એ લોકોએ યુનિયનને પણ માન્યતા આપવી પડશે. નેતાઓને પણ પુનઃ કામ પર લેવા પડશે.

નયનમણિ સખેદ બોલી, 'જો હડતાળ ચાલુ જ રહેશે, તો મારે મેમસાહેબાને ગુમાવવાં જ પડશે. મારું બધું ભણતર પણ ખતમ થઈ જશે.'

'મેમસાહેબા કાયમ થોડાં અહીં જ રહેવાનાં છે, આમેય તે ?'

નયનમણિ દુ:ખપૂર્વક બોલી, 'મને તો એ સગી મા જેવાં જ લાગે છે, ભલે પરદેશી બાઈ છે. આપણી આટલી સંભાળ એ શા માટે રાખે ? અગર હડતાળ ન આવી પડી હોત, તો કદાચ એ અહીં જ રહી જાત.'

દુર્ગાએ નયનમણિ સામે તાકતાં, હસીને કહ્યું, 'હું તો છું ને ? હું છું, તોય તું સુખી નહીં રહી શકે શું ?'

નયનમણિએ જવાબ આપ્યો, 'તારી સાથે રહીને સુખી ન થાઉં, એવું તે બને ભલા ? પરંતુ સ્ત્રીને માટે શું પુરુષ જ સર્વસ્વ છે ? મેમસાહેબા સાથે રહ્યા પછી એય સમજાયું છે કે મારું પોતાનું પણ એક સ્વતંત્ર મન છે. મારામાં જે ગુણો છે, એને વિકસાવવામાં મને કોણ મદદ કરશે ? એને માટે તો જ્ઞાન જોઈએ અને ગુરુ જોઈએ. હું પણ પુરુષ સમોવડી છું એ જ્ઞાન મને મેમસાહેબાએ જ આપ્યું.'

'પુરુષ સમોવડી ?'

'હા.'

દુર્ગા એક નિસાસો નાખતો દૂર હઠ્યો. નયનમણિ સાથે લગ્ન કરતી વેળા તેણે એવાં અરમાનો સેવેલાં કે સાથે રહીશું, ખાઈશું પીશું અને ખૂબ આનંદભર્યો સંસાર વસાવીશું. નયનમણિ ગૃહિણી બનશે, એને બાલબચ્ચાં થશે. પોતે પિતા બનશે. પરંતુ નયનમણિ તો શરૂઆતથી જ કહેતી આવી છે કે પોતે મેમસાહેબા જેવી બનવાની. મેમસાહેબાને પ્રથમ સંતાન લગ્ન બાદ ચાર વર્ષે થયેલું. નયનમણિ પણ તત્કાળ સંતાન નહોતી ચાહતી. સંતતિનિયમન કરતાં પણ એણે મેમસાહેબા પાસેથી શીખી લીધું હતું. દુર્ગાની સંતાનેચ્છાનો તે હંમેશાં વિરોધ કરતી રહી છે. મેમસાહેબાનો આવો પ્રભાવ જોઈને દુર્ગાને રોષ પણ આવતો. પોતે તો સાહેબ નથી અને નયનમણી મેમસાહેબા પણ નથી. પછી એ સંતાન શા માટે નથી ઇચ્છતી ? સંતાન સિવાય સ્ત્રીને બીજી ઇચ્છા પણ શી હોઈ શકે ? નયનમણિ થોડુંઘણું અંગ્રેજી શીખી ગઈ છે, પરંતુ અંગ્રેજી શીખીને શું કરશે ? તે નહોતો ઇચ્છતો કે નયનમણી નોકરી કરે. હા, તે સારું ગાઈ શકે છે અને એટલે લખનૌ જવા ઇચ્છે છે. શાસ્ત્રીય સંગીત શીખવા ઇચ્છે છે. આ પ્રેરણા પણ મેમસાહેબાએ જ એને આપી છે. એ જ પૈસાય આપશે અને શાળામાં દાખલ પણ કરાવી આપશે. દુર્ગાને એને લખનૌ મોકલતાં ડર લાગે છે. દૂર આવેલી જગ્યા અને વળી ત્યાં એકલાં રહેવાનું. આવું પગલું ઉચિત ન ગણાય. પરંતુ એવી વાત કરતાં જ નયનમણિ સળગી ઊઠે છે. મેમસાહેબાની ઇચ્છા વિરુદ્ધ કશું પણ કહેવાનો પોતાનેય અધિકાર નથી. મેમસાહેબા તો પોતાના કરતાં બધી જ બાબતોમાં મહાન છે. છતાં તે ઇચ્છતો હતો કે ખામોશ રહીને તક મળતાં જ પોતે નયનમણિની યોજના આડે વાંધો લાવી દે. પરંતુ નયનમણિએ એને પૂછ્યા વગર જ એ

અરસામાં સંગીતશાળાનું ફોર્મ ભરી મોકલ્યું હતું. આ ધૃષ્ટતા એને સારી નહીં લાગી. પોતે તો પતિ છે.

નયનમણિએ તેને પૂછ્યું, 'તને એકાએક શું થઈ ગયું ?'

'કશું નથી થયું; ફક્ત વિચારું છું કે તું અગર મેમસાહેબા બનીય જશે, તો પણ હું તો સાહેબ નથી જ બની શકવાનો. એટલું શિક્ષણ, તાલીમ, શક્તિ કે પૈસા મારી પાસે નથી.' અને તે એમ જ હસી પડ્યો.

નયનમણિ હસતાંહસતાં બોલી, ' મારે મેમસાહેબા નથી બનવું. ફક્ત માનવી બનવા ચાહું છું. તું એમાં અંતરાય ન નાખ ! તું એવું કરશે, તો મને ખૂબ જ કષ્ટ, ખૂબ જ દુઃખ થશે. મને એક નવો જ રાહ દેખાઈ રહ્યો છે, તો એના પર કેમ ન ચાલું ?'

'કારણ એ જ કે, હું સાથ આપી શકું તેમ નથી.'

'આવી બેકાર વાતો ના કર દુર્ગા, હું તને સાહેબ બનાવવા નથી ઇચ્છતી; ફક્ત ઉદાર મનનો બનાવવા ચાહું છું.'

દુર્ગા ચૂપ થઈ ગયો. નયનમણિ ધીરેધીરે દાદર ઊતરી નીચે ચાલી ગઈ. દુર્ગાને લાગ્યું કે પોતે જાણે નયનમણિથી ખૂબ દૂર પડી ગયો છે.

નયનમણિને દૂર મોકલી દઈને, તે એક પળ પણ જીવી શકે તેમ નહોતો. એ જ પોતાની સર્વસ્વ હતી. બાપ તથા બહેન સાથે તો એક રીતે સંપૂર્ણ વિચ્છેદ થઈ ચૂક્યો હતો. હવે પોતે મૂળ ઘેર તો પાછો જવાનો હતો જ નહીં. પરંતુ પોતે પોતાની મરજી અનુસાર નયનમણિને ચલાવી પણ શકતો નહોતો. એને પોતાના ઢાંચામાં ઢાળવામાં તે નિષ્ફળ નીવડ્યો હતો. મેમસાહેબાએ એના પર શો જાદુ કરી દીધો છે ? આખો વખત બસ તે બંગલામાં જ રોકાઈ રહે છે. મેમસાહેબા ઘેર નથી આવવા દેતી. અહીં રહીને તેના હાવભાવ, વર્તન તથા નિયમ બધું જ બદલાઈ ગયું છે. જો કે એના પ્રેમમાં કશી ઓટ નથી આવી. પરંતુ એનું મનોબળ ખૂબ સુદૃઢ બન્યું હતું તેથી દુર્ગાને ભય લાગી રહ્યો હતો. મેમસાહેબાની સ્વદેશ ચાલ્યા જવાની ઇચ્છા મનમાં ને મનમાં તો એને ગમી ગઈ હતી.

બીજી બાજુ, સૂવાના ઓરડામાં મિસિસ ફ્લેમિંગ અસ્વસ્થ બની ગઈ હતી. એણે નયનમણિને બોલાવીને પૂછ્યું, 'શું બનાવી રહી છે ?'

'ઓમલેટ બનાવું છું.'

'સારું બનાવ, પરંતુ મેં તને એક વાત કરવા માટે બોલાવી છે.'

'શું ? કહો જી !'

'હું કદાચ ચાલી જઈશ, તો તારે નામે થોડા પૈસા મૂકી જઈશ. એમાંથી લખનૌમાં સંગીત શીખવાનો તારો ખર્ચ નીકળી રહેશે. બીજો એક વિચાર એવો આવે છે કે હું મારી ગાડી દુર્ગાને વેચી જાઉં. તે ટેક્સી ચલાવવાનો ધંધો કરી શકશે. કેટલા પૈસા આપી શકે તેમ છે એ ?'

નયનમણિ જવાબમાં બોલી, 'એટલા પૈસા એ ક્યાંથી લાવવાનો ? મેમસાહેબા, આપની ગાડી તો ઘણી કીમતી છે.'

મેમસાહેબા થોડી વાર વિચાર કરીને પછી બોલી, 'એને પૂછી તો જો, જો તે ટેક્સી ચલાવવા ઇચ્છતો જ હોય, તો પૈસાની વાત તો પછીથી પણ થઈ શકે.'

34

શહેરમાં જાતજાતની પત્રિકાઓ વહેંચાયા કરતી હતી. એમાં કંપનીતરફી પત્રિકાઓ પણ હતી. એ બધું વાંચીને બોધનનાં વિચાર-બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગયાં હતાં. સિંઘ આવીને તેને ઘેર પત્રિકાઓ-પુસ્તિકાઓ આપી જતો હતો અને ત્યાંથી એની વહેંચણી કરવામાં આવતી હતી. કંપનીતરફી એવી આ પત્રિકાઓનો સાર આવો કંઈક હતો : રિફાઇનરી તથા કૂવા ચાલુ રાખવા બાબતમાં સાહેબલોકો દૃઢનિશ્ચયી હતા. મજૂરલોકો જો કામ પર નહીં ચઢી જાય, તો અધિકારીઓ બીજા મજૂરોની ભરતી કરી લેશે. કોઈ પણ સંજોગોમાં મજૂરોની માગણીઓ મંજૂર કરવામાં નહીં જ આવે. આવી રાજકીય સોદાબાજી સામે કંપની નમતું નહીં જ આપે. જે કામદારો કામ પર ચઢવા આવશે, તેઓને જરૂરી સગવડો ઉપરાંત પોલીસ રક્ષણ પણ આપવામાં આવશે. ટાઉલરસાહેબ શાંત બેઠા નથી. રિફાઇનરી ચલાવવા માટે ચૂપચાપ બહારથી માણસો લાવવામાં આવી રહ્યાં છે. એમની ભરતી શરૂ થઈ જ ચૂકી છે. સ્વયંસેવકોની ધમકીને કારણે હજી રિફાઇનરીમાં પ્રવેશી નથી શક્યા એટલું જ.

બીજી બાજુ, યુનિયન પાસે નાણાં ખલાસ થઈ ગયાં હતાં. ચારે તરફ નાણાકીય મદદ માટે નિવેદનો મોકલવામાં આવ્યાં હતાં, પરંતુ ફાળો અલ્પ જ મળ્યો હતો. સાથેસાથે બાર હજાર મજૂરોને ખવડાવવા-પિવડાવવાની પણ જવાબદારી હતી. આથી લોકોમાં અસંતોષ વધી રહ્યો હતો. લોકોને કૉંગ્રેસ સરકાર પર ઊંડી શ્રદ્ધા હતી કે એ કંઈક કરશે, પરંતુ એ તો કંઈ જ કરી શકતી નહોતી. કંપનીને તે રજમાત્ર સમજાવી-નમાવી શકી નહોતી. અને પછી તો ખુદ કૉંગ્રેસ સરકારો પણ રાજીનામાં આપવાનું વિચારી રહી હતી.

આ બધી વાતો છુપાવી શકાય તેમ નહોતું. એક દિવસ અચાનક જ એક ઘટના બની ગઈ. બોધનની સરદારી હેઠળ આશરે સો મજૂરો કૂવા પર કામ કરવા માટે નીકળી પડ્યા. ઇસ્માઇલને આ વાતની ખબર પડી ગઈ. તે સ્વયંસેવકો સાથે ઊપડ્યો ને એ લોકને જતા રોક્યા. ઇસ્માઇલ સ્વયંસેવક દળનો વડો હતો.

બરાબર ચંડીના ઘરના સામેના મેદાનમાં જ આ બનાવ બન્યો.

સામસામે દલીલબાજી ચાલી. બોધન ગર્જી ઊઠ્યો, 'જબરજસ્તીથી રોકવા કેમ આવ્યા છો ? ચાલ્યા જાઓ ! હું કહું છું કે ચાલ્યા જાઓ ! નહીં તો પોલીસને બોલાવીશ.'

ઇસ્માઇલે શાંતિથી જવાબ આપ્યો, 'આટઆટલા ભાઈઓ સામે જોઈને તો આવું ના કર, બોધન ! હું તને વિનંતી કરું છું.'

બોધન કશું બોલ્યો નહીં. ટોળામાંથી કોઈએ પૂછ્યું, 'યુનિયન અમને ખવડાવશે કે ? યુનિયન અમને કામ આપી શકશે કે ?' આવા બીજા અનેક પ્રશ્નો પણ ફેંકાયા.

પરંતુ ઇસ્માઇલ તો અડગ જ ખડો રહ્યો.

કોઈએ મિશ્રાને ખબર કરી. તે પોલીસ દળ લઈને આવી પહોંચ્યો. તેણે જાહેર કર્યું કે 'અગર શાંતિનો ભંગ થાય, તો જ અમારે વચ્ચે પડવું પડશે.'

આમ ઘણો સમય એ જ સ્થિતિમાં પસાર થઈ ગયો. દરમિયાન કોઈએ સાહેબોને ખબર આપી એટલે ખુદ ટાઉલરસાહેબ અને રોલેટસાહેબ ઘોડા દોડાવતા ત્યાં આવી પહોંચ્યા. રોલેટસાહેબ એ વિસ્તારના પોલીસ કમિશનર હતા.

એથી બોધનની હિંમત વધી ગઈ. તે બોલ્યો, 'રસ્તામાંથી હઠી જા, ઇસ્માઇલ! અમને જવા દે, નહીં તો પરિણામ સારું નહીં આવે.'

ટાઉલરે હુકમ કર્યો, 'આ લોકોનો રસ્તો છોડો !'

પરંતુ ઇસ્માઇલ જરાય હઠ્યો નહીં.

બધા જ લોકો ઉશ્કેરાયલા હતા. હવે શું કરવું એનો બોધન વિચાર જ કરી રહ્યો હતો, ત્યાં લછમીએ એક ચમત્કારિક પગલું લીધું. એ ક્યાંકથી દોડતી આવી પહોંચી અને બોધન સામે આડી સૂઈ ગઈ. પછી રાડ પાડી બોલી, 'પિતાજી, હવે મારા શરીરને કચડીને જવું હોય તો જરૂર જાઓ ! તમારામાં આટલો ઘમંડ કે આટલા બધા મજૂરોના હક ડુબાડવા નીકળ્યા છો ! આ બધું કોની ઉશ્કેરણીથી, કોની તાકાતથી ? સાહેબલોકોએ ચઢાવ્યા, એટલે આ બધા ભાઈઓની મર્યાદા પણ ઉલ્લંઘવા નીકળ્યા ?'

બોધન તો સ્તબ્ધ થઈ ગયો, છતાં બોલ્યો, 'લછમી, તું હટી જા !'

'નહીં, હું નહીં હટું.'

બસ આટલાથી જ બોધનની હિંમત ગળી ગઈ. તે ત્યાંથી પાછો ફરી ચાલ્યો ગયો. ટાઉલર તથા રોલેટની તો આંખો જ ફાટી ગઈ.

એ લોક પણ ચાલ્યા ગયા. ટાઉલર બોધન ઉપર ખૂબ આધાર રાખીને બેઠો હતો, એ આજે ખતમ થઈ ગયો. મિશ્રાએ પણ થાણે પાછા ફરી જવું પડ્યું. આ સંઘર્ષમાં ઇસ્માઇલનો· ભવ્ય વિજય થયો.

આ સમાચાર જયારે યુનિયનની ઑફિસે પહોંચ્યા, ત્યારે બધા જ માણસો લછમીના પગલાની વાહવાહ પોકારી ઊઠ્યા. તે જ દિવસથી લછમી પણ યુનિયનની ઑફિસે આવવા લાગી. એને સ્ત્રી સંગઠનની જવાબદારી સોંપવામાં આવી. એ પન્નૂને સાથે લઈને ઘેરઘેર, બરાકેબરાકે તથા વસાહતેવસાહતે ઘૂમવા લાગી અને સ્ત્રીઓમાં ઉત્સાહ પ્રેરવા લાગી. પરિણામે કેટલાંક મહત્ત્વનાં કામ પણ થઈ શક્યાં.

બરૂઆની પત્ની ખૂબ સમજદાર સ્ત્રી હતી. એના પિતા કટ્ટર કૉંગ્રેસી હતા; હમણાં જ જેલમાંથી છૂટીને આવ્યા હતા. આમ હોવા છતાંય, એક મહિનો પગાર ન મળ્યો, એમાં તો એ

ચિડાઈ ઊઠી. બાળકનો 'અન્નપ્રાશન' વિધિ કરાવી શકાયો નથી એ માટે પંદર રૂપિયાનો ખર્ચ કરવો પડે, જે બરૂઆ આપી શકે તેમ નહોતો. બીજી બાજુ, 'બિહુ'નો તહેવાર પણ નજીક આવી રહ્યો હતો. આ વખતે 'બિહુ' મટીને 'વિષ' બની રહેવાનો. દોઢ મહિનાથી હડતાલ ચાલતી હતી. બરૂઆ ઘર ચલાવવા શક્તિમાન નહોતો.

એક દિવસ બરૂઆ 'હુસોરી' ગાવા ચાલ્યો ગયો. એનો હેતુ 'હુસોરી'નો કાર્યક્રમ કરીને, યુનિયન માટે ફાળો એકઠો કરવાનો હતો. પરંતુ તે પાછો ફર્યો, ત્યારે બરૂઆની પત્ની ગોદમાં બાળકને તેડીને ડ્રોઈંગ રૂમમાં આવી, અને બરૂઆ પાન ચાવી રહ્યો હતો એને પૂછ્યું, 'આ વખતે 'બિહુ' ઉજવવાના નથી કે શું ?'

'ઉંહું !'

'આ રીતે ક્યાં સુધી ચાલશે ? મારા હાથમાં તો એક પાઈ સુધ્ધાં નથી.'

બરૂ હસીને બોલ્યો, 'તું તો સહધર્મચારિણી કહેવાય. હવે જ તારી ખરી કસોટી થશે.'

'હડતાલ ચાલુ રાખવાથી કોનું શું થશે એ કહેવાય નહીં; કદાચ નોકરીય છૂટી જાય.'

'જાય...' બરૂઆએ હસીને જવાબ આપ્યો, 'કેવળ નોકરી જ શા માટે, જરૂર પડે તો...'

'જરૂર પડે તો શું કરવાનું, બોલો તો !'

'તને પણ છોડી દેવી પડે !'

'હટ્... મને છોડીને જઈ શકશો કે ?'

'પત્ની યુનિયન કરતાં વધારે નથી. અરે, યુનિયન સમક્ષ તો જિંદગી પણ તુચ્છ છે.'

'આવી મોટીમોટી વાતોનો શો અર્થ ? શું શહીદ બનવા તૈયાર થયા છો ?'

બરૂઆ ગંભીર બનતાં બોલ્યો, 'તારા મોંએથી આવી વાત શોભાસ્પદ નથી. તું જાણે છે ને કે હું યુનિયનનો ઉપમંત્રી છું.'

બરૂઆની પત્ની પતિની વાતનું તાત્પર્ય સમજવાની કોશિશ કરવા લાગી, પરંતુ એના મનમાં વાત ઊતરી નહીં. એટલે વિમૂઢ જેવી પૂછવા લાગી, 'આ બધું શું છે, એ તો જરા મને સમજાવો !'

'ટાઉલરસાહેબ યુનિયનની તાકાત તોડી નાખવા કટિબદ્ધ થયો છે. સિંઘ એનો જમણો હાથ છે. એ હમણાં ક્યાંક બહારથી મજૂરો લઈ આવવા ઊપડ્યો છે. આજકાલમાં જ લઈને આવશે એવા સમાચાર છે. કંપની બળજબરીથી બીજા મજૂરોને ઘુસાડી દેવા તૈયાર થઈ છે. અહીં બાર હજાર મજૂરોને પાણીના પણ સાંસા છે. પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. અમારે જાનના જોખમે પણ આમ બનતું અટકાવવું પડશે. શું થશે એ કોઈ કહી શકે તેમ નથી.'

બરૂઆની પત્નીનું મોં લેવાઈ ગયું, ચહેરા પર ઉદ્વેગ છવાઈ ગયો. આ તો અત્યંત દુઃખદ સમાચાર કહેવાય. નોકરી છૂટી જશે અને સામાન બાંધીને ઘર ભેગા થઈ જવું પડશે. ગામડામાં જઈને રહેવાનું, જ્યાં નરી ગંદકી. એ બોલી, 'કોઈ એક ફેંસલો કેમ નથી કરી લેતા ?'

'અમે તો તૈયાર છીએ, પરંતુ કંપની નિરાકરણ નથી ઇચ્છતી.'

'કંપનીવાળામાં દયા, માયા, ધર્મ કશું જ નથી રહ્યું કે શું ?'

ના કશું જ દેખાતું નથી.'

કોઈ પણ ઘડીએ તોફાન થવાનો ભય ઝઝૂમતો હતો. ઇસ્માઇલ સ્વયંસેવકો સાથે ફરતો અને બહારથી આવતા મજૂરો ઉપર નિરંતર નજર રાખતો. પગાર મળતો બંધ થયો હતો, એટલે લોકો અપાર મુસીબતમાં મુકાઈ ગયા હતા. દુઃખની રાત હંમેશાં ઘણી લાંબી લાગે છે, એમાં નોકરી ગુમાવવાનો ભય ઝઝૂમતો હતો. સાહેબલોકો વળી ક્યારેક તો જાતે જ જઈને રિફાઇનરી ચલાવતા હતા. મોટા સાહેબ શિલોંગ ગયા હતા, એટલે ટાઉલર નિરંકુશ વર્તાવ ચલાવતો હતો. આમ છતાંય આટલા બધા માણસોની આંખમાં ધૂળ નાખીને, બહારથી મજૂરો લઈ આવવા એ કાંઈ સહેલ વાત નહોતી. તિનસુખિયાવાળા કારખાનામાં પણ કામકાજ બંધ જ હતું. સમસ્ત તેલક્ષેત્રમાં અવ્યવસ્થા વ્યાપી ગઈ હતી. કૂવાઓ પર કામ ચાલતું નહોતું. ડ્રિલર બધા જ હડતાળ ઉપર હતા. સાહેબોના બંગલામાં રસોઇયા, નોકર કોઈ હાજર નહોતું.

બરૂઆ આમ હડતાળ વિશે જ વિચારો કર્યા કરતો હતો. ત્યાં પત્નીએ ગોદમાંનું બાળક બરૂઆની ગોદમાં મૂકી દેતાં કહ્યું, 'તમે તો વિભૂતિને એક દિવસેય ગોદમાં નથી લીધો. જુઓ તો ખરા, દિવસેદિવસે કેવો દેખાવડો થતો જાય છે !'

બરૂઆએ દીકરાને લેવા હાથ લંબાવ્યા, પરંતુ એ આવતો નહોતો. બરૂઆની પત્ની બાળકને ધમકાવતાં બોલી, 'કેવો નાલાયક દીકરો છે તું ? બાપનેય નથી ઓળખતો !' અને પછી ટોણો મારતા ઉમેર્યું, 'ક્યાંથી ઓળખે બિચારો ? બાપને તો બસ દિવસરાત મિટિંગ, મિટિંગ ને મિટિંગ ! માને માટે તો સમય ન મળે તો ભલે, પણ સંતાનને મળવાનોય સમય નહીં !' વળી હસતાંહસતાં બોલી, 'બરાબર આપણા બાપુજી જેવો ઘાટ થઈ રહ્યો છે. બાપુજી માસ્તરની નોકરી છોડીને કૉંગ્રેસના કામમાં જોડાઈ ગયા અને ઘર માને ભરોસે છોડી ગયા. અમે રાતના ભૂખ્યાં સૂઈ રહેતાં, પરંતુ બાપુજીને તો ખબર જ ક્યાંથી પડે ? કૉંગ્રેસવાળાને તો આખા દેશની ચિંતા કરવાની હોય ! પિતાજી ઘરમાં રહેતા હોત, તો ગમે તે રીતે અમારું ગાડું નભ્યા કરત; ક્યાંકથી થોડા ચોખા તો લઈ આવત. કદાચ આપણા વિભૂતિનીય એવી જ હાલત થશે.'

બરૂઆએ હસીને કહ્યું, 'એવી થશે જ, ન થાય, તો એ જ આશ્ચર્યની વાત ગણાય.'

'નોકરી છોડીને કોદાળીપાવડો પકડવાના કે શું ?'

'કંઈ જ કહી ન શકાય, અત્યારે તો અહીં જ છું.'

એ પછી થોડી વારે, બાપુસાંગ ગામથી આવેલી 'હુસોરી' મંડળીએ ઘરની સામે જ નામઘર પાસે ઢોલપિપૂડી બજાવવા માંડ્યા અને બરૂઆને નિમંત્રણ આપ્યું, 'આજે ટ્રકમાં બેસી ચાના બગીચાઓમાં 'હુસોરી' ખેલવા જવું પડશે; તો જ કંઈક રકમ એકઠી થઈ શકશે.'

ઢોલપિપૂડીનો અવાજ સાંભળીને વિભૂતિ આનંદમાં આવી ગયો. તે તો પ્રથમ વાર બિહુનો ઉત્સવ જોઈ રહ્યો હતો. મા તેને તેડીને અંદર લઈ ગઈ. બરૂઆ હાથપગ ધોઈને પૂજાની ઓરડીમાં ગયો. સંધ્યા-પૂજા પતાવીને ઘંટનાદ કર્યો, શંખ બજાવ્યો. વિભૂતિને છાતી સરસો રાખી, બરૂઆની પત્ની બારી પાસે ઊભી રહી, 'હુસોરી' મંડળીનું નૃત્ય જોવા લાગી. ગોદમાં જ બાળક ઊંઘી ગયું.

બાપુસાંગની 'હુસોરી' મંડળી આ પંથકમાં બહુ જ વિખ્યાત હતી. સાંજ પડવા આવી હતી. નજીકના વડના ઝાડ ઉપર, દિવસભરનો થાક લઈને પાછા ફરેલા કાગડા કોણ જાણે શુંય ઠેલતા કા-કા કરી રહ્યા હતા; જો કે ઢોલપિપૂડીના અવાજમાં એમનો અવાજ ડૂબી જતો હતો. ઢોલ પર થાપ પડી અને નર્તિકા નાચવા લાગી; અને ગાયિકા જંતર વગાડતી ગાવા લાગી :

'ઈફાલે ટકાર માત, સિફાલે ટકાર માત,
માઝોત શુલંગ ગુડી સુતી,
ટકાર માત હુનિ, બાઢિલ સટો ઓની,
પુલિસ ધરિલે ગુટિ.'

[આ પા જંતરનો સ્વર,
તે પા જંતરનો સ્વર,
વચમાં શુલંગ નદી સૂતી;
જંતરનો નાદ સૂણી,
મહોરી ઊઠ્યા છોડવા,
ને છોડવે લાગી ગયાં ફળ.]

હવે નૃત્યનો વેગ વધી ગયો. ઢોલ બજાવનાર એટલી ઝડપે થાપ મારતો હતો કે એના હાથ સુધ્ધાં દેખાતા નહોતા. પરાકાષ્ટાએ પહોંચતા જ ગીતધ્વનિ ધીરેધીરે વિલીન થઈ રહ્યો.

એ પછી, આસપાસ રહેનારા લોકો ત્યાં એકઠા થવા લાગ્યા અને ચારે તરફથી 'હુસોરી' મંડળીને જાણે કે ઘેરી લીધી. એટલે ગાયિકાએ બીજું ગીત લલકાર્યું:

'કંપનીની નોકરી કરું છું,સજની,
ખાવાને ભાત નથી પૂરો,
તને તેડીશ એવી ચહ જ જોવામાં
જોબનિયું થઈ ગયું પૂરું.'

આમ એક પછી એક નૃત્ય ચગવા લાગ્યું. ઢોલ ઢબૂકતો રહ્યો અને ગીત ગૂંજતાં ગયાં

'હાથ ખોલીને હળદર લગાવજે અલી માલતી,
વાળ ખોલીને તેલ,
ચોરાયાના વળાંક પર આવજે તું સજની,
દેશના નવજવાનોનો મેળ.
કંપનીનું તેલ-મશીન મહિનાથી નથી ચાલતું,
કૂવામાંથી તેલ ક્રોણ કાઢશે;

બાર હજાર જણનાં દુ:ખ અને આફત,
પેટની ભૂખ કોણ પૂરશે ?

આમ 'હુસોરી' ખેલ એકધારો ચાલતો જ રહ્યો અને બરૂઆની પત્ની એ સાંભળવામાં તલ્લીન બની ગઈ. નામઘર પાસેનું મેદાન પ્રેક્ષકોથી ચિક્કાર થઈ ગયું. મોસમી નૃત્ય-ગીતનું આકર્ષણ જ કંઈ ઓર હોય છે.

બરૂઆ ઘરમાં જે કાંઈ હતું એ ખાઈ લઈને, ધોતી ઝભ્ભો ચડાવી, 'હુસોરી'માં જોડાવા નીકળતો જ હતો, ત્યાં એકાએક એની નજર પત્ની પર પડી અને તેનું હૈયું થોડું પીગળી ગયું. તેણે પત્નીને બોલાવી, 'કંચન !'

'શું થયું ?' આવો પ્રેમપૂર્ણ, સુકુમાર અવાજ એણે અગાઉ ક્યારેય સાંભળેલો નહીં, એથી આશ્ચર્યપૂર્ણ અવાજે પૂછતાં, એ પતિ પાસે આવી, 'પાછા ફરતાં રાત પડી જશે એમ ?'

'હા, મોડું તો થઈ જ જશે.'

આંખોમાં લાચાર વિનંતી લાવતાં, કંચન બોલી, 'બને તેટલા જલદી આવજો. આજકાલ મને ખૂબ એકલુંએકલું લાગે છે.'

બરૂઆએ એને નજીક ખેંચી, આલિંગન આપી, ચુંબન કરતાં કહ્યું, 'હવે ઝાઝા દિવસ એકલતા નહીં સહેવી પડે. થોડા જ વખતમાં કશોક નિકાલ તો આવી જ જશે - હાર અથવા જીત. અને કશુંય નહીં બને, તો એક દુકાન ખોલીશું; સ્વતંત્ર ધંધો કરીશું, સમજી ?'

કંચને કહ્યું, 'મને ક્યારેક ક્યારેક ડર લાગે છે.'

'ડર શી વાતનો ?'

'આ બધું મારી સમજમાં જ નથી આવતું - પોલીસ, લશ્કર, હડતાળ ! તમે જ્યાં સુધી પાછા ન ફરો, ત્યાં સુધી ચિંતા થયા જ કરે છે.'

બરૂઆએ બીજું ચુંબન કરતાં આશ્વાસન આપ્યું, 'ચિંતા કરવાથી શો લાભ ? પોતાની જાત ઉપર વિશ્વાસ રાખ.'

આટલું બોલીને બરૂઆ બહાર જ નીકળતો હતો, ત્યાં બહારથી લછમીએ બૂમ મારી, 'બરૂઆબાબુ, ઓ બરૂઆબાબુ !'

તે હાંફી રહી લાગતી હતી. કદાચ દોડતીદોડતી આવી હતી.

'શું છે, લછમી ?'

'ભયંકર ખબર છે ! ગયાસુદ્દીનસાહેબે તમને તત્કાળ બોલાવ્યા છે. હુસોરીમાં જવાની જરૂર નથી.'

'કેવા ખબર ?'

'ચારલીના મેદાન પાસેના વડ નીચે મજૂરોથી ભરેલા બે ખટારા ઇસ્માઇલે રોકી રાખ્યા છે. આસામ રાઇફલ્સની ટુકડી પણ ત્યાં પહોંચી ગઈ છે. સાહેબ લોકો પણ ઘોડે ચઢીને ત્યાં આવી ઊભા છે. શું થશે કંઈ જ કહેવાય નહીં.'

બરૂઆએ કહ્યું, 'હમણાં જ આવું છું.'

ત્યાં હુસોરીનો ખેલ આપોઆપ જ બંધ પડી ગયો. ગાવા-નાચવાવાળા ચોખંડી તરફ દોડવા લાગ્યા. બરૂઆએ પૂછ્યું, 'ત્યાં કોણ કોણ છે ?'

'બધાજ દેખાય છે, ચેટર્જીબાબુ, ચંડી, ગયાસુદ્દીનસાહેબ, પ્રધાનબાબુ, માલાસિંઘ...

એકાએક જ બરૂની પત્નીએ બરૂઆનો હાથ પકડી લીધો અને કરગરતી બોલી, 'તમે ના જશો ! બધા ત્યાં જઈને શું કરશો ?'

બરૂઆએ હાથ છોડાવતાં કહ્યું, 'આમ રુકાવટ ના થાય !'

છતાં કંચન ફરી વાર કરગરી, 'તમે ના જશો !'

બરૂઆએ એની વિનંતી પ્રત્યે કશું ધ્યાન ન આપ્યું. કર્તવ્યનું આહ્વાન તે કેવી રીતે અવગણી શકે ?

બરૂઆની પત્ની ડૂસકાં ભરવા લાગી. પછી વિભૂતિને સુવડાવવા અંદર ચાલી ગઈ. લછમીને ખૂબ દુઃખ થયું : કેવી સાદીસીધી સ્ત્રી છે ! એને ડર લાગે છે.' લછમીએ વિચાર્યું કે થોડી વાર અહીં રોકાવુ જોઈએ. એ પણ સૂવાના ઓરડામાં આવી. વિભૂતિને સુવડાવીને કંચને લછમી તરફ એવી ટપકાભરી નજરે જોયું કે તું શા માટે બોલાવવા આવી ? એ તારી ભૂલ કહેવાય.

લછમી બોલી, 'આપ આટલી બધી ચિંતા ના કરો !'

કંચને પૂછ્યું, 'ત્યાં શું ચાલી રહ્યું છે, એ તો બતાવ !' લછમીએ જણાવ્યું, 'આશરે બે હજાર મજૂરો ભરીને કેટલાક ખટારા સાંજે દિગબોઈ આવ્યા હતા. એમાંથી બે ખટારાએ અંદર પ્રવેશ કર્યો. એ કેવી રીતે બન્યું એ કહેવાની તો કશી જરૂર ખરી ? ઈસ્માઈલે ખટારાનો રસ્તો રોક્યો. ગરમાગરમ બોલાબોલી થઈ. ત્યારે ત્યાં ફક્ત પચાસ સ્વયંસેવકો હતા. ધીમેધીમે મોટું ટોળુ જમા થઈ ગયું. ખબર પહોંચી એટલે સાહેબલોકોય ઘોડે ચઢીને ત્યાં આવી પહોંચ્યાં. હું નીકળી ત્યાં સુધી તો એમાંથી એકેય ખટારો આગળ નહોતો વધી શક્યો. ખટારાનાં એંજિન ચાલુ જ છે. શું બનશે, કંઈ કહેવાય નહીં.'

'તું ત્યાં કેવી રીતે જઈ પહોંચી ?'

લછમીએ હસતાંહસતાં જવાબ આપ્યો, 'હું ? હું ક્યાં નથી જતી ? બધી જ જગ્યાએ જાઉં છું. પુરુષો જેવું જ કામ હુંય કરું છું. પાછી પણ હું ત્યાં જ જઈશ. સ્ત્રીઓએ શા માટે પશ્ચાત રહેવું જોઈએ ? કંપની આપણા પુરુષોને નોકરીમાંથી કાઢી મૂકે અને આપણે ભૂખ્યાં-તરસ્યાં ઘરમાં બેસી રહીએ ? એ ના જ બને. મને કોઈનોય ડર નથી લાગતો. તમને ખબર છે, મારા બાપુજી એક પક્ષે છે, જ્યારે મારા પતિ સામા પક્ષે ! મને મારા પિતા પ્રત્યે નફરત છે. સિંઘજીની સાથે ભળીને મજૂરોને ભડકાવે છે.'

બરૂઆની પત્નીએ લછમીના ચહેરાનું બરાબર નિરીક્ષણ કર્યું. સાચે જ તેના ચહેરા ઉપર લેશમાત્ર ભય કે સંશય નહોતો. સ્ત્રી પણ આટલી નિર્ભય બની શકે એ કંચન તો કલ્પી જ નહોતી શકતી. એકાએક એનામાં હિંમત આવી ગઈ. એણે પૂછ્યું,

'તું સ્ત્રીવર્ગમાં શું કામ કરે છે ? મારી પાસે તો કદીય આવી નથી.'

તમારે નાનું બાળક છે, તમે ઘર બહાર ન નીકળી શકો, એમ સમજીને નથી આવી છતાં તમે આવવા ઇચ્છો, તો બેધડક આવો ! સ્ત્રીઓ પણ કેવી પુરુષ સમોવડી છે, એ મારે તમને બતાવવું છે. અચ્છા, તો હવે હું જાઉં. પેલા બનાવના સ્થળે જ જાઉં છું. ત્યાં હાજર રહેવું જ પડશે. હાજર હોઈશ, તો કંઈક મદદગાર થઈશ.'

એ દોડતી ચાલી ગઈ. કંચન વિચારી રહી, અજબ છોકરી છે !

35

બરૂઆ જ્યારે બનાવના સ્થળે પહોંચ્યો, ત્યારે આછું અંધારું થઈ ચૂક્યું હતું, એટલે શરૂઆતમાં તો એને કંઈ દેખાયું જ નહીં. જ્યાં ખટારા ઊભા હતા, ત્યાં રસ્તાની બત્તીનો પ્રકાશ પડતો હતો. તેણે જોયું કે લોકો ખટારાને ઘેરીને ઊભા હતા. પછી તે જોઈ શક્યો કે ત્યાં ઇસ્માઇલ, ગયાસુદ્દીન, માલાસિંઘ, પ્રધાન તથા બીજા લોકો પણ હતા.

રસ્તાની એક બાજુએ આસામ રાઇફલ્સની ટુકડી તૈયાર ખડી હતી; જાણે પ્રેતોની કતાર હોય એવી દેખાતી હતી. ઇસ્માઇલની પાછળ ત્રણ ઘોડેસવાર અંગ્રેજો ઘમંડપૂર્વક ખડા હતા. તેઓ અંગ્રેજ જેવા નહીં, અંગ્રેજોના પ્રેતાત્મા જેવા લાગતા હતા. દરેકના હાથમાં પિસ્તોલ હતી. તેઓ હતા, ટાઉલર, જિલાપોસી અને ટેન્સ.

મોટા સાહેબ તો દિગબઈમાં હાજર નહોતા, એટલે ટાઉલર રાજા બની બેઠો હતો. ખટારા આગળ ઘેરો ઘાલનારા લગભગ પાંચસો માણસ હતા. આખુંય ટોળું બેકાબૂ હતું. ગયાસુદ્દીન સાહેબ, માલાસિંઘ અને પ્રધાન ત્રણે નેતાઓ લોકોને નહીં ઉશ્કેરાવાનું સમજાવી રહ્યા હતા. છતાં કેટલાક માણસો રોષભર્યા હોકારા કરતા હતા. કોઈએ ગાડીનું ઍંજિન બંધ કરવાનું ફરમાન કર્યું, પરંતુ ધાંધલમાં કોઈનોય અવાજ સંભળાતો નહોતો.

બરૂઆ આ ઘેરાથી થોડે દૂર ઊભો રહ્યો. ત્યાં ક્યાંકથી ચંડી આવી પહોંચ્યો. બરૂઆને જોઈને તેણે પૂછ્યું, 'ક્યારે આવ્યા ?'

'બસ હમણાં જ.'

'મને પણ ખબર મળ્યા એટલે સ્વામીજી પાસેથી સીધો અહીં આવ્યો.' એમ બોલી, ચંડીએ ખટારા તરફ નજર માંડી. જે દૃશ્ય બરૂઆએ જોયું, એ જ દૃશ્ય ચંડી જોઈ રહ્યો, પરંતુ એની સમજમાં કશું આવ્યું નહીં. તેને થયું, કશુંક તો કરવું જોઈએ.

ગયાસુદ્દીન તથા તેના સાથીઓ પણ કિંકર્તવ્યમૂઢ જેવા ઊભા હતા.

ટાઉલરે સ્પષ્ટ હુકમ છોડ્યો, 'ડ્રાઇવર, ખટારો હાંકો !'

એટલે મજૂરોએ રાડ નાખી, 'ખબરદાર, જો ચલાવ્યો છે તો !'

ડ્રાઇવર પણ મજૂર જ હતો ને ? એની વિવેકશક્તિ જાગી ઊઠી. ઍંજિન ચલાવ્યું, પણ ગાડી આગળ ન લીધી. ટાઉલર ફરીથી બરાડ્યો,

'ગાડી ચલાઓ !'

ડ્રાઇવરે વળી ગાડી ચલાવવા કોશિશ કરી. સામે ઊભેલા લોકોમાં થોડી હલચલ પણ થઈ, પરંતુ વળી એના હૈયામાં રામ જાગ્યા, 'નહીં, પૈસા ખાતર આટલા બધા ભાઈઓને કચડી ન મરાય.'

ત્યાં બરૂઆએ જોયું કે ચંડી ત્યાંથી ચાલ્યો ગયો હતો. તે લોકોની ભીડને ચીરતો સીધો ડ્રાઇવરની સીટ તરફ આગળ વધી રહ્યો હતો. તે ડ્રાઇવરની સીટ પર ચઢીને બેઠો ને એકદમ ગાડીનું એંજિન બંધ કરી દીધું. તરત ચારે તરફ ઊભેલા મજૂરોએ જયજયકાર ગજાવ્યો.

એકાએક ચંડીની છાતીને વીંધી નાખતી ગોળી છૂટી. બરૂઆએ જોયું કે જિલાપોસીએ એકદમ નજીકથી ગોળી છોડી હતી. તેનાથી આ કૃત્ય સહન ન થયું, તે રાડ પાડી ઊઠ્યો,

'હત્યારા !'

ત્યાં વળી જિલાપોસી બરાડી ઊઠ્યો, 'ડ્રાઇવર, ગાડી આગળ ચલાઓ ! જોઉં છું, ગાડીનું એંજિન કોણ બંધ કરે છે !'

બરૂઆ માટે આ અસહ્ય હતું. ગોળીબારના અવાજથી ટોળામાં ભયની લાગણી પ્રસરી હતી, પરંતુ અલ્પ જ; મોટા ભાગના લોક બિલકુલ નિર્ભય ખડા હતા. ગયાસુદ્દીને ચંડીનો લોહી નીતરતો દેહ ઉઠાવ્યો અને ત્રાડ નાખી, 'આપ લોકો ડરો નહીં ! ભૂખથી મરવું કે ગોળીથી મરવું આપણે માટે બધું જ સરખું છે.'

ગોળીબારના અવાજથી બહારથી આવેલા મજૂરો વધારે ભયભીત બની ગયા. બંને ખટારામાંથી ઘેરો થયો ત્યારથી જ એક એક કરીને માણસો ઊતરી રહ્યાં હતાં. ગોળીબાર થયો, એટલે ઘણા મજૂરો કૂદીકૂદીને ભાગવા લાગ્યા. આ જોઈને ટાઉલર ચૂપ ન રહી શક્યો. ભયંકર અવાજે તે બરાડી ઊઠ્યો, 'ડ્રાઇવર, ગાડી ચલાવ, નહીં તો તારુંય શિર સલામત નહીં રહે !'

હવે ડ્રાઇવરની હિંમત છૂટી ગઈ. તેણે ગાડી આગળ લેવાની કોશિશ કરી. ત્યાં ક્ષણ માત્રમાં એક ભયાનક કાંડ મચી ગયો. ભીડને ચીરતા અનેક માણસો મડગાર્ડ ઉપર ચઢી ગયા ને એક જણે ડ્રાઇવરનો હાથ પકડી, તેને હુકમ કર્યો, 'ખબરદાર, ગાડી એક તસુય ચલાવી છે તો !'

અને ત્યાં જ બરૂઆએ જોયું કે જિલાપોસી ધડાધડ ગોળીઓ છોડી રહ્યો છે. ડ્રાઇવરનો હાથ પકડનાર માણસ ઢગલો બની પટકાઈ પડ્યો છે. હવે લોકો ભાગવા લાગ્યા. બહારથી આવેલા મજૂરો તો ગભરાટના માર્યા ખટારામાંથી કૂદી પડીને ક્યાંના ક્યાં ભાગી છૂટ્યા. ક્ષણવારમાં તો ખટારા ખાલીખમ થઈ ગયા. ટાઉલર બરાડતો રહ્યો,

'ડ્રાઇવર, ગાડી ચલાઓ !'

એની રાડ હવે મજાક સમી બની રહી. ટોળામાંથી લોકો ભાગંભાગ કરવા લાગ્યા. તો કેટલાક વળી ડ્રાઇવરને ખેંચી પાડવાની કોશિશ કરવા લાગ્યા. બરૂઆએ જોયું કે હવે ખુદ ઇસ્માઇલ ખટારા ઉપર ચઢી ગયો હતો અને જિલાપોસીની બંદૂક તેનું નિશાન લઈ રહી હતી.

બરૂઆ હવે સાનભાન ભૂલી ગયો. તે દોડ્યો અને જિલાપોસીનો ટાંટિયો ખેંચીને તેને ઘોડા પરથી ગબડાવી પાડ્યો. જિલાપોસી હાથમાં બંદૂક સાથે લથડ્યો અને સાથે જ ગોળી વછૂટી. ગોળીએ બરૂઆની છાતી વીંધી નાખી અને તે ચત્તોપાટ પડી ગયો.

પાસે જ બોધન ઊભો હતો. તેનેય એક ગોળી વાગી ને તે પડ્યો. જિલાપોસી પુનઃ ઘોડા પર ચઢવા મથવા લાગ્યો, ત્યાં ચારે બાજુથી પથ્થરમારો શરૂ થયો. એક પથ્થર જિલાપોસીના માથામાં વાગ્યો અને એનું દિમાગ બહેર મારી ગયું. તે બેફામ ગોળીઓ છોડવા લાગ્યો, અને મારું કે મરું - ના ઝનૂનથી ઘોડો દોડાવવા લાગ્યો. એટલે ટાઉલર અને ટેન્સ પણ ઘોડા દોડાવતા ભાગ્યા. ટાઉલરનું કાવતરું આમ નિષ્ફળ ગયું. નવા લાવવામાં આવેલા મજૂરોનું ટોળું તો ક્યારનુંય અદૃશ્ય થઈ ગયું હતું.

વડનું થડ લોહીના રંગે રંગાઈ ગયું.

ત્યાં લછમી દોડતી આવી પહોંચી. એના વાળ વિખરાઈ ગયા હતા. હંમેશાં હસતી રહેતી એ યુવતી ધ્રૂસકેધ્રૂસકે રડી રહી હતી. આક્રંદ કરતી એ બોલી, 'પિતાજી, ક્યાં છો તમે ? ક્યાં ચાલ્યા ગયા ? આ સાહેબો ખાતર તમે શું કરવાનું બાકી રાખ્યું હતું ? એ જ સાહેબલોકની ગોળીએ તમારા પ્રાણ લીધા !

નિર્જન બનેલા એ સ્થળે હવે બે ખાલી ખટારા અને પ્રેતો જેવા આસામ રાઈફલ્સના જવાનો હારબંધ ઊભા હતા. લછમી ઘોર આક્રંદ કરી રહી હતી. એ સાંભળીને ગયાસુદ્દીન ત્યાં આવી પહોંચ્યો. તે ધીરેથી બરૂઆની લાશ પાસે ગયો અને ઘૂંટણ પર બેસી, બરૂઆને છાતીમાં થયેલો ઘા તપાસવા લાગ્યો. પછી મનમાં જ બબડ્યો,

'બાકી હતું. તે તું પણ ચાલ્યો ગયો ! ચેટર્જી ગયો, ચંડી પણ ચાલ્યો ગયો.' ધીરેથી તેણે લાશને ઉઠાવવાની કોશિશ કરી.

ત્યાં તીરની જેમ ક્યાંકથી રોલેટસાહેબ આવી પહોંચ્યા ને આવતાં જ હુકમ છોડ્યો, 'લાશને કેમ લઈ જાઓ છો ? નહીં લઈ જવાય...

ગયાસુદ્દીન એકદમ શાંત અવાજે બોલ્યો, 'લોકોને બચાવવા માટે તો ન આવી શક્યા. કમિશનરસાહેબ, હવે લાશો લેવા આવ્યા ?'

રોલેટે ગયાસુદ્દીન સામે જોઈને જવાબ આપ્યો, 'હું હતો નહીં. મુડદાંનું પોસ્ટમોર્ટમ કરવું પડશે, એમ્બ્યુલન્સમાં દવાખાને લઈ જવાં પડશે.'

ત્યાં સુધીમાં લછમીનું રુદન થંભી ગયું હતું. એણે કોઈને કશું પૂછવાનું નહોતું. પોતાની જાતને સંભાળતી તે સીધી કમિશનરસાહેબ સામે આવીને ઊભી રહી. આંખમાં આંસુ સાથે તીવ્ર સ્વરે તે બોલી, 'સંસારમાં ધર્મ જેવું કંઈ હશે, તો તમે નરકમાં જશો, કીડા પડશે, સડીસડીને મરશો ! બરૂઆની પત્નીનો, પન્નૂનો ને મારો શાપ લાગશે તમને ! માણસની ઢોરની જેમ હત્યા કરવાનો બદલો ભગવાન તમને આપશે.'

રોલેટ લછમી સામે આંખો કાઢતાં રાડ નાખી, 'શટ અપ !' એ પછી મિશ્રાને બૂમ મારી કહ્યું, 'અહીંથી બધાને હઠાવીને આ જગ્યા ઘેરી લો ! લાશોને કોઈ હાથ ન લગાડે એ જોજો !'

પાંચ જ મિનિટમાં પોલીસે બનાવના સ્થળને ઘેરી લીધું. મિશ્રા અને રોલેટ પણ બાજુમાં ઊભા રહી ગયા. ઘણી વાર સુધી કોઈ કંઈ બોલ્યું નહીં. રોલેટ સામે આગભરી નજરે જોતી લછમી ખડી હતી. તેની આંખોમાંથી અશ્રુને બદલે અગ્નિ વરસી રહ્યો હતો. રોલેટનું ટાલિયું માથું ને મોઢું ઉત્તેજના તથા કંટાળાથી જાણે સંકોચાઈ ગયાં હતાં. તેને સ્પષ્ટ દેખાતું હતું કે લછમીની આંખોમાં ભારોભાર ઘૃણા સિવાય કોઈ ભાવ નહોતો.

ગયાસુદ્દીને બરૂઆનો મૃતદેહ પુન: નીચે મૂકી દીધો. તેના નિશ્ચેતન દેહ ઉપર ક્યાંકથી પ્રકાશ પડી રહ્યો હતો. ઘૂંટણિયે બેસીને ગયાસુદ્દીન એનું મોં જોવા લાગ્યો. જીવન અને મરણની વચ્ચે કઈ સીમા હશે ? મનુષ્ય એક સ્થળેથી બીજે સ્થળે જવાની પ્રબળ શક્તિ ધરાવે છે; એ જ મનુષ્ય જીવન-મરણ વચ્ચે કેમ આવજા નહીં કરી શકતો હોય ?

એના ચહેરા પર એકાએક વૈરનું ઝનૂન તરી આવ્યું. તેને થયું, આ સાહેબલોકને પણ મારવા જ જોઈએ. પરંતુ થોડી જ વારમાં એને પુન: ભાન થયું કે આવા વૈર-પ્રતિવૈરથી કશું જ સિધ્ધ નહીં થાય. કંપની તો એક અશરીરી તાકાત છે; એને ગોળીથી મારી ન શકાય.

તો પછી શું કરવું જોઈએ ?

નજીકમાં જ મોધનની લાશ પડી છે. ખાલી ટ્રક પાસેના ઊંચા ટેકરા ઉપર ચંડી તથા ચેટર્જીના મૃતદેહો પડ્યા છે. સાહેબોએ ચાર માણસને ગોળીએ દઈ દીધા, છતાં પોલીસ ઊભીઊભી જાણે તમાશો જોઈ રહી. કાયદાનેય ઘોળીને પી ગયા. મૅજિસ્ટ્રેટના હુકમ વિના આમ ગોળીઓ ન છોડી શકાય. આ લોકોએ માણસોને કૂતરાં બિલાડાંની જેમ મારી નાખ્યા ને હવે બંગલામાં જઈને શરાબ ગટગટાવશે. જાણે મજૂરોના ખૂનથી એ લોકોએ હોળી ખેલી ! મજૂરોના માંસની જયાફત ઉડાવી રહ્યા છે ! શિલોંગમાં કૉંગ્રેસી પ્રધાનમંડળ તો છે, પરંતુ સાવ સત્તાવિહોણું; ખરી સરકાર તો નોકરશાહીની જ ચાલે છે. આઈ.જી.પી. ગવર્નરનો હુકમ માને, ગૃહપ્રધાનનો નહીં.

લછમી વળી ચીસ પાડી ઊઠી, 'સંસારમાં જો ધર્મ હશે, તો આ લોકનાં શરીરમાં કીડા પડશે, એ લોક સડીસડીને મરશે.'

ગયાસુદ્દીન ઊભો થયો. એણે લછમી સામે જોઈ કહ્યું, 'લછમી, આ લોકને શાપ દઈને ન મારી શકાય.'

લછમી વિમૂઢની જેમ ગયાસુદ્દીન સામે તાકતાં બોલી, 'તમે શું માનો છો ? ધર્મ છે કે નહીં ? ભગવાન છે કે નહીં ? શું આ લોક એમનાં કૃત્યમાંથી કશી સજા વગર જ છૂટી જશે ?'

રોલેટ લછમી સામે એકી ટસે જોઈ રહ્યો હતો. એના મનમાં અપમાનની નહીં, અણગમાની આગ જલી રહી હતી. ટાઉલરે ભારે ગંભીર ભૂલ કરી. પોતાની પણ ભૂલ તો થઈ છે. વેરના ઝનૂનમાં માણસોને જાનવરોની જેમ મારી નાખ્યા ! હવે શું કરવું જોઈએ, કશું જ સમજાતું નહોતું. ભૂલ જ થઈ ગઈ. મિશ્રા અહીં હાજર હતો, આસામ રાઈફલ્સના સૈનિકો પણ હતા; પરંતુ ગોરી ચામડીવાળાથી એ લોકો પણ ડરી ગયા. એ લોકોને જ્યાં સુધી મૅજિસ્ટ્રેટ અથવ. એસ.પી. નો હુકમ ન મળે, ત્યાં સુધી કરી પણ શું શકે ? મિશ્રા સાચું જ કહે છે, મજૂરોએ

હિંસાનો આશરો નહોતો જ લીધો; એટલે ટાઉલર તથા જિલાપોસીને ગોળી ચલાવવાનો કોઈ અધિકાર નહોતો. એ લોકોએ કાયદાનો ભંગ કર્યો છે.

રોલેટે પોતાની ડાયરી કાઢી. આ બધી જ વાતો નોંધવી જોઈએ; પરંતુ ટાઉલર અને જિલાપોસી બંને તો દોસ્તો છે, પછી શું લખી શકાય ?

ગયાસુદ્દીન લછમીને સમજાવી રહ્યો છે, 'ઈશ્વર કે ધર્મ જેવું કશું છે જ નહીં; નહીં તો આવું બની જ કેવી રીતે શકે ?'

આ વાત રોલેટના મનને સ્પર્શી ગઈ તેણે બૂમ મારી, 'ગયાસુદ્દીન સાહેબ, જરા અહીં આવજો. પછી મિશ્રાને સંબોધીને કહ્યું, 'તમે જાઓ, અને જુઓ, ઍમ્બ્યુલન્સ નીકળી કે નહીં ?' મિશ્રા એક સલામ ઠોકીને ચાલ્યો ગયો.

ગયાસુદ્દીન રોલેટ સમક્ષ આવી ઊભો. અગાઉ તેનાં વસ્ત્રો ઉપર માટી અને તેલના ડાઘ જોવા મળતા; આજે દોસ્તોનાં લોહીથી એ રંગાયલાં હતાં. એને સામે ઊભેલો જોઇ, રોલેટનું હૈયું કંપવા લાગ્યું. તે બોલ્યો, 'આઈ એમ સોરી !'

ગયાસુદ્દીને ક્રોધ મનમાં દબાવી દીધો. જીવનમાં કદાચ આજે પ્રથમ જ વાર તેણે સંયમથી બોલવાનો નિર્ણય કર્યો. બીજી બાજુ, દિવસોની હડતાળને પરિણામે એને સંયમની તાલીમ પણ મળી રહી હતી. તે વિચારતો થયો હતો કે એકલે હાથે કરી શકાય એવાં કામ જગતમાં બહુ ઓછાં છે અને સામૂહિક રીતે કરવાનાં કામ પણ ઝાઝાં નથી. આમ તો, કામ કરવું યા ન કરવું એ સૌ સૌની મરજીની વાત છે. એ સિવાય જો કોઈ અન્ય શક્તિ હોય, તો તે ધર્મ યા ભગવાન તો નથી જ. તે ખાતરીપૂર્વક સમજતો હતો કે એ શક્તિ માનવ પ્રકૃતિ અથવા તો માનવ ઇતિહાસ છે; છતાંય એ સમજી શકતો નહોતો કે કઈ શક્તિ એક બાજુ મનુષ્યને રચનાત્મક કાર્ય કરવા પ્રેરે છે, તો બીજી બાજુ વળી સંઘર્ષ કરવાની પ્રેરણા આપે છે. છતાં એને લાગ્યું કે પ્રેમ અથવા તિરસ્કાર ઉપર નિયંત્રણ રાખનારી કોઈ શક્તિ અવશ્ય છે અને એ જ સાચી શક્તિ છે. આથી તે મસ્તક નમાવીને બોલ્યો, 'આને બદલે હું મરી ગયો હોત, તો મને આનંદ થાત, એ ખુશીની વાત ગણાત; આજે તો મારી વેદનાનો કોઈ પાર નથી. રોલેટસાહેબ, તમે તો જાણો છો કે મને અંગ્રેજોના ચારિત્ર્ય ઉપર ઊંડો વિશ્વાસ હતો. આજે એ વિશ્વાસ ધૂળમાં મળી ગયો છે. આ આઘાતેય મારે માટે અસહ્ય છે.'

રોલેટનું મોં કાળું પડી ગયું. તેણે પોતાની ડાયરી પુનઃ કાઢી પૂછ્યું, 'તમારે આ બનાવ બાબતે કંઈ કહેવું છે ? આ લોકોનાં મરણ કેવી રીતે થયાં ?'

ગયાસુદ્દીને હા પાડી અને બનાવનું આરંભથી અંત સુધી વર્ણન લખાવવા લાગ્યો. જયારે એ પૂરું થવા આવ્યું, ત્યારે તેણે જોયું રોલેટસાહેબ હજી પણ કશુંક લખ્યા કરે છે.

તેણે પૂછ્યું, 'આ બયાન લખાવવાથી કંઈ લાભ થશે કે ?'

રોલેટે કશો જવાબ ન આપ્યો. તે હવે ડાયરી બંધ કરી ગજવામાં મૂકવા જ જતો હતો, ત્યાં લછમી બોલી ઊઠી, 'સાહેબ, એક બીજી વાત પણ લખી લો !'

'શું ?'

'આ આખાય બનાવની બરાબર તપાસ નથી થવાની. મારા પિતાને ટાઉલરસાહેબ પોતાનો માણસ માનતા. આમ તો કોઈ પણ સાહેબ એને વિરોધી નહોતા માનતા, અને છતાં બન્યું શું ? તમારા લોકમાં મમતા, દયા જેવું કશું હોતું જ નથી, તમે આ બાબતમાં કશું કરી શકશો ખરા?'

ત્યાં મિશ્રા આવી પહોંચ્યો અને તેણે દૂરથી જ સલામ ઠોકી.

રૉલેટે દુ:ખભર્યા હૈયે જવાબ આપ્યો, 'આ બધી વાતોનો જવાબ ધીરે ધીરે મળશે'. અને પછી મિશ્રાને પૂછ્યું, 'ઍમ્બ્યુલન્સ તો આવી ગઈ છે, પરંતુ મજૂરો લાશો ઉપાડવા નથી દેતા'.

એટલે રૉલેટે ગયાસુદ્દીનને સંબોધીને કહ્યું, 'પોસ્ટમૉર્ટમ કરવું ખૂબ જરૂરી ગણાય. માટે આપ જ હવે મજૂરોને સમજાવો !'

ગયાસુદ્દીનને કહ્યું, 'અચ્છા, હું ત્યાં જાઉં છું.'

ગયાસુદ્દીન ગયો. રૉલેટે મિશ્રાને પણ ઍમ્બ્યુલન્સ પાસે જઈ રહેવા જણાવ્યું. એ પછી બીજી વાર રૉલેટ અને લછમી પાછાં સામસામાં આવી ગયાં.

ત્યારે પણ લછમી આગ ઝરતી નજરે રૉલેટ સામે તાકી રહી હતી. રૉલેટથી આ દૃષ્ટિ સહન ન થઈ શકી. તે ઉદાસ હૈસે મસ્તક નીચું રાખી, ધીરે ધીરે ત્યાંથી વિદાય થયો. વળી એક વાર ક્ષણભર રોકાઈ તેણે લછમી સામે એક નજર કરી લીધી. લછમીની આંખોમાંથી એકધારાં અગ્નિબાણ વરસી રહ્યાં હતાં. રૉલેટને લાગ્યું કે આ અગ્નિબાણ મશીનગનના ગોળા કરતાંય વધુ ભયાનક છે; કારણ કે આ આગ દલિતો-પીડિતોનાં હૈયાંની છે.

ત્યાં વળી એણે જોયું કે લછમી નજીક બીજી એક સ્ત્રી પણ આવી પહોંચી છે. એણે કમરે કંદોરો પહેર્યો છે અને માથે પાલવ ઢાંક્યો છે. એ સ્ત્રી બરૂઆના મૃતદેહને વળગીને રડી રહી હતી. કેટલું હૃદયવિદારક આક્રંદ હતું એ! એ કદાચ બરૂઆની પત્ની હશે. લછમી પણ પાછળ ફરીને બરૂઆની પત્ની તરફ જોઈને કંઈ કહી રહી હતી. પરંતુ બરૂઆની પત્ની કશું જ જોયા - સાંભળ્યા વગર હૈયાફાટ રુદન કરી રહી હતી. આ રુદને રૉલેટના હૃદયને પ્રચંડ આઘાત આપ્યો.

આ રુદન માટે કારણભૂત હતો પોતાનો મિત્ર, પોતે જાતે પણ, અને બધા જ ગોરી ચામડીવાળા - ઓછામાં ઓછું આ બે સ્ત્રીઓ તો એમ જ માનતી હતી.

થોડો સમય એમ જ ગુજરી ગયો. એટલામાં ઍમ્બ્યુલન્સનો અવાજ સંભળાયો. ગાડી એકદમ બરૂઆની પત્ની સામે આવી ઊભી રહી ગઈ. એમાંથી પ્રથમ મિશ્રા ઊતર્યો, પછી ગયાસુદ્દીન અને એની પાછળ પન્નૂ. મિશ્રાએ કંચનને મૃતદેહ છોડી આઘી ખસવા વિનવી, પરંતુ એ રોષભેર બરાડી ઊઠી, 'એને મારી પાસેથી કોણ છીનવી શકે તેમ છે? મારો પતિ મને પાછો આપો ! પાછો આપો !'

તે મૃતદેહને છોડતી નહોતી. રૉલટનો ચહેરો પસીનાથી ઉભરાઈ રહ્યો. તે રૂમાલથી પરસેવો લૂછવા લાગ્યો.

મિશ્રાએ ગયાસુદ્દીન તરફ નજર કરી. એના ચહેરા પર પણ અસહાયતાનો ભાવ દેખાતો હતો. પન્નૂ પણ ગયાસુદ્દીન સામે જ જોઈ રહી હતી; જાણે તેઓ એકબીજાને કશુંક પૂછી રહ્યાં હતાં. પછી નિર્ણય લેવાઈ ગયો હોય તેમ, પન્નૂ આગળ વધી અને કંચનને વળગી પડતાં બોલી, 'ભાભી, ભાભી, આ શું કરો છો ! ચાલો ! બરૂઆજી હવે નથી રહ્યા. લાશને વળગી રહેવાથી શો લાભ ?' પરંતુ કંચન ખસી નહીં.

અને તેણે એવું કરુણ આક્રંદ કર્યું કે ઝાડપાન સૌ રડી પડ્યાં. એટલે પન્નૂ લછમી તરફ ફરીને બોલી, 'લછમી, આવ, અહીં આવ ! હવે આપણે જ આપણી જાતને આશ્વાસન આપવું પડશે. દુઃખ આ રીતે ના નિવારી શકાય. આવ, આમ આવ...

લછમી બોલી, 'તારી વાત સાચી છે. તું મારો સહારો હું તારો સહારો; અને આપણે બે વળી આ ત્રીજીનો સહારો. એમ ન રાખીએ, તો મૂળ વિનાના વૃક્ષની જેમ બધાં જ જમીનદોસ્ત થઈ જઈએ.

એ બંનેએ પછી બરૂઆની પત્નીને પકડીને મૃતદેહથી છૂટી પાડી. પરંતુ કંચનનું રુદન તો બંધ તોડીને વહેતા પાણીની જેમ ધોધમાર વહી રહ્યું હતું. એ જોઈ, લછમી તથા પન્નૂની આંખમાં પણ આંસુ ભરાઈ આવ્યાં. એ બંને એને સંભાળી શકવા શક્તિમાન નહોતાં. વળી રાડ પાડતી કંચન બોલી ઊઠી, 'તેં તો માત્ર પિતા જ ગુમાવ્યા છે; પરંતુ સ્ત્રી તો સ્વામી ગુમાવતાં, સર્વસ્વ જ ગુમાવી બેસે છે.'

એક રહ પ્રદેશની રહદોઈ, એક નિપામની ભાદોઈ અને ત્રીજી સિલિગુડીની આગોશી - ત્રણે સ્ત્રીઓ વચ્ચે સગાઈસંબંધ બીજો કંઈ નહીં, ત્રણેની જ્ઞાતિ જુદીજુદી, છતાંય ગાઢ સ્વજનની જેમ એક સાથે વિલાપ કરી રહી હતી. રૉલેટથીય આ દૃશ્ય સહન ન થયું; એનાથી એ જોયું જતું નહોતું. એ ધીરેધીરે ત્યાંથી ચાલ્યો ગયો.

ત્યાં સામેથી આવતી એક ગાડીની લાઈટ તેના પર પડી. તેને થયું, કે અહીંથી જલદી ચાલ્યા જવું બહેતર છે; પરંતુ એટલામાં તો ગાડી ત્યાં આવીને ઊભી રહી ગઈ, અને એમાંથી મિસિસ ફ્લેમિંગ ઊતરી; જ્યારે પાછળની સીટ પરથી દુર્ગા અને નયનમણિ ઊતર્યાં. અને ઊતરતાં જ એ બે જણાં રુદનનો અવાજ સાંભળી, એ તરફ દોડ્યાં. તેઓ પણ વિલાપ કરવા જ આવ્યાં હતાં, પિતા અને પિતાના સાથીઓના મૃત્યુના સમાચાર તેઓએ જાણ્યા હતા; એટલે જ આમ હાંફળાંફાંફળાં દોડવા લાગ્યાં. આજે રડવાનો જ દિવસ હતો; મજૂરોએ રડવાનો દિવસ; સૌ કોઈએ રડવાનો દિવસ.

મિસિસ ફ્લેમિંગે બૂમ મારી, 'મિસ્ટર રૉલેટ !'

'યસ મેડમ !'

'વોટ ઈઝ ધીસ ઓલ કિલિંગ ફોર ? આ તો દેવાળિયા નીતિ કહેવાય. જાણે કેનિબાલ્સ (માનવભક્ષીઓ) વછૂટ્યા !'

રોલેટની છાતી પર જાણે કે ઘણ ઠોકાતા હતા. તે બોલ્યો, 'આઈ એમ રિયલી સોરી ! કંઈક ન બનવા જેવું બની ગયું.'

એ પછી તેણે સમસ્ત બનાવનું વર્ણન કર્યું. એ બધું સાંભળીને મિસિસ ફ્લેમિંગ બોલી, 'મિસ્ટર હિગિન્સે ગંભીર ભૂલ કરી. તેમણે ટાઉલરને આમ છૂટો દોર નહોતો આપી દેવો જોઈતો. એમને પાછા બોલાવી લો !'

રોલેટ કશું બોલ્યો નહીં. બીજી બાજુ, બરૂઆની પત્નીનું રુદન તીવ્રતર બનતું જતું હતું. એકદમ રોલેટ બોલ્યો, 'તમે અહીં સમયસર આવ્યાં છો. આ દેશી લોકોની હાલત જોઈ શકો છો. કૃપા કરીને આ બરૂઆની વિધવાને ઘેર લઈ જાઓ. એને જે આશ્વાસન જોઈએ, તે હું આપી શકું તેમ નથી; જ્યારે તમે આપી શકશો.'

મિસિસ ફ્લેમિંગ સમજી શકી કે રૉલેટનો અવાજ સ્પષ્ટ નહોતો નીકળતો. રૂંધાઈ જતો હોય એવો લાગતો હતો.

રોલેટ વિદાય લઈ ચાલ્યો ગયો. મિસિસ ફ્લેમિંગ પોતાની કારમાં બેસી ગઈ.

એમ્બ્યુલન્સ પણ ઊપડી અને મિસિસ ફ્લેમિંગની ગાડી પાસેથી ધીરી ગતિએ નીકળી ગઈ. મિસિસ ફ્લેમિંગ હજી ત્યાં જ ગાડીમાં બેસી રડારોળનું દૃશ્ય જોઈ રહી હતી; અને મનમાં એક કાવ્યપંક્તિ ગણગણી રહી હતી :

'ડિઝોલ્વ થિક ક્લાઉડ્ઝ એન્ડ રેઈન, ધૅટ આઈ મે સે, ધ ગોડઝ ધેમસેલ્વઝ ડુ વ્હીપ.'

(ઘેરાં વાદળ વિખેરાઈ જાઓ, વર્ષા થાઓ; જેથી હું કહી શકું કે ખુદ દેવો પોતે રડી રહ્યા છે.)

રડીરડીને બરૂઆની પત્ની હવે અશક્ત થઈ ગઈ હતી. દુર્ગા પણ નાના બાળકની જેમ પોકેપોક મૂકીને રડી રહ્યો હતો.

ગયાસુદ્દીન કહી રહ્યો હતો, 'મેં આટલા દિવસ તારા પિતાને ઓળખ્યા નહીં; સાહસિક તથા હિંમતબાજ હતા એ. જો ને, કેવો સીધો ડ્રાઇવરને જ પકડ્યો; જરાય ડર ન રાખ્યો. અરે, મનેય ખબર નહીં કે ચંડી આવો હિંમતબાજ હશે.'

પન્નૂ બોલી, 'કેટલાક દિવસથી એ ખૂબ બદલાઈ ગયા હતા. પછી તો કેવળ સ્વામીજી પાસે જઈને બેસતા. અને મને કહેતા, ફક્ત ભગવાન જ સર્વસ્વ છે; બાકી બધું જૂઠ છે.'

ગયાસુદ્દીનને આ વાતમાં રસ ના પડ્યો.

પન્નૂ વળી બોલી, 'ચેટર્જીનું મોત આ રીતે આવશે એવું તો કલ્પ્યુંય નહોતું. એક દિવસ કહેતા હતા કે અમારી બહાદુરી બતાવી દઈશું, તે ખરેખર બતાવી ગયા.'

ગયાસુદ્દીન આશ્ચર્ય સહ પન્નૂની સામે જોઈ રહ્યો. ચેટર્જીની પ્રશંસા આજે પ્રથમ જ વાર તે કોઈના મોંએ સાંભળી રહ્યો હતો. આટલા મૂક તથા સંકોચશીલ માણસમાં પણ આટલી ઉગ્ર વીરતા હતી એ કોણ જાણતું હતું ! ચંડીને પડતો જોઈને તે નિર્ભયતાથી આગળ વધ્યો. આટલું સાહસ તો ખુદ હું પણ ન કરી શકું.

મિસિસ ફ્લેમિંગને સામે ઊભેલી જોઈને દુર્ગાનું રુદન તત્કાળ બંધ થઈ ગયું.

ત્યારે મિસિસ ફ્લેમિંગ કોઈ વિદેશી દેવીની પ્રતિમા સમી શોભી રહી હતી. આવી નાનીનાની આપત્તિઓથી જાણે કે તે પર હતી. શરીર પર તેણે લાલ છીંટનો એક ગાઉન પહેર્યો હતો. મુખ સૌંદર્યથી ઝળહળી રહ્યું હતું. દુર્ગાને એવી લાગણી થઈ કે જાણે તેની સામે દયાની દેવી ખડી છે. એ બોલી,

'દુર્ગા, મર્દમાણસો આ રીતે રડે નહીં. રુદન બંધ કર.'

આ એક જ ઉદ્‌ગાર સાંભળતાં દુર્ગાનું મન શાંત થઈ ગયું. મેમસાહેબા પ્રત્યેનો પોતાનો સહજ રોષ તે ત્યારે ભૂલી ગયો. એની ફરિયાદ હતી કે એણે જ નયનમણિને મહત્ત્વાકાંક્ષી બનાવી દીધી છે, એ મા બનવા નથી ચાહતી; એને લખનૌ જઈ સંગીત શીખવું છે. આ બધી ફરિયાદો અત્યારે તેને તુચ્છ સમજાઈ રહી હતી. પોતાના પર મેમસાહેબાની કેટલી બધી દયામાયા હતી. એ વિલાયત જતાં પૂર્વે પોતાની મોટરગાડી મને સસ્તામાં આપી જવા ઇચ્છતી હતી; એને પૈસા પણ મારે ધીરેધીરે ચૂકવવાના હતા. એ જ દયાની દેવી અત્યારે મને આશ્વાસન આપી રહી છે. બાપના મૃત્યુના સમાચાર સાંભળી પોતે અહીં દોડી આવ્યો હતો. એણે મને ગાડી પણ ન ચલાવવા દીધી, જાતે ચલાવી. કેટલો ખ્યાલ રાખે છે, આ નારી મારો ! જાણે મીનુબાઈનો જ વિદેશી અવતાર ! ભલે ચામડીનો રંગ અને દેશ એનો જુદો છે.

દુર્ગા બોલ્યો, 'મેમસાહેબા !'

'શું છે, બોલ !'

'મારે રજા જોઈએ. પન્નૂની સાથે જ મારે ઘેર જવું પડશે. પિતાજીના અંતિમ સંસ્કાર કરવા પડશે; શ્રાદ્ધ પણ કરવું પડશે.'

'ચોક્કસ જાઓ ! નયનમણિને પણ લઈ જવી પડશે ને ?'

'હા.'

મેમસાહેબા એકદમ વિચારમાં પડી ગઈ. પછી પૂછ્યું, 'એકબે દિવસ માટે કોઈ બીજું મળી શકે ખરું ?'

દુર્ગા પણ થોડી વાર વિચારમાં પડી ગયો; પછી ગયાસુદ્દીનની સલાહ લેતાં બોલ્યો, 'નસીરઉદ્દીન ખાનસામાને બોલાવશો તો એ આવશે. અને જો ગયાસુદ્દીનસાહેબ કહેશે તો તો એ અચૂક આવશે.'

ગયાસુદ્દીન જરા ચિંતામગ્ન અવાજે બોલ્યો, 'ન આવે એવું એક જ કારણ છે. ઝેબુન્નિસાની તબિયત ઘણી ખરાબ છે.'

દુર્ગાએ કહ્યું, 'તેમ છતાંય એક વાર તમે કહો તો કામ થઈ જ જશે. મને પાકો વિશ્વાસ છે.'

ગયાસુદ્દીને એ જવાબદારી સ્વીકારી લીધી.

ત્યાં બરૂઆની વિધવાએ વળી એકાએક પુનઃ રડવા માંડ્યું, 'આ શું થઈ ગયું ? અરેરે, હું કેમ જીવતી રહી ગઈ ?'

મેમસાહેબાએ નયનમણિને બૂમ મારી કહ્યું, 'એને ટેકો આપીને અહીં લઈ આવ !'

નયનમણિએ લછમીને પણ બોલાવી. એણે અને પન્નૂએ બરૂઆની પત્નીને ટેકો આપીને ગાડીની પાછલી બેઠક ઉપર બેસાડી દીધાં. મેમસાહેબાએ નયનમણિને કહ્યું, 'તુંય સાથે ચાલ ! એને ઘેર પહોંચાડીને નસીરઉદ્દીનને મળવા હૉસ્પિટલમાં જઈશું. પછી તને પણ છુટ્ટી આપી દઈશું.' પછી ગયાસુદ્દીનને સંબોધીને બોલી, 'જો આપ અત્યારે જ નસીરઉદ્દીનને કહી શકો તો મોટી મહેરબાની થશે.'

ગયાસુદ્દીને ખિન્ન હૈયે જવાબ આપ્યો, 'હું હમણાં જ હૉસ્પિટલ જાઉં છું. પોસ્ટમૉર્ટમ થઈ જાય એટલે મૃતદેહો ઘેરઘેર પહોંચાડી દેવા પડશે. એ પછી અગ્નિસંસ્કારની વ્યવસ્થા કરવી પડશે. આપ બરૂઆની પત્નીને લઈ જાઓ છો એ બદલ અમે તમારાં ઋણી છીએ.'

મિસીસ ફ્લેમિંગ બોલી, 'જે કાંઈ બન્યું, એ બદલ મને શરમ આવે છે. આ હત્યાકાંડ અનિવાર્ય નહોતો.'

ગયાસુદ્દીને આશ્ચર્યપૂર્વક મેમસાહેબા સામે જોયું. એને એમાં વિધિની અદ્‌ભુત વિચિત્રતા દેખાઈ. જે લોકો ગોળી ચલાવે છે એ જ લોકો સહાનુભૂતિ દર્શાવે છે ! એક બાજુથી લોહી ચૂસે છે, બીજી બાજુથી પ્રેમ દર્શાવે છે !

મિસીસ ફ્લેમિંગ ગાડી સ્ટાર્ટ કરી ચાલી ગઈ.

નયનમણિ બરૂઆની પત્નીને આધાર આપતી એના ઘરમાં લઈ આવી. સાથે મેમસાહેબા પણ અંદર આવી. બરૂઆનું ઘર એણે જોયું : મજાનો નાનકડો સંસાર હતો. સામેની દીવાલ પર જવાહરલાલ નહેરુની એક વિશાળ છબી લટકતી હતી. ઓરડામાં સાધારણ ખુરશી-ટેબલ પડ્યાં હતાં. ઘરમાં વીજળીનો પંખો કે એવું કંઈ જ નહોતું. એક મોટા પલંગ ઉપર દેવ જેવો બાળક સૂઈ રહ્યો હતો. બાજુમાં એક અપરિચિત સ્ત્રી બેઠી હતી. નયનમણિની મા, પ્રધાનની પત્ની, છોકરાની સંભાળ રાખી રહી હતી.

બરૂઆની પત્ની બોલી, 'મારું તો સર્વસ્વ લૂંટાઈ ગયું. હવે મારે જીવીને શું કામ છે? મેમસાહેબા, તમે આ તમાશો જોવા આવ્યાં ? નોકરી છીનવી લેવાનો અધિકાર તો આપ લોકોનો છે જ, પરંતુ જાનથી મારી નાખવાનો અધિકાર પણ તમને લોકોને ખરો કે ? બોલો મેમસાહેબા !'

નયનમણિની માએ ધીરેથી બાળકને એની મા તરફ ધકેલતાં કહ્યું, 'સર્વસ્વ તો નથી લૂંટાઈ ગયું બેટી, આ તો છે ને ?'

મેમસાહેબા બોલી, 'હું પણ તો સ્ત્રી છું. આજે આ જે કાંઈ બન્યું, એ સાચા અંગ્રેજોનું કામ નથી.'

નયનમણિએ બરૂઆની પત્નીને મિસીસ ફ્લેમિંગના કથનનો મર્મ સમજાવી દીધો. વળી એ રોવા લાગી.

મિસીસ ફ્લેમિંગથી હવે વધુ સહન ન થયું. તેને થયું, ના ... ના, આ લોકો કદાપિ સમજી શકવાનાં નથી, કદાપિ નહીં ! કાળી અને ગોરી ચામડી વચ્ચે એક ન ઓળંગી શકાય

એવી ખાઈ પડી ગઈ છે. પાકી દીવાલ ભેદીને જેમ પાણી પહોંચી શકતું નથી એમ રંગભેદની દીવાલ ભેદીને અમારી સહાનુભૂતિ એમને નથી પહોંચી શકવાની. આ બધી ગેરસમજનો અંત ક્યારે આવશે ?

ક્યારે ... ?

36

તે દિવસે અગણિત મનુષ્યો બહાર નીકળી પડ્યાં. હૉસ્પિટલમાં અસંખ્ય માણસો ભેગાં થયાં, એટલાં જ માર્ગો ઉપર ફરતાં હતાં અને સ્મશાનમાં પણ માણસ જ માણસ !

મૃતદેહોને પોતપોતાને ઘેર રવાના કર્યા બાદ, ગયાસુદ્દીન ભીડને વળોટતો ઝેબુન્નિસાના વૉર્ડમાં પહોંચ્યો. નસીરઉદ્દીન ત્યાં જ હતો. ઝેબુન્નિસાની તબિયત દિનપ્રતિદિન કથળતી જતી હતી. એને લીવરની બિમારી તો હતી જ, હવે કેન્સરની પણ શંકા હતી. નસીરઉદ્દીનનું મન ભાંગી પડ્યું હતું. હજ પણ ન કરી શકાઈ; ક્યાંક લડાઈ ફાટી નીકળતાં જહાજસફર પર પ્રતિબંધ આવી પડ્યો. મજૂર યુનિયનની પરિસ્થિતિ પણ નાજુક બની ગઈ હતી. લગભગ બે મહિનાથી હડતાળ ચાલતી હતી. સાહેબલોકો મજૂરોને મારીમારીને પણ નોકરીમાંથી કાઢી મૂકશે, ત્યારે જ છોડશે. એ સિવાય, નસીરઉદ્દીનની એક માત્ર આશા ઝેબુન્નિસા હતી. એ પણ આજે મૃત્યુ-શય્યા પર હતી. ડૉક્ટર પાઠક કહેતા હતા કે બચવાની આશા ઘણી ઓછી હતી.

ગયાસુદ્દીન પહોંચ્યો, ત્યારે નસીરઉદ્દીન ઝેબુન્નિસા સાથે વાતચીત કરી રહ્યો હતો. તેઓ પન્નૂ, લછમી તથા બરૂઆની પત્ની વિશે વાત કરી રહ્યાં હતાં. ઝેબુન્નિસા આ બધાંના ખબર પૂછી રહી હતી. તેણે ફક્ત ઇસ્માઇલ વિશે કશું જ ન પૂછ્યું. કશાક અકારણ અભિમાનથી એનું ચિત્ત ભરાઈ ગયું હતું. પોતે કેટલાય દિવસથી બીમાર હતી; તો પણ તે એક પણ વાર ખબર કાઢવા સુધ્ધાં આવ્યો નહીં. સાચી વાત એ હતી કે પોતે એને પ્યાર કર્યો હતો અને અદ્યાપિ કરતી હતી, પરંતુ તેણે કદીય પોતાને ચાહી નહોતી. પોતે મરી ગઈ છે યા જીવે છે, એટલી તપાસ કમસે કમ એક વાર તો તેણે કરવી જોઈતી હતી. એ પોતે સમજતી હતી તે આવાં આશા-અભિમાન સાવ નિરર્થક છે, છતાંય એ ભૂલી શકતી નહોતી.

ગયાસુદ્દીન ઝેબુન્નિસાની પાસે આવ્યો અને એનો દુર્બળ દેહ તથા કરમાયલો ચહેરો જોઈ બોલ્યો, 'અરર કેવી થઈ ગઈ આ છોકરી !'

નસીરઉદ્દીન બોલ્યો, 'મનુષ્યમાં રૂપ-યૌવન કાયમ નથી રહેતાં, એ ચંદ્રની જેમ સદાય વધતાં-ઘટતાં રહે છે.' આટલું બોલીને તેણે એક ઠંડો નિ:શ્વાસ મૂક્યો. એ જાણતો હતો તે પોતે ગલત વાત કહી રહ્યો છે, કારણ કે ઝેબુન્નિસા હવે પુન: સાજી થવાની નથી. ડૉક્ટર પણ એ સમજતા હતા અને ઝેબુન્નિસા પોતે તથા નસીરઉદ્દીન પણ એ જાણતો હતો. પરંતુ માણસ મૃત્યુની વાસ્તવિકતાનો સ્વીકાર નથી કરી શકતો.

ઝેબુન્નિસા બોલી, 'ખાલી બેકાર વાતો કરવાનો શો અર્થ ? બરૂઆ જેવા માણસ જ્યારે ચાલ્યા ગયા, ત્યારે હું જીવીને શું કરવાની ?' વળી થોડી વાર ચૂપ રહી પછી એણે પૂછ્યું, 'બરૂઆની પત્ની હવે શું કરશે, ગયાસુદ્દીન સાહેબ ?'

ગયાસુદ્દીને આ વાતનો તો વિચાર જ નહોતો કર્યો. કોઈનીય વ્યક્તિગત વાત વિચારવાનો આ સમય જ નહોતો. અત્યારે તો સામૂહિક અવ્યવસ્થા પ્રવર્તતી હતી. કંપની હવે પછીનું પગલું કયું લેશે એ કોણ કહી શકે ? તેણે એટલો જ જવાબ આપ્યો, 'કોણ જાણે ! અત્યારે તો ફંડફાળો કરવો પડશે. કદાચ નસીબ પાધરું હોય તો વળતર પણ મળી જાય.'

ઝેબુન્નિસા ઉદાસ થઈ ગઈ. એ લાંબો વખત સુધી કંઈ બોલી નહીં. છેવટ બોલી, 'એક વાત કહું ગયાસુદ્દીનસાહેબ ? બરૂઆના મૃત્યુના ખબર મળતાં જ મને આ વિચાર આવ્યો. હું તો હવે બચવાની જ નથી એ ચોક્કસ વાત છે. તો પોસ્ટ ઓફિસમાં મારા જે લગભગ બસો રૂપિયા પડ્યા છે એ હું તેમની પત્નીને આપી દેવા ચાહું છું. એ જો સ્વીકારી લે, તો મને ભારે ખુશી થશે.'

ગયાસુદ્દીન ઝેબુન્નિસાની માનવતા પર મુગ્ધ થઈ ગયો. તે બોલ્યો, 'તું આટલી બધી ચિંતા શા માટે કરે છે ? પહેલાં સાજી તો થઈ જા !'

ઝેબુન્નિસાએ કહ્યું, 'અત્યારે સમય છે. પછી કદાચ સમય ન પણ મળે.'

નસીરુદ્દીન બોલ્યો, 'કેવી વાત કરે છે, બેટી ? જમાના પર ભરોસો રાખવા જેવો ન હોય. તારે તારા દાદાજાન ખાતરેય જીવવું પડશે.'

ઝેબુન્નિસા બોલી, 'અલ્લાનો હુકમ શું તમે ટાળી શકશો ? તમારે એકલા જીવવું જ પડશે.'

નસીરુદ્દીનનું હૈયું ભાંગી ગયું. વર્ષો પછી એક બેટી એને મળી હતી. જેણે એના હૃદયની એકલતાને ભરીભરી કરી દીધી હતી.

ત્યાં ગયાસુદ્દીન ગંભીરતાપૂર્વક બોલ્યો, 'તમને એક વાત કરવા આવ્યો હતો, નસીરુદ્દીન, પરંતુ કહેતા જીવ નથી ચાલતો. તમે પુનઃ રસોઇયાનું કામ લઈ લો ...'

'રસોઇયો ? પાછો ગળામાં ફાંસો નાખવાની વાત કહી રહ્યા છો, ગયાસુદ્દીનસાહેબ ? જે કાંઈ બની ગયું તે આપે જોયું નહીં ? હજી એક બાજુ તો હડતાળ ચાલી રહી છે !'

'નહીં ... નહીં, આ ગળે ફાંસો નાખવાની વાત નથી. મિસિસ ફ્લેમિંગ લાંબો વખત અહીં રહેવાની નથી. એનું જ ખાવાનું બનાવવાનું કામ છે.'

એટલે તરત જ ઝેબુન્નિસા બોલી ઊઠી, 'હું દાદાજાન, તમે કામ કેમ નથી કરતા ? મિસિસ ફ્લેમિંગ કાંઈ કંપની સાથે સંકળાયેલી નથી હા, એક જમાનામાં એ મોટાસાહેબની મડમ હતી ખરી, પરંતુ આજે તો કંઈ નથી.'

નસીરુદ્દીન હસવા લાગ્યો. એણે કંઈ જ જવાબ ન આપ્યો.

ગયાસુદ્દીન પણ હસી પડ્યો, થોડું હસીને બોલ્યો, 'અકારણ આટલો દ્વેષભાવ રાખવો એ ઠીક નહીં. તમારે ક્યાં કંપનીની નોકરી કરવી છે ? એક-બે દિવસ પછી મિસિસ ફ્લેમિંગ પાછી ચાલી જવાની છે, એટલે તમે ઝેબુન્નિસા પાસે પાછા આવી જજો !'

નસીરઉદ્દીન પુનઃ હસતાંહસતાં જ બોલ્યો, 'ના, હું નહીં જાઉં ! હું આપને તો ઓળખું, પરંતુ ઇસ્માઇલ કહેશે કે નસીરઉદ્દીન ખાંધિયો છે. બુઢાપામાં મારે હવે આવો અપવાદ નથી લેવો. અને મિસિસ ફ્લેમિંગેય આખરે ગોરી ચામડીવાળી જ છે, એની દયા કેટલી ચાલે એ કોણ કહી શકે ? બરફ પીગળે છે જરૂર, પરંતુ ઠંડો પડતાં જ પાછો જામીય જાય છે.'

ગયાસુદ્દીનની પોતાની શ્રદ્ધા પણ અંગ્રેજોની નીતિમત્તા બાબતમાં ઊઠી ગઈ હતી; પરંતુ આટલી હદે નહીં. મિસિસ ફ્લેમિંગ એક ભલી બાઈ છે એ વિશે તો કોઈ શંકા જ નહોતી. અંગ્રેજોના ચારિત્ર્યને તેમના ચામડીના રંગે નથી જ બગાડ્યું, લક્ષ્મીના લોભે બગાડ્યું છે. આ લોભ કેવળ અંગ્રેજોનો જ નહીં, હિંદુસ્તાનીઓના ચારિત્ર્યને પણ ભ્રષ્ટ કરી શકે છે. પરંતુ હિંદુસ્તાનીઓ દરિદ્ર છે. વળી અંગ્રેજો 'માલિક પ્રજા' છે. જ્યારે હિંદુસ્તાનીઓ મજૂર જાત. એમ વિચારતાં તે બોલ્યો, આ આટલા દિવસ સાહેબલોક સાથે રહ્યા, છતાં એ લોકોની ભલમનસાઈ, એમના સારા ગુણો ન જોઈ શક્યા, એ કમનસીબની વાત છે. નસીરઉદ્દીન, આ જોઈને મને સાચે જ નવાઈ લાગે છે.'

નસીરઉદ્દીન અસ્વસ્થ ભાવે બોલ્યો, 'સાહેબલોકનો વ્યવહાર સારો હો યા ખોટો, આખર એ મોટા લોકનો વ્યવહાર; અને જ્યારે હું મોટા ને મોટા જ નથી માનતો, ત્યારે તેમની ભલાઈ-બુરાઈનો વિચાર કરવાથી શો લાભ ?'

આ સાંભળીને ગયાસુદ્દીન તો સ્તબ્ધ થઈ ગયો. આ બધી વર્ગસંઘર્ષની વાતો હતી. આ જગ્યાએ ચેટર્જી હોત તો નસીરઉદ્દીનને અવશ્ય ગળે લગાવી લેત. માલિક વર્ગમાં સારું-ખરાબ કશું નથી હોતું, એ તો એક અલગ વર્ગ જ છે.

ગયાસુદ્દીન જેવો જવા ઊઠ્યો એવો જ ત્યાં ઇસ્માઇલ આવી પહોંચ્યો. એના ચહેરો ફિક્કો દેખાતો હતો. ઝેબુન્નિસાને જોતાં જ એ તો દિગ્મૂઢ બની ગયો. તે પોતાના આગમનનું કારણ જ ભૂલી ગયો અને બોલ્યો, 'અરે, તને શું થઈ ગયું, ઝેબુન્નિસા ? આટલી દૂબળી કેમ થઈ ગઈ ?'

ઝેબુન્નિસા હસતાંહસતાં બોલી, 'આટલા દિવસ પછીય તમે આ વાત પૂછી એ જ મોટી વાત છે. પરંતુ ચોક્કસ કોઈ બીજા જ કામે તમે અહીં આવ્યા, ખરું ને ?'

આવી વાત માટે ઇસ્માઇલ તૈયાર નહોતો. વાત જો કે સાચી જ હતી; તેણે કદીય ઝેબુન્નિસા વિશે વિચાર કર્યો નહોતો; અને વિચારવાનું કોઈ કારણ પણ તેને જણાયું નહોતું. અને ઝેબુન્નિસા આમ તેનો ઊધડો લેશે એવુંય તેણે ધાર્યું નહોતું. એ બોલ્યો, 'હા, એક ખાસ કામે જ આવ્યો છું. પરંતુ ....

ઝેબુન્નિસા વચમાં જ ગર્વભેર બોલી, 'તો પછી ગયાસુદ્દીનસાહેબ સાથે જ વાત કરો, મારી સાથે વાતો કરીને નાહક સમય શા સારું બરબાદ કરો છો ?'

ઇસ્માઇલ તો ઠીક, ગયાસુદ્દીન પણ નવાઈ પામી ગયો. ઝેબુન્નિસાના આટલા ક્રોધનું શું કારણ ?

ત્યાં નસીરઉદ્દીને ઝેબુન્નિસાને કહ્યું, 'પોતાનું દુ:ખ, પોતાની નિર્બળતા કોઈનીય આગળ જાહેર કરશે, તો એટલું વધારે દુ:ખ થશે. હવે આજે આ વાતનું આટલું દુ:ખ શા માટે ?'

ઝેબુન્નિસા કશું જ ન બોલી. એની બંને આંખમાંથી આંસુ વહી રહ્યાં. પડખું બદલી તેણે આંખો બંધ કરી દીધી.

ઇસ્માઇલને આજે ઘણા દિવસે ખબર પડી કે ઝેબુન્નિસાએ એને માફી નથી બક્ષી, ન તો એ તેને ભૂલી શકી છે. પરંતુ એ કંઈ પણ કરી શકે તેમ નહોતો. એના દિલને એક ધક્કો લાગ્યો અને તે અસ્થિર બની ગયો. હવે તો પોતે અહીં કેમ આવ્યો, એ પણ તે ભૂલી ગયો અને કેવળ ઝેબુન્નિસા વિશે જ વિચાર કરવા લાગ્યો. આ છોકરી ગુનાઓ વચ્ચે જ જન્મી હતી અને હવે ગુનાઓથી છૂટીને મુક્ત થવા ઇચ્છી રહી છે. આ જ વાત પોતે કેટલાય સમયથી વિચારી રહ્યો હતો. પરંતુ આ છોકરીના મનમાં હજી આટલું અભિમાન હોઈ શકે એવી તો એણે કલ્પના સુધ્ધાં નહોતી કરી.

પોતે એના દુ:ખનું કારણ બનવા ચાહતો નહોતો અને હતો પણ નહીં. છતાં પોતે એની ખબર તો લેવી જ જોઈતી હતી. કેટલો પુરાણો પરિચય ! એને બીમાર પડ્યે પણ કેટલો બધો વખત થઈ ગયો ? એકદમ તે બોલી ઊઠ્યો, 'માઠું ન લગાડ, ઝેબુન્નિસા ! મારાથી ભૂલ થઈ ગઈ. હવે સમજ્યો છું, હું ખબર કાઢવા આવતો રહીશ. અચ્છા, તો હું જાઉં છું.'

ઝેબુન્નિસાને શરમ આવી ગઈ; એને લાગ્યું કે જાણે પોતે સામે ચાલીને ઇસ્માઇલની સહાનુભૂતિની ભીખ માગી. એથી એણે પડખું ફરીને એની સામે જોયું સુધ્ધાં નહીં.

પછી ઇસ્માઇલે કામની વાતો શરૂ કરી. ગયાસુદ્દીન તરફ જોઈને બોલ્યો, 'એક કામ કરી આવ્યો; બહારથી આવેલા મજૂરોના પડાવને આગ લગાડી દીધી.'

આ પડાવના માંડવા સિંધના બંગલાના કંપાઉન્ડમાં ઊભા કરવામાં આવ્યા હતા. ખેરની છત છાઈને કેટલાક લોકોને ત્યાં રાખવામાં આવ્યા હતા. ગોળીબાર થયો ત્યારે જ ઘણા મજૂરો તો ભાગી છૂટ્યા હતા. બાકીના ત્યાં પડ્યા હતા. ઇસ્માઇલે થોડાક સાહસિક સ્વયંસેવકો સાથે જઈ માંડવાની છતોને આગ ચાંપી હતી. એ બાબત તેણે યુનિયનના નેતાઓને પૂછવાની પરવા સુધ્ધાં ના કરી. એને મનમાં સંશય હતો કે પૂછવા જઈશ, તો ના જ પાડશે ને રોકશે. બીજો વિચાર એ પણ હતો કે જો મજૂરોને રાતોરાત નસાડી મૂકવામાં નહીં આવે તો બીજે દિવસે મુશ્કેલી ઊભી થાય તેવી શક્યતા હતી. ગોળીબારના બનાવ પછી પિકેટિંગ કે સત્યાગ્રહ કરવાનું પ મુશ્કેલ બની ગયું હતું. ચેલેટ સાહેબે પોલીસ તથા લશ્કરથી આખું નગર ભરી દીધું હતું.

ગયાસુદ્દીને ઇસ્માઇલની વાત ચૂપચાપ સાંભળી. તે કશું જ બોલ્યો નહીં.

પરંતુ નસીરઉદ્દીન તરત જ બોલી ઊઠ્યો, 'આવું કૃત્ય કેમ કર્યું ? હવે પોલીસ યુનિયનવાળાને પકડી લેશે, તો શું કરશો ?'

ઇસ્માઇલે જવાબમાં કહ્યું, 'હવે વળી ગિરફતારીથી ડરીશું તો, કામ જ કેવી રીતે ચાલશે ? ચેટર્જી મરી ગયો; ચંડી, બરૂઆ ગયા; મારા સસરા પણ મર્યા; હજીય તમે વિચાર તથા સમજદારીની વાત કરશો એ કેમ ચાલશે ? મજૂરો ડરના માર્યા ભાગી રહ્યા છે. સ્વયંસેવકોને મેં કડક ચોકી રાખવાનું કહ્યું છે. એક બીજી વાત પણ કહી રાખું ગયાસુદ્દીન સાહેબ. તક મળી તો સિંઘજીનું માથું ધડથી અલગ કરી નાખીશ.'

તો પણ ગયાસુદ્દીન કશું જ ન બોલ્યો. એક સિગરેટ જલાવતાં, તે ઇસ્માઇલને નખશીખ જોઈ રહ્યો. એનો ચહેરો ભયંકર લાગતો હતો. આંખોમાં હિંસાની જવાળાઓ ભભૂકતી હતી. વળી ઇસ્માઇલ બોલ્યો, 'અહિંસા-બહિંસાથી કોઈ કામ ન થાય. મેં માલાસિંઘને કહ્યું કે ચાલ, કિરપાણ લઈ લે, એનું ડોકું ઉડાવી દઈએ માથાના બદલામાં માથું.'

ગયાસુદ્દીન ચૂપચાપ સિગરેટના દમ ભરતો રહ્યો. નસીરઉદ્દીન કશુંક કહેવા જતો હતો, પણ વળી રોકાઈ ગયો. પરંતુ ઝેબુન્નિસા ચૂપ ન રહી શકી. તેણે મોં ફેરવી શાંત અવાજે કહ્યું, 'આ બધી મારકાપનો શો અર્થ, ઇસ્માઇલ ? કિરપાણ લઈને બંદૂકનો મુકાબલો કરી શકશે કે ? આ તે કેવું સાહસ ?

ઇસ્માઇલ હસીને બોલ્યો, 'જો ઝેબુન્નિસા, ખાલી હાથ કરતાં તો કિરપાણ સારું. અગર તે દિવસે મારા હાથમાં કિરપાણ હોત તો ચારને બદલે એક પણ માણસ મર્યો ના હોત.'

ઝેબુન્નિસાએ કહ્યું, 'સાહેબલોક પાસે ગોળીઓની શું એટલી બધી કમી છે કે તું કિરપાણ ચલાવે, ત્યાં સુધી એ લોકો રાહ જોયા કરે ?'

ઇસ્માઇલ હવે અસ્વસ્થ બની ગયો. ને બોલ્યો, 'આ બધી વાત ઠીક છે, પણ મરવાથી ડરવાનો હવે સમય નથી. મરવું પડશે તો મરીશું.'

ઝેબુન્નિસા ઇસ્માઇલને એકીટસે જોઈ રહી. તે એકદમ પાગલ જેવો દેખાતો હતો. અસહાય જેવી નજરે ઝેબુન્નિસાએ ગયાસુદ્દીન સામે જોયું. તે વિચારમગ્ન દશામાં સિગરેટ ફૂંકી રહ્યો હતો. ઇસ્માઇલને શો જવાબ આપવો ? એને કેવી રીતે રોકવો ? કેવળ ઇસ્માઇલ જ નહીં, ઘણા બધા મજૂરોની પણ એ જ મનોદશા થઈ હશે. પ્રધાન તથા માલાસિંઘના મનમાં શું છે એ પણ કોણ જાણે છે ? બધાનાં જ દિમાગ ગરમ થઈ રહ્યા છે. એમાં કોનો ઓછો ને કોનો વધારે એ નક્કી કરવુંય મુશ્કેલ હતું.

ઇસ્માઇલ બેચેનીપૂર્વક બોલ્યો, 'જો તમારે કોઈએ જવાબ ન આપવાનો હોય, તો એને સંમતિ માનીને આગળ વધીશ.'

એટલે ગયાસુદ્દીન સત્તાવાહી અવાજે બોલ્યો, 'ખબરદાર ! તારાં કામોની ચર્ચા કરવા માટે યુનિયનની કારોબારી સમિતિને બોલાવવી પડશે.'

ઇસ્માઇલ કટાક્ષમાં બોલ્યો, 'જોઈ લીધી. નેતાઓની બુદ્ધિ ને શક્તિ !

ગયાસુદ્દીન હસીને બોલ્યો, 'જો નેતા પસંદ ન હોય તો બીજો ચૂંટી કાઢવાનો. પરંતુ જ્યાં સુધી યુનિયનમાં માને છે ત્યાં સુધી તો નેતાનું જ માનવું પડશે. યુનિયન સૌ કરતાં મહાન છે.'

ઇસ્માઇલ હસવા લાગ્યો. ગયાસુદ્દીને અડધી પીધેલી સિગરેટ દૂર ફગાવી દીધી. એટલામાં જ નયનમણિ સાથે મિસિસ ફ્લેમિંગ અંદર પ્રવેશી. ઇસ્માઇલ ચૂપચાપ મોં ફેરવી બહાર નીકળી ગયો. તે હવે સાહેબલોકની હસ્તી સહન નહોતો કરી શકતો. મિસિસ ફ્લેમિંગે ગયાસુદ્દીનને પૂછ્યું, 'કાંઈ થયું ?'

'ના.'

કેમ ?'

'હવે કોઈ રસોઇયો સાહેબલોકોનું કામ કરવા નથી ઇચ્છતો.' ગયાસુદ્દીને જવાબ આપ્યો.

મિસિસ ફ્લેમિંગ હસી પડી, 'હું સમજી ગઈ.' એટલું બોલીને તેણે પ્રસંગ બદલી નાખ્યો. તેણે ઝેબુન્નિસા તરફ જોયું. એનું ચિત્ત ખૂબ જ દુઃખિત થઈ ગયું. તે એકબે પ્રશ્નો પૂછીને ચાલી જ ગઈ. એને તરત સમજાઈ ગયું કે ઝેબુન્નિસાના દેહમાં કોઈ ગોરાસાહેબનો રંગ વહી રહ્યો છે. એનો દૂબળો પડતો દેહ જાણે કે હિંદુસ્તાન અને ઇંગ્લૅંડના મિલનની સુકાતી વેલની યાદ આપી રહ્યો હતો. અને મિસિસ ફ્લેમિંગને એ જ વાતનું દુઃખ હતું.ઇતિહાસના અભ્યાસ દ્વારા એ વિનમ્ર બની ચૂકી હતી. હિંદુસ્તાનમાં અંગ્રેજોના ચારિત્ર્યનું ખરેખર અધઃપતન થઈ ચૂક્યું હતું. અહીં અંગ્રેજો હંમેશાં બે વિરોધી વલણ જ અખત્યાર કરતા રહ્યા છે. એક બાજુ આ લોકોએ રેલવે, સ્ટીમરો, તાર ટપાલ, શિક્ષણ, જ્ઞાન તથા આધુનિક સાહિત્યના અભ્યાસની સગવડો વિસ્તારી છે; તો બીજી બાજુ ગરીબી, શોષણ, ભેદભાવ, ભૂખમરો વગેરેનો પણ વિસ્તાર કર્યો છે. એથી જ આજે આ શહેરમાં અંગ્રેજો બદનામ થઈ ચૂક્યા છે. તેમણે મનુષ્ય - મનુષ્ય વચ્ચે દીવાલ ખડી કરવાનું કુકૃત્ય કર્યું છે. એ દીવાલ તોડવાનો ઉપાય દેખાતો નથી. ઝેબુન્નિસા મિસિસ ફ્લેમિંગને ઓળખતી નહોતી, છતાં એના દેહ તથા ચહેરામાંથી બદનામ અંગ્રેજો સામે તીવ્ર ઘૃણા પ્રગટી રહી હતી.

એ શા માટે ઘૃણા ન કરે ? એને જન્મ આપીને, પોતાના પિતૃત્વનો અસ્વીકાર કરીને કોઈ અંગ્રેજ જ અહીંથી ભાગી છૂટ્યો હતો ને !

મિસિસ ફ્લેમિંગ ચાલી ગઈ એટલે ઇસ્માઇલ પુનઃ અંદર આવ્યો. એના ચહેરા પર કટાક્ષપૂર્ણ હાસ્ય છવાયલું હતું. તેણે ગયાસુદ્દીનને સંબોધીને કહ્યું, 'અંગ્રેજો લોકોને ગોળીએ દઈ રહ્યા છે, તોય એ લોક માટેનો આપનો પ્રેમ હજી નથી ગયો ? એમને માથે ના ચઢાવવા જોઈએ. સાપ મોટો હોય કે નાનો, સાપ એ સાપ જ !'

ગયાસુદ્દીને જવાબ આપ્યો, 'પરંતુ આ સ્ત્રી તો સાપણ નથી જ. તારે એનો આટલો તિરસ્કાર ન કરવો જોઈએ.'

ઇસ્માઇલ એકાએક ઉશ્કેરાઈ ગયો. તે બોલ્યો, 'આ લોકોએ આપણી વિરુદ્ધ શું શું નથી કર્યું ? ત્રાસવાદીઓ કરે છે એ જ બરાબર છે. એમને તો....'

ગયાસુદ્દીન ઊભો થયો અને ઇસ્માઇલના ચહેરા સામે તાકતાં બોલ્યો, 'સાંભળ ઇસ્માઇલ, હમણાં તારું મગજ ગરમ છે, જરા ઠંડું થવા દે ! જ્યારે ભેજું ઠેકાણે આવી જાય, ત્યારે દુનિયનની

ઓફિસે આવજે. ઠંડા ચિત્તે કામ નહીં કરીએ, તો સત્યાનાશ વળી જશે. હજી તો મૃતદેહોનો અગ્નિસંસ્કાર કરવાનો છે. કદાચ સ્મશાનયાત્રાનું પણ આયોજન કરવું પડશે. એટલે હું જાઉં છું.'

એટલું બોલીને ગયાસુદ્દીન ઝેબુન્નિસા તરફ એક નજર કરી લઈ, ચાલ્યો ગયો.

નસીરઉદ્દીનને દુઃખ થયું. તેને સમજાયું કે ગયાસુદ્દીનને ખરેખર ઊંડો આઘાત લાગ્યો છે. પરંતુ હવે કશો ઉપાય નહોતો. અંગ્રેજોએ જે કૃત્યો આચર્યાં એના ફળ તેઓએ ભોગવવાં જ પડવાનાં. તે બોલ્યો, 'ટાઉલરે કેવો કાંડ મચાવ્યો છે, કોઈને પણ માટે આ અસહ્ય છે. ગયાસુદ્દીન કેવો હતો ને કેવો થઈ ગયો ! આટલું દુઃખ ઉચિત નથી. એ તો જેવો કૂતરો, તેવી જ લાઠી !

ઇસ્માઇલ પુનઃ ઉશ્કેરાટથી બોલી ઊઠ્યો, 'એ લોકોનો પડાવ શા સારુ ન સળગાવી મૂકું ? સાલાઓને અમારી નોકરી તોડાવવા અહીં તેડાવ્યા છે. હું જીવતો હોઈશ, ત્યાં સુધી એ બનવાનું નથી. હજી તો બીજું પણ કરીશ, જો...'

ઇસ્માઇલ એકાએક અટકી ગયો. એના ચિત્તમાં જાતજાતની લાગણીઓનું ધમસાણ મચ્યું હતું. મનમાં કશી સ્વસ્થતા રહી નહોતી. રિફાઇનરીને સળગાવી દેવી પડશે. બંગલાઓને આગ લગાડીને ખાખ કરી મૂકવામાં આવશે. સાહેબલોકને...

ઝેબુન્નિસા તો ડરી જ ગઈ. આ કાંઈ અગાઉનો ઇસ્માઇલ નહોતો. એની આંખો ને એનો ચહેરો હિંસાથી સળગી રહ્યાં હતાં, જાણે કે બધું તોડીફોડીને ભસ્મ કરી દેવા તૈયાર થયો હોય. એકદમ શાંતિથી ઝેબુન્નિસા બોલી, 'ઇસ્માઇલ સાંભળો, આટલા અધીરા ન થાઓ !'

પછી ઇસ્માઇલ આશ્ચર્યમુગ્ધ બનેલી ઝેબુન્નિસાના ફીકા ચહેરા સામે ડરતાંડરતાં જોઈ રહ્યો. એ હસતી હતી. કેમ હસતી હશે વારુ ! એ હાસ્યનો અર્થ ઇસ્માઇલ ખરેખર ન સમજી શક્યો. આટલા રોષના પ્રસંગે કોઈ આમ હસે ખરું ?

ઝેબુન્નિસા બોલી, 'તારો ગુસ્સો જોઈને જ હસી રહી છું. આજે સાહેબલોકના અત્યાચારો તને દેખાયા. મેં કેટકેટલું સહન કર્યું હશે તે જાણે છે ? કેવળ મેં જ નહીં, મારી માએ પણ એટલું જ સહન કરેલું. છતાં તારી જેમ અમે ધીરજ નહોતી ગુમાવી. આ રીતે કામ પાર ન પડે. મનમાં આવે તે કરી બેસીએ, એનું પરિણામ સારું ન આવે.'

ઝેબુન્નિસાની વાત સાંભળીને ઇસ્માઇલ સ્તબ્ધ થઈ ગયો. સાચી જ વાત છે, સાહેબના અત્યાચારને કારણે જ ઝેબુન્નિસાએ જન્મ લેવો પડ્યો. એ પછી પણ કલંક દૂર ન થયું. કેટકેટલા પ્રયત્નો કરીને એ માનવી થવા મથી રહી છે ! એણે હજીય ધૈર્ય છોડ્યું નથી. એ ફક્ત એટલું જ કહેવા ઇચ્છે છે કે 'આમ અધીરા થવું ઉચિત નહીં, એથી અકારણ વિનાશ થશે.'

'એ શા માટે ?' તે ઇસ્માઇલ બરાબર સમજતો હતો.

એથી તેનું મન શાંત થઈ ગયું. ઝેબુન્નિસાની દૃષ્ટિમાં એક તાકાત હતી, જે હજીય તેને ખેંચી શકતી હતી. એમાં કોઈ સ્વાર્થ ન હતો, નિર્ભેળ પ્રેમ હતો. એની આંખો જાણે આજીજી કરી, કહી રહી હતી, 'આવાં બધાં કામ ન કરતો, મને દુઃખ થશે.'

એણે આળસ મરડતાં, બંને હાથે માથું દબાવ્યું. એની બુદ્ધિ બહેર મારી જતી હતી. 'ઝેબુન્નિસા દુ:ખી થાય એથી મારે શું ?' એવો વિચાર તેને આવ્યો, પરંતુ 'મારે કંઈ જ નહીં' એવું તે ન વિચારી શક્યો. પોતે ખતરનાક કામ કરીને આવ્યો છે. અત્યાર સુધીમાં પોલીસને ખબર પડી જ ગઈ હશે. હવે ગમે ત્યારે તેને પકડી લેવામાં આવે. હા, કેવળ માનવ-હત્યારા સાહેબલોકને જ ગિરફ્તાર ન કરી શકાય ! રોલેટસાહેબે એવું તો કોઈ પગલું લીધું નહીં ! તો પછી પોતાને માટે આ કાયદો કેમ લાગુ પડે ? પોતાને ગિરફ્તાર કરવાનું તો પોલીસ બહાનું જ શોધી રહી છે.

ઇસ્માઇલ આ રીતે ઝેબુન્નિસા સામે જોઈ રહ્યો હતો તથા એને માટે અસ્વાભાવિક લેખાય એ રીતે વિચારમગ્ન બની ગયો હતો, એ જોઈને નસીરઉદ્દીન બોલ્યો, 'આટલી બધી ચિંતા કરવી ઉચિત નથી ઇસ્માઇલ, તું કદીય ઝેબૂને ઓળખી શક્યો નહીં. એ નિરંતર તારો જ વિચાર કરતી રહી છે. ઝેબૂની વાત આજે મને સમજાય છે કે અધીરા થઈને કોઈ પણ કામ ન કરવું જોઈએ.'

ઇસ્માઇલ કશું જ ન બોલ્યો.

37

મિસિસ ફ્લેમિંગ પોતાના સૂનકાર બંગલામાં પાછી ફરી. દરેક પગલે જાણે વેદના નીતરતી હોય તેમ તે પગથિયાં ચઢી રહી. નયનમણિએ સલાહ આપેલી, 'જમ્યા વિના ન સૂઈ જતાં, મેમસાહેબા !' પરંતુ એ તો આઘાતથી મૂઢ થઈ ગઈ હતી. ઝેબુન્નિસાનો તિરસ્કાર યોગ્ય જ હતો. નસીરઉદ્દીનના વર્તાવમાં પણ એ જ ભાવ હતો. વળી તેણે પોતાની ગાડી જ્યારે એક દુકાન પાસે ઊભી રાખી, ત્યારે સ્વયંસેવકોએ કેવાંકેવાં વાગ્બાણ છોડ્યાં ! 'વ્હાઇટ મેન્સ બર્ડન' ઉઠાવવા જતાં, અંગ્રેજોએ પોતે શું આ રંગદ્વેષનો આઘાત સહન નથી કર્યો ?

ઉપર જઈને મિસિસ ફ્લેમિંગે થોડું ખાઈ લીધું. સૂવા પડી, ત્યાં જ ફોન રણક્યો.

'કોણ, મિસ્ટર હિગિંસ ? ક્યારે આવ્યા ?'

સામેથી જવાબ મળ્યો, 'અમને તમારી ખૂબ ચિંતા થાય છે.'

'થેંક્સ, મારી ચિંતા કરવાથી શો લાભ ? જે લોકોએ ઇંગ્લૅંડના નામને કલંક લગાડ્યું છે એ લોકની ચિંતા કરો !'

'એ તો કરી લીધી... તમારે કોઈ ચીજની જરૂર હોય તો કહો !'

'ના, થેંક યૂ !'

હિગિંસે કેટલાક મજાના સમાચાર આપ્યા, જેમાં સૌથી જાણવા જેવા તો એ હતા કે નવા આવનાર મજૂરો માટેના પડાવ કોઈએ સળગાવી મૂક્યા. કેટલાક માણસોને પકડવામાં આવ્યા છે.

મિસિસ ફ્લેમિંગે પૂછ્યું, 'ગોળી ચલાવનારામાંથી કોઈને પકડ્યા ખરા ?' એના અવાજમાં ઠપકો હતો.

હિગિંસે જવાબ આપ્યો, 'ના, કાલથી ન્યાયાધીશ તપાસ શરૂ કરશે.'

મિસિસ ફ્લેમિંગે પૂછ્યું, 'કંઈ સમાધાન થાય એવું લાગે છે ?'

'હં... ના...'

મિસિસ ફ્લેમિંગે ટેલિફોન મૂકી દીધો. તે શયનખંડમાં ગઈ અને ઊંઘવાની કોશિશ કરવા લાગી. પરંતુ જરાય ઊંઘ આવતી નહોતી. જાણે આખાય ઓરડામાં એક પ્રકારની ભયાનક શૂન્યતા વ્યાપી હતી. જામી ગયેલું લોહી, મુડદાં, અકાળ વૈધવ્ય અને વર્ણસંઘર્ષના દૃશ્યો નજર સામે તરતાં હતાં. બીભત્સતા, વિષાદ તથા સહાનુભૂતિના ભાવો એકસામટા ચિત્તમાં ધુમરાતા હતા.

પાછા ફરતાં એને ખૂબ મોડું થઈ ગયું હતું. દુકાન સામે મજૂરોનું એક ખૂબ મોટું ટોળું જામ્યું હતું. મજૂરોની આપત્તિનો કોઈ પાર નહોતો. કેટલાક લોકો સૂત્રો પોકારતાં મૃતદેહોને સ્મશાને લઈ જવાની તૈયારી કરી રહ્યા હતા.

રાત્રીનો છેલ્લો પ્રહર પૂરો થવા આવ્યો હતો. અંધકારનો પડદો હઠાવીને, પૃથ્વી ઉપર પ્રકાશ વેરાવા લાગ્યો હતો. નજીકની ચાની હોટલ આગળ ટોળાબંધ મજૂરો જમા થયા હતા. એ બધાની સ્થિતિ ઘણી જ અનિશ્ચિત હતી. મેમસાહેબા એમની વાતચીત સમજી શકતી હતી. એ લોકને કદાચ હજી સુધી નેતાઓની ધરપકડના સમાચાર નહોતા મળ્યા. કદાચ મળી જાય, તોય એ લોક શું કરી શકે તેમ હતા ? કદાચ અત્યાર સુધીમાં એ ખબર તેમણે સાંભળ્યા પણ હોય. લગભગ બધા જ મજૂર લોક અસહાય સ્થિતિમાં હતા. પૈસા ખલાસ થયા હતા; બે ટંકના રોટલાની મુશ્કેલી હતી; નોકરી અસલામત બની ગઈ હતી અને ઉપરથી અત્યાચાર ગુજરતા હતા.

મિસિસ ફ્લેમિંગનું મન કશામાં જ ચોંટતું નહોતું. ગરમી એટલી બધી તો નહોતી, છતાં એણે સડક પર પડતી બારી ખોલી નાખી. પંખો ચાલતો નહોતો. હવામાન સ્તબ્ધ હતું. વરસાદ પડે એવાં ચિહ્‌ન હતાં.

એકાએક કશોક શોરબકોર સંભળાયો. મિસિસ ફ્લેમિંગ કાન માંડીને સાંભળવા લાગી. કોઈ સરઘસ જઈ રહ્યું હતું અથવા વિરાટ સ્મશાનયાત્રા નીકળી હતી. પરંતુ અવાજ ખૂબ દૂરથી આવી રહ્યો હતો. સમજાતું નહોતું કે મજૂરોએ મૃતદેહોની સ્મશાનયાત્રા કાઢી છે યા ધરપકડના સમાચાર સાંભળીને ઉશ્કેરાયલા મજૂરોએ વિરોધ પ્રદર્શિત કરવા સરઘસ કાઢ્યું છે ! મિસિસ ફ્લેમિંગના મનમાં ચિંતા જાગી. એ સિવાય પણ કશું બની શકે ખરું ?

એટલામાં જ ફોન રણક્યો.

મિસિસ ફ્લેમિંગે એ કાને ધરતાં પૂછ્યું, 'કોણ, મિસ્ટર જિલાપોસી ?'

જવાબ આવ્યો, 'હા, તમારે કાંઈ મદદ જોઈએ ? ખોરાક યા નોકરચાકર ?'

'જી ના, આપ લોકની મદદ વિના જ હું સુખી છું.'

'સરઘસ નીકળ્યું છે. જોખમ શક્ય છે. મજૂરોનાં ઘર સળગી રહ્યાં છે. આપણા બંગલા પણ ફૂંકી મારવામાં આવે એવો સંભવ છે.'

'તમે તમારી જાતને બચાવો ! મારી ફિકર ના કરો !'

'અમે બને તેટલા સંયમથી કામ લઈ રહ્યા છીએ.'

'વાહ તમારો સંયમ ! ચાર આદમીઓને ઠાર કરીને અંગ્રેજોનું નામ બદનામ કરી નાખ્યું.'

'પરંતુ તમને ખબર છે, પોસ્ટ મૉર્ટમનો રિપોર્ટ શું આવ્યો તે ? મૃત્યુનું કારણ નક્કી થઈ શકે તેમ નથી.'

'પરંતુ મજૂરોએ તો નજરે જોયું છે કે ગોળી કોણે ચલાવી. અને ભગવાન તો જાણે જ છે.' એટલું કહી, મિસિસ ફ્લેમિંગે રિસીવર મૂકી દીધું. એનું મન જિલાપોસી પ્રત્યેની ઘૃણાથી ધૂંધવાઈ ઊઠ્યું.

એ પુન: શયનખંડમાં ગઈ. તેને થયું, સરઘસ ઉપર ગમે તે પ્રકારનું આક્રમણ કરવામાં આવે એ શક્ય છે. સરઘસવાળા પોલીસ પર આક્રમણ કરીને એનેય ઉશ્કેરે ખરા. સરઘસ મોટું ને મોટું થતું જતું લાગે છે. કાન ફાટી જાય એવા ગગનભેદી પોકારો સંભળાય છે. શું થશે, મિસિસ ફ્લેમિંગનું હૈયું કંપવા લાગ્યું.

થોડી વારમાં પૂર્વાકાશમાં લાલ થાળી જેવો સૂર્ય નીકળી આવ્યો. પ્રકાશ વધુ તેજ થયો અને એમાં સરઘસનો છેડાનો ભાગ નજરે પડ્યો. કોઈ ભયંકર અજગરની જેમ એ લંબાતું હતું. એની પાછળ પોલીસની કતાર ચાલતી હતી. એક મોટરમાં કદાચ ખુદ રોલેટ સાહેબ જઈ રહ્યા હતા. મિસિસ ફ્લેમિંગે ઘણી વાર સુધી ઊભા રહી, સરઘસ જતું જોયા કર્યું. છેવટ રસ્તા ઉપરથી સરઘસનું છેલ્લું ચિહ્ન પણ દેખાતું બંધ થયું અને કશો અવાજ પણ નહોતો આવી રહ્યો, ત્યારે એ વિચારે ચઢી ગઈ. આ શહેરથી એનું મન ઉબાઈ ગયું હતું. નિબંધો-પ્રબંધો લખવા, આદિવાસીઓનાં ગામોમાં જઈ સંશોધન કરવું - એ બધો ઉત્સાહ પણ ખતમ થઈ ગયો હતો. એના ચિત્તમાં વતન પાછા ફરવાની પ્રબળ ઇચ્છા જાગી ઊઠી હતી. આ લડાઈઝઘડાથી દૂર જઈ, પોતાના દેશબાંધવોના અધ:પતનનો કરુણ ઓથાર મન ઉપરથી ઉતારી નાખવા તે ઉત્સુક બની હતી. આવી પરિસ્થિતિમાં મિસ્ટર ફ્લેમિંગની પણ એ જ સલાહ મળતી હતી. આ રંગભેદ, વર્ગભેદ તથા સંઘર્ષના વાતાવરણથી દૂર ચાલ્યા જવું એ જ ઉત્તમ માર્ગ છે.

તે ઘર બહાર નીકળી, તો વૃદ્ધ માળીએ કેટલાક કાગળો તેને આપ્યા. એણે બધા પત્રો ખોલીને વાંચ્યા. છેલ્લો કાગળ લખનૌથી નયનમણિને પ્રવેશ મળ્યા બાબતનો હતો. લખનૌમાં એની રહેવાની બધી વ્યવસ્થા પણ પાકી થઈ ગઈ હતી. નયનમણિની આવી સંભાળ રાખવા બદલ સંગીત વિદ્યાલયે મિસિસ ફ્લેમિંગનો આભાર પણ માન્યો હતો. ત્યાંના આચાર્યે એમ પણ લખ્યું હતું કે દયા-માનવતા એ અંગ્રેજોના ચારિત્ર્યની એક વિશિષ્ટતા છે.

એને થયું, અંગ્રેજ ચારિત્ર્યની બીજી પણ એક વિશિષ્ટતા છે અને તે નિષ્ઠુરતા, એ કદાચ સંગીત વિદ્યાલયના આચાર્ય નહીં જાણતા હોય. એમણે ભાવિ વિદ્યાર્થીની પ્રત્યે શુભેચ્છા પણ પાઠવી હતી. કાગળો મૂકી દઈ, તે નીચે ઊતરી અને મોટર સાફ કરવા લાગી. તે વિચારતી હતી,

મોટર પણ જાતે જ ચલાવવાની છે અને નયનમણિ પણ નહીં આવે. રસોડામાં અનાજનો એક દાણો સુધ્ધાં નથી. બધું જ ખલાસ થઈ ગયું છે. હવે અહીં રહેવું દુષ્કર બની રહ્યું છે. આજે દિબ્રૂગઢ જવું પડશે અને ત્યાંથી ચીજવસ્તુ ખરીદી સાંજે પાછાં આવવું પડશે.

મેમસાહેબા ગાડી સાફસૂફ કરી ઘરમાં પાછી ફરી રહી હતી, ત્યાં જ દરવાજો ખોલી નયનમણિ અંદર આવી. એના હાથમાં એક થેલી હતી. મિસિસ ફ્લેમિંગે એને પૂછ્યું, 'શું છે નયનમણિ ?'

'તમારે માટે થોડી ચીજવસ્તુ લાવી છું.'

'શું છે ?'

'ઇંડાં.'

મેમસાહેબાએ હસતાંહસતાં પૂછ્યું, 'તારે ત્યાં કશું ખાવાનું છે ખરું, કે તું મારે માટે લઈ આવી ?'

નયનમણિ પરેશાની અનુભવી રહી. એણે તો ધાર્યું હતું કે આવી કપરી પરિસ્થિતિમાં થોડી આવશ્યક વસ્તુઓ લાવી આપવાથી મેમસાહેબા ખુશ થઈ જશે. થોડો વિચાર કરી, એણે રમૂજ કરી, 'મરઘીઓએ તો હડતાળ નથી પાડી, મેમસાહેબા !'

મેમસાહેબા હસી પડી, પછી બોલી, 'લાવી જ છે તો રસોડામાં મૂકી દે, પરંતુ એના પૈસા લેતી જજે.'

નયનમણિએ કહ્યું, 'પૈસા આપીને જ લાવી છું.'

તેણે લાવેલો બધો સામાન અંદર મૂક્યો. મેમસાહેબા કપડાં બદલતી હતી એટલે તે બહાર જ ઊભી રહી. એના સાસરાના ઘરમાં તો મજૂરોની આવજા ચાલ્યા જ કરતી હતી. કાલે રાતથી ભયંકર ગરબડ ચાલે છે. સરઘસ કાઢવા માટે વધુ ને વધુ લોકો ઇંતેજાર બની ગયા હતા ત્યાં એકાએક ઇસ્માઇલને ગિરફ્તાર કરી લેવામાં આવ્યો. મજૂરોમાં ભારે ઉશ્કેરાટ વ્યાપી ગયો. યુનિયનના નેતાઓ મજૂરોને શાંત રાખવાના પ્રયત્નમાં નિષ્ફળ ગયા. નયનમણિને આ બધી હિલચાલ સારી નહોતી લાગતી. એણે દુર્ગાને મેમસાહેબાને બંગલે પાછા ફરવાની સલાહ આપી કે ત્યાં શાંતિ છે. પરંતુ દુર્ગાને એ સલાહ ન ગમી. બાપનાં ક્રિયાપાણી પતાવ્યા વિના તે ઘર છોડી જવા ઇચ્છતો નહોતો. અને આમેય હવે એ લોક કેટલો વખત બંગલામાં રહી શકવાના હતા ? મેમસાહેબા પોતે જ વતન ચાલી જવાની હતી. એમણે હવે પોતાને માટે ઘર લેવું પડે તેમ હતું. નયનમણિને આ વાત ગમતી નહોતી. એને તો મેમસાહેબા સાથે જ લખનૌ જવું હતું. એને મનમાં ભય હતો કે જો મેમસાહેબા ચાલી ગઈ, તો પછી દુર્ગા એને સંગીતનો અભ્યાસ નહીં કરવા દે. એ જૂના વિચારનો માણસ હતો. વળી ઘેર આવ્યા પછી એની મતિ મૂંઝાઈ ગઈ હતી. એક બાજુ તે શોકથી વિહ્વળ હતો, તો બીજી બાજુ પન્નૂ કેટલાય દિવસથી કહી રહી હતી કે, 'ડોક્ટર કહે છે કે મારે તાલીમ માટે દિબ્રૂગઢ જવું પડશે.'

પરંતુ જો હડતાળ ચાલુ જ રહી તો કોઈ વાતનું ઠેકાણું રહેવાનું નહોતું. મકાનો કંપનીનાં હતાં, હડતાળિયા મજૂરોને એમાં લાંબો વખત રહેવા દેવામાં આવશે નહીં. બધા જ મજૂરો આ

ભયથી ફફડતા હતા. નોકરી તો સૌની અનિશ્ચિત હતી જ. સમાધાન થાય એવી આશા તો હવે કોઈનેય નહોતી રહી. એવી દશામાં નયનમણી પણ પોતાના સાસરિયા ઘરમાં વધુ રહેવા ઇચ્છતી નહોતી. મેમસાહેબાના ઘરમાં જગા હતી અને શાંતિ પણ હતી. વળી, ચેટર્જીના ઘરમાં તો લોકો કેવીકેવી ભયાનક યોજનાઓની ચર્ચા કરતા હતા. કેટલાય લોકોને પકડી લેવામાં આવે એવી પણ શંકા હતી.

મેમસાહેબાને બહાર આવતાં ખૂબ જ સમય લાગ્યો. એ બહાર આવી તો નયનમણિને ત્યાં જ ઊભેલી જોઈને આશ્ચર્યથી પૂછ્યું, 'શું થઈ ગયું તને ? તારે કંઈ કહેવું છે ?'

'ખાસ કશું નહીં, પણ એક વાત જરૂર પૂછવી છે' નયનમણિએ જવાબ આપ્યો.

'શું ?'

'હું મારે ઘેર એક ક્ષણ પણ રહેવા નથી ઇચ્છતી.'

કેમ ? હજી તમારા પિતાજીના કોઈ સંસ્કાર બાકી છે ને ?'

'છે, પરંતુ એને તો હજી ઘણી વાર છે. એ પહેલાં તો કદાચ આપ ચાલ્યાં જશો. હું તમારી સાથે જ લખનૌ પહોંચી જવા માગું છું. આપ ચાલ્યાં જશો, પછી હું જઈ શકીશ કે કેમ એ કંઈ કહી શકાય નહીં. દુર્ગાનું મન ચલિત થઈ ગયું છે. શોકથી એ ખૂબ બદલાઈ ગયો છે. તે કહે છે, આપણે સારા ગૃહસ્થ બનીને રહેવું પડશે.'

'મેં એને સમજાવ્યો હતો ને ?'

'પણ એમ સમજાવેલું કેટલુંક ચાલે ? ઘરે ગયા પછી માતપિતા, નીતિનિયમ એ બધું એને પાછું યાદ આવી ગયું. આજે એ પહેલાંનો દુર્ગા નથી રહ્યો; રૂઢિચુસ્ત બની ગયો છે.'

'મને તો એણે એવી કોઈ વાત નથી કરી.'

'ના. ના, મેમસાહેબા, મને એનો કોઈ ભરોસો નથી. દુર્ગાના વિચાર જૂનાપુરાણા છે. અગર એને કોઈએ કહી દીધું કે નયનમણિને આટલે દૂર સંગીત શીખવા મોકલવી એ સારું નહીં, તો એનું મન બદલાઈ જશે. અમારા લોકમાં ગાવા-બજાવવાની વાત બાબતમાં સારો મત નથી. અમારાં લોક તો કહે છે કે અમારી છોકરીને અમે નાચનારી બનાવવા નથી માગતા.'

મેમસાહેબા બોલી, 'આવો બધો ભય નિરર્થક છે. તમારા લોક ખરેખર આવા સંકુચિત છે ? ભલે, તું એમ જ ઇચ્છતી હોય, તો આપણે સાથે જઈશું. પરંતુ હું કાંઈ તને સદાને માટે તો નહીં સાચવી શકું. દુર્ગા તારો પતિ છે.'

પરંતુ નયનમણિ કોઈપણ પ્રકારની સલાહ માનવા તૈયાર નહોતી. એને લાગતું હતું કે લખનૌ પહોંચી જવું એ જ એને માટે સૌથી ઉત્તમ માર્ગ છે. કેવળ સંગીત શીખવા ખાતર જ નહીં, આ ગૂંગળામણભર્યા, ગંદા વાતાવરણમાંથી છૂટવા માટે પણ એ જ અનિવાર્ય હતું, એથી એને એવી પ્રબળ ઈચ્છા જાગી હતી. જીવનમાં આ રીતે આગળ વધવા માટે તો એણે સંતાનની ઇચ્છા ત્યાગી હતી. ઘર વસાવીને એમાં જ સર્વસ્વ માની લેવાની વાત એણે સ્વીકારી નહોતી. મેમસાહેબાએ જ એને આ નવજીવનની પ્રેરણા આપી હતી. મુક્ત હવાની જેમ એનું ચિત્ત

વિહરવા લાગ્યું હતું. એની મહેચ્છા હતી કે પોતે પણ એક દિવસ મેમસાહેબા જેવી મુક્ત નારી બનીને પાછી ફરશે. પછી જ તે ઘરસંસાર વિશે વિચાર કરશે.

મેમસાહેબા સીડી ઊતરી નીચે આવી અને નયનમણિને બૂમ મારી, 'નયનમણિ !'

'શું છે, મેમસાહેબા ?'

'અહીં આવ !'

નયનમણિ પણ નીચે આવી. મેમસાહેબા મોટરનો દરવાજો ખોલીને ઊભી હતી. એને નખશિખ નિહાળતાં એ બોલી, 'ચાલ, પાછળની સીટ પર બેસી જા ! તને દુર્ગા પાસે છોડી આવું.'

નયનમણિ આશ્ચર્યમુગ્ધ બની મેમસાહેબાની આંખો સામે તાકી રહી. મેમસાહેબા આ શું કરી રહી છે ? પોતાને અહીંથી કાઢી મૂકવા માગે છે ?

એ ગાડીમાં બેસવા તૈયાર ન થઈ.

મેમસાહેબાએ પૂછ્યું, 'તું દુર્ગાને કહીને આવી છે કે હવે તું મારે ત્યાં રહેશે ?'

'ના, દુર્ગા તો સ્મશાને ગયો છે.'

'એ સારું ન કહેવાય. ચાલ, દુર્ગાને કહીને આવીએ.'

'એને કહેવાથી કશો ફાયદો નથી. આપને ત્યાં જે દુર્ગા હતો, એ દુર્ગા હવે પોતાના ઘરમાં રહ્યો નથી. એ ઘરમાં તો સ્ત્રીઓ પર સત્તા ચલાવવાનો રિવાજ છે.'

મેમસાહેબાએ હસીને પૂછ્યું, 'એ તને પ્યાર કરે છે એ વાત તો સાચી ને ?'

'પ્યાર કરે છે, એટલે જ તો બહાર મોકલતાં ડરે છે, કદાચ કોઈ મારું હરણ કરી જાય.'

છોકરીના ચહેરા પરની સરળતા જોઈને, મિસિસ ફ્લેમિંગ હસ્યા વિના ન રહી શકી. દુર્ગાની બીક પણ તુચ્છ છે અને નયનમણિની શંકા વળી એટલી જ તુચ્છ છે. અહીં જીવનમાં તીવ્ર આઘાત-પ્રત્યાઘાતને અવકાશ જ નથી. છતાં નયનમણિ લખનૌ જવા ઈચ્છતી હોય, તો એ ખોટું પણ નથી. દુર્ગા એમાં કશો અંતરાય નહીં ઊભો કરી શકે એમ એ ધારતી હતી. છતાંય જો એવું કરવા જશે તો એનું જ ઘર ભાંગી જશે. કોઈનો સંસાર ભાંગવો એ ઠીક નથી. આ બાબતમાં દુર્ગા અને નયનમણિ વચ્ચે મન ઊંચા થઈ જાય એવું એ ઇચ્છતી નહોતી. એટલે મેમસાહેબા ભારપૂર્વક બોલી, 'ચાલ, તારે આવવું જ પડશે.' લખનૌથી મારા પર પત્ર આવ્યો છે. દુર્ગાને સાથે વાત કરીને હું બધું જ વ્યવસ્થિત ગોઠવી દઈશ.'

નયનમણિ લાચાર થઈને, ગાડીમાં બેસી ગઈ. મિસિસ ફ્લેમિંગે દુર્ગાના ઘર તરફ ગાડી હાંકી મૂકી.

મિસિસ ફ્લેમિંગે દુર્ગાના ઘર આગળ જેવી ગાડી રોકી, કે તત્કાળ એની સમક્ષ એક અકલ્પ્ય ઘટના જોવા મળી. અનેક માણસોને ગિરફતાર કરીને, પોલીસ જાણે ઢોર હાંકી જતી હોય એમ એ લોકોને સ્ટેશનવાળે રસ્તે હાંકી જતી હતી. એણે નયનમણિને ત્યાં ઉતારી, પરંતુ એનું મન કુતૂહલથી ઉત્તેજિત હતું. આટલા બધા માણસોને પકડવાનો શો અર્થ હોઈ શકે ?

એણે પૂછવા માટે કોઈ માણસ શોધી જોયો, પણ નજીકમાં કોઈ જ નહોતું. નયનમણી થોડી અસ્વસ્થ થતાં બોલી, 'આથી તો મને અહીં રહેવામાં ડર લાગે છે. લોકો કહે છે, પોલીસ તમામને ગિરફતાર કરી લેવાની છે. કશીક જાહેરાત પણ કરવામાં આવી છે.

'શેની જાહેરાત ?'

એટલામાં પન્નૂ ક્યાંકથી દોડતી આવી, અને નયનમણિને જોતાં જ બોલી ઊઠી, 'ભાભી, સાંભળ્યું કે લડાઈ શરૂ થઈ ગઈ છે. બધાંને જ અહીંથી કાઢી મૂકવાનો બંદોબસ્ત સરકાર કરી રહી છે. શિલોંગમાં સરકારે એક જાહેરાત બહાર પાડી છે કે આ શહેરનું રક્ષણ કરવું પડશે.'

'કોનાથી ?' નયનમણીએ પૂછ્યું.

'એ તો મને શું ખબર ? કાયદાની વાતોમાં ભલા, મને શું સમજ પડે ? સાહેબલોક મન ફાવે તેમ વર્તી રહ્યા છે. સ્મશાનયાત્રા પહોંચી કે તરત ગિરફતારી ચાલુ કરી દેવામાં આવી.'

મિસિસ ફ્લેમિંગના મનમાં ફક્ત લડાઈની વાત ઘોળાઈ રહી. બે દિવસથી એણે ન તો વર્તમાનપત્ર વાંચ્યું હતું કે ન તો રેડિયો સાંભળ્યો હતો. આ સમાચાર કાલે રાત્રે અથવા આજે સવારે આવ્યા હશે. નહીં તો હિગિન્સ તથા જિલ્લાપોલીસને તો ખબર હોય જ. અને સમાચાર બેશક સાચા જ હશે, નહીં તો આમ ફેલાઈ પણ શેના જાય ?

એકાએક મિસિસ ફ્લેમિંગે નયનમણિને સંબોધીને કહ્યું, 'સાંજ સુધીમાં તમે લોકો મારે ઘેર આવજો, કેટલીક વાતો કરવી છે. જો લડાઈ શરૂ થઈ હશે, તો મારે ખૂબ નજીકના ભવિષ્યમાં સ્વદેશ પાછા ચાલ્યા જવું પડે એવું બને. મને ખ્યાલ જ નહીં કે આટલી જલદી લડાઈ ફાટી નીકળે.'

એણે પોતાની ગાડી દિબ્રૂગઢની દિશામાં હંકારી મૂકી.

પન્નૂ નયનમણિને સંબોધીને બોલી, 'એ લોકનીય લડાઈને આપણા લોકનીય લડાઈ ! પરંતુ આપણી જ વધારે ગંભીર છે. તેં સાંભળ્યું, બધાને જ ગિરફતાર કરી લીધા ?'

નયનમણિના મનમાં ભય ભરાઈ ગયો હતો. એ બોલી, 'કાલે રાતથી બસ ધરપકડોની વાતો જ સંભળાયા કરે છે. મન દુ:ખીદુ:ખી થઈ ગયું છે.'

'એટલે જ બંગલે ચાલી ગઈ હતી, એમ ને ?' પન્નૂએ પૂછ્યું, 'ત્યાં જવાથી શાંતિ મળી ખરી ? ગમે તેટલું, તોય એ તો આખર પારકું ઘર...'

નયનમણિએ કહ્યું, 'હું લખનૌ જવાની તૈયારી કરી રહી છું. ત્યાં જઈને સંગીત શીખીશ. અહીં મને કંઈ સારું નથી દેખાતું.'

'જવું જ હોય તો જા ! હવે આ બધી વાતોમાં પડવાનું અમારું કામ નથી. એ તારી ને મારા ભાઈની અંગત બાબત છે.'

નયનમણિ ચૂપ રહી.

પન્નૂ આગળ બોલી, 'મેમસાહેબાએ તને ખૂબ મદદ કરી છે. આવી મદદ મેળવવાનું નસીબ કોનું હોય ? અમને તો ગાવા-બજાવવાનું સદ્દભાગ્ય નથી સાંપડ્યું, અરે એનો સ્વાદ પણ નથી જાણતાં. તું શીખીને આવે, તો ઘેર બેઠાં સાંભળવા મળશે. એ તો બહુ સરસ...'

નયનમણિને શરૂઆતમાં તો એમ લાગ્યું કે પન્નૂ કટાક્ષ કરી રહી છે, પરંતુ પછીથી સમજાયું કે આ કટાક્ષ-મેણાં નથી; આ તો અંતરનું દુઃખ વ્યક્ત થાય છે..

બધાં જ પોતાની બુદ્ધિશક્તિનો વિકાસ કરવા ઇચ્છતાં હોય છે, પરંતુ તક કેટલાને મળે છે ? નયનમણિ જેવું સદ્‌ભાગ્ય બહુ થોડાને મળે. પરંતુ લડાઈ ફાટી નીકળવાને કારણે આ સદ્‌ભાગ્ય છિનવાઈ જાય તો ? કોઈ પૈસા આપે ને બીજું જ કોઈ ભણે એવી વ્યવસ્થા આ સંસારમા બહુ ઓછી વાર બને છે. મેમસાહેબાની ઉદારતાને કારણે જ આ શક્ય બન્યું એમાં શક નહીં, પરંતુ એ ઉદારતા કાયમ રહેશે ખરી ?

બંને નણંદભાભી આંગણામાં ઊભીઊભી વાતો કરતી હતી, ત્યાં ક્યાંકથી ગયાસુદ્દીન આવી પહોંચ્યો. એનો ચહેરો એકદમ ફીકો પડી ગયો હતો; દાઢીનાં ખૂંપરાંમાં ઢંકાઈ ગયો હતો. પન્નૂએ એને પૂછ્યું, 'આ જે કાંઈ સંભળાય છે એ સાચું છે ?'

'હા, સાચું જ છે.'

'અત્યારે તમે ક્યાં ચાલ્યા ?'

ગોળીબારના બનાવની તપાસ કરવા મેજિસ્ટ્રેટ આવ્યા છે. ત્યાં જાઉં છું. લછમી ક્યાં છે ? એને એક વાર મળવું છે.'

ગયાસુદ્દીન ઉતાવળમાં હતો, છતાં પન્નૂએ પૂછ્યું, 'તમે લોકો અમારાથી ઘણા વધારે સમજદાર છો, છતાં પૂછું છું કે આવી તપાસથી કશો લાભ ખરો ? પેલી બાજુ તો મજૂરોને પકડીપકડીને સ્ટેશન તરફ હાંકી જાય છે. કોઈનીય નોકરી હવે ચાલુ નથી રહેવાની, ગયાસુદ્દીનસાહેબ !'

ગયાસુદ્દીન ઊભો રહી, પન્નૂને નખશિખ નિહાળી રહ્યો. એક સાધારણ છોકરીમાં આવી વાતો કરવાની શક્તિ ક્યાંથી આવી ગઈ ? એની પોતાની પણ એવી જ ધારણા હતી કે હડતાળ મંદ પડી રહી છે. ગવર્નરે સારાય નગરને રક્ષિત વિસ્તાર જાહેર કરી દીધો છે. આમ તો લડાઈ યુરોપમાં જ ફાટી નીકળી છે, પરંતુ અહીં આવી જાહેરાત કરવા પાછળનો એકમાત્ર ઇરાદો હતો, હડતાળ તોડવાનો. જાહેરાતની સાથે જ ધરપકડો પણ શરૂ થઈ ગઈ હતી. યુનિયનના ઘણાબધા નેતાઓને પકડી લેવામાં આવ્યા હતા. માલાસિંધ અને પ્રધાન પણ પકડાઈ ગયા હતા. ઇસ્માઇલને તો અગાઉથી જ પકડી લેવામાં આવ્યો હતો. પડાવ સળગાવી દઈને એણે તો પોલીસને એ માટે ઉત્તમ તક ઊભી કરી આપી હતી. હવે તો ધરપકડોનો ઉત્સાહ જ શરૂ થઈ ગયો કહેવાય. શિલોંગમાં કૉંગ્રેસની સરકાર છે; પરંતુ ગવર્નરનો તો કોઈ વાળ સુધ્ધાં વાંકો કરી શકે તેમ નથી. બીજી બાજુ, ભારતીય કૉંગ્રેસે મજૂરોની તરફદારી કરતો ઠરાવ પસાર કર્યો છે : જો કંપની મજૂરોની માગણીઓ મંજૂર ન કરે, તો સરકારે કંપનીનું તેલ કાઢવાનું લાઇસન્સ રદ કરી દેવું જોઈએ. પણ એવું કંઈ બની શક્યું નહીં ને હવે વળી કૉંગ્રેસ સરકારે રાજીનામું આપી દેવાનો નિર્ણય કર્યો છે. ભારતીય પ્રજાને પૂછ્યા વગર જ વાઇસરોયે જાહેરાત કરી દીધી છે કે ભારત દેશ બ્રિટનના પક્ષમાં લડાઈમાં જોડાયો છે. આવી પરિસ્થિતિમાં કૉંગ્રેસ સરકાર કેવી રીતે સત્તા-સ્થાને રહી શકે ? આ તો રાષ્ટ્રીય અપમાન કહેવાય, એના વિરોધમાં જ રાજીનામાં આપી દેવાનો નિર્ણય લેવાયો

હવે હડતાલ સફળ થવાની કોઈ આશા નથી. સંગઠિત રીતે સંગ્રામ ખેલવાનો જાણે કશો જ અર્થ રહ્યો નહીં. એથી ગયાસુદ્દીન હવે બીજો માર્ગ વિચારી રહ્યો છે. એને એ માર્ગ દેખાઈ પણ રહ્યો છે. યુનિયનની માગણીઓ સિદ્ધાંતમાં ન્યાયી સિદ્ધ થવા છતાંય, કંપનીએ એની અવગણના જ કરી, ત્યારે સરકાર મજૂરોની વહારે ધાઈ શકી નહીં, અને છેવટે તો સરકારે કંપનીનો જ પક્ષ લીધો. વિદેશી સરકાર વિદેશી કંપનીને જ ટેકો આપે ને ? એટલે આ સરકારને જ મૂળથી હઠાવ્યા સિવાય બીજો કોઈ માર્ગ રહેતો નથી. કૉંગ્રેસ પણ એમ જ માને છે. દેશવ્યાપી આંદોલનની તૈયારીઓ થઈ રહી છે. હજારો સત્યાગ્રહીઓ જેલમાં જઈ રહ્યા છે. સરકાર સામે અસહકારનું આંદોલન તેઓએ ઉપાડ્યું છે. હવે આ જ એક માર્ગ છે.

પન્નૂ ગયાસુદ્દીન તરફ જોઈ રહી હતી. એના મનની દોલાચલ સ્થિતિ ન સમજાતાં, એ દિગ્મૂઢ સમી ઊભી હતી. ગયાસુદ્દીન થોડી વારે બોલ્યો,

'યુનિયનના લગભગ બધા જ નેતાઓને પકડી લેવામાં આવ્યા છે. ફક્ત હું જ છૂટો છું. ક્યાં સુધી બચીશ એ તો રામ જાણે ! કદાચ આ તપાસ પૂરી થતાં જ મનેય પકડી લેવામાં આવશે. ખૂબ ચિંતાજનક ઘડી આવી પહોંચી છે, પન્નૂ ! જયાં સુધી પરદેશી સરકાર છે, ત્યાં સુધી આપણો કશો દહાડો વળવાનો નથી.'

પન્નૂ હસતાંહસતાં બોલી, 'આટઆટલા વિચાર કરવાથી શો ફાયદો ? રામલીલાની લડાઈ જોઈ છે ને તમે ? યુદ્ધ લડતી વખતે નથી તો રાક્ષસો કશું વિચારતા કે નથી તો વાંદરલોક વિચારતા; તેઓ તો કેવળ લડે છે. આપ પણ લડતા જ રહ્યા છો, તો લડ્યા કરો !'

ગયાસુદ્દીનને તો એવું જ લાગ્યું કે જાણે પોતે કોઈ વિદ્વાનનાં ઉપદેશવચનો સાંભળી રહ્યો છે. પન્નૂની જબાન દ્વારા જાણે કે જહાંનારા જ ઉપદેશ આપી રહી છે. તે હસી પડ્યો અને સાહજિકતાથી બોલ્યો, 'અચ્છા પન્નૂ, હું હવે જાઉં.'

ગયાસુદ્દીન લછમીના ઘર તરફ ઊપડ્યો. અત્યાર સુધી નયનમણી ચૂપચાપ એ બેની વાતો સાંભળી રહી હતી, એ ખિન્ન અવાજે બોલી, 'તો આ પાપીઓએ પિતાજીને પણ પકડી લીધા છે એમ ?'

પન્નૂ હસીને બોલી, 'તારા બાપુજીને તો કેવળ પકડી લીધા છે; જ્યારે મારા બાપુજીને તો જાનથી મારી નાખ્યા !'

નયનમણિને હવે જ સમજાયું કે મજૂરો ઉપર કેવો જુલમ ગુજરી રહ્યો છે. મેમસાહેબા પાસે રહેતી, એટલે પોતાને બીજાની આફતનો અનુભવ નહોતો થઈ શકતો. આજે સત્ય કંઈક સમજાયું. એના પોતાના જ માણસો જેલમાં પડ્યા હતા અને કેટલાક ગોળીથી ઠાર થયા હતા. પરંતુ શા માટે ? એથી શો લાભ ? એની સમજમાં એ આવતું નહોતું.

એણે પન્નૂને પૂછ્યું, 'નોકરીના ઝઘડામાં જ લોક બેકાર બની ગયા. જીવનમાં વધુ સુખ મેળવવા ગયા, તો મોત જ મળ્યું. આ બધું મારી સમજમાં નથી આવતું, પન્નૂ !'

પન્નૂ બોલી, 'આમ તો મારી સમજમાંય કશું આવતું નથી. પરંતુ ચેટર્જી કહેતા હતા ને, તેઓ ક્યારેક ક્યારેક કહ્યા કરતા કે નોકરી અથવા સુખ કેવળ ઇચ્છા કરવાથી નથી મળતાં, એને માટે લાયકાત અને તાકાત જોઈએ; અર્થાત્ મજૂરોનું જ રાજય હોવું જોઈએ.'

'એ કેવી રીતે બને ?'

કેમ ન બને ? ચેટર્જી કહેતા હતા કે રશિયામાં એવું બન્યું છે. ત્યાં કોઈનીય વ્યક્તિગત માલિકી નથી રહી.'

નયનમણિ બોલી, 'આવી વાત તો ક્યારેય નહોતી સાંભળી; આજે પહેલી વાર જ આ બધું સાંભળી રહી છું. ચેટર્જી પ્રત્યે તને પ્રેમ હતો એ વાત સાચી કે?

પન્નૂનો ચહેરો એકાએક કાળો પડી ગયો. એને ચેટર્જીની વીરતા યાદ આવી ગઈ. ગયાસુદ્દીન જ એક માત્ર નરવીર છે એ વાત માનવા ચેટર્જી તૈયાર નહોતા. તેઓ ઘણીય વાર કહેતા; ના, સૂચન કરતા કે પોતાનામાં પણ એવી જ વીરતા છે, અને ક્યારેક પોતે પોતાની તાકાત બતાવી આપશે. તેઓ કહેતા કે આ વીરતાનો પ્રયોગ તેઓ પોતાના સ્વાર્થ માટે નહીં, પરંતુ સર્વ જનના હિત માટે કરવા ઇચ્છે છે. જેમ યુદ્ધમાં સૈનિકો સ્વદેશાર્થે પ્રાણત્યાગ કરે છે, તેમ જ મજૂર-રાજયની સ્થાપના માટે કામદારોએ સંઘર્ષમાં પ્રાણાર્પણ કરવું પડશે. એથી જ ગોળી સામે ઊભા રહી તેમણે પોતાના પ્રાણનું બલિદાન આપી દીધું. પોતાના પિતાજી પણ ગયા, બરૂઆએ પણ જાન ગુમાવ્યો, પરંતુ ચેટર્જીની વાત જ જુદી; કારણ કે એ લોકો એની જેમ વિચારપૂર્વક શહીદ નથી થયા. અને બોધન તો વગર સમજયે જ મર્યો. ચેટર્જીના અવસાન બાદ પન્નૂએ તેની ઓરડીની પ્રત્યેક ચીજ ધ્યાનપૂર્વક તપાસી હતી. એમાં એટલાં બધાં પુસ્તકો હતાં કે વાત જ ન પૂછો ! કોઈ અકળ કારણે ચેટર્જીના અવસાન પછી પન્નૂનું એના પ્રત્યેનું આકર્ષણ વધી ગયું હતું. એ કહ્યા કરતો કે એમના અનેક સાથીઓ પોલીસની ગોળીથી ઠાર થયા હતા; પોતે પણ એ રીતે મરવા માગતો હતો.

પન્નૂએ થોડી વાર પછી જવાબ વાળ્યો, 'એ વાત કરવાથી હવે શો ફાયદો? ચાલ,' આપણે એને ઘેર જઈએ. તને તો અંગ્રેજી આવડે છે ને ?'

નયનમણિ બોલી, 'મને વળી કેટલું અંગ્રેજી આવડે છે ? મને નાહક શરમિંદી બનાવે છે ! છતાં ચાલ એ જોવાની તો મારીય ઇચ્છા છે.'

બંને ચેટર્જીની ઓરડી પર આવ્યાં. પથારી એવી રીતે બિછાવેલી હતી, જાણે હમણાં જ કોઈ સૂઈને ઊઠ્યું હોય ! ખીંટી પર કોટ-પૅંટ લટકતાં હતા. આયના સામે એક ટૂથ-બ્રશ પડ્યું હતું. ટેબલ ઉપર એક પુસ્તક ખુલ્લું પડ્યું હતું. બે કબાટો પુસ્તકોથી ખીચોખીચ ભરેલાં હતાં. નયનમણિએ કેટલાંક પુસ્તકોનાં નામ મોટેથી વાંચ્યાં : 'દાસ કૅપિટલ'-કાર્લ માર્ક્સ, 'રાજય અને ક્રાન્તિ'-લેનિન, 'માય એક્સપેરિમેન્ટસ વિથ ટ્રૂથ'-ગાંધીજી, 'ઇંડિયન સ્ટ્રગલ'-સુભાષચંદ્ર બોઝ. પુસ્તકોનાં નામ વાંચતાં નયનમણિને પ્રયત્ન કરવો પડતો હતો અને કેટલાકનો અર્થ સમજાતો હતો; જયારે કેટલાકનો તો અર્થેય નહોતો સમજાતો. પરંતુ નયનમણિ મુગ્ધ થઈ ગઈ.

આટઆટલાં પુસ્તકો એક માણસ વાંચી જ કેવી રીતે શકે ? જ્ઞાનની પણ એક અલગ સૃષ્ટિ જ છે ને ?

પન્નૂએ પૂછ્યું, 'ભાભી, કાંઈ સમજાય છે ?'

'ઉં .. હું .. ફક્ત મોટાંમોટાં નામ પરિચિત લાગે છે. મહાત્મા ગાંધી, સુભાષ બોઝનાં નામ તો કોણ નથી જાણતું અને લેનિન તથા માર્ક્સનાં નામ પણ સાંભળ્યાં હોય એમ લાગે છે. કદાચ પિતાજી પાસેથી સાંભળ્યાં હશે. ચેટર્જી જ પિતાજીને આવું બધું સમજાવતાં.'

પન્નૂ બોલી, 'લેનિન અને માર્ક્સના નામ તો એમની જીભ પર નિરંતર રમ્યા કરતાં. અરે, કેટલું બધું વાંચતા હતા એ ? રાત અને દિવસ બસ એક જ કામ ! હા, એ બે મહાપુરુષોએ જ શ્રમજીવીઓના રાજય વિશે લખ્યું છે.'

નયનમણિ આશ્ચર્ય પામતાં બોલી, 'મને તો નથી લાગતું કે ક્યારેય શ્રમજીવીઓનું રાજય આવે.'

પન્નૂ હસતાંહસતાં બોલી, 'જેવું તારું મન, એવું જ જગત તને દેખાય. નહીં તો, વિચાર કર, આવી હડતાળ પડે જ કેમ ? ગભરાવ્યા, મારી નાખ્યા, તોય કોઈનો ઉત્સાહ ડગ્યો નહીં. મનુષ્ય પાસે એક બીજું ઊંચું મન છે અને એ જ એનું સાચું મન છે.'

કાગળિયાં ફંફોસતાં, નયનમણિને એક હાથે લખેલો કાગળ મળી આવ્યો. એ વાંચવાનો એણે ખૂબ પ્રયત્ન કર્યો, પરંતુ ફાવી નહીં. એટલે બોલી, 'ચાલો, મેમસાહેબા પાસે જઈને આ વંચાવી આવીએ ? અંગ્રેજી તો એ જ વાંચી આપે.'

પન્નૂએ સાશંક પૂછ્યું. મેમસાહેબા વાંચી આપશે કે ?'

'ચોક્કસ, એ મારા પર ખૂબ જ પ્રેમ રાખે છે.'

પન્નૂ અવાક્ બનીને નયનમણિ સામે જોઈ રહી; એને થયું સાહેબલોકો અને મેમસાહેબાઓ પણ પ્રેમ કરી શકે ખરાં ?

નયનમણિએ પૂછ્યું, 'તું સાથે આવશે ને ?'

પન્નૂએ જવાબ આપ્યો, 'હા, આવીશ.'

નયનમણિ બોલી, 'આજે બધા લોકો મેમસાહેબા ઉપર પણ અવિશ્વાસ કરતા થઈ ગયા છે; જાણે એમનામાં દયા, માયા, ધર્મ, મર્મ કશું જ નથી. કેવળ ચામડીનો રંગ જુદો હોય એટલે આવું માની બેસવાનું ? મનુષ્ય માત્ર અંદરથી તો એકસરખાં જ હોય છે. રસોઇયા નસીરઉદ્દીને મેમસાહેબાને ત્યાં રસોઈ કરવાનો ઇન્કાર કરતાં એવું જ કહ્યું, જાણે મેમસાહેબાની રસોઈ પકાવવી એ ગુનો હોય. મનુષ્યમાં કાળા-ગોરા હોવાથી કશો ફરક નથી પડી જતો. આપણો સિંધજી કાંઈ ઓછો દુષ્ટ નથી. એનાથી તો મેમસાહેબા સો ગણી સારી છે.'

પન્નૂ ચૂપચાપ સાંભળતી રહી, અને ચેટર્જીના ઘરના નધણિયાતા સામાન પર આંખ ફેરવતી રહી. એટલામાં જ નયનમણિએ એક ડાયરી શોધી કાઢી, જેમાં ફક્ત બે જ પાનાં લખેલાં હતાં.

એણે એ વાંચવાની કોશિશ કરી. એક પાનાની નીચેના લખાણ ઉપર એની નજર પડી. એમાં લખ્યું હતું :

'આજે પન્નૂની મુલાકાત થઈ. હું એને ચાહું છું, મારો પ્રેમ મારે વ્યક્ત નથી કરવો; કારણ કે એથી કશો જ લાભ નથી. એને કદીય જાણ નહીં થાય કે હું એને કેટલી બધી ચાહું છું. એ મને પ્રેમ ન કરતી હોય, એવું પણ બને અને એ પ્રશ્ન જ નથી. હું એને આશીર્વાદ આપું છું કે એ સુખી થાય !'

નયનમણિએ ખૂબ દુ:ખ સાથે આ નોંધ વાંચી અને પન્નૂને વાંચી સંભળાવી.

પન્નૂને એ રાતવાળી વાત યાદ આવી ગઈ; જયારે તે ચેટર્જીને ખાવાનું આપવા આવી હતી અને બદલામાં બાપુજીનાં કડવાં વેણ સાંભળવાં પડ્યાં હતાં. પાછું યાદ આવ્યું કે એ દિવસે ગયાસુદ્દીને પેલા પતિયાના અગ્નિસંસ્કાર કરવા માટે એમને બોલાવ્યા હતા. ચેટર્જી પોતાને અંતરથી પ્રેમ કરતા હતા એમાં રજ માત્ર શંકા નથી. એમના જીવતાં એ પ્રેમ બદલ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક પણ પન્નૂને ન મળી ! સ્ત્રી આવા બેવડા ઉપકારને લાપરવાહીથી અવગણી શકે ખરી કે ? આજે એમના મરણ પછી પોતે દુ:ખિત હૃદયે તેમના પ્રત્યેની કૃતજ્ઞતા અનુભવી રહી હતી, પરંતુ એ પણ ખુલ્લા દિલે વ્યક્ત કરવી મુશ્કેલ હતી.

ત્યાં દુર્ગા અંદર આવ્યો. બદન ખુલ્લું હતું, પગ ઉઘાડા, કમર પર ધોતિયું પહેર્યું હતું અને એક ચાદર ખભે નાખી હતી. તે સીધો જ સ્મશાનેથી આવી રહ્યો હતો. આવતાં જ બોલ્યો, 'નયનમણિ, હવે વળી નવો કાંડ શરૂ થયો એ તેં સાંભળ્યું?'

'શું થયું ?'

'તારા પિતાજીને પકડી લીધા; માલાસિંઘ અને ઇસ્માઇલ પણ ગિરફતાર થઈ ગયા.'

'એ તો સાંભળી ચૂકી, બીજા કોઈ સમાચાર છે ?'

'હા, ટાઉલર હજી પણ બહારથી સંખ્યાબંધ મજૂરો લાવવાની વ્યવસ્થા કરી રહ્યો છે. હિગિન્સસાહેબ વાંધો લે છે, એટલે થોડો ઠંડો છે. કૉંગ્રેસ સરકારે પોલીસવડાને આદેશ આપ્યો છે કે ગિરફતાર લોકોને છોડી દેવા; તપાસ ચાલતી હોય, ત્યારે કોઈનેય પકડવા નહીં ! તારા પિતાજી છૂટી જાય એવી આશા છે. મોટા ભાગના સ્વયંસેવકોય પકડાઈ ગયા છે, હવે ચોકીદારી કોણ કરશે ?'

પન્નૂએ દુ:ખપૂર્ણ નિ:શ્વાસ મૂકતાં કહ્યું, 'મને તો ખૂબ ચિંતા થાય છે. ચોક્કસ કશુંક 'ભયંકર બનવાનું.'

38

એ દિવસે મિસિસ ફ્લેમિંગે નયનમણિને જણાવી દીધું કે પોતે બે અઠવાડિયાંની અંદરઅંદર આ શહેર છોડીને ચાલી જશે. લખનૌ સુધી એ નયનમણિને સાથે લઈ જશે. ત્યાં એને રહેવાનો

પૂરેપૂરો પ્રબંધ કરીને પછી મિસિસ ફ્લેમિંગ વિલાયત રવાના થઈ જશે. જતી વખતે એ પોતાની ગાડી દુર્ગાને સોંપી જશે.

મેમસાહેબાએ આ બધી વાતો એટલી ભારપૂર્વક બનાવી કે દુર્ગા કચવાયો, છતાં કહી ન શક્યો કે નયનમણિ લખનૌ નહીં આવે. વળી, એ પોતાને ગાડી સસ્તા ભાવે આપી જતી હતી, એટલે પણ તે ઉપકારવશ હતો. અને નયનમણી ઉપર મેમસાહેબાએ કરેલા ઉપકાર તો અસીમ હતા. એનું જીવન ઘડવામાં મેમસાહેબાનો જ ફાળો સૌથી મહાન હતો. આજે પણ બાકી રહેલી ક્ષતિ દૂર કરવા એ તેને લઈ જઈ રહી છે.

દુર્ગાએ પિતાનાં ક્રિયાપાણી પતી ગયા બાદ પોતાના મનની શંકા નયનમણિને જણાવી તેણે કહ્યું કે, 'આટલા બધા દિવસ હું તને મારાથી અલગ ન રહેવા દઈ શકું.' પરંતુ નયનમણિએ એની વાત માની નહીં અને બમણા ઉત્સાહથી એ પોતાના પ્રવાસની તૈયારી કરવામાં પડી ગઈ. દુર્ગા ખિન્ન થઈ ગયો, પરંતુ મોંએથી કશું બોલ્યો નહીં.

દરમિયાન ન્યાયાધીશી તપાસનો હેવાલ આવી ગયો. લોકોની હત્યા માટે અપરાધી કોણ, એનો ચોક્કસ ચુકાદો મૅજિસ્ટ્રેટ મહાશય આપી શક્યા નહોતા. યુનિયને બીજી વાર તપાસ યોજવાની માગણી કરી. એટલે શિલોંગથી બીજા ન્યાયાધીશને મોકલવામાં આવ્યા હતા. આ નવા ન્યાયાધીશનો હેવાલ પણ તત્કાળ જ પ્રગટ થઈ ગયો. એણે એવો અભિપ્રાય આપ્યો કે મૅજિસ્ટ્રેટનો ચુકાદો ખોટો છે. મજૂરોના પક્ષના સાક્ષીઓની સુનાવણી બરાબર નથી થઈ. જજસાહેબે તો એવો અભિપ્રાય આપ્યો કે તપાસ યોગ્ય રીતે નથી થઈ; પરંતુ એવા અભિપ્રાયથી શું વળે ? મૃત્યુ પામેલા મજૂરોને વળતર આપવાની હજી કોઈ વ્યવસ્થા નહોતી થઈ. બીજી બાજુ તપાસપંચની સૂચના કંપનીએ સ્વીકારી નહીં, એટલે સરકારે આખોય ઝઘડો મધ્યસ્થી મંડળને મોકલી આપ્યો.

કૉંગ્રેસ સરકારે મજૂરોને પણ એવી સૂચના આપી કે મધ્યસ્થી મંડળ પર વિશ્વાસ રાખીને, કામ પર પાછા ચઢી જાય.

સરકારની આ સૂચના યુનિયન સ્વીકારવા તૈયાર હતું, પરંતુ ટાઉલર તૈયાર નહોતો થતો. જે દિવસે કંપનીનો જવાબ જાહેર થવાનો હતો, એ દિવસે, સમગ્ર સમસ્યા પર વિચાર કરવા માટે યુનિયનના નેતાઓ કાર્યાલયમાં ભેગા મળ્યા. પ્રધાન, માલાસિંઘ તથા ઇસ્માઇલ જામીન પર છૂટીને આવી પહોંચ્યા હતા. ચર્ચા ચાલુ હતી, ત્યાં કંપની તરફથી ટાઉલરે લખેલો એક કડક કાગળ આવ્યો. આ પત્રનો સાર હતો : જો મજૂરો ચોવીસ કલાકની અંદરઅંદર પુનઃ કામ પર નહીં ચઢી જાય, તો કંપનીને એમની સામે કડક હાથે કામ લેવાની ફરજ પડશે. યુદ્ધના વખતમાં તેલનું ઉત્પાદન બંધ રાખવું એ ભારતદેશના રક્ષણનું વિરોધી કામ ગણાશે. આ પત્ર વાંચતાં જ યુનિયનના નેતાઓ સમજી ગયા કે હવે પરિસ્થિતિ સંપૂર્ણ રીતે પલટાઈ ગઈ છે. હવે સવિનય અસહકાર કરીને કામ પર ન જવાથી, એમની સામે કંપની ભારત સંરક્ષણ ધારા હેઠળ કામ ચલાવી શકે તેમ છે.

યુનિયને નમતું નહીં આપવાનો નિર્ણય લીધો. એક પત્રિકા પ્રગટ કરીને આખીય પરિસ્થિતિનો ખ્યાલ મજૂરોને આપી દીધો. સાથે સાથે એવો અનુરોધ પણ કરવામાં આવ્યો કે, ભૂખ્યા રહીને પણ કામદારો પોતાની માગણીઓ માટેની લડત ચાલુ જ રાખશે.

નક્કી કરેલા દિવસે મિસિસ ફ્લેમિંગ સ્ટેશને પહોંચી ગઈ. પરંતુ સ્ટેશને પહોંચતાં જ એણે જોયું કે પ્લેટફૉર્મ પર તો ચાલવાનીય જગ્યા નહોતી. આખુંય પ્લેટફૉર્મ પોલીસ તથા કામદારોથી ઉભરાતું હતું. એણે ટ્રેનના ડબ્બામાં પોતાનો સામાન ચઢાવીને નયનમણિ તથા દુર્ગાને શોધવા માંડ્યાં. તેઓ બન્ને સ્ટેશન પર આવશે એવી વાત થઈ હતી. મિસિસ ફ્લેમિંગ પ્લેટફૉર્મ પર ચક્કર મારવા માંડી; છતાંય કોઈ મળ્યું નહીં એટલે પરેશાન થઈ ગઈ. પછી પાછી ડબ્બામાં આવીને બેઠી, તો જોયું કે બાજુની સીટ પર જિલાપોસી બેઠો હતો.

જિલાપોસીએ હાથ લંબાવતાં કહ્યું, 'હું પણ તમારી સાથે જ આવું છું.'

'ક્યાં ?'

'હોમ.'

'કેમ ?'

'યુદ્ધમાં જવા, મને લશ્કરમાં જોડાવા કોલ આવ્યો છે.'

મિસિસ ફ્લેમિંગ ચૂપ રહી અને પુનઃ ડબ્બાની બહાર નીકળી ગઈ.

બહાર મજૂરોએ એક સભા યોજી હતી. એમાં ગયાસુદ્દીન કંઈક કહી રહ્યો હતો. એણે પૂરું કર્યું, પછી માલાસિંઘ અને પ્રધાન પણ બોલ્યા. પછી પણ કેટલાક આગેવાનો બોલ્યા. મિસિસ ફ્લેમિંગને એ ન સમજાયું કે આ મજૂરોને પ્લેટફૉર્મ પર શા માટે લાવવામાં આવ્યા છે !

થોડી વાર પછી જિલાપોસી પણ દાંત વચ્ચે પાઇપ દબાવીને બહાર નીકળ્યો. એણે મિસિસ ફ્લેમિંગ સામે જોઈને કહ્યું, 'તમને ન સમજાયું, કેમ ? સામૂહિક ધરપકડ ! સ્ત્રીઓ, બાળકો, ઘરડાં-બૂઢાં કોઈને જવા નથી દીધાં.'

મિસિસ ફ્લેમિંગે સાશ્ચર્ય પ્રશ્ન કર્યો, 'એ શા માટે ?'

જિલાપોસી હસીને બોલ્યો, 'યુદ્ધકાળમાં તેલનું ઉત્પાદન અટકાવવાનું પરિણામ !'

મિસિસ ફ્લેમિંગ બોલી, 'લડાઈ તો યુરોપમાં ફાટી નીકળી છે. અહીં સંરક્ષણધારો લાગુ પાડવાનો શો અર્થ ?'

જિલાપોસી પાછો હસતાંહસતાં બોલ્યો, 'એ તો સમજી શકાય એવી વાત છે.'

મિસિસ ફ્લેમિંગ કટાક્ષમાં બોલી, 'ઠીક છે. પરંતુ વાસ્તવમાં એ લોકો શું સમજી ગયા, એ આપ જાણો છો ? એ જ કે જ્યાં સુધી ગોરી ચામડીવાળાનો કારભાર હશે, ત્યાં સુધી કાળી ચામડીવાળાને કોઈ ન્યાય નહીં મળવાનો !' જિલાપોસીનું હાસ્ય વિલાઈ ગયું.

ત્યાં મજૂરોમાં શોરબકોર થયો. પોલીસે સૌને ટ્રેનમાં ચઢી જવાનું ફરમાન કર્યું, પરંતુ કોઈ એક ડગલુંય આગળ ન વધ્યું. પોલીસ દ્વિધામાં પડી ગઈ. પોલીસ કોર્ડન વચ્ચેથી રોલેટસાહેબનો ગોરો ચહેરો દેખાતો હતો. એ પોલીસ ઇન્સ્પેક્ટર મિશ્રા સાથે મંત્રણા કરી રહ્યો હતો. સ્ટેશન માસ્ટરને પણ બોલાવવામાં આવ્યા. પ્લેટફૉર્મ પર લગભગ બે હજાર માણસો ભેગાં થયાં હતાં. એમને કેમ મોકલવાં એની જ કદાચ ચર્ચા ચાલી રહી હતી.

જિલાપોસી બોલ્યો, 'લાગે છે કે ટ્રેન ઉપડતાં વાર લાગશે.'

મિસિસ ફ્લેમિંગ કશું જ બોલી નહીં. જવાના છેલ્લા દિવસે આવું દૃશ્ય જોવા મળશે, એવી તેને કલ્પના સુધ્ધાં નહોતી. મિસ્ટર હિગિન્સ શિલોંગ ગયા હતા. જો તેઓ અહીં હોત તો આવું બનત ખરું ? સાંભળ્યું છે કે એ તો મધ્યસ્થી મંડળનો મત સ્વીકારવા તૈયાર હતા. યુનિયન પણ એ જ શરતે પુન: કામ ચાલુ કરવાની તરફેણમાં હતું. એટલે જો તે હાજર હોત, તો કંઈક સમજૂતી થઈ શકી હોત. પરંતુ સમજૂતી થતે જ એમ પણ કેવી રીતે કહી શકાય ? મિસ્ટર હિગિન્સ તો નબળા મનના માણસ છે. ટાઉલર સામે એમનાથી નથી બોલી શકાતું...

એટલામાં જ ક્યાંકથી ટાઉલર પ્લેટફૉર્મ પર ફૂટી નીકળ્યો; જાણે ફેણ ચઢાવેલો સાપ ! શહેરમાંથી સ્ત્રીઓને પણ પકડી લાવવામાં આવી છે : લછમી, પન્નૂ, નયનમણિ અને બરૂઆની પત્ની પણ. કોઈનેય છોડ્યાં નથી. બરૂઆની પત્નીની ગોદમાં બાળક આક્રંદ કરી રહ્યું હતું.

ટાઉલરે મિસિસ ફ્લેમિંગને જોઈ, એટલે તે વાત કરવા પાસે આવ્યો. મિસિસ ફ્લેમિંગના તો તનમનમાં જાણે તે આગ ભભૂકી રહી હતી. વિવેકવશ વિદાયની બે વાત કર્યા બાદ, તરત જ એણે ટાઉલરને પૂછ્યું, 'આ લોકને હાંકી કાઢવાનો શો અર્થ છે ?'

ટાઉલરે જવાબ જ ન આપ્યો. એ તો હવામાનની વાત કરવા લાગ્યો. એટલે મિસિસ ફ્લેમિંગ એની કોઈ વાત સાંભળવા રોકાઈ નહીં, અને સીધી રૉલેટ પાસે પહોંચી ગઈ. એણે રોષભેર પ્રશ્ન કર્યો, 'શું હું પૂછી શકું કે દુર્ગા, નયનમણિ, બરૂઆની પત્ની અને પન્નૂને કેમ પકડ્યાં છે ? શા માટે એ લોકને અહીંથી હાંકી કાઢવામાં આવે છે ?'

રૉલેટ ગભરાઈ ગયો, એણે ખંચકાતાં વળતો પ્રશ્ન કર્યો, 'આપ આપને ત્યાં કામ કરનાર દંપતીની બાબતમાં પૂછો છો ? હું દિલગીર છું, પરંતુ મને લાગે છે કે છેલ્લા કેટલાક દિવસથી કદાચ એ આપને ત્યાં કામ નથી કરતાં.'

મિસિસ ફ્લેમિંગે કહ્યું, 'કેમ નહીં ? તેઓ તો રજા પર છે.'

એટલે રૉલેટે મિશ્રાને હુકમ કર્યો, 'પેલાં બેને અહીં લઈ આવો !'

ત્યાં મિસિસ ફ્લેમિંગે રાડ પાડી, 'સ્ત્રીઓને છોડી મૂકો !'

રૉલેટે જવાબ આપ્યો, 'એમ તો કોઈનેય છોડી ન મુકાય; સ્ત્રીઓને પણ નહીં. અહીંથી તો બધાંને જ મોકલી આપવાં પડશે.'

'પરંતુ બરૂઆની પત્નીએ શો ગુનો કર્યો છે ?'

રૉલેટ થોડો નરમ પડી ગયો. ત્યાં જ ટાઉલર આવી પહોંચ્યો. એ ભીમકાય પુરુષ હતો અને એનો ચહેરો રૉલેટને મળતો આવતો હતો. રૉલેટે મિસિસ ફ્લેમિંગને કહ્યું, 'આપ ટાઉલરસાહેબ સાથે વાત કરો, હું બધાંને ઓળખું નહીં.'

મિસિસ ફ્લેમિંગ બોલી, 'એમની સાથે વાત કરવાનો શો અર્થ ? આ ગિરફતારી તો આપે કરી છે.'

ટાઉલર ગંભીરતાપૂર્વક બોલ્યો, 'મજૂરોને સહકુટુંબ અહીંથી રવાના કરવામાં આવે છે. કુટુંબોને અહીં રાખવા યોગ્ય નથી, એટલે જ આવું પગલું લેવામાં આવ્યું છે.'

મિસિસ ફ્લેમિંગ કંટાળો દર્શાવતાં બોલી, 'તમારી સાથે વાત કરવાનો તો કશો અર્થ નથી.'

આટલું બોલીને તે મજૂરોના ટોળામાં ભળી ગઈ; અને જયાં સ્ત્રીઓ હતી ત્યાં પહોંચી ગઈ.

મિસિસ ફ્લેમિંગે જોયું કે બરૂઆની પત્નીના યૌવનભર્યા, ગોરા, સુંદર ચહેરા પર આંસુ વહી રહ્યાં છે. ગોદમાં બાળક ધ્રૂસકાં ભરી રહ્યું છે. મિસિસ ફ્લેમિંગ બોલી, 'કંચન, મને ખૂબ દુ:ખ થાય છે, પરંતુ હું ખૂબ જ લાચાર છું.' એટલું કહી, બાળકને તેડી લીધું અને એને રમાડવા લાગી. એ જ વખતે મિશ્રા નયનમણિ તથા દુર્ગાને રોલેટસાહેબ પાસે લઈ આવ્યો.

પન્નૂ મેમસાહેબાને જોતાં જ બોલી ઊઠી, 'આ બધાં લાડ-પ્યારનો શો અર્થ છે, મેમસાહેબા ? એ દિવસે તો આપે જ અમને ચેટર્જીનો લેખ વાંચી સંભળાવ્યો હતો ને ? એમાં આ બધી વાતો લખેલી જ હતી ને ? ઊંચા વર્ગના માણસોનો નીચા વર્ગ સાથે કદાપિ સુમેળ સધાય નહીં. આપે નયનમણિને આટઆટલું પ્રોત્સાહન આપ્યું, અને આજે શું બન્યું તે જુઓ ! રોલેટસાહેબે બધાની સામે વોરંટ કાઢ્યું, 'કોઈનેય ન છોડ્યાં : ગયાસુદ્દીનસાહેબ, માલાસિંઘ, પ્રધાન, ઇસ્માઇલ. લછમી, હું, કંચન, નયનમણિ કોઈનેય નહીં. બધાંને જ અહીંથી હાંકી કાઢવામાં આવ્યાં.'

મેમસાહેબા ચૂપ રહી. પછી બાળકને એક બચ્ચી કરી, પાછું સોંપતાં બોલી, 'એક વાત યાદ રાખજે, પન્નૂ ! જે લોકો આવાં કામ કરી રહ્યા છે એ લોકો સાચા અંગ્રેજો નથી. ઇંગ્લેંડના લોકો તો તમારા જેવા જ માણસો છે. એમને અત્યાચાર પસંદ નથી.'

ત્યાં ઇસ્માઇલ અને નસીરઉદ્દીન પણ આવી પહોંચ્યા હતા. ઇસ્માઇલ વચમાં જ બોલી ઊઠ્યો, 'મેમસાહેબા, તેલ અને પાણી એકબીજામાં ભળી શકતાં નથી.'

નસીરઉદ્દીન બોલ્યો, 'આટઆટલાં વર્ષ નોકરી કરી, સારો માણસ ભાગ્યે જ જોવા મળ્યો. હું તો એક જ વાત કરું છું, મોટા માણસોની મહેરબાની જાળવવી અને સાહેબલોકની મરજી પાળવી, સરખું જ અસંભવિત કામ છે.'

એટલામાં તો ત્યાં ઘણા માણસો એકત્ર થઈ ગયા. જેના મનમાં જે જે ભાવ પ્રગટ્યા હતા તે સર્વ તેઓ ત્યાં ઠાલવવા લાગ્યા. એક સંનિષ્ઠ બ્રિટિશ નારીના હૈયાને એ લોકનાં વચનો તીરની જેમ વીંધી રહ્યાં. કોઈ એ નહોતું સમજ્યું, સિવાય કે એક મિસિસ ફ્લેમિંગ જ સમજતી હતી કે ઇતિહાસની નજરે ટાઉલર જેવા માણસો કેટલા ભયંકર પાપી હતા. આ કાળી પ્રજાના નિસાસા એમના રેતીના મહેલને જમીનદોસ્ત કરી નાખવાના હતા. આ વાત અગાઉથી જ સમજી, ચેતી જવું જોઈએ; પરંતુ ટાઉલર જેવાને આવી વાત કરવી એ ભેંસ આગળ ભાગવત જેવું જ સમજવું. એની પાસે સાંભળવાને કાન જ નથી, પછી સમજવા માટે ભેજું તો હોય જ ક્યાંથી ?

નિંદા સાંભળીને પણ, મેમસાહેબા બહારથી પાષાણમૂર્તિ સમી નિશ્ચલ રહી, એટલે લોકોએ આપોઆપ ગાળો દેવાનું બંધ કરી દીધું. પછી મિસિસ ફ્લેમિંગે ગયાસુદ્દીનને શોધી કાઢ્યો. એક ખૂણે બેઠોબેઠો તે સિગરેટ ફૂંકી રહ્યો હતો. મેમસાહેબાએ બોલાવ્યો એટલે ઊઠીને તે નજીક આવ્યો. એને સંબોધીને મિસિસ ફ્લેમિંગ બોલી,

'એક વાત કહેવા આપને તકલીફ આપી.'

'બોલો !'

'તમે જેવી હડતાળ પાડી બતાવી એવી ભાગ્યે જ પાડી શકાય. અમારા દેશમાં પણ પડી જાણી નથી. સફળ તો ન થઈ, પરંતુ ...'

'પરંતુ શું ? નિઃસંકોચ કહી નાખો !'

'એક દિવસ આપને સમજાશે કે આટલો બધો અત્યાચાર સાવ અકારણ જ ગુજારવામાં આવ્યો. સારા માણસોના હાથમાં વહીવટ હોત તો આવું ન જ થતે.'

ગયાસુદ્દીને કહ્યું, 'હું બરાબર સમજું છું, અને હું પણ એક વાત કહી દઉં. જો અમારી સ્વતંત્ર સરકાર હોત, તો આવો અન્યાય કરીને હડતાળ તોડાવી ન જ શકાત. અમને હાંકી કાઢવાથી શું વળવાનું છે ? ઊલટું હવે અમે સૌ અંગ્રેજ સરકારને હાંકી કાઢવાના કાર્યમાં જોડાઈ જઈશું.'

એટલામાં રોલેટ અને ટાઉલર પણ ત્યાં આવી પહોંચ્યા. મિસિસ ફ્લેમિંગે એ તરફ ફરીને જોયું સુધ્ધાં નહીં.

રોલેટે જ વાત શરૂ કરી, 'આપ પેલી બાજુ આવો, જરા વાત કરવી છે.'

'શેની વાત છે ?'

'પેલાં તમારાં છોકરા-છોકરી બાબતની.' રોલેટે જવાબ આપ્યો.

મિસિસ ફ્લેમિંગ નયનમણિ તથા બીજાં ઊભાં હતાં એ બાજુ ગઈ.

કોઈ બીજો પ્રસંગ હોત તો નયનમણિ મેમસાહેબાને જોઈને આનંદવિભોર બની જાત, પરંતુ આજે એનો ચહેરો એવો જ શુષ્ક રહ્યો. આંખોમાં અભિમાન છલકાતું હતું. અપમાનની લાગણીથી એ સળગી રહી હતી. લાઇટ ઇન્ફન્ટ્રીના સૈનિકો સાથે મળીને પોલીસવાળા દુર્ગા, નયનમણિ, પન્નૂ વગેરેને જાનવરોની જેમ હાંકી રહ્યા હતા. દુર્ગાને તો એકબે લાઠીય ખાવી પડી હતી. એ લોકમાંથી કોઈ પણ આવા અપમાનથી બચ્યું નહોતું.

મેમસાહેબા નયનમણિને શું કહેવું એ નક્કી કરી શકતી નહોતી. એણે રોલેટને પૂછ્યું, 'એને તમે છોડી મૂકી છે કે ? એને તો લખનૌ જવાનું છે. અને દુર્ગાને ગાડી આપી દીધી કે નહીં ?'

રોલેટ ખૂબ વિવેકપૂર્વક બોલ્યો, 'છોડી મૂકવાનું તો સંભવિત જ નથી. હા, ઇચ્છે તો પછીથી મોકલવાનું ગોઠવી શકાય. ગાડી પણ અત્યારે તો મારા જ તાબામાં રહેવા દો !'

મિસિસ ફ્લેમિંગનો ચહેરો શરમથી લાલ થઈ ગયો. એટલે દુર્ગા બોલ્યો.

'મેમસાહેબા, આપે મને ગાડી આપી, એ જ મહાન ઉપકાર છે. આપનું ઋણ અમે કદીય નહીં ભૂલીએ. આપ નિરાંતે જાવ !'

દુર્ગાના બોલવામાં ભારોભાર વ્યંગ હતો. મિસિસ ફ્લેમિંગ દુઃખ પામતાં બોલી, 'ના, તારી વાત બરાબર નથી. નયનમણિ તારે શું કહેવું છે ?'

નયનમણિએ માથું નમાવતાં જવાબ આપ્યો, 'નસીબમાં હશે, તો હું લખનૌ અચૂક જઈશ. આપ મારી ચિંતા ન કરો ! આપ નિશ્ચિંત મને જાઓ !'

બોલતાંબોલતાં જ નયનમણિની બંને આંખોમાંથી આંસુનો ધોધ ચાલ્યો.

મિસિસ ફ્લેમિંગે તેને બોલાવી, 'નયનમણિ !'

'જી !'

'સાંભળ, તું દુ:ખી ન થતી. તને મુક્ત કરે, એટલે તું ભણવા ચાલી જજે !'

નયનમણિનું રુદન તેજ બન્યું.

એટલે દુર્ગા ટોણો મારતો બોલ્યો, 'અરે રડે છે શા માટે ? હવે તને સમજાઈ જશે કે આ સાહેબલોકની જાત કેવી છે !'

લખનૌ જવાની વાતની તો દુર્ગાએ મુદ્દલે ચર્ચા ન કરી. મોટર વિશે પણ વાત ન કરી. એના હૃદયને તીવ્ર આઘાત લાગ્યો હતો.

રૉલેટ થોડી વાર એ લોકની વાતો સાંભળતો રહ્યો, પછી બોલ્યો, 'હું જરૂર કંઈક વ્યવસ્થા કરીશ.'

મિસિસ ફ્લેમિંગ હસીને ચૂપ રહી. એને નયનમણિની દશા જોઈ ભારે દુ:ખ થઈ રહ્યું હતું. એણે ભારે હિંમત બતાવવી પડશે, તો જ એ હવે લખનૌ જઈ શકશે. આ મેમસાહેબા માટે મોટામાં મોટો આઘાત હતો અને એ આઘાત તેને પોતાના જ માણસોએ પહોંચાડ્યો હતો. મિસિસ ફ્લેમિંગે એ લોક ઉપર ઉપકાર કરીને પ્રેમનું બીજ વાવ્યું હતું, જે અંકુરિત થવાની તૈયારીમાં હતું. ત્યાં જ આ લોકે એને વાઢી નાખ્યું. હવે કોણ કહી શકે કે પ્રેમનું એ વૃક્ષ પુન: વિકસી શકશે યા નહીં ?

હતાશ હૈયે મિસિસ ફ્લેમિંગે દુર્ગાને હાંક પાડી,

'દુર્ગા !'

'ફરમાવો મેમસાહેબા !'

'હું જાઉં છું. મોટર તારે માટે જ મૂકીને જાઉં છું. રૉલેટસાહેબ સાથે એ વાતનો બન્દોબસ્ત કરીને જ જઈશ.'

'પરંતુ એના પૈસા તો આપી શક્યો નથી, મેમસાહેબા !' દુર્ગાએ જવાબ આપ્યો.

'રૂપિયાની ચિંતા હવે તારે કરવાની જરૂર નથી. હમણાં પૈસાની કશી જરૂર નથી. હું તને ગાડી આપી જાઉં છું. તું ટેક્સી ચલાવીને ગુજરાન ચલાવજે. અને એક છેલ્લી વાત ....'

દુર્ગા અવાક્ બની મેમસાહેબાને જોઈ રહ્યો. મેમસાહેબા બોલી,

'નયનમણિને લખનૌ જતી રોકતો નહીં !'

આટલું કહીને એ ધીરા, દુ:ખિત ડગલે પોતાના ડબ્બા ભણી ચાલી ગઈ.

ત્યાં જિલાપોસી હજીય પાઇપ ચૂસતો પોતાની સીટ ઉપર બેઠો હતો. એને યુદ્ધનાં સ્વપ્ન દેખાઈ રહ્યાં હતાં : રોમાન્સ અને સાહસ ! પહેલા વિશ્વયુદ્ધમાં પણ એ જોડાયો હતો ને જર્મનીની

સરહદ સુધી લશ્કર લઈ ગયો હતો. એક વાર ખાઈમાં ભરાઈને લડાઈ લડતાં, એની છાતી પર ગોળી વાગી હતી. સદ્‌ભાગ્યે એના ફેફસાંને ઈજા નહોતી પહોંચી. પોતે બચી ગયો એ પણ એક અજબ ઘટના હતી. તે ખિસ્સામાં એક મોટી ડાયરી તથા પોકેટબુક રાખતો, એટલે જ ગોળીથી એ બચી ગયેલો. યુદ્ધમાં માનવસંહાર કરતાંકરતાં જિલાપોસીની મતિ તથા ચારિત્ર્ય ભ્રષ્ટ થઈ ગયાં હતાં. એનું વતન સ્કોટલૅંડમાં હતું. કુટુંબમાં કેટલાય સંબંધીઓએ યુદ્ધમાં નામ કાઢ્યું હતું. બાપ, કાકા, ભાઈ સારા યોદ્ધા હતા, દુર્ભાગ્યે તેઓ લડાઈમાં જ માર્યા ગયા હતા. આજે એ લોકના કુટુંબમાં બીજું કોઈ નહોતું. એકાકી ઘરમાં જિલાપોસીને ગોઠ્યું નહીં, એટલે એ પરદેશ નોકરી કરવા નીકળી પડ્યો. થોડાં વર્ષ રંગૂનમાં રહ્યો. પછી કંપનીએ અહીં નવો ઉદ્યોગ વિકસાવ્યો, એટલે એ અહીં આવ્યો. પરણવાનું એને જરૂરી ન લાગ્યું, એટલે તે મુક્ત જાતીય જીવન માણવા લાગ્યો. વર્ષો વીતી ગયાં. ધીરે ધીરે ઉંમરેય થવા આવી. જીવનમાં તૃપ્તિનો અનુભવ ન થયો અને એકાકીપણું સતાવવા લાગ્યું. મનમાં એક પ્રકારનો અકળ વિષાદ છવાયેલો રહેતો હતો, એટલે લડાઈ યાદ આવ્યા કરતી હતી.

સાહસ ખેલવાની કલ્પનાઓ કરી, તે મનમાં આનંદ માણવા લાગ્યો. પોતે ટ્રેન્ચમાં સંતાઈને મારશે, મરશે અથવા લડાઈ લડીલડીને નવા નવા અનુભવો પ્રાપ્ત કરશે. એ જિંદગી મજાની છે. ત્યાં પળપળની ઉત્તેજના છે. અહીં તો કેવળ બે મહિના જ ઉત્તેજનાના આવી ગયા. અને તેમાંય ઉત્તેજનાની પરાકાષ્ટા તો તે દિવસે જ આવી, જ્યારે ધનાધન ગોળીઓ ચાલી. ગોળીબારમાં માણસો મરણશરણ થાય એનો જિલાપોસીને કોઈ અફસોસ નહોતો, એને તો ઉશ્કેરાટ જામે એમાં જ મજા આવે. ઉત્તેજના વિના તે જીવી જ ન શકે.

એ બે માસ પૂર્વે દિવસે નહીં તો રાત્રે, એક સ્ત્રી એના જીવનમાં ઉશ્કેરાટ લાવતી ખરી. તે કોઈ પણ સ્ત્રીને એકાદ મહિના માટે જ પોતાના જીવનમાં પ્રવેશ આપતો હતો, વળી પાછો વૈરાગ્ય તથા કંટાળો આવી જતો હતો. એને રોજરોજ નવાનવા ભોગ આરોગવાનું જ મન થયા કરતું. જ્યારે જે મળી ગયું તે માણી લેવું, એવી એની ફિલસૂફી હતી, અને ન મળે તો ચલાવી લેવું એમ પણ તે માનતો. કોઈ બંધન નહીં, કોઈ જવાબદારી નહીં, કોઈ ફિકરચિંતા નહીં. એના મનમાં હવે ઈશ્વરનો ડર પણ રહ્યો નહોતો.

બારીમાંથી મિસિસ ફ્લેમિંગની પ્રવૃત્તિ એ જોઈ રહ્યો હતો અને જિલાપોસીને રમૂજ થયા કરતી હતી. મિસિસ ફ્લેમિંગનો દરિયાવદિલ પ્રેમ એને તો કેવળ અભિનય જ લાગતો હતો. અહીં એ સ્ત્રી કોઈ નિબંધ લખવા માટે રહેતી હતી, એ પણ જિલાપોસીને એક શોખ, એક 'એડવેન્ચર' જ લાગતો હતો. આવા 'એડવેન્ચર' પણ એક વિચિત્ર વાત કહેવાય એમાં શક નહીં. તેને થયું, એક અંગ્રેજ સ્ત્રી જ આવાં પરાક્રમો ખેલી શકે.

મિસિસ ફ્લેમિંગ ડબ્બામાં આવીને, ઉદાસ ચહેરે બેસી ગઈ. પછી પોતાની બેગ ખોલીને એણે એક નોટ-બૂક કાઢી. એમાં લખાયલા ચેટર્જીના લેખો એને ગમી ગયા હતા. ચેટર્જી એક લેખમાં લખતો હતો :

'હું લોકહિત માટે જ જીવવા ચાહું છું, એટલે મારું પોતાનું એવું કશું જ રાખવા માગતો નથી. જે સ્ત્રીને હું પ્રેમ કરું છું, એને પણ મારે પોતાની નથી બનાવવી. કામદારોને મૂડીદારોની ગુલામીમાંથી મુક્ત કરવા જ મારે જીવવાનું છે. રાષ્ટ્ર પર આજે એક ભયાનક આપત્તિ આવી

પડી છે. અલબત્ત મને શ્રદ્ધા છે કે મારા દેશબાંધવો જાગી ઉઠશે અને તેઓ પુન: પોતાની સ્વતંત્રતા, સુખસમૃદ્ધિ તથા સાંસ્કૃતિક મહત્તા પ્રાપ્ત કરી લેશે.

કેટલાક લોકોએ વ્યક્તિગત રીતે ભારે મુશ્કેલીઓ ઉઠાવવી પડશે, પરંતુ એવાનાં બલિદાનમાં જ માનવજાતનું ગૌરવ રહેલું છે. કષ્ટ સહેવાથી આત્મા વિશુદ્ધતર બને છે, ચારિત્ર્ય તથા નૈતિકતા વધુ સુદૃઢ બને છે અને એ રીતે જ કોઈ પણ પ્રજા અજેય બની રહે છે.

'આત્મબળ તથા વિરાટ લોકશક્તિ દ્વારા જ અત્યાચારી શાસકોને આ રાષ્ટ્રની હદમાંથી હાંકી કાઢી શકાશે ; અને એવો શુભ દિવસ આજે નહીં તો આવતીકાલે અવશ્ય ઊગશે.' જિલાપોસીએ એકાએક પૂછ્યું, ' એ શું વાંચી રહ્યા છો ? '

'એક શહીદ વ્યક્તિના વિચારો. એક દેશભક્ત, જે મરણ પામ્યો, આપ લોકોએ એને મારી નાખ્યો છે.'

જિલાપોસી હસી પડ્યો, પછી બોલ્યો, 'મને એડવેન્ચર ખૂબ પસંદ છે. મારવાની મજા આવે છે. અને મરવાનું પણ ગમે જ. તે જ પ્રમાણે, ભોગવવાની પણ મજા આવે છે.'

મિસિસ ફ્લેમિંગ નોટબૂક નીચે મૂકતાં બોલી, 'પશુઓનો સિદ્ધાંત !'

જિલાપોસી બોલ્યો, 'હા, પશુઓનો જ વળી ! અહીં માનવી બનવાની અનુકૂળતા જ ક્યાં છે ? જવાનીમાં જ મને દેશ ખાતર લડવા મોરચે મોકલી દેવામાં આવ્યો, એ શા માટે ? માણસો મારવા ! આજે વળી પાછો માણસ મારવા જઈ રહ્યો છું.' પછી મોંમાંથી પાઇપ બહાર કાઢતાં ઊમેર્યું, 'દયાધર્મથી તમનેય શું મળ્યું ? બસ એનું એ જ.'

'તમે કહેવા શું માગો છો ?'

'એ જ કે દુર્ગાને તમે મોટર આપી, નયનમણિને ભણવાની વ્યવસ્થા કરી આપી; પરંતુ એથી કયો લાભ થયો ? એ લોક આપણને સારાં માનતાં થયાં ખરાં? એ લોકને મન તો આપણે કેવળ ગોરા અત્યાચારીઓ, એથી વિશેષ કશું જ નહીં.'

મિસિસ ફ્લેમિંગે કંટાળા સહિત જવાબ આપ્યો, 'કૃપા કરીને આ વાત બંધ કરો !'

ટ્રેન ઊપડે એવાં કોઈ ચિહ્નન દેખાતાં નહોતાં. મજૂરોનું આખુંય ટોળું ટ્રેનના ડબ્બામાં ચઢવાનો ઇન્કાર કરીને, પાટા ઉપર બેસી ગયું. પૂરા બે હજાર કામદારોએ પાટા પર સત્યાગ્રહ આદર્યો. એ લોકોના મનમાં કોઈ ભય નહોતો, કોઈ દ્વિધા નહોતી. તેઓએ કોઈના નેતૃત્વની રાહ પણ ન જોઈ. મનમાં બસ એક જ ભાવ હતો કે અન્યાયનો સામનો કરવો. અને ત્યાં કોણકોણ બેઠાં હતાં, લછમી, બરૂઆની પત્ની, પન્નૂ બધાં જ.

અને બરૂઆની પત્નીની ગોદમાં તો બાળક પણ હતું.

યુનિયનના નેતાઓ નિરુપાય તથા અસહાય બનીને જોઈ રહ્યા હતા. ઇસ્માઇલ ચૂપચાપ, હાલ્યાચાલ્યા વિના ઊભો હતો. તે વિચારતો હતો, હવે શું કરવું ? પોલીસ તો લોકોને ખેંચતી-ઢસડતી હતી, પણ કોઈ ઊઠતું નહોતું.

બે ડગલાં દૂર રોલેટ પણ લાચાર જેવો ઊભો હતો. થોડી વાર પછી ટાઉલરે બૂમ મારી, 'રોલેટ !'

'યસ સર !'

'પૂઝ ફોર્સ !'

'બળ વાપરો' એ શબ્દો સાંભળતાંની સાથે જ સ્તબ્ધ ઊભેલા નેતાઓ જાણે કે જાગી ઊઠ્યા. ગયાસુદ્દીન માલસિંઘને સાથે લઈને સામે આવી ગયો; અને પ્રધાન તથા ઇસ્માઇલ પણ આગળ આવી આડા ઊભા રહી ગયા. ગયાસુદ્દીને જોરથી પડકાર કર્યો, 'નહીં, તમે અહીં બળ નહીં વાપરી શકો ! અમારા પર જબરજસ્તી કરનારા તમે કોણ ? આ દેશ અમારો છે. તમારો અહીં રહેવાનો કોઈ અધિકાર જ નથી, ચાલ્યા જાઓ !'

માલસિંઘ એકદમ બરાબર ટાઉલરની સામે આવીને ઊભો રહી ગયો. એની આંખોમાંથી આગની જવાળાઓ નીકળતી હતી. પ્રધાન પણ ટાઉલરની સામે જ આવી ઊભો. ઇસ્માઇલ પડકાર કરતો બરાડ્યો, 'ગોળીથી ડરાવો છો, એમ ? મારો, ચલાવો ગોળી ! જેટલી ગોળીઓ તમારી પાસે હોય એટલી છોડો !'

ઇસ્માઇલ છાતી કાઢીને ટાઉલર સામે ખડો રહ્યો. ટાઉલરની આંખોમાં આશ્ચર્ય તથા ઉત્તેજના વ્યાપી ગયાં. તે ચૂપચાપ ઊભો જ રહ્યો. પોલીસે રોલેટ તથા ટાઉલર ફરતે કોર્ડન કરી લીધી. થોડી વાર રકઝક ચાલી. પછી એકાએક રોલેટે એક સિગરેટ કાઢી ગયાસુદ્દીન સામે ધરી અને બોલ્યો, 'લો, સળગાવો ! હું બળ નહીં વાપરું, પરંતુ આપ લોકો ગાડી ઊપડતી ન અટકાવો. એ મોટો ગુનો ગણાય.'

ગયાસુદ્દીન સિગરેટ સ્વીકારી રહ્યો હતો, ત્યાં ઇસ્માઇલ રોષભેર બરાડ્યો, 'આવી દોસ્તી નહીં ચાલે, ગયાસુદ્દીનસાહેબ ! એની આ ચાલાકીનો તમે ભોગ ના બનો !'

ગયાસુદ્દીને એની વાત માની નહીં, ઊલટું એને ધીરો પાડતાં કહ્યું, 'તું પહેલાં જરા તારું ભેજું ઠંડું પાડ ! આમ ઉશ્કેરાવાથી કામ નહીં ચાલે.' પછી સિગરેટ લેતાં કહ્યું, 'રોલેટસાહેબ, અમે ગાડી જવા દઈએ, પરંતુ એક શરતે !'

'શું ?' રોલેટે પૂછ્યું.

'અમને ગાડીમાં જબરજસ્તી બેસાડવામાં ન આવે.'

'મંજૂર !'

રોલેટે પોતે એક સિગરેટ જલાવતાં, મિશ્રાને હુકમ કર્યો, 'રેલવેલાઇન તથા પ્લેટફોર્મ ઉપરથી પોલીસ હટાવી લો !'

મિશ્રાએ સલામ ઠોકીને પોલીસને હટી જવાનું ફરમાન કર્યું. પંદરેક મિનિટમાં તો પોલીસ ખસી ગઈ.

રોલેટ બોલ્યો, 'ગયાસુદ્દીનસાહેબ, હવે જવાબદારી તમારી. હુંય અહીંથી ખસી જાઉં છું.' એટલું બોલીને તે સ્ટેશન માસ્તરની ઑફિસમાં ચાલ્યો ગયો. ત્યાં જઈ, માસ્ટરને કહ્યું, 'મજૂરો પાટા ઉપરથી ખસી ન જાય, ત્યાં સુધી ગાડી ઉપાડવી ઉચિત નથી.' સ્ટેશન માસ્ટરનો પણ એ જ મત હતો એટલે થોડું થોભી જવાનો નિર્ણય લેવામાં કશી હરકત થઈ નહીં.

પોલીસને ખસી ગયેલી જોતાં જ ટાઉલરનો ચહેરો એકદમ અસ્વસ્થ તથા ત્રસ્ત થઈ ગયો. એણે તો સ્વપ્નેય નહોતું કલ્પ્યું કે રોલેટ આ પ્રમાણે પોતાને એકલો છોડી ચાલ્યો જશે. પોતાનો જાતભાઈ જ કંઈ કામ ન આવ્યો. એટલે કશુંય બોલ્યાચાલ્યા વિના તે ધીરેધીરે પ્લેટફોર્મ

છોડી ચાલી નીકળ્યો. તે સ્ટેશનની બહાર નીકળી ગયો અને મોટરમાં બેસી, મોટર હાંકી મૂકી. મજૂરો આગળ તેનું ઘોર અપમાન થયું હતું; કાળા મજૂરો સમક્ષ એક અંગ્રેજનું અંગ્રેજ સાથી દ્વારા જ અપમાન ! પળવારમાં રોલેટ હિંમત ગુમાવી બેઠો ! એ બળનો પ્રયોગ ન કરી શક્યો !

આ અપમાનનો આઘાત ટાઉલરથી સહન થાય તેમ નહોતો. પોલીસ કંઈ જ ન કરી શકી, એટલે શું ટાઉલરે પોતે શાંત બેસી રહેવું ? નહીં જ. પોતે તો કંપનીનાં હિતોનું રક્ષણ કરવા માટે કૃતનિશ્ચયી હતો. તે જાણતો હતો કે આ હડતાળનો હેતુ કેવળ કંપની પાસે માગણીઓ માન્ય કરાવવાનો જ નહોતો, પરંતુ કામદારોની તાકાત સિદ્ધ કરી બતાવવાનો પણ હતો. બીજી બાજુ, કંપનીનું વલણ સ્પષ્ટ હતું : મજૂરોના લાભાર્થે આટલો બધો ખર્ચ ઉપાડવાનું કંપનીનું ગજું નહોતું, અને એકસામટો આટલો બધો ખર્ચ કરી નાખવો એ યોગ્ય પણ નહોતું. બીજી બાજુ, ગયાસુદ્દીનનાં વિધાનોથી તો સ્પષ્ટ જ થઈ જતું હતું કે આ ઝઘડો ઇંગ્લૅંડ અને હિંદુસ્તાન વચ્ચેનો જ સંઘર્ષ હતો.

તેણે ગાડી બંગલા ભણી હંકારી.

મજૂરોએ જ્યારે જોયું કે પોલીસ હઠી ગઈ છે, ત્યારે એમનો ઉશ્કેરાટ કંઈક શમી ગયો. નેતાઓએ સૌને પ્લૅટફૉર્મ પર એકત્ર થવાનો આદેશ આપ્યો. બધા જ પાટા પરથી ઊઠીને ત્યાં ભેગા મળ્યા.

ત્યાં ચર્ચાવિચારણા શરૂ થઈ. હવે શું કરવું જોઈએ ?

ગયાસુદ્દીન, માલાસિંગ અને પ્રધાન પુનઃ રોલેટને મળ્યા. એને પૂછ્યું, 'શું હજીય મજૂરોને હદપાર કરવાનો હુકમ લાગુ છે ?'

રોલેટ બોલ્યો, 'બેશક છે જ. એ હુકમ કાંઈ મારો તો નથી જ, સીધો શિલોંગથી આવ્યો છે. કૉંગ્રેસ સરકારે રાજીનામું આપી દીધું છે અને ગવર્નરે એ રાજીનામું સ્વીકારી પણ લીધું છે. હવે ગવર્નરના આદેશનો અસ્વીકાર કરવાનો મને પોતાને કોઈ અધિકાર નથી... શહેરમાં કોઈથીય પાછું પ્રવેશી શકાય નહીં. અહીંથી જેને જ્યાં જવું હોય ત્યાં જાય, એ મરજીની વાત છે.'

મંત્રણા પૂરી થઈ અને એક વ્હિસલ મારીને ટ્રેન પણ ઊપડી ગઈ.

ગયાસુદ્દીન બોલ્યો, 'પરંતુ અમે અહીંથી ક્યાંય જવા માગતા નથી. આ શહેર અમારું છે. અમને અહીંથી હાંકી કાઢવાનો કોઈનેય હક્ક નથી.'

રોલેટે હસીને જવાબ આપ્યો, 'એ બધું તમારે પોતે નક્કી કરવાનું છે. પોલીસની જવાબદારી ફક્ત હુકમ પાળવાની અને શાંતિ જાળવવાની છે.'

ગયાસુદ્દીન અને તેના સાથીઓ બહાર નીકળી આવ્યા. કોઈ ઉપાય દેખાતો નહોતો. ગયાસુદ્દીન પોતે પણ બરાબર સમજતો હતો : સ્ટેશનની બહાર નીકળતાં જ, શહેર તરફ જવાનો માર્ગ પોલીસે આંતરી લીધો હશે. શહેર પોતાનું જ હતું એ વાત તો સાચી, પરંતુ એ તો ભવિષ્યમાં જ સિદ્ધ થઈ શકે. અત્યારે તો એ કંપનીનું જ હતું.

ટ્રેન ધીરેધીરે આગળ વધતી પ્લૅટફૉર્મ બહાર નીકળી ગઈ. હવે મજૂરોનો શોરબકોર સ્પષ્ટ સંભળાવા લાગ્યો.

નેતાઓના ઉપદેશની અસર વિલાઈ રહી હતી. મજૂરોમાં હવે હતાશા પ્રગટ થઈ રહી હતી. કોઈ માર્ગ દેખાતો નહોતો. અહીં અનંત કાળ સુધી બેસી રહે, તો પણ શહેરમાં પ્રવેશી શકાય એ અસંભવિત હતું. ગયાસુદ્દીન નીચે બેસી ગયો. એને કશું બોલવાનું સૂઝતું નહોતું. ઇસ્માઇલનું જોશ પણ ઠંડું પડી ગયું હતું.

ફક્ત બરૂઆના બાળકનું રુદન સૌ કોઈને સંભળાઈ રહ્યું હતું. અસહાય બાળકનું આક્રંદ. એ કેવળ બાળકનો જ વિલાપ નહોતો, જાણે હજારો અસહાય મજૂરો વિલાપ કરી રહ્યા હતા.

ગયાસુદ્દીને ચૂપચાપ એક સિગરેટ સળગાવી. પન્નૂ ધીરે રહીને એની પાસે આવી ઊભી રહી. એણે પૂછ્યું, 'શું વિચાર કરો છો ?'

ગયાસુદ્દીને પન્નૂ સામે જોઈ, જવાબ આપ્યો, 'શું કરવું જોઈએ એ કંઈ જ સમજાતું નથી. જાણે મગજ કામ જ નથી આપતું. ચેટર્જી, બરૂઆ એ લોક ચાલ્યા ગયા, ચંડીય ગયો. એ લોક સુખી થઈ ગયા. હવે જીવવું દુષ્કર છે. હું અનંત કાળ સુધી અહીં જ બેસી રહીશ.'

પન્નૂ હસીને બોલી, 'ચેટર્જી એક વાત કહ્યા કરતા.'

'કઈ વાત ?'

'લોકનું કામ કરવાની વાત. આપણે અત્યાર સુધી શું કર્યું ? કેવળ બીજા લોકોની નોકરી. બેસી રહેવાથી શું વળવાનું ? હવે નોકરી છોડીને, લોકઆંદોલનનાં કામમાં જોડાઈ જવું પડશે.'

'કયું કામ ?'

'મજૂરોનું રાજ્ય સ્થાપવાનું કામ. એ નહીં થાય, ત્યાં સુધી આમ જ ચાલ્યા કરવાનું.'

એટલામાં સિગરેટ શોધતો નસીરઉદ્દીન ગયાસુદ્દીન પાસે આવી બેસી ગયો. પછી પ્રધાન અને ઇસ્માઇલ પણ આવ્યા. હવે જાણે કેવળ સિગરેટ ફૂંકવાનું જ કામ રહ્યું હતું. ગયાસુદ્દીને પેકેટ કાઢીને બધાને સિગરેટ આપી અને પોતે જ સળગાવી પણ આપી.

બરૂઆનું બાળક ભૂખ્યું થયું હતું, એટલે રડી રહ્યું હતું. માલાસિંઘે સ્ટેશન માસ્ટરને કહીને થોડાં બિસ્કીટ મંગાવ્યાં. છોકરો છાનો રહી ગયો. એટલે માલાસિંઘ પણ બધાંની વચ્ચે આવી બેઠો.

ગયાસુદ્દીને કહ્યું, 'થોડી વાર અહીં જ બેસી રહીએ. પન્નૂ ચેટર્જીની વાત કહી ગઈ. આપણે નોકરી તો ગુમાવી, હવે જનતા માટે કામ કરવાનો સમય આવ્યો માનીએ: અર્થાત્ શ્રમજીવીઓના રાજ્ય માટે કામ કરીએ. કદાચ અહીં પણ લાંબો વખત ન બેસી શકીએ. પરંતુ હવે આપણું કામ જ એ રહેશે : આ શહેરની બહાર બેસી રહીશું, કેવળ બેસી નહીં રહીએ, કામ કરીશું. એટલે કે જ્યાં સુધી શહેરમાં પુન: પ્રવેશ ન કરી શકીએ, ત્યાં સુધી અહીંથી જ અડગ રહીશું. આપણી જીત જ થવાની છે.'

કોઈ કશું બોલ્યું નહીં. બધા સિગરેટના કશ ખેંચતા બેસી રહ્યા. પન્નૂએ એક ઊંડો શ્વાસ લેતાં કહ્યું, 'કોઈ કંઈ જ બોલી શકતું નથી ! એકલા ચેટર્જી જ સત્ય જાણતા હતા...'

'શું જાણતા હતા ?' નસીરઉદ્દીને પૂછ્યું.

'મરી ફીટવાનું...'

નસીરઉદ્દીને એક ઠંડો શ્વાસ ભરતાં કહ્યું, 'સાચું છે, પરંતુ બધા જ કાંઈ એની જેમ મરી ન શકે, પન્નૂ ! ચંડી, બરૂઆ પણ શહીદ થયા પરંતુ બધાંએ શા સારુ મરવું પડે ?'

એકદમ ઇસ્માઇલ બોલી ઊઠ્યો, 'મરવાની વાત પછી, આપણે અહીં જ અડગ રહેવું પડશે. બહારના મજૂરો શહેરમાં ન આવે, એ આપણે ચોકી રાખવી પડશે.'

પ્રધાન જોરથી બોલી ઊઠ્યો, કેવળ બેસી રહેવાથી કામ નહીં ચાલે ઇસ્માઇલ, આપણે લોકે તલવાર ચલાવવી પડશે.'

માલાસિંઘ બોલ્યો, 'મરવું જ છે, તો પછી લડીને મરીએ ! સ્ત્રીઓએ અહીં ન રહેવું હોય, તો એ લોકને તિનસુખિયા મોકલી આપીએ. અને આપણે પોલીસ કોર્ડન તોડીને શહેરમાં પ્રવેશ કરીએ. આમ હતાશ બેસી રહેવાથી કંઈ નહીં બને, કંઈ જ નહીં.'

માલાસિંઘનો પડકાર સાંભળીને બધા સ્તબ્ધ થઈ ગયા, પછી ઉશ્કેરાઈ ઊઠ્યા.

એટલે લછમી બોલી ઊઠી. અત્યાર સુધી એ બધાંની વાત ચૂપચાપ સાંભળી રહી હતી. હવે પાસે આવતાં બોલી, 'અહીં બધા પુરુષ મહાશયો એકઠા થઈ, શું આવી વાતો કરી રહ્યા છો ? આટઆટલી બંદૂકો સામે તમે કિરપાણ ને તલવાર ઘુમાવીને કોનાં માથાં બચાવી શકવાના હતા ? તમે લોકો બધા સાડી પહેરી લો, સાડી !'

પ્રધાન એકદમ ક્રોધે ભરાઈને બોલી ઊઠ્યો, 'શું બોલે છે, તું લછમી ? કાંઈ ભાન છે તને ? તારી જીભ બહુ લાંબી થઈ ગઈ લાગે છે !'

માલાસિંઘને પણ ગુસ્સો ચઢી આવ્યો, પરંતુ તે કંઈ બોલ્યો નહીં.

લછમી પુનઃ કટાક્ષ કરતાં બોલી, એકે તો મજૂરોની છાવણીમાં આગ લગાડીને, ન કરવાનું કર્યું. બોલો એનું શું પરિણામ આવ્યું ?'

ઇસ્માઇલ બોલ્યો, 'લછમી, તું આવું બોલે એ બરાબર નહીં. આટલા બધા અને મોટા માણસો સમક્ષ તું જરા મોં સંભાળીને વાત કર. એ નાલાયક મજૂરોના પડાવ સળગાવી દઈને, મેં શું ખોટું કામ કર્યું ?'

લછમી જાણે સળગી ઊઠી, તે બોલી, 'મજૂરો તો એમ ને એમ પણ પાછા ચાલ્યા જાત. શું એમની પાસે માનવહૈયું નથી ? આગ ન લગાડી હોત, તો પણ કામ થઈ શકત. પરંતુ તેં આગ ચાંપી, એટલે કંપનીને બહાનું મળી ગયું. હું ભલે સ્ત્રી છું, પરંતુ ક્યારેક મારું મગજ વધારે સારું કામ આપે છે. હવે જો તમે કિરપાણ અને તલવાર તાણીને લઢવા નીકળશો, તો એ લોકો આપણને સૌને જાનવરની જેમ ગોળીઓથી ખતમ કરી દેશે. પન્નૂ ચેટર્જીનો દાખલો ટાંકી રહી છે ચેટર્જીએ શું આ રીતે મરી જવું જોઈએ એમ કહ્યું હતું ? મને ખબર છે, એમણે એવું નથી જ કહ્યું. એક જમાનામાં તેઓ પણ હથિયાર સજીને મારવા નીકળ્યા હતા, પરંતુ કશું ન બની શક્યું. એથી જ પછી આ શહેરમાં આવીને એમણે યુનિયન રચ્યું. આપ લોક યુનિયનને કેવી રીતે હાનિ પહોંચાડી શકો ? આપણે હોઈએ કે ન હોઈએ યુનિયન તો રહેવાનું જ છે. ચેટર્જી એ જ કહીને ગયા છે, એ કોઈને સમજાતું નથી. યુનિયન આજેય જીવે છે, એ મરણ નથી પામ્યું. માટે યુનિયનને બચાવો !'

લછમીની આવી છબી અગાઉ ક્યારેય પ્રગટ થઈ નહોતી. એની વાતો ઘણી સયુક્તિક છે, એનો કોઈ ઇનકાર જ ન કરી શકે. એટલે ગયાસુદ્દીન બોલ્યો, 'તારી વાત સાચી જ છે લછમી, યુનિયનને બચાવવું પડશે. આવ, બેસ !'

એકાએક ત્યાં સ્વામીજી આવી પહોંચ્યા. તેઓનું શાંત, સૌમ્ય, સસ્મિત, પ્રફુલ્લ વદન જોઈ, સૌ મુગ્ધ થઈ ગયાં. તેઓ વળી શા ખબર લાવ્યા હશે !

તેઓ બોલ્યા, 'નસીરઉદ્દીન !'

'ફરમાવો, સ્વામીજી !'

'એક ખૂબ જ દુ:ખદ સમાચાર લાવ્યો છું.'

બધાંનાં મન ઉત્કંઠિત બની રહ્યાં. સ્વામીજીએ જાહેર કર્યું કે 'આ બધા સમાચાર સાંભળીને ઝેબુન્નિસાને ઘણો જ આઘાત લાગ્યો અને એમાં જ એનું અવસાન થઈ ગયું. મને બોલાવીને ડાક્ટરે સમાચાર કહેવડાવ્યા.'

નસીરઉદ્દીનના માથા પર જાણે કે પહાડ તૂટી પડ્યો. તેણે પૂછ્યું, 'પણ એને આ બધું કહ્યું કોણે ?'

સ્વામીજીએ શાંત ભાવે જવાબ આપ્યો, 'તમારી ગેરહાજરીથી એને શંકા ઉત્પન્ન થઈ, એટલે હૉસ્પિટલની નર્સે એને બધી વાત કહી દીધી. એથી એ વિલાપ કરવા લાગી કે હવે મારી સંભાળ કોણ રાખશે ! બસ પછી એના હૃદયની હાલત બગડતી ચાલી. થોડા જ વખતમાં એણે દેહત્યાગ કર્યો. હવે શોક કરવાથી કશો ફાયદો નથી. ડૉક્ટરે જ અંતિમ સંસ્કારની બધી વ્યવસ્થા કરી દીધી છે. પથારી નીચેથી એક પાસબુક મળી છે. એમાંના બધા જ રૂપિયા તે બરૂઆની પત્નીને આપી ગઈ છે, એ તો કદાચ તમે જાણતા જ હશો, નસીરઉદ્દીન !'

પોતાના શોકને માંડમાંડ કાબૂમાં રાખતાં, નસીરઉદ્દીને જવાબ આપ્યો, 'મને ખબર છે. અરેરે, એણે મારા આવવાનીય રાહ ન જોઈ !'

સ્વામીજીએ આશ્વાસન આપતાં કહ્યું, 'કોણ કોની પ્રતીક્ષા કરી શકે છે, ભાઈ ?'

નસીરઉદ્દીન એકદમ કાબૂ ગુમાવી બેઠો અને પોક મૂકીને રડવા લાગ્યો. થોડી વાર સુધી કોઈ કંઈ જ બોલી શક્યું નહીં. જ્યારે નસીરઉદ્દીનનો વિલાપ કંઈક મંદ પડ્યો છે એમ જણાયું, ત્યારે જ ગંભીરતાપૂર્વક સ્વામીજી બોલ્યા,

'દુ:ખના એક બીજા સમાચાર પણ લાવ્યો છું.'

'એ દુ:ખદ ખબર શી છે ?' ગયાસુદ્દીને ઉત્કંઠાપૂર્વક પૂછ્યું.

'ટાઉલરસાહેબ પર હૃદયરોગનો હુમલો થયો છે. એને હૉસ્પિટલમાં પડેલો જોઈને આવ્યો છું.'

ટાઉલરને હૃદયરોગ થાય એને દુ:ખદ સમાચાર ગણવા કે સુખદ ? એ કોઈને સમજાતું નહોતું. થોડી વાર કોઈ જ કશું બોલ્યું નહીં.

ગયાસુદ્દીન ફક્ત એટલું જ બોલ્યો, 'હાર્ટએટેક ? એકાએક ?'

'હા, ડૉક્ટર કહે છે કે તે અહીંથી ઑફિસમાં ગયો. અહીંથી જ એ ખૂબ ઉશ્કેરાઈને, ધૂંધવાઈને નીકળ્યો હતો એટલે પ્રેશર વધી ગયું હતું. ત્યાં વળી તાર મળ્યો કે તેણે લશ્કરમાં જોડાઈ, યુદ્ધને મોરચે જવાનું છે. ખલાસ, એ તો યુદ્ધ શબ્દથીય ગભરાઈ ઊઠે એવો;

એટલે બેહાશ થઈ ગયો. થોડી વારે અહમદસાહેબને ખબર પડી. એટલે એમણે ડૉક્ટરસાહેબને ફોન કર્યો.'

ઇસ્માઇલ વચમાં જ બોલી ઊઠ્યો, 'સારું થયું, સો ગાયો મારીને વાઘને મરવું જ પડે.'

એટલે સ્વામીજી ગંભીરતાપૂર્વક બોલ્યા, 'ઇસ્માઇલ, આવું બોલવું યોગ્ય નહીં. કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ એ દુ:ખના સમાચાર જ લેખાય.'

પછી સ્વામીજીએ બરૂઆની પત્ની સામે જઈ એને પાસબુક સુપરત કરી. તો કંચન સ્વામીજીને સાષ્ટાંગ પ્રણામ કરતાં વિલાપ કરવા લાગી, 'પાસબુક લઈને હું શું કરું, સ્વામીજી ? મને પાપિણીને કશુંય મળ્યું નહીં; હું તો સર્વસ્વ ગુમાવી બેઠી છું.'

સ્વામીજી એને આશીર્વાદ આપતાં બોલ્યા, 'હજીય તારી પાસે ઘણું મૂલ્યવાન રહ્યું છે અને તે છે આ દેવ જેવો પુત્ર. એને ખાતર જ ભગવાને તારા દુ:ખી જીવનને ટકાવી રાખ્યું છે. આવી પૂંજી કોને મળે છે ? માટે શોક ન કર, ઊભી થા !'

રેલેટ તરફથી દુર્ગા અને નયનમણિને બોલાવતો સંદેશો આવ્યો. બંને ખંચકાતા હૈયે સ્ટેશન માસ્ટરની ઑફિસમાં ગયાં. થોડી વારમાં વળી પાછાં ફર્યાં. એટલે પન્નૂએ પૂછ્યું, 'શું કહે છે સાહેબ ?'

નયનમણિએ જવાબ આપ્યો, 'બીજું શું કહેવાના હતા ? મારું અને દુર્ગાનું નામ નોંધી લીધું છે. દુર્ગાને કહ્યું કે મોટર તો સાહેબના કબજામાં રહેશે, પરંતુ જ્યારે જોઈએ, ત્યારે તે લઈ જઈ શકશે. મારો લખનૌ જવાનો બંદોબસ્ત પણ એ કરી દેશે. તેણે કહ્યું કે મિસિસ ફ્લેમિંગની સાથે જ જવાની વ્યવસ્થા ન કરી શક્યો એ બદલ પોતે દિલગીર છે. ત્યારે એનું મગજ ઠેકાણે નહોતું.'

પન્નૂ બોલી, 'એનો કશો શોક ના કર, ભાભી ! પેલું ગીત ગા, બહુ જ મીઠું લાગે છે એ ગીત, 'સારે જહાંસે અચ્છા હિંદોસ્તાં હમારા.'

પરંતુ નયનમણિએ ના પાડી. એ બોલી, 'ના, આજે નહીં. આટલા શોક વચ્ચે ગીત ગાવું એ ઠીક નહીં.'

'શોક તો હવે સદાય રહેવાનો, એટલે શું ગાવાનું છોડી દેશો ?'

'ના રે, પણ અત્યારે નહીં.'

દુર્ગા પલાંઠી લગાવીને જમીન ઉપર બેસી ગયો. નયનમણિ પન્નૂ સામે ઊભીઊભી એકીટસે આકાશ સામે જોઈ રહી હતી. આકાશમાં અંધકાર ઘેરો ને ઘેરો બનતો જતો હતો. હવે એકબીજાના ચહેરા ઓળખવા મુશ્કેલ બની ગયા હતા. નયનમણિને મેમસાહેબાની યાદ સતાવી રહી હતી. મેમસાહેબાની મમતા જેટલી મમતા એને કદાચ પોતાનાં માતપિતા તરફથી પણ નહોતી મળી. અત્યારે તો એ કદાચ માઈલો દૂર પહોંચી ગઈ હશે. થોડા દિવસમાં મુંબઈ પહોંચી જશે અને એ પછી ? પછી એની મુલાકાત આ જીવનમાં પુન: ક્યારેય નહીં થાય. દેશથી દૂર જતાં, શું માણસો માણસથીય દૂર ચાલ્યાં જતાં હશે ?

ત્યાં સ્વામીજી ગયાસુદ્દીન પાસે આવ્યા અને બોલ્યા, હવે હું જાઉં છું, ગયાસુદ્દીનસાહેબ ! તમારી સૌની આ સાધના નિષ્ફળ નથી જવાની. સૂરજ ઊગે છે એ પાછો ડૂબે જ છે. બ્રિટિશ સામ્રાજયનો સૂરજ હવે ડૂબી રહ્યો છે. પુરોપથી અણસાર આવી જ રહ્યો છે કે આ જ યુધ્ધમાં....

એટલું બોલી સ્વામીજી થંભી ગયા ને હસવા લાગ્યા. સૌને પ્રણામ કરીને, જે રસ્તેથી આવ્યા હતા, એ જ રસ્તે તેઓ પાછા ફરી રહ્યા.

39

આકાશ સ્વચ્છ હતું, ક્યાંય વાદળોનું નામોનિશાન નહોતું.

સ્ટેશનના એક છેડે પડેલા બાંકડા ઉપર બેસીને ગયાસુદ્દીન વિચારી રહ્યો હતો કે મજૂરોને ક્યાંક મોકલી આપવા જોઈએ. પરંતુ કોણ બતાવે કે કોને ક્યાં મોકલવા ?

ત્યારે બરૂઆનો બાળક શાંત થઈ, ઊંઘી ગયો હતો.

એટલામાં પન્નૂ ધીરે પગલે ગયાસુદ્દીન પાસે આવી ઊભી રહી ગઈ. એણે પૂછ્યું,

'જોઈ કે, આજે નવજીવનની પ્રતિપદા ?'

'હા.'

'હવે શું કરવાનું વિચારો છો ?'

'કંઈ જ નહીં. હવે કરવા જેવું રહ્યું પણ શું છે ?' ગયાસુદ્દીને જવાબ આપ્યો.

'હું એમ પૂછું છું કે આપ પોને શું કરશો ?' હસીને પન્નૂએ સ્પષ્ટતા કરી.

'હું ? મજૂરો અહીં હશે, ત્યાં સુધી અહીં જ રહીશ.'

'પછી ?'

'ચાલ્યો જઈશ.'

'ક્યાં ?'

ગયાસુદ્દીન કશું બોલ્યો નહીં, એટલે પન્નૂએ પુન: પૂછ્યું, 'ક્યાં જશો ? કંઈ કહેતા નથી.'

'આટલામાં જ પિતાજીએ ખરીદેલી થોડી જમીન છે. વિચારું છું કે ત્યાં જઈ ખેતી કરું.'

'પાછા ગામ જશો ?'

'ના રે, હવે ગામ કેવું ? ધર્મ જ બદલી નાખ્યો છે ત્યાં !'

પન્નૂને એ ગમ્યું. એ બોલી, 'ધારો કે હું તમારી સાથે રહેવા ઇચ્છું, તો મને રાખશો ?'

પન્નૂની હિંમત જોઈ ગયાસુદ્દીન સ્તબ્ધ થઈ ગયો. તે એક શબ્દ પણ ન બોલી શક્યો. ઘણી વાર સુધી બેમાંથી એકેય કશું બોલ્યાં નહીં. બંને જણાં આકાશમાં ઊગેલા ચાંદ તરફ તાકી રહ્યાં, જાણે પહેલી જ વાર એ જોતાં હોય. શહેર બહાર આજે એક ઉદાસ આકાશ હતું અને એ આકાશમાં એક નવો ચાંદ ખીલ્યો હતો. ગયાસુદ્દીન રસિક બની ગયો. ચંદ્ર તેને કોઈ સુંદરીની

નાજુક કમર જેવો લાગતો હતો. બીજી બાજુ, પન્નૂ વિચારી રહી હતી, 'આ જ ચંદ્ર તે શંકર ભગવાનને માથે શોભતો અર્ધચંદ્ર !'

બંનેને એકાએક જહાંનારા યાદ આવી ગઈ. ગયાસુદ્દીન બોલ્યો, 'જહાંનારાએ કહ્યું જ હતું..

'શું કહ્યું હતું ?'

'એ જ કે હું તારામાં એને પામી શકીશ.'

'શું ? દેખાવમાં હું જહાંનારા જેવી લાગું છું ?' એમ પૂછીને પન્નૂ મલકી રહી.

ગયાસુદ્દીને પન્નૂના વદન સામે જોયું ને પછી કહ્યું, 'એનાથી અનેકગણી સુંદર. એની સાથે તારી સરખામણી ન થાય. પરંતુ શું તું મને ચાહે છે ?'

પન્નૂ મલકાટ સાથે બોલી, 'તો શું હું કોઈ બીજાને પ્રેમ કરું છું ? તમને એવી શંકા છે ?'

ગયાસુદ્દીન હસવા લાગ્યો, અને બોલ્યો, 'શંકા છે કે નહીં એ બાબતમાં જૂઠું જ બોલવું પડશે ચેટર્જી.. ઇસ્માઇલ...' ગયાસુદ્દીન જોરથી હસી પડ્યો.

પન્નૂ હોઠમાં જ મલકાતાં બોલી, 'કેટલાય દિવસ સુધી હું જ મારા મનને નહોતી ઓળખી શકતી..'

'હવે તો ઓળખી ગઈ છે ને ?'

'જહાંનારા ભાભીના મૃત્યુ પછી ધીમેધીમે હું સમજદાર બનતી ગઈ.'

ગયાસુદ્દીન એકદમ ઊભો થઈ ગયો. પન્નૂના ચહેરા સામે તાકતો બોલ્યો, 'સાચું બોલજે !

'સાચું જ કહી રહી છું.'

'બસ તો નિશ્ચિંત બની જા. આજથી જ હું તને અપનાવી લઉં છું. આ આકાશના ચાંદ-તારાની સાક્ષીએ !'

પન્નૂ ચૂપ રહી. એ કશું જ ન બોલી શકી.

એટલામાં જ નયનમણિની હાંક સંભળાઈ, 'પન્નૂ, તમે બંને અહીં આવો. ચા બનાવીએ છીએ.' સ્ટેશન માસ્ટરે ચા-બિસ્કીટની વ્યવસ્થા કરી હતી. ક્યારે અને કેવી રીતે કરી એ તો ખબરેય ના પડી. તિનસુખિયાથી બિસ્કીટ મંગાવ્યાં હતાં. જો કે આટલા બધા માણસોને ખાવાનું પૂરું પાડવું એ સહેલ વાત નહોતી.

ગયાસુદ્દીન અને પન્નૂ ગંભીર ડગલાં ભરતાં, છતાં આનંદથી છલકતા હૈયે ચા પીવા આવી પહોંચ્યાં. અત્યારે કોઈનાય ચહેરા ઉપર ઉદ્વેગ નહોતો. બધાએ જાણે નક્કી કરી લીધું હતું કે ભવિષ્યમાં શું કરવાનું છે. અત્યારે તો ફક્ત ચા પીવાની હતી.

પન્નૂ ત્યાં પહોંચીને બિસ્કીટ વહેંચવા લાગી ગઈ. ચાની વ્યવસ્થા પ્લેટફોર્મ નજીક જ ગોઠવવામાં આવી હતી. લછમી, નયનમણી તથા બીજી સ્ત્રીઓ મળીને ચા બનાવી રહી હતી. ત્રણ મોટાંમોટાં તપેલાંમાં પાણી ઊકળી રહ્યું હતું. પુરુષો વહેંચવામાં મદદ કરી રહ્યા હતા.

બધાંને જ બરાબરની ભૂખ લાગી હતી. પરંતુ ભૂખ લાગે એથી શું ? ખાવાની સામગ્રી તો બહુ જ ઓછી હતી. એટલી જ વહેંચી ખાઈ, સંતોષ માનવાનો હતો. આવો સંજોગોમાં આથી વિશેષ મળી પણ શું શકે ?

સ્ટેશનના વરંડામાં બેઠોબેઠો ઇસ્માઇલ ઊંઘતો હતો. પ્રધાન અને માલાસિંઘ એક ફાનસ જલાવીને પાનાં લઈ 'પેશન્સ' રમી રહ્યા હતા. બીજા કેટલાક મજૂરો વળી 'ટ્વેન્ટી-નાઇન' રમવામાં તલ્લીન હતા. કેટલાક સુખદુ:ખની વાતો કરી રહ્યા હતા.

એક બાજુ નસીરુદ્દીન ઘૂંટણિયે પડીને નમાજ પઢી રહ્યો હતો. એ ખુદા પાસે શાંતિ યાચી રહ્યો હતો.

ચા નાસ્તો પતી ગયા બાદ બધા જ મજૂરો આકાશના છત્ર નીચે સૂવાની સગવડ કરવા લાગ્યા. ત્યાં એમની નજર આકાશમાં ચમકી રહેલા ઉજ્જવળ ચંદ્ર ઉપર પડી. પ્રતિપદાનો ચંદ્ર જાણે કોઈના નાજુક કંઠમાં નાનકડો હાર શોભી રહ્યો હોય એવો વિલસતો હતો.

નયનમણિ એકીટસે ચંદ્ર તરફ જોઈ રહી. એ સમયે એના ચિત્તમાં મેમસાહેબાની સ્મૃતિ ઉઠી ગઈ. બાજુમાં જ સૂતેલા દુર્ગાથી ચિત્ત છવાઈ ગયું. એને સંબોધતાં એ બોલી, 'દુર્ગા નવા યુગનો આરંભ થઈ રહ્યો છે.'

'કેવી રીતે ?'

'આ જ આપણું જનજીવન !' નયનમણિ બોલી. એટલે દુર્ગાએ દુઃખ સાથે પ્રશ્ન કર્યો, 'તું આટલી દૂર ચાલી જશે, તો ન જાણે મારું શું થશે !'

'દૂર શેની ? રજાઓમાં તો આવીશ ને !'

'એ થી શું વળે ?' દુર્ગાને એ અસહ્ય લાગતું હતું.

નયનમણિ બોલી, 'તારે ટેક્સી ચલાવીને પૈસા કમાવાના; અને પછી હું આવું ત્યારે...'

'ત્યારે શું થશે ? લખનવી બાઈજી બનીને આવશે ?'

'ત્યારે કેવી બની હોઈશ, તે નજરે જ જોશે ને ?' નયનમણિ જોઈ શકતી હતી કે દુર્ગાના મનનો ખંચકાટ તથા વિરોધ હજી દૂર નથી થયો. પરંતુ પોતે એથી અસ્વસ્થ ન થઈ.

દુર્ગા બોલ્યો. 'મને તો ડર લાગે છે. અહીંથી એકલી જશે, ત્યાં પણ એકલી જ રહેશે કંઈક બન્યું, તો શું કરશે ?'

એનો કોઈ જવાબ નયનમણિ પાસે નહોતો. પરંતુ એકલા રહેવાથી શું થાય ? કોઈ ખાઈ જવાનું હતું શું ? એથી જરા કઠોર અવાજે બોલી. 'અરે ડરવાનું શા માટે ? યુગ પલટાઈ રહ્યો છે. નવા યુગનાં મંડાણ થઈ ચૂક્યાં છે. હવે અમે સ્ત્રીઓ પણ પુરુષ સમોવડી થઈ ફરીએ તો એમાં શું ખોટું છે ? મનને સંકુચિત રાખીએ, તો એ વધુ સંકુચિત જ થાય છે. માટે હિંમત રાખ !'

નયનમણિનો અવાજ જાણે કોઈ લાગણીરહિત ઉપદેશક સમો બની ગયો. એથી દુર્ગાને ક્રોધ તો ચઢ્યો, પરંતુ ગુસ્સે થવાથી શો લાભ ? નયનમણી દિનપ્રતિદિન સ્વતંત્ર પ્રકૃતિની બનતી જ જતી હતી. મેમસાહેબાએ એને ઊંચા વિચારની બનાવી દીધી છે. પડખું બદલીને દુર્ગા ઊંઘી ગયો. ચંદ્ર તરફ દૃષ્ટિ માંડવાની પણ એનામાં હિંમત ન રહી.

નયનમણિને નિદ્રા ન આવી. એ પન્નૂને શોધવા નીકળી. પરંતુ પન્નૂ ક્યાંય દેખાતી નહોતી. નયનમણિને થયું કે હાંક પાડું, પરંતુ પછી એણે એ વિચાર માંડી વાળ્યો. થોડું આગળ જતાં એણે જોયું કે એક બાંકડા પર બેસી, પન્નૂ અને ગયાસુદ્દીન ગોષ્ઠિ કરી રહ્યાં હતાં. એ

પાછી ફરી ગઈ. પછી લછમીને શોધી જોઈ, પરંતુ એ ઇસ્માઇલના પડખામાં લેટી ગઈ હતી. બંને થાક્યાંપાક્યાં ગાઢ ઊંઘમાં પડી ગયાં હતાં.

કેવળ બરૂઆની પત્ની જાગતી હતી. વરંડાના એક છેડે બાળકને ઊંઘાડી દઈ, એકાકી ચિત્તે તે ચંદ્રને નીરખી રહી હતી.

નયનમણિ પાસે જતાં બોલી, 'ચાંદ કેવો અદ્દભુત આહ્‌લાદક છે, કેમ ?'

બરૂઆની પત્ની બોલી, 'આવ, બેસ !'

નયનમણિ કંચનની પાસે બેસી ગઈ. કંચન બોલી, 'એ દિવસે 'બિહુ'નો દિન હતો, હું બારીમાંથી 'બિહુ'નો ખેલ જોઈ રહી હતી. એકાએક મેં જોયું કે લોકો બિહુ ગાવાનું છોડી, પેલા વડના ઝાડ તરફ દોડવા લાગ્યા. થોડી જ વારમાં અંધારિયા કૃષ્ણ પક્ષનો આરંભ થઈ ગયો. ચાંદ અદૃશ્ય થયો. આજે ઘણા દિવસે પુન: શુક્લ પક્ષનો ચંદ્ર નીરખી રહી છું. મન એકદમ ભરાઈ આવ્યું છે. તું એક ગીત ગા ! જવાહરલાલ નહેરુ આવ્યા ત્યારે જે ગીત ગાયું હતું ને, એ જ ગીત ગા !'

નયનમણિ આ વિનંતીનો અસ્વીકાર ન કરી શકી. એકદમ ખુલ્લા કંઠે એણે શરૂ કર્યું,

'સારે જહાંસે અચ્છા, હિંદોસ્તાં હમારા !'

ગીત સાંભળતાં જ કંચનને બરૂઆની યાદ આવી ગઈ. એ પણ આ ગીત ગાયા કરતો, ભલે આટલી સરસ રીતે નહીં. ગીતના સ્વરો જેમજેમ ચિત્તમાં પ્રવેશી રહ્યાં હતાં, તેમતેમ એનું ચિત્ત બરૂઆની સ્મૃતિથી વજનદાર બની રહ્યું હતું. એ સ્મૃતિની કરુણતા અસહ્ય હતી. એને થયું, કેવો મહાન આત્મા, નાહક જ મૃત્યુએ એને છીનવી લીધો. કંચને નયનમણીની નજરે ન ચઢે એ રીતે પોતાની બંને આંખનાં આંસુ લૂછી નાખ્યાં. ધીમેધીમે ગીતના હૃદયસ્પર્શી સૂરે બીજાં મજૂરોના અંતર ઉપર પણ ઊંડો પ્રભાવ પાથર્યો. એ લોકો એ પણ વિસરી ગયાં કે પોતે ક્યાં સૂતાં હતાં ? બહાર જમીન પર કે પોતાના ઘરમાં ? બધાં જ આંખ બંધ રાખી ભાવવિભોર ચિત્તે ગીત સાંભળવા લાગ્યાં. પન્નૂ અને ગયાસુદ્દીન પણ પ્રેમગોષ્ઠિ ભૂલી એકચિત્તે નયનમણિના સૂરીલા કંઠે ગવાતું ગીત સાંભળી રહ્યાં.

કેવળ પ્રધાન શાંત બેસી ન શક્યો. તે 'પેશન્સ'ની રમત છોડી, માલાસિંઘ પાસેથી ઊઠીને નયનમણી પાસે આવી ઉભો રહ્યો. શાંત ઊભો ઊભો લાગણીભર્યા સ્વરે તે બોલ્યો, 'નયનમણિ, સાંભળ્યું છે કે તું લખનૌ જઈ રહી છે. જા... તને ઠીક લાગે તેમ કર. તારું કલ્યાણ થજો. તું સુખી થજે !'

નયનમણિ પણ લાગણીવશ થઈ ગઈ. પિતાનાં બન્ને ચરણ પર ઝૂકી વંદન કર્યાં. તે બોલી,

'પિતાજી, આથી વિશેષ કયા આશીર્વાદની આવશ્યકતા હોય ?'

પ્રધાને કહ્યું, 'કેવળ, જરા સંભાળીને રહેજે.' આટલું બોલી પ્રધાન પાછો ફરી ગયો. અને પુન: પાનાં રમવા બેસી ગયો.

એકાએક બરૂઆની પત્નીને પોતાના પિતાની યાદ આવી ગઈ. ગઈ કાલે જ પિતાજીનો પત્ર આવ્યો હતો. એમાં લખ્યું હતું. તબિયત ઠીક નથી. લડત શરૂ થાય એવો સંભવ છે. રામ જાણે, પુન: જેલમાં પણ જવું પડે. આ વખતનું આંદોલન ભારે ભયંકર બની રહેવાનું.

Lasertype set by Mahalaxmi Graphics, Ahmedabad-380 007.
printed at Modern Printers. Delhi-110 032